સમાજવાદ-મુંજીવાદ	૨	૬
સંત વાણી	૧	૬
ગાંધીવાદ-સમાજવાદ	૨	૬
નયા રોજગાર (હાસ્યરસાત્મક)	૪	૦
સાધનાકે પથપર	૨	૬
મેરી મુક્તીકી કહાની	૬	૬
ગાંધીવાદ-સુંજીવાદ	૧	
હિંદી ગીતા (ગીતાજી)	૧	
પામલ	૧	
ગાલીબ ઔર મજદુર	૧	
દુખી દુનીયા	૧	૦
પ્રેમકે ભગવાન	૧	૬

બચોંકે લીયે

બહાદુર બુદ્ધ	૧	૦
ચન્દ્ર ગુપ્ત	૧	૦
બીરબલ કી ચતુરાઈ ભરી	૧	૦
નસીહતકી કહાનીયાં	૧	૦
ગીતાજી		૬
અશોક	૧	૦
દેશ પ્રેમકી કહાનીયાં	૧	૦
ગ્રેમચંદના સેટ વિષયો.		
(વીનોબાજી)	૧	૬
ગીતા ધ્વની		
પ્રો. મથુરદાસ કૃત (ગાન્ધર્મા		
ગીતા)	૧	૪
ચીત્ર રામાયણ	૫	૦

પુસ્તક મળવાનું ઠેકાણું.

Indian Opinion,
P/Bag, Phoenix

નવલ કથાઓ

શ્રી કર્ષ	૬	૩
સ્વર્ગ અને પૃથ્વી	૬	૦
વનલતા	૭	૦
પર કે પુર (રશુશ નોવેલ)	૧૦	૦
સેનાપતી	૬	૦
સુના મંદીર	૯	૬
રમારાજ	૧૦	૦
પૃથ્વીનું રહસ્ય	૧૦	૦
માનવીની ભવાઇ	૧૨	૦
માયાનો સંસાર	૭	૬
ગંગાવતરણ ભાગ ૧	૧૦	૦
ગ્રેમોદયી	૭	૬
ઇનામમાં	૧૦	૬
ટેકાઇનો ગોગ	૮	૦
જીવન મંદીર	૮	૬
ભાગ્ય તમાશો	૯	૦
જીવતર	૭	૦
બે દેશ દીપક	૫	૦
પુત્ર જન્મ	૧૩	૦
પરીવેશ	૭	૦
પીતાજીનો વન પ્રવેશ	૭	૦
પહેલી ગ્રીત	૭	૬
પૃથ્વીશ	૭	૬
ગોલીબ તાપ	૫	૦
બાદી બાપો	૫	૬
બાલમારી	૬	૬
ઘરને મારગે	૬	૦
ગિરકુમાર સભા (ટાગોરકૃત)	૧૨	૦
ધર્મરક્ષાન	૭	૦
હિલ્લ	૫	૬
બાંટાનીવાદ	૫	૦
સુખદા	૪	૬
સુખવતાં પુર	૧૧	૦
દેવ અને દાનવ	૩	૦

ધાર્મિક પુસ્તકો

પરકમ્મા	૫	૩
આર્ય ધર્મ નીતિસાર	૨	૦
મંગલ પ્રભાત (બાંધેલ)	૧	૦
જીવન નિરિક્ષણ	૫	૬

હજરત મહમદ

ઇસ્લામ ધર્મ ઉપર અજવાળું પાડતું		
નહાનું પુસ્તક	૨	૦
ગોલ વાસિટ	૧૦	૦
રામનામ ગાંધીજી	૨	૦
બુદ્ધ લીલા	૧	૬
સુભાષ ચરીત્ર	૨	૦

મળવાનું ઠેકાણું:

INDIAN OPINION,
P. Bag, Phoenix,
NATAL.

ઇન્ડિયન ઓપિનિયન

મહાત્મા ગાંધીજીના હસ્તે
અને ૧૯૦૩માં સ્થપાયું.

પુસ્તક ૪૯ મું—અંક ૪ | શુક્રવાર તા. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૨. | છૂટક નકલ પેની.૬

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૨.

હીંદ પ્રત્યે આપણી ફરજ

પ્રજાસત્તાક હીંદનો આજે બીજો વર્ષાંદિનોત્સવ છે. હીંદ તેમજ હીંદની બહાર વસતા સઘળા હીંદીઓ એ મહાન પ્રસંગ આનંદ અને શોકની મીશ્ર લાગણીઓથી ઉજવશે. આનંદ એટલા માટે કે લગભગ બસો વર્ષથી જે હીંદ પરદેશી મુત્સદ્દી હેઠળ જકડાયેલું હતું તે ત્રીસ વર્ષ ઉપરની લાંબી અને પ્રચંડ લડત પછી એક વર્ષપર આજ દિવસે મુક્ત થયું છે અને જગત સમક્ષ ઉંચે મસ્તકે ઉભું રહી શકે છે. વળી એ આનંદ નો પ્રસંગ છે કેમકે આ મહાન વસ્તુ અહીંસક રીતે, જુલમગારને કોઈ પણ જાતની શારીરીક ઈજા કર્યા વિના, જાતે દુઃખો ઉઠાવી તેનું હૃદય હલાવી સિદ્ધ કરવામાં આવી છે. તેનું શુભ પરિણામ એ આવ્યું છે કે બન્ને વચ્ચે કોઈ પણ જાતનું વેર રહ્યું નથી પરંતુ કાયમની મૈત્રી સ્થપાઇ છે જે બન્નેને વધુને વધુ ઉપયોગી થઇ પડી છે એટલુંજ નહિ પરંતુ એમેરિકા તેની સુવાસ ફેલાવા લાગી છે. વળી જગતના મહાન દેશો વચ્ચે હીંદ પોતાનું યોગ્ય સ્થાન લેવા લાગ્યું છે અને ગર્વ લઈ શકે એવો જગતને પોતાનો ફાળો આપી રહ્યું છે. આ અપૂર્વ સિદ્ધિ પ્રત્યેક હીંદીના હૃદયને સ્વાભાવિક રીતે મહાન આનંદ આપી રહી છે. પરંતુ શોક : અને ખિન્નતાથી તે લેપાએલી છે, કારણ, આઝાદીનો દીપક પ્રદિપ્ત થઇ બીજાઓને આનંદ આપે તેટલા ખાતર જે હજારો નિર્દોષ સ્ત્રી, પુરૂષો અને બાળકોએ મહાન ભોગો આપેલા છે અને પોતાના ઘરના દીપક હંમેશને માટે બુઝાઈ જવા દીધા છે એ શું આપણાથી ભુલી જઈ શકાય ? તેઓએ સર્વસ્વનો ભોગ આપેલો નહિ હોત તો આ શુભ પ્રસંગ ઉજવવાનું કદી શક્યજ બન્યું નહિ હોત. પરંતુ એ કરતાંયે બીજોય રંજ પમાડનારી બીજી બાબત છે કે જેણે દરેકે દરેક હીંદીના હૃદયમાંજ નહિ પરંતુ જગતના હજારો લોકોના હૃદયોમાં અંધકાર ફેલાવી દીધેલો છે. એ છે એ મહાન આત્માની હીંદને થએલી ખોટ, કે જેણે હીંદને પોતાના ઇષ્ટ ધ્યેયે પહોંચવાના માર્ગે દોરવણી આપી હતી. જાન્યુઆરી તા. ૩૦ મીનો એ પ્રાણઘાતક દિવસ, જે આ આનંદના પ્રસંગની એટલો બધો નજીક આવી રહ્યો છે, તેને કયો હીંદી ભુલી શકશે ? એજ દિવસે વિધાતાએ મહાત્મા ગાંધીજીને આપણી વચ્ચેથી અચાનક અને બળાત્કારે ઝડપી લીધા હતા. પરંતુ એ શોકમાં વૃદ્ધિ કરનારી અને આ આનંદના પ્રસંગ પર કાળું વાદળ ફેલાવી દેનારી હજુ એક બીજી ઘટના એ બની છે કે સરદાર વલ્લભભાઇ પટેલ, જેઓ, આપણે જેમને રાષ્ટ્ર પિતા તરીકે પુજ્યભાવથી સંબોધીએ છીએ, તેમની ખાલી પડેલી જગ્યા લાયકપણે પુરી રહ્યા હતા, તેમને પણ વિધાતાએ છીનવી લીધાને હજુ ત્રણજ અઠવાડીયાં થયાં છે અને વળી જે શોકના બહુ હજુસુકાયા નથી ત્યાં હીંદના બીજા એક મહાન સુપુત્ર શ્રી. કકલ્કર બાપા ને પણ લઈ લીધા છે. આથી હીંદ એટલું શોકગ્રસ્ત બની ગયું છે કે આ આનંદનો મહાન પ્રસંગ સ્વાભાવિક રીતે જે ઉલ્લાસથી ઉજવાવો જોઇએ એ ઉલ્લાસથી તેનાથી ઉજવી શકાય તેમ નથી.

એટલે પ્રજાસત્તાક હીંદનો આ બીજો વર્ષાંદિનોત્સવ સર્વત્ર ફેલાએલી લાગણીઓથી ઉજવવામાં આવશે. કદાચ એ ઉચિતજ હશે. કોઇએ પોતાની સિદ્ધિથી અસ્વિષ્ટ બનવું નહિ જોઇએ પરંતુ તેની સાથે રહેલી મહાન જવાબદારીઓ સમજતા થવું જોઇએ. વિધિએ મારેલા આ સખ્ત ફટકાને આપણે આપણી ફરજ પ્રત્યે જાગૃત થવા અને રહેવા ઇશ્વર તરફથી આવેલી ચેતવણી રૂપ બધુવા જોઇએ. આપણો પ્રેમ અને લાગણી આજે હીંદના ભાવીનો આખો બોજો હીંમતથી વહી રહેલા એકજ માણસ પ્રત્યે જાય છે, અને તે છે હીંદના વડા પ્રધાન, શ્રી. જવાહરલાલ નેહરૂ. પરંતુ તે કંઈ મકોડાંની લાગણી અને પ્રેમના ભુખ્યા નથી. એથી તેમને સંતોષ થવાનો નથી. તેઓ તો માંગે છે કે હીંદમાં અને હીંદની બહાર દરેકેદરેક હીંદી પુરૂષ યા સ્ત્રી માતૃભુમી પ્રત્યેની પોતાની ફરજ બજાવે. આપણને તેમણે અનેક વખત સંદેશો પાઠવ્યો છે કે હીંદની બહાર વસતા પ્રત્યેક હીંદીએ, પોતે હીંદનો એક ટુકડો છે એમ સમજી એવું વર્તન રાખવું જોઇએ કે જેથી હીંદનાં શુભનામ ને કલંક નહિ લાગે. આપણામાં ના દરેક ને આ ફરજને વિષે જાગૃત રહીએ અને તે બજાવવા ને પ્રમાણીક અને સત્યપણે પ્રયત્ન વાન રહીએ તો આપણે હીંદીઓ કહેવડાવવાને લાયક ગણાઇશું અને આ મહાન પ્રસંગ ઉજવવા ને અધિકારી ઠરીશું. આ પ્રસંગ ઉજવવાની સારામાં સારી રીત એ ગણાય કે એવા લાયક બનવાનો પ્રમાણિક અને સત્યપણે પ્રયત્ન કરવાની આપણે પ્રતિજ્ઞા લઇએ. તોજ આપણે સાહિત્ય આફ્રીકાના પણ ખરા નાગરીકો તરીકેનો દાવો કરી શકીશું.

હીંદને થએલી બીજી મહાન ખોટ

ગયા શુક્રવારે ઓલ ઇન્ડિઆ રેડીયો પરથી આવનગરમાં શ્રી. કકલ્કર બાપાનું અવસાન થયાના ખબર આવ્યા હતા. શ્રી. અમૃતલાલ વી. કકલ્કર જેઓ કકલ્કરબાપા તરીકે ઓળખાય છે તેઓ કંઈક સમયથી પથારીવશ હતા. તેઓ એક ખરા સેવક હતા, કોઈ પણ પ્રકારના આડંબર વીના, કીર્તીની લાલસા વીના, બહોળ પ્રસિદ્ધિ મેળવ્યા વીના દેશની ખરી સહર અને મુક સેવા તેઓ બજાવી રહ્યા હતા. બીજા દેશનેતાઓની જેમ તેમની છબી પણ બહુ ઓછી લેવાઇ છે. પછાત વર્ગોના તેઓ એક પ્રીસ્ટના જેવા હતા. જ્યાં જ્યાં પછાત વર્ગો પીડાતા હોય ત્યાં કકલ્કરબાપા જઈ પહોંચ્યા જ હોય. રાની પ્રજામાં તેઓ ફરતા ફરતા હતા, તેઓને અક્ષર જ્ઞાન તેમજ સ્વચ્છતા અને આરોગ્યના નીયમોનું જ્ઞાન આપતા હતા. તેમનામાં કોઈ પણ જાતનું અભિમાન નહોતું. કોઇની પણ સેવા લેવાનો તેમને તિરસ્કાર હતો પરંતુ બીજાની સેવા કરવામાં તેઓ રાચતા હતા. ૮૨ વર્ષે એ સેવાનો અંત આવ્યો અને તેઓ સદાની સાંતી ભોગવવા આ ફાની દુનીયા નો ત્યાગ કરી ગયા. ૧૯૪૬ માં પહેલી જ વાર શ્રી. કકલ્કરબાપાની વર્ષગાંઠ ઉજવાઇ હતી જે પ્રસંગે હીંદના પ્રજા સત્તાકના પ્રમુખ રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુ અને વડા પ્રધાન શ્રી. નેહરૂથી લઇને આખાં પ્રધાન મંડળે ભાગ લીધો હતો. તેમને એંસી વર્ષ પુરાં થયાં હતાં. તેમના સાથીઓ, પ્રશંસકો અને અનુયાયીઓએ તેમની નિઃસ્વાર્થ સેવાઓની તારીફ કરી તેઓને દીર્ઘાયુ ઇચ્છી હતી. નાયબ વડા પ્રધાન સરદાર પટેલે પોતાના અવસાનની થોડાંજ અઠવાડીયા પહેલાં શ્રી. કકલ્કરબાપાની ૮૨મી વર્ષ ગાંઠપર તેમની અનુપમ સેવાઓની તારીફ કરી હતી. શ્રી. વલ્લભભાઇ પટેલને જેમ પ્રજાએ સરદારનું બહાદુર સોપું નામ આપ્યું હતું તેમ શ્રી. અમૃત લાલ કકલ્કરને "બાપા"નું બહાદુરીયું નામ આપ્યું હતું. અને કકલ્કરબાપા તરીકે દેશભરમાં ઓળખાતા હતા. ઇશ્વર તેમના અમર આત્માને ચિરશાંતી બક્ષે.

પ્રજાસત્તાક હિંદનો પ્રેરણાત્મક આત્મા

(ખબર અને ઑઝર્વર ખાતાના પ્રધાન આર. આર. દીવાકર ના અંગ્રેજી લેખ પરથી)

[આ લેખ લખનાર રંગનાથ રામચંદ્ર દીવાકરનો જન્મ ૧૮૯૪ માં થયો હતો અને જેલગામ, તુળસી અને પુનામાં કેળવણી પામી ડેક્કાદકુપરની કૉલેજમાં પ્રોફેસર તરીકે જીવન શરૂ કર્યું હતું. ત્યાર બાદ તુરત તેમણે પત્રકારિત્વનો ધંધો શરૂ કર્યો અને કાનડા ભાષામાં 'કમ્બીર' નામનું અઠવાડીક કેળવ્યો તેના તંત્રી બન્યા. તેમના અગ્રલેખોમાં તેમની પ્રચંડ રાષ્ટ્રભાવના વ્યક્ત થતી હતી અને બ્રીટીશ સરકારે રાજદ્રોહ માટે તેમને બે વર્ષની કેદની સજા કરી. ૧૯૨૩ માં તે અંગ્રેજી અઠવાડીક 'નવા સર્જન'ના તંત્રી બન્યા, અને તેમની સામે ફરી રાજદ્રોહ માટે કામ ચલાવવામાં આવ્યું અને બે વર્ષની કેદની સજા થઈ. ગાંધીજીના સુસ્ત અનુયાયી તરીકે શ્રી. દીવાકરે રાષ્ટ્રીય લીલચાલમાં આગળ પડતો ભાગ લીધો અને ૧૯૩૦ માં મીઠાંના સત્યાગ્રહમાં અને ૧૯૩૩માં વ્યક્તિગત સવિનય ભંગમાં ભાગ લીધો હતો અને બન્ને વખતે કેદની સજાઓ ભોગવી હતી. ૧૯૪૨ના ઑગસ્ટમાં 'ભારત છોડો'ની લડત વખતે તે ધરપકડ નથી હતા, પરંતુ ૧૯૪૪ના ઑગસ્ટમાં તેમને પકડવામાં આવ્યા અને ૧૯૪૫ના જુલાઈ સુધી અટકમાં રાખવામાં આવ્યા હતા. ૧૯૪૬ માં શ્રી. દીવાકર બળદ અને ઑઝર્વર્સ ખાતાના પ્રધાન નીમાયા હતા. ઑલ ઈન્ડિયા રેડિયો કમીટીના તે સભ્ય છે. ૧૯૪૮ના સપ્ટેમ્બરમાં રોમમાં ભરાયેલી આંતર-પાર્લામેન્ટરી યુનીયન કોન્ફરન્સની ૩૭ મી બેઠકમાં હિંદની પાર્લામેન્ટના એક નીરીક્ષક તરીકે ગયા હતા. શ્રી. દીવાકરે કાનડા અને અંગ્રેજીમાં પુસ્તકો લખ્યાં છે. "સત્યાગ્રહ ઈટસ થીયરી એન્ડ પ્રેકટીસ" એ તેમનું ઊંચી જાતનું અંગ્રેજી પુસ્તક છે.— આ. ઈ. ઓ.]

હિંદે પોતાની આઝાદી અપૂર્વ રીતે મેળવી છે. હિંદની આઝાદીનો ઇતિહાસ, ભાવિ પ્રજાઓને એક મહાન આત્માની દોરવણી નીચે એક હદ મન ની પ્રજા, શાંતી અને અહીંસાથી શું પ્રાપ્ત કરી શકે, તેનું એક ઉદાહરણ થઈ પડશે. જો કે રાજકીય હકોને માટે બનારિયત લીલચાલની છેક ૧૮૮૫ માં શરૂઆત થઈ હતી, પરંતુ સંપૂર્ણ સ્વતંત્રતાનું પોતાનું ધ્યેય હિંદે ૧૯૨૯ માં જાહેર કર્યું હતું. અઢાર વર્ષ બાદ ૧૯૪૭ ના ઑગસ્ટની તા. ૧૫ મીએ સંપૂર્ણ સ્વતંત્રતા જાહેર થઈ હતી. ભારત અને હિંદ વચ્ચે સંપૂર્ણ અને શાંતીમરી સમજુતીના પરિણામે આ ઐતિહાસિક પરિણામ આવ્યું. એશીયાના તેઓ વચ્ચેના પાડાના સંબંધ માં કડવાસનો જરાયે છાંટો જોવામાં આવતો નથી.

આજે હિંદ માત્ર સ્વતંત્ર નથી પરંતુ પોતાની સ્વતંત્રતા એશીયાની અન્ય લોકશાહી પ્રજાઓને છર્યો થાય એવાં વિચારપ્રવાહ બંધારણમાં અંકિત થઈ છે. હિંદે સંપૂર્ણ સ્વતંત્રતા પ્રાપ્ત કર્યાને એકતાળીસ ઉપર માસ થયા. સંપૂર્ણ લોકશાહી ધરાવતા પ્રજાસત્તાક નું બંધારણ બંધારણીય સભા તરફથી ૧૯૪૬ ના નવેમ્બરમાં વિચારાયું. તા. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ બાદ એક વર્ષ તેનો સંપૂર્ણ અમલ થયો છે. તેના ભાવિ વિકાસમાં જેઓ રસ લઈ રહ્યા છે અને તેની નીતી સમજવાને ઉત્સુક છે તેઓને, આ સ્વતંત્ર દેશની પ્રવૃત્તિઓનું સામાન્ય અને ટુંક અવલોકન મદદરૂપ થઈ પડશે. એવું અવલોકન રસીક અને બોધપ્રદ થઈ પડવા ઉપરાંત અંતરબોજની દ્રષ્ટિએ પણ તે લાભદાયી થઈ પડશે. વિષય વસ્તૃત વિશાળ છે અને મારે કુટુંબમાંજ તેને પતાવવા નો હોય તો લાંબા વખત સુધીમાં અને ત્યાર બાદ જે મુખ્ય પ્રેરણાદાયક અને ઉચ્ચ નીતીથી આ દેશ પ્રેરિત થયો તેની સામાન્ય રૂપરેખા આપીને સંતોષ માનવો રહ્યો. એ પરથી આપણે રાષ્ટ્રપિતા ગાંધીજીનો આત્મા આ નવાં પ્રજાસત્તાકને તેના આરંભકાળ માં કેવો પ્રેરણાત્મક બન્યો હતો તેનો ક્યાસ કાઢી શકીશું.

"તલવારથી વિજય પ્રાપ્ત કરેલાનો તલવારજીવ નાશ પામે છે." આ સુત્ર ગાંધીજી ઘણીવાર ટાંકતા હતા. પોતાનો નિર્ણય તેમણે પોતાના જીવન માં પણ વહેલો કરી લીધો હતો. તલવારને તેમણે તિલાંજલી આપી હતી અને પ્રેમને પોતાનું એકમાર્ગ પ્રતીક બનાવ્યું હતું. એક વ્યક્તિ તરીકે તેમજ સમાજના એક સભ્ય તરીકેની પોતાની સઘળી પ્રવૃત્તિઓમાં અહીંસાના સિદ્ધાંતનેજ તેમણે માર્ગ દર્શક બનાવ્યો હતો. એ સિવાય બીજો એક માર્ગ તેમને માટે વર્જીત હતો. જે માર્ગને પોતે અનુસરતા હતા એજ માર્ગે પ્રજાને દોરવાનું તેમણે સ્વિકાર્યું અને પ્રજાને ખાત્રી આપી કે બનવરિયત અહીંસા સફરને કરતાં વધારે ફળદાયી અને વધારે અસરકારક હતી અને પોતાનો માર્ગ સ્વતંત્રતાના ધ્યેયે પહોંચવાનો સૌથી ટુંકો હતો. પ્રજાએ તેમનાપર હદ વિશ્વાસ મુક્યો અને પચીસ વર્ષમાં પ્રજાને તેમણે એ ધ્યેયે પહોંચાડી. માત્ર છએક જરાજર બોલાયેલી અહીંસક લડતોથી એ વસ્તુ સિદ્ધ થઈ.

અહીંસા દ્વારા સ્વત્વ પ્રાપ્ત કરવાના સિદ્ધાંતમાં તેમને અડગ વિશ્વાસ હતો. પોતાનો હેતુ સિદ્ધ કરવાના અખુતના સંકલ્પની તેમને બક્ષીસ હતી. પોતાના જીવનના છેલ્લાં ૨૮ વર્ષ દરમીયાન, અમે તેટલી મુશ્કેલીઓ છતાં જુના જોગી ઓ શ્રી. જવાહરલાલ, સરદાર પટેલ, રાજેન્દ્ર બાબુ, મૌલાના આઝાદ, રાજાજી અને બીજાઓ અડગ વફાદારીથી તેમને વળગી રહ્યા અને તેમનાં નેતૃત્વને અનુસર્યા.

તેઓની એ વફાદારી અંધશ્રદ્ધાની નહોતી. પોતાના નેતામાં પ્રજાનું માનસ સમજવાની અદ્ભુત સ્વાભાવિક શક્તિ હતી અને સમય આવ્યે તેઓ પાસે વીરત્વભર્યાં પરાક્રમો કરાવવાની શક્તિ હતી, એવા તેઓના જાતી અનુભવપર રચાયેલી હતી.

માર્ગદર્શક ફિરસ્તા

ગાંધીજી તો ગયા. અલ્પ વર્ષ થયાં ગાંધીજી આપણી વચ્ચે નથી. પરંતુ ગાંધીજીને પગલે ચાલી રહેલા આપણા દેશનેતાઓએ દેશનું સુકાન પકડેલું છે. ગાંધીજી પ્રત્યેનો તેઓનો ઉંડો અંકિતભાવ જાણીતો છે. ગાંધીજી કોઈ સત્તાપર કદી નહિ હતા છતાં ૧૯૨૧ ના ડીસેમ્બરમાં અહીંસાત્મક અસહકારની લડત જાહેર થઈ તે વખતથી તેમની ૨૭ વર્ષ સુધીની પ્રવૃત્તિ દરમીયાન તેઓ દેશના માર્ગ દર્શક પ્રીફરતા અને મુખ્ય હાથ હતા. તેમના આદર્શો, વિચારો, કાર્યોએ હિંદના માનસપર અને હિંદના ઇતિહાસપર, માત્ર રાજકીય ક્ષેત્રમાંજ નહિ પરંતુ ધાર્મિક, સામાજીક, આર્થિક, બૌદ્ધિક અને માનવ જીવનની બીજી અનેકવિધ પ્રવૃત્તિઓમાં, ઉંડી છાપ પાડેલી છે. ૧૯૩૪ માં કોંગ્રેસના સાધારણ સભ્ય તરીકેનું પદ રજીનામું આપી દીધું હતું. અને તેમ છતાં કોંગ્રેસની વર્કીંગ કમીટી, એ મહાન પ્રજાકીય સંસ્થાની મુખ્ય કાર્યકારીણી સભાને લાગ્યું કે તેઓજ તેના આત્મા હતા અને તેની સભાઓને દોરવણી આપવાને કમીટી હમેશ તેમને આમંત્રણ આપતી હતી.

આઝાદી મળ્યા બાદ પણ તેઓએ કોઈ પણ સત્તાનું સ્થાન લીધું નથીવાતું, પરંતુ જેઓ સત્તાપર હતા તેઓ કોઈ પણ અગત્યની બાબતમાં તેમની સલાહ અને દોરવણી વિના એક ડગલું સરજુ પણ ભરતા નહોતા. તેઓ મહાન સંત હોવા છતાં એક ખરા દેશ ભક્ત તરીકે આઝાદીની લડત ચલાવી રહ્યા હતા. શુદ્ધ સત્ય અને અહીંસાના ઉપાસક તરીકે તેઓ, સમસ્ત જગત જોને માટે આજે ઝળી રહ્યું છે, એ શાંતીનો પૈગામ આપનાર અને શાંતી ના પાયાનું સિદ્ધ થયા છે.

એ ખરૂં છે કે હિંદને આઝાદી મળી ત્યારે કોમનવાલ્થે દેશપર ખરાબમાં ખરાબ પ્રકારના કોમી વીખવાદનો સાપ ઉતરી આવ્યો હતો. જે કોમવેશમાં જાન માલનો નિરંકુશપણે નાશ થઈ રહ્યો હતો એ કોમાવેશને શાંત પાડવા ગાંધીજી પોતાનો આખો આત્મા રેડી રહ્યા હતા. આથી દેશનું નવું બંધારણ, જે એ વખતે પડાઈ રહ્યું હતું, તેને ગાંધીજીથી બાદ થઈ શકાય તેમ નહોતું. તેમ છતાં એ બંધારણમાં ગાંધીજીના ઘણા સિદ્ધાંતો, વીચારો અને આદર્શો રહેલા છે એ સહેલાઈથી જોઈ શકાય છે. બંધારણ એ, દેશે કઈ રીતે પોતાનો વીકાસ કરવો, તેની સુચના આપનાર છે. ગાંધીજી કોઈ પણ "વહેમો"માં માનતા નહિ હતા: ગાંધીવાદમાં પણ નહિ. તેઓ હમેશાં વસ્તુને જોતા હતા, તેના પડછાયાને નહિ. તેઓ જાગૃતા હતા કે શબ્દોમાં ઘણી વખત વસ્તુ નથી હોતી પરંતુ પડછાયો હોય છે. આથી તેમણે હિંદને માટે કોઈ પણ પ્રકારની કદી નહિ પરંતુ રામરાજ્યનો આદર્શ સેવ્યો હતો— એટલે કે ન્યાય અને અદલ ઇન્સાફ પર રચાયેલી સરકાર. ભવિષ્યનો સમાજ જાતી, જ્ઞાતી કે વર્ગ ના વાડાઓથી પર હોવો જોઈએ એમ તેઓ કહેતા હતા. તેઓની લાગણી હમેશાં કચડાયેલાઓ પ્રત્યે હતી. સર્વોદયનો અર્થ તેઓ એવો કરતા કે સર્વનો ઉદય થાય અને કોઈ કોઈનું શોષણ નહિ કરે એવી સમાજ વ્યવસ્થા. "સર્વોદય"નો અક્ષરાર્થ એ થાય છે કે ધર્મ, જ્ઞાતી, જાતી કે વર્ગના કોઈ પણ જાતના ભેદ વિના સઘળાની પ્રગતી. તેમની કલ્પનામાં સમાજના કોઈ પણ તત્વનો બળજબરીથી નાશ કરવાનો સમાવેશ થતો નહોતો. તેમની સમાજવ્યવસ્થાની કલ્પનામાં હીંસા કે જુલમને સ્થાન નહોતું. તેઓ નૈતિક અને અહીંસક દબાણમાં માનતા હતા. તેમની દ્રષ્ટિ આંતરરાષ્ટ્રિય હતી અને જેને તેઓ "બધું સ્વદેશી" કહેતા હતા, એ સિદ્ધાંતમાં તેઓ સુસ્તપણે માનતા હતા. એટલે કે, પોતાનાજ સ્થળમાં ઉત્પન્ન થતી વસ્તુ ઓનોજ ઉપયોગ કરવો. પડોશીઓના સવાલોને અને અહીંસક રીતે તેનો ઉકેલ લાવવાને તેઓ પ્રથમ સ્થાન આપતા હતા.

સિદ્ધ થયેલું સ્વપ્ન

આજના હિંદના બંધારણપર ગાંધીજી ના વિચારો અને આદર્શોની છાપ રહેલી છે એ દેખીતું છે. હિંદના બાગલા પડે એ તેઓને જરાયે પસંદ નહોતું, પરંતુ પોતાના મુસ્લીમ ભાઈ ઓની અનુસમજાને લીધે જે અનિવાર્ય વસ્તુ હતી તેમાં તેમણે નમતું મુકયું

આગલા સાથે સ્વતંત્રતા અથવા મુક્તિની એ બે વચ્ચેની પસંદગીનો સવાલ હતો. પરંતુ આગલા પડમા છે એ સિવાય આજનું હૌદ હવે, પહેલાના દેશી રાજ્યો તેમાં ભેગાઇ જઇ વહિવટ, બંધારણ આર્થિક તેમજ રાજકીય દૃષ્ટિએ એક સંગઠીત દેશ બની ગયું છે. અને એ રીતે હૌદનું રાજકીય એકીકરણ કરવાનું ગાંધીજીની હયાતીમાંજ તેમના આશિર્વાદથી થઇ રહ્યું હતું.

હૌદને રાજકાજની અને હૌદની રાષ્ટ્રિય ભાષા તરીકે સ્વિકારવામાં આવી છે એ, ૧૯૧૬ માં ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી પાછા ફરી હૌદની ભુમી ઉપર પગ મુક્યો, ત્યારથી જે આદર્શો સેવતા આવ્યા હતા. તેમનો એક સિદ્ધ થયો છે. આયજનતાના સાપ્રદાયિક ઠરાવોમાં તેમને મોટો વિશ્વાસ હતો. જે વસ્તુને હૌદના ઉમરલાયક સઘળાં સ્ત્રી પુરૂષોને મતાધિકાર આપીને અને ગ્રામ્ય પંચાયતો સ્થાપવાની સુચના આપીને મુર્ત સ્વરૂપ આપવામાં આવ્યું છે. ગાંધીજી હમેશાં બીજો અને પુરૂષોને સમાન હકો આપવામાં અને કોમ કોમ વચ્ચે અને ધર્મ ધર્મ વચ્ચેના સઘળા ભેદો નાબુદ કરવામાં માનતા હતા. એ વસ્તુ બંધારણમાં દૃઢ સ્થાપિત કરવામાં આવી છે. મુળ હકોમાં વ્યક્તિનો મોભો અને પવિત્રતા જાળવવાનો સમાવેશ થાય છે અને એ પણ બંધારણમાં અસુકપણે સ્થાપિત થયું છે. અસ્પૃશ્યતા, કે જેની સામે ગાંધીજી હમેશાં લડી રહ્યા હતા અને કોઇ કોઇ પ્રસંગે પોતાનો જાન પણ જોખમમાં નાખ્યો હતો, તેને બંધારણમાં ગુનો ઠરાવવામાં આવી છે. સુચના આપનારા સિદ્ધાંતોને લગતાં પ્રકરણમાં સર્વોદય—સઘળાની સુખાકારી—નો વિસ્તારપુર સમાવેશ કરવામાં આવ્યો છે અને તેને અમલ માં મુકવાની જવાબદારી રાજ્ય ઉપર મુકવામાં આવી છે. ગાંધીજી દારૂબંધીમાં માનતા હતા. આ જે કેટલાક પ્રાંતો માં, જેવા કે, મુંબઇ અને મદ્રાસમાં તે સિદ્ધ થઇ ચુક્યું છે. આ રીતે પ્રજાસત્તાક હૌદના બંધારણપર ગાંધીજી ના વિચારોની છાપ સ્પષ્ટપણે રહેલી છે.

અર્વાચીન લોકશાહી

એક અર્વાચીન લોકશાહી રાજ્યમાં અહીંસાના સિદ્ધાંતનું સોપેસો ટકા પાલન થવાની જગતમાં દેખાતી રીતે ઉણપો રહેલીજ હોય. પરંતુ, શાંતીના અને શાંતીભરી રીતોના માર્ગ ને અની શકે ત્યાં સુધી અનુસરવા પ્રયત્ન થયો જોઇએ, એટલીજ આશા રાખવામાં આવતી હોય તો, જરૂર હૌદને વિશે એમ કહી શકાય કે એ બાબતમાં સઘળા ક્ષેત્રોમાં તે પોતાનું બનતું સઘળું કરી રહ્યું છે. દેશની આંતરિક નીતીમાં તેમજ પરદેશ સાથેની નીતીમાં ગાંધીજીના વિચારોની ઘણીજ અસર રહેલી છે. દેશની આંતરિક બાબત લઇએ. સઘળી રીયાસતો હૌદમાં ભેગાઇ ગઇ એ બાબત તો હું જણાવી ચુક્યો. એ વસ્તુ કોઇ પણ પ્રકારની હીંસા કે બળપ વગર અને મહારાજાઓની સંમતીથી જ સિદ્ધ થઇ છે. એવી સેંકડો રીયાસતો હતી જેમાંની કેટલીકમાં સો કે એથી વધુ વર્ષ થયાં એકહથ્થુ સત્તા ચાલી રહી હતી. પરંતુ બે વર્ષની મુદતમાં તેમાંની ઘણી ખરીને હૌદ સાથે ભેગી કરવામાં આવી છે અને રાજાઓને પેનસનપર મુકત કરવામાં આવ્યા છે. ૫૬૫ જેટલી રીયાસતોમાંથી હવે માત્ર નવ રહેલી છે. છેલ્લી નાબુદ થવામાં ત્રીપુરા, મણીપુર અને જનારસનો સમાવેશ થાય છે. વિના સંકોચે એમ કહી શકાય કે એટલા વિશાળ સમુહને એકજ બંધારણ નીચે અને એકજ જાતના વહીવટ નીચે એટલા ટુંક સમયમાં લાવવાનો બનાવ ઇતિહાસમાં અજોડ છે.

કોમીકોયડો

બંધારણમાં સઘળા કોમી ભેદો નાબુદ કરવાનો આદેશ છે અને પછાત વર્ગો સીવાય સંયુક્ત મતદારીઓ સ્થાપવામાં આવી છે. એ યાદ રાખવું જોઇએ કે હૌદુ અને મુસ્લીમો માટે જુદી મતદારીઓ બ્રીટીશે દાખલ કરી હતી. જેના પરિણામે ઉપરે જાગલાની માગણી થઇ હતી. હૌદ સરકારે અખત્યર સરકારી નોકરીઓમાં કોમીભેદ ભાવ નાબુદ કરવાના તાજેતરના પગલાં લીધાં છે અને પ્રાંતોમાં પણ તેમ કરવાની ભલામણ કરેલી છે.

હૌદના લશ્કરમાં પણ જાતી, જાતી કે ધર્મના ભેદ પાડવાની મનાઇ કરવા માં આવી છે. સઘળા સરકારી ઇસ્તાવેજોમાંથી જાતી જાતીનો ભેદ પડવામાં આવ્યો કોમ તે નાબુદ કરવાનો સિદ્ધાંત સરકારે સ્વિકાર્યો છે. મજુરોને લગતા અખત્યર સરકારના તેમજ પ્રાંતિક કાયદાઓમાં પણ સમાજ ના સઘળા વર્ગોનો મજુરો, અને મુડીદારો વચ્ચેના સહકારથી અને પંચાયતના સિદ્ધાંતથી વ્યવસ્થિત રીતે વીકાસ કરવાના ગાંધીજીના આદર્શો સાચવવામાં આવ્યા છે.

કટોકટીના પ્રસંગે હુકમોનું પાલન કરાવવાનું ગાંધીજીએ વર્જિત ગણ્યું નહોતું. શાંતીભરી હુકમોનું પાલન એ સત્યાગ્રહનો જેવું જ થયું. સમજુતીના બીજા સઘળા સાધનો નીષ્ફળ નીવડ્યા બાદ જ અને સઘળા હૌસલા તાવેજાર નેતાઓનો સંપુર્ણ અંકુશ હોય ત્યારે જ હુકમોનો પાડી શકાય, એ ગાંધીજી નો સિદ્ધાંત હતો.

હૌદની પરદેશ નીતી

હૌદની પરદેશ નીતીની પાછળ પણ ગાંધીજીના આદર્શો રહેલા છે એ સહેલાઇથી જોઇ શકાશે. ૧૯૪૨ ના ઓગસ્ટમાં ક્વોલ્ટ ઇન્ડિયા કોંગ્રેસ કમીટીએ કરેલો જાણીતો "ક્વીટ ઇન્ડિયા"નો ઠરાવ સ્વતંત્ર દેશોના વીશ્વ સંઘ (વર્લ્ડ ફેડરેશન) ની સ્થાપના કરે છે, અને તેથી દરેક જાતના સશસ્ત્ર યુદ્ધો નાબુદ કરવામાં માને છે. કમનસીબે એ બાબતમાં બીજા કરાયેલ નહિ તે હૌદ-પાકીસ્તાન વચ્ચેનો ઝઘડો જ કસોટી કરનારો નીવડ્યો. એકંદર જોતાં હૌદ અમે તેવી ઉશ્કેરણી છતાં પણ શાંતીના પક્ષમાંજ ઉભવાનો હમેશાં પ્રયત્ન કર્યો છે. તા. ૧૫ એપ્રીલ ૧૯૪૭ ના ગાંધીજી અને જનાબ જીન્નાહ એ શાંતીની જાહેરાતપર સહી કરી હતી. તા. ૧૮ ઓગસ્ટ ૧૯૪૭ ના હૌદ અને પાકીસ્તાનના વડા પ્રધાનો એ બન્ને પંજાબોમાં તોફાનો અટકાવ વાના પોતાના નીશ્ચયનું એક સંયુક્ત નીવેદન કર્યું હતું. કાશ્મીરના મહા રાજા, કે જેના બંધારણસરના વડા હતા, તેમજ રાષ્ટ્રીય પરિષદ, કે પ્રજા કીય સંસ્થા હતી, એ બન્નેના આગ્રહ ભર્યા આમંત્રણથી હૌદ કાશ્મીરમાં વચ્ચે પડ્યું હતું. પરંતુ હૌદે લડાઇને સ્થાનિક જ મર્યાદિત કરવાનાં પગલાં લીધાં અને આક્રમણ કરનારાઓને કાઢ મીરની બીજાની મદદ કાઢવામાં આ વ્યા કે તુરત હૌદે પોતાનું લશ્કર આગળ વધતું અટકાવી દીધું. હૌદ માટે બંધ કરવાની સરહદ નકકી કરવા મસલત કરી અને સ્વેચ્છાએ એ બાબત યુનોની સીકયોરીટી કાઉન્સીલ સમક્ષ પોતે લઇ ગયું અને કાશ્મીરની પ્રજા ના નીર્ણયને પોતે અનુસરવા તર્યાર છે એવું જાહેર કર્યું. ત્યાર બાદ હૌદ કાશ્મીરના સવાલના શાંતી ભર્યા ઉકેલને માટે સતત પ્રયાસ કરી રહ્યું છે. તા. ૮ એપ્રીલ ૧૯૫૦ ની વડા પ્રધાનો ની સમજુતી દ્વારા હૌદે કરી શાંતી ભરી રીતથી ઉકેલ લાવવાનો પોતાનો નીશ્ચય પુરવાર કરી આપ્યો. એ વખતે પુર્વ બંગાળમાં હીંદુઓની અસહ્ય સ્થિતિને લીધે બન્ને દેશો વચ્ચે યુદ્ધ ફાટી નીકળવાની અણીપર હતું. યુદ્ધ નહિ કરવાની સંયુક્ત જાહેરાતને માટે હૌદ સતત પ્રયત્નો કરી રહ્યું છે પરંતુ તેમાં હજુ સફળ થઇ શક્યું નથી.

કોમનવેલ્થ સાથેનો સંબંધ

હૌદે પોતાને પ્રજાસત્તાક જાહેર કર્યું છે પરંતુ કોમનવેલ્થ, જેની સાથે આટલા વખત સુધીનો સંબંધ રહ્યો છે, તેનાથી છુટું પડી જવાની તેની ઇચ્છા નહોતી. એટલે પ્રજા સત્તાક જાહેર કરવા છતાં પોતે કોમનવેલ્થમાં પોતાની સ્થિતિ કાયમ રાખવામાં સફળ થયું છે. એશીયાને લગતી બાબતો માં હૌદની વગવું બનવાની છે. સઘળા સાર્વભૌમ અને સંસ્થાનિક સાર્વભૌમત્વનો અંત આવ્યો જોઇએ એમ તે માને છે. એશીયાના સઘળા દેશોમાં હૌદ રાજકારણ પ્રબળ વાતો કર્યો છે અને રાષ્ટ્રવાદનાં બળોને તે ઉત્તેજન આપવા માગે છે. એશીયા ઇન્ડોનેસીયાને વહેલી તકે સ્વતંત્રતા અપાવવામાં તેણે પહેલ કરી હતી. તા. ૨૭ ડીસેમ્બર ૧૯૪૯ ના હૌદે ઇન્ડોનેસીયાપર એશીયન કોન્ફરન્સ ભરી હતી. જેમાં ૧૬ એશીયાના દેશોએ ભાગ લીધો હતો. ચીન ના પ્રજાસત્તાક પ્રત્યેની હૌદની વલણ પણ જગજાહેર છે. ખરી વસ્તુ સ્થિતિ પ્રત્યે અને ચીન અને એશીયા ના બધા અન્ય દેશો સાથેના પોતાના પ્રાચીન સંબંધો પ્રત્યે હૌદ પોતાની આંખો બંધ નહિ રાખી શકે. આ મીત્રતાની ભાવના અને શાંતીપ્રીયતાને કોરીયા વીગેરે કટોકટીના પ્રસંગે હૌદે લીધેલાં છે તે પગલાં લેવાને તેને પ્રેરણા કરી છે.

ચુનોમાં વિશ્વાસ

ચુનોના કેટલાંક કાયદો બરાબર નહિ થઇ શકે તેવાં ક્ષોભો છતાં હૌદને એ સંસ્થામાં વીશ્વાસ છે, કેમકે, એજ એક સંસ્થા છે કે જેનાપર જગતની શાંતી ટકી રહેવાની આશા રાખી શકાય. ચીનના સંબંધમાં, ૩૮ મી પેરેલલને ઓળંગવાના સંબંધમાં, એટમ બોમ્બના ઉપયોગના સંબંધમાં હૌદના વીચારો અને નીતી એક સાદી વસ્તુપરથી જોઇ કરી શકાય છે. તે છે યુદ્ધને રચનાત્મક બનાવીને અને ઉપસ્થિત થએલી તકરારોનો શાંતીમયી ઉકેલ લાવવાની તેની ધગશ. હૌદના આંતરીક તેમજ પરદેશ સાથેના વ્યવહારમાં અનેક કાર્યો અને નીતી ગાંધી જીના આદર્શોથી પ્રેરીત થયાં છે એ બતાવી શકાય છે, પરંતુ તેમ કરવાની જરૂર નથી. એટલું જ કહેવું બસ થશે કે ગાંધીજીનું સોથી અગત્યનું ફીલસુફ–સત્ય અને અહીંસા—એ સઘળા અગત્ય ના વ્યવહારમાં પ્રોત્સાહન આપનારૂં થઇ પડ્યું છે. હૌદનું આજનું પ્રધાન મંડળ ગાંધીજીના આદર્શોથી પ્રેરીત થએલાઓનું બનેલું મણી શકાય. સંભવીત છે કે અનેક સંજોગોના કારણે તેમજ અંગત નબળાઇઓના કારણે તેમના પ્રત્યેક આદર્શને અમલ માં મુકી શકાયો નહિ હોય. પરંતુ એટલું તો સત્યપણે કહી જ શકાય કે રાષ્ટ્રપિતા ગાંધીજી, કે જેમણે પોતાની દીર્ઘદૃષ્ટિથી અને અથાગ પરિશ્રમથી જે આદર્શો પોષ્યા હતા અને જેને માટે દેશ તેમનો અત્યંત ઋણી છે, એ આદર્શોને અનુસરવાને હૌદના રાજ કારીઓ મહાન આત્માની દોરવણી પરજ આધાર રાખી રહ્યા છે.

સુરત હિંદુ એસોસીએશન

આથી પુનીયનમાં વસતા દરેક હીંદુ ભાઇઓને અખ્બર આપવામાં આવે છે કે દેશથી આવતા જતા ભાઇઓ માટે ઉપરોક્ત સંસ્થા તરફથી રહેવાની સગ વડ માટે ૧૫ બેન્ડ સ્ટ્રીટ, કરબનમાં ધર્મશાળા રાખવામાં આવેલી છે. આશા છે કે તેનો લાભ સઘળા ભાઇઓ લેશે.

ચોથનભાઇ મણીભાઇ
પ્રમુખ.
કમાળભાઇ જીવાભાઇ
સેક્રેટરી.
શ્રી. સુ. હિં. એસોસીએશન.

નવો ભાડાનો કાયદો

[યુરોપીયનો તેમજ ઇંડી પર બણી ઓ જોહાનીસબર્ગમાં પોતાના બાકુતો ને બણા પરેશાન કરી રહ્યા હોવાના ખબરો આવ્યા છે. ખાસ કરી ઇંડી ફ્રેમ પર જે સીતા ગુજરી રહ્યો છે. એ જોતાં ઇંડા પરબણીઓની એવી વર્તણુક બીલકુલ અક્ષમ્ય છે. આ બાબતમાં તા. ૨૩ મીનો 'બાટાલ મરક્યુરી'માં એક દિલસોઝ થયો અને બણવાલેખ અમલેખ છે તે અમારા વાચકોના બાબાર્થે અમે અહિં બાપીએ છીએ.—અ. ઈ. ઓ.]

પાંબેન્ટની પદ્ધ બેઠકે પસાર કરેલા નવા ભાડાના કાયદાના રીફ (જોહાનીસબર્ગ અને તેની આસપાસ ના પ્રશ્નોઓ)માં થઇ રહેલા કહેવાતા દુરૂપયોગના ખબરો આવી રહ્યા છે જે એટલા ચીંતામાં નાખનારા છે કે તેની સંપૂર્ણ તપાસ થવાની જરૂર છે. અહીં સ્થાનીક તપાસોપરથી જણાય છે કે ડરબનમાં તેવી સ્થિતિ વર્તતી નથી. બતલબમાં જોહાનીસબર્ગ'ના જેટલી બરાબ નથી. પાર્લામેન્ટના કેટલાક કાયદા એવા છે કે કોઇ પણ નીરંકુશ માણસ તેને ગલત ઉઠાવી શકે. પરંતુ ભાડાના કાયદાની તપાસ કરતાં એવું જણાય છે કે કાયદામાંની બણી બારીઓ સામાન્ય સંતોષકારક રીતે બંધ કરવામાં આવી છે. જે કાયદાનો મુળ હેતુ એજ હતો. ખરું છે કે એકંદર માણસને પોતાના બણ્યાપરા કાયદેસર હકે નું બહુ ઓછુ જ્ઞાન હોય છે અને સંભવીત છે કે ભાડાના કાયદા ના અર્થ સમજવા જોઇએ તેટલા સમ જાયા નથી. બાકાક ઘરબણી જેને પોતાના બાકુતના કાયદેસર હકની બબર પણ નહિ નાખી શકાય. બાકુત પાસેથી નુકસાની મારે બગાઉથી અમુક રકમ લેવી કાયદાથી વીરૂદ્ધ નથી જો કે કલમ રપમાં તેમ કરવાની મનાઇ હોય એવું જણાય છે. પરંતુ કબેલામાં આવ્યું છે એમ લે, તેનો પોર કુરમ પોગ્ય થતો હોય તો એ થતો અટકાવવા કાયદામાં તાબડતોડ બદલો સુધારો થવો જોઇએ. પરંતુ બાસ કરી રીફ બરના ઘરબણીઓ નીરંકુશપણે ઉતરપીંડી ચલાવી રહ્યા જણાય છે અને જો બાકુ તેને કાયદાની રૂએ પોતાના હકોની બબર નથી તેઓને ઉઠાવી રહ્યા છે. બકુતોએ તકલીફમાં હોય તો પોતાની રબાનીક રેન્ટ બોર્ડોની સલાહ લેવી જોઇએ. કાયદાના પોગ્ય અમલનો આધાર રેન્ટ બોર્ડોપર અને ઈન્સ્પેકટરો પર રહેલો છે. તેનો અમલ બેપરબાઇથી થતો હોય તો કાયદાનો હેતુ બેકાક ઉઠાવી શકાય છે. નવા કાયદાના અમલપર બરોબર નજર રાખવામાં આવશે જોઇએ અને જો કોઇ પણ બામી જણાય તે દુર કરવાના પાર્લા મેન્ટે તાબડતોડ પગલાં લેવા જોઇએ. કાયદાએ ઘરબણીઓને રક્ષણ બાપવું જોઇએ–પણને લાગે છે કે તેઓના ઉપર બોટી રીતે દાબ મુકવામાં આવે છે–પરંતુ તે સાથે બાકુતને પણ બોટું જ રક્ષણ બાંબવાનો અધિકાર છે. રેન્ટ બોર્ડની ફરજ ઘરબણી અને બાકુત વચ્ચે ન્યાય તોળવામાં સમતોલ રાખવાની છે અને તેમ કરવાને બન્ને પક્ષ તરફથી સહકાર મળ જોઇએ.

ભારતવર્ષના પ્રથમ પ્રમુખ

(બાબુભાઈ બાવીંદ્ર પટેલ, લીચીંસ્ટન)

પ્રજાસત્તાક ભારતના પ્રથમ રાષ્ટ્ર પ્રમુખ ડો. રાજેન્દ્રપ્રસાદને ચુંટવા માં બારતે પોતાનેજ નહીં પણ પોતા ના પુર્વજોના કીર્તી મંદીર પર બેક સુવર્ણ કળશ ચોપ્યો છે.

૧૯૧૭ માં બાપુ ચંપારણ્ય બબા ત્યારે એમને આ બમુબોલ રત્ન સાંપડ્યું. તે સમબથી બાજ દીન સુધી ની રાષ્ટ્રપતીની દેશ સેવા બબ્ય અને મહાન છે. ગાંધીવાદને પોતાના જીવનમાં બરાબર ઉતારનારામાના તેઓ બેક છે . સ્વ. પંડીત મોતીલાલ નેહરૂ એ એકવાર કહ્યું હતું કે, "રાજેન્દ્ર બાબુ ગાંધીજીના સૌ. બે સૌ ટકા સાચા ચેલા છે."

રાજેન્દ્રબાબુ સર્વ પ્રત્યે બાદરથી વર્તાવ કરે છે. બધામાં વીશ્વાસ મુકે છે. કોઇના પર બવિશ્વાસ રાખવાનું એમના સ્વભાવ વીરૂદ્ધ છે. એમનો બા દુનીબામાં કોઇ દુશ્મન નથી. તેઓએ કોઇને નુકસાન કર્યુ નથી. અને ગુસ્સો પણ કદી કરતા નથી. બધા એમને બણા માનની દ્રષ્ટીએ જોય છે. એમના પ્રાંતમાં એમના શબ્દોને કાયદા જેટલાજ મહત્વના માનવામાં આવે છે.

બાપુના સંપર્કમાં બાવ્યા પછી બણીજ ટુંકાણી વાળા વકીલાત છોડી એમણે બાપુની સાથે સત્યાગ્રહમાં ઝંપ લાવ્યું. તે સમબથી યોગીના જેવી સાદાઇ લીધી છે. બાશુમાં એમની સાદાઇ જોઇને અને બણીજ નવાઇ લાગી હતી. રાજેન્દ્ર બાબુની પીરતા, સમર્પણુચકતા, ધર્મ પરાબણતા, વીરતા, અને બુદ્ધિમતા, વગેરેના શા વખાબ કરવા !

જ્યારે જ્યારે દેશપર વિપત્તિ બાવી પડતી ત્યારે બધાની દ્રષ્ટી રાજેન્દ્રબાબુ પર ઠરતી. એમનો કામને ઘણું ગ્રિપ બણે છે. જ્યારે ડોકટર એમને સંપુર્ણ બારામ લેવાનું કહે ત્યારે પણ ટાવણી સ્ટને રાખી કાગળો લખાવેજ જતા.

૧૯૩૨ માં સત્યાગ્રહ પછીની દેશ બ્યાપી નીરાશાથી રાજકારણમાં બંધ કાર હતો. ૧૯૩૪–૩૫ નો એ વખત હતો. મુંબઇમાં કોંગ્રેસનું બધીવેશન ભરાવાનું હતું ત્યારે પ્રમુખ તરીકે રાજેન્દ્રબાબુની વરણી થઇ અને તેઓ બે દેશભરમાં પ્રવાસ કરી પ્રજામાં નવો પ્રાણ પુરયો. ૧૯૩૫ માં કોંગ્રેસનું પાર્લામેન્ટરી બોર્ડ રચાયું. તેનું પ્રમુખ પદ પણ રાજેન્દ્રબાબુને બાપવામાં બા બ્યું હતું. બંધારણ ઘડવાનો પ્રશ્ન બાવ્યો એ સમયે પણ એઓજ બંધારણના પ્રમુખ રહ્યાપા. એક વ નહીં પણ ચાર ચાર વાર રાષ્ટ્રપતી પદ એમને આપીને દેશે એમની કે બોની કદર કરી છે.

કોંગ્રેસની વિષમ વિચારીણી સમીક્ષા માં કોઇ બબુકેસ પ્રશ્ન હોય તો સભામાં કોઇ વાચાળ સભ્યની ગુંજે હોય ત્યારે રાજેન્દ્રબાબુ સર્વત્ર એ સરખી પીરતા અને શાંતીથી કામ લે છે.

બાંધીજી બબાજે દીલ્હીમાં શાંત રબાપવા બપવાસ પર ઉતર્યા હતા ત્યારે એઓ ચીંતાતુર બન્યા હતા અને બધી શરતોનું પાલન કરવા બાર્ત બાપતા પત્રો પર સહી કરી અને બપવાસ છોડાવવા માટે તે પત્ર લઇને ખુબજ બાતુરતાપુર્વક બાપુજી પાસે મોટરમાં દોડી ગયા હતા.

એમની સાથે વાતચીત કર્યા પછી બણી બ્યક્તીઓના માનસમાં ઉંચાર થઇ જતો અને બીજા પ્રત્યે પ્રેમ અને લાગણી દાખવતા થઇ જતા.

હાલમાં છેલ્લા બકોળારમાં તેઓ બમદાવાદ બબા અને તેઓ સાબરમતી બાશ્રમના બાપુના ઓરડામાં—હૃદય કુંજમાં—ગયા ત્યારે કુસકે કુસકે રડ્યા હતા.

નબળી શરીર પ્રકૃતી ને દમનો કાયમી બાધી છતાં કેવળ નિઃસ્વાર્થથી જન સેવામાં જોટલો હાલો બાપ્યો ■ એટલો દેશની કોઇ પણ બ્યક્તીએ હજી સુધી બાપ્યો નથી. ડો. રાજેન્દ્ર પ્રસાદ કમબા બતિ મહત્વનું સ્થાન સંભાળી રહ્યા છે એમની સેવાઓ અને દોરવણીની દેશને હજુ જરૂર છે. પ્રભુ એમને સંપુર્ણ બારોગ્યવાળું દીર્બાયુષ્ય બપે

બાપુના બોલ

મને બાપુના બોલ યાદ બાવતારે;
મારૂં જીવું રૂડે ને મુખ માય–મને,
મને પ્રાર્થનામાં બાપુ યાદ બવતારે;
મારૂં જીવન સહુના સમજાય–મને.
મને સત્યજે બાપુ યાદ બાવતારે;
મારૂં કર્મ જોવારે શુદ્ધ થાય–મને.
મને કીર્તનમાં બાપુ યાદ બાવતારે;
મારૂં મનડું ઉમંગે ઉભરાય–મને.

"ઉપાનહાર"

શાંતી માટે શાંતીનું માનસ હોવું જોઈએ

શ્રી. નેહરૂનો લંડનમાં વાયુવાર્તાલાપ

લંડનથી ૨૯મી જાન્યુઆરી તા. ૧૨ મીનટ વાયુવાર્તાલાપ કરતાં હીંદના વડા પ્રધાન શ્રી. જવાહરલાલ નેહરૂએ કહ્યું હતું કે, આપણે શાંતી ચાહતા હોઇએ તો આપણે શાંતીનું માનસ ઉભું કરવાનો પ્રયત્ન કરવો જોઇએ અને જેઓ આપણને વહેમની નજરે જોતા હોય અથવા તો જેઓ આપણે માનતા હોઇએ કે આપણા વિરોધી છે તેઓને પણ જીતવાનો પ્રયત્ન કરવો જોઇએ. બીજાઓ આપણને સમજે જેમ આપણે ઇચ્છીએ તેમ આપણે પણ બીજાઓને સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. યુદ્ધ અથવા ધમકીઓની ભાષાથી આપણે શાંતી સાધી નહિ શકીએ. હીંદ અને ઇંગ્લાંડ જેને માટે આજે ગર્વ લઇ શકે છે એ સુંદર દાખલો તમને સૌને યાદ હશેજ. દીર્ઘ કાળ સુધી સતત લડયા પછી આજે બન્નેએ અમારો સવાલ શાંતીનું માનસ ખોળી હાથ ધર્યો અને અમે તે ઘોડી શકયા એટલુંજ નહિ પરંતુ એક બીજા વચ્ચે કાયમની સમજુતી અને મૈત્રી સ્થાપી શકયા.

બીજા દેશો વચ્ચેના સંબંધમાં કટોકટી ઉભી થાય ત્યારે આ મહાન દાખલાનું આપણે સ્મરણ કરવું જોઇએ. આજ એક એ સવાલને હાથ ધરવાની સુધરેલી રીત છે જેથી પાછળથી કયી મેળવી રહેવા પામતી નથી. આજે દુનીયાના લાખો અને કરોડો મોકર રાખેલી મરણની સજા ભોગવી રહ્યા હોય એવી સ્થિતિમાં પડેલા છે. અને દિનપર દિન લોકોના મનમાં યુદ્ધના અનિવાર્યપણાનું વાતાવરણ છવાઇ ગયું છે.

નિરાધાર દશામાં આપણે એક બાજુ તરફ ખસી રહ્યા હોઇએ એનું જવાબ છે. જવાબદારીનું સ્થાન ધરાવનારા વધારેને વધારે લોકો વેર ઝેરની ભાષા વાપરી રહ્યા છે. મુરબ્બીપણાની વાતો કરે છે અને વર્તી રહ્યા છે એવી રીતે કે જાણે મુરબ્બીપણાનો અંત લાવવા માગતા હોય. શાંતીની વાતો કરે છે અને યુદ્ધ કરવાના હોય એમ વર્તે છે.

શું આપણે એટલા બધા નિરાધાર છીએ કે આજને માર્ગે થઇ રહેલો આ ખસારો અટકાવી શકતા નથી? મારી ખાત્રી છે કે આપણે તેને અટકાવી શકીએ કારણ પ્રત્યેક દેશમાં લોકોના વીશાળ સમુહ શાંતી માગે છે તો પછી જેઓના ઉપર તેઓનો અંકુશ નથી એવાં બળો વડે તેઓની ઇચ્છા વીરૂદ્ધ તેઓને ઉલટે માર્ગે શા સારૂ પકડી જવામાં આવી રહ્યા છે? રાજદ્વારીઓ અને મુત્સદ્દિઓ રાજ પ્રકરણના સિદ્ધાંતથી સંભાળપુર્વક ગોલ્ડબ્રેઇલ રીતે શાંતીને માટે પ્રયત્નો કરે છે. ઉલ્લા દસ દિવસ દરમીયાન કોમનવેલ્થના વડા પ્રધાનો જગતની શાંતીના આ સવાલનો ઊકેલ લાવવા માટે રજા હતા. તેઓ સૌ એકેશ્વર શાંતી ઇચ્છી રહ્યા છે. હું ઉલેખ રાખું છું કે આપણા પડોશીઓ ખરાબ પરિણામ લાવવામાં મદદરૂપ થશે. પરંતુ માત્ર રીત ગેરવ્યા કરતાં કંઇક વિશેષની જરૂર છે. શાંતીને માટે તલપ અને આંતરરાષ્ટ્રિય વ્યવહારમાં સુધરેલાં વર્તનની જરૂર છે.

આ શાંતીનું માનસ પેદા કરવા માટે મારૂં મન તેમજ તમારા સૌનું મન વળવા પ્રયત્ન કરું છું. આપણે એક આંતરરાષ્ટ્રિય કટોકટીની સન્મુખ આવી રહ્યા છીએ. જે કટોકટીની સન્મુખ આપણે આવી રહ્યા છીએ એજ મનુષ્યની અંદર બધ રહી છે.

જોઇએ કે જે ભલે પણ અનિષ્ટજ હોય. અનિષ્ટનો સામનો કરવામાં પણ આપણે હમેશાં શાંતીનું માનસ ટકાવી રાખવું જોઇએ.

એશીયામાં બની રહેલા બનાવો

એશીયામાં બની રહેલા બનાવો વિષે બોલતાં શ્રી. નેહરૂએ જણાવ્યું : 'એશીયામાં ઘણા ફેરફારો થયા છે. સંસ્થાનિક દરજ્જામાંથી તે બહાર આવતું જાય છે. દુનીયાના બળોપર તેની અનિવાર્ય અસર થવીજ જોઇએ એશીયા મુળે શાંતીપ્રિય છે. પરંતુ તેણે પ્રાપ્ત કરેલી નવી આઝાદીને વિષે તે ગર્વ ધરાવે છે અને તેને વિષે જાગ્રત છે. પોતાના ઉત્સાહમાં થી અને હિંસકોઓથી જોયું જોઇએ કેમકે યુરોપ, અમેરીકા અને એશીયા તેમજ દુનીયાના અન્ય ભાગોએ અરસ પરસ સમજુતીથી રહેવું અત્યંત અગત્ય નું છે. તેમ લાખો લોકો એઓ આફ્રીકામાં તેમજ અન્ય સ્થળોએ હજુ સંસ્થાનીક શાહીવાદ હેઠળ છે તેઓને આપણે ભુલી જવા નહિ જોઇએ. ભુતકાળના વખતની જેમ બાજા ઉપચારો કામ નહિ આવે. નવી સમજુતી અને નવી રીતની જરૂર છે અને જો તે અખત્યાર કરવામાં આવશે તો મારી ખાત્રી છે કે એશીયા મીત્ર ભાવે તેનો પ્રત્યુત્તર વાળશે.

એશીયામાં મહાન રાષ્ટ્રો સર્જન થયાં છે. ભુતકાળની લાંબી સ્મૃતિઓ તેઓ ભુલી ગયા નથી. ઉનાજવળ ભાવિ તરફ તેઓ પીઠ માંડી રહ્યા છે. હીંદ, પાકીસ્તાન, બર્મા, સીલોન અને ઇન્ડોનેસીયાએ હમણાજ પોતાની આઝાદી પ્રાપ્ત કરી છે. ચીને નવું સ્વરૂપ પકડયું છે. એ સ્વરૂપ આપણને ગમે યા નહિ છતાં એટલું તો આપણે સ્વિકારવુંજ ઘટે છે કે એક મહાન રાષ્ટ્રએ પુનર્જન્મ લીધો છે અને પોતાની શકતીનું ભાન ધરાવી રહ્યું છે. પોતાની નવી શકતી થી ચીન કેટલીક વાર જે રીતે વર્ત્યું છે તેનું મને અત્યંત દુઃખ થાય છે.

પરંતુ આપણે યાદ રાખવું જોઇએ કે એશીયાના અન્ય દેશોની જેમ ચીન નો પણ ભુતકાળ નીરાશાભર્યો છે. શાહીવાદી સત્તાઓએ તેઓના પર જુલમ ગુજારેલો છે, તેની સાથે સમાનતાથી વર્તેલી નથી. લાખો અને કરોડો લોકોની લાગણીઓની અવગણ ના કરવી એજ એ વ્યવહાર નથી. તેમ કરવું સહીસલામત નથી.

હીંદમાં અમે એ હકીકત વર્ષોથી ચીન સાથે મૈત્રી જોગવીએ છીએ. અમારે મતભેદો છે. અને નજીવી તકરારો પણ કરીએ. છીએ પરંતુ અમારો ભુતકાળ અને ભુતકાળનું ઇતીહાસ યાદ કરી અમે એક બીજાને સમજતા થઇએ છીએ. આ મહાન પડોશી સાથે અમે મીત્રતાભર્યો સંબંધ ટકાવી રાખવાનો પ્રયત્ન કરી એ છીએ કેમકે એશીયાની શાંતીનો આધાર એ સંબંધપર રહેલો છે.

આજનો તાત્કાલિક સવાલ દુર પ્રર્વનો છે. તેનો સંતોષકારક ઉકેલ નહિ આવે તો યુરોપમાં અને આપણી દુનીયામાં તોફાન જાગશે. અને યુદ્ધ જાગશે તેટલું સુંદર આર્થીકજ નહિ પરંતુ સંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રગતી કરી રહેલાં યુરોપને સૌથી વિશેષ સહન કરવું પડશે. આપણે આ દુરપ્રર્વના સવાલનો ઉકેલ લાવવા આપણે દ્રઢતાથી મહેનત કરવી જોઇએ. શાંતીનું માનસ કેળવીનેજ અને મૈત્રી બીજ આપણે તેમ કરી શકીશું.

હીંદુ–મુસ્લીમ ઐકય

'શું આપણે ખાતરીપુર્વક કહી શકીશું કે હીંદુઓ મુસલમાનો કરતાં અધુકપણે વધારે પ્રમાણદાર, ન્યાયી અને ઉદાર હૃદયના છે? ઉલટાનું મને તો એમ લાગે છે કે જુદા જુદા દરજ્જાના અને જુદા જુદા ભાગમાં થી આવે તે હીંદુઓ અને મુસલમાનોને એકસરખી સંખ્યામાં મુકવામાં આવે તો દયાળુ, ઉદાર અને વીશ્વાસપાત્ર મુસલમાનોની સંખ્યા હીંદુઓ કરતાં ઓછી ન નીકળે. વળી, મુસલમાનોમાં નાતોના ઉંચનીચના વાડા ન હોવાથી એક ભલો હીંદુ જેટલા ઉદાર હૃદયથી વર્તી શકે, તેથી મુસલમાન ઘણી વાર વધારે ઉદારતાથી વર્તે. આપણું કમનશીબ આ વાત સમજવા અને નીખાલસપણે સ્વીકારવામાં છે. જે પળે આપણે મુસલમાનો પ્રત્યેનું આપણું વલણ બદલીશું અને જેમ તેમના દોષો જોઇએ તેમ ગુણો પણ જોવા માંડીશું તે પળે આપણને માલુમ પડશે કે સહવર્તનનો એક પ્રામાણીકપણે પ્રયાસ કરનાર હીંદુ જેટલો ઉદાર જવાબ વાળી શકશે. તેના કરતાં મુસલમાન તેથી વધારે ઉદાર જવાબ વાળી શકશે. નાતજાત, જાતમાં જાત, વાડા, ગોળ, બાબુવહેવાર, બેટીવહેવાર વગેરે મુખ્યત્વે હીંદુ સમાજની ખાસીયત છે. ધંધો આપણી ભાષા, પોશાક, ખોરાક (શાકાહારની અંદર પણ) વગેરેમાં જેટલા ભેદ જેટલા જુદા વાડા પાડવામાં પાછી પાની કરી નથી .....'

'આ બાબતમાં એક વીચિત્ર વીરોધ છે. વીચારવાન અને સાચા ખુદાના મુસલમાન બકરો અને સુરીઓ મોટે ભાગે ઉદાર, મોટા દીલના અને ઉચ્ચ નૈતીક ચારીત્ર્યવાળા હોય છે, અને અસહીષ્ણુતાથી મુકત હોય છે; ધર્માંધતા અને સંકુચીત મનોદશા સાધારણ લોકોમાં અને તેમના અજ્ઞાન મોલવીઓ અને વીદ્વાન 'આપણવાળાઓ'માં હોય છે. પરંતુ હીંદુ ધર્મના અનુયાયીઓમાં—તે વેદધર્મી, જૈન, શીખ કે બીજા કોઇ પંથના હોય—ધર્માંધતા અને અસહીષ્ણુતા પોથીપંડીત અને રાજવેત્તાઓ જોવામાં આવે છે; અને સહીષ્ણુતા અને સદ્‌ભાવ એ આમપ્રજાના ગુણો છે.'

હીરાલાલ મરાઠવાળા ('હરિજનબંધુ'માંથી

શ્રી. નેહરૂએ કહ્યું : હું પેસીફીસ્ટ નથી અને દુનીયાએ આજે દુનીયાને બળ વિના ચાલે તેમ નથી. આપણે પોતાનો બચાવ કરવાનો છે અને બીજા હુમલાઓને માટે તૈયારી રાખવાની છે. કોઇ પણ આક્રમણ કે જેવા અનિષ્ટને માટે આપણે તૈયાર રહેવાનું છે. અનિષ્ટને નમવું ખરાબ છે પરંતુ અનિષ્ટનો સામનો કરવામાં આપણે આપણી લાગણીઓ અને બધથી દોરાઇ જઇ એવી રીતે વર્તવું નહિ તે કોઇક વખત ભુલ પણ કરી નાખે. તેણે પોતાના વિશાળ સવાલોનો ઉકેલ લાવવાનો ■ અને દુનીયાના અન્ય ભાગો સાથે શાંતીથી રહેવા ઇચ્છે છે પરંતુ સંસ્થાનીક શાહીવાદ અમર તેની ધમકી પણ સહી લેવા તે તૈયાર નથી. પોતાનો નવો દરજ્જો દુનીયાએ સ્વિકાર વોજ જોઇએ એવી તે માગણી કરી રહ્યું છે.

એશીયામાં બની રહેલા આ ઐતિહાસીક ફેરફારો તરફ તમારે સમજુતી

ધમકાઓથી નહિ. ધમકાઓથી કામ લેવાનો યુગ હવે વીતી ગયો છે. આપણા યુગના આ સવાલોને સુધરેલી રીતે કામ કરવામાં પતિપદાનો સવાલ આપણી આડે આવવા દેવો નહિ જોઇએ.

આઝાદ ભારતમાં બેનોની જવાબદારી

કાશીનાથ ત્રિવેદી

[લેખકનો આ લેખ "કસ્તુરબા દર્શન" બીજી બીમારીપરથી ઉઠ્યા ને અમે આપ્યો છે. આમાં લેખકે બેનોને જે ઉપદેશ આપ્યો છે તે આ પહેલે અહીં પણ લાગુ પડે છે. આઝાદીમાં બેનોએ હવે આગળ આવવું જોઇએ અને તેમને જે પુરુષોનો સમાન દરજ્જો આપ્યો છે તેને શોભાવવા લાયક બનવું જોઇએ.—અ. ઇ. ઓ.]

૮૯ વર્ષ બંધારણ અનુસાર બીજાને પુરુષ સમોવડપણું રયાન મળ્યું છે. મને યાદ છે કે દેશની શક્તિ અને પ્રભાવને કોણ વધારશે? બીજો કોઇ પુરુષ? જવાબ એકજ છે. આ દેશની બેનો. મારો દૃઢ વીશ્વાસ છે કે જે દીવસે આપણી આ પ્રાચીન પુણ્યભુમી ની માતાઓ અને બેનો સ્વતંત્ર ભારત ની નવી ફુરસદોને સમજી તે અનુસાર પોતાનાં જીવનમાં જરુરી ફેરફારો કરવા નો શુભ નીશ્ચય કરી લેશે અને તે અનુસાર પોતાનું જીવન જીવવા માંડશે તે દીવસથી પ્રજાસત્તાકને જીવન મળશે અને પ્રજાસત્તાક અમર બનશે. કારણ કે હજારો વર્ષના અનુભવો આપણને શીખવે છે કે આ દેશમાં ધર્મ-કર્મની ઉજ્જવલ પરંપરાને નષ્ટ ન થવા દેવાનું બધુ શ્રેય બેનોના ધર્મ-કર્મ પરાયણ જીવનને છે. ઘરમાં, સમાજમાં, રાજ માં, બધે તેઓ આ ધર્મની રક્ષક અને પહેરેગીર બની છે. એજ બેનોએ હવે એ સમજવાનું છે કે, કાલ સુધી નો મુલ્લામ ભારત દેશમાં તેઓનો જે ધર્મ હતો, તે આજના સ્વતંત્ર ભારત માં તે તેજ રીતે બની નથી રહી શકતો. ધર્મ કોઈ જડ વસ્તુ નથી. જે સદા પરીવર્તન માગે છે અને પામ્યા કરશે માણસ પોતાના જીવન માં પણ હજારો ધર્મ પરીવર્તન કરતો જ રહ્યો છે. બાળપણનો ધર્મ જુદો, પ્રૌઢ અવસ્થાનો જુદો, અને વૃદ્ધાવસ્થાનો જુદો. તેમજ રીતે જે ગુલામી અવસ્થામાં ધર્મરૂપે નભી રહ્યું તે આઝાદીના જમાનામાં ધર્મ ન કહી શકાય અને ન તેને નભાવી શકાય. નવા જમાનાના નવા ધર્મો હોય જ અને તેને સ્વીકારીને જીવન વીતાવવામાં જ ડહાપણ છે.

આઝાદ દેશની બેનોએ ઘરમાં, સમાજમાં અને જીવનમાં આઝાદી લાવવાની છે. પોતાની શક્તિ, અને પ્રતીભાના જોરથી તે પુરુષ સમોવડી થઇ રાજનીતીના ક્ષેત્રમાં આગળ આવે પણ જોઇ સકે છે તેજ કે પ્રથમથી પુરુષોની જગ્યામાં ફસાઇને પાછી ઓ પુરુષની શીકાર ન બની રહ્યા. આની બેનોએ પુરા જાગરૂકતા રાખવી પડશે.

દેશના આ ક્રાંતીકારીક વખતમાં નવી આઝાદીને ઉજ્વળ બનાવવા બેનોએ હાથો આપવાનો છે. સમાજ માં ઉંડી જડ પાડેલી નીરક્ષરતા, નિર્બળતા અને નીરસતાને ઉખેડી નાખવાની છે. આજે સુવર્ણ અવસર પ્રાપ્ત થયો છે. પુરુષ કરે ને ભારત ની બેનો સ્વતંત્રતાના યુગમાં પોતાને ઓળખતી થાય અને પોતાનું કાર્યક્ષેત્ર ઉજ્જવળ કરે.

સ્વર્ગસ્થ ઠક્કરબાપાની ટુંક જીવનરેખા

શ્રી. અમૃતલાલ વી. ઠક્કર (જેઓ ને હીંદ ઠક્કર બાપા તરીકે ઓળખે છે અને સંબોધે છે) તેમનો જન્મ કાઠીયાવાડના ભાવનગર રાજ્ય માં ૧૮૬૯માં થયો હતો. તેમણે ભાવનગરમાં વીદ્યાભ્યાસ કરી પુનાની એનજીનીયરીંગ કોલેજમાં એનજીનીયર બન્યા હતા. કેટલાંક વર્ષ હીંદમાં અને પ્રસ્ટ આફ્રીકામાં સીવીલ એનજી નીયર તરીકે કામ કર્યું હતું. ૧૯૧૪ માં સ્વર્ગસ્થ માનનીય ગોખલેએ સ્થાપેલી સરવન્ટસ ઓફ ઇન્ડિઆ સોસાયટીમાં જોડાયા અને પછાત વર્ગો માં નીરક્ષરતા દુર કરવાનું કામ કર્યું. કેટલોક વખત સુધી તેઓ પંચ મહાલ પ્રદેશમાં ભીલ મેરોની વચ્ચે જઇ વસ્યા અને ભીલ સેવા મંડળ સ્થાપ્યું મહાત્મા ગાંધીજી સાથેય આફ્રીકાથી ૧૯૧૫ માં હીંદ ગયા તે અગાઉથી તેઓ અસ્પૃશ્યતા નીવારણનું કામ કરી રહ્યા હતા અને તેમના ઘરીજન કુટુમ્બ ગાંધીજીને આંગણે આવ્યું હતું જોને ગાંધીજીએ દેશના યુક્ત સનાતનીઓના આક્ષેપ અને તીરસ્કાર વચ્ચે અને કેટલાક ખુદ પોતાના કુટુમ્બીજનોના અને નજીકના સાથીઓના અણગમા વચ્ચે પોતાના કુટુમ્બમાં રયાન આપી તેની દીકરીને દત્તક લીધી હતી. ગાંધીજીની સત્ય નિષ્ઠાની જી. ઠક્કર બાપાપર ઉંડી છાપ પડી અને અસ્પૃશ્ય નીવારણના કામમાં તેઓ ગાંધીજી સાથે જોડાયા. તેઓ અખિલ ભારતીય હરિજન સેવક સંઘના જનરલ-સેક્રેટરી નીમાયા હતા અને પાછળથી તેના પ્રમુખ બની છેવટ સુધી એ પદ ભોગવ્યું હતું. તેમની પ્રવૃત્તિઓ મજુરોમાં પણ પહોંચી હતી અને ૧૯૨૦ માં જમશેદપુરમાં મજુરો ની સુખાકારીનું કાર્ય કર્યું હતું. ૧૯૨૬ માં પછાત વર્ગોના જીવનનો અભ્યાસ કરવા તેમણે ખાનદેશ, ઓરીસ્સા, આસામ વીગેરે રાજ્યોની મુસાફરી કરી હતી. ૧૯૩૭, ઓરીસ્સા અને પંચમહાલમાં તેમણે દુષ્કાળ નીવારણનું કામ કર્યું હતું અને ગુજરાત, સીંધ અને આસામમાં રેલ સંકટ નીવારણનું કામ કર્યું હતું. પછાત વર્ગોમાં સહકારી ધીરધારના કામમાં તેઓ ઉંડો રસ લઇ રહ્યા હતા, ભાવનગર અને પંચમાં પ્રજા મંડળની પરિષદોનું તેમણે પ્રમુખસ્થાન લીધું હતું નવેમ્બર ૧૯૩૨ થી જુલાઇ ૧૯૩૪ દરમીયાન ગાંધીજીની હરિજન યાત્રામાં તેઓએ ગાંધીજીના સેક્રેટરી તરીકે કામ કર્યું હતું. કસ્તુરબા સ્મારક નીધીની ૧૯૪૪ માં સ્થાપના થઇ એ વખતથી એ સંસ્થાના તેઓ જનરલ-સેક્રેટરી હતા. તેઓ બંધારણ સભાના સભ્ય હતા. શુક્રવાર તા. ૧૯ જાન્યુઆરી ના રોજ પોતાની જન્મભૂમી ભાવનગર માં તેમણે દેહ ત્યાગ કર્યો. હીંદને એક મહાન આત્માની ખોટ પડી છે.

પરચુરણ

—ચીનમાં ૧૯૧૮ ના ફ્લુને બૂકાવે બેનો ફ્લુનો રોગ દાદી નીકળ્યો છે. ૨૦ લાખ માણસો ફ્લુમાં પટકાયા છે. ચીનને એ ઉપદ્રવ સામે પગલાં લેવા માં અઢવાડીયાનો ૫ા. ૩૦ લાખનો ખર્ચ થાય છે. ફ્લુથી ૧૪૦૦ મરણ થયાં છે

—વ્યભૂતી બાળ ફીલ્મસ્ટાર શરતી ટેમ્પલ ફીલ્મમાં ઉતરવાનો ધંધો છોડયે, છે. તેને હવે પરણેલું જીવન ગાળવું છે. ચાર્લ્સ બ્લેક નામના એક શ્રીમંતના છોકરાને તે પરણી છે. તે ૧૮ વર્ષની હતી ત્યારે ૨૪ વર્ષના એક સારજન્ટને પરણી હતી. ચાર વર્ષ બાદ છુટાછેડા લીધા. તેનાથી તેને લીન્ડા નામની એક દીકરી છે. હાલી ટેમ્પલ પાસે ૧૦ લાખ ડોલર બેંકમાં છે.

—સ્વીટઝરલેન્ડ, ઓસ્ટ્રીયા અને ઇટલી ના એલ્પાઇન હાડેરામાં એટલો સખત બરફ પડયો છે કે ૧૨૭ માણસો ઓસ્ટ્રીયામાં, ૬૧ સ્વીટઝરલેન્ડમાં અને ૩૦ ઇટલીમાં દટાઇ મર્યા છે. આદલા તો બરફમાં આવેલા છે, બરફ માં નહિ આવેલાની સંખ્યા કોઇને ખબર નથી. ૩૦ વર્ષમાં આટલો બરફ કદી પડયો નથી.

—જનરલ લીયાકત અલીખાન કરાંચી પહોંચી ગયા છે. રીપોર્ટરોને તેમણે કહ્યું કે મને સંતોષ છે કે મારી મુલાકાત ફળદ્રુપ થઇ છે.

—શ્રી. નેહરુએ હીંદ પાછા ફરતાં કેરો માં જણાવ્યું હતું કે કોમ્યુનીસ્ટ ચીન સાથે સીધો વ્યવહાર કરવાથી કોરીયા ના સવાલનો નીવેડો આવી જશે એવો મને વીશ્વાસ છે. ચીનને બહોડવાથી નહિ આવી શકે.

—૩૦ વર્ષની વયનો હેન્ડ્રીક બોયા જે ૧૦ વર્ષથી આંધળો હતો તેણે અમેરીકા જઇ નવા ડોળા બનાવ્યા અને હવે તે દેખતો થયો છે. દેખતા કરનારી આંખોની બેંક. દુનીયામાં જેવી બેંક સંસ્થા છે, ત્યાંથી તેણે ડોળા મેળવ્યા હતા. ડોળા મરેલા માણસની આંખમાંથી તે મર્યા બાદ બેંક દલાઇ ની અંદર બાદલામાં આવે છે અને બેંકથી દોઢ દીવસની અંદર તે બીજા ની આંખમાં બેસી દેવાની જરુર પડે છે.

—સુઇનીમાં બેંક નવેા જવાળામુખી પર્વત માઉન્ટ લેમીંગટન ઝમા આવતા દીમાલા ફુવારાથી ઢંકાયેલો છે. ૪૦૦૦ નેટીવેા તેથી બીજા ગામેાના બાજર છે. બે ઉપરાંત બીજા પણ ઘવા મર્યા છે અને જખમી થઇ રહ્યા છે. ઓસ્ટ્રેલીયાની સરકાર બે લાખમાં વસે નારા લોકોને સારવાર અને અનાજના સાધનો મોકલી રહી છે.

—સ્વીટઝરલેન્ડના ખેડુતોએ એક પહાડના શીખરને "શાંતી શીખર" નામ આપ્યું છે.


કેન્દ્રીના આફ્રીકા :—
પાઇ થી. ૨—૦
ચણા થી. ૨—૦


તુવેર...થી. ૧—૩ રતલ | તુવેર ની દાળ નં ૨...૧/૧ રતલ | અળદ દાળ નં ૧....થી. ૨—૦ રતલ | કાળા અળદ.....થી ૧—૧૦ રતલ
ચોળા અળદ ૧/૮ રતલ | ચણાની દાળ થી. ૨—૩ " | અળદ દાળ નં ૨....થી. ૧—૧ રતલ | ચરોળી.....થી. ૨—૬ રતલ
મગ.....થી. ૧—૦ રતલ | વાલની દાળ....થી. ૨—૬ રતલ | ચણાનો જોટ (કાંકરી મગરનો) ૧/૧ | દુંગ.....થી. ૧—૧ રતલ
તુવેરની દાળ નં ૧ ૧/૩ " | અળદની દાળ...થી. ૨—૩ રતલ | બાજરો.....૪ પેની રતલ | રાઇ.....થી. ૨—૧ રતલ

એડ્રેસ : ૨૬૦ વિઠ્ઠલભાઇ પટેલ રોડ, ૮૨૫૫ ગેસ્ટ, ૮૨૫૫ ગેસ્ટ ૨.૪૮૮૪૫

પરશુ નરસીંહ એન્ડ કું. (પી) લીમીટેડ.
૬૨૫૫૫ની ૭૦ વર્ષની પુરાણી અને સુપ્રસિદ્ધ દુકાન.

ઘઉં.....થી. ૨—૬ રતલ
જવ.....થી ૩—૦ રતલ


"ગાંધી"
"અહિંસા" જીવનનો ઉપાય
સિદ્ધાંતી વિજય !



હિંદનો પત્ર

(અમારા ખાસ અખબારની તરફથી)

વડોદરા, જાન્યુઆરી તા. ૧૫, ૧૯૫૧.

નેપાળના સુધારાને આવકાર

નવી દિલ્હીના એક સંદેશો જણાવે છે કે વડા પ્રધાન શ્રી. જવાહરલાલ નેહરૂએ નેપાળના સુચોત બંધારણીય સુધારાઓને આવકાર્યો છે. વિદેશ ખાતાને મોકલેલા એક સંદેશામાં શ્રી. નેહરૂ જણાવે છે કે "નેપાળમાં થનારા ઐતિહાસ ફેરફારો અને સુધારા અંગેની જાહેરાતની જાણ થતાં અને આનંદ થયો છે. પોતાના બાવિ બંધારણનો નીર્ણય નેપાળની પ્રજાએ જ કરવાનો હતો. દરમ્યાનમાં વચગાળાની સરકારની સ્થાપના થશે અને નવા ફેરફારોમાં નેપાળના રાજા ફરી પાછા પોતાના યોગ્ય સ્થાને જશે. નેપાળની આઝાદીની લડતમાં જેઓ ઝઝુમ્યા છે અને જેમણે સહન કર્યું છે, તે તમામ, કોંગ્રેસની એકહથ્થુ સત્તાની જગ્યાએ લોકશાહી રાજ્યના બંધારણ માટેના ભવિષ્ય પ્રયાસોમાં પોતાનો સહકાર આપશે તેમજ તેઓ શક્ત ફેરફારોનો સંપૂર્ણ લાભ ઉઠાવશે, એવો મને દ્રઢવિશ્વાસ છે. ક્રાંતિ દ્વારા કરવામાં આવતા ફેરફારો માટેના પ્રયાસો ચંદ્રની દેવા જોઇએ. લાંબા-ટૂંકા પ્રયાસને શાંતીમય સહકાર અને પ્રગતિના બંધારણ તરફ પોતાના પ્રયાસો વાળી દેવા મારી વિનંતી છે. આવા પ્રયાસો જો તો ભવિષ્ય વર્ષવા માટે એક નક્કર પાયો છે, અને પાયાથી લોકશાહી સરકારની સ્થાપના માટેની ખાતરી છે. આ ફેરફારો સાથે જુની સત્તાધારી સરકારનો અંત આવે છે, અને નેપાળની પ્રજાની ઇચ્છા અનુસારના નવા સુધારાઓનો અમલ અલ્પાંત શાંતિમય સમયમાં મળે."

પખ્તુનિસ્તાન

ખાનના પ્રધાનના નેતૃત્વ તળે કામ કરતી આઝાદ પખ્તુનિસ્તાન સરકાર ની સ્થાપના કરવામાં આવી છે, એમ કલકત્તા આવેલા, પખ્તુનિસ્તાન માટે ની લડતના, નવા નેતાઓએ જણાવ્યું છે. આ સરકારનું વડું મથક બન્નુચિસ્તાનમાં આવેલ નક્કી કુમા ખાતે છે. અફઘાન અખબારોના બિનસરકારી પ્રતિનીધિમંડળ સાથે આ નેતાઓ હીંદ આવ્યા છે. તેમણે જણાવ્યું કે રાષ્ટ્રીય સભાની સ્થાપના પણ થઇ છે, અને હાલમા વાયવ્ય સરહદ પ્રાંતની સરકારે આશરે બાર હજાર પઠાણોને અટકાયતમાં રાખ્યા છે. દક્ષિણ પખ્તુનીસ્તાનની રાષ્ટ્રીય સભાએ કોમનવેલ્થના વડા પ્રધાનોની પરિષદને મધ્ય પુર્વ અને વીશ્વની શાંતી તથા સલામતીના હિત માટે પાકીસ્તાન ને પખ્તુનિસ્તાનમાં બ્રીનલોકશાહી પ્રવૃત્તિઓ કરવું અટકાવવા પોતાની વતનો ઉપયોગ કરવા વીનંતી કરી છે, એમ કાબુલ રેડીયોના સમાચાર પરથી જણાયું મળે છે.

હીંદ અને વિશ્વશાંતી

લંડનનો એક સંદેશો જણાવે છે કે ચીનના વડા પ્રધાન શ્રી. ચોઉ-એન-લાઇએ એવી આશા વ્યકત કરી છે કે, ભારતના વડા પ્રધાન શ્રી. જવાહરલાલ નેહરૂની લંડન ખાતેની હાલની મુલાકાત ને પરિણામે પ્રથમ એશીયામાં અને મધ્ય વીશ્વમાં શાંતી રથપાશે, એમ આજે અત્રે હીંદી પ્રેસ ટ્રસ્ટને જણાવ્યા મળ્યું છે. ચીની વડાપ્રધાને આ આશા ચેકોસ્લોવાકિયા ખાતેના ભારતના એલચી સરદાર કે. એમ. પાણીકર સમક્ષ વ્યકત કરી હતી.

સંયુકત રાષ્ટ્રસંઘની જનરલ એસેમ્બ્લીમાં હાજરી આપીને પાછા ફરતા હીંદના એક પ્રતિનિધિ શ્રી. બી. શિવરાવે મુંબઇમાં કહ્યું કે "આ વખતે જનરલ એસેમ્બ્લીના કામકાજ ઉપર પુર્વ એશીયામાં બનેલી કટોકટી નો ઓળા પડયો હતો. પણ પરીસ્થિતી ને વધુ બગડતી અટકાવવાનો પણ મોટે ભાગે હીંદના કાયમી પ્રતીનીધિ શ્રી. બી. એન. રાવને ફાળે જાય છે."

હિંદ અને સીક્કીમ

હીંદ અને સીક્કીમ વચ્ચેના કરાર વિષેની ખબર અગાઉના એક પત્રમાં આપવા આવી છે. સીક્કીમના મહારાજ કુમાર, જેઓ તેમના પીતા વતી રાજ્યનો રોજરોજનો કારભાર સંભાળે છે, તેમણે જણાવ્યું હતું કે "તીબેટમાં અમે તે બનાવો જોયા હોવા છતાં સીક્કીમ નીઃસંદેહ ભારત સાથે જ રહેશે. સીક્કીમે તાજેતરના મૈત્રીકરાર માં સહી કરીને આખરી નીર્ણય કર્યો છે, એટલે તેમાં ફરી જવાનો કે ફટોકટીના સમય વેળા ભારત સાથે દ્રોહ કરવાનો તેમનો ઇરાદો નથી." એક સહી પુર્વે ભારતને દાર્જીલીંગ સોંપવા માટે બહેલા તરીકે ઓળખાતા રૂા. ૨૨ હજારની સહાયમાં વધારો કરી ભારતે રૂપીઆ ત્રણ લાખ કરી આપ્યા છે. સીક્કીમે પણ ભારત અને તેની વચ્ચેના વ્યાપાર પરના દ્રોક પણ પ્રકારના કર કે જકાત નાબુદ કરવા માટેનો તેનો દાવો છોડી દીધો છે. મહારાજ કુમારે જાહેર કર્યું હતું કે, "સીક્કીમ સરકારે આ વર્ષના પહેલા ૭ મહિના દરમીયાન સવા લાખથી સહેજ વીશેષ વસતી અને ૭ હજાર મોરસ બારકના વીસ્તાર ધરાવતા તેમના રાજ્યમાં, સર્વત્ર રથાનીક વહીવટ ચલાવવા માટે ૫૦ થી ૬૦ ચુંટાયેલી પંચાયતો રચવા ધારે છે. રાજ્યની પાર્લામેન્ટ રચવા માટે ૧૫ થી ૨૦ સભ્યોની એક ચુંટાયેલી કાઉન્સ કે સભાની રચના કરવામાં આવશે." અત્યારે રાજ્યનો વહીવટ દીવાનને સોંપાયો છે જેઓ વડા પ્રધાન તરીકે કાર્ય કરે છે. ભારત સરકાર તરફથી જેમની સેવા ઉછીની અપાઇ છે તે આયોગના દીવાન શ્રી. જે. એચ. લાલે પોતાની સહકાર માટે સલાહકાર સમીતીની નીમણુંક કરી છે. સીક્કીમમાં ત્રણ ખાંસાની કાચી ધાતુના, ત્રણ મેકાઇટના અને બીજા લેતખંડના નાના જથ્થા છે. ત્રાંબાના જથ્થા ખોદી કાઢવાનું કામ ચલાવતી એક બ્રીટીશ કંપની ત્રણ વીસ્તારમાં બે ખોડી ગઇ હતી. ભારત સરકારે તાજેતરમાં તેની તપાસ હાથ ધરી હતી અને તેને ફરી ચલુ કરવાનું વીચારી રહેલા છે. ત્રણ લાખ રૂપીયા ની સહાય ઉપરાંત લગભગ ૭ લાખ રૂપીયાની કુલ વાર્ષિક આવક આવા સાહસને રાજ્યની પોતાની મુડીથી ઉભી કરવા પુરતી નથી.

હિંદ અને મીસર

મીસરની સરકારે એક પાછી ઠારા કાશ્મીરના પ્રશ્ન અંગે પોતાની 'સંપુર્ણ તટસ્થતા'ની જાહેરાત કરી છે, એમ અહીં મળતા ઇલાલ પરથી જાણવા મળે છે. પાછીમાં વધુમાં ઉમેરવામાં આવ્યું હતું કે મીસર, ભારત અને પાકીસ્તાન બંનેને સરખા મીત્રો લેખે છે. મીસરના એલચી શ્રી. આઝમ બે તરફથી કાશ્મીરના પ્રશ્ન અંગેના પાકીસ્તાનના વલણની તરફેણ કરતું પાકીસ્તાનમાં જે એક નીવેદન કરવા માં આવ્યું હતું, તેને અનુમોદીને ઉકત પાછી ઠારા પાઠવામાં આવી છે. દરમ્યાન શ્રી. આઝમ બેએ કાશ્મીરના પ્રશ્ન સંબંધમાં પકીસ્તાનના વલણને ટેકો આપતું કરાંચી ખાતે કોઇ નીવેદન કર્યાનો ઇનકાર કર્યો છે. એમ કેરો થી નવી દીલ્હીમાં મળતા ઇલાલ પરથી જાણવા મળે છે.

"મીસર આરબ રાજ્ય છે—અને નહિ કે મુસ્લીમ રાજ્ય—એવી અમારા પર છાપ પડી છે," એમ મીસર ગયેલા હીંદી અખબારી પ્રતીનાધિ મંડળના નેતા અને 'અમૃત બજાર પત્રિકા'ના તંત્રી શ્રી. તુષારકાંતિ ઘોષે મીસરના એક પખવાડીયાના પ્રવાસેથી પાછા ફર્યા બાદ મુંબઇમાં જણાવ્યું હતું. તેમણે કહ્યું :

"આપણે મીસરને ભારત કે પાકીસ્તાન પ્રત્યે વધુ લાગણી છે એવું તરત જુલ્યું છે. મીસર પ્રવાસ પછી પ્રતીનીધિમંડળને લાગે છે કે મીસર ભારતને પોતાના સા મીત્ર તરીકે ગણે છે અને ભારત પ મીસરને સહજપણે મીત્ર તરીકે ગણ હોવાનું તે માને છે. વળી મીસરવા ઓ મહાત્મા ગાંધીજી અને શ્રી. જવાહરલાલ નેહરૂ પ્રત્યે અત્યં આદરભાવ ધરાવે છે. અમે મીસરના વડા પ્રધાન નહાજપાશાને ખાત આપી છે કે મીસર પ્રત્યે બાકાતપંથ બનાવી રાખવાનું ભારત ચાલુ રાખશે અને બન્ને દેશો આર્થિક તેમજ રાજ કારી સહકાર સાધી વીશ્વશાંતી બળવત્ત બનતું કરી છુટશે એવી ભારતની ચેવના છે."

નેપાળના નવા સુધારા

નેપાળના રાજા શ્રી. ત્રિભુવને નવી દિલ્હીમાં અહાર પાડેલા એક નીવેદન માં નેપાળની પ્રજાને રાજ્યમાં કાયદો અને શાંતી જળવવા સહકાર તમામ કરી છુટવાની તેમજ સોમવારે ખટમંડુથી થયેલી જાહેરાતમાં સુધારાની દરખાસ્તો ને અમલી બનાવવા લેવાનારાં પગલાં અંગે સંપુર્ણ સહકાર આપવા અપીલ કરી છે. તેઓ વધુમાં જણાવે છે કે "૧૯૫૧ ના જાન્યુઆરીની ૮ મી અને સોમવારે ખટમંડુ ખાતેની મારી સરકારે બંધારણીય સુધારા અંગે કરેલી જાહેરાતને હું આવકારું છું. આપણી વહાલી અને પવિત્ર ભૂમીની સરકારની લોકશાહી ધોરણે પુનર્રચના માટે એ તો એક ઐતિહાસીક પગલું છે. આ ફેરફારોના સંપુર્ણ અમલ માટે હું મારી સમર્થામાં જ હું સત્વરાર જાહેરાત કરીશ. રાજ્યમાં કાયદો અને શાંતી જળવવા સહકાર તમામ કરવા તેમજ બંધારણીય સુધારાની દરખાસ્તોને અમલી બનાવવા લેવાનારાં પગલાં અંગે સંપુર્ણ સહકાર માટે હું પ્રજાને અપીલ કરું છું. જનતાના પ્રતીનીધિઓ જ્યાં સુધી જનતાનું એક માત્ર હિત ધ્યાનમાં રાખી તમામ પ્રકારની રચર્ષો અને દુશ્મનાવટને તીલાંજલી આપી સંપુર્ણ એકતા સાધી કામ કરશે નહિ ત્યાં સુધી રાજકારણી ફેરફારોથી જનતાને કશો લાભ થવાનો નથી. એટલે પરાપુર્વથી આપણને જે પ્રથાઓ અને સંસ્કૃતી વારસામાં મળી છે તેને જાળવી રાખવા હું તમામને અપીલ કરું છું તેમજ આપણી પવિત્ર ફરજ તરીકે રાજકારણી ફેરફારોનું કાર્ય શાંતી પુર્વક કાય ખરાબ જેવી મારી અભ્યર્થના છે. મારી ફરજ તરીકે તેમજ જનતાના કલ્યાણની દ્રષ્ટિએ હું તેમાં મારો ફાળો આપીશ."



કુદરતી ઉપચારો

(લેખક : મી. રોબર્ટ લોરેન્સ મેકકીબીન)

[૪૮ (એ) કમીશનર સ્ટ્રીટ, જોહાનીસબર્ગના મી. રોબર્ટ લોરેન્સ મેકકીબીનની કુદરતી ઉપચારોપરની લેખમાળાનો આ લેખ પ્રસિદ્ધ કરીએ છીએ. કુદરતી ઉપચારો સંબંધી વાંચકો કંઈ પણ પ્રશ્ન પુછવા અથવા સલાહ ઇચ્છતા હોય તો તેનો જવાબ મી. મેકકીબન આ પત્રદ્વારા આપશે.—અ.ઈ.ઓ.]

નાનાં બાળકને પોષણ કેમ આપવું

કેટલાક લોકો પોતાના બાળકોને કેટલા બરાબર ખોરાક ઉપર ઉછેરે છે એ બાબત અત્યંત શોચનીય છે. તેઓ નીચે પાસે જો આવો, થોડા કે મરવાં હોય તો એ જનવરોને પોષવાને સારા ખોરાકની જરૂર છે એ તેઓ સમજે છે અને એ રીતે તેઓને પુષ્ટિકારક ખોરાક આપે છે. પરંતુ એજ નીયમ તેઓ પોતાના બાળકોને લાગુ નથી પાડતા. તેને બદલે તેઓ અત્યંત અયોગ્ય અને અપુર્ણ ખોરાક આપે છે. પરિણામે બીચારાં બાળકો પાતળાં, નાજુક અને માંદલા રહે છે, દાંત બરાબર હોય છે, છાતી નબળી હોય છે, હાથ પગમાં જોર નથી હોતું અને શરીરનો બાંધો એવો હોય છે કે કંઈ પણ રોગનો સામનો કરી નથી શકતાં.

બાળકોને સફેદ ચોખા, પોરેજ, સફેદ રોટી, દુધ અને મીઠી રાક્ષસ, આપીને અને ખાવાના વખત વચ્ચે વચ્ચે સ્વીટો, બીસ્કીટ અને કેકો ખવાડી મોટી ભુલ કરે છે. આવી જાતનો કચરો ગમે તેવી આકર્ષક રીતે આપવામાં આવે પરંતુ તે ખોરાક નથી. તેમાં માત્ર કારબોહાઇડ્રેટ અથવા સ્ટાર્ચ હોય છે. જે પિત્ત કરે છે અને લોહીનું બ્લડ બનાવી દે છે. સુનો, ફોસફેટ, લોહ અને લોહી, માંસ અને હાડકાં બાંધવાને જરૂરી બીજું તત્વો તેમાં નથી હોતાં. વીટામીન્સ તો તેમાં બીલકુલ જ નથી હોતાં.

પોતાના બાળકોને ખરો ખોરાક આપવાની અગત્યની બાબતમાં મમ્મા બાપાઓની અજાણતા અત્યંત દુઃખદ છે. વીચાર કરતાં માલુમ પડે છે કે તેઓને વધારે સારું જાણવાની તક જ મળેલી નથી હોતી. દહાડામાં કંઈ આકાશમાંથી ઉતરી આવતું નથી તેમ ગાલ બુલાપરની દુકાનમાંથી બાટલી ઓમાં મળી શકતું નથી. કેટલાકને જે સાધારણ સમજ અથવા સ્વાભાવિક બુદ્ધિ હોય છે તે સત્ય વસ્તુ જનબુવાના, અયોગ્ય પરિશ્રમથી પ્રાપ્ત થયું હોય છે. અને ઘણી વખત પ્રજાનાં આરોગ્યનું ભોગે પૈસો પેદા કરવાની લાલસા ધરાવ નારા રથાપિત હીતો વાળાઓની દીકમત ભરી જાહેરખબરોથી સત્ય ઢંકાઇ જાય છે.

જે શોધે છે તેને અંતે મળે છે અને નીચેની બીના ત્રીસ વરસના અભ્યાસ ના પરિણામે બેાધવામાં આવી છે. તેમાં અપ થેલી સુચનાઓને જોઓ અનુ સરશે તેઓ ઉછરતાં બાળકનું અત્યંત બહું કરશે અને તે મોટો થાય ત્યારે તેના શરીરનો બાંધો મજબુત બનાવવા ને મજબુત પાયો રોપશે. અના માસે મારે આરપુર્વક જણાવવું જોઇએ કે સારો ખોરાક એજ દુનીયામાં સારા માં સારી દવા છે. મુર્ખ લોકો બાળક ને બદલે ખોરાક, જેની તેને સૌથી પ્રથમ જરૂર હોય છે, તે પુરો પાડવા ને બદલે દાકતરો અને દવાઓપર પૈસો બરબાદ કરે છે એવા ઘણા લોકોને દુઃ મળું છું કે જેઓ ખોરાકની જગ્યા એ દવા આપવામાંજ માને છે. એટલાંજ બુદ્ધિ અને પૈસાનો ઉપયોગ જો તેઓ ખોરાકની બાબતપર કરે તો તેઓને પણો જ વધારે લાભ થાય.

સારો, પુષ્ટિકારક, તાજો ખોરાક એજ સારામાં સારું દોનીક છે અને દુનીયામાં સૌથી સારામાં સારો દાકતર છે. જેના માં બુદ્ધિ છે અને કલ્પના શક્તિ છે તે તેને રસોક અને કુશોકર બનાવી શકે છે. બાળકોના સંબંધમાં સ્વરૂપ ની કિંમત કંઈ ઓછી નથી. આ બાબતમાં નીરામિષાહાર અને બાસ કરી કાચાં શાક ભાજીના સેલેડોમાં, ઘણોજ ફાયદો રહેલો છે. કાચાં ગાજર અને બીટરૂટ અને બીજાં શાકો, ઝીણી સમારેલી કોબી, લેટીસ અને બાજીના મુદર આકર્ષક રંગબેરંગી રૂચીકર જાતિનો પાકી શકાય છે. એવો સુંદર ખોરાક કુશોકર થયા ઉપરાંત પાચન શક્તિનો પમ્પ સદરકપ થઇ પડે છે વ્યવહાર સુચનાઓના સંબંધમાં નીચે ના બીના બરચરબ્રેનરના આધાર પરના બનાવેલા પુસ્તકોપરથી આપવામાં આવી છે.

એકથી બે વર્ષના બાળક માટે

સવારે ૬ ને ૮ ની વચ્ચે:

એક પાકું કેળ ઝીણું સમારીને (જેવું કે, બનારૂપ, પેરી, પીચીસ, એપલ) અથવા એક નાની વાટકી ભરી ને ઝીણાં ફળોના બાળાં ફળ, જેવાં કે મલબેરીઝ, સ્ટ્રોબેરીઝ, રાસ્પ્સ. ઓરીન્જ) નો છુંદો અથવા પાકા પપૈયાની એક ચાકી. અને તે સાથે એક પ્યાલો સારું તાજું દુધ—બકરી અથવા ગધેડીનું હોય તો વધારે સારું અને એક સ્લાઇસ બુલીની રોટી.

દુધમાં બનતાં સુધી એક કે બે ટીસ્પુન ઘીબુનો રસ નાખવો સારો, જેથી તે પચવામાં સહેલું થઇ પડે છે.

૧૧ ને ૧ ની વચ્ચે:

બાફેલું શાક (બનાવવાની રીત માટે નીચે જુઓ)

૩ અને ૪ ની વચ્ચે:

કાચાં બમણેલાં શાક તેમાં લીંબુનો રસ, તેલ, ઘી અથવા ક્રીમ નાખીને (બનાવવાની રીત માટે નીચે જુઓ.)

સાંજના ૬ અને ૭ ની વચ્ચે

કુળ અને ઓટસનું મીશ્રણ (બનાવ વાની રીત નીચે જુઓ) અને એક સ્લાઇસ બુલીની રોટી.

બે અને તેથી વધુ વર્ષનાં બાળકો માટે

સવારે ૬ અને ૮ ની વચ્ચે

Maulana Abul Kalam Azad, Education Minister of India, pleaded in New Delhi for the preservation of the cultural heritage of India representing the "fusion of different cultural Creeds of different periods into one composite cultural fabric." Inaugurating the Sapru Academy Maulana Azad said that Indian culture should not be interpreted as consisting [of two or three different cultures opposed to or different from each other in form or content. The Sapru Academy has been started at the initiative of the Nawab of Pataudi to propagate the composite qualities of Indian culture and to develop Urdu literature. The academy has been named after the Late Tej Bahadur Sapru, as its organisers feel that Sir Tej's life was a living embodiment of whatever is great and good in Indian culture. Maulana Azad referred to the President's remark made in his recent address to the graduates of Delhi University that there were two cultures in India. Ancient Hindu culture and Arab culture. Maulana Azad maintained that there was no Arabic culture in India. In fact it had never existed. Indian culture had not been influenced by Arabic culture at all except for a very brief period in the 8th century in Sind. By far the largest outside influence on Indian culture was that of Persian culture. But even here, the influence did not exist as a separate entity but was assimilated in the general stream of Indian culture. Indian culture therefore was a fusion of its three phases, ancient, medieval and modern.

NEW MYSTERY COMIC SERIAL

LESLEY SHANE



INFRA, all rights reserved

To be continued

NATURE CURE GUIDANCE

By Robert Lawrence McKibbin

(Corporate Member Of The Institute Of Natural Therapeutics And Hypnosis (S.A.)

[The following is of a series of articles on Nature Cure, written by Mr. Robert Lawrence McKibbin, 40 (a), Commissioner Street, Johannesburg. Mr. McKibbin will be pleased to answer through these columns any questions the reader may wish to ask.—Ed. I.O.]

DON'T POISON YOURSELF!

IN this age of chemical refinement and synthesis, many substances that are brought into daily use in the home are capable of doing great harm. In previous articles I have shown the dangers of aluminium and other commonly used substances such as ginger, chillies and white sugar. Here I propose to deal with a number of other substances usually regarded as quite harmless by the vast majority of people.

Salt

Common table salt is an essential for the maintenance of bodily health, especially in the case of vegetarians. Common table salt is the result of the combination of two chemical elements, sodium and Chlorine. The chlorine forms the chief source of the Hydrochloric Acid that is the main digestive juice produced by the stomach. And the sodium helps to maintain the alkaline reserve of the blood, so necessary for health.

Wild animals and primitive people who live mainly on a vegetarian diet value salt very highly indeed. It is absolutely essential to their health and any lack of salt sets up a terrible craving that demands satisfaction. The scientific explanation is that plants contain large quantities of potash. This potash displaces sodium in the blood, and so a sodium shortage is created. This shortage can only be overcome by taking frequent small amounts of salt.

Please note carefully—**Small Amounts** of salt. When more than small amounts of salt are taken, serious harm is done. Salt attracts water, and excessive amounts either draw too much water into the tissues, thereby causing dropsical conditions, or draw the water out of the tissues to cause excessive thinness and dryness.

I once knew a married couple whose combined weight was well over 600lbs. They strewed their food with salt like snow. In between meals they drank enormous quantities of water. This, of course, all went into the tissues and caused the appearance of gross and excessive fatness. Both were normal people when they married, but they developed this habit of taking excessive salt, with the aforesaid results.

Other victims of salt-poisoning whom I know are exceedingly thin, especially about the neck and upper part of the body. Generally speaking, they have miserable dispositions too—"sad and glad of it," as the saying goes, or snappy and spiteful.

Because salt draws water, it causes constipation. The water is drawn out of the bowel contents, making them dry and crumbling and hard to expel. Sometimes the bowels get so affected that a chronic watery diarrhoea develops, with great burning of the anus.

Too much salt has a most damaging effect on the skin, making it dry and full of innumerable tiny wrinkles, or else greasy and dirty-looking. Salt also causes cataract, because the eyes are simply specially developed skin-cells. As a matter of fact, there are places in the world where young horses develop cataract of the eyes if they are raised on pastures that become salty from being covered regularly by sea water.

I could list a great number of other complaints caused by taking too much salt. It is sufficient to point out that the great scourge of sailors in former days was scurvy, and the chief cause of scurvy was the fact that people had to live for long periods on salt food. Today, many people suffer from a mild form of scurvy without knowing it, and the chief cause is the excessive salt they take with their food.

Incidentally, I have never seen a victim of alcoholism who was not over-fond of salt, strewing it thickly over everything eaten. This was well-known to the liquor-sellers of former years, who always provided all kinds of very salty snacks for their customers, to stimulate their cravings for more strong drink.

The best form of salt for human consumption is sea-salt, like that prepared by Mahatma Gandhi when he defied the salt monopoly in India. And even of this less than half a teaspoonful per day is more than enough for an adult to take in all his food. Next to such salt is the crude stuff obtained from salt pans. The worst form is the specially doctored stuff, refined and made free-running for highly civilized palates. Such salt has had certain iodine compounds added to it, in the mistaken notion that this will prevent goitre. Unfortunately, iodine in this form can cause goitre as well as curing it—but only a Homoeopath knows why.

Iodine

Almost every household has a bottle of iodine handy for applying to cuts and injuries. A far safer and better substance is tincture of Calendula. As a matter of fact, when iodine is applied to cuts and wounds in the tropics, it often causes the flesh to rot and turn into horrible sores. But I have used tincture of Calendula on many people in Tanganyika with outstanding success.

A great danger of iodine and its compounds is that it is very readily absorbed into the system, even through the skin. In the body it has a profound effect on glands and mucous membranes as well as nerves.

The diseased condition known as goitre consists in excessive development of the thyroid gland, often due to lack of minute traces of iodine in the food. Homoeopathic doses of iodine will cure this condition. But any larger amounts of iodine can also cause goitre by changing latent hyperthyroidism into an active form.

It would be interesting to know how many cases of glandular fever, hay-fever and even tuberculosis are due to too much iodine, either in the form of iodides added to table-salt, or from applying tincture of iodine frequently to cuts and injuries. It is significant that Homoeopaths cure many cases of these complaints with the appropriate homoeopathic preparations of iodine compounds in extremely minute dose.

Very very small amounts of iodine are essential in our diet. But this should be supplied in the organic form, that is, through plant life rich in iodine. The best source of all is seaweed, such as edible kelp, carrageen and Irish-moss. Scotch-kale also has fair amounts and so do potato-peels. For this reason, potatoes should never be peeled, but eaten peel and all.

(To be Continued)

COLONIAL YOUTH DAY

THE following Press statement on Colonial Youth Day has been issued by the African National Congress Youth League (Tvl), the Transvaal Indian Youth Congress and the Students Liberal Association (Wits. University):

The 21st February is to be observed throughout the World as Colonial Youth Day. On this day all democratic youth of all races and colour will pledge their solidarity with the youth of all colonial and oppressed countries. In our struggle against oppression in this country we must draw inspiration from the heroic exploits of the youths of other lands. The you people of China, the youth of Malaya, Indo-China, Vietnam, Korea, the Gold Coast and Nigeria have set us an example in heroism which it must be our resolve to emulate. Our hearts as South African youth of all races must go out to remember the youth of war-torn Germany, the thousands of youthful lives that have either been untimely terminated or severely mutilated in Spain and the rest of the European Continent. Let us therefore make a dedication of our own lives who are in jail for the cause of freedom to membering the youth of Egypt, Gold Coast, Nigeria, India and in our own country, our brothers and sisters who suffer daily under the iron heel of Nationalist Oppression. Let it be our resolve as young people in South Africa that we shall not be isolated from the general democratic world movement, but that we shall as true democrats fight oppression of whatever colour and at whatever cost until the democratic ideal prevails. Our call to the youth of our country is to demonstrate their solidarity with the rest of the democratic world by attending a Mass Rally at the Trades Hall, on Wednesday, 21st February, 1951 at 7. p.m.

OUR INDIA LETTER

(FROM OUR OWN CORRESPONDENT)

Baroda, February 3.

CONGRESS CONSTITUTION

AT the meeting of the All India Congress Committee, held last week at Ahmedabad, the new draft constitution prepared by the Congress Working Committee was adopted. Speaking on the clause fixing the Congress membership fee at one rupee, to which amendments were proposed by some members Shri Nehru spoke passionately on the pursuance of the Congress ideals as apart from outward observances. Referring to what he described as "the narrow approach to Congress affairs made by certain speakers, Shri Nehru said that Congressmen seemed to have forgotten what the Congress stood for. "The Congress is not the exclusive preserve of any people. It is not a static organisation. It is not a house where Congressmen or their close friends alone can sit and gather. I will tell you what the Congress is. The Congress is a weapon, it is a sword with a sharp blade with which we have fought and cut asunder all that bound us. It is very much a live thing, not something static. Congressmen today have to remember that it is with this Congress, this sword, that we have to fight other battles and take the country forward. So let not the blade of the sword be blunted. All my life I have cherished this principle of the Congress and if any Congressman dare say that it can be dispensed with, I will face him and fight it out," he added. I declare here and now that if even by a single hair's breadth, it is sought at any time to deviate from this principle of communal unity, it becomes my duty and yours to fight this tendency."

Plea For Unity

The main resolution of the A.I.C.C. was the one which pleaded for unity among Congressmen, moved by Shri Nehru and seconded by Maulana Azad. Shri Nehru said: "The moment I am thinking of this great organisation of which all of us have been proud, I have been seeing some kind of inner rot setting in. There are many fine men in this organisation and, when I look around here, I find old comrades who have been old war horses in the struggle for freedom. My mind rejoices that so many are with us still. But some kind of blight has seized our organisation."

"Take the food problem," said the Prime Minister, "We do our best and we shall do our best to get more and more food from outside. But the sooner it is realised that there is no hope for us except self-reliance the better. I am not an isolationist! I think it will be a tragedy for India to be cut off from the rest of the world. But from the point of view of stark reality, I tell you it is a dangerous thing for us to look abroad all the time for help of any kind, whether it is food, whether it is money, whether it is machinery or anything else. I am prepared to get all these things from abroad. I am prepared to get food as much as possible. I must get machinery from abroad if I do not make it. I am prepared to take money too on honourable terms. Not that I object to that, but to think that that is the only way to get things is a fatal error. Therefore, we have to be alive to our task. We have to see how we are going to get over those difficulties and think hard about our plans and programmes.

"You argue a great deal and get excited about controls and the rest," he added. "It is a subject on which one can very well understand two or three or four points of view, though personally speaking, if a person tells me we want no controls anywhere, I think he is absolutely and completely wrong. But I can understand limitation on controls, controls on this and not on that. That is a matter to be considered in detail according to the circumstances. But there is a tremendous shortage of essentials. I just cannot conceive how any country or Government can take the dangerous risk of removing all controls and possibly having widespread starvation and tremendous misery for vast numbers of people."

To Congressmen

One main reason, said Maulana Azad, who seconded the resolution, why such a state of affairs existed today was that Congressmen after the attainment of freedom had developed a new mentality towards not only the Congress ideals but their own responsibilities. "Congressmen today apparently have started feeling that now the time has come to enjoy the fruits of freedom. Their approach is that as they made sacrifices for the Congress, they are entitled in their own right to a reward. They evidently want to put a price on these sacrifices and demand it to be paid in the form of posts, ministerships and other loaves and fishes of office. This mentality is a dangerous one. It will ruin the Congress. Congressmen should always remember that even after freedom, they have to continue to make sacrifices in the cause of the country. Only then we will be able to recapture that old spirit and zest, with which we fought the previous battles."

WARNING AGAINST COMMUNISTS

HOME MINISTER, Shri C. Rajagopalachari warned textile technicians on January 31 against intimidation by the Communists. Addressing them in Ahmedabad he said "You are the people they want to catch and catch young because you control the machinery of production. I do not want to be against any principle or system but I hate trickery, secret working, intimidation and deceit. I warn you against those who lead you to commit crimes and violence, who hold you under of exposure and exaggerate your grievances."

He added: "It is no good simply saying 'workers of the world unite.' You must say 'workers of the world work.' Exhorting them to work hard with imagination and understanding, the Home Minister said that on their hard work depended the future of the industrial middle class.

At another meeting the Home Minister called upon the workers to organize Labour Unions on sound lines so that they could implement at least limited, though not spectacular, constructive plans.

Gandhiji's Memory

Speaking at a mammoth meeting in Ahmedabad on the day of Gandhiji's death anniversary Shri Nehru said: "This day three years ago, Mahatma Gandhi was murdered. Strange that the Apostle of Peace and Non-violence should have come to a violent end, plunging the nation in sorrow. Yet, even in the act of dying, he did a great thing, for he emphasised that communal unity must be preserved and maintained in the interests of the country and of peace." With deep sadness in his voice, the Prime Minister went on: "It seems to me that many of us do not have that faith in his principles which we should have. We feel that we should respect his memory, but need not necessarily follow him. Yet his principles are so fundamental that we shall not progress unless they are practised." He, therefore, called upon the people to rededicate themselves today to the ways of life made familiar to them by Mahatma Gandhi. "This is the only fitting tribute we can pay him on this day."

To Students

Shri Nehru, addressing Gujarat University students, said that a high lack of integration and balance in the individual of the present day despite the tremendous progress science has brought about in the world, was the root cause of all problems—national and international. "We have to think, discuss and arrive at conclusions regarding the correct method of adjustment of the human being to the atmosphere of speedy progress and transition in the world to solve our problems. He said the present age in the world could be traced to the Industrial Revolution which began in Europe and gradually spread to America and Asia. We are living in stormy times and we had to adjust to these developments. Today's problems are born out of maladjustments of the individual to the individual, the individual to the group and the group to the group, he said. He was happy that Gujarat University was fast growing and said that the university should turn out in ever increasing number intelligent students who could shoulder the responsibility that will be theirs at least after some time. "Ultimately, the progress of the nation depends upon the quality of its youth. No amount of jugglery could improve the nation unless the quality of its people could be improved. I am tired of numbers. I want quality."

ઇન્ડિયન ઓપિનિયન

મહાત્મા ગાંધીજીના હસ્તે
સને ૧૯૦૩માં સ્થપાયું.

પુસ્તક ૪૯ મું—અંક ૭ | શુક્રવાર તા. ૧૬ ફેબ્રુઆરી, ૧૯૫૨. | છૂટક નકલ પેની.૬

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૧૬ ફેબ્રુઆરી, ૧૯૫૨.

હીંદમાં દુષ્કાળનો ભય

હીંદમાં દુષ્કાળ પડવાના ભયના ખબર હીંદની બહાર વસતા હીંદીઓએ અવગણી કાઢવા નહિ જોઇએ. હીંદના લોકોને નૈતિક તેમજ વ્યવહારૂ રીતે મદદ કરવાને આપણે બનતું સઘળું કરવું જોઇએ. વ્યવહારૂ મદદ આપણે એ રીતે કરી શકીએ કે હીંદથી કોઇ પણ રીતે અને કોઈ પણ સ્વરૂપમાં અનાજ આયાત કરવાનું બંધ કરી દઇએ. અને આપણાથી બની શકતું હોય તો જેટલું હીંદ મોકલી શકાય તેટલું અનાજ હીંદ મોકલી આપે. નૈતિક મદદ આપણે એ રીતે આપી શકીએ કે આપણે જ્યાં ત્યાં વસતા હોઇએ ત્યાં સંયમી જીવન ગાળીએ. બરી રીતે ગરીબને પોષણ આપવા ઉપરાંત કોઇએ ખાવું નહિ જોઇએ અને જે વસ્તુઓની જરૂર નહિ હોય તે વસ્તુઓનો ઉપયોગ નહિ કરવો જોઇએ. અમારા જે એ રીતે રહેતા હોય તો કોઈ પણ સ્થળે કયાની ખોટ પડેજ નહિ. પરંતુ આપણા જીવન જગતભરમાં ઘણાજ અકુદરતી થઇ ગયાં છે. જેને પરિણામે કેટલાંક સ્થળોમાં અનાજ સડતું હોય છે અથવા ફેંકી દેવામાં આવે છે જ્યારે કેટલાંક સ્થળોમાં તેના અભાવે લોકો ભુખે મરે છે. આપણી વચ્ચે મતભેદો હોઇ શકે એક બીજા લડતા ઝઘડતા હોઇએ અને કાપા કાપી પણ કરતા હોઇએ પરંતુ માનવજાતીનો કોઇ પણ ભાગ કુદરતના કોપનો ભોગ થઇ પડેલો હોય ત્યારે જો આપણે તેનું બુરૂ ઇચ્છીએ અને કરીએ તો એ નરી હેવાનીયત જ ગણાય. આથી અમારી સંપુર્ણ ખાત્રી છે કે જગતભરના શુભેચ્છા ધરાવનારા સઘળા હોકારો આ વખેત હીંદ મત્યે ઉંડી હિલસોજી જ બતાવે અને તેની આ સંકટની ઘડીએ બનતી સઘળી મદદ આપવાને તેઓ તત્પર થશે. આથી પ્રેસીડન્ટ ટ્રુમેનનો સંદેશો ઘણોજ આશ્વાસન અને હીંમત આપનારો છે અને તેટલું જ હીંમત આપનારૂં યુનાઇટેડ નેશન્સ રીલીફ્ફ એન્ડ વર્કસ ફન્ડનું ઉદાર પગલું છે. ઇશ્વર હીંદને મદદ કરે અને તેને મદદ કરનારાઓનું ભલું કરે.

નોંધ

એપાર્ટહેઇડનો અમલ કેવી રીતે થઇ રહ્યો છે

દાયકાની સરકારે ગોરા અને બીન-ગોરાના મીશ્ર ડેમ્પુટેશનોને પણ મુલાકાત નહિ આપવાનો ઇરાદો કર્યો છે. સાઉથ આફ્રીકન ઇન્ડિયન્સ ઓર્ગેનાઇઝેશન ફ્રુંક સમપર ભરેલી પરિષદ તે અંગેની બાબતોની ચર્ચા કરવા નેટીવ અફેર્સ ખાતાના પ્રધાન ડો. વરવુર્ડની મુલાકાત માટે અરજી કરી હતી તેના જવાબમાં પ્રધાને જણાવ્યું કે ગોરા અને બીન-ગોરા સભ્યોને તે જુદી જુદી મુલાકાતો આપશે. એકી સાથે મળવા તૈયાર નથી. ઇન્ડિયન્સ ના ડીરેક્ટર મી. કથીનટન વ્હાઇટ જણાવે છે કે તેઓના ડેપ્યુટેશનમાં સઘળા ગોરા હતા અને કોઇ બીન-ગોરા પ્રોફેસર ડી. ડી. જણાવુ હતા. પ્રોફેસર જણાવુ ગયે વર્ષે કુનીયાના ચેરીટીસ્ટોની પરિષદ હીંદમાં મળી હતી તેમાં ગયા હતા અને સા. આ. માં જાહેર કમીશનોપર પણ બેઠેલા છે અને નેટીવો માં અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. આ હડહડતું અપમાન નેટીવ પ્રજા કે કોઇ પણ સ્વમાનપ્રિય લોકો કયાં સુધી સહન કરી શકશે!

એટલેથીજ બસ નથી થતું

પરંતુ એટલેથી જ બસ નથી થતું. આવતા જુલાઇમાં સાઉથ આફ્રીકન મેડીકલ એસોસીએશને એક પરિષદ બોલાવેલી છે જેમાં બ્રીટીશ મેડીકલ એસોસીએશન પણ ભાગ લેવાની હતી. પરંતુ તેણે જણાવ્યું છે કે તેનાથી ભાગ નહિ લઇ શકાય કેમકે એસોસી એશનના સઘળા સભ્યોને દાખલ થવા દેવામાં આવશે એવી ખાત્રી મળી નથી. પરિષદને માટે માત્ર યુરોપીયનોને જ દાખલ થવા દેવામાં આવશે એવા ખબર મળતાં ઉપર મુજબનો ઠરાવ થયો છે. સાઉથ આફ્રીકન મેડીકલ એસોસીએશન સાથે આ બાબતમાં પત્ર વ્યવહાર ચાલ્યો હતો પરંતુ સાઉથ આફ્રીકાની સરકાર તરફથી જોઇતી ખાત્રી મળી નહોતી. સા. આ. ની મેડીકલ એસોસીએશનના સેક્રેટરી ડો. એ. એચ. રેફ્રીને અખબાર જોગી મુલાકાતમાં જણાવ્યું કે જાન્યુઆરીમાં તેમણે મુકરી પ્રધાન ડો. ડોંગીસને કાગળ લખ્યો હતો કે અહીં ઉક્ત સંસ્થાની પરિષદ ભરાવાની છે અને અગત્યના વૈજ્ઞાનિક નીબંધો વાંચવામાં આવશે. વધુમાં તેમણે ડો. ડોંગીસને જણાવ્યું હતું કે તમે જાણો છે કે ડાકતરી વિદ્યામાં જાતી, ત્વચા કે વર્ણ ના ભેદો બીલકુલ પાડવામાં આવતા નથી અને બન્ને સંસ્થાઓને સઘળી જાતી અને વર્ણના સભ્યો છે. આથી સંભવીત છે કે બ્રીટીશ મેડીકલ એસો સીએશનના જુદી જુદી જાતી અને વર્ણના સભ્યો તરફથી યુનીયનમાં દાખલ થવાની અરજીઓ કરવામાં આવશે.

તેનો જવાબ ડો. ડોંગીસ તરફથી આ પ્રમાણે મળ્યો હતો:

"અને જણાવવાની સુચના થઇ છે કે કોઇ પણ અમુક વ્યક્તિ કે અમુક વર્ગની વ્યક્તિઓને દાખલ નહિ કરવાનો હક પ્રધાન પહેલેથી જ જતો કરી શકતા નથી. આ હકનો ઉપયોગ તેને લગતા કાયદા ની જરૂરીયાતોને અંગે થતા ઉપરાંત બીજી બાબતો સાથે આંતરરાષ્ટ્રિય પરિસ્થિતિ, રાષ્ટ્ર પણ અમુક દેશની સાથેના અમારા સંબંધ અને અરજી કરનાર વ્યક્તિને અંગે થતા કાયદો, કે, તેના નામથી અથવા બીજી રીતે કોમ્યુનીઝમના સિદ્ધાંતો ફેલાવનારી અથવા પોષનારી હોય, તેનો સભ્ય છે. આથી પ્રધાન સિવાયના કોઇ પણ માણસ જેણે તમે જે બહેળા ખાત્રી માંગો છો તે તેમનાથી આપી શકાય તેમ નથી."

બ્રીટીશ મેડીકલ એસોસીએશનના ઘણા પ્રતિષ્ઠિત એશીયાઇઓ સભ્યો છે. તેઓનું આ અપમાન થઇ રહ્યું છે.

કોમ્યુનીસ્ટોપર અંકુશ મુકનારૂં નવું બીલ

ન્યાય ખાતાનાં પ્રધાન મી. સી આર. સ્વાર્ટે યુનીયનની ધારાસભામાં "સપ્રેસન ઓફ કોમ્યુનીઝમ એમેન્ડમેન્ટ બીલ" નામનું ગયે વર્ષે પસાર કરવામાં આવેલાં બીલમાં સુધારો લાવ નારૂં બીજું બીલ દાખલ કર્યું છે. બીલ આવવાનું છે તેની કોઇ પણ પાર્લામેન્ટના મેમ્બરોને ખબર નહોતી. તેની અંદર શું છે એ જાણવા બીજા મી. સેમ ખાન સિવાય બાકીના સઘળા મેમ્બરોએ પહેલું વાંચન પસાર કરી દીધું. પાર્લામેન્ટના મેમ્બરોના હાથમાં બીલ જાય તે પહેલાં બીલની ટેલીફોક વીગતો કેપટાઉનના સરકાર પક્ષના 'ડીસ્પેચ' પત્રમાં પ્રસિદ્ધ થઇ હતી. પાર્લામેન્ટમાં આ સંબંધમાં સવાલ જવાબ થયા હતા. આ નવાં બીલમાં "કોમ્યુનીઝમ"ની નવી વ્યાખ્યા આપવામાં આવી છે અને સાઉથ આફ્રીકાની કોમ્યુનીસ્ટ પાર્ટીની બરખાસ્તમાં ફેરફાર કરવામાં આવ્યો છે. "કોમ્યુનીઝમ"ની નવી વ્યાખ્યા આપવાનો હેતુ તેને બહોળો કરવા નો અને તેમાં નીચે પ્રમાણે ઉમેરો કરવાનો જણાય છે. કોઇ પણ માણસ જે, કાયદો અમલમાં આવ્યો તે પહેલાં કોઇ પણ વખતે કોમ્યુનીસ્ટ બનેલો હોય;

કોઇ પણ માણસ જે, કાયદો અમલમાં આવ્યો તે પહેલાં યુનીયનની અંદર કે બહાર કોમ્યુનીઝમના કોઇ પણ હેતુઓ સાધવાની હિમાયત કરી હોય, સલાહ આપી હોય, બચાવ કર્યો હોય અથવા ઉશ્કેરણી આપી હોય, અથવા કોમ્યુનીઝમના કોઇ પણ હેતુઓ સિદ્ધ થાય એવું કંઈ પણ કામ કરેલું હોય; અને

કોઇ પણ માણસ જે, કાયદો અમલમાં આવ્યા પહેલાં કે પછી, યુનીયનની અંદર કે બહાર કોઇ પણ એવી સંસ્થા, જે, તેના નામથી અથવા બીજી રીતે કોમ્યુનીઝમના સિદ્ધાંતો ફેલાવનારી અથવા પોષનારી હોય, તેનો સભ્ય

હોય અથવા તેને સક્રીય ટેકો આપનારો હોય.

બીલમાં સેનેટમાંથી, ધારાસભામાંથી, પ્રાંતિક કાઉન્સીલમાંથી અને સાઉથ વેસ્ટ આફ્રીકાની ધારાસભામાંથી કોમ્પ્યુ નીસ્ટ હોય તેવા મેમ્બરોને બાતલ કરવા ની સત્તા આપનારી નવી કલમ છે.

આ સત્તાના આધારે પ્રધાન એવા કોઇ પણ સભ્યની મુદતનો અંત તેાજ લાવી શકશે જો સેનેટની અથવા ધારાસભાની સીલેક્ટ કમીટીએ સેનેટમાં કે ધારા સભામાં રીપોર્ટ રજુ કરેલો હશે.

હિંદીઓની જમીન ખાલસા કરવાની પેરવી

ડરબન કોરપોરેશન પ્રાંતિક કાઉન્સીલની આવતી બેઠકમાં ગ્રુપ એરીયાસ એકટની રૂએ જુદા જુદા વર્ગના લોકોને માટે રહેઠાણો માટે જમીન ખરીદવા અથવા ખાલસા કરવાની સત્તા માંગવાની છે. આમે માત્ર ઘરોની વ્યવસ્થા કરવા અથવા ધંધા સત્તા સાદ કરવા માટેજ જમીન ખાલસા કરવાની તેને સત્તા છે. પ્રાંતિક કાઉન્સીલ જો કોરપોરેશનનો ઓર્ડીનન્સ પાસ કરશે તો પહેલી જમીન કોર્પોરેશનરમાં દોઢી માલીકીની છે તે ખાલસા થવા સંભવ છે. કેટલાંક વર્ષ સુધી સંગ્રહાયા બાદ કોરપોરેશને આજે હવે કોર્પોરેશનરને નોટીસો માટે ગ્રુપ એરીયા બનાવવાનો નિર્ણય કર્યો છે. ડ્રાફ્ટ ઓર્ડીનન્સમાં આંગેલી સત્તા મળ્યા વિના કોર્પોરેશનરની જમીન તેના થી મેળવી શકાય તેમ નથી, સિવાય કે ચોકસ ઘરોની વ્યવસ્થાની યોજના તેની પાસે હોય. ઓર્ડીનન્સ જે જમીનો ખાલસા કરવામાં આવેલી હશે તેની સામે માલીકો કાયદેસર પગલાં લે તેમાંથી કોરપોરેશનને રક્ષણ આપશે.

હિંદીઓ ના વીરોધ

નાટાલ ઇંડીઅન કોંગ્રેસ તેમજ નાટાલ ઇન્ડિઅન ઓરગનાઇઝેશને કોર પોરેશનના આ પગલાંનો વીરોધ કર્યો છે. કોંગ્રેસે જણાવ્યું છે કે ડરબનની ઉત્તરે અને દક્ષિણે રેલ્વે ના વીકાસ થયેલ છે જેને નોટીસો માટેના રહેઠાણોમાં ફેરવી નાખી શકાય. પચાસ અને એથી વધુ વર્ષોથી સ્થાપી ચૂકેલા દોઢીઓને ઉખેડી કાઢવાની કંઈ જરૂર નથી. ઓરગનાઇઝેશને જણાવ્યું છે કે કાઉન્સીલનો એનેક્ષ ચોખ્ખો ઇરાદો જણાય છે કે દોઢીઓના ગ્રુપ એરીયાની બહાર આવેલી દરેક દરેક જમીન ખાલસા કરી લેવી. રીટી કાઉન્સીલ જાણે છે કે નેાન-યુરોપીયનોના સત્તાઓમાં કોઇ પણ જાતની દખલગીરી નથી અને તેમ છતાં ડરબનના રીટી કે જેની વસ્તી માણસની અંદર જ સત્તાઓ મંજુરી માં સડી રહ્યા છે ત્યારે રીટી કાઉન્સીલને બીજાને સુરોબાન કરવા, સ્લીમીંગ બાબો બનાવવા અને બીજાં મોજશોખના સ્થળો ઉભાં કરવા પા. ૨૦ લાખનો ખર્ચ કરી નાખતાં જરાયે સંકોચ થતો નથી.

ફ્લર્ડોના મતાધિકારનું બીલ

'ફ્લર્ડોના મતાધિકારનું બીલ, જે હાલ પાર્લામેન્ટમાં ચર્ચાઇ રહ્યું છે, તેને વીરે યુનાઇટેડ પાર્ટીની સભામાં બોલતાં ઓપોઝીશનના લીડર મી. જે. જી ગ્રેન. રહ્યાડેસે કહ્યું કે સાઉથ આફ્રીકા ના ગોરાના વર્તન પર મોટામાં મોટું કલંક લગાડનાર એ બીલ છે. સાઉથ આફ્રીકાની ચુંટણીના ઇતિહાસમાં સર કોર એક મોટામાં મોટી ઉતરમાછ કરેલી છે. એપાર્ટહેડનું દુષ્ટ સુત્ર "ડમ ફ્રોલ અને માંકે પોલ" ના જેવું છે. ખરી હકીકત એ છે કે સાઉથ આફ્રી કાના ગોરાઓને તે સુરક્ષિત રાખનારું છે જ નહિ. સાઉથ આફ્રીકાના સમળા વર્ગોમાં તેણે અશાંતી ઉત્પન્ન કરેલી છે. એક રીકાર્યા કેપના ફ્લર્ડ લોકો ગોરા ઓ સાથે મતાધિકાર ધરાવતા હતા. ત્યારે હવે આ કાયદો લાવવામાં આ વ્યો છે. જે એક રીકા જુનો હક તેઓની પાસેથી છીનવી લેનારૂં છે. તેનું કારણ તેઓ એ આપે છે કે રાજ કીય રીતે ફ્લર્ડોને યુરોપીયનોને ઉખેડી કાઢતાં તે અટકાવે છે. બીલ સ્પષ્ટ રીતે બતાવી આપે છે કે ફ્લર્ડોના હકો તેથી છીનવી લેવામાં આવી રહ્યા છે. તેને માટે જો કોઈ જવાબદાર હોય તો તે એકજ માણસ છે અને તે મી. હેર્ઝાગ છે. આ શરમભરેલા કાયદા ની જવાબદારી તેને શિરે જાય છે. મી. હેર્ઝાગે જો સાઉથ આફ્રીકા પ્રત્યે પોતાની ફરજ અજવી હોત તો આ દુષ્ટ કાયદો આવેલો જ નહિ હોત. મી. હેર્ઝાગ પોતાના જુના નેતા જનરલ હર્ટઝોગ પ્રત્યેની પોતાની ફરજ સમજ્યા હોત તો આ સરકાર સત્તામાં આવી નહિ હોત ચુંટણી બાદ મી. હેર્ઝાગને ફ્લર્ડ લોકોને સામાન્ય મત પત્રકમાંથી કાઢી નાખવાનો વીરોધ કરવાની તક હતી. મી. હેર્ઝાગ ની કસોટી થઇ પરંતુ કસોટીમાંથી તે નાપાસ થયા. યુનાઇટેડ પાર્ટી તરીકે અમે આ બીલનો અમારી સઘળી શક્તિથી વીરોધ કરીશું. અમે માત્ર ફ્લર્ડ લોકોને માટે જ નહિ પરંતુ બોઅર શાસન માટે લડીશું. સ્વતંત્રતાના ભાગલા પડી શકતા નથી આ પગલું ખંડનાત્મક હોઇ ઇરાદા ભરેલું છે. મી. રહ્યાડેસે કહ્યું કે આજે જ્યારે દુનીયાની સરકારો સૌને માનવહકો આપી રહી છે ત્યારે સાઉથ આફ્રીકામાં લઘુમતી સરકાર દુષ્ટ રાજકીય હેતુઓ સર એ હકો છીનવી લઇ રહી છે. આ સદન અને સાઉથ આફ્રીકાના અને ગોરા સુધારાના હિતમાં લડીશું.

'નાટાલ મરકયુરી'ની ટીકા

ફ્લર્ડના મતાધિકારના બીલપર ટીકા કરતાં ફ્રેબુઆરી તા. ૧૪ મીનું 'નાટાલ મરકયુરી' લખે છે કે "આ આપણુ હાથ ભરેલું બીલ એ પ્રકાર થયો તે બે અનિવાર્ય વસ્તુઓ થશે. પ્રથમ સા. આ. ના ખંધારણની કીંમત નકામા કાગળના કુકડા જેવી થઇ જશે. બીજું આ દેશમાં બીન-ગોરાઓને ગોરાઓ સામે મજબુત રીતે સંગઠીત કરવામાં સરકાર સાહ્ય નીવડશે. બન્ને પરિણામો કલ્પી નહિ શકાય તેવાં આફતરૂપ થઇ પડશે. આ અપંકર ભુલ સુધારી લેવાનો હજુ સરકાર પાસે વખત છે. અમારું ધ્યેય તે પહેલાં આ બીલ તેણે પાછું ખેંચી લેવું જોઇએ અને આપણા નેાન યુરોપીયન સવાલપર કોઇ પણ જાતની ઉશ્કેરણી વિના એક રાષ્ટ્રિય પરિષદ ભરવી જોઇએ. એજ ન્યાયી અને માનભરેલી મુસદ્દગિરીનો માર્ગ ગણાશે."

આ ઘુંટડો સાઉથ આફ્રીકાથી કેમ ગળાશે?

જોહાનીસબર્ગના 'સ્ટાર'નો ખાસ પ્રતિનિધિ ગોલ્ડ કોસ્ટની રાજધાની આક્રાથી લખે છે:

"આ એ ગોલ્ડકોસ્ટની રાજધાની છે અને પહેલી સામાન્ય ચુંટણીનું મુખ્ય શહેર છે. સાઉથ આફ્રીકાને તે નવો અનુભવ આપનારૂં છે અને જાતી જોઇને પોષનારાઓને જોખન કરનારૂં છે. આધુનીક ઢબના અનેક જાહેર મકાનો અને ઘરો વાળાં આ શહેરમાં ૧,૩૫,૦૦૦ નેટીવોની અને ૨૫૦૦ જેટલા ગોરાઓની વસતી છે.

સાઉથ આફ્રીકામાં આપણે યુરોપી યનો અને નેાન-યુરોપીયનોની વાત કરી એ છીએ. અહિં તેઓ આફ્રીકનો અને નેાન-આફ્રીકનોની વાત કરે છે. ટા. મલાનના ચંદ્રકની જાણે કટાક્ષ કરનારી બીજી બાજુ!

આ શહેરમાં બધો કારભાર આફ્રી કનોથી જ ચલાવાય છે. એવાક સૌથી ઉંચા પદે અને પાંત્રીસ ટકામાં યુરોપી યનોની દોરવણી છે ખરી, પરંતુ રમા નિક વેપારમાં અને ઘરપીતાલોમાં સો યે સો ટકા આફ્રીકનોનોજ સ્ટાક છે. ગોરી વેપારી કંપનીઓને પણ કાઉન્ટરોપરનો સ્ટાફ આફ્રીકનોનોજ છે.

કરટમમાંથી તમને પાસ કરનારા ગોલ્ડ કોસ્ટના નેટીવો જ હોય છે, ટેકસીઓ પણ તેઓજ ચલાવે છે, અને પોતાની કારો પણ ચલાવે છે, રેલ ગાડીઓ તેઓ ચલાવે છે, સરકારી નોકરીઓમાં છેક ટોચપરના સીધા નેટીવો જ છે. ડાકતરો, લોયરો, શિક્ષકો, નર્સો, પાદરીઓ, પ્રોફેસરો પણ તેઓ જ છે.

અહીં કોઇ જાતનો વર્ણભેદ નથી. સમળી હોટેલોમાં આફ્રીકનો ફ્રાયે ત્યારે જઇ કોકટેલ, કોફી, ભોજન કે આરામ મારે જઇ શકે છે હોટેલ સાઉથોમાં, ડાઇનીંગ રૂમોમાં તેઓ ગોરાઓ સોડે બેસે છે. તેઓનાજ કરોરામાંથી તેઓ પાણી પીએ છે. તેઓની જ દુકાળી ઓમાં આવ છે.

આ સમળી વસ્તુઓ જે, પોતાના દેશમાં બને તો કેટલાક સાઉથ આફ્રીક નોને હાર્ટફેલ અથવા પક્ષાઘાત થયા વીના નહિ રહે તે, અહીં સ્વાભાવિક રીતે બને છે. કોઇને તેથી કશો પણ વાંધો હોતો નથી. અહિં સાધારણ રીતે માનીજ લેવાય છે કે માણસની ચામડીના રંગ તેના સામાજીક દરજ્જાને દરકત કરતો નથી. અને સામાજીક કે વેપારનો સંબંધ સભ્યતા, સંસ્કારિતા વીગેરે ગુણોના આધારે બંધાય છે.

મનસ્વમાં ગતીહેડ અને અશિક્ષિતા જે સુંદર સાઉથ આફ્રીકાની આબાદીને કલંકિત કરી રહી છે એ વસ્તુનો અહિં સંતર ચલાવ છે અને પચરંગી પ્રજા દળી મળીને રહે છે એ એક અતિ આનંદદાયક વસ્તુ છે.

અહીં કેટલાક સુશિક્ષિત અને વિદ્વાન વેસ્ટ આફ્રીકનોનો ભેટો થાય છે, જે ઘણો જ ગ્રિય લાગે છે. અને એ સરીબમાં સરીબ ગામડીયાથી લઇને મોટા ઉમરાવ વચ્ચે અથવા એક તુચ્છ માછીમારથી લઇને ઓક્સીફોર્ડ કોલેજ ના મોટા પ્રોફેસર વચ્ચે કોઇ પણ જાતનો ભેદભાવ હોતો નથી અને અરસ પરસ કુદરતી સભ્યતા, મેાજ મજા થઇ રહ્યાં હોય છે, જે, માનવીઓ તરીકે આફ્રીકનો માટે અત્યંત પ્રશંસનીય વસ્તુ છે.

વળી વેસ્ટ આફ્રીકનોએ ડાકતરી વિદ્યામાં, વકીલાતમાં અને અન્ય ધંધા ઓમાં અને વેપારમાં જે સફળતા મેળવી છે તે, આધુનીક સુધારાની કક્ષાએ ચઢી રહે અને કેળવણીની તકો આપવામાં આવે તો પણ સારામ સારા માણસની સાથે આબાદિયત, બૌદ્ધિક અને ધંધાદારી જીવનમાં સ્થાન લઇ રહે તેની આફ્રીકાના નેટીવનામાં ખુદ જ નથી અને કદી આવી શકશે નહિ, એવી જે વાત યુનીયનમાં આપણે વખતોવખત સાંભળીએ છીએ તેને જુઠી પાડે છે.

જોડણી કોશ

ગુજરાતી અક્ષરો શબ્દોનો સહેલા શબ્દોમાં સમજુતી આપતો આ જોડણી કોશ ગુજરાત વીદ્યાપીઠ તરફથી બહાર પડશે છે. ૬૨૨૧ પાનામાં અનેક શબ્દો અને તેના અર્થ વીગેરે આપ્યા છે. આ ઘરમાં વસાવવાથી તમારી ગુજરાતી ભાષા સુધરશે

કીમત - ૧ ૨ ૦

આ ઓફીસેથી મળશે.

એપાર્ટહેડ વીષે નોન-યુરોપીયનોનો મત

સરકારની એપાર્ટહેડની યોજનાને નોન-યુરોપીયનો કેવી રીતે નીહાળે છે તેના કેટલાક અભિપ્રાયો ડરબનના 'ઇન્ડાંગા લાસે નાટાલ' માં એક લેખક પોતે શિક્ષિત હોવા છતાં તેના પ્રત્યે કેવી વર્તણુક બતાવવામાં આવે છે તેની ફરિયાદ કરે છે. લેખક ની પાસે આફ્રીકનોમાં કામ કરતા કેટલાક યુરોપીયનો પર તેના તરફ માન ધરી વર્તવાની બક્ષામણ કરનારા ઘણા બધા પત્રો છે. પરંતુ તે કહે છે કે તેનાથી તેની સ્થિતિ વધારે ખરાબ થઈ છે. તે પૂછે છે કે આવી જાતના યુરોપી વતનીની દિલસોજી અને શુભેચ્છા મેળવવા તેઓએ કઇ રીતે વર્તવું એ બાબત પડતી નથી.

અમે તેઓના કપડાં પહેરીએ, તો ગોરાની હલકી નકલ કરનારાઓમાં ખપીએ છીએ. અમારાં ચામડાં પહેરી એ તો અમને જંદા જંગલી કહેવામાં આવે છે. અમારામાંનાં કેટલાક અમારી કેળવણી અને સમાજીક દરજ્જા ના કારણે જો કયારે સારી વર્તણુકની માગણી કરે તો અમે યુરોપીયનો જેવા બની ગયા એમ કહેવામાં આવે છે, અમારા અજ્ઞાન બંધુઓથી અમે દુર ભાગીએ છીએ...તો અમને કહેવામાં આવે છે કે અક્ષર જ્ઞાન અને ખ્રીસ્તી ધર્મનું જ્ઞાન અમારાપર વેડફી નાખવા માં આવે છે. અમારામાં કશો ફેર પડતો નથી, કાયદાને વફાદાર અને સ્વમાની આફ્રીકનો આ યુરોપીયનોને તેમની આફ્રીકનો કરતાં વધારે હરકત કરે છે. પછી જો આફ્રીકનોનું હૃદય વધારેને વધારે કહ્યું થતું જાય તો તેમાં શી નવાઈ!''

* * *

''એપાર્ટહેડ એ દમન છે'' એ સિવાય બીજું અમલેખ લખતાં 'ઇન્ડુન્ડલા યા ન્ટાન્ડુ'' નેટીવોની પ્રતિનિધિ સભા પર ડો. વરવુઅર્ડના ભાષણની ચર્ચા કરતાં જણાવે છે: એપાર્ટહેડવાદીઓને જો કુલ સત્તા પોતાને માટે જ જોઇતી હોય તો તેઓએ સમજવા યોગ્ય જણાય છે કે આફ્રીકનને પણ કુલ સત્તા પોતાના હાથમાં જોઇએ છે, અને તેની અવગણના કરનારી કોઇ પણ નીતી એ કેવળ દમન છે એટલું જ નહિ પણ તોફાનને આમંત્રણ આપનારી છે.''

* * *

કુંક મુદતપર બ્લોમફન્ટીનમાં મળેલી પરીષદનો હેવાલ છાપતાં ડરબનનું 'ઇન્ડાંગા લાસે નાટાલ' લખે છે: ડો. મોરોકાએ પ્રમુખસ્થાનેથી ભાષણ કરતાં કહ્યું હતું કે આફ્રીકનોએ પોતાનું ભાવિ પોતાના હાથમાં લીધાને બરોબર એક વર્ષ થયું છે. જુદા જુદા યુરોપીયન રાજીવાદીઓએ આફ્રીકા પર કરેલા બળાત્કાર પછી આફ્રીકનોએ પોતાના દેશનો સારામાં સારો ભાગ ગોરાઓને આપી દીધેલો છે. માલીક અને નોકરની અપમાનભરેલી અસમાન ભાગીદારીમાં કેટલા બધાસો વર્ષ કાઢયાં છે. અજ્ઞાન લોકોને આજ પર્યંત તેઓ જે શુભેચ્છા આપતા આવ્યા છે તેના બદલામાં તેઓ કેવળ ન્યાય અને માનવતાની આશા રાખતા હતા એથી વધારેની કશી આશા રાખતા નહોતા. ૧૯૪૬ માં આફ્રીકન લોકોએ અસહકાર કરવાનું ઠરાવ્યું, તેમ કરી તેઓએ બતાવી આપ્યું કે ગોરાની સર્વોપરિતા તેઓ સ્વિકારવા માગતા નથી અને આઝાદીની લડતમાં પોતાના લોકોને તેઓ પોતાની સંસ્થા ઓમાં સંગઠીત કરવા માગે છે. આવી કોમનું આજનું બાનસ જોતાં મને સંતોષ થયો છે કે તેઓના આવી રહેલા નવા રાષ્ટ્રવાદના જુવાળને કોઇ વરવુઅર્ડ થી પણ રોકી શકાવાનો નથી.''

હીંદપર આવી પડેલો દુષ્કાળનો ભય

ચાલુ અઠવાડીયામાં હીંદથી ચિંતાજનક ખબર આવ્યા છે કે આવતા જુલાઇથી અકટોબર સુધીમાં જો તેને વર્ષ અને બીજું અનાજ પુરતા પ્રમાણમાં નહિ પહોંચે તો તેનાપર દુષ્કાળનો ભય ઝળુંબી રહ્યો છે. હીંદ ની પાંત્રીસ કરોડની વસતીમાંથી ત્રીજા ભાગની વસતીને આજની જ અરધ્યા રહેજ વધારે અપાય છે. દુષ્કાળની સ્થિતિ જો કે હજુ જાહેર થઇ નથી પરંતુ મદ્રાસ પ્રીદાર અને મુબઇમાં ઘણા લોકોને અનાજની તંગી જણાઇ રહી છે એમ અનાજ ખાતાના અધિકારીઓ જણાવે ■ અને હીંદથી બાતમી વ્યકિતઓને યુનીયનમાં કામદો આવ્યા છે તે તેનું સમર્થન કરે છે. એવું અડસટવામાં આવ્યું છે કે ચાલુ વર્ષમાં પંચાવન લાખ ટન વધુ અનાજ નહિ આવે તો 'ભાણું' આપવાની યોજના પડી ભાંગશે.

સપ્ટેમ્બર અને અકટોબર મહિના માં હમેશાં અનાજનો જથ્થો કમી થઇ જાય છે અને ભાવો ઉંચા જોય છે. ચાલુ સાલ કમીનો વખત જુલાઇથી શરૂ થવા વકી છે. કેમકે વીસ લાખ ટન કોટલું અનાજ ધરતીકંપ, રેલ અને અનાવૃષ્ટિથી નાશ પામેલું હોવાનું અડસટવામાં આવે છે.

અમેરીકાથી મદદ

દેશીંગટનથી સાપાના સંદેશા મુજબ પ્રેસીડન્ટ ટ્રમેને અમેરીકાની કોંગ્રેસને હીંદમાં દેખાળ નીવારણાર્થે વીસ લાખ ટન અનાજ મોકલવાની સત્તા આપવા સુચવ્યું છે. તેમણે એવી બક્ષામણ કરી છે કે કોંગ્રેસે હમણા દસ લાખ ટનને માટે નાણાની વ્યવસ્થા કરવી અને બાકીનાની હીંદની પરિસ્થિતિ તપાસ્યા બાદ કરવી ઘટે તો કરવી. કોંગ્રેસને સંદેશો પાઠવતાં પ્રેસીડન્ટ ટ્રમેને જણાવ્યું કે હીંદની અપીલની અમેરીકાથી અવગણના કરી નહિ શકાય. બન્ને દેશોની સરકારો વચ્ચે આસ કરી એશીયામાં આક્રમણ અટ કાવવા સંબંધી અગત્યના રાજકીય મતભેદો વર્તી રહ્યા છે. છતાં એ મત ભેદોના કારણે હીંદના લોકોની હાલની જરૂરીયાતોને આપણાથી અવગણી નહિ શકાય. હીંદમાં અનાજ વખતસર પહોંચાડી શકાય તેને માટે પુરતી ફ્રાંસ પોર્ટની સગવડ કરવાના સંબંધમાં પ્રેસીડન્ટ ટ્રમેને કહ્યું કે અંગ્રેજોની અનામત પડેલી આગ બોટોમાંથી કેટલીક ને સમારી તદ્દપાર કરવાની જરૂર પડશે. આ આગબોટો હીંદથી પાછી કરતાં અમેરીકાને બોટોના અભાવે વસ્તુઓ ની તંગી પડી રહી છે તે દુર કરી શકશે. કોંગ્રેસ જો આ યોજના સ્વિકારે તો તેમણે સુચવ્યું છે કે અમેરીકા એ હીંદમાં અનાજની વહેંચણી થાય તેની દેખરેખ રાખવા અને આ યોજ ના પાર પાડવામાં મદદ કરવા એક મીશન હીંદ મોકલવું.

યુનાઇટેડ નેશન્સ ચીલ્ડ્રન્સ ફન્ડ

વોશીંગટનથી સંદેશો જણાવે છે કે યુનાઇટેડ નેશન્સ ચીલ્ડ્રન્સ ફન્ડે આવતા છ મહિનામાં ૨,૩૫,૦૦૦ ડોલરની કીંમતના ચોખા હીંદ મોકલવા નું સર્વાનુમતે ઠરાવ્યું છે.

મી. ગોરડન વોકરનો ડો. મલાનને જવાબ

ગયે અઠવાડીયે કેપટાઉનમાં યુનીયન ની મુલાકાતે આવેલા કોમનવેલ્થ રીલેશન્સ ખાતાના બ્રીટીશ રાજ્ય મંત્રી મેજર ગોરડન વોકરના માનમાં આપવામાં આવેલાં ખાણું પ્રસંગે યુનીયનના વડા પ્રધાન ડો. મલાને ગ્રેટબ્રટનેરેલને યુનીયનમાં જોઇ જવાનો સવાલ ઉઠાવ્યો હતો. તેનો જવાબ આપતાં મી. ગોરડન વોકરે જણાવ્યું કે, આ બાબતને સાઉથ આફ્રીકા કેટલું મહત્વ આપે છે એ હું સારી રીતે સમજું છું. અને વડા પ્રધાને જે કહ્યું તે મેં ધર્યુંજ ધ્યાન પુર્વક સાંભળ્યું છે. પરંતુ એ સવાલને લગતી એક બાબત તેમણે દર્શાવેલી નથી જે અમને ઘણીજ અગત્યની લાગે છે. તે એ પ્રદેશોમાં વસતા લોકોનોએ બાબતમાં મત જાણવાની છે.

અમે માનીએ છીએ કે કોઇ પણ સ્થળે વસતા કોઇ પણ લોકો, પછી અમે તેઓને માટે જવાબદાર હોઇએ કે ન હોઇએ તો પણ, તેઓને એ બાબતમાં તે ના મત પુરેપુરા જાણ્યા વિના એક હકુમતમાંથી બીજી હકુમત માં બદલી દઇ નહિ શકાય.

મી. ગોરડન વોકરે કહ્યું કે આ પ્રદેશોની બાબત એવી છે કે જેનાપર બ્રીટીશ અને સાઉથ આફ્રીકાની સરકારોના વીચારોમાં ભેદ રહેલો છે. મારી મુલાકાતનો હેતુએ સવાલની ચર્ચા કરવાનો નથી. અને તેથી એક મહેમાનને લાંબે ગાળે એવું કહ્યું હું ખોલવા બગછતો નથી.

મી. ગોરડન વોકરે કહ્યું કે, કોમનવેલ્થ ના પ્રત્યેક દેશને પોતાનું અલગ હિત રહેલું ... પણ બધી બાબતોને અનુસરવા માગે છે એ પોતેજ નકકી કરે છે. કોઇને બીજાપર દબાણ કરવા નથી.

આથી એવું બને છે કે તેઓ વચ્ચે મતભેદ થાય છે. એ સમાન હકો ધરાવતા આઝાદ દેશોના કોમનવેલ્થની શકિત અને કોવતનું એક ચિન્હ છે.

કોમનવેલ્થને વિષે એક બાબતની મને ખાત્રી છે તે અંગત સંબંધની કીમતની છે. સત્તા ધરાવતા લોકો એક બીજાને ઓળખતા થાય, એક બીજાની રીતભાતો શીખતા થાય, તેઓના સવાલો અને વીચારો સમજતા થાય તેના ઉપર ઘણોજ આધાર રહેલો છે.

આપણી વચ્ચે ઘણું સામ્ય રહેલું છે. આપણે બન્ને દેશો આફ્રીકામાં મોટી સત્તા ધરાવીએ છીએ. અને તેથી આપણા ઘણા સવાલો અને હિતો સમાન છે.

ઘણા ક્ષેત્રોમાં આપણા નજીકના હિતો રહેલાં છે જેમાં આપણે એક બીજાને અરસપરસ આપણા જ્ઞાન અને અનુભવથી ઘણાજ મદદરૂપ થઇ શકીએ અને થઇએ છીએ.

કોમનવેલ્થને વિષે અમુક વસ્તુઓ છે કે જે ખાત્રી પુર્વક કરી શકાય છે. તેમાંની એક આપ કહી ગયા તેમ આપણે એક બીજાની આંતરીક બાબતોમાં માથું મારતા નથી.

એક બીજાની આંતરીક બાબતોમાં વચ્ચે નહિ પડવાનો આ નીયમ ઘણો અગત્યનો છે. કોમનવેલ્થના પ્રત્યેક સભ્યનો પોતાને લગતી બાબતોપર સંપુર્ણ અંકુશ ધરાવવાના કુલ હક માંથી બીજી વસ્તુ પરિસ્થિતે છે તે એ કે પ્રત્યેક સભ્યને પોતાની ખુશીમાં આવે તેવું પોતાનું આંતરીક બંધારણ ઘડવાનો હક છે.

આ કુશલતા આપણે સૌ ભોગવી એ છીએ.

સૌ કોઇ જાણે છે કે હીંદ પ્રજાસત્તાક રાજ્ય બન્યું છે. તે અને કોમનવેલ્થના અન્ય દેશો એ વખતે કબુલ થયા હતા કે તે કોમનવેલ્થનું સંપૂર્ણ અને સક્રીય સભ્ય રહેશે અને રાજાને કોમનવેલ્થના ઉપરી તરીકે અને તેના સભ્યોના સ્વતંત્ર સંબંધના પ્રતીક ગણશે.

કોમનવેલ્થના સભ્યો વચ્ચે મતભેદો હોઇ શકે અને છે. પરંતુ તેમ છતાં ઘણી ભારે અગત્યની બાબતોમાં અમારી વચ્ચે ઘણોજ સુમેળ વર્તે છે.

એક મુરકેસ અને જોખમ ભરેલી દુનીયામાં આપણે આપણા અરસપરસ હિતને ખાતર આપણે એકત્ર મક્ક ઉભા રહેવું જોઇએ.

દુનીયાની શાંતી ટકાવી રાખવાને કોમનવેલ્થ એક મહાન અને શક્તિ શાળી બળ છે.

એવો એક પણ વખત નહોતો જ્યારે મીત્રોએ સંગઠીત થઇ ઉભવું આજના કરતાં વીશેષ જરૂરી હોય. પ્રથમ વસ્તુઓને પ્રથમ સ્થાન આપવું વિશેષ અગત્યનું હોય. અને આપણી વચ્ચે કુસંપ કરાવનારી તુચ્છ બાબતો ને નહિ પરંતુ સંગઠન કરનારી મહાન બાબતોને સંભાળવી વિશેષ જરૂરી હોય.

મેરીટજબર્ગ આર્યન બેનેવોલન્ટ હોમની વતી મી. પોલ્સે બોલ્યા હતા.

ચાઇલ્ડ વેલફેર સોસાયટી અને આર્યન બેનેવોલન્ટ હોમ તરફથી મીસીસ લઝારને સુંદર પુસ્તોની બારસોટો ભેટ આપવામાં આવી હતી.

મીસીસ લઝારે સ્વર્ગસ્થ મી. કેલનબેકની વતી બોલતાં કહ્યું કે આ ચીજો મારા હાથથી અર્પવાનો મને લાભ મળ્યો તેથી મને ઘણોજ આનંદ થાય છે. મારી ઇચ્છા છે કે એ દાનને ઉકત સંસ્થાએ પુરેપુરી લાયક છે એટલુંજ નહિ પરંતુ તેના કરતાં વધારે મોટી રકમ નથી. તેમણે કહ્યું કે હું માનું છું અને મી. કેલનબેક પણ માનતા હતા કે જેટલું વધારે આપણે દાન કરીએ તેટલું વધારે આપણે પામીએ છીએ. બાદ તેમણે ચાઇલ્ડ વેલફેર સોસાયટીને પા. ૫૦૦ ની ચેક આપી. ડરબન ઇન્ડિઅન બેનેવોલન્ટ હોમને પા. ૩૫૦ ની અને મેરીટજબર્ગ ઇન્ડિઅન બેનેવોલન્ટ હોમને પા. ૧૫૦ ની આપી. અને ફ્રીનીક્સ સંસ્થાના પુસ્તકાલયમાં ગાંધીજી એ લખેલું અને ગાંધીજીને વિષે લખાયેલું જેટલું મેળવી શકાય તેટલું સાહિત્ય રાખવાને માટે પા. ૩૦૦ આપી. બાદ આ પાર્ટી કર્યા પછી મેળાવડો બરખાસ્ત થયો.

સ્વર્ગસ્થ મી. કેલનબેકની એસ્ટેટ તરફથી

હિંદી સંસ્થાઓને મળેલું દાન

ગયા રવીવાર તા. ૧૦ મીના ડરબન ઇન્ટરનેશનલ ક્લબમાં એક મેળાવડો થયો હતો. જ્યારે સ્વર્ગસ્થ મી. કેલનબેકના બાકીજ મીસીસ હાના લઝારે હીંદીઓની સંસ્થાઓ–ઇન્ડિઅન ચાઇલ્ડ વેલફેર સોસાયટી, ડરબન આર્યન બેનેવોલન્ટ હોમ અને મેરીટજબર્ગ આર્યન બેનેવોલન્ટ હોમ અને ફ્રીનીક્સ સંસ્થાને પોતાના સ્વર્ગસ્થ મામા, મી. એચ કેલનબેકની એસ્ટેટમાંથી દાનની ચેકો અપર્ણ કરી હતી. સભાનું પ્રમુખસ્થાન મી. ઓ. ક્રીસ્ટોફરે લીધું હતું. પ્રમુખે સ્વર્ગસ્થ મી. કેલનબેકે સાઉથ આફ્રીકા ના હીંદીઓની કરેલી સેવાઓની તારીફ કરતાં કહ્યું કે મી. કેલેનબેકનું નામ સાઉથ આફ્રીકાના હીંદીઓના હૃદયમાં કાયમનું સ્થાન ધરાવશે.

શ્રી. મણીલાલ ગાંધીએ સ્વર્ગસ્થ મી. કેલનબેક ગાંધીજીના સમાગમમાં આવ્યા ત્યાર પછીની તેમની દુંક જીવનરેખા આપી હતી. મી. કેલનબેક જે એક વખતે અતંત એશઆરામમાં રહેતા હતા તે ગાંધીજીના સમાગમમાં આવતાં કેવા બદલાઇ ગયા અને એશઆરામમાંથી તેમનું જીવન કેવું સેવામય અને ત્યાગી બની ગયું અને ગાંધીજીને પગલે ચુસ્તપણે ચાલવામાં અને સખ્ત ત્યાગી જીવન જીવવામાં ગાંધીજીના અતંત નજીકના મિત્રોને પણ તેમણે કેવા ચાટી દીધા હતા, મી. કેલનબેકે પોતાનું આખું જીવન કેવું ગાંધીજીને અર્પણ કરી દીધું હતું અને ગાંધીજીના નેતૃત્વ હેઠળ ચાલી રહેલી સત્યાગ્રહની મહાન લડતમાં તેમણે કેવો આગળ પડતો ભાગ લીધો હતો અને જેલના સંકટો સહ્યાં હતાં, સત્યાગ્રહીઓના કુટુમ્બોને રાખવા અને પોષવાનો ગંભીર સવાલ ચીંતા ઉપજાવતો રહ્યો હતો ત્યારે મી. કેલનબેક કેવા તુરતજ મદદે આવી પહોંચ્યા અને જોહાનીસબર્ગમાંથી પીસ માટલ ફુટ એક કામ ખરીદી સત્યાગ્રહીઓના કુટુમ્બોને રહેવા માટે તે ખુલ્લું મુકી દીધું અને કેવા પોતે પણ તેઓનીજ રીતે રહેવા લાગ્યા અને તેઓની સાથે મહેનત મજુરીનું કામ હાથે કરવા લાગ્યા વીગેરે તાદ્રશ્ય ચિતાર આપ્યો અને કહ્યું કે એવી સેવા અને એવો ત્યાગ હાલની પ્રજાને માટે એક નવિન વસ્તુ છે. તેમણે કહ્યું કે મી. કેલનબેક આપેલાં ઉદાર દાનને માટે આપણે સૌ તેમના આભારી છીએ પરંતુ એવાં દાનને આપણે લાયક છીએ કે કેમ એ વિષે તેમણે શંકા દર્શાવતાં કહ્યું કે સેવાની ખરી ભાવના આપણામાં નથી. જે કંઈ પણ આપણે કરીએ છીએ તેમાં "અહંભ,વ" મકત થતો હોય છે. મીસીસ લઝારની તારીફ કરતાં તેમણે કહ્યું કે તેઓ પોતાના મામાને પગલે ચાલવા અને તેમનું નામ શોભાવવા સતત પ્રયત્ન કરી રહ્યાં છે.

ચાઇલ્ડ વેલફેર સોસાયટી તરફથી બોલતાં મીસીસ ક્રીસ્ટોફરે કહ્યું કે ઇન્ડિઅન ચાઇલ્ડ વેલફેર સોસાયટી તેને આપવામાં આવતી ચેનીએ ચેની ને સંપૂર્ણપણે લાયક છે અને એ બાબતમાં હું શ્રી. મણીલાલ ગાંધીથી વિરુદ્ધ મત ધરાવું છું. સ્વ. મી કેલનબેક તરફથી આપવામાં આવેલી રકમથી ચાઇલ્ડ વેલફેર સોસાયટી મી. કેલનબેકને નામે એક બંડ બાંધશે.

મી. પી. આર. પથરે મી. કેલનબેક ની સેવાઓની તારીફ કરી અને ઉપરોકત સંસ્થાઓ કોમના ગરીબ વર્ગોની કેવી સેવા બજાવી રહી છે એ જણાવ્યું

મી એસ. એસ. સીંગે આર્યન બેનેવોલન્ટ હોમ તરફથી બોલતાં જણાવ્યું કે આપણા માલદાર ભાઇઓએ આ સંસ્થાઓને જોઇએ તેવો લાગે આપતા નથી. તેમણે મી. કેલનબેક ની સેવાઓની તારીફ કરી અને ચેક ને માટે મીસીસ લઝારનો આભાર માન્યો.

ઈન્ડોનેસીયાથી આવેલો અવાજ

ડો. મલાનને ખુલ્લો પત્ર

સાઉથ આફ્રીકાની સરકારના વડા પ્રધાન ડો. મલાન, એસ,

સાહેબ,—તમારી સેગ્રેગેશનની નીતી, જેનો હેતુ રંગવર્ણો બોકો, જેઓ મુળ જુમીની પેદાયશ છે, તેઓને સાઉથ આફ્રીકામાંથી ઉખેડી કાઢવાનો છે, તેથી તમે માત્ર સાઉથ આફ્રીકામાંજ નહિ પરંતુ જે જે દેશોમાં ગોરાઓ, જેઓ માત્ર વસવાટીઓ છે અને જુમી ના મુળ ધણીઓ નથી, તેઓની વીરુદ્ધ ની અનિવાર્ય પ્રવૃત્તિને વેગ આપી રહ્યા છો. દેખીતી રીતે તમારો હેતુ રંગવર્ણોઓની ઉપર જુલમ ગુજારવાનો છે પરંતુ માનસ શાસ્ત્રના નીયમ મુજબ તમે તેઓને ગોરાઓ વિરુદ્ધ ઉશ્કેરી રહ્યા છો. સાઉથ આફ્રીકાના નેટીવો ને તમે કેટલાક રંગવર્ણો વસવાટીઓ, મુખ્યત્વે કરી હીંદીઓ, વીરુદ્ધ ઉશ્કેરી રહ્યા છો, પરંતુ તમારામાં એટલું સમજવાનું ડહાપણ હોવું જોઇએ કે રંગવર્ણોઓ મુળે ગોરાના વીરોધી છે અને આ સાઉથ આફ્રીકાના નેટીવો અને રંગવર્ણો વસવાટીઓમાં સામાન્ય રીતે પોતાના વર્ણનું ભાન આવશે ત્યારે માત્ર સાઉથ આફ્રીકામાંજ નહિ પરંતુ સઘળા દેશોમાં ગોરાઓનું આવિ બનાવ જશે અને આખા એશીયામાં એક પણ છુરતો આદમ મળશે નહિ. આઝાદ ગોરાઓના હિતમાં એ સમજવાનું પણ તમારામાં ડહાપણ હોવું જોઇએ કે અમેરીકા જેવો દેશ, જેણે જગતનું રાજકીય અને આર્થીક નેતૃત્વ પોતાના હાથમાં લીધેલું છે, ત્યાં પણ ગોરા વસવાટી તરીકેનો હક ધરાવે છે નહિ કે તેના ખરા અર્થમાં એ જુમી ની પેદાયશ તરીકેનો. અમેરીકામાંથી ગોરા ઓને હટાવવાનું કામ ઘણું મુશ્કેલ લાગે છે પરંતુ તમારી રંગવર્ણોઓ વીરુદ્ધની નીતીથી તમે એશીયાના વીશાળ જન સમુદાયને મુકીજ ગોરાઓની વીરુદ્ધ ઉશ્કેરી રહ્યા છો, જેને પરિણામે એશીયાઓમાંથી એકે એક ગોરાને એશીયા ની જુમીમાંથી ઉખેડી કાઢવામાં આવશે.

આ સંકુચિત અને આત્મઘાતક નીતીથી તમે સત્તાના મદમાં અણુબળ પણે એશીયામાં વર્ણાંતર યુદ્ધના બીજ વાવી રહ્યા છો. અને છેવટે આખા એશીયામાંથી ગોરાઓને નાબુદ કરવા નું કામ કરી રહ્યા છો.

આઝાદી ભોગવી રહેલા ગોરાઓના હિતમાં તમારામાં એ સમજવાનું ડહા પણ હોવું જોઇએ કે દુનીયામાં રંગ વર્ણો ગોરાઓની વીશાળ બહુમતી છે અને વર્ણના સવાલપર જો તેઓની ધીરજ ખુટી જશે, અને હું વાંચું છું કે તેમ થશે, તો રંગવર્ણોઓ પ્રત્યેની ગોરાઓ ની સામાન્ય વલણ જોતાં એવો પણ વખત આવી જાય કે દુનીયાના ગોરી વસ્તીવાળા ભાગપર પણ તેઓનું વર્ચસ્વ સ્થપાય અને રંગવર્ણોઓપર ગોરાઓ વર્ચસ્વ ધરાવતા હોવાને બદલે ગોરાઓ પર રંગવર્ણોઓ વર્ચસ્વ ધરા વતા થઇ જાય. ટોલ્સ્ટા શબ્દોમાં કહીએ તો રંગવર્ણો ગોરાઓ પર રાજ કરતા થશે.

ગોરાઓ પોતાની રાજકીય ચુચ્ચાઇ જુમીનું ધણીપણું મેળવવાના દુષ્ટ અને ઘાતકી હેતુથી જુમીના મુળ વતનીઓને ધર્મ અને અન્ય બાબતોમાં લડાવીને દુનીયાની રંગવર્ણો વસતીપર રાજ ચલાવી રહ્યા છે, જો કે મુળમાં તેઓ વસવાટીઓ તરીકે એ જુમીમાં ઘુસ્યા હતા. જ્યાં જ્યાં તેઓ વસવાટી તરીકે ગયા છે ત્યા ત્યા તેઓએ જુમીના મુળ વતનીઓના હકો અને છુટા પચાવી પાડયાં છે અને તેઓની કોમાય અને અપમાનીત દશા કરી પોતે જુમીના ધણી બની બેઠેલા છે.

આઝાદી ભોગવી રહેલા સઘળા ગોરા ઓએ પોતાના હિતમાં એ યાદ રાખવું જોઇએ અને ચેતવું જોઇએ કે રંગ વર્ણો લોકોના તેઓની પોતાનીજ જુમી ન તેઓના નૈતિક અને કાયદેસર હકોની ગોરાઓ તરફથી થઇ રહેલી લુંટની સામે પૃથ્વીપરના મનુષ્યકૃત કાયદા રક્ષણ આપવામાં નિષ્ફળ નીવડશે

ત્યારે એક દિવસ તેની સત્તાનો કુદરતનો કાયદો તેઓની મદદે આવશે અને એ વખતે પછી અમેરીકા જેવા દેશમાં જ્યાં ગોરાઓએ પોતાની રાજકીય કુનેહથી પોતાની સ્થિતિ હીમાલયના જેવી સુરક્ષિત કરેલી છે ત્યાંના ગોરા લોકોની સ્થિતિ પણ સુરક્ષિત રહેશે નહિ. સત્તાના મદમાં અમેરીકાના ગોરાઓ એ સમજતા નથી કે હિમાલય જેવા મહાનમાં મહાન પર્વતોને પણ ક્ષણ પ્રલય હાંકી દઈ શકે છે.

રંગવર્ણીઓ પર ગોરાઓનું વર્ચસ્વ એ દુનીયાના મહાનમાં મહાન રાજકીય કંપ થએલો અન્યાય અને રંગવર્ણીઓ પ્રત્યેની ગોરાઓની સામાન્ય વલણ જોતાં એ બનવું અસંભવીત નથી. પરંતુ ક્ષણ પ્રલયથી મોટામાં મોટા હિમાલય જેવા પર્વતોનું પણ નામ નિશાન રહ્યું નથી તો પછી રેતીના જોરપર હિમાલય જેવી સત્તા જમાવી બેઠેલા અમેરીકાના ગોરાઓની શી વિસાતા આ કુદરતના કાયદાની મુઠ માંથી તેઓ અમમાત્રથે મુકત રહી નહિ શકે.....મને તાજુબી થાય છે કે તમે સાક્ષિય આદોકાના મુઠીભર ગોરાઓ સત્તાના મદમાં કુદરતનો આ અનિવાર્ય કાયદો સમજી નથી શકતા.

આપી આજાદી ભોગવી રહેલા ગોરા ઓના હિતમાં મારી તમને સલાહ છે કે રંગવર્ણો લોકો પ્રત્યેની પ્રવૃત્તિઓ તમારે ઊંડી દેવી જોઇએ અને રંગ વર્ણીઓ એ ભૂતીના પણ ક્રોપ એ રીતે તેઓ પ્રત્યે વર્તવું જોઇએ અને ગોરાઓએ તેઓના નૈતિક અને કાયદે સર ટ્રસ્ટીઓ તરીકે તેઓની રાજ કીય અને આર્થીક ઉન્નતિ અને સામાન્ય સુખાકારીની જવાબદારી સમજવી જોઇએ. તેઓને કેળવણીની અને જીવનનાં સઘળાં સુખ સાધનો પુરાં પાડવાં જોઇએ, અને આખરે તેઓ સ્વતંત્ર રાજ સત્તા ચલાવતા થઈ શકે તેવી તેઓને તાલીમ આપી પ્રમાણીક અને વિશ્વાસુ ટ્રસ્ટીઓ તરીકે તેઓની શુભેચ્છા અને આભારવશી ધન કમાઈ નિવૃત્ત થવું જોઇએ.

કેવળ ખોટા ગર્વ અને અભિમાન થી જો તેમ કરતાં તમે ચુકશો તો હું તમને ખાત્રી આપું છું કે સત્તાનો કુદરતનો કાયદો તમે તમારાપર બહોરી લેશે। અને જ્યાં જ્યાં ગોરાઓએ પેર કાયદે અને અનીતીથી ભૂતીના ખરા ધણીઓના હકો છીનવી લીધેલા છે અને તેઓને નીસહાત વગરના બનાવી દીધેલા છે ત્યાં ત્યાં ગોરાઓપર ભયંકર આફતો આવી પડશે.

તમારો શુભેચ્છક,

કે. એન. કેલવાની.

વિવિધ

"કાલોનીયલ પુથ ડે"

આફ્રીકન નેશનલ કોંગ્રેસ યુથ લીગ (ડરબન), ડરબન ઇન્ડિયન યુથ કોંગ્રેસ અને રહુડન્ટસ લીબરલ એસોસીએશન (વીટવોટર્સરેન્ડ યુનીવર્સીટી) તરફથી એક નિવેદન કરવામાં આવ્યું છે કે ફેબ્રુઆરી તા. ૨૧ મીને। દિવસ "આખી દુનીયામાં કોલોનીયલ યુથ ડે" તરીકે પાળવામાં આવનાર છે. આ દિવસે સઘળી જાતી અને વર્ણના લોકશાસનવાદી યુવાનો સઘળા પ્રદેશોના કચડાયેલા લોકોને પોતાનો સાથ આપવાની પ્રતિજ્ઞા લેશે. સાઉથ આફ્રીકાના યુવાનોને પણ એ દિવસ પાળવાની હાકલ કરવામાં આવી છે.

કાંગ્રાન્વીકાના હીંદીઓ

કાંગ્રાન્વીકામાં આવેલા અરૂપાના હીંદીઓએ હીંદના પ્રજાસત્તાક દિનની ઉજવણી એક દીપાવલીથી કરી હતી જેમાં સઘળી જાતી અને કોમોના નેતાઓ હાજર થયા હતા. હીંદુ યુનીયનના પ્રમુખ શ્રી. નરસીદાસ મહેતાએ હીંદ આજાદ થયા બાદ જે મુશ્કીબતોમાંથી પસાર થયું હતું તેનો ઉલ્લેખ કરી જણાવ્યું કે એટલી એટલી મુશ્કેલીઓ અને ધરતીકંપ; રેલ વિગેરે કુદરતી આફતો છતાં હીંદ આંતરરાષ્ટ્રિય બાબતોમાં પોતાની સ્થિતિ નિભાવી રાખી છે અને પોતાની આંતરિક સુરક્ષિતતાને મજબુત બનાવેલી છે. શ્રી. મહેતાએ જણાવ્યું કે કોમનવેલ્થ માં રહેવાનું હીંદનું પગલું દુરંદેશી મુત્સદ્દિગીરી સુચવનારૂં હતું અને વડા પ્રધાન શ્રી. નેહરૂએ કોમનવેલ્થમાં કોમે કાળો આપેલો છે એ કોમનવેલ્થના વડા પ્રધાનોની કુંક સમયપર મળેલી પરિષદપરથી સિદ્ધ થયું હતું એ પરિષદ માં તેમનો અવાજ શાંતીનો દૂત અવાજ હતો.

ટાંગાન્યીકા વિષે બોલતાં શ્રી. મહેતાએ કહ્યું કે હીંદીઓ આ દેશમાં સ્થાયી વસવાટ કરી રહ્યા છે અને આ દેશને પોતાનો દેશ કરેલો છે ટાંગાન્યીકાને હીંદીઓ હીંદનું એક સંસ્થાન બનાવવા માગે છે એ વાતને તેમણે ગલત ઠરાવતાં કહ્યું કે આ દેશ માં સુલેહશાંતીથી વસી રહેલી કોમો વચ્ચે કુસંપ કરવાનો એ તોફાની પ્રચાર છે. હીંદીઓ ટાંગાન્યીકાના લોકોની સુખાકારી અને ઉન્નતિમાં સમાન હિસ્સો ભોગવશે.

શ્રી. હિંદુ સેવા સમાજ પોર્ટ એલીઝાબેથ

ઉપરોક્ત સંસ્થા તરફથી તા. ૨૬ મી જાન્યુઆરીનો 'આઝાદ-દીન' ઘણો ઉત્સાહ અને આનંદથી ઉજવાયો હતો. પ્રથમ સવારે સાડા-૭-વાગ્યે શ્રી. મુરલિ મુનજરાતી હોલમાં ધ્વજ-વંદન કરવામાં આવ્યું હતું. સાંજે સાત વાગે સામુદાયીક યજ્ઞ અને પ્રાર્થના, પછી, મનોરંજક અને પ્રવાસના ફીલ્મ-શો બતાવવામાં આવ્યા હતાં. ત્યારબાદ સમારંભ રાષ્ટ્રગીતથી વિસર્જન થયો હતો.

પુ. બાપુજીની ત્રીજી પુણ્યતીથી નીમીત્તે ઉપરોક્ત સંસ્થા તરફથી યજ્ઞ અને પ્રાર્થના, પછી પ્રમુખશ્રી તેમજ બહારના તરફથી બાપુજીના જીવન અને આદર્શોપર પ્રવચનો કરવામાં આવ્યાં હતાં. ખાદ ભજન વીગેરે થયા બાદ સભા રાષ્ટ્રગીતથી વિસર્જન થઇ હતી.

ઇન્ડોનેશીયા-હિંદ

ઈન્ડોનેશીયામાં મહાત્મા ગાંધી, પંડીત નેહરૂ અને ટાગોરનું સાહિત્ય

હિંદના અખબારો

સામ્યવાદીઓથી ચેતો

જાન્યુઆરી તા. ૩૨ મીએ શ્રી. રાજગોપાલાચારી, જેઓ સ્વ. સરદાર પટેલની જગ્યાએ ગૃહમંત્રી નીમાયા છે, તેમણે કાપડની મીલોમાં કામ કરતા ટેકનીશીયનોને સામ્યવાદીઓની ધમકી જોયી ચેતતા રહેવા હાકલ કરી હતી. "અમદાવાદમાં તેઓ" તમને પકડવા માંગે છે કેમકે તમે ઉત્પાદનનાં વધારાપર કાબુ ધરાવો છો. કોઇ પણ સિદ્ધાંત કે કુદીનો હું વિરોધ કરવા નથી ચાહતો પરંતુ છળ કપટ અને ધમકીઓને હું નિરસ્કારૂં છું. જેઓ તમને હીંસા અને ગુનાઓ કરવાનું શીખવે છે, ખીલ્લે બેસાડી તમારાપર અંકુશ મુકવા માંગે છે અને તમારી કરિયાદો વિષે અતિશયોક્તિ કરે છે તેઓથી તમે ચેતતા રહો." વધુમાં તેમણે કહ્યું : "જનતાના કામદારો સંગઠીત થાઓ" એટલું માત્ર કહેવાયું બસ થતું નથી. "જનતાના કામદારો કામ કરો," એમ કહેવું જોઇએ. કલ્પના શકતી અને સમજુતીથી સખત મહેનત કરવાની હાકલ કરતાં મહ મંત્રીએ કહ્યું કે, ઉદ્યોગોમાં રોકાયેલા મધ્યમ વર્ગનું ભાવિ તમારી સખ્ત મહેનતના ઉપર અવલંબેલું છે.

બીજી એક સભામાં મહ મંત્રીએ કામદારોને મજબુત પાયાપર મજુર સંઘો સ્થાપવા હાકલ કરી જેથી યોગ્યજે અંશે પણ તેઓ રચનાત્મક કામના અમલમાં મુકી શકે.

આફ્રીકાની ધાતુઓ

અણુશકતીની ઉપયોગી ધાતુઓ, ની હીંદમાં શોધ થઇ છે એમ હીંદ સરકારના એટોમીક એનરજી કમીશને જાહેર કર્યું છે. આ ધાતુઓ વાળી જગ્યા દેશના જુદા જુદા ભાગોમાંથી મળી આવી છે તેનાપર સંશોધનના અને વેપાર અર્થે તેનો ઉપયોગ કરવા ની રીતો વિષે ખાસ લેબોરેટરી અને કારખાનાઓમાં અખતરાઓ ચાલી રહ્યા છે.

હિંદી ભાષા શીખતા એક જર્મન

તા. ૨૩ ડીસેમ્બરના 'હરિજન'માં જણાવે છે કે એક જરમન વિદ્યાર્થી ગાંધીજીના વિચારો સાથે સીધો સંપર્ક સાધવા અને હીંદી ભાષા એક હીંદી તરફથી જેવી રીતે બોલાય છે એ સાંભળવા હીંદી ભાષાનો અભ્યાસ કરી રહ્યા છે તેમનું નામ હર આલબર્ટ રીનબલ્ડ છે અને તે જર્મનીમાં એક ગામડાની નિશાળના હેડમાસ્તર છે. હર રીનબલ્ડ હીંદી ભાષા ચાહનારાઓ સાથે પત્રવ્યવહાર કરવા ચાહે છે તેમનું સરનામું નીચે પ્રમાણે છે. Herr Albert Reinbold, Rektor, Sandhausen, b. Heidbg 2 (Germany).

એક બેડુતની વડા પ્રધાનને ભેટ

પ્રજાસત્તાક દિનના દિલ્હી નજરાના એક ગામડાના બેડુતે વડા પ્રધાન શ્રી. નેહરૂને રંગીન દોરાથી ગુંથેલો એક ખાટલો ભેટ આપ્યો છે એ ખાટલો તે રેલગાડીમાં લઇ ગયો હતો અને માથાપર ઉપાડી વડા પ્રધાન ને ઘેર લઇ ગયો હતો. વડા પ્રધાને પુછયું : "આના બદલામાં તમે શું ઇચ્છો છો?" તેણે કહ્યું : કંઈ નહિ સાહેબ, માત્ર ઉદ્યોગની એક વસ્તુ તરીકે આપ આ સ્વિકારો એટલું બસ્યું છું." વડા પ્રધાને તેનો સ્વિકાર કરી હીંદીમાં પોતાના નામ સાથેની પોતાની છબી એ બેડુતને આપી.

પાડની કારાવાસની કહાણી આગાખાન મહેલના એકવીસ માસનો ઇતીહાસ. લેખીકા ડો. સુશીલા નૈયર. કીંમત શ્રી. ૧૫/-.

કુદરતી ઉપચારો

(લેખક : મી. રોબર્ટ લોરેન્સ મેકફીલીન)

Third Anniversay Of Gandhiji's Death In Ahmedabad

Over one hundred thousand people gathered on the sands of the Sabarmati Ashram, Ahmedabad on January 30, the third anniversary of Gandhiji's death. Six thousand persons plied charkhas and takilis for an hour to mark the occasion. Shri Nehru India's Prime Minister, Mr. Purshottamdas Tandon, Congress President, Mr. C. Rajagopalachari and other members of the Working Committee and the A.I.C.C. attended the prayer meeting. Addressing the huge gathering, Mr. Tandon said: "It is very natural to think of Bapu and his teachings today at a place where he had lived and taught. This spinning is only a result of his teachings. Bapu believed the charkh as an emblem of Swaraj. Very often, he emphasised this point because he felt the charkha was a symbol of human life. Our people forget the ways of ideal life. At a time when we, as a country, were weakening, Gandhiji gave the message of charkha. Through this weapon, he wanted to strengthen the country and break our bond. "Today, we have gained freedom as the result of Gandhiji's campaign against the foreigners. But we cannot claim that today we are observing what Gandhiji taught us. The work began by Gandhiji is yet unfinished. If we follow the methods he has shown, we can solve our problems and establish real Swaraj. "We should not simply pay lip sympathy to Mahatmaji. Every man and women should strive to raise the moral standard of the country. For giving work to the unemployed in the villages and reaching food to every Indian, we can use the charkha very effectively. Many think of the food problem first. But one should not forget that food is only one of our needs in our life journey. We should not forget our morals. Today, we find in our bazaars various foreign goods that only cause more unemployment. We have to choose between the foreign goods that take away the food from our brethren and the Gandhian method of spreading small industries in the villages. I believe that certain centralised industries have to exist. But we must canalise our vast man-power into small industries if we have to eradicate poverty and unemployment. We should not think of high or low prices but we should only aim at giving employment to every human being."

A Peasant's Gift To Prime Minister

A peasant from a village near Delhi has presented a cot woven with coloured cotton cord to Prime Minister Nehru as his Republic Day present. He brought the cot by train and carried it on his head to the Prime Minister's residence. "What would you like to have?" asked Shri Nehru to him. "Nothing Sir, I just want you to accept this as a cottage industry product," the peasant replied. The Prime Minister accepted the present and gave him his photograph autographed in Hindi.

South East Asian Literature And India

A plan for the publication of ancient literature of Indonesia, China, Burma and Thailand with particular emphasis on the cultural relations between India and these countries was outlined in New Delhi on February 4 at a meeting of the International Academy of Indian Culture. Representatives of these South East Asian Countries were present. The Director of the Academy Raghu Vira said that this literature of China, Indonesia, Thailand, Burma and other countries began 1500 to 2000 years ago. Dr. Hu of the Chinese Embassy referred to the long contacts China has had with India and expressed the hope that just as in the past Indian and Chinese scholarship had combined to produce notable results, so would it be in the future.

Physical Training Parade On Battlefield

The Indian Field Ambulance Unit now in Korea has in addition to its work of tending the sick and wounded in the field, achieved success in another sphere. It has made physical training popular among Koreans and Americans. In the biting cold of Korea on the morning of their arrival, men of the Indian ambulance started a physical training parade in order to keep themselves warm. It attracted a large crowd. Americans liked it and true to their tradition gave it a name of their own—'Precision Parade.' Koreans, not being outdone, began their own physical training and called it just fun.

A German Studying Hindi

The 'Harijan' dated the 23rd December 1950 publishes news of a German student who has been studying Hindi in order to obtain direct contact with Gandhiji's ideas and to hear Hindi as spoken by an Indian. He is Herr Albert Reinbold and is Headmaster of a village school in Germany. Herr Reinbold is desirous of entering into correspondence with lovers of Hindi, his address being:—Herr Albert Reinbold, Rektor, Saudhausen b. Hdlbg 2 (Germany).

Australia-India

Replying to Prime Minister Nehru's message on the Jubilee Anniversary of the foundation of the Commonwealth of Australia, the Acting Prime Minister of Australia says: "At this time your good wishes and greetings have especial significance and will be received with more than usual pleasure by my Government and the people of Australia. My Government, I and the people of Australia most warmly share your hopes for continued co-operation of our countries in the cause of peace not only in our own area but also in the world at large."

Asian Olympic Games

Special commemorative stamps will be brought out by the Post and Telegraph Department during the forthcoming Asian Olympic games commencing at New Delhi on March 4. Stamps are imprinted with a design symbolic of the occasion, namely, a hand bearing a torch. Other countries participating in Asian games are also expected to issue commemorative stamps.

Tanganyika Indians

Arusha Indians celebrated the Republic Day by a Tea Party, attended by leaders of all communities and races. On the occasion Shri Narshidas Mehta, the President of the Hindu Union referred to the difficult days through which India had passed since her freedom and to the fact that in spite of difficulties, including natural calamities like floods and earthquakes she had held her position in international affairs and stabilised her internal security. Her remaining in the Commonwealth, Shri Mehta said was an act of farsighted statesmanship and the contribution that the Prime Minister, Shri Nehru, has made to Commonwealth was illustrated at the recent Commonwealth Prime Ministers' Conference in which his voice was the authentic voice of peace. Referring to Tanganyika Shri Mehta said that Indians have settled there and have adopted it as their own country. He repudiated the suggestion that they wanted to establish an Indian Colony in Tanganyika and said it was mischievous propaganda to create a rift between the communities staying peacefully in the territory. The Indians, he said, would share equally in the welfare and upliftment of the people of Tanganyika.

WANTED

TELEGU TEACHER, Salary £120 × £10—£160, with free quarters. Applicants to state qualifications, past experience and enclose certified copies of testimonials and certificates to:—President, Stanger & Dist., Andhra Sabha, Box 29, Stanger.

Books For Sale

Tagore's Literature

Essays, Novels, Poems and Plays

SACRIFICE	(Novel)	2	6
GORA	(Novel)	9	0
MASHI	(Novel)	5	0
LOVER'S GIFT	(Poems)	3	6
CHITRA	(Play)	3	6
STORIES FROM TAGORE	(Short Stories)	3	6
STRAY BIRDS	(Short Poems)	3	6
RED OLEANDERS	(Play)	4	0
HUNGRY STONES AND OTHER STORIES		5	6
THE HOME AND THE WORLD	(Essays)	6	0
GLIMPSES OF BENGAL	(Essays)	3	9
REMINISCENCES		5	6
POEMS OF KABIR		3	9
POST OFFICE	(Play)	2	6
THE KING OF THE DARK CHAMBER	(Play)	3	0

Obtainable from:

'Indian Opinion'
P. Bag, Phoenix,
Natal.

Golden Number

OF

"INDIAN OPINION"

Souvenir

Of The

Passive Resistance Movement

1906—1914

Price: Four Shillings.

Obtainable From :

"Indian Opinion"
Phoenix, Natal.

Books For Sale

Shri Aurobindo's Religious Books

LIGHTS ON YOGA	3	6
KALIDAS	3	3
ISHA UPANISHED	5	9
THE RENAISSANCE IN INDIA	3	9
HERACLITUS	3	3
IDEAL AND PROGRESS	3	0
THE NATIONAL VALUE OF ART	3	9
THE MOTHER	3	9
BANKIM—TILAK—DAYANANDA	3	6
AUROBINDO MANDIR ANNUAL 1943-44-45	10	6
COLLECTED POEMS AND PLAYS (Part 1 & 2	27	0
THE RIDDLE OF THE WORLD	3	9
THE BRAIN OF INDIA	1	3

Obtainable from:

'Indian Opinion'
P. Bag, Phoenix,
Natal.

'INDIAN OPINION'

(Founded By Mahatma Gandhi In 1903)

For The Moral, political and Social Advancement Of Indians In South Africa.

Published Every Friday.

Subscription Rates

Payable Always In Advance.

Within the Union	30s.	Annually
" " "	15s. 6d.	Half-yearly
Outside the Union	30s.	Annually
" " "	15s.	Half-yearly

Become a Subscriber and persuade your friends to do likewise.

Apply to—

Manager,
Indian Opinion,
Phoenix, Natal.

ઇન્ડિયન ઓપિનિયન

મહાત્મા ગાંધીજીના હસ્તે સને ૧૯૦૩માં સ્થપાયું.

પ્રસ્તક ૪૯ મું—અંક ૮ | શુક્રવાર તા. ૨૩ ફેબ્રુઆરી, ૧૯૫૧. | છુટક નકલ પેની.૬

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૨૩ ફેબ્રુઆરી, ૧૯૫૧.

ગોરાની સત્તા અને પ્રતિષ્ઠા

યુનીયનના હીંદીઓનું ભાવિ ઘડાઇ ચુકયું છે, આફ્રીકનો નું ઘડાઇ ચુકયું છે, અને હવે "કલર" લોકોનો વારો આવ્યો છે. એક સૈકાથી જે હક્ક તેઓ ભોગવી રહ્યા હતા તે કલમના એક ઝપકાથી તેઓની પાસેથી છીનવી લેવામાં આવનાર છે. દુરદીપણા ની સઘળી વાતોને સમુદ્રમાં ફેંકી દેવામાં આવી છે. સાઉથ આફ્રીકાની રાજકરતી પ્રજા રાજ કરતી થઇ ત્યારથી દંભ કરતી આવેલી છે. તેનો દંભ હવે ચાલવાનો નથી કારણ દૈયતના માં સત્ય જાણવા જેટલું જ્ઞાન આવેલું છે અને હવે તે ઉતરાય તેમ નથી.

સાઉથ આફ્રીકાના કચડાયેલા લોકો ઘણા વર્ષોથી પોતાની સ્થિતિ સુધરવાની ધીરજથી રાહ જોઇ રહ્યા હતા. તેઓ જોઇ શકયા છે કે અમુક મર્યાદા સુધી જ તેઓને પ્રગતી કરવા દેવામાં આવે છે. એ મર્યાદાની આગળ જાય તેવીજ તેઓની પાંખ કાપી નાખવામાં આવે છે. સાઉથ આફ્રીકામાં બીન-ગોરી પ્રજાઓને માટે રાજકરતી પ્રજાના ગુલામ થઇને રહેવાનોજ દરજ્જો સરજાયેલો છે. એપાર્ટહેઇડનો બીજો કશો અર્થ નથી.

આપણે હીંદીઓ જેઓ સાઉથ આફ્રીકાની બીન-ગોરી વસ્તીનો એક ભાગ છીએ, તેઓ પ્રમાણમાં મુઠીભર છીએ. રાજકરતી પ્રજા ની જેમ આપણે આ દેશમાં સત્તા ભુંટવી લેવા નહોતા આવ્યા. આપણા પુર્વજોને સસતા મજુરો તરીકે આ દેશની ખીલવણી કરવાને લાવવામાં આવ્યા હતા અને તેઓએ પોતાનો લોહી, પરસેવો આપ્યાં છે. બદલા માં તેઓને વચન આપવામાં આવ્યું હતું કે તેઓ આ દેશમાં સ્વતંત્ર નાગરીકો તરીકે વસી શકશે. પરંતુ જેવી તેઓની સંખ્યા વધવા લાગી અને તેઓ વાચાળ બનવા લાગ્યા તેવીજ રાજકરતી પ્રજાએ તેઓની પાંખ ઉપર કાતર મુકી. પહેલાં પાર્લામેન્ટરી અને પછી મ્યુનીસીપલ મતાધિકાર તેઓની પાસેથી છીનવી લેવામાં આવ્યો, કારણ રાજકરતી પ્રજાની સર્વોપરિતાને તે ભયરૂપ જણાયો. આજે હવે હીંદીઓને ધારાસભામાં કશો અવાજ નથી અને તેથી તેઓને પોતાને સ્થાને રાખી શકાય છે. તે પછી નેટીવોનો વારો આવ્યો. ૧૯૩૬ માં તેઓની પાંખો કાપી નાખવામાં આવી પરંતુ તેઓ તો યુનીયનની વસતીનો સૌથી વિશાળ ભાગ હતા અને તેથી તેઓને સાવ પ્રતિનિધિત્વ વગર ના ન કરી શકાય. એટલે તેઓ ને પોતાના ત્રણ યુરોપીયન પ્રતિનિધિઓને ધારાસભામાં ચુંટવા નોખી મતદારી આપવા માં આવી. આજે હવે ભય લાગી રહ્યો છે કે એ પ્રતિનિધિત્વ પણ રાજકરતી ગોરી પ્રજાની સર્વોપરિતાને હરકત કરનારું થઇ પડશે એટલે એ જુજ હક પણ તેઓની પાસેથી છીનવી લેવા નો ગંભીરપણે વીચાર ચાલી રહ્યો છે. અને હવે કલર્ડ લોકો પણ ભય ઉપજાવી રહ્યા છે એટલે તેઓની પાંખ ઉપર પણ કાપ મુકાવાનો છે. આ બધા ની પાછળ હેતુ માત્ર એજ રહ્યો છે કે આ દેશપર સદા ગોરાનું જ તંત્ર ચાલે અને ગોરા સુધારોજ પ્રવર્તે એ વાત નેશનલીસ્ટ સરકાર બીલકુલ છુપાવતી નથી.

રાજકરતી પ્રજામાં એવા ઘણા લોકો છે કે જેઓ સારી રીતે સમજે છે કે દમન અને જુલમની નીતીને અનુસરવાથી ગોરાની સર્વોપરિતા અને ગોરા નો સુધારો ટકી શકવાના નથી, પરંતુ દુરદીશ તરીકેની પ્રમાણીક પણે ફરજ બજાવવાથી અને જાતી કે વર્ણને ભેદ રાખ્યા વિના સઘળા લોકોને પોતાના જેવીજ લાગવીઓ અને અભિલાષાઓ ધરાવનારા મનવીઓની જેમ રાખવાથીજ ટકી શકશે. પરંતુ તેઓનામાં કેટલાક ઉગ્ર સ્વભાવના લોકો છે કે જેઓ હાલ સત્તા ધરાવતા અતિ મત્યાચારી તત્વની સાથે જોડાઇ ગયા છે અને તેઓ માત્ર આ દેશને જ બેસુમાર નકસાન પહોંચાડી રહ્યા છે એટલુંજ નહિ પરંતુ ગોરી અને બીન-ગોરી પ્રજાઓ વચ્ચે વિષ વિમ્હના બીજ રોપી રહ્યા છે.

કેટલાક લોકો છે કે જેઓ એ દિવસ આવવાની રાહજ જોઇ રહ્યા છે અને એ વસ્તુ સ્થિતિ લાવવાને જે કંઈ પણ તકો મળે તેનો પુરેપુરો લાભ ઉઠાવી રહ્યા છે. સઘળા સમજદાર લોકો એ સ્થિતિ આવી પડે એ દિવસથી ધ્રુજે છે અને તેને રોકવાને પોતાનું બનતું કરી રહ્યા છે. પરંતુ અનિષ્ટ તત્વો આજે પોતાનું વર્ચસ્વ જમાવી રહ્યા છે અને ભવિષ્ય ઘણુંજ કાળું દીસે છે.

સાઉથ આફ્રીકામાં બીન-ગોરી પ્રજાઓને તો શાંતી જોઇએ છે. તેઓ કંઈ તકલીફ શોધતા નથી. તેમ આ દેશનું તંત્ર ચલાવવાની અભિલાષા પણ સેવતા નથી. તેઓ એટલુંજ ઇચ્છે છે કે તેઓ ને સ્વમાની માનવીઓ તરીકે રાખવામાં આવે અને કોઈ પણ અન્ય પ્રજાની સમાન પોતાની પ્રગતી કરવાની તકો આપવામાં આવે. કોઈ પણ પ્રજાની પ્રગતી ને રોકી શકાતી નથી. કુદરત પોતાનું કામ કરે છે. હીંદમાં બ્રીટીશે પાંત્રીસ કરોડની પ્રજાની પ્રગતી રોકવાનો બસો વર્ષ સુધી પ્રયત્ન કર્યો પરંતુ અંતે તેઓ નીષ્ફળ નીવડયા. એજ રીતે સાઉથ આફ્રીકાની ગોરી રાજ કરતી પ્રજા બીન-ગોરી પ્રજાની પ્રગતી રોકવામાં નીષ્ફળ નીવડશે. નેશનલીસ્ટ સરકાર જો એમ માનતી હોય કે બીન-ગોરી પ્રજા ઓની સામે દમનના એક પછી એક કાયદા લાવવાથી સાઉથ આફ્રીકાની સત્તા અને પ્રતિષ્ઠા વધી રહી છે તો તે ભ્રમણામાં છે. તેમ કરવાથી બીન-ગોરી પ્રજાઓ કદી નહિ હતી તેવી સંગઠીત થતી જાય છે અને ગોરાં સાઉથ આફ્રીકાની સત્તા અને પ્રતિષ્ઠાનો પાયો હલી રહ્યો છે.

કલર્ડ લોકોના હયાત મતાધિકારના હકો છીનવી લેતાં અને તેમ કરી ગોરાના વચનનો ભંગ કરતાં સરકારને રોકવા સરકારની સમક્ષ એક રાક્ષસી પીટીશન રજુ કરવાની હીલચાલ ચાલી રહી છે. ભાન ભુલેલી સરકાર ભાનમાં આવે એ વીશે અમને શંકા રહે છે. બીન-ગોરી પ્રજાઓનો ઉદ્ધાર કરસુનીસ્ટોની રીતોને અનુસરવા માં નહિ પરંતુ ગાંધીજીએ નિર્દેશેલા માર્ગને અનુસરવામાંજ રહેલો છે. આ અંકનાં મુખપૃષ્ઠ પર આપેલાં ગાંધીજીના વચન ફરી ફરી વાંચવા અને તેનું રહસ્ય સમજવા વાચકોને અમે વીનંતી કરીએ [illegible]

નોંધ

સર્ટીફીકેટ ઓફ આઇડેન્ટીટી બસ વર્ષ ચાલશે

કેટલાક આફ્રીકનોની ફરીયાદ હતી કે તેમને હવે સર્ટીફીકેટ ઓફ આઇડેન્ટીટી એકજ વર્ષની મુદતને માટે આપવામાં આવે છે. યુનીયન ખાતાં સાથે એ બાબતમાં પત્રવ્યવહાર કરતાં કમીશનર ફોર યુનીયન એન્ડ એશીયાટીક એફેર્સ તરફથી હવે અમને સત્તા વાર જણાવવામાં આવ્યું છે કે ખાતાં એ ઠરાવ કર્યો છે કે ભવિષ્યમાં હીંદ જતા લોકોને સર્ટીફીકેટ ઓફ આઇડેન્ટીટી આપવામાં આવશે તેની મુદત ૧૯૫૦ ના ઓગસ્ટની પહેલાં હતી તે મુજબ બસ વર્ષની કરવામાં આવશે.

રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ માટે હિંદે યુનીયનને કરેલી માગણી

'સન્ડે ટાઇમ્સ'નો બ્રસલ્સનો ખબરપત્રી જણાવે છે કે, બંધનમાં હીંદીઓની મંડળીઓમાં વાત છે કે હીંદ સરકારે સાઉથ આફ્રીકાના હીંદી સવાલપર આવતા માસમાં રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ ભરવાની યુનીયન સરકારને માગણી કરી છે. માગણી સરકારી પ્રતિનિધિદ્વારા પરમારી પ્રીટોરીયા મેાકલવામાં આવેલી જણાવાય છે. કોન્ફરન્સનું સ્થળ ન્યુ દિલ્હી અથવા લંડન સુચવવામાં આવ્યું છે. વધુમાં સુચવવામાં આવ્યું છે કે કોન્ફરન્સ પહેલાં કે દરમીયાન ગ્રુપ એરીયાઝ એક્ટનો અમલ કરવામાં નહિ આવે. માનવામાં આવે છે કે સાઉથ આફ્રીકા ની નીતીમાં યુનાઇટેડ નેશન્સદ્વારા કે કોઇ પણ અન્ય રીતે પરત્વે મહત્વનો ફેરફાર કરાવી શકવાની તુરતમાં કશી આશા જોવામાં આવતી નથી. અને તેથી હીંદ સરકાર સાઉથ આફ્રીકાના હીંદીઓને માટે હાલના પોરણે બની શકે તેટલી સગવટ કરવા માગે છે. જો કોન્ફરન્સ ભરાશે તો હીંદના ડેલી ગેઝેટના પ્રમુખ શ્રી. રાજગોપાલાચારી પણ સંભવ છે અને સર શંકર લાલ પણ એક સભ્ય નીમાવા સંભવ છે.

સાઉથ આફ્રીકન કન્સ્ટીટ્યુટ ઓફ રેસ રીલેશન્સ

સાઉથ આફ્રીકન કન્સ્ટીટ્યુટ ઓફ રેસ રીલેશન્સના પ્રમુખ મી. જે. ડી. રાઇનહર્ટ જોન્સ એક અખબારી નિવેદન માં જણાવ્યું છે કે: "હું દિલગીર છું કે નેટીવ ખાતાના પ્રધાને કન્સ્ટીટ્યુટ ઓફ રેસ રીલેશન્સના એક ડેપ્યુટેશન ને મુલાકાત આપવાની ના પાડી છે કેમકે તેમાં એક આફ્રીકન, પ્રોફેસર ડી. ડી. ટી. જબાવુ છે, જે કન્સ્ટીટ્યુટ ના ઉપ-પ્રમુખ છે અને એક પ્રતિષ્ઠિત સજ્જન છે. મારા ત્રીસ વર્ષના જાહેર કાર્યમાં આ પહેલવહેલોજ પ્રસંગ કે જ્યારે રાજ્યના એક પ્રધાને કે અંતમાં સાઉથ આફ્રીકામાં ગોરાનો દબદબો ટકાવી રાખવાનું કે તેઓનું ધ્યેય છે તેને ઉભેદી નાખશે."

ઓપાર્ટહેડ પર ડો. મલાન

ડો મનવેલ્યના ફીડીશ રૂંવેલાન મંત્રી, મી. વેર્ટોઇ ગોર્ડન વોકર ના માનમાં હેમખારી તા. ૬ મીના ડેપ ટાઉનમાં આપવામાં આવેલાં ખાણું પ્રસંગે ભાષણ કરતાં યુનીયનના વડા પ્રધાને કહ્યું. મલાને યુનીયન સરકારની ઓપાર્ટહેડની નીતી વિષે સુચન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે:

"એ નીતીને વિષે અહીં મારે ખુલાસો કરવાની જરૂર રહેતી નથી. અને તેને માટે મારી તો હું આજે કહી પણ માંગવાનો નથી. એટલું જ કહેવું બસ થશે કે, સાઉથ આફ્રીકા એવી અસાધારણ સ્થિતિમાં મુકાયું છે કે તેની યુરોપીયન વસ્તીએ આ દેશને પોતાની માતૃભુમી લેખીને તેમાં ઉંડાં મુળ ઘાલેલાં છે. નોનેયુરોપીયનેા જેમની વસતી તેઓના કરતાં ઘણીજ વધારે છે, તેમની આધ્યાત્મિક, સંસ્કૃતિક અને આર્થીક ઉન્નતિ તેઓનાં પોતાનાં જાતીય સંગઠન અને નેતૃત્વની સાથે અભેદ રીતે સંકળાયેલી છે એ વસ્તુ તેઓ સારી રીતે સમજે છે.

સાઉથ આફ્રીકાની ગોરી પ્રજાઓનેા, પોતાનાં જાતીય સંગઠન, સત્તા અને નેતૃત્વ, જેના તેઓ પોતાના ઇતિહાસના અને વધારે ચડીયાતા સુધારા ના આધારે અધિકારી છે, તેનું રક્ષણ કરવાને બનતું સઘળું કરવાનો દઢ નિશ્ચય છે. અમારી હસ્તીનો આધાર તેના પર રહ્યો છે અને "બનતું સઘળું" નો અર્થ શું થાય છે એ સાઉથ આફ્રીકાના ઇતિહાસે સિદ્ધ કરી આપેલું છે.

આથી સાઉથ આફ્રીકાએ દઢ સંકલ્પ કરેલો છે કે સાઉથ આફ્રીકાનું તંત્ર સાઉથ આફ્રીકા પોતે જ ચલાવશે; નહિ કે બીજો તેની સરહદની બહાર નો કોઇ પણ દેશ કે દેશો.

મારે બાગેજ કહેવાની જરૂર હોય કે જે સત્તાની વાત હું ઉપર કરી ગયો તેનો અર્થ દમન, તિરસ્કાર, બેપરવાહ કે નિષ્કાળજી નથી થતો. સાઉથ આફ્રીકા એ એકજ એવો દેશ નથી કે જ્યાં ગોરી અને બીનગોરી પ્રજાઓ સાથે વસે છે, અથવા તો પછાત પ્રજાઓની ઉન્નતિની મુખ્ય જવાબદારી ગોરી પ્રજાની ઉપર રહેલી છે. સર કારી દસ્તાવેજોના આધારે અમે સર ખાવણી કરી શકવાની સ્થિતિમાં છીએ.

અને તેના આધારે હું હીંમતથી કહીશ કે, સાઉથ આફ્રીકા પોતાની નેટીવ પ્રજાઓની સામાજીક અને આર્થીક ઉન્નતિને માટે જે કરી રહ્યું છે તે આફ્રીકાના સંસ્થાનીક પ્રદેશોમાં તંત્ર ચલાવનાર બીજા કોઇ પણ યુરોપીયન દેશના કરતાં ઘણુંજ વધારે છે.

આ બાબતમાં સાઉથ આફ્રીકાને વખોડી કાઢનારા કહેવાતા કુનીયાના પ્રજામત, જે સામાન્ય રીતે અજ્ઞાનકાર હોવાના કરતાં ગેરમાર્ગ વધારે કરનારો છે, તેને અમે ખાત્રીપુર્વક ચેલેંજ કરી શકીએ છીએ. અમારો બચાવ અમે સારી રીતે કરી શકીએ છીએ. અમે માંગીએ તો પ્રહાર પણ વધારે સારી રીતે કરી શકીએ એમ છીએ.

ડો. મલાનના ચેલેંજનો જવાબ

મી. જે. એચસ્સુ. જી. ચેમ્પીયન, જે આફ્રીકનોની બાબતમાં સત્તાવાર રીતે બોલી શકે છે, તેમણે "નાટાલ મરકયુરી"માં નીચે પ્રમાણે લખ્યું છે:

સાવેજ,—ડો. મલાન જ્યારે એમ કહે છે કે નેટીવો પરના બીજા કોઈ પણ તંત્રની સાથે અહીંનું તંત્ર સર આવવા પોતે તયાર છે ત્યારે તે વજન સમજીને બોલે છે. આફ્રીકાના અન્ય યુરોપીયન વસ્તવાટીઓ દેશના મુળ માલીકોને રાજ્યની બાબતોમાં અવાજ આપે છે ત્યારે ડો. મલાનની સરકાર આગલી સરકારો તરફથી આપવામાં આવેલી વસ્તુઓમાંની પણ ઘણી છીનવી રહી છે.

ડો. વરવુર્ડ નેટીવ કમીસીનરોને નેટીવોને આપવામાં આવતી જરીબી ની રકમ પાછી ખેંચી લવાની સુચના આપી છે. નેટીવ છોકરાંઓને નિશાળો માં ખોરાક આપવાનું બીલકુલ બંધ કરી દેવામાં આવ્યું છે. નિશાળે જતાં નેટીવ છોકરાઓ માટે ચોપડીઓ ખરીદ વાનું સરકારે બંધ કર્યું છે. મકનોલ્ડ જેવા લોકલ કેલ્થ કન્ટ્રોલના સત્તાઓ માં આફ્રીકનોને નોકરી શીખતા અટ કાવવાના પગલાં લેવામાં આવ્યાં છે. નેટીવોને પોતાનાજ મુળ વતનમાં જમીન ખરીદવા દેવામાં આવતી નથી.

આ સઘળા પ્રતિબંધીત પગલાં ડો. મલાનની સરકાર તરફથી લેવાયાં છે, જેણે એક વખતે શાંતીથી રહેનારા નેટીવોને, આ દેશમાં ગોરાનું તંત્ર આવ્યું ત્યારબાદ આવેલી કોઈ પણ સરકાર કરતાં વધારે દુઃખ દીધેલું છે.

ડો. મલાન જ્યારે મી. ગોરડન વોકરને પોતાના સાઉથ આફ્રીકા એકટ ની વાત કરે છે ત્યારે તેમણે તેને જે પણ કહેવું હોય એમ કહે કે આફ્રીકનોના સંબંધમાં ■ કાયદાનો તેમની સરકારે કેવો ધાતકીપણે વિચ્છેદ કરેલો છે.

આખર તો હદની વાત છે કે યુનીયન ની સરહદની અંદર મી. ગોરડન વોકર ની રૂબરૂ સત્ય હકીકત રજુ કરવા તેમની મુલાકાત લેવાને અમને કોઈ પણ સાધન નથી.

ભક્તિમાર્ગી ઠક્કરબાપા

(તા. ૨૨–૨–૫૧ ને રાજ પ્રાર્થના બાદ પોતાના નિવાસસ્થાન પવનારમાં શ્રી વિનોબા ભાવેએ સ્વ. ઠક્કરબાપાને આપેલી અંજલી)

"જે કા રંજલે ગાંજલે, ત્યાંસિ જે જનાર્દન ।
તો જિ દેવુ ભોંકસાયા, દેવ તેણેંચિ જાણવા ॥"

(જે દુઃખી દરિદ્રોને પોતાનાં કરે છે, તેને જ સાધુ જાણવો. દેવ સાંજ રહે છે એમ જાણવું.)—તુકારામ મહારાજનો આ અભંગ બહો પ્રસિદ્ધ છે. આજે જે પુરુષના અવસાનના સમાચાર આપણે સાંભળ્યા છે, તેનું ચરિત્ર આ અભંગમાં વર્ણવ્યા પ્રમાણેનું છે. અને હું જાણું છું કે તુકારામ જો આ અભંગ ઠક્કરબાપાને અર્પિયમ પ્રિય હતો. તેમની માતૃભાષા જોકે ગુજરાતી હતી, પણ તેમને મરાઠી પણ સારું આવડતું. ગોખલે, કેળકર વગેરે ભારતસેવક સમાજની સંગતિમાં તેમનો કાળ ગયો. અને ત્યાંથી જ તેમને સેવાની પ્રેરણા મળી. તેમના જીવનનો બધો પૂર્વભાગ કુટુંબના ભરણપોષણમાં ગયો, અને ત્યાર પછી પૂરું આયુષ્ય તોડીને તેઓ દીનજનોની સેવામાં લાગી ગયા. જીવનનો પૂરો ઉત્સાહ તેમની જ સેવામાં તેમણે સમર્પિત કર્યો.

તાજેતરમાં આપણે બે મહાપુરુષોનું સ્મરણ કર્યું હતું. હવે આ ત્રીજા પણ તે જ પંક્તિમાં દાખલ થયા છે.

અરવિંદ ઘોષ ધ્યાનયોગી હતા. તેમનું ધ્યેય બહુ જ ઉચ્ચ હતું. પૃથ્વી પર તેઓ સ્વર્ગ લાવવા ઇચ્છતા હતા. મનને તેમને ઊન્મન (અનિમનસ) કરવું હતું, અને તે ઊન્મનનું અમૃત આખા સમાજમાં પહોંચાડવું હતું. આવું હિમાલયસર ધ્યેય તેમણે રાખ્યું તેથી તેમની સફળતાની અપેક્ષા જ રાખવા જેવી નહોતી. તે માટેનો યત્ન જ કરતા રહેવાનો હતો. તે તેમણે કર્યો. અને તે પ્રયત્નમાં આદરણીય જેવી અસફળતા જોઈએ તેવીને તેઓ મળ્યા.

વલ્લભભાઈનું ધ્યેય આની તુલનામાં મર્યાદિત હતું. સમાજનું સંગઠન કરવું, સમાજની શક્તિ વધારવી, સમાજસંગ્રહ (ઑર્ગેનાઇઝેશન) સાધવો, આ તેમનું ધ્યેય હતું. આ ધ્યેય કાંઈ ઓછું ઉચ્ચ નહોતું પરંતુ માનવ પ્રકૃતિની અપાર પરત નહોતું તેમાં કાંઈક સફળતા અને કાંઈક અસફળતા મળવાની હતી. તે બંને જોગવીને તેઓ ગયા. તે એક મહાન કાર્યયોગી હતા એમ મેં તેમનું વર્ણન કર્યું છે.

ઠક્કરબાપાનું ધ્યેય બધું સાદું હતું—તમારા આપણા સર્વની શક્તિની અંદરનું. તે ધ્યાનયોગી નહોતા, અને જે તેઓ નીરંતર કર્મ કરતા હતા તેમાંથી કંઈ તેમને કર્મયોગથી તો કહીએ નહીં. પણ તે ભક્તિમાર્ગી હતા. ભક્ત હતા. પીડિતનાં દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરવો એજ તેમનું ધ્યેય, એજ તેમનું કર્મ, એ જ તેમની ભક્તિ, અને એ જ તેમનો માર્ગ. તુકારામે કહ્યું છે કે, "ભક્તિપંથ બહુ સરળ છે. કાલ્યુગમાં બીજા બધા માર્ગો કઠીન થયા છે, કલિયુગમાં કષ્ટસાધ્ય સાધના બનતી નથી." ધ્યાનયોગ કોણ કરે? એક જન્મારે ચાળીસ ચાળીસ વર્ષ કોણ પુરશ્ચરણ કરે? અરવિંદ જેવાનું જ એ કામ. તે જ પ્રમાણે સમાજના પ્રતિનિધિ બનીને બધાની વતી છાતી પર વા ઝીલે અને સૌકડો માલગાડીના ડબ્બા પોતાની શક્તિથી ખેંચીને લઈ જાય, એવા ભીમસેનનું કામ કોણ કરે? તે એકાદ સરદાર વલ્લભભાઇ કરે અથવા તે જ કક્ષાનો કોઇ બીજો હરી જે જ કરે. પણ તમારા મારા જેવા આ વિષમ કાળમાં એ કેમ કરી શકે?

તુકારામને આપણે ઘણું ઐક્ય સ્થાન આપ્યું છે, પણ તેઓ પોતે તો પોતાને તમારા મારા જેવા જ સમજતા હતા. તે કહે છે: "મારાથી બહુ કષ્ટસાધના થતી નથી, માટે ભક્તિમાર્ગ જ સારો લાગે છે. દે દેવ, તારા મોટા ભેદા બાકતો ઘણા બધા, તે બધું ઉંડો વીચાર કરતા. જપ તપ પ્રત્યાદિ સાધનો કરતા. પણ જપ, તપ વગેરે મારાથી તો વીચારી શકાતાં જ નથી. હું દીન તારી કરુણા જ માગી શકું, અને જેટલાં દીનનાં દુઃખો મને સમજાય છે, તેટલી મારે તેમની સેવા કરવી."

ઠક્કરબાપાની આ ભૂમિકા હતી, અને તેથી તેમને માટે અરવિંદના જેવી દિવ્ય અસફળતા નહોતી. કે સરદાર વલ્લભભાઇના જેવી ભવ્ય સફળતા-નિષ્ફળતા નહોતી; પણ આખા જીવનમાં જે સમત્વ જેવી સારી સફળતા જ તેમને માટે હતી. એકાદ તરસ્યા માણસને પાણી પાયું એટલે કામ સફળ જ થયું. તરત દાન, મહાપુણ્ય. તેમાં ઉધારનું કામ જ શું? તરસ્યો થાય તૃપ્ત, અને પાનારો થાય મહાતૃપ્ત. બંને વાત તત્કાળ જ જોઇ લેવી. ભગવાન કહે છે ને, "આ સેવાનો રાજમાર્ગ ઘણો સરળ છે; એનું ફળ પ્રત્યક્ષ છે." અત્યારે જ કરવું અને અત્યારે જ મેળવવું. આજે જમ્યા પછી પેટ ભરીની તૃપ્તિ આપે કાલ સુધી ચાલ જોવી પડે છે? તે જમતાં જમતાં જ મળે છે.

જેમણે સેવાનો પંથ ઠક્કરબાપાએ પસંદ કર્યો અને દુનીયાને માર્ગ દેખાડી ગયા. હવે તમારું આપણું કામ છે. તેઓ તો સફળ થઈને ગયા પણ દુનીયામાંથી દુઃખ ગયાં નથી. જ્યાં સુધી પરમેશ્વરને આ સેવાનો માર્ગ સાબૂત રાખવો છે, ટકાવવો છે, ત્યાં સુધી તે દુઃખો જવાનાં નથી. દુઃખો દેખાય છે, તેથી નિરાશ થવાનું નથી, ઉલટું તેથી વધારે પ્રેરણા લેવી જોઇએ. જાણવું જોઇએ કે આ દુઃખો મને મોકલાવે છે. મને સેવાનું સુખ નિરંતર મળે એ માટે જ જાણે કે પરમેશ્વરે દુઃખોને સિરંજામ કર્યાં છે. તેથી આપણે બધા અંતરની લગનીથી સેવામાં લાગીએ, આપણા પોતાનાં દુઃખો ભુલી જઇએ, દુનીયાનાં દુઃખો દૂર કરવાનો ઉત્સાહ રાખીએ.

આજે એક બહુ સારી વાત બની. તેથી ઠક્કરબાપાને સારું લાગશે. તમે વર્ધાના હરિજન છાત્રાલયના છોકરાઓ અમારા પરધામના કુવા ખોદવાના પત્રમાં આજ લેવા માટે ૭ માઇલ ચાલીને આવ્યા. આજનો દિવસ તમે આગળથી જ કરાવ્યો હતો. પણ આજે તમને ઠક્કરબાપાના અવસાન ના સમાચાર મળ્યા તેથી તમે સંકલ્પ છોડયો નહીં અને આટલા ૪૦–૪૫ વિદ્યાર્થીઓએ બહુ ઉલ્લાસ ઉત્સાહથી કુવો ખોદ્યો. તમને શુદ્ધ નિષ્કામ સેવા મળી. તમે હરિજન બાળકો ઠક્કરબાપાને કેટલાં લાડકાં હતાં! તેમનો આત્મા આજે જોયો, "મારાં આ લાડકાં બાળકો મને ભુલ્યાં નથી. તેમણે મારો સંદેશ ઝીલ્યો. મારા દેહના મરણના સમાચાર સાંભળીને તેમણે સેવાના કામમાં જંપ પાયો નહીં, પરંતુ નિરોપ ઉત્સાહથી કરાવેલું કામ તેમણે પાર પાડ્યું. મારો સંદેશ આ બાળકોની પાસે પહોંચ્યો છે." આ જ સેવાભાવના આપણ સર્વને પ્રાપ્ત રહો. દેહ પડવો હોય તો પડો અને રહેવો હોય તો રહો, પણ તે છતે ત્યાં સુધી તેના થકી સતત સેવા થાઓ. આ જ પ્રભુને પ્રાર્થના.


વિવિધ

મુસ્લીમ દેશોના સંગઠનની યોજના

દુનીયાના મુસ્લીમોની કરાંચીમાં મળેલી કોન્ફરન્સમાં પાકીસ્તાનના મહમંત્રી જનાબ કે. હાહમુદીને સમગ્ર મુસ્લીમ દેશો—પરશીયા, સીરીયા, ટ્રાન્સજોરડન, સાઉદીઅરેબીયા, ઇરાક અને પાકીસ્તાનને જોડનારો રેલ માર્ગ બાંધવાની સુચના કરી હતી. તેને લગતા નકશા વહેંચ્યા હતા અને તેનો પાંચ કરોડ વીસ લાખ પાઉન્ડનો ખર્ચ થવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું કે એ રીતે મુસ્લીમ દેશોના લોકો સંગઠીત થઇ શકશે અને તેઓ વચ્ચે નો વેપાર અનેકગુ સંપત્તિનો સંભવ સુધરશે.

ચાર છોકરાંની આજ્ઞે બી. એ.નો અભ્યાસ પુરો કર્યો

એડમ્સ કોલેજ હાઇ સ્કુલના બુધુ હેડમાસ્તરના ૩૩ વર્ષની વયનાં પત્નિ એ કોરસપોન્ડન્સ કોર્સથી ચાર વર્ષમાં બી. એ. ની ડીગ્રી મેળવી. તેમાં તેમને ચાર વર્ષનાં બાળકોની સંભાળ લેવાની, ઘરકામ કરવાનું અને અભ્યાસ કરવાનો હતો. તે સવારના સાડાચાર વાગે ઉઠી ઘરકામ શરૂ કરતાં પહેલાં બે કલાક અભ્યાસ કરતાં હતાં પછી ઘરકામ પુરું કરી છોકરાંઓને જગાડી લીધા પછી બપોરે બે કલાક કરતાં હતાં. અભ્યાસની ધુન લાગેલી હોય તો ગમે તેવા સંજોગોમાં પણ તે થઇ શકે છે તેનો આ એક તાજો દાખલો છે.



અમદાવાદી (સા. રોડેસીયા) માં બાજવાય હ નાટકના પાત્રો

અમદાવાદી ઢોકળાંઓએ પ્રજાસત્તાક દિનના પ્રથમ પાર્ટીસ્પેસ્ટ પ્રસંગે એક નાટક ત્યાંની ગુજરાતી સ્કુલમાં ભજવ્યું હતું. નાટકની આવકમાંથી પા. ૨૦ આસામ રીલીફ ફંડ માટે અમદાવાદી ઢોકળાં સ્ત્રીઓ તરફથી મોકલવામાં આવ્યા છે. સમર્ન રોડેસીયામાં ઢોકળાં સ્ત્રીઓએ ભજવેલું આ પહેલું જ નાટક છે. નાટકની ડોરથણી રજનીબહેન અર્જુન સોંગાણીઓએ કરી હતી.

હિંદનો પત્ર

(અમારા ખાસ બાતમીદાર તરફથી)

વડોદરા, ફેબ્રુઆરી તા. ૧૯, ૧૯૫૧.

સંસદમાં

સંસદ (પાર્લામેંટ)ની ગયે અઠવાડીયે રાત્રે થયેલી બેઠકમાં સરકાર તરફથી નીચે પ્રમાણે માહિતી અપાઈ હતી: (૧) તાજેતરમાં કોમનવેલ્થના થયા પ્રધાનોની પરિષદમાં નક્કી થયેલી શાંતિને લગતી નીતિનો પુરેપુરો અમલ કરવાનો પ્રયત્ન ભારત સરકાર કરશે. (૨) જર્મની ખાતે રાજદારી પ્રતિનિધિઓની આપલે કરવાનો પ્રશ્ન સરકારની વિચારણા હેઠળ છે. (૩) પોર્ટુગીઝ ઈંડિની સરકારે ૫૦ ઈંડી અખબારોને ગોઆના મુલકમાં પેસવાની મનાઈ કરી છે. (૪) ઈંડી-ફ્રેંચ તહનામાને ફ્રેંચ પાર્લામેંટ મંજુરી આપશે કે તરત ભારત સરકાર ચંદ્રનગર પર કાયદેસર કબ્જો કરશે. (૫) અનાજ મુદ્દાને રાહતીયા પાકને ઉત્તેજન આપવાની ભારત સરકારની નીતિ નથી. પણ સ્વાવલંબનના સિદ્ધાંત અનુસાર, ચમુ ને કપાસ અમુક પ્રમાણમાં ઉગાડવાનાં છે—એટલા માટે કે ઈંડી ઉદ્યોગ ચાલી શકે, અને આમાત થતા અનાજના બદલામાં આપવા માટે પરદેશી ચલણ મળી શકે.

ઈંડુ કોડ બીલ

સંસદે ઈંડુ કોડ બીલની અર્ધો ઝાઝુ દિવસ કર્યો છતાં તેની બીજી કલમ પણ પસાર ન થઈ. કલમ ૨ પર સંખ્યાબંધ સુધારા રજુ કરવામાં આવ્યા. જુદા જુદા વક્તાઓએ કરેલી સુચનાઓ આ મુજબ હતી: (૧) આ બીલની કલમો તમામ કોમો ને લાગુ પાડવી. (૨) જે ઈંડુ, શીખ કે બૌદ્ધોએ સ્વેચ્છાએ આ ધારા નીચે આવવા માગે તેમને જ તે લાગુ પાડવો. (૩) બીલમાંના સારા સિદ્ધાંતો—એટલે કે સમાજે સારા તરીકે સ્વીકારેલા સિદ્ધાંતો બધા પસાર કરવા. અમુક સારા રિવાજોમાં ફીમ ફેરફારો કરનારા સિદ્ધાંતો પસાર ન કરવા. (૪) પંજાબ માં અત્યારે દત્તક લેવાની જે પ્રથા છે તેમાં ખલેલ ન પાડવી. (૫) શીખો ને બીલના અમલમાંથી બાકાત રાખવા. (૬) સંસદને આ બીલ પાસ કરવાનું ફરમાન પ્રજા પાસેથી મળેલું નથી. (૭) લોહનિર્મુક્ત નવી સંસદ પર આ બીલ પાસ કરવાનું છોડી દેવું. (૮) બીલમાંના સૌથા વિશેષ વાક્યરચના મુદ્દા બાબત કરવા. (૯) આ બીલ ઈંડુ સમાજના કડકા કરી નાખે છે. (૧૦) બીલમાંની જે કલમો વિષે અત્યારે મતભેદમાં એકમતી તે જ અત્યારે પસાર કરવી.

આંબેડકરનો જવાબ

ભારત સરકારના કાયદા ખાતાના પ્રધાન ડો. બી. આર. આંબેડકરે જવાબ આપતા જણાવ્યું કે "મારી ધારણા તો એવી છે કે ઈંડુ કોડ બીલ કાંતો આખા ભારતને લાગુ પાડવો જોઇએ, અને જો તેમ ન બને તો તેને કાઢી નાખવો જોઇએ. ભારતના કોઈ પણ ભાગને તે કોડના અમલમાંથી બાકાત રાખવા હું તૈયાર નથી." તેમ છતાં તેમણે એવી ખાતરી આપી હતી કે, "ઈંડુ કોડને મને તેટલો સરળ બનાવવા હું તૈયાર છું." પંજાબના કેટલાક સ્થાપિત કાયદામાં મોટા ફેરફારો કરવાનો વિરોધ કરનાર પંડીત ઠાકુર દાસ ભાર્ગવને ડો. આંબેડકરે જણાવ્યું હતું કે, "હિંદુ સ્થાપિત કાયદામાં ફેરફાર કરવામાં મુશ્કેલી પડશે એવું જે જે હિસ્સાઓમાં સાબિત કરી આપવામાં આવશે તે અંગે સરકાર સહાનુભુતિ પુર્વક વીચાર કરશે." ડો. આંબેડકરે કહ્યું કે, "ઈંડુ કોડ બીલ શીખ બૌદ્ધો અને જૈનોને લાગુ પાડવાનું પગલું તો એક પ્રકારનો ઐતિહાસિક વીકાસ છે, અને હવે તેનો વીરોધ કરવો એ સમાજશાસ્ત્રીના દૃષ્ટિએ ઘણું મોટું ગણાશે બૌદ્ધિક ખાનદાનો સાથે ઝઘડને મતભેદ, પડયો ત્યારે તે મતભેદ સંપ્રદાય પુરતો જ હતો, અને તેથી બુધ્ધે પણ ઈંડુ ધર્મનું કાનુની માળખું જેમને તેમ રાખ્યું હતું. પોતાના અનુયાયી ઓ માટે તેમણે અલગ કાયદો ઘડી કાઢયો ન હતો, એવું જ મહાવીર તથા ૨૪ શીખ ગુરૂઓના સંબંધમાં બનેલું છે. પ્રોટીકાઉન્સીલે તો એક ૧૮૭૦ ની સાલથી એવો ચુકાદો આપેલો છે કે શીખોને ઈંડુ કાયદો લાગુ પડે છે." ઈંડુ કોડ મુસ્લિમો તથા ક્રિસ્તીઓ જેવા બિન મુસ્લિમોને પણ એક સરખો લાગુ પડવો જોઇએ એવા કેટલાક સભ્યોના સુચન વિષે ડો. આંબેડકરે એવો અભિપ્રાય આપ્યો હતો કે, તે સુચનોમાં સામાન્ય બુદ્ધિ નો અભાવ છે.

હૈદરાબાદના સામ્યવાદીઓ

ભારતના રિયાસતી ખાતાના અને વાહન વ્યવહાર ખાતાના પ્રધાનુ શ્રી. ગોપાલસ્વામી આંયંગારે હૈદરાબાદમાં જણાવ્યું હતું કે, "હૈદરાબાદ રાજ્યના તેલંગણ વીસ્તારમાં ઈંસિદ પ્રવૃત્તિઓ ચલાવી રહેલા સામ્યવાદીઓના આગેવા નો તેઓ ઈંસિસની જીંદગી હોવાની જાહેરાત કરે, અને લગભગ બે માસ જેટલા સમય સુધી તમામ ઈંસિદ પ્રવૃત્તિઓ બંધ રાખીને નીતિ પલટો દાખવે તો સરકાર હૈદરાબાદના સામ્યવાદીઓ પરથી પ્રતિબંધ ઉઠાવી લેવા ની વીચારણા કરે." લોકો કોઇ પણ વાદનો પ્રચાર કરે તેની સામે વાંધો હોઇ શકે નહિ. પરંતુ સામ્યવાદીઓ જો તેઓના આદર્શો સિદ્ધ કરવા માટે ઈંસિદ પ્રકારની રીતિઓ અખત્યાર કરી બેઠલે જ સરકારને તેઓની સાથે યર્ષણમાં આવવું પડયું. આ ઈંસા અને તે જોગે અટકાયતી જ જોઇએ. એમ ન થાય તો રાજ્યને એક રાજ્ય તરીકે અસ્તિત્વ ધરાવવાનો અધિકાર નથી. સરકાર સામ્યવાદીઓ પરત્વેની તેની હાલની નીતિમાં ફેરફાર કરે તે અગાઉ તેલંગણમાં ઈંસિદ પ્રવૃત્તિઓ ચલાવતા સામ્યવાદીઓની નીતિમાં સાચો ફેરફાર થયો છે એવો લોકોને અંદાજ થવો જોઇએ." સરકારે સામ્યવાદીઓ પરનો પ્રતિબંધ ઉઠાવીને અખતરો આ માટે ન કરવો એવા એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, "આવા અખતરા માટે હૈદરાબાદ રાજ્ય બહુ મોટું છે." તેલંગણ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સરકાર તરફથી લેવામાં આવેલાં પગલાંઓ બદલ શ્રી. આયંગારે સંતોષ વ્યકત કર્યો હતો અને કહ્યું હતું કે, "એ વીસ્તારમાં કંઇ બધું ઠીક થયું નથી, પરંતુ પરિસ્થિતિમાં ચોકકસ સુધારો થયો છે."

સામ્યવાદી કરતુતો

પણ સામ્યવાદીઓનાં કરતુતો કેવી હદે પહોંચે છે તેનો એક દાખલો એ જ હૈદરાબાદથી આની સાથે જ પ્રસિદ્ધ થયો છે. સિકંદરાબાદનો એક સંદેશો જણાવે છે કે, સામ્યવાદીઓએ ગામના પટેલો અને પટવારીઓ પાસે રહેતા સરકારી દસ્તાવેજોનો નાશ કરવાની નવી રીત હમણાં હમણાં અજમાવવા માંડી છે તેમ અત્રે મળતા લેખામો પરથી જણાવા મળે છે. એક દેવાલ મુજબ સામ્યવાદીઓએ અઝીઝાબાદ ઝહીરાબાદ તાલુકાના કેટલાક ગામોના પટેલો અને મુખીઓના ઘર પર હુમલા કરી ગામના દસ્તાવેજોનો નાશ કર્યો હતો. બીજો એક દેવાલ જણાવે છે કે કરીમનગર જીલ્લાના એક ગામમાં 'ગુંડાઓ'એ ગામના બે વેપારી નાયુસોના ઘરો બાળી મુક્યા હતા. આથી તેમના ઘરમાં રહેલો અનાજનો મોટો જથ્થો પણ બળીને ખાખ થઇ ગયો હતો.

રૂની આયાત

રૂને અંગેના કાપડની કેટલીક ચીજો ઓછી પડી છે કે ભવિષ્યમાં પડવાની પડી છે. ભારતમાં રૂનો પાક વધારવાના પ્રયાસો તો થાય જ છે. તેની સાથે પરદેશથી રૂની આમાત કરવાની પણ મહેનત ચાલી રહી છે. નવી દિલ્હીનો એક સંદેશો જણાવે છે કે ઓગસ્ટ ૧૯૫૦ પુરા થતા બાર મહિના દરમ્યાન ભારતે કાચા રૂની ૧૨,૪૯,૦૦૦ ગાંસડીઓની આયાત કરેલી છે. આમાં અમેરીકાથી આવેલા ૪,૬૩,૦૦૦ ગાંસડી, મીસર અને ઇજીપ્ત મીસરી સુદાન ૪,૧૦,૦૦૦ ગાંસડી, પુર્વ આફ્રીકા ૨,૬૦,૦૦૦ ગાંસડી અને પશ્ચિમ પાકીસ્તાનની ૧૨,૦૦૦ ગાંસડીઓનો સમાવેશ થાય છે. ૧૯૫૦ ના સપ્ટેમ્બર અને ઓકટોબર દરમીયાન ભારતે ૧૨,૫૦,૦૦ ગાંસડીઓ આયાત કરી હતી. જેમાં પુર્વ આફ્રીકાથી ૪૪,૦૦૦, મીસર અને ઇજીપ્તનો મીસરી સુદાનમાંની ૪૩,૨૦૦ અને અમેરીકાની ૨૧,૦૦૦ ગાંસડીઓનો સમાવેશ થાય છે.

ખેતી વધારવાનો અખતરો

વડોદરા જીલ્લામાં આવેલા વાગોદીયા તાલુકાના અગીયાર ગામોની ૫૦૦૦ એકર જમીનને વધારેતર ફેદળ લાવવાની યોજનાને મુંબઇ સરકારે મંજુરી આપી છે. આ અગીયાર ગામો નીચે મુજબ છે. નીમેટા, અમરેશ્વરપરા, સાતોલી, રાયણું, તલાવડી, કરમલીઆ, કોટાંબી, કામરોલ, રહકુવ, અમરતપરા, બાકરોટપરા અને હરણી. યોજના અનુસારે ૧૭૫ કુટુંબો કે જેમાં ૨૮૦ નિર્વાસિત કુટુંબો અને ૧૯૫ સ્થાનિક જમીન વીનાના કુટુંબોને વસાવવામાં આવશે. જમીનને ખેડવા માટે આ કુટુંબોને આર્થીક મદદ આપવામાં આવશે. આ પાછળ ૩,૫૦,૨૯૬ રૂપીયાનો ખર્ચ થવાનો અંદાજ કાઢવામાં આવ્યો છે. દરેક નિર્વાસિત કુટુંબને ૧૨૬૨ રૂપીયા લોન આપવામાં આવશે, જેમાંથી ૬૦૦ રૂપીયાની તે બળદની જોડી લેવા ખર્ચી શકશે. ઉપરાંત ૪૦ રૂપિયા ખેતી ના ઓજારો, ૫૦ રૂપિયા બીયારણ, ૭૫ રૂપિયા ઘરો અને કુવાઓનું સમારકામ, ૨૫૨ રૂપિયા અનાજ અને ૧૪૫ રૂપિયા કાચું મકાન બાંધવા પાછળ તે ખર્ચી શકશે. દરેક કુટુંબને ખેડવા માટે દસ એકર જેટલી જમીન આપવામાં આવશે. પહેલા ચાર વર્ષ કશીજ વિધોટી લેવામાં નહિ આવે પરંતુ ચોથા વર્ષથી વિધોટી વસુલ કરવામાં આવશે. દેશમાં ચાલી રહેલા અનેક પ્રકારના મુગા રચનાત્મક કાર્યનો આ એક નમુનો છે.

કોમ્યુનીસ્ટોની હીંસા સામે

પાર્લામેન્ટે અટકાયતી ધારાની મુદત વધુ એક વર્ષ ચાલુ રાખવા માટેના મૂળ પ્રધાનના ખરડા પર વીચારણા ચલાવી હતી. હાલનો કાયદો ૧ લી એપ્રીલ ૧૯૫૨ ના રોજ ખતમ થાય છે. આ ખરડા દ્વારા કાયદામાં બે મહત્વના સુધારા કરે છે: (૧) અટકાયતીઓનો પેરોલ પર છુટકારા, અને (૨) સલાહ કાર સમીતીઓની નીમણુંક. સરકારને બંધનકર્તા રહેશે. મૂળપ્રધાન તરીકે પાર્લામેન્ટમાં પહેલું મોટું ભાષણ કરતાં

શ્રી. રાજગોપાલાચારીએ જણાવ્યું હતું કે "રાજદ્વારી ખેલ ગમે તે હો પરંતુ કુદરત રીતે તેમજ હૌસા અને ચાલચાલ્ય થી ચાલતી હોય પણ ચળવળ અંગે જે આપણે મક્કમ વલણ ન લઈએ તો આપણા રાષ્ટ્ર પ્રત્યેની ફરજ આપણે પરિપૂર્ણ ન કરી શકીએ. ગુપ્ત રીતે તેમજ હૌસા દ્વારા કામ કરવાનું ખેલ જેમણે સ્વીકાર્યું છે એવાઓને આપણા રાષ્ટ્રની રાજદ્વારી સંસ્થાઓમાં સ્થાન ન મળે એમ આપણે બાપુજીએ કીધું. ભારતમાં સામ્રાજ્યવાદીઓ તરફથી આજ સુધી પ્રયુક્તિઓને સખ્ત રીતે વખોડી કાઢતાં પૂજ્યશ્રીને જણાવ્યું કે હવે સામ્રાજ્યવાદીઓએ સ્વીકારેલી કાર્યપદ્ધતિ યુક્તતા અને હૌસાની છે. આ કાર્ય પદ્ધતિ વડે તેઓ પહેલાં માનવીઓને પક્ષમાં જોડવા લલચાવે છે અને પછી તેમને સંપૂર્ણ ગુન્હાહીત અરાજકતા તરફ વાળે છે એ વિશે મને જરાયે શંકા રહી નથી. આ દેશમાં અરાજકતા ફેલાવવા માટે યુક્ત અને હમલ બાજ ચલવળને કેવળ સહાયરૂપ બની રહે તેવી નાગરીક સ્વાતંત્ર્યની ચાલતી શાંતિની ચળવળ ચાલતી હોય તો તેની જગ્યામાં આપણે ન ફેલાવું જોઇએ. આપણે આ દેશનું શાસન ચલાવી રહીયું એના સંપૂર્ણ વિશ્વાસ સાથે આપણે બ્રીટીશ સરકાર પાસેથી સત્તા હસ્તગત કરી છે. જેઓ હૌસા દ્વારા સત્તા કબ્જે કરવા ઇચ્છે છે તેમની સામે જ આ પગલાં વીચારેલાં છે અને કરાર કાયદાની મુદતો વધુ લંબાવવા પડ્યે છે. વાસ્તુ ખરડાની મહત્વની જોગવાઇ એ છે કે નજરકેદીઓના કેસો સલાહકાર સમીતીઓને સોંપવામાં આવશે અને એ સમીતી જે સલાહ આપશે તે સરકારને બંધન કરતા રહેશે. અગાઉના ખરડા કરતાં આ ખરડામાં "મોટી પ્રગતિ" સાધવામાં આવી છે અને તે એ કે હવે દરેક કેસ સલાહકાર સમીતીને સોંપવામાં આવશે. આ જોગવાઇ મારા પુરોગામીએ (સરદાર પટેલે) દાખલ કરી છે, અને હું તે બરાબર રાખવા માગું છું."

બે જમાનાના સંગમ પર

રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદે પિલાની (રાજસ્થાન)માં યોજેલા બીરલા એજ્યુકેશન ટ્રસ્ટ સુવર્ણ મહોત્સવ સમારંભમાં વિદ્યાર્થી, વિદ્વાનો, અધ્યાપકો તથા મહેમાનો સમક્ષ વિસ્તૃત ભાષણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, "કોઇ માણસ ને બબ્બે દિન અને રાત્રિપ્રયુની જહોજલાલી આપી દેવા તૈયાર હોય તો પણ જો તેનું ધન પવિત્ર અને સખાવતી કાર્યો માટે ન્યું તો તેણે તેના ધનનો ઉપયોગ સૌથી વધુ સારી રીતે કર્યો નથી એમ જ કહેવું પોતાની પ્રતિષ્ઠાને ખાતર આમ કર્યું હોય તો પણ." રાષ્ટ્રપતિએ બીરલા કુટુમ્બને—અને ખાસ કરીને શ્રી. મનશ્યામદાસ બીરલાને—તેમનાં અનેક સખાવતી કાર્યો બદલ અભિનંદનો આપીને વધુમાં જણાવ્યું કે "હાલ આપણે બે જમાનાના સંગમસ્થળ પાસે ઉભું છે અને તેથી પ્રાચીન તથા અર્વાચીન, પરાવલંબ તથા પૌરાણિય અને સ્વદેશી તથા વીદેશી વીચારપ્રવાહો એક બીજા સામે જથડાઇ રહ્યા છે. આ પરિસ્થીતિએ સપાટી ઉપર ઘણાં ફીણ વળ્યાં છે જેમાં કોઇ સત્ત્વ નથી. હું આ સ્થળના સર્વે વિદ્યાર્થીઓને અને શીક્ષકો પાસેથી એની અપેક્ષા રાખું છું કે, તેઓ આ ફીણની નીચે વહેતું ચોખ્ખું પાણીજ, તે પુર્વનું છે કે પશ્ચિમનું તેની દરકાર કર્યા સીવાય, પીશે અને તેનો લાભ મેળવશે."

'આભાપ' હવે નથી

"ભુતના જમાનામાં બ્રીટીશ રાજ્ય કાળ દરમીયાન, વાઇસરોય અથવા બીજા મોટા હોદ્દેદારો કોઇ સ્થળની મુલાકાત લેતા ત્યારે જનતા તરફથી અરજીઓ અને નીવેદનપત્રો રજુ કરવાની પ્રથા હતી. એ અરજીઓ અને નીવેદન પત્રોમાં જનતાની ફરિયાદો રજુ કરવા માં આવતી. જનતા વાઇસરોય પર જ આધાર રાખીને બેસતી અને પોતા ની મુશ્કેલીઓના નીવારણ માટે વખો વાર મોટે વાઇસરોયને 'આભાપ' તરીકે ઓળખાવતાં. પરંતુ હવે સમય બદલાયો છે. હવે એવાં 'આભાપ' છે નહિ. હવે તમે બધા 'અનામ' બન્યા અને તમારે મહદ્ અંશે તમારા પોતાના પર જ આધાર રાખવો રહેશે." મહામાન્ય શ્રી. જવાહરલાલ નેહરૂએ મધ્યસ્થ બાંધકામ સંશોધન સંસ્થાનો શિલારોપણ વિધિ કરતાં આમ જણાવ્યું હતું.

ક્રિમ્દ અને કાશ્મીર

"કાશ્મીર હમેશાને માટે ભારત સાથે રહેવાનો નીર્ણય કર્યો છે. વેરાઁસ ઠન, લેક સકસેસ અને લંડનમાં ચાહે તે રાજદ્વારી ચાલબાજીઓ રમાતી હોય, પરંતુ પુરતી વીચારણા બાદ કાશ્મીરે જે નીર્ણય લીધો છે તે ક્યારેય બદલાશે નાહ." કાશ્મીરના નાયબ વડા પ્રધાન બક્ષી ગુલામ મહમદે કલકત્તામાં કહ્યું હતું. બક્ષી ગુલામ મહમદે વધુ જોડતાં જણાવ્યું કે, "ભારતમાં કેટલાક લોકો લોકમતના પરિણામ વીશે શંકા વ્યકત કરે છે તેનો મને રંજ છે. છેલ્લાં ત્રણ અથવા ચાર વરસ દરમી યાન કાશ્મીરવાસીઓએ જે કંઇ કરી બતાવ્યું છે તે પછી પણ આવા પ્રશ્નો કરવામાં આવે છે તેનો મને આશ્ચર્ય થાય છે. લોકમત લેવાશે કે કેમ, અથવા લેવાશે તો કયારે લેવાશે, તે હું કહી શકતો નથી. પરંતુ તેના પરિણામ વીશે મને ખાતરી છે. કોઇ પણ લોકમત વેળા કે કાશ્મીરીઓ પોતા ના નીર્ણયનો પુનરૂચ્ચાર કરશે એની મને ખાતર. ડૉ. પાકીસ્તાનના શાસકો સત્તા પર આવ્યા ત્યારથી પોતાની નીષ્ફળતાઓ અને ખોટાં કૃત્યો સામેના તમામ વીરોધને તોડી પાડવા માટે કાશ્મીરનો ઉપયોગ "દુકમના પાના" તરીકે કરે છે. આ પછી બક્ષી ગુલામ મહમદે કાશ્મીર ભારતમાં રહે તો તેથી થતા લાભોની વીગતો રજુ કરી હતી.

ક્રીમ્બ પર પ્રતિબન્ધ

સુધારવામાં આવેલો સને ૧૯૪૮ નો બીહાર બ્રીક્ષા પ્રતિબંધક ખરડો બીહાર ધારાસભાએ ગઇ કાલે પસાર કર્યો હતો. આ ખરડામાં એવી જોગવાઇ કરવામાં આવી છે કે, જાહેર સ્થળમાં બીક્ષા માગતો જણાતો કોઇ પણ ક્રમ્સ ધરપકડ કરાવાને પાત્ર બનશે અને બીક્ષા માગવાના ઉદ્દેશથી કોઇ બાનગી સ્થળમાં દાખલ થયેલો ક્રમ્સ તે સ્થળનો કબ્જો ધરાવતા માણસની ફરીયાદ મળતાં ધરપકડ કરાવાને પાત્ર બનશે. આ રીતે ધરપકડ કરાયેલા માણસો ઉપર પ્રથમ વર્ગના ન્યાયાધીશ સમક્ષ કામ ચલાવવામાં આવશે અને જે માણસોને ગુન્હેગાર ઠરાવશે તેમની પાસે તેમની ઉમર અનુસાર શારીરિક મહેનતનાં કામો કરાવવામાં આવશે.

સાદું અંગ્રેજી વાપરો

પાર્લામેન્ટની અંદાજ સમિતિએ હોંદ સરકારની કામોમાં નોંધો કરવા ની અત્યારની સાકરી પદ્ધતિ વીશે ટીકા કરતાં જણાવ્યું છે કે "આપણને સાદી અંગ્રેજી ભાષાની જરૂર છે." સમીતી એ સેક્રેટરીએટના વ્યવસ્થાતંત્ર વીશેના તેના અહેવાલમાં ઝોરી ટીકા કરી છે કે "ખરડાઓ અને નોંધોમાં પોતાની શૈલી અને ભાષામાં સુધારો કરવાના બ્યાબતમાં ફેરફાર કરવાની વલણ અધી કારીઓમાં દેખાય છે. એમ કરવા જતાં ખરડાઓ અને નોંધો બીન જરૂરી લાંબા બની જાય છે. તેમાં એવી લાંબી પ્રસ્તાવનાઓ સાકરી પ્રકરાઓ અને બીન જરૂરી વિગતોનો ઢોગ છે કે જે ઓછી દર્દ શકાય. લખવાની પદ્ધતિ રપષ્ટ અને સીધી દેખી જોઇએ."

સમાજમાં સ્ત્રીઓનું સ્થાન

ભાઁ સ્ત્રીઓને ચાર દિવાલોની વચ્ચે કેદ રાખી તેમને પ્રગતિ કરવાની તકથી વિમુખ રાખવામાં આવે છે તે સમાજ સ્થિતિસ્થિત બની રહે છે એમ જણાવ કરી મહામાન્ય પંડીત નેહરૂએ અમદાવાદમાં સ્ત્રીઓની સભામાં કહ્યું. ઘણા લોકો એમ માને છે કે બાપદાદા થી ચાલી આવતા રીતરીવાજો દૂર કરવાથી કોઇ બીજાથી નુકસાન પામશે અને સમાજનું તંત્ર તુટી પડશે. પરંતુ આ લોકો કેમ ભુલી જાય છે કે જુનાં રીવાજો વર્ષો અગાઉ સાચું અને અનુકુળ હતું તે બદલાયેલા યુગમાં બંધબેસતું ન હોઇ તોડે બદલાતા જમાના સાથે સમાજે પણ બદલાવું જોઇએ. આ સંબંધમાં તમણે જુના ચીનની લોકકથામાં બોલીએ જણાવેલા મહાન ચુ કાનોનો હવાલો આપીને કહ્યું કે, જાળક જેમ જેમ ઉમરમાં વધતું જાય તેમ તેમ જુનાં કપડા પહેરવાનો ઇનકાર કરશે કારણ કે, જુનાં કપડાં ધોવામાં કરશે તો તે ફાટી જશે. તેવી જ રીતે બિકરી રહેલો સમાજ જુનવાણી રીતરિવાજોને તીલાંજલી આપવી જોઇએ. આ હકીકત ધ્યાનમાં રાખી વિચારશીલ લોકોએ પસંદગીના સમય સાથે રૂઢિગત રીતરીવાજ આદિ ત્યાગવા જોઇએ. પુજ્ય મહાત્મા ગાંધીજી પ્રાચીન ભારતમાં જે સારું હતું તેને ચાહતા હતા. પરંતુ રૂઢિગત બદીઓને તેઓ ધીક્કારતા હતા. આજે આર્યાવર્ત બ્રીટનને જબ્બર સામ્રાજ્યના કુટુંબો ભાંગી રહ્યાં છે. આર્યો બીજાઓને હક્ક અને તક આપી એ કે જેથી તેઓ સમાજને અને દેશ ને મજબુત અને સહકર બનાવે. બીજો પોતે પણ કોઇ કોડ બીજાને દેઇ આપી રૂઢિજડ સમાજની કાયાપલટ કરવામાં મદદ કરવી જોઇએ.

શિક્ષણ સચીવની સુચના

શિક્ષણસચીવ મીસાના અનુક્રમ આજાદે ચેતવણી ઉચ્ચારી હતી કે, બીજાઓ ન તો જુનવાણી વિચારોને વળગી રહે અથવા આધુનિક વીચારો પાછળ આંધળી દોટ મુકે, તેઓ બન્ને વિચારોનો સુમેળ સાધી વચલો માર્ગ અપનાવે અને આગે આગે આગળ વધે.

વિવિધ

ગોવાએ ભારતમાં ભેળવું જ પડશે

સાગરપારની પોર્ચુગીઝ વસાહતોના અર્થકારણને પોર્ટુગલ દેશના અર્થ કારણ સાથે વિલિન કરવાને બદલે ખરડો પોર્ચુગીઝ પાર્લામેન્ટમાં આવવા ઉતાવળે ગોવાના પ્રશ્ન અંગે ભારત સરકારના વલણમાં ફેર નહિ પડે, એમ મહામાન્ય શ્રી. નેહરૂએ ગોવાની પ્રજા ના બે પ્રતીનીધ આગેવાનોના બનેલા પ્રતિનિધીમંડળને જણાવ્યું હતું. વધુમાં તેમણે પ્રતિનિધિમંડળને કહ્યું હતું કે ગોવામાંની પરિસ્થિતિને ભારત સરકાર ગંભીર રીતે જુએ છે અને ગોવાએ ભારતમાં ભેળાવું જ પડશે. દરમીયાન ગોવાની મુક્તિ માટેનો જંગ ચાલુ રાખવાની મહામાત્યે ગોવા વાસીઓને સલાહ આપી હતી.

ધાર્મિક હીલચાલો માટે

"આંધ્ર ભારત વિધાનસભા આંધ્રી ભેલ માં શિક્ષક તરીકે આવેલા બાબુ ઉમિયાશંકર મણિશંકર શાસ્ત્રિએ બાહ્યરૂપ દોષ હોંદુ—ધાર્મિક કર્મકાંડના જબ્બરદાર છે. પ્રસંગોપાત તેમની જરૂર પડે નીચેના સરનામે તેમને મળવું:

નરસિંહભાઇ પરસોત્તમદાસ
દેસાઇવાડીઓસ,
૪૨ બજરોડ રહોડ, બજર માસ્તર ગેન્સન
બીજે માળ.

કુદરતી ઉપચારો

(લેખક : મી. રોબર્ટ લોરેન્સ મેકકીખીન)

[૪૦ (ઝો) કમીશનર સ્ટ્રીટ, જોહાનીસબર્ગના મી. રોબર્ટ લોરેન્સ મેકકીખીનની કુદરતી ઉપચારોપરની લેખમાળાનો આ લેખ પ્રસિદ્ધ કરીએ છીએ. કુદરતી ઉપચારો સંબંધી વાંચકો કંઈ પણ પ્રશ્ન પુછવા અથવા સલાહ ઈચ્છતા હોય તો તેનો જવાબ મી. મેકકીખન આ પત્રદ્વારા આપશે.—અ.ઈ.ઓ.]

એસ્પરીન

(ગતાંકથી ચાલુ)

આજના જમાનાની મોટામાં મોટી માઠી સ્ત્રીઓથી જે સહેલાઇથી મેળવી શકાય છે તે એસ્પરીન છે. દરેક દરેક રસોની હાયપેલીમાં એસ્પરીન અથવા એસ્પરીનની બનાવટની કંઈક દવા પડેલીજ હશે. તેના બચાવમાં કહેવામાં આવે છે કે એસ્પરીનમાં દરદ દુર કરવાનો એવો અલ્પ ગુણ રહેલોજ છે કે તે સ્ત્રીઓને આશીર્વાદરૂપ છે. પરંતુ એજ તો તે એટલી બધી નુકસાનકારક છે તેના અનેક કારણો માંનું એક કારણ છે

મારા કહેવાનો ઘોડ઼ો અર્થ ન કરશો. માનવવેદનાની અને કસી ચીંતા નથી એવું નથી. ને દુર કરવાને અંકદર વ્યક્તિ કરતાં મેં ઘણું કરેલું છે અને તે મારે ખરચે અને જોખમે તેથી લાભ થયો છે તેઓનો આભાર સરખોયે માન્યા વિના. પરંતુ દરદ એ આપણા શરીરમાં કયાંક ખોટકો છે તેની ચેતવણી આપીને આપણું રક્ષણ કરવાને કુદરતે આપણે માટે કરેલી યોજના છે. જો આપણને દરદ ન થાય લાંબોગ઼ા મુલાપર આપણે હાથ મુકી શકીએ નહીં આપણને કસી ખબરે ન પડે, અને શું થઇ રહ્યું છે તેની જાણ થયા વિના તે બાબતે આંખ પણ ઘર્ષ ન્યમ. પરંતુ જેવું આપણને દરદ થાય, આપણા હાથ દાકતરા મંટે કે ગુરત દરદના કારણથી આપણા હાથ દુર કરવા આપણે અનતો પ્રયત્ન કરીયું. એજ વસ્તુ સઘળાં દરદોને લિયે છે. તેમાંથી દુર કરવા કુદરત ની એ એક કરામત છે. જ્યારે લોહી ને, ખાસ કરી, સ્ત્રીઓને માથાનો કે બેસાનો કે કોઇ અન્ય સ્થળે દુખાવો થાય છે ત્યારે આપણા શરીરમાં કંઈક ખોટકો હોવાની કુદરતની એ ચેતવણી છે. એસ્પરીનની ગોળીઓ મળવાથી કદાચ દરદ એ પડીએ મટી ન્યમ ■ પરંતુ એથી કંઈ દરદનું કારણ દુર થતું નથી. એટલે કારણ તો આમજ રહે છે અને તે શરીરમાં બેસુમાર નુકસાન કરે છે. પછી પરિણામોની પરવા કર્યા વીના જોખમદારીમાં ઉપચાર કર્યા કરાય છે. ઉહાપોહથી જેમ એક લાકડાં નું મકાન બળીને નાશ પામે છે તેમ આપણાં શરીરનું બંધારણ ખુળથી બળવાનું થઇ છેવટે પડી જાંમે છે.

અમેરીકામાં ૨૨ વર્ષની વયનો એક જુવાન મારા જોવામાં આવ્યો હતો જેના જ્ઞાનતંતુઓ બીલકુલ નાશ પામ્યા હતા. એસ્પરીનની બુકડી કરી તમાકુ સાથે ભેળવી તેની બીડી કુંકવાનું તેને વ્યસન હતું!

એસ્પરીનની જ્ઞાનતંતુઓપર ઘણી અસર થાય છે, અને તેના બેપારીઓ તરફથી વિરુદ્ધમાં ભલે ગમે તે કહેવામાં આવે પરંતુ તેની હૃદય ઉપર પણ અસર થાય છે. અમેરીકાના દવાઓના એક મોટા કાર ખાનાવાળા તરફથી હમણાજ મને મળેલાં કેટલાંક સાહિત્યમાં એ વસ્તુ કબુલ કરવામાં આવી છે. (એ સા હિત્ય માત્ર દાકતરોને જ વાંચવા માટે છે સામાન્ય જનતાને માટે નહિ!) સખીવા અને ઇન્ફલુએનઝામાં એસ્પરીન નો સફળતાથી પ્રયોગ થયો હોવાના ઘણા કેસો છે. પરંતુ દરદ દુર થયા બાદ કુંક મુદતમાં દરદીઓ હૃદય બંધ પડવાથી મરણ પામ્યા છે.

પ્રશ્ન એ છે કે: હાલ મુશેાપમાં મળેલા ઇન્ફલુએનઝાના રોગમાં એસ્પ રીન અથવા એવી બીજી દવાના પ્રયોગ થી કેટલા મરણ નીપજ્યાં છે? અને હમણાના વખતમાં હૃદય બંધ પડી જવાથી થતાં મરણોના વખતે જતાં પ્રમાણ અને જનતા તરફથી એસ્પરીન ના ઉપયોગના વધતાં જતાં પ્રમાણ વચ્ચે શો સંબંધ રહ્યો છે? એસ્પરીન ના જેવી કોઇ પણ વસ્તુઓપી ચેતતા રહો.

"પેન-કીલર"

બીજા અનેક જાતનાં "પેન-કીલરો" નો પણ એસ્પરીન સાથે નજીકનો સંબંધ રહ્યો છે. એક કેસ મારી પાસે આવ્યો હતો જેના જ્ઞાનતંતુઓ જુદા પડી ગયાં હતાં. કાયમ માથાનું દરદ થતું હતું, લગભગ ગાંડપણ આવી ગયું હતું, કોઇક વાર છાતીમાં ચરકી લાગી જવાથી તેનાથી બોલી શકાતું નહોતું અને જમણા હાથમાં સંધીવાનું દરદ થતું હતું. કેસ ઘણો મુશ્કેલ હતો. તેનું કારણ અણધિતજ્ઞા હાથ આવ્યું. દરદીના પરમાં પેન-કીલરની પેટન્ટ દવાની ખાલી બાટલો પડેલી મારા જોવામાં આવી. તેના પરની સીકીમાં બીજી વસ્તુઓ સાથે જણાવાયું હતું કે તેમાં "એન્ટીપીરીન" નામની દવા હતી, ચોપડા શબ્દકોશ જોતાં "એન્ટી પીરીનોમેનીયા"—એન્ટીપીરીનના વધ સનથી થતું એક જાતનું ગાંડપણ પર નજર પડી. હું ભયભીત થયો, સમજ પડી.

ડો. જો. એચ. ક્વાકેનબોની હોમીયો પથીક મટીરીયા મેડીકાની ફીજનરી તપાસી. તેમાં હોમીયોપથીની માહિતીની ખાણ ભરેલી છે. "એન્ટીપીરીનમ" ના ત્રિપ્ર હોળ મને દરદીની સ્થિતિનો ખરો ચિતાર મળ્યો. ચકીમાં ઉકેરાયું જવું. માણું સુજી ગયું હોય તેવો માણા માં દુખાવો થયો, કોઇક વાર અવાજ બંધ થઇ જવો, જમણા હાથમાં દરદ થયું, હૃદયમાં દરદ થયું. આ દવા લેવાનું બંધ કર્યા પછી દરદી પોતે સુધરતા લાગ્યો એ નોંધવા જેવું હતું.

ટી. ટી. ટી.

ટી. ટી. ટી. ની પુનઃશોધ અને તેના અને તેવી જાતની બીજી વસ્તુઓના બહોળા ઉપયોગથી નવાં જોખમો ઉત્પન્ન થયાં છે. છેલ્લાં બે વર્ષમાં ઘણા મજબુત બાંધાના તંદુરસ્ત માણસો પક્ષ અને જનવરો પર આ દવાઓ છંટાવાની અસરથી મારી ગયા છે. તેનાથી જો એટલાં બધાં મરણ જ નીપજ્યાં હોય તો તેની અસરથી અણ જણપણે બીમાર કેટલા પડયા હશે એ કોણ કહી શકે?

ચોલીયેમાઇલાટીસ (ચોલીયો) ના રોગમાં જે ચિન્હો માલુમ પડે છે તેવાંજ ચિન્હો ટી. ટી. ટી. ના છંટા કારથી મરણપર માલુમ પડે છે. તેથી ચોલીયોના રોગના કેટલાક કેસો આજ રીતે ઉત્પન્ન થયા હોય તો શું કહી શકાય? એવાક ઘણા ચામાક સંશોધન કરનારા સ્વેસ્થસીસ્ટો એ વાતને હસી કાઢે છે. પરંતુ સત્યને માટે તેઓ બેશકીક રીતે બધેજ તપાસ કેમ નથી કરતા? કમનસીબે તેઓએ પ્રયત્ન થીજ નકકી કરી નાખ્યું છે કે કેટલાંક જંતુઓને અથવા ઝેરને જુદાં પાડી દેવામાં અને સ્ત્રીઓ તકરાર કરવામાંજ ઉકેલ રહ્યો છે. અને એજ સંશોધન અને વિદ્વાન કહેવાય!

ચોકલેટ

મને ચોકલેટનો ઘણો શોખ છે. અને એજ રીતે હું શીખ્યો છું કે તેમાં ઝેર હોય શકે છે મારા પોતાના અનુભવ પરથી હું ઘણા વર્ષોપર શીખ્યો કે ચોકલેટ અને તેનો સંબંધી કોકોપી "સાઇનસાઇટીસ" નો રોગ લાવે પડે છે. દરબનમાં ૨૭ વર્ષ ઉપર મારી "બ્રાઉન ચોકમેટ" કોક કે જે શીશીઓ ની રતલ લેખે મળતી હતી. તેમાં પ્રોટીન ઘણું કોઇ કું તે ખુબ ખાતો હતો. પરંતુ મને વખતસર ખબર પડી કે ત્રણ કે ચાર દિવસ એમ ખાવા થી મને કે ફીવર, સાઇનસાઈટીસ અને ઇન્ફલુએનઝા જેવું થઇ આવતું હતું. ઘણા વર્ષથી હું તપાસ કરતો આવ્યો હું અને જોઇ શકયો હું કે બહુ ચોક લેટ ખાનારાઓ અને કોકો પીનારાઓને આ દરદ થઇ આવતું હતું અને તે છોડી દેતાં સારું થઇ જતું હતું.

દાખલા તરીકે મારો એક દરદી પુખ્તવય હતો અને ખુબ શારીરીક કસરત કરતા હતો. તેણે ગા, કોફી કોકો પીધાં હતાં અને પોતાના ખોરાકમાં ખુબ કાળજી રાખતો હતો. એ સઘળું છતાં તેને સાનસીટીસનું દરદ થઇ આવતું. દાકતરને બોલાવવામાં આવતાં તે ઇન્જેકશન અને ઓપરેશનની વાતો મજ કરતો હતો. પછી મને બોલાવ વામાં આવ્યો. એ વખતે તેને ખુબ દરદ થઇ રહ્યું હતું અને તેનું મોઢું અને કપાળ ખુબ સુજી ગયું હતું. બરીકીથી પ્રશ્નો પુછવામાં આવતાં બહાર પડી કે તે ગા ને કોફીની જગ્યાએ દરેજ પાંચ પ્યાલ કડક કોકો પીતો હતો. મેં કોકો પીવાની અને ચોકલેટ ખાવાની તુરત જ સખ્ત મનાઇ કરી અને કેટલીક હોમીયોપથીની દવાઓ આપી અને એક કે બે દિવસમાં તેને સારું થઇ ગયું ત્યારથી કોકોને નીરે તે બહુ ચેતતો રહે છે!

તેને તપાસનારા પહેલા દાકતરને તાજુબી થાય છે કે તે સાજો શી રીતે થયો? કદાચ હવે તેને સમજ પડી હશે કેમકે અમેરીકાથી હમણાજ બહાર પડવા છે કે ઘણા વર્ષપર મેં જાતી અનુભવપરથી શોધ કરી હતી તે દાકતરોએ વૈજ્ઞાનીક સંશોધન પરથી કરી છે કે સાઇનસને માટે ચોકલેટ નુકસાનકારક છે.

આનાપરથી અને યાદ આવે છે કે એક અમેરીકન એનેસીટીકસ ડુમીરે મને એક વાર કહ્યું હતું કે ચોકલેટની બના વટને માટે જે કોકમ્બુમા છે તેજ "ટેટ્સ રનેક" નામના સાપના ઝેરની બનાવટને માટે છે. ચોકલેટથી નુકસાન થવાનું બીજું કારણ તો એ છે કે તેમાં પ્રોટીન ઘણું હોય છે અને તેનાથી કબજીયાત પણ થાય છે. ઉમ્ર પ્રોટીન જ્યારે હોજરીમાં પડયું રહે છે ત્યારે તે ઝેર જેવી જણ છે અને પછી શરીરને નુકશાન કરે છે.

તેમ છતાં—ચોકલેટ તો મને કંઈ બહુ પ્રિય છે!

આયર્લંડની વસ્તુઓ

આ લેખ પુરો કરું તે પહેલાં ટૂંકા શબ્દોમાં અને સહેલાઈથી ગ્રામોફોનસાધક, બેન ઝોધક એસીડ અને બીજા રસાયણીક પદાર્થોથી બનાવવામાં આવેલી આઠ વસ્તુઓને વિષે મારે કંઈક કહેવું જોઈએ. કંઈ પીણા પણ એની રસાયણીક મારફતે બોલી જ બનાવવામાં આવે છે.

હું માનું છું કે જોઈતા પ્રમાણમાં એ વસ્તુઓ સાદિય આફ્રીકામાં બને છે તેટલા પ્રમાણમાં અમેરીકામાં અને જરમનીમાં બનાવવાની શુદ્ધ ખોરાકને લગતા કાયદાઓથી બંધી છે. એ બાબ કોપ યા નહિ, પરંતુ જેને કોમીયો પરીપુર્ણ જ્ઞાન છે તે સમજે છે કે સબ ફર ગ્રામોફસાધક, બેનઝોધક એસીડ, સીટ્રીક એસીડ અને એવી બીજી રસાય ણીક મારફતોનો, જે અકુદરતી બાબા પીણાંઓ આથી રાખવામાં ઉપયોગ થાય છે, તેજીજ પ્રમાણમાં પણ શરીરમાં જવાથી કેટલું નુકસાન થાય છે. તેનો સહંતર ત્યાગ થવો જોઈએ.

પેટ્રોલનો ધુમાડો

અંતમાં મારે બાંધકોને પાઠ આપવું જોઈએ કે કેન્સરના સંશોધકોએ શોધ કરેલી છે કે મોટર ગાડીઓ, દામરના રસ્તા, મેટરનું તેલ, પેટ્રોલ અને બાલ તેલથી કેરોસીનમાં કેન્સર થાય છે અને બીજાં ગામડીના દરદો પણ થાય છે તેમ કોલસાના ધુમાડાથી પણ થાય છે. કેન્સરના જોખમ સિવાય પણ આ ધુમાડો મેરી કોમ છે. જીવન આપનાર પ્રાણવાયુ (ઓકસીજન) જે તદન શુદ્ધ હવામાં જ મળી રહે છે તેનો તે નાશ કરે છે. આથી સૌએ એવા ધુમાડાથી બને તેટલા દુર રહેવું જોઈએ અને શુદ્ધ હવા જેટલી બને તેટલી લેવી જોઈએ.

વિવિધ

બેન લાઈનની ટ્રેનોમાં મુસાફરી કરતા ચીનાઓને મળેલી છુટ

રેલવેના અધિકારીઓ અને યુનીયન ના ચીનાઓના પ્રતિનિધિઓ વચ્ચે લાંબી ચર્ચા બાદ એવું ઠરાવવામાં આવ્યું છે કે બેનલાઈનની ટ્રેનોમાં ચીનાઓથી યુરોપ્રીયનો માટેના ડબા માં મુસાફરી કરી શકાશે. પરંતુ તેમ કરવાને મુસાફરી કરનારે પોતે સમાજ માં સ્થિતિવાળા માણસ છે અને નોનયુરોપીયનો માટેના ડબામાં મુસા ફરી કરવામાંથી મુકત છે એવું પોતાના કેન્સલ પાસેથી મેળવેલું સર્ટીફીકેટ રજુ કરવું પડશે. આ સર્ટીફીકેટ, જે અંગ્રેજી અને આફ્રીકાન્સ ભાષાઓમાં છે, તેમાં જણાવ્યું છે કે સર્ટીફીકેટ બતાવનારને જગ્યા આપવાનું ટ્રેનના સ્ટાફની મુનસુફીપર રહેશે. યુરોપીયન ડબામાં મુસાફરી કરવાની છુટ માટે જે કોઈ ચીનો એકલો મુસાફરી કરતો હશે તો તેને ૨૫ ટકા ટીકટના વધારે ભરી પુરેની સગવડ મેળવવી પડશે, જે સગવડ યુરોપીયનને વગર ભરચે માંગી મળી શકે છે. વળી એ રીતે મુસાફરી કરનાર ચીનાઓથી કાર્યનીઝ કાયદો ઉપયોગ નહિ કરી શકાય. તેમણે પોતાના ડબામાંજ બાકું પડશે. સેગ્રેગેશનની મુશ્કેલીઓના કારણે રીફ અને સબર્બન ટ્રેનોમાં ચીનાઓને આ સગવડ આપવામાં આવી નથી.

ગયે વર્ષ ચુંટણ બતાં પહેલાં મુસ્કી પ્રધાન ડો. ડોંગીસે એક અખબારી મુલાકાતમાં જણાવ્યું હતું કે ચીનાઓ બીનગોરા છે અને ગ્રુપ એરીયાઝ એકટની દ્રષ્ટિએ તેઓને તેવાજ ગણવા માં આવશે.

સ્મટ્સીન કહે છે યુદ્ધ અનિવાર્ય નથી

લંડનથી સાપા-રોયટરના તા. ૧૬ મીના સંદેશા મુજબ ગોરકા રેડીયોએ જણાવ્યું હતું કે મારસલ સ્મટ્સીને કોમ્યુનીસ્ટ અખબાર 'આવતા'ના અખબારીને કહ્યું હતું કે યુદ્ધ અનિવાર્ય નથી. તેમણે કહ્યું કે યુનાઈટેડ નેશન્સ હતું વિશ્વવિગ્રહ જગાડનાર એક સાધન બની ગયું છે. એ સંસ્થા હવે વિશ્વ સંસ્થા નથી રહી પરંતુ યુનાઈટેડ સ્ટેટસને માટે કામ કરતી અમેરીકન સંસ્થા બની ગઈ છે.

શ્રી. ટ્રાંસવાલ યુનાઈટેડ પાર્ટીદાર સોસાયટી


તા. ૧૧-૨-૫૧ ને રવિવારે પાટી દાર હોલમાં સોસાયટીની વાર્ષીક ચુંટણી સભા ઓમભાઈ રમાભાઈના પ્રમુખ પણા હેઠળ મળી હતી. મીનીટસ અને હિસાબ રજુ થયા બાદ નીચેના કાર્ય કર્તાઓ ચુંટાયા હતા: પ્રમુખ: ઓ ધવભાઈ રમાભાઈ, ઉપ-પ્રમુખોઃ ઉકા ભાઈ ગોરધન, કાનજી ભાણાભાઈ, ડો. વલ્લભભાઈ, કાલાભાઈ નારણજી અને પ્રભુભાઈ ભીખાભાઈ; મંત્રીઓ: પ્રેમા ભાઈ પરભુભાઈ અને રમણભાઈ પ્રેમા ભાઈ; મહદનીય મંત્રી: વલ્લભભાઈ રણછોડજી પાટીદાર; ખજનચીઓ: છોતુભાઈ રામભાઈ અને ઉકાભાઈ પ્રાગજી; ઓડીટર: ભોટુભાઈ ગોવીંદજી, પબ્લીક ઓફીસર: રણછોડજી વલ્લભજી પાટીદાર, કમીટી સભ્યો: મંગાભાઈ ઓધ વજી, છીતાભાઈ લાલભાઈ, છીતાભાઈ ભુલાભાઈ, વલ્લભભાઈ ભગાનભાઈ, ગોવીંદજી દયાળ કાનજી, રણછોડભાઈ કાળા ભાઈ, ગોવીંદજી દયાળનારણ, હરકીશન પ્રભુભાઈ, લાલભાઈ બીખાભાઈ, ડિરા ભાઈ ઉકાભાઈ, ભગવાનભાઈ ઉકાભાઈ, કાળુભાઈ કરસનજી, ઉકાભાઈ કરસનભાઈ, ભોટુભાઈ ગોવીંદજી રામા, કરાળભાઈ ગોકળભાઈ, ભાવાભાઈ કાનજી, કાલા ભાઈ પરભુભાઈ, રામભાઈ નાથાભાઈ, ડિરાભાઈ કરસનજી, કરસનુભાઈ નારણ જી, પ્રભુભાઈ કરસનજી, નટવરલાલ કરસનજી દેસાઈ, પરભુભાઈ મંછાભાઈ, ગોકળભાઈ પ્રેમાભાઈ, પ્રેમાભાઈ, બીખાભાઈ ગોવીંદજી, કાલાભાઈ કાનજી, હરિલાભાઈ. કુલ્લભભાઈ, રામભાઈ ઉકાભાઈ, વલ્લભભાઈ રામજી ભગત અને કાલા ભાઈ ભગવાનજી. ભારત સારદા મંદીર ની શાળા સમિતિ. નીચેના સભ્યોની ચુંટવામાં આવી હતી: પ્રમુખ: રણ છોડજી વલ્લભજી પાટીદાર; મંત્રી: કાલા ભાઈ ભગવાનજી; ખજનચી: પ્રેમાભાઈ પરભુભાઈ; કમીટી સભ્યો: ભોટુભાઈ ગોવીંદજી, ઉકાભાઈ ગોરધનજી, કાનજી ભાણાભાઈ, ઉકાભાઈ પરાગજી, ભોટુ ભાઈ ગોવીંદ રામા, બીખાભાઈ રમા ભાઈ, છીતુભાઈ રામભાઈ અને રમણુ ભાઈ પ્રેમાભાઈ; ઓપચેરીયન તરીકે ગોવીંદભાઈ રામભાઈ અને હરિપભાઈ નાથુભાઈની વરણી કરી સભા વિસર્જન થઈ હતી.

વિશ્વને આપવા ગાંધીજીઓ ચીંધેલો માર્ગજ અપનાવવો પડશે

મહાત્મા ગાંધીજીની ત્રીજી પુણ્યતીથી એ વર્ષોગાં મોજાવેલી એક પ્રાર્થના સભામાં બોલતાં આચાર્ય વિનોબા ભાવેએ જણાવ્યું હતું કે મહાત્મા ગાંધીજીની રાહબરી હેઠળ ભારત જે અહીંસાના શસ્ત્ર સાથે આઝાદ થયું હતું એ શસ્ત્ર હાલ જગત પણ આગળ વધે એવી ઈશ્વરની ઇચ્છા હોવાનું હું અંગત રીતે માનું છું. ઈશ્વર પોતાની ઇચ્છાનુસાર કામ કરી રહ્યો છે. સર્વત્ર ચીંતકોને લાગવા માંડ્યું છે કે હવે ભારતનો અવાજ ન સાંભળવામાં આવે એજ્ય રહેવું છે. કાળાંતરે જગત ગાંધીજીના બોધને અમલી બનાવવા મથશે. આપણે ધીરજ રાખી એ બધું જોયા કરીએ.

—ગુજરાત પ્રાંતિક કોંગ્રેસ સમીતીના પ્રમુખ શ્રી. ફુલચંદભાઈ દેસાઈએ કોંગ્રેસ ના પ્રમુખ શ્રી. ટંડનને રૂા. એક લાખ તો એક ચેક અર્પણ કર્યો હતો. અને જણાવ્યું હતું કે કોંગ્રેસ ફંડ માટે સ્વ. સરદાર પટેલે આ રકમ આપવાનું વચન આપ્યું હતુ.

"ગોલ્ડ મેડલ" ક્વોલીટી



ફ્રાઈ-કલાસ
ડીસ્પ્લે કાઉન્ટર
અને ઈ કેબીસ
રોકીજરેટર મશીનરી
ચાલે કુનીલસ, ડીસ્પ્લે ફીટીંગ્સ ફ્રોમ સ્ટોકસ, લી.લિ.
નવાં બાંધકામ ફેકિસ બનાવવામાં આવે.

એસોસીએટેડ શોપફીટર્સ લીમીટેડ

નેટીવ બાતાંના પ્રધાન ડો. એચ. એફ. વરવુર્ડ માર્ચ તા ૩૧ મીના મીટીંગમાં બોલતાં કહ્યું કે, "જોહાનીસબર્ગનું અલેકઝાન્ડ્રા ટાઉન શીપ અને પ્રીટોરીયાનાં લેડી સેલ્બર્ન ટાઉનશીપ જેવા યુરોપીયન સત્તાઓમાં રહેલા કાળા ડાઘો દુર કરવા આપણે પાર્લેન્ડ ખરચવાની સરકાર યોજનાઓ પડી રહી છે." તેમણે કહ્યું કે, "એ યોજનાઓ વીષે કંઇ પણ ચોકસ ખબર હું આપી શકતો નથી પરંતુ એટલી ખાત્રી આપું છું કે સરકાર એ બાબત ને ઘણી કાળજીથી ધ્યાન આપી રહી છે. થોડા દીવસમાં એ સંબંધી જાહે રાત થશે." તેમણે વધુમાં કહ્યું : "યુરોપીયન સત્તાઓમાં નેટીવોનું પ્રમે શન ઘણીજ ઝડપે મોટા પ્રમાણમાં વધી જવાનું છે. સીવાય કે, તેની ગતી રોકવાના તત્કાલીક પગલાં લેવામાં આવે. આજે લગભગ વીસ લાખ જેટલા નેટીવો યુરોપીયન શહેરી સત્તા ઓની અંદર અથવા તેની આસપાસ વસી રહ્યા છે. અડસટપમાં આવે છે કે પચાસ વર્ષમાં સાઉથ આફ્રીકામાં ૧૯૯૦ લાખ નેટીવો અને ૫૦ લાખ યુરોપીયનો થઇ જશે. આ દેશ નેટીવો ની સર્વોપરિતાનો થઇ પડશે. તેનો ઇલાજ માત્ર એકજ છે અને તે એ કે નેટીવને તેના પોતાના સત્તામાં રાખવો, ત્યાં તે પોતાની સંસ્કૃતિ અને આર્થીક ધોરણે પોતાનો વીકાસ કરી શકે. શહેરોમાં નેટીવોનો ધોધ અટકાવવાને આપણે એક મોટી અને ઉંચી દીવાલ ચણવી પડશે. આપણી માતૃભૂમી અને આપણા ભાવિનું આપણે રક્ષણ કર્યે જ છુટકો."

કલર્ડોને આફ્રીકનોની સહાનુભુતી

અમદાવાદનું આફ્રીકન પત્ર "અમદુ ન્યીવા" લખે છે: આ પત્રની કટારો દ્વારા કલર્ડ પ્રશ્નને અમે અમારી સહાનુ ભુતી દર્શાવવા ઇચ્છીએ છીએ. તેઓ ની લડત એટલી તેઓની છે તેટલીજ આફ્રીકનોની છે...જો ચોકસ જ છે કે કલર્ડનો મતાધિકારને વીષે, જે આજે થઇ રહ્યું છે તેજ આફ્રીકનના મતાધી કારના ગુજરાજ હોને વીષે પણ થશે. એટલે આફ્રીકનો જો કલર્ડોને સહાનુભુતી નહિ આપે તો પોતાના જોખમે તેમ કરશે.

સ્વીટઝરલેન્ડ અંતેના હિંદના એલચીનું અવસાન

અમને નોંધ લેતાં ઘણોજ ખેદ થાય છે કે સ્વીટઝરલેન્ડ ખાતેના હીંદ સર કારના એલચી શ્રી. ધીરૂભાઇ ભુલાભાઇ દેસાઇનું માર્ચ તા ૨૧ મીના અચાનક હૃદય બંધ પડી જવાથી અવસાન થયું છે. તેઓની વય ફક્ત ૪૬ વર્ષની હતી. સ્વતંત્ર આઝાદી પુર્વેની હીંદ ની ધારાસભામાં કોંગ્રેસની પાર્લામેન્ટરી પાર્ટીના લીડર શ્રી. ભુલાભાઇ દેસાઇ ના પુત્ર હતા. સ્વીટઝરલેન્ડમાં તેઓ હીંદના સૌથી પહેલા એલચી હતા. સ્વીટઝરલેન્ડના અખબાર મુજબ તેઓ ઉચ્ચ આદર્શો ધરાવનારા અતિ માયાળુ વ્યક્તિ તરીકે સ્વીટઝરલેન્ડના ખરા મીત્ર થઇ પડયા હતા વધુમાં તે લખે છે કે સ્વર્ગસ્થ અમારી સંસ્થાઓમાં ઘણો રસ લેતા હતા અને અમારા રાજીય જીવનના દરેક ક્ષેત્રમાં સક્રીય ભાગ લેતા હતા. તેમના અવસાનથી તેમના દેશને નહિ, પરંતુ અમારા દેશને પણ મોટી ખોટ થઇ છે. હીંદની પ્રજા ને થયેલી મહાન ખોટમાં સ્વીટઝરલેન્ડ હાર્દીક સિમ્પથી દર્શાવે છે.

ગ્રુપ એરીયાઝ એક્ટ અમલમાં મુકાયો

ગુરૂવાર માર્ચ ૩૦ મીના મુલ્કી પ્રધાન ડો. ટી. ઇ. ડોંગીસે એક નીવેદનમાં જણાવ્યું કે કેપ, ટ્રાંસ વાલ અને નાટાલ એ ત્રણે પ્રાંતોમાં જુદી જુદી જાતીના લોકો વચ્ચે મોટ-ગેજ બોન્ડો સીરાયની સપળી મીલકતો ની બેવડ હેન્ડ આજથી પ્રકાશીત થીના થઇ શકશે નહિ

આમ સરકારી ગેઝેટમાં ગ્રુપ એરી યાઝ એક્ટ અમલમાં મુકવાનો દોવાની આજરોજ બહાર પડેલી જાહેરાતોનું આ પરિણામ છે.

ગેઝેટમાં બહાર પડેલી જાહેરાત ગ્રુપ એરીયાઝ એક્ટની કે જુદી જુદી જાતીના લોકોના વસવાટ અને વેપારને માટે ધ્યાનપાત્ર વીસ્તારો રચાવવાની મુલ્કી પ્રધાનને સત્તા આપે છે. આ જાહેરાત થી આખો કાયદો અમલમાં મુકાય છે. તેનો પહેલો ભાગ લેન્ડ ટેન્યુર એક્ટવાળો ભરી બોર્ડની સ્થાપનાને લગતો છે જે ગયે વર્ષે જાહેર થયો હતો.

આજની જાહેરાત કાયદાની બીજી પેરેશન (બોગદારો) ને લગતી કલમ જે જુદી જુદી જાતીના લોકો વચ્ચે પ્રો પર્ટીઓના ટ્રાંસફરો (ફેરબદલીઓ) અને મકાનોના ઓક્યુપેશનને લગતી છે, તે તુરતજ અમલમાં મુકાશે.

કેપ પ્રાંતને જો જાહેરાત હજુ સે વર્ષ સુધી લાગુ પડશે નહિ પડે.

ઓરેંજ ફ્રી સ્ટેટને તો કાયદો લાગુ પડતો નથી.

જાહેરાત સાથેના શેડ્યુલ (પરીશિષ્ટ) માં સપળા લાગતા વળગતા પ્રતીબંધ હીંદી અને ચીનાઓના જેવા કડક અને કેપ પ્રાંતમાંના મકાનોના ભોટાન્સની બાબતમાં આપવામાં આવી છે.

કાયદાની મુખ્ય કલમો જોતાં, કોઇ કે કલર્ડ લોકોના વસવા જાહેરાતના

પરિષદમાં જણાવવામાં આવેલા પેટા-વર્ગોની માહીતી અને ભોગવટા માટે સત્તાઓ જાહેર કરવાની પ્રધાનને સત્તા આપે છે.

પોતાના નીવેદનમાં કે. ડોંગીસ જણાવે છે કે તા. ૩૦ માર્ચ ૧૯૫૧ થી નાટાલ અને ટ્રાંસવાલમાં એ તારીખે જે વર્ગનો માણસ જે જમીન કે મકાન નો ભોગવટો કરતો હશે તેનો ભોગવટો મુકરી પ્રધાન પાસેથી મેળવેલી પરમીટ વીના બીજા કોઈ પણ વર્ગનો માણસ થી કરી નહિ શકાય.

અમુક નોટીફાઈડ સત્તાઓમાં વસ્તર પરમીટ કોઈની માલી પડેલી જમીન પર મકાન બાંધી અને તેનો ભોગવટો કરી નહિ શકાય. તેમ વસ્તર પરમીટ કોઈ પણ પર તોડી નાખી, કરી બાંધી અને તેનો ભોગવટો કરી નહિ શકાય. મકાનમાં ફેરફાર કરવા માટે પણ પર વાનગી મેળવવી પડશે.

નાટાલમાં અને ટ્રાંસવાલમાં પાંચ જાતીના વર્ગો છે–યુરોપીયન, નેટીવ, ઈંડી, ચીના અને કલર્ડ. કેપ પ્રાંત માં પણ એજ પાંચ જાતીના વર્ગો છે સિવાય કે બ્રીટીશ ૭૨૬ વર્ગમાં બહુમતીમાં આવ્યા છે.

રથાનીક સત્તાધારીઓએ જે કામ તુરત જ હાથ ધરવાનું છે તે પોતાના સત્તા ઓમાં જુદી જુદી જાતીના વર્ગોની ગણતરી કરવાનું છે, એટલે કે, પોતા ના સત્તાઓમાંની જમીનના પ્રત્યેક પેટા વીભાગમાં માલીક અને ભોગવટો કર-નાર કયા વર્ગનો છે તેનો નકશો બનાવવો.

આંતર-જાતીય વાડાઓની નાટાલ માં તપાસ

શ્રી એરીયાઝ એકટ અમલમાં મુકા યેલો જાહેર થતાં હવે માર્ચ ખુલ્લો મુકાયેલો ઢોર ડરબનની જેમ નાટાલ ના સઘળાં શહેરો જુદી જુદી જાતીના લોકો માટે અલગથા વાડા રચાવવાની યોજનાઓ ઘડી રહ્યાં છે.

મેરીટઝબર્ગ સીટી કાઉન્સીલે પ્રથમ પગલાં તરીકે જાતીવાર વસતી ગણતરી કરવાની સુચના આપી છે તેની પ્રાથ મીક તપારીઓ થઇ રહી છે વસતી ગણતરી કરતાં લગભગ બાર માસ લાગશે. ત્યાર બાદ જાતીવાર વાડાઓ રચાવવાની દરખાસ્તો તયાર કરવામાં આવશે.

માલવર્ન

માલવર્નમાં આખા સત્તાની ગણતરી કરવાની અને સત્તાઓ અને વર્ગોના આંકડા કરવા તપાસની એક કમીટી નીમાઇ છે. ટાઉન બોર્ડ તરફથી બહારથી વિકારાયા પછી લેન્ડ ટેન્યુર બોર્ડોને અરજીઓ કરવામાં આવશે. લગભગ ૪૭,૫૦૦ની વસતીમાંથી લગ ભગ ૬,૫૦૦ યુરોપીયનો, ૩૦૦૦ ઈંડી ઓ અને બાકીના બીજા વર્ગના બીન યુરોપીયનો છે.

વેસ્ટવીલ

વેસ્ટવીલમાં અમુક સત્તાઓ જેવા પાટીક લેન્ડ ટેન્યુર ઓથોરીટી રૂપે જાહેર થયા હતા. ગયા ગુરૂવારની બોર્ડની મીટીંગમાં વેસ્ટવીલમાં અમુક સત્તો ગ્રુપ એરીયાઝ એકટની રૂએ યુરોપીયનો ની માલીકી અને વસવાટ માટે જાહેર કરવાની અરજી કરવાનું ઠરાવાયું હતું. ત્યાંની વસતીમાં લગભગ ૨૫૦૦ યુરો પીયનો, ૨૦૦૦ નેટીવો અને ૧૫૦૦ એશીયાટીકો છે.

પાઈનટાઉન

પાઈનટાઉનમાં કંઈ પણ ચોક્કસ યોજનાઓ તયાર નથી, પરંતુ ટાઉન કાઉન્સીલ તે વહી રહી છે. લેન્ડ ટેન્યુર બોર્ડ સમક્ષ રજુ થતાં હજુ કંઈક સમય લાગશે. અહિની વસતીમાં લગ ભગ ૩૦૦૦ યુરોપીયનો, ૧૦૦૦ થી સ્હેજ વધારે ઈંડીઓ, ૫૬ કલર્ડો અને ૨૮૧૧ નેટીવો છે.

લેડીસ્મીથ

લેડીસ્મીથ શહેરની આંકણી તયાર કરી પ્રાંતિક સરકાર સમક્ષ રજુ કરવા માં આવી છે. એટલે લેડીસ્મીથ કોઈ પણ યોજના અમલમાં મુકવા સૌથી વીરોધ તયાર છે. ત્યાંની લગભગ ૨૦,૦૦૦ ની વસતીમાં લગભગ ૭,૫૦૦ યુરોપીયનો, ૪૦૦૦ ઈંડીઓ અને લગભગ ૮૦૦૦ નેટીવો છે. પરંતુ લેડીસ્મીથની ઘણી પ્રોપર્ટીઓ ઈંડી માલીકોની છે.

ગ્રેટાઉન

ગ્રેટાઉનમાં લેન્ડ ટેન્યુર બોર્ડ સમક્ષ યોકસ દરખાસ્તો મુકાતાં કંઈક સમય લાગશે. ચાલુ વર્ષની આખરી સુધી માં તેનું ટાઉન પ્લેનીંગ થઇ રહેવા વકી છે.

પ્રીસ્ટાવે

પ્રીસ્ટાવેમાં કલર્ડોને માટે એક પ્લાયદો લત્તો કરવામાં આવ્યો છે અને લેન્ડ ટેન્યુર બોર્ડ સમક્ષ તેની યોજના રજુ થતાં કંઈક સમય લાગશે. અહિની વસતીમાં લગભગ ૧૨૦૦ યુરોપીયનો, ૨૦૦ કલર્ડો, ૭૫ એશીયાટીકો અને ૧૮૦૦ નેટીવો છે. ગ્રુયુસ્લેન્ડમાં એશીયા ટીકોને જમીન માલીકીનો હક નથી.

ઓસ્કોર્ટ

ઓસ્કોર્ટમાં મુળ કાયદાની રૂએ અમુક સત્તાઓ જાહેર થયા હતા. જે થઈ ચુકયું છે તેમાં સરકાર કશી દખલ ગીરી કરવા નથી માંગતી એવા ખબર ની ટાઉન કાઉન્સીલ રાહ જોઈ રહી છે. સત્તો જાહેર થયા બાદ ઈંડીઓ પોતાને માટેના લત્તામાંજ જમીનો ખરીદી રહ્યા છે. બાકીની વસતીમાં લગભગ ૩૨૦૦ યુરોપીયનો, ૩૦૦૦ નેટીવો અને ૧૫૦૦ ઈંડીઓ છે.

અમકોમાસ

અમકોમાસ મોટે ભાગે યુરોપીયનોનું વિશ્રાંતી રથળ છે. તેમાં કેટલેક ઈંડી માલીકોની પ્રોપર્ટીઓ છે. ૧૯૪૯ માં આ પ્રોપર્ટીઓના ઝાવિ ફિલે ટાઉન બોર્ડને સત્તા આપવામાં આવી હતી. અમકોમાસની વસતી ગણતરી આવતા માસમાં થવાની છે.

શ્રી. વિનોબાજીની યાત્રા

હૈદરાબાદ પાસે એક ગામડામાં સર્વોદય સંમેલન ભરાવાનું છે તેમાં હાજરી આપવા વિનોબાજી સેવાગ્રામ થી ૩૦૦ માઇલની પગ પાળા મુસા-ફરી કરી રહ્યાં છે. રોજના ૧૫ માઇલ મુસાફરી કરી ગામડાઓમાં વાસો કરી લોકોને મુસળિતોમ માર્ગ કાઢવાની સુચનાઓ આપે છે. એક ગામડામાં સાતકારોને સમજણી મજુરી આપી. અને ચોકા નાખ્યા આપવા સમજાવી શકયા કે જેથી મજુરો ભુખે ન મરે. એક મુકામે પ્રવચન કરતાં તેમણે જણાવ્યું હતું કે:

આજે પાંચ વાગ્યે અહીંના ભાઇ ઓ પણ મળ્યા હતા. તેમની સાથે ઘણી વાતો થઇ. તેમણે બેકારોની મુશ્કેલીઓ જણાવીને કહ્યું કે આગળ વધતાં મજુરોને ખાવા માટે જુવાર પણ ન મળે, એવી રિથતિ આવવાનો ભય છે. અને પુછ્યા લાગ્યા કે, અમારા અને બીજા ગામના મજુરોનું શું થશે? મેં એમને જે જવાબ આપ્યો તે તમને ટુંકમાં કહું છું. તુકારામ મહારાજે આપણને શીખ આપી છે કે, 'તુજે આટે તુજ પાસી, વહિ હૈ જાણા સુકતાસી।'—તારૂં જે કંઈ છે તે તારી પાસે જ છે, પણ તું તેની જગ્યા ચુકી ગયો છે અને બીજે જ જગ્યાએ શોધે છે. કોઇ પુછે છે, સરકાર મારે માટે શું કરશે? ડેપ્યુટી કમીશનર શું કરશે? મીનીસ્ટર શું કરશે? પરંતુ તારે માટે જે કરશે તે તું જ કરશે. તને ભુક લાગશે ત્યારે તું જ ખાઇશ, બીજો કોઈ સુકે; તને ભુખ લાગશે ત્યારે તું જ આરો ગીજું કોઇ નહીં આવે; અને તું આ-વ્યો ત્યારે એકલો જ આવ્યો હતો, અને જઇશ ત્યારે એકલો જ જઇશ. માટે તારી જવાબદારી તારા પર જ છે અને તે તારા હાથમાં છે. તું સમજે છે કે કોઇ તને એમાંથી મુકત કરશે. અરે ગાંડા, ઇશ્વરે કેવી મુકિત કરી છે? તેણે દરેકને બે હાથ આપ્યા, બે કાન આપ્યા, બે પગ આપ્યા. દરેકને બુદ્ધિ આપી આ બધું શા માટે આપ્યું? એટલા માટે કે દરેક પોતાની જાતની સંભાળ રાખે, દરેક પોતાના પગ પર ઉભો રહે અને પછી પરસ્પર મદદ કરે. બ્રિમ દરેક દરેક ગામડામાં આપણી મુકિત આપણે જ મેળવવાની છે, અને એ બની શકે એમ છે. પાંચ લાખ ગામડાં છે. તમે કહેશો કે એમનો ઉદ્ધાર દિલ્હીમાં બેઠેલી સરકાર કરશે, તો હું કહું છું કે એ સરકાર ગમે તેટલી બુદ્ધિમાન હોય તોપણ આટલા દુઃખોનું નીવારણ તે એકલી કેમ કરી શકશે? એટલે ઉપાય તમારા હાથમાં છે.

એક બીજી વાત કહું. આપણે સૌ આ પાંચ આંગળીઓ જોતા હોઈએ. આપણા હાથની આંગળીઓ નાની મોટી છે, બધી એકસરખી નથી. પણ કંઈ કામ કરવું હોય ત્યારે બધી આંગળીઓ મળીને કરે છે. એકે લોટો ઉપડવો હોય તો બધી આંગળીઓ અને અંગુઠો મળીને તે ઉપાડે છે. આટલી નાની આંગળીઓ છે, પણ એથી કેટલું કામ થાય છે? આ પાંચે આંગળીઓ એકબીજા સાથે લડતા, અંદર અંદર ઝઘડા કરતા, એક આંગળી બીજાને મદદ ન કરતા, અંગુઠો ચાર આંગળીઓને મદદ ન કરતા, ચાર આંગળીઓ અંગુઠાને મદદ ન કરતા તો કોઇ કામ થાત ખરૂં? આંગળીઓ એકબીજાને મદદ કરે છે તેથી કામ થાય છે. એ જ રીતે આપણે ગામના લોકોએ પરસ્પર ઝઘડા ન કરતાં પ્રેમ રાખવો જોઇએ. કોઇ નાનો, કોઇ મોટો એ તો દુનીયામાં રહેવાનું જ છે. પણ સૌને એકબીજા માટે પ્રેમ હોવો જોઇએ; સૌનાં હૃદય એક હોવા જોઇએ. આ પાંચ પાંચ આંગળીઓ પરથી શીખો લો. એ રીતે વર્તવામાં ભલાઇ છે.

એક તરફી યોજના

દિલ્હીમાં ૧૨૦ ફુટ ઉંચું અને ૧૨,૦૦૦ ચોરસ ફુટ વિસ્તારવાળું લાંબુ પહોળુ મજબુત મકાન બનાવવા ની યોજનાને સરકારે મંજુરી આપી છે. આ યોજના મુજબ આ મકાન માં આજના જમાનાના બધાં વિજ્ઞાનીક સાધનો દાખલ કરવામાં આવશે. તે મકાનનો આકાર વિરાટ ગાંધીજી સરખા સ.થે ગોઠવા દેખાશે. ૪૦–૫૦ લાખ રૂપીયાના ખરચનો અંદાજ છે. આમાં ગાંધીજીનું બધુ સાહીત્ય અને વસ્તુઓ મુકાશે. આ યોજનાનો "હરીજન બંધુ" એ વિરોધ કર્યો છે અને તે પૈસાનો ગાંધીજીના સિદ્ધાંતો મુજબ તે દેશનો ઉપયોગ કરવા કહી છે

આપણી કરવાચોથની કહાણી આગામી મહીનાના એકવીસ માસનો ફોટોગ્રાફ. લેખીકા કે. ફરીદા નેપર. કીંમત રૂા. ૨૫/-.

કોકા–કોલાનું હિંદ પર આક્રમણ

[રસાયણથી બનાવેલાં સપળાં પીણાં મંદુ પાણી પીવાં બેટલાંજ ખરાબ છે. છતાં જ્યાં જુઓ ત્યાં સ્વાગતનું તે એક અનુકૂળ અને સહેલામાં સહેલું સાધન થઇ પડયું છે. એટલું જ નહિ પણ આપણા બાળકો પણ તેના પર ચેની કે દીવાનો વેડફી નાખે છે અને શરીરને નુકસાન થાય તે જુદું. આજે કોકા-કોલાએ પગ પાડ્યું છે અને જ્યાં જુઓ ત્યાં તે વખાણ કરી કરીને પીવાય છે. તેને વિષેની કેટલીક માહીતી 'હરિજનબંધુ'માં આવેલી છે તે અમારા વાચકોને જાણવા જેવી હોઈ અહિ આપીએ છીએ.—અ.ઈ.ઓ.]

કોકા-કોલા નામનું એક અમેરીકન પીણું હીંદમાં ધીરે ધીરે દાખલ થઇ રહ્યું છે. બે માસ પહેલાં દિલ્હી માં તેનું એક કારખાનું મુંબઇમાં કામ કરતું થયું. પછી કલકત્તાનો અને મદ્રાસનો વારો છે. મોટાં શહેરોમાંથી કારખાનાંવાળાઓ ધીરે ધીરે, ઘણું કરીને તદ્દન પાસેના પ્રદેશમાં દાખલ થવાની કોશિશ કરશે.

ફ્રાંસ પ્રતિબંધ મુકે છે

કેનેડા, ઓસ્ટ્રિયા, ઘટાલી તથા ફ્રાંસ માં આ પીણું કયારનું દાખલ થઈ ગયું છે. તેમનો અનુભવ હીંદની જનતાએ ચેતવણીરૂપ સમજવો જોઇએ. આમાંથી કોઇ પણ દેશે આ પીણાને આવકાર તો નથી આપ્યો, પણ ફ્રાંસ એકજ એવો દેશ છે, જેણે કોકા-કોલાના ધંધાના લાગતાવળગતા માલિકોનો ચકળતાપુર્વક મુકાબલો કર્યો છે.

ફ્રાંસમાં લોક આરોગ્યની વડી કાઉન્સીલે તથા ઔષધની મહેતાળાઓએ કોકા કોલાની નીરોપતા વીષે ગંભીર શંકા પ્રકટ કરી. આ અભિપ્રાયો અને 'પીલ્ન પુરાવાના બળ ઉપર ફ્રાંસ ની પાર્લામેન્ટમાં આ પીણાનો નિષેધ કરવા માટે એક ખરડો રજુ કરવામાં આવ્યો. ૧૯૫૦ ના જુલાઇની ૨૨ મી તારીખે એ એક તપાસ કમિશનને સોંપવામા આવ્યો.

કમિશને સર્વાનુમતે એક અહેવાલ આપ્યો અને આ પીણાપર પ્રતિબંધ મુકવાની ભલામણ કરી અને ફ્રાંસમાં એના પર પ્રતિબંધ મુકાયો.

હીંદની જેમ ફ્રાંસ તથા બીજા દેશો માં કોકા-કોલાના વેચાણ માટે અમેરિકાની કંપનીઓ નાણામાં આવી ન હોતી. દેશી કંપનીઓ એનાં વેચાણ, વહેંચણી વગેરે કરતી. પરંતુ તેમાં વપરાતો કોક જાહેરાથી મંગાવવામાં આવતો.

આ ધંધાની બીજી એક ખુરી બાજુ એ છે કે એમાં છેલ્લી દશનાં નવાં યંત્રો વપરાય છે. જેથી આ ધંધામાં ઘણી ઓછી સંખ્યામાં મજુરો રોકવા ની જરૂર રહે છે. ખાસ કરીને ભારત ને આ વિશેષ ભયજનક છે. બેલ્જીયમ માં આ પીણું બનાવવા તથા દેશભર માં વહેંચણી કરવાના કામમાં ફક્ત ૪૫૦ કામદારો કામ કરે છે.

આરોગ્ય પર માઠી અસર

કોકા-કોલા જેવા પીણાની લોકોના આરોગ્ય પર શી માઠી અસર થાય છે, તે વિષે ઘણું ઓછું ધ્યાન અપાયું છે, એ આશ્ચર્યની વાત છે. તે પાણી, ખાંડ, કેરેમલ, ફોસફોરિક એસિડ, વેનીલા, કેફીન, કોકોનાં પાંદડાં અને કોલાના ફળના સત્ત્વમાંથી બનાવવામાં આવે છે. કોકા-કોલાની છ ઔંસની શીશીમાં ૫૪ મિલીગ્રામ કેફીન હોય છે.

થોડા પ્રમાણમાં કેફીન લેવાથી ઉત્તેજક અસર થાય છે. પરંતુ વીશેષ પ્રમાણમાં લેવાથી ગભરામણ પેદા કરે છે અને શરીર પર ખરાબ અસર પહોંચે છે. આરોગ્યવિજ્ઞાનના અનેક અધિકારી પુરાવાપુર્વક કહ્યું છે કે વીશેષ પ્રમાણમાં કેફીન લેવાથી નુકસાન થાય છે. અનેક કેસો એવા નોંધાયા છે જેમાં વીશેષ પ્રમાણમાં કેફીનવાળું પીણું પીવાથી હૃદયની શિથિલતા પેદા થઇ અને કેન્દ્રીય રક્ત વાહિનીઓ પર ખરાબ અસર થઇ, ઉંઘમાં તાણ આવે, અનિદ્રા, જ્ઞાનતંતુ ની નબળાઇ, ઉશ્કેરાટ, ઝપટો, મગજ ની બેચેની અને સ્નાયુઓની નબળાઇ જેવી અસરો કેફીન લેવાથી ઉત્પન્ન થાય છે. એની માત્રામાં જોકે પ્રતિદિન વધારો થતો નથી, પણ એની અસર એકસામટી જણાય છે. તે સતત લેવા થી હૃદયની ક્રિયા અને મગજમાં રક્ત ભ્રમણમાં કાયમી રોગ ઉત્પન્ન થાય છે. જ્યારે કેફીન મીકાઇ કે એના જેવી ચીજોની જેમ એકત્રિત અને સ્વાદિષ્ટ સ્વરૂપમાં લેવાય છે, ત્યારે તેનું જોખમ વધારે છે.

ન્યુયોર્કના ડો. હંગરબુ એન. લેસ્ટ્રીન્સ્કીના મત મુજબ કેફીન ખાસ કરીને બાળકોને માટે ઝેરી છે, મગજને બહુ ઉત્તેજીત કરે છે અને શરીરની ક્રિયાઓ માં ગરબડ પેદા કરે છે. કેફીન બહુ પ્રમાણમાં લેવાથી બાળકોના શરીરનો વીકાસ અટકી પડે છે, એવો તેમનો અભિપ્રાય છે.

ફ્રાંસની પાર્લામેન્ટમાં કોકા-કોલાના નીષેધના ખરડા પર ચર્ચા થઇ ત્યારે એક પ્રતિનિધિએ કહ્યું: "પણ હું પાર્લામેન્ટનું ધ્યાન એક મહત્ત્વના મુદ્દા તરફ ખેંચવા ઇચ્છું છું. તમે તે સારી પેઠે જાણો છો કે બાળકના આરોગ્યને માટે તે ભારે ભયકારક છે." બીજા એક પ્રતિનિધિએ કહ્યું: "દુનીયાભરમાં લાગે લોકો આ પીણું પીએ છે, એ કારણે આપણે એના પર પ્રતિબંધ મુકી શકીએ નહીં, એમ તમારે કહેવું છે. શું આ દલિલ કહેવાય? સદીઓ થયાં કરોડો ચીનાઓ અફીણ પીએ છે આપણા દેશમાં અફીણનું સ્વતંત્ર વિ મન ન કરવા માટે શું આ કા આપી શકાય ખરું?"

—ગોલ્ડ કોસ્ટ જ્યાં આફ્રીકનોની પા મેન્ટ સ્થપાઇ છે તેના નેતા શ્રી. કવ નક્રુમાહને માનદીપ ડીગ્રી મેળવ યુનાઇટેડ સ્ટેટસે આમંત્રણ આપ્યું છે પેનીસીલવેનીયાની લીંકન યુનીવર્સી માં જુન તા. ૫ મીએ બાવણ મ કે વખતે યુનીવર્સીટીના પ્રમુખ હેરેસ બોન્ડના આમંત્રણથી તેમ ડીગ્રી આપવામાં આવશે.

શિક્ષણ કેવી રીતે આપવું તેની સમજ સાંપીઝના બેત્રીસ જીવનસુત્ર મુજબ ૨

આપેલું વચન પાળવું એ સુધરેલા સમાજનો પાયો છે

વીલ્યમ્સટાઉનની યુનીવર્સીટીના, કોલેજનીસભાઓના સીટી હોલમાં, માર્ચ તા. ૨૬ મીના યોજેલા પદવિદાન સમારંભ વખતે, ચેન્સેલર ઓનરેબલ આર. કીમબે પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, સુધરેલો સમાજ ટકાવી રાખ વાને અમુક અગત્યના સિદ્ધાંતોને માન અપાવું જોઇએ. વચનનું પાલન એ તેમાંનો સૌથી અગત્યનો છે. જાતી જાતી કે વર્ણનો ભેદ રાખ્યા વીના માણસ માણસ વચ્ચેના, વર્ગ વર્ગ વચ્ચેના વ્યવહારમાં વિશ્વાસઘાત નહિ કરવો એ એક ફરજ છે. આપણાં સુધારાનું ઘડતર કરનાર અને તેને પ્રોત્સાહન આપનાર ધર્મોએ એ ફરજ આપણાપર મુકેલી છે. એ 'ફર બલવત્તરામાંજ સુધારા અને જંગલીપણા વચ્ચેનો મહત્વનો ભેદ રહેલો છે. સુધરેલો માણસ અણસુધરેલા માણસને કાયદાથી, શીક્ષાણથી અ દાખલાથી જે વસ્તુઓનું ચાલુ જ્ઞાન આપી રહી છે તેમાંની આ એક છે જાહેર બાબતોમાં આ ફરજ જો જાણી કરીને ચુકવામાં આવે તો અતિ ગત નોકરીઓ વચ્ચે, વસતીના જુદા જુદા વર્ગો વચ્ચે, રાજ્યો અને જ સીતો વચ્ચે, એક સુધરેલા રાજ્યની સુખાકારીને માટે અને આપણા સુધારાનો સૌથી ગર્વભરેલો પાક ગણાતી સ્વતંત્ર લોકશાસનવ સંસ્થાઓનાં સંચાલનને માટે અગત્યની છે, તે બરાબર પરસની મુળ વીશા ની જાણકારી હસ્તી નહિ ધરાવી શકે. આ વસ્તુ સ્થિતિ હોઇ જો આજે આફ્રીકામાં સુધારાનું રક્ષણ આપણને ગોવાં કાર્યથી કરવાનું કહેવામ આવે, કે જે વીશ્વાસઘાત-જાહેર રીતે ગંભીરપણે આપવામાં આવેલાં વચ નો ભંગ ગણાતું હોય, તો, જે મજબુત પાયાપર આપણો સુધારો ર યેલો છે તેનો જ એક અગત્યનો ભાગ તોડી પાડીને સુધારાનું રક્ષ કરવાનું કહેવા બરોબરજ શું ન ગણાય? ગમે તેવી લાગણી ઉશ્કેરના અપીલે પણ આવી માંગણીની અંદર રહેલા અનિવાર્ય વીરોધીપણાને દી આપણને અંધ બનાવી દેવા નહિ જોઇએ."

તે પદવિદાનના એક પ્રવચનમાં શ્રી. કીમબે બીજી જોટલીજ મહત્વ વસ્તુ કરી હતી. અધીરાઇ ભરેલું માનસ, જે બ્યવહાર ઘડનારી ચોતા અધીરાઇમાં વીચાર શક્તિ ગુમાવી બેઠેલું છે. તેની સામે તેમણે ચેતવ આપી કહ્યું કે સાર્વત્રિય આફ્રીકામાં સુધારાનું રક્ષણ કરવા અમુક સ પગલાંને સંમત થવાની આપણને ફરજ થઇ રહી છે. પરંતુ "સુધારો એટલે શું તેનો આપણે જરાયે વીચાર કરીએ છીએ ખરા?"

કન્ટ્રીના ગ્રાહકોને:—
મા શ્રી. ૨-૦ રતલ
ચણા શ્રી. ૧-૮ "
ઓર્ડરોનું ૧૧૮ બિઠોડીયા ફર્સ્ટ, ટેલીફોન ૧ ૬૪૮૮૫
ઘઉંનો...શ્રી. ૧-૩ રતલ
બીજા અનાજ ૧ ૬ રતલ
મગ.....શ્રી. ૧-૦ રતલ
તુવેરની દાળ શ્રી. ૧/૩ "
તુવેર ની દાળ નં. ૧ ૧/૬ રતલ
ચણાની દાળ શ્રી. ૧-૦ "
વાલની દાળ...શ્રી. ૨-૦ રતલ
અળદની દાળ...શ્રી. ૨-૩ રતલ
મગ દાળ નં ૧....શ્રી. ૨-૦ રતલ
મગ દાળ નં ૨... શ્રી. ૧-૬ રતલ
અળાનો લોટ (ઓંકરી વગરનો) ૧/૦
ઘ.પરી.....શ્રી. ૧-૦ રતલ
ઘઉંના અનાજ.....શ્રી ૧-૧૦ રતલ
ચરીનાળી.....શ્રી. ૧-૬ રતલ
દીવેલ.....શ્રી. ૧-૧ રતલ
ઘાસ.....શ્રી. ૧-૧ રતલ
ઘઉં.....શ્રી ૩-૦ ૨
જવ.....શ્રી ૩-૦ ૨
પરશુ નરસીંહ એન્ડ કું. (પી) લીમીટેડ.
૬૨વર્ષની ૬૦ વર્ષની પુરાણી અને સુપ્રસિદ્ધ દુકાન.

કુદરતી ઉપચારો

(લેખક : મી. રોબર્ટ લોરેન્સ મેકફીબીન)

[૪૦ (એ) કમીસનર સ્ટ્રીટ, જોહાનીસબર્ગના મી. રોબર્ટ લોરેન્સ મેકફીબીનની કુદરતી ઉપચારોપરની લેખમાળાનો આ લેખ પ્રસિદ્ધ કરીએ છીએ. કુદરતી ઉપચારો સંબંધી વાંચકો કંઈ પણ પ્રશ્ન પુછવા અથવા સલાહ ઈચ્છતા હોય તો તેનો જવાબ મી. મેકફીબીન આ પત્રદ્વારા આપશે.—અ.ઈ.ઓ.)

ચેપી રોગો ફેલાવનારાં ઝેરી તત્વો

"જનના જાણીતા ડો. જે. હ. આર. મેકડોનાલ્ડ કહે છે કે રોગના મુખ્ય કારણો જંતુઓમાં નથી રહ્યાં પરંતુ ખામીવાળા ખોરાકમાં રહેલાં છે.

રોગ એ મુખ્યત્વે કરી શરીરના કોષોનાં પોષણનો અથવા વધારે વારંવાર કિંમતી રીતે અપોષણનો સવાલ છે.

ખામીવાળા ખોરાકની ઉત્પત્તિના ચાર કારણો છે. તેમાંના બે માણસ થી સુધારી શકાય તેવાં છે. તે છે ખોટો ખોરાક અને ખોટી રીતે ઉગાડેલું અનાજ. ખોટા ખોરાકમાં એ ખોરાક નો સમાવેશ થાય છે કે જેનું કુદરતી સ્વરૂપ બગાડી નાખવામાં આવેલું છે; તેમાં રહેલાં શક્તિ આપનારાં તત્વોને મારી નાખવામાં આવેલાં છે; શરીરારોગ્ય ને માટે જરૂરી ધાતુઓની તેમાં ખામી છે. આમાં ખોટી રીતે બનાવવામાં આવેલા અને ખોટી રીતે ભીનવણ કરવા માં આવેલા ખોરાકોનો પણ સમાવેશ થાય છે. વળી જે કંઈ પણ તાજું નથી તે પણ લાંબે ગાળે રોગ ઉત્પન્ન કરનારું બને છે. દાખલા તરીકે બગડેલાં માંસ કે અનાજ મુખેથી માંસ અને અનાજ સમાપ. એ જાણીતી વાત છે કે જે જનવરોને મુખેલાં સડીકૃષ્ણ એવાં માંસપર રહે છે તે બીજાનું કોમ છે, જેવાં કે, સીપાળ, ગીધ અને બગલાઓ કુતરાં વિ. બીજા તરફથી સિંહ અને વાઘ તાજો શિકાર કરે છે. જો તેઓને બંધનમાં રાખી આપેલું માંસ આપવામાં આવશે તો તબિયતે બગડે અને બીમાર પડશે.

ખોરાકમાં તેની કુદરતી તાજગીને કેસી નાખનારી કંઈ પણ વસ્તુ ઉમેર થવી ઝેરી પદાર્થ ઉત્પન્ન થાય છે, બાલાઓ, બીન જરૂરી મસાલા, બોટાં ખોરાકો, અતિ ઉષ્ણ, અતિ ઠંડા, બોટી રીતે રંધાએલાં બિગેરે સમળા પદાર્થો ઝેર ઉત્પન્ન કરનારાં સમાપ.

પરંતુ ખામીવાળા ખોરાકનું સૌથી અગત્યનું મુળ કારણ અને રોગની ઉત્પત્તિ કરનારું કારણ ખરાબ જમીન છે. જે જમીનમાંથી કસ ચાલ્યો ગયો હોય, રસાયણો દ્વારા ખાતરથી તેને ઝેરી બનાવવામાં આવી હોય, અથવા બીજી રીતે તેનો દુરૂપયોગ થયો હોય, તેવી જમીનમાંથી લાંબે અનાજ પાકવાની આશા ન રાખી શકાય. તેવી જમીન નો પાક ખામી વાળો જ હોય અને તેથી રોગ ઉત્પન્ન કરનારો હોય. એટલે આધુનીક રોગો કાઢી નાંખવે છે તેના પ્રચાર રોકવામાં આ વસ્તુનો પણ ખ્યાલ રાખવાનો છે.

દક્ષિણ કુળની મુસાફરીએ નીકળેલા સ્કોટીશ સાહસિકોના એક શબ્દને રસ્તે પેલાગ્રા અથવા ચામડીનો રોગ થયો. તેને કારણો શોધ લાગવા નો સવાલ હતો જ નહિ.

સ્થીયુક્ત સંશોધકો એક મહત્વ ની હકીકત સુધી ગયા તે એ કે આ બધી ફોલ્કલેન્ડ ટાપુઓમાંથી આવેલો ૧૮ વર્ષનો યુવાન છોકરો હતો, કે જે ટાપુઓને વીષે સર આલ્બર્ટ હાવર્ડ અને બીજાઓએ કહ્યું છે કે, કસ વીનાની જમીનનો એ નમુનો છે. જેના પરિણામે ત્યાં ઉગતાં અનાજોનું ચારિત્રિક પતન થઇ રહ્યું છે. શરૂમાં ફોલ્ક લેન્ડના ટાપુઓ તેના ઘેંટાના માંસ માટે પ્રખ્યાત હતાં અને લંડનમાં તેને માટે મોટી બજાર હતી. પરંતુ વખત જતાં જમીન ચુસાઇ ગઇ અને તેથી જમીન પર ઉછરેલાં ઘેટાં પણ કસ વિનાના થવાં લાગ્યાં એટલે. સુધી કે માદાઓને બીમારીમાં પણ મુશ્કેલી પડવા લાગી. તેથી જમીનપર ઉછેરવામાં આવેલ માનવીનું પણ એમજ થાય. વળી આપેલા અકુદરતી ખોરાક આપીને તેના બગાડમાં ઉમેરો કરવામાં આવે.

પેલાગ્રા અથવા પોષણની ખામી એ ચેપી રોગ સમાપ છે. અમુક યુક્ત બાદ તેના ઝેરી તત્વો જોવામાં આવે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે એ ઝેરી તત્વ રોગનું કારણ નથી પરંતુ રોગમાંથી પેદા થએલી વસ્તુ છે.

જમીન આખી દુનીયામાં બધે જ્યા નક રીતે કસહીન બનવા લાગી છે. આથી કેમેતી રીતે અપોષણ ગંભીર પ્રમાણમાં વર્તી રહ્યું છે. પરંતુ આવી કસ વીનાની જમીનમાંથી ઉત્પન્ન થતા કસ વીનાના બાલ પદાર્થો જે ગંભીર નોખમ હેલાવી રહ્યા છે તેને બોલ્યું ધ્યાન દેવામાં આવતું નથી.

દુનીયાભરમાં રસાયણોથી જમીનને પોષણ આપીને અનાજની ઉત્પત્તિ મોટા પાયાપર વધારવામાં આવી રહી છે. સ્થાપિત હાલો અને ધન સંચય નો લોભ આવાં રસાયણોથી જમીન ને પોષણ આપી પાક ઉપજાવવાની લાલચ સર્વત્ર વધવા લાગી છે. પરંતુ એ રસાયણો વનસ્પતિના પ્રોટીન તત્વને વધારે પડતું વેગવંત બનાવે છે જેથી પ્રોટીનનું તત્વ નાશ પામે છે અને ઝેરી તત્વ ઉત્પન્ન થાય છે.

કુદરતી કચરામાંથી બનેલાં ખાતરને બદલે ઓર્ગેનીમમ સબ્સ્ટેટ વાપરવું વૈજ્ઞાનિક દૃષ્ટિથી ખોટું સમજવામાં આવ્યું છે.

ચેપી રોગો દુનીયામાં મોટા પ્રમાણ માં વધવા લાગ્યા છે.

કેટલીક મ્યુનીસીપાલીટીઓના તંદુરસ્તી ખાતાંના અધિકારીઓ કહે છે કે પેલીયોના ઝેરી તત્વો જ્યારે જુઓ ત્યારે મોરીઓમાં ઉછરતાં બગડતાં પડેલાં જોવામાં આવે છે. તેમ છતાં પોલીયો ના કેસો એ રીતે જોવામાં આવતા નથી. વળી કેટલાક તંદુરસ્તી ખાતા ના અધિકારીઓ કહે છે કે, મોરીઓ ની આજુબાજુના લત્તાઓ આશ્ચર્ય જનક રીતે પોલીયોના રોગથી મુક્ત રહ્યા છે. મોરીઓની આસપાસના એજ લત્તાઓમાં, મોરીઓનું પાણી અને ગંદવાડ જે જમીનને કસદાર બનાવવાને બહોળા ઉપયોગી છે, તેના થી ઉપજતો પાક પણ એ લત્તાને રોગ મુક્ત રાખવામાં કારણભુત હશે એટલે તંદુરસ્તી ખાતાના અધિકારીઓ મોરીઓના પાણી અને ગંદવાડને પોલી યોને માટે ભાવિ જોખમ રૂપ માને છે તેને બદલે એજ પાણી અને ગંદવાડનો ઉપયોગ અનાજ ઉગાડવામાં કરવામાં આવે તો કદાચ તે રોગ ઉત્પન્ન કરવા ને બદલે તેનું નીવારણ કરનારું થઇ પડે.

પોલીયોના ઝેરી તત્વો જો ન્યુસી-પલીટીની મોરીઓમાં બળી આવતાં હોય તો મ્યુનીસીપાલીટીઓ એ સમળા કચરાનો કસદીન જમીનને કસ આપ વાને ખાતર બનાવવામાં કેમ ઉપયોગ નથી કરતી! સર આલ્બર્ટ હાવર્ડ હીંદમાં તેમ કર્યું હોવાથી પેનીસીલીન અને સ્ટ્રેપ્ટો માયસીનના મુલ્ય વાળા તત્વો તેમાંથી ઉપજ થાય છે અને એ તત્વો જ બધા રોગોના ઝેરી તત્વોને પહોંચી વળે છે. એક ડોનાલ્ડએ કહ્યું છે કે: "ગાડપાનને પરોપર પોષણ મળે તેટલા ખાતર અને જનવરો અને માણસોની તંદુરસ્તીને માટે સારામાં સારા ખોરાકની જરૂર છે તેટલા ખાતર મોરીનો સમળો ગંદવાડ, અને જમીન માંથી નીકળતો સમળો કચરો કરી પાછો જમીનમાં જ નાખવામાં આવવો જોઇએ." રસાયણોથી બનાવવામાં આવતાં કૃત્રીમ ખાતરો બીલકુલ લાભ કારક નથી.

સ્થાપિત હાલો વાળાઓને, સરકારી અમલદારોની ઢીલીલતાને, સામાન્ય મુર્ખતાને અને જુની કહીઓને વળગી રહેનારાઓને વર્ષસ્ત ઘસરવા દેવાનો આ વખત નથી. રોગો બહોળા પ્રમાણમાં હેલાઇ રહ્યા છે. મુખમરો વધવા લાગ્યો છે. અત્યંત ગંભીર પરિસ્થિતિ ઉત્પન્ન થઇ છે. વખતો વખત ઉપદ્રવો કાઢી નીકળે છે અને જેઓ પ્રમાણ યુત ધાન ધરાવતા હોવા નો દાવો કરે છે તેઓને જ તેને પહોંચી વળવામાં પોતાની હાર સ્વિકારવી પડી છે.

કેન્સરનાં સંશોધન, પોલીયોના સંશો ધન, અરે, સાધારણ સળેખમનાં પણ સંશોધનને માટે કરોડો પાઉન્ડ ખર્ચવા કરવામાં છે. અને પરિણામ શું આ-વ્યું છે? શુન્ય! અમે તે રોગ કાઢી નીકળે ત્યારે તમે જોશો કે જાહેર તંદુરસ્તીને માટે જવાબદાર સ્થીયુસ્તો જાદલ નીરધાર બની જાય છે.

તેને માટે માર્ગ બદલવો પડશે. જાહેર પ્રજા, કે જેને આરોગ્ય ટકાવી રાખવાને સમળો ખર્ચ આપવો પડે છે, તેણેજ એ કામ પોતાના હાથમાં લેવું પડશે. જીવન મરણના આ સવાલની સાથે રમત નહિ કરી શકાય. આગળ પડતા વિદ્વાનીકો, જેઓ ખરો માર્ગ સુચવે છે, તેઓને વીષે કહેવામાં આવે છે કે તેઓ સમયથી બહુ આગળ ચાલી ગયા છે. એજ પ્રમાણે બીજા ઓને વીષે કહી શકાય કે તેઓ બહુ પાછળ રહી ગયા છે. જનતાની ઢીલીલતા, બેપરવાઇ અને અજ્ઞાન તેને માટે દોષિત છે. પ્રત્યેક વીચારવાન નર નારીએ પ્રજા જાગૃતી પ્રત્યે પોતાનો કંઈક ફાળો આપવાનો છે. સદાચાર નો આધાર સદનિચારપર રહેલો છે.

જોઇએ છે

સમળા હીંદી પત્રોના કમીશન સહ સવાજનો ઉઘરાવનારા જોજનો તરીકે કામ કરવા યુવાનો અને યુવતીઓ. પંદ્ર વિગતો અને જાવોનાં ફોરો માટે થી. ૨ ના પોસ્ટલ ઓર્ડર સાથે. લખો :

Excelsior Subscription Service
9 Cantonement, Ahmedabad 3
INDIA.

જીવનનિર્વાહનો વ્યવસાય

લેખક : શ્રી. કેદારનાથજી

જીવનસિદ્ધિ માટે ચિત્તશુદ્ધિની અને ચિત્તશુદ્ધિ માટે ચિત્તસ્થિરતાની જરૂર છે. એ માટે સારું વાચન, મનન, સંયમ, નિયમ વગેરેની તેમ જ પોતાના જીવનનિર્વાહ માટે સદ્‌વ્યવસાયની પણ જરૂર છે. પોતાના નિર્વાહનો વ્યવસાય જો યોગ્ય ન હોય તે ધર્મ ન હોય તો ચિત્ત તે બાજુથી હંમેશ અશુદ્ધ રહેવાનું. પોતાના ધર્મને સમાજના બારણે, પોષણ અને રક્ષણ ના, એટલે ધર્મયુક્ત જીવનના મહત્ત્વ ના બાજારૂ ને સમજીને તે કરવો જોઈએ.

સમાજને કોઈ પણ પ્રકારે હાનિ પહોંચે એવી જાતનો ધંધો કરતાં કોઈ ખાન, બજન અને પૂજન વગેરે થી પોતાની ઉન્નતિ સાધવા ઇચ્છે તો તે તેની ભ્રાંતિ છે. આપણું સમગ્ર જીવન શુદ્ધ માર્ગે ચલાવવાની પાત્રતા આપણામાં આવ્યા વિના આપણે જીવનસિદ્ધિ સાધી શકીશું નહિ. આ વાત આપણે સમજતા ન હોવાથી આપણી અવનતિ થયેલી છે. આપણે હંમેશ સમાજદ્રોહ કરીએ છીએ, છતાં આપણે પોતાને ધર્મપરાયણ કે અધ્યાત્મ માર્ગે ચાલનાર સમજીએ છીએ. ધંધો અને ધર્મ એ વાતો તદ્દન જુદીજુદી છે એમ સમજવાનું આ પરીણામ છે.

જીવનસિદ્ધિનો વીચાર કરતી વખતે પોતાના ધંધાની ઉપયોગીતા અને પ્રામાણીકતાનો આપણે વીચાર કરવો જોઈએ. આ સાદી અને સરળ વાત આપણે સમજતા નથી; કારણકે આપણે આપણું ધ્યેય હજુ બરાબર સમજ્યા નથી. ઉદ્યોગધંધાનો ધર્મ સાથે કશો સંબંધ નથી, તે જેમ ચાલતા આવ્યા છે તેમ જ ચાલતા રહેશે, તેમાં આપણે કશો ફેરફાર કરી શકીશું નહિ; વ્યવહારમાં અસત્ય, કપટ રહેશે, તે વિના આપણું નહિ ચાલે; આપણામાં ધાર્મીક દાંભ અને ભાવના હોય તો પોતાના સમાધાન માટે રોજ કંઈને કંઈ ધાર્મીક ક્રિયા-કાંડ કરતા રહીએ એટલે બસ; તેથી આપણાં પાપોનો નાશ થશે, પુણ્ય પ્રાપ્ત થશે અને મરણોત્તર સદ્‌ગતી મળશે એવી શ્રદ્ધા, પરંપરાથી આપણામાં ચાલતી આવી છે. તેનું પરીણામ એ આવ્યું છે, કે આપણે બધા જ ધર્મ અને વ્યવહાર-જીવનને બાબતો બાદ થતા રહ્યા છીએ. આપણા ઢાલત દિવસેદિવસે વધારે હીન બનતા જાય છે. ધાર્મીક નિરર્થકયોગા ક્રમકાંડના નિમિત્તે આપણે બાહ્ય આડંબર, દંભ અને પુર્તતાનું પોષણ કરીએ છીએ. કર્મકાંડથી પરસ્પર સંતુષ્ટ થાય છે, પુણ્ય પ્રાપ્ત થાય છે, પાપમાંથી મુક્ત થવાય છે, એવી ખોટી શ્રદ્ધા રાખીને સમાજ સાચે પ્રામાણીક રહેવાનો વીચાર જ આપણે કદી કરતા નથી. ક્રિયાકાંડથી પ્રાપ્ત થતા પુણ્યના બળે પ્રલોકમાં અને પરલોકમાં આપણને સુખ જ મળશે એ શ્રદ્ધા પર આપણે સમાજદ્રોહ કરી જે જીએ, પાપ આચરી રાખવાં અને તેમાંથી મુક્તિના કાલ્પનિક ખોટા ઉપાય કરતા રહેવું એ મહાભ્રાંતી આપણે જનમોજનમથી સેવેલી છે; તેથી પુર્ત અને દંભી લોકોની સ્વાર્થબુદ્ધિથી ધાર્મીક બાહ્ય-આડંબરમાં હંમેશાં ઉભેરો થતો આવ્યો છે. સાંપ્રત વખત ની આવી પરંપરાને લીધે આપણે આજ સ્થિતીમાં જીવન ગાળતા હોવાથી આપણું અને સમાજનું નુકસાન થયું છે એવું સમજતા હોવા છતાં તે પરંપરા આપણે તોડી શકતા નથી, આપણી ખોટી શ્રદ્ધાને છોડતા નથી અને સમાજદ્રોહમાંથી નીકળી શકતા નથી; પરંતુ ચિત્તમાં પોતાના પ્રેમની ખરી ઇચ્છા જાગ્રત થાય અને તે માટે મન ઉત્કંઠાવાળું થાય તો હીંમત રાખીને આપણે આ મહાભ્રાંતીમાંથી નીકળવું જોઈએ અને જીવનસિદ્ધિનો સાચો માર્ગ પકડવો જોઈએ.

સત્યથી વહેવાર ચાલતો નથી, કપટ કર્યા વગર પૈસા મળતા નથી એ સમજણ ખોટી છે. સત્ય પર શ્રદ્ધા રાખીને આપણે કદી અનુભવ લેતા નથી, પણ શરૂઆતથી જ સત્ય વિષે કાલ્પનીક ભય રાખીને આપણે અસત્યથી વહેવાર કરીએ છીએ અને તેના સમર્થન માટે વ્યવહારગ્રાહ્યમાંથી સત્યથી વીરૂદ્ધ સીદ્ધાંત માંડીએ છીએ. જીવનને આ જાતનું વલણ થયું પછી જન્મોથી ઉત્તરોત્તર તે દૃઢ થતું ગયું છે અને આખરે તે આપણો સ્વભાવ બની ગયું છે. પણ થોડી હીંમત રાખીને સત્ય પર બધા રાખીએ અને વહેવાર ને જરૂરી એવા બીજા અનેક સદ્‌ગુણો અને કૌશલ્યથી તે ચલાવીએ તો થોડા દીવસોમાં જ આપણી ખાતરી થશે, કે અસત્ય કરતાં સત્યથી વહેવાર ચલાવવામાં આપણું અને સમાજનું અનેક બાજુઓથી કલ્યાણ છે. માણસ જગતમાં બીજાઓ તરફથી પ્રેમ, વીશ્વાસ, આદર અને સદ્‌ભાવ ઇચ્છે છે. આ તેને અસત્યથી પ્રાપ્ત થશે કે સત્યથી? એના પર બધા પ્રેમ, વીશ્વાસ, આદર અને સદ્‌ભાવ રાખે તેને આ દુનીયામાં સદ્‌વ્યવસાયથી નિર્વાહ ચલાવવો અશક્ય કે કઠણ છે શું? વહેવારમાં આપણો સંબંધ પ્રામાણીક માણસ સાથે આવે એમ આપણે ઇચ્છીએ છીએ કે અપ્રામાણીક માણસ સાથે? અને પ્રામાણીક માણસ સાથે આવે એવું જો બધાને લાગે છે તો પ્રામાણીકપણે વ્યવહાર કરનારને વહેવારમાં સફળતા મળતી નથી એવું આપણે શેના પરથી ઠરાવીએ છીએ?

સત્યથી ચાલનાર માણસ પર દરેક જણ વીશ્વાસ રાખે છે અને એ પ્રમાણે ચાલવાથી આપણે પણ બીજાના વીશ્વાસપાત્ર બનીએ એમ જાણતા છતાં આપણે કપટનો માર્ગ લઈએ છીએ તેનાં કારણોમાં આપણા પર તે વિષેના પડેલા ખોટા સંસ્કારો, કુસંગ અને જીવનને તે જાતનું પડી ગયેલું અનિષ્ટ વલણ છે એમ લાગે છે. પરંતુ કુનીયામાં આપણે બધી બાજુથી સફળ થયું હોય તો તે વાત અસત્ય, કપટ વગેરે દુર્ગુણોથી કદી સીદ્ધ નહીં થાય, પણ જ્યારે ત્યારે સત્યથી સીદ્ધ થશે એમાં શંકા નથી. અસત્યનો આશ્રય એ ખરેખર આશ્રય જ નથી, પણ તે આપણને અને સમાજને ડુબાડનારો એક મોહ છે એમ આપણે સમજવું જોઈએ. જેઓ કોમાર્યી છે તેમણે તો તે વિષે દૃઢ નિશ્ચય કરીને અસત્ય ટાળવું જોઈએ.

માણસને સુખની ઇચ્છા છે, તેટલી જ તેને ઉન્નતિની પણ ઇચ્છા હોવી જોઈએ; પરંતુ કેવળ બાહ્ય ઇન્દ્રિયો દ્વારા સુખી થવા પાછળ તે એટલા વેગથી લાગ્યો છે કે તે વેગ આગળ તે પોતાની ઉન્નતિની ઇચ્છા અને જરૂરીયાત ભૂલી ગયો છે, અથવા જેમ પણ હોવાનો સંભવ છે, કે તેને હજુ તે વિષે પુરી જાગૃતી આવી નથી. આપણું અને આપણા કુટુંબનું જેમ તેમ ભરણપોષણ થાય અથવા કુટુંબ સાથે આપણને સુખવીલાસમાં રહેતાં આવડે એટલે બસ, એવી મનોવૃત્તીઓ પર આપણે બધા આવી જઈએ. પણ આપણે થોડો વીચાર કરીએ તો આપણને સમજાશે, આપણને ખાતરી થશે કે માનવજીવન આટલા ક્ષુદ્ર સુખ માટે બનેલું નથી. માણસને મળેલાં ઇન્દ્રિયો, મન, બુદ્ધિ અને ચિત્તનો થયેલો વીકાસ, તેની સામાજીક અને ધાર્મીક સ્થિતી, તેને પ્રાપ્ત થયેલું જુદુંજુદું શાસ્ત્રીય જ્ઞાન-એ બધાં દ્વારા તેણે આવું ક્ષુદ્ર સુખ મેળવીને સમાધાન માનવું એ વાત તેની માનવતાને શોભા આપનારી નથી. કેવળ પોતાની અને કુટુંબની જરૂરીયાતો પુરી કરવામાં જ તે પોતાને ધન્ય માની લે તો તેમાં તેના જ્ઞાનની અને પ્રાપ્ત થયેલી શક્તિઓની અને અનુકૂળ પરિસ્થિતીની ક્ષેત્રતા શી? સાચું પુછતાં તે બધાને શક્ય તેટલો સદુપયોગ કરીને તેણે પોતાની માનવતાની દૃષ્ટિ કરવામાં જ ધન્યતા માનવી જોઈએ. પ્રામાણીકપણે સદ્‌વ્યવસાય કરીને પોતાનું તથા કુટુંબનું ધારણ-પોષણ અને રક્ષણ કરતાં આપણને આવડવું જોઈએ. તે સાથે આપણાં બાળકોની સત્ત્વશુદ્ધિ થતી હોવી જોઈએ. તે બધું માનવી ગુણોના ઉત્કર્ષથી થઈ શકે જીવનની સીદ્ધિ તેમાં છે. તે જ આપણને સમાજોપયોગી અને સમાજ હિતકર એવા પવિત્ર ઉદ્યોગની આવશ્યકતા છે. આપણને રસ ના હોય તો શું આપણે વખત આપણા પેટમાં જ આપણે રસ લેવો? તો પછી અહંકાર અને આત્મશ્લાઘા ન કહેવાય અને એ દુષણો છે એમ શાસ્ત્રો અને વડીલો તો શું પણ રાજદ્વારી નેતાઓ પણ કહે છે. નિંદા પણ કોઈ જુજ નથી એ ખરું. પ્રશ્નો કહે છે, કે બીજાઓને નિંદાનો શોખ હોય છે, પુરૂષો એને 'વાતોના તડાકા' કે ગપ્પું રૂપ આપીને 'ચર્ચા' પણ કહે છે, જેમ કારકુનને મળે તે પગાર અને મજુરને મળે તે મજુરી કહેવાય છે, જેમ મોટા માણસની 'ભૂલ' અને સામાન્ય માણસની 'મુર્ખાઈ' ગણાય છે, જેમ આપણે કરીએ તે 'કરકસર' અને પારકાની 'કંજુસાઈ' મનાય છે, એવી જ રીતે પુરૂષોનાં 'અપરાધ' અને બીજાઓની 'કુથલી' કહેવાય છે. પણ એમાં સામાન્ય તત્ત્વ પારકાની પંચાત છે. પારકાની વાતો ન કરવાની હોય તો વાર્તાલાપના વીષયો શોધવા પડે, થયા પુરૂષો તો ઓછાબોલા મટી જાય, ઘણી સ્ત્રીઓએ મૌનવ્રત લેવાં પડે, સામાજીક, વ્યવહાર કદાચ બંધ જ થઈ જાય!

બીજા કોઈ કારણસર નહિ તો સામાજીક સંબંધો વાસ્તે પણ પારકી પંચાત આવશ્યક છે. હિમાલયમાં તપસ્યા કરતા ઋષિમુનિઓ કાંઈ પારકી પંચાત નહિ કરતા હોય-એ કે એમને પણ વસીઠ અને વીશ્વામીત્ર જેવા પરસ્પર દ્વેષી પડોશી હોય છે અને હવે તો તીબેટમાં કે નેપાળમાં શું થાય છે એની હિમાલયમાં વસતા સાધુઓને પણ પંચાત કરવી પડતી હશે-પરંતુ સમાજ તો પરસ્પર સંબંધ અને વર્તણુક પર રચાયો છે. જો બીજાનાં સુખદુઃખમાં આપણે સહભાગી ન થઈએ તો સમાજ ટકી કેમ શકે? જેઓ અભીમાની હોય છે જેમને પણ પોતાનો પ્રભાવ પાડવા માટે-પોતે કેટલા મહાન છે એ બીજાને જોવા હોય છે તે માટે-સમાજની, બીજા માણસોની જરૂર હોય છે; જેઓ અતડા હોય છે અને બીજા કોઈની પરવા નથી જેમ દેખાડે છે એમને પણ જ્યારે દુઃખ આવી પડે છે, ત્યારે બીજા 'ભેમ' આશ્વાસન આપવા આવતા નથી તે સાલે છે. ટ્રેનના ડબ્બામાં પણ જ્યારે ઉતારુઓ એકબીજાને મળે છે, ત્યારે કેટલા રસથી સવાલો પુછે છે? 'કયાં જાઓ છો? કેમ જાઓ છો?' જેવા શરૂ કરીને 'શી વાત છે?' 'ગહલે પધાર છે?' 'કેટલાં છોકરાં છે?' 'પરવાળી બીજીવારની છે કે ચોથી?'

કમીશન બેઠેલો છે?–' સુધી અનેક પ્રશ્નો પુછાય છે. ત્યારે કોઈ વીર, નિર્ભૂર પુરૂષ (કે સ્ત્રી) હોય તો જ જવાબ આપી શકે કે 'તમારે વળી પારકી પંચાત શું? મુંઝાતુંમા બેસી રહો ને! હું અમે ત્યાં બાર છું, કોણ બહારનું કંઈ પુછે કે નહિ એ મારા રોકે કે ધ-કમીટેડવાળાને પણ કહેતો નથી તો તમે કોણ પુછનાર? બીજીવાર પરણવાનો હક્ક સુધી સરકારે પ્રતીબંધ નથી કર્યો તો તમને શા માટે આટલી જીજ્ઞાસા છે?'

મને તો આવા પ્રશ્નોના જવાબ આપવા ગમે છે; કારણકે સામા માણસ ને આપણામાં રસ છે એ વીચારથી આપણું સ્વમાન ચોપાય છે. વળી જ્ઞાનનું મુળ જ જીજ્ઞાસા છે અને કોઈ ની પણ જીજ્ઞાસા તૃપ્ત કરવામાં ડીઝાઈન મેટલું પુણ્ય છે એવી મારી દૃઢ માન્યતા છે. આપણને જો ગેરસાબ ન થતો હોય, બીજાને સંતોષ થતો હોય અને મુસાદીરીમાં વખત આવ્યો જતો હોય, તો પછી એવા સવાલોના જવાબ આપવામાં શો વાંધો? સ્ત્રીઓને આવી બાબતમાં અતડા હોય છે, ટ્રેઈનેડમાં ટ્રેનના ડબ્બામાં લોકો આગળ જ વાતો કરે છે. પારકાની પંચાત કરવામાં ત્યાંની પ્રજા માનતી નથી; પરંતુ પારકી પંચાત ન કરવી એમ જેઓ સલાહ આપે છે એ શું એમ કહેવા માગે છે કે કોઈ કુણી જગ્યા હોય તો એની સાથે ઓળખાણ નથી માટે બચાવવા ન જવું કે રસ્તામાં કોઈ તકરાર થતી હોય તો એ પતા-વવા ન જવું? કોઈને મંદવાડ હોય ત્યારે કેટલા બધા માણસો રા ઉપચાર જેવા અને કોની દવા લેવી એની સલાહ ચકરમાગે આપે છે! એમ તો મારા એક ઓળખીતા સજ્જન મારા નોકર દ્વારા સંદેશો કહેવડાવતા કે મારા પગારના પ્રમાણમાં હું પરવું આવું બબ્બ ઉપરાંતનું આપું છું! મારી આર્થીક રિયતી નિરોની આ બીજા શું પારકી પંચાત કહેવાય! પારક્ષ માણસોને આપણા જ મેળીએ ત્યારે જ આમ સલાહ અપાયને! આજના 'પારકા' કાલે પોતીકા નહિ થાય એની શી ખાતરી? એવા માણસોને આપણી જરૂર પડે અથવા તો આપણને એમની જરૂર પડે; પંચાતના ઘાંટા મોઢેઢેલે આપણા પર ઊઠે અને આપણે એવી પંચાતમાં દખલ પણ જઈએ. આથી જ્યારે, કે પારકા પંચાત અને આપણા પોતા ના કર્તવ્યની વચ્ચે કેટલો સુક્ષ્મ ભેદ છે. પદેલેના જ પંચાત પતાવવામાં પણ ઘણીવાર લાભ છે, પાણી આગળ પાળ બાંધણી જ ઠીક છે. કુટુંબમાં સમાજ પ્રસર વ્યક્તિગત પ્રગતિ અટકાય છે અને દોડેલણે અંશે પારકા ની પંચાત કર્યા વગર સમાજની ઘટ ના અટકાય છે.

એમ જુઓ તો સમાજસુધારકો, ક્રાંતિકારકો, રાજ્યદ્વારી પુરૂષો અનેક નાનીમોટી સંસ્થાઓના સભ્યો–બધા યે રાતદિવસ પારકી પંચાત જ કર્યા કરે છે ને! ભગવદ્ભજન પણ પારકા ની પંચાત સાથે જ સંકળાયેલું છે. કાર્યકર્તાઓ, લોકસેવકો અને લોકનેતા ઓ પારકી પંચાતમાં જ રચ્યાપચ્યા રહે છે. એમાં જ ખાનગી અને જાહેરજીવનનો ભેદ રહેલો છે. પ્રત્યેક મનુષ્ય પોતાનો સ્વાર્થ સાધે તો સરવાળે આપણા સમાજનું હિત સધાય એમ કેટલાક અર્થશાસ્ત્રીઓ અને રીક્ષકુરો કહેતા આવ્યા છે, પણ એ વાત હવે કોણ માને! લોકોને માટે શું સારું છે એ લોકો જાણે એના કરતાં રાજ્ય કરનારા વધારે સારી રીતે સમજી શકે છે એમ હવે તો મનાય છે. નહિ તો આટલા કાયદા, નીયમો, અંકુશો ન હોત. આપણે શું ખાવું કે પીવું, કેવી જાતનાં નાટકોસીનેમા જોવાં, કઈ રમતમાં કેમરે આજ લેવો, શું વાંચવું અને ન વાંચવું, પેર કેટલા વાગે જવું એ બધું પણ હવે રાજ્ય કરનારા નક્કી કરશે. આટલા બધા લોકો માટે આટલી બધી પંચાત તો જેમને સુધારાની અને ક્રાંતીની ખણ હોય એ જ કરી શકે. માણસ જેમ વધારે મોટી પદવી પર કે મોટી આકાંક્ષાવાળો બ્રેમ એને પારકી પંચાત વધારે. સામાન્ય લોકોને પોતાની, પોતાનાં કુટુંબીઓની કે બેચાર મીત્રોની પંચાત કરવી પડે છે. બહુ તો પાડોશીઓની, સગાંઓની અને કદાચ કોઈ સ્નુની; પરંતુ કોઈ ઓફીસના ઉપરીને, મ્યુ-નીસીપાલીટીના પ્રમુખને, મીલમાલીકને, પાર્લામેન્ટના સભ્યને કે મંત્રીને કેટલી બધી પંચાત કરવી પડે છે! એક રાજ્યના પ્રધાનને બીજા રાજ્યમાં શું થાય છે એની ચીંતા કરવી પડે છે. એમાં પ્રજાસત્તાક રાજ્ય હોવું જોઈએ કે નહિ અને હોય તો કેવા પ્રકારનું હોવું જોઈએ એની સલાહ આપવી પડે છે. આફ્રીકાના કે મલાયાના કે હીંદ ચીનના કબ્જાનુંનો ભાર જે દેશ ને સામ્રાજ્ય છે એમને માથે હોય છે. સામ્રાજ્યનું સુકાન જેમના હાથમાં હોય છે એમને પારકા દેશની સતત પંચાત કરવી પડે છે. દુર કોરીયામાં પ્રજાની સત્તા છે કે સામ્યવાદ એની મુંઝવણ યુનોસીક્યોરીટીના નેતાઓને થાય છે. ઈંદોના કે ઇન્ડોનેશીયાના લોકોની આર્થીક પરતંત્રતાનું દુઃખ બીજા દેશના સામ્યવાદી નેતાઓ વહોરી યે છે. સદ્ભાગ્યે હજી એવું કે મંગળ ના મહ સાથે આપણી પૃથ્વીને વ્યવહાર નથી, નહિ તો ત્યાં કેવું રાજ્ય હોવું જોઈએ અને ત્યાંની વસતીની રિયતી સુધારવા આપણી પૃથ્વીના રાજ્યસંચા-લકો બગીરય પ્રયત્ન કરત! આપણી માનવજાતિની પંચાતનું ચક્ષુસ આ પૃથ્વીના છેડા સુધી ઉત્તર અને દક્ષિણ ધ્રુવ સુધી–અને ઓરાપ્લેન હવી શકે કે સમુદ્ર અને જમીનની નીચે માણસ જઈ શકે ત્યાં સુધીનું જ છે. એ ઠીક છે. 'જ્યાં ન પહોંચે રવી ત્યાં પહોંચે કવી' એમ કહેવાય છે; પણ કવિ તો બબુંબરૂ કેવલ, ચાંદની, પ્રિયતમા, કે પ્રેમ વિશે જ પંચાત કરે છે; એટલે એમાં કોઈને બધુ ગેરલાભ નથી થતો. પરંતુ રાજ્યકર્તા ઓ, ક્રાંતિકારકો, સુધારકો તો બીજાનાં જીવનમાં પરીવર્તન કરવાના, પારકાની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મુકવાના નીરંતર પ્રયાસ કરે છે.

આપણા દેશમાં ઘણા લોકોને તો પોતાના કામ કરતાં બીજાની પ્રવૃત્તિ માં જ વધારે રસ હોય છે. રાજ્ય કેમ ચલાવવું એની સલાહ ઉદ્યોગપતિ ઓ આપે છે, ઉદ્યોગ કેમ ચલાવવા અને વેપાર કેમ કરવો એ મંત્રીઓ અને અમલદારો સમજે છે, શીક્ષણ કેવું અને કેમ આપવું એ વેપારીઓ જાણે છે, ખેતી કેમ કરવી એ અર્થ-શાસ્ત્રીઓને ખબર હોય છે, અર્થશાસ્ત્ર ની બધી ગુંચો ડોકટરો ઉકેલી આપે છે, વૈદકશાસ્ત્રનું જ્ઞાન રાજ્યદ્વારી નેતાઓને હોય છે અને અલબત્ત, બીજાબધાએ શું કરવું એ ધારાસભા ના સભ્યો અને સોથી સારી રીતે તો પત્રકારો કહી શકે છે. આપણને આપણા કર્તવ્યનું પુરૂં ભાન ભલે હોય કે ન હોય, આપણા કામમાં શું પગલું લેવું એ ભલે સુજતું ન હોય, પણ પારકા લોકોએ અને ખાસ કરીને સરકારે અને રાજ્યકર્તાઓએ શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ એ સૌને દીવા જેવું સ્પષ્ટ જણાય છે. પારકાની પંચાત કરવામાં તો શું પણ એ પંચાતનો સાંગોપાંગ અભ્યાસ કરવામાં પ્રજા તરીકે આપણા કોટલું કોઈ આગળ નહિ વધ્યું હોય' જે રીતે આપણે બેકબીનને ઉતારી પાડી એ છીએ, આપણી ભૂલોનો દોષ બીજા પર ઢોળીએ છીએ, આપણી જવાબદારી પારકા પર નાખીએ છીએ, બીજાને કંઈ આવડતું નથી એ સાબીત કરી શકીએ છીએ અને દેશમાં જે કંઈ ખોટું થાય છે, એ બીજાને જ લીધે છે એમ માનીએ છીએ અને મનાવીએ છીએ એ દેખાડે છે કે પારકાને લીધે જ આપણે કષ્ટ અને અસવડ સહન કરીએ છીએ; કદાચ કોઈ એમ દલીલ કરે કે એ પારકા લોકો આપણને પારકા ગણતા હશે અને એમની મુસ્કેલીના કારણભુત આપણે હશું, પણ એ તો પારકા લોકો જાણે! એ પારકી પંચાતમાં આપણે શું પડવું? કહેવાય છે કે 'પારકી આશ સદા નીરાશ,' પણ આપણે તો આટલાં વર્ષોથી પારકા સરકાર પર અને પારકી પ્રજા પર આધાર રાખતા આવ્યા છીએ એટલે હજી પણ પારકાને દોષ દેવાની ટેવ જતી નથી, છતાં પારકાની ચુલેાના આપણે બોમ્બ છીએ એમ માનીએ તો પારકાની અનેક નાનીમોટી પંચાતમાં થી કેવળ વાતોલાપનો આનંદ અને ક્ષણિક આત્મસંતોષ જ નહિ; પરંતુ આપણા કર્તવ્યપાલનમાંથી છટકી જવાની બારી પણ મેળવી લઈએ!

અખબારોમાં

શ્રી. ટ્રાંસવાલ પ્રજાપતિ એસોસીએશન

શ્રી. ટ્રાંસવાલ પ્રજાપતી એસોસીએ-શનનું સન ૧૯૫૧ નું વાર્ષીક સંમેલન પ્રીટોરીયા એશીયાટીક બજારમાં મા. મરીયમન મંદીરના હોલમાં માર્ચ તા. ૨૫ મીના બાબુભાઈ રૂદરજીના પ્રમુખ પણા હેઠળ મળ્યું હતું. સમુહ પ્રીતી ભોજન બાદ બપોરે ૨ વાગે પ્રાર્થના થી સભાની શરૂઆત થઈ હતી. સ્વાગત સમીતીના પ્રમુખ ડો. બબુભાઈ છોટા-ભાઈ મીસ્ત્રી તથા મંત્રી છગનલાલ હરીભાઈ મીસ્ત્રીએ હાજરજનોનું સ્વાગત કરનારાં આપણે કર્યા બાદ સરદાર પટેલ, મહાત્મા ગાંધી અરવીંદ ઘોષ અને દક્ષરત્નમાપાના અક્ષરાનોથી ભારતભુમીને યશોજ્વી બનાવવા ખેરે ભલા તેમજ વર્ષ દરમીયાન ટ્રાંસવાલના પ્રજાપતિઓના જીવનોના યશોજ્વી મરણ સંબંધે શોક ઠરાવો પ્રમુખશ્રીએથી મુકાયા હતા જે સૌએ ઉભા થઈ શાંતીથી પસાર કર્યા હતા. બાદ સંમેલનને સફળતા ઇચ્છ નારા હોદ્દેદારો પુર્વ આફ્રીકા, રોડેશીયા, સાઉથ વેસ્ટ આફ્રીકા, મોઝામ્બીક, બેચુઆનાલેન્ડ, સ્વાઝીલેન્ડ, બસુટોલેન્ડ, અને કેનેડાથી આવેલા સંદેશાઓ મંત્રીએ વાંચી સંભળાવ્યા હતા. તે પછી બત સંમે લનની મીનીટસ તથા એસોસીએશનનો વર્ષ દરમીયાનનો રીપોર્ટ મંત્રી વિજય દેવ રતનજી મીસ્ત્રીએ તથા મંડળનો અને લોકશાહીસમર્થ પ્રજાપતી વિદ્યાર્થી આશ્રમનો હિસાબ ખજાનચી ખુશાલ ભાઈ વસનજી મીસ્ત્રીની અનિવાર્ય ગેર હાજરીમાં ગોસાઈભાઈ હરીભાઈ મીસ્ત્રી એ રજુ કર્યો હતો જે સર્વાનુમતે પસાર થયાં હતાં. પ્રમુખે કન્યા કેળવણી માટે ગાંધીએ વધુ લક્ષ આપવું જોઈએ અને મંડળદ્વારા થતા ગૃહી હિતનાં, જાતી હિતના, રાષ્ટ્રહિતના અને માનવ કલ્યા ણના કાર્યોમાં તનમનધનથી સહકાર આપવા ની હાકલ કરી હતી અને મંડળના ગ્રામ કાર્યોમાં સહકાર આપવા સૌને વીનંતિ કરી હતી. બાદ અન્યવક્તા ઓ તરફથી સમયાનુસાર વિવેચનો થયાં હતાં અને ગેરહાજર ખાસતર બબસંના શ્રી. નાથુભાઈ મોતીરામ મીસ્ત્રી તરફ થી મા. મરીયમન મંદીરને રંગ રોગાન

મારે પા. ૫૦ પોતાની વતી દાન કર્યું હતું. બાદ નીચે પ્રમાણે નવા કાર્ય કર્તાઓ ચુંટાયા હતા:

પ્રમુખ: શ્રી. ભાણજીભાઇ કરશન, મંત્રી: શ્રી. દેવજીભાઇ ઉકાભાઇ મેરી-૨૮૨, સહાયક મંત્રીઓ: ડૉ. રણછોડજી દયાળજી મીઠી તથા વિજય દેવ રતન જી મીઠી; ખજાનચી: ગોસાઇભાઇ હરિભાઇ મીઠી; ઓડીટર: ગોકળભાઇ ડાહ્યાભાઇ પ્રજાપતિ. ઉપરાંત ૯ ઉપ-પ્રમુખો તેમજ ૨૧ કાર્યવાહક સમિતિ ના સભ્યોની પણ ચુંટણી થઇ હતી.

કપટાઉન મ્હાસુરીયા સાહિત્ય વર્ધક મંડળ

કપટાઉન મ્હાસુરીયા સાહિત્ય વર્ધક મંડળની ચુંટણીની મીટીંગ ફુંક મુકત પર કેપટાઉનમાં મળી હતી. ગત વર્ષ નો હીસાબ રજુ કર્યો બાદ મંત્રી તરફ થી રીપોર્ટ વાંચી સંભળાવવામાં આ-વ્યો હતો. જે બન્ને પસાર થયા હતા. બાદ નીચેના કાર્યકર્તાઓ ચુંટાયા હતા: પ્રમુખ: રતનજીભાઇ ગોવીંદજી કાન્હીકર; મંત્રીઓ: નરસીકલાલ મોરારજી અને અમાભાઇ મુલા; ખજાનચી: ગોપાળ ભાઇ છીબા; કમીટી મેમ્બરો: ડાહ્યા ભાઇ કમાણુ દેવજી, ભીખુભાઇ ગોવીંદ જી, ચુનીલાલ સીતારામ પલસાણીયા, નારણભાઇ વલ્લભ, ધનજીભાઇ ઠક્કર જી, મોહનભાઇ દયારામ અને નગીન દાસ મુલા.

જાણીતા સત્યાગ્રહીનું અવસાન

ડરાંનના પ્રસિદ્ધ સત્યાગ્રહી પાંચા પટેલ ૧૫-૨-૫૧ ના ૮૫ વર્ષની ઉમ્મરે ગુજરી ગયા. તેઓ એક અણનમ સત્યાગ્રહી હતા. તેમની જે જમીન સત્યાગ્રહ વખતે જપ્ત થઇ હતી તે ૧૯૩૯ માં ડરાંની આશ્રમને આપી હતી. તેમની ટેક હતી કે "પુર્ણ સ્વરાજ્ય મળ્યાં પછી જ્યારે બાપુ સાબરમતી આવશે ત્યારે જ હું મારી જમીન પાછી ખેડીશ." બાપુ સાબરમતી ગયા નહીં અને પાંચા પટેલે જમીન સ્વીકારી નહીં.

અરજ

મેદીરમીઆના સા. ટી. પીરૂના ધર્મ પત્નિ બીબી દીવાળીબેનનું ગયા ગુરૂવારે ત્યાંની સ્થનિક ઇસ્પીતાલમાં અચાનક અવસાન થયું છે. સ્વર્ગસ્થ પોતાની પાછળ પોતાના પતિ, બાર છોકરાં અને બહોળાં કુટુમ્બને શોક કરતાં મુકી ગયાં છે. સ્વર્ગસ્થની દહનક્રીયા ગોર૮ દિવસે બપોરે મીત્રો અને કુટુમ્બીઓની મોટી હાજરી વચ્ચે થઇ હતી.

આભાર

મેદીરમીઆના શ્રી. રામોદર પીરૂસ અને તેમના કુટુમ્બીજનો તેઓને મંગેલી ગોટમાં જે મીત્રો અને કુટુમ્બી જનોએ દિલસોજીના સદેશા અને પુષ્પાંજલીઓ મોકલ્યાં હતાં અને જાતે મદદ આપી હતી તેઓ સર્વનો હાર્દિક આભાર માને છે.

* * *

જોહાનીસબર્ગનાં (મીઠી ખમરડી) શ્રી. રામદાસ હાસજી મીઠી તથા લધુ ભાઇ હાંસજી મીઠી (કસ્બાવાળા) નાં પુજ્ય માતુશ્રી પાની બ્હેનનું ટુંક માંદગી બાદ તા. ૨૭-૩-૫૧ ના અવસાન થયું છે. તે દુઃખદ સમયે, જે જે બાઇ બ્હેનો સ્વર્ગસ્થના મૃતદેહનો અગ્નિ સરકાર કરવા હાજર રહ્યા તેમજ જેઓએ તાર રીધેા અને પત્રદ્વારા દીલાસો દર્શાવ્યો હતો તેઓ સર્વેનો સ્વર્ગસ્થનાં પુત્રો અને કુટુમ્બીજનો હાર્દિક આભાર માને છે.


અદ્દરખ ૧/૬ રતલ

આ રતલથી ઓછા ઓરડર ઉપર ધ્યાન દેવું નહીં. આ રતલથી વધારે ખરીદનારને ભાવ ઓછો કરી આપી શું. ઓરડર સાથે પૈસા મોકલવા.

નીચેના સરનામે લખશો, અથવા ફોન કરશો.

M. A. Mohamed
10 Southampton Street,
Point, DURBAN.
Phone 20449

"ગોલ્ડ મેડલ" કવોલીટી



ફાર્મ-કામ.
ડીપ્સી ક્રીએન્ટરો
અને રા. ફેલીક્સ
હોમોલાઇટ ક્રીએન્ટરો
ચોક પુરીફાય. ડીપ્સી ફ્રોઝીંગ ફ્લુઇ ડામરણ, મા. વિ.
વૃધ્ધા ભાવ ફરિદાન ભાંગવો.

એસોસીએટેડ ફોટોગ્રાફર્સ લીમીટેડ

ભારી સ્થી એસોસિએશન ફોટોગ્રાફરસ, લિમિટેડ, જો. આ. ફોટોગ્રાફરસ, જોહાનીસ. ભારતિ ગ્રાહક કંપનિ કેમિરા બનાવનારાઓ છે અને ઉચ્ચ ગુણવત્તાની ખાત્રી આપે છે, તેઓ ખાત્રીભર છે.

104 Marshal Street. (Facing Ensor House)
Phone 33-4211/2 JOHANNESBURG P. O. Box 6501.

વેચવાના પુસ્તકો

રાજમાર્ગ (ગાંધી પુત્રની નોવેલ)	૪ ૧
રાજ સન્યાસી (પુસ્તક)	૧૭ ૧
અમૃતલાલ વાચના	૭ ૧
આત્મસાધના દિવા	૪ ૧
આત્મતત્વના ખુલ	૬ ૧
ગોદીની	૬ ૧
બીજા ૪૫	

C/O INDIAN OPINION, P. Bag, Phoenix, Natal.

હુમેશાં

ઓકસેલસીયર સબ્સક્રીપ્શન સર્વીસ કેન્ટોનમેન્ટ, અમદાવાદ, હીંદનો હીંદના પત્રો લેતા બાકી ગુટકે નકલના ગ્રાહકોને ધ્યાન આપીયું

કેટલાંક બાકુવાનેમ ગુજરાતી પત્રોના દર.

	હિનિક	માસિક	ષટમાસ	વાર્ષીક		હિનિક	માસિક	ષટમાસ	વાર્ષીક
	સપ્તાહિક	રૂ.	રૂ.	રૂ.		સપ્તાહિક	રૂ.	રૂ.	રૂ.
અખંડ આનંદ	મા.	૨	૯	૧૫	કુમાળા	સ.		૧	૨૦
આનંદ	સ.		૮	૧૫	પ્રતીમા	મા.	૧	૯	૧૧
આશ્રમજીવન	મા		૬	૮	પુષ્પા	મા.		૮	૭
ઉદ્ધારણા	સ.		૮	૧૫	પ્રજાબંધુ	સ.		૧	૨૭
ગાયક	મા.		૮	૮	પ્રજાશક્તી	સ.		૮	૨૧
ચિત્રમ	સ.		૭	૨૫	ફેમીના	મા.	૧	૧	૧૨
ચિંતામણી	મા.	૧	૧	૧૫	ફુલશોભા	સ		૮	૨૧
ચેતન	મા.	૧	૧	૧૭	રમાકુમુ	મા.	૧	૯	૧૨
ચિત્રપટ	સ.		૮	૨૧	રવીવાર	સ		૫	૧૨
છાયા	સ.		૮	૨૧	સાંજવર્તમાન	મા.	૧	૯	૧૧
ચિત્રલેખા	સ.		૮	૨૧	સંદેશન	ગા.	૧	૩	૧૪
ચિત્રભારતી	સ.		૮	૨૧	સવીતા	મા.		૮	૮
હીંદુસ્તાન	દ.		૩	૧૫	શ્રી રામન	મા.	૧	૧	૧૨
જય ભારત	દ.		૩	૧૫	શારદા	મા.	૨	૯	૧૫
કુમાર	મા.	૧	૧	૧૫	સુદર્શન	મા.	૧	૧	૧૮
મનોવીજ્ઞ	મા.	૧	૯	૧૨	તસવીર	મા.		૬	૮
મંગલમ	મા.	૨	૯	૨૯	ધર્મ-નવયુગના	મા.	૨	૯	૧૫
મહિલા જગત	સ.		૧	૧૨	ગુજરાત		૩	૯	૧૨
મનોરંજન	મા	૧	૩	૧૫	વીસમીસદી	સ		૪	૧૫
યોગ્યમાર્ગ	સ.		૧	૩૦	વદેમાતરમ	દ.		૩	૮૫
વસંતોત્સવ	મા.	૧	૧	૧૫	વેણી	સ.		૮	૨૧
પ્રજાસત્તાક	સ.		૪	૧૫	યુગપ્રભાત	સ		૧	૯૦

આ દરો પ્રાથમીક છે અને તેમાં ઓછો તે વખતે ફેરફારો થાય
ઉપર દર્શાવેલ અમારા બીજીય પોસ્ટલ ઓર્ડરથી ભરોસાર રકમ સાથે તમારો ઓર્ડર મોકલશો.

EXCELSIOR SUBSCRIPTION SERVICE
9 Contonment AHMEDABAD-3 INDIA.

ઉપલાં અમર ખીજ મેગેઝીન પત્રો સીવાયના ઓર્ડરોને તુરતજ ધ્યાન આપવામાં આવશે.
હીંદના બધા પત્રો માટેના સબસ્ક્રીપ્શનના સત્તાવાર એજન્ટો.

મધુર સંગીત, ભાવ ભીના ગીતો-એટલે



રેકોર્ડ

મુલ્ય ફકત
રૂા. ૭–૦
(પોસ્ટેજ અલગ)

હીંદુસ્તાની રેકોર્ડ

H. 701 નવશાદ

બે મિસાલ પ્રેમ—ચુક જાયે તો જાનું.
"દર્દી" સાહેબની ઉપલી બે નવી ગઝલો નવશાદ સાહેબે બહુજ ભાવથી "અદા કરે" છે. બહુજ હલક, અને મધુર સંગીત નો મેળ આ રેકોર્ડની ખાસ સલવટ છે.

YI. 1074 રત્ના અને રોશનલાલ

હુ તીતલી હે મેં ફુલ—મસ્ત આંખોસે.
આ નવી ડયુએટ સાંભળવા લાયક છે.

YI. 1080 તારા બાલા (ભારત)

તોહે દિયા હે છોડ્યા—ઓ દિલકો "ભાને" વાલો
તારા બાલાની આ મહીનાની રેકોર્ડ આપને જરૂર પસંદ પડશે. ફિલ્મ સંગીતની ઝાંખી કરાવે એવું સંગીત પીરસાયું ■

YI. 1077 મીસ રતના

અંધેરી રોહી ચલી ગઈ—આજાદ કહાની હૈ.
ભારત માતાની આઝાદીની યાદમાં ખાસ તયાર કરેલી રેકોર્ડ.

YI. 1801 તારા બાલા અને રોશનલાલ.

પીયા તેરી યાદ મે—દુઃખી દુણી સે જો હો.
આ રેકોર્ડમાં બે બાજુપર ડયુએટ ચાલુ જમાનાની માંગ મુજબ બનાવવામાં આવ્યું છે.

YI. 1079 એસ. ગુલરાજ

; મારા બાપુ—બાપુકો કસાના.
બાપુની યાદની આ નવી રેકોર્ડ આપ સાંભળીને જરૂર આનંદ પામશો.

ગુજરાતી રેકોર્ડ

"શાલીમાર" રેકોર્ડ કું. માનવંતી ગુજરાતી બિરાદરીની સેવામાં આ મહીને ૪ અણમોલ રેકોર્ડ રજુ કરી આશા રાખે છે કે કદરદાનો હમારી મહેનતને વધાવી લેશે.
પ્રેમાભાઈ બી. પટેલ.

G. 800 "બાપુને અંજલી" સ્વકૃત
ભાગ ૧ અને ૨

ઉપલી રેકોર્ડમાં પ્રેમાભાઇ બાપુની કતલનો હૃદયદ્રાવક ચિતાર રજુ કરે છે. આ રેકોર્ડ ઘરેઘર હોવી જોઇએ, એક અમર યાદ છે.

G 801 "મીસીસ મોટર મહી" સ્વકૃત કટાક્ષો
વિદેશી તબલાપર દેશી થાપ ,,

G 802 "મને બુઢો બનાવે છે" સ્વકૃત કટાક્ષો
"આ બધું બાબુતર મને" ,, ,,

ઉપલી બે રેકોર્ડમાં ઘર ઘરની કહાણી છે. પેટ પકડીને હસાવશે.

G 803 "જીવનનો સંગાથી" સ્વકૃત ભજન
કયાં જઈ રહેશો રાત ,, ,,

નવી હીંદુસ્તાની ફિલ્મ રેકોર્ડ

ફિલ્મ ફીપ-ફીપ હુરરે

YI 1085
હમ જાન ગયે સદમો કે બાદલો

YI. 1086
જવાની હમ ગુજારે મુઝે રાતે અંધેરે મે

YI. 1087
ઓ પ્રીતમ આકર ચુભ ગયે નૈના

૩ રેકોર્ડના સેટની કિંમત ૧૯/૬

વધુ વિગત માટે અમારૂં ચાલુ મહીનાનું કેટલોગ મંગાવો

મેળવવાનું ઠેકાણું

Shalimar Record Coy, (Pty,) Ltd.,
16 Saville St DURBAN.
Phone 27202 & 22802
Telegrams: "TANSEN"

M. S. Nana.
28a Eleventh St,
Vrededorp, Johannesburg.
P. O. Box 190
Telephone 35-1533

BOOKS FOR SALE

INDIAN STATESMEN (Dewans and Prime Ministers With Portraits)	7	6
INDIAN JUDGES (Biographical and Critical sketches with portraits)	7	6
EMINENT AMERICANS WHOM INDIA SHOULD KNOW—Jabez T. Sunderland	7	0
THE BHAGAVAD GITA—The Lord's Song—(An English Translation)—Annie Besant	1	0
WHAT IS WRONG WITH INDIAN ECONOMIC LIFE? —Dr. V. K. R. V. Rao	3	0
THE U.N.C.C. AND INDIA—A. N. Agarwala	5	6
OUR INDIA (Children's stories by various writers, Illustrated) —Mirdu Mazumi	2	8
COTTAGE INDUSTRIES AND THEIR ROLE IN INDIAN ECONOMY—Prof. Rao	2	8
SHAW—WELLS—KEYNES ON STALIN—WELLS TALK (Verbatim Record)	3	8
GOLDEN NUMBER OF "INDIAN OPINION", 1914 (Souvenir of the Passive Resistance Movement in S.A., 1906-1914)	4	0
THE DELIVERANCE (A picture of the palpitating life of the joint family)	4	6
SEVEN MONTHS WITH MAHATMA GANDHI Being an inside view of the Non-co-operation Movement (1921-22)—Krisnadas	3	0
GANDHIJI AS WE KNOW HIM—Intimate and delightful incidents by various writers	5	0
PUBLIC FINANCE AND OUR POVERTY —J. C. Kumarappa	3	6
HISTORY OF THE REIGN OF SHAH ALUM —W. Franklin	7	6
THE LIFE OF RAMAKRISHNA—An exhaustive account of the Master's wonderful life—Romain Rolland	15	0
INDIAN STATES' PROBLEM (Gandhiji's Writings and Utterances)—M. K. Gandhi	10	0
FOUNDATIONS OF PEACE (Critical study of the conditions which precipitated two world wars—K. T. Shah	15	0
INDIA SPEAKING (Various contributions on economic, political, cultural and social problems of modern India)	15	8
MAHATMA GANDHI (The Man and his Mission, an enlarged and up to date edition of Gandhiji's life,) —By various writers	5	8
SHAKESPEARE'S TRAGEDIES (King Lear, Macbeth, Hamlet and Othello—William Miller	2	0
SOVIET ATTITUDE TOWARDS CHINA Facts And Facts—Stanley Powell	5	0
AMONG THE GREAT (Conversation with Romain Rolland, Mahatma Gandhi, Bertrand Russell, Rabindranath Tagore and Sri Aurobindo)—Dilip Kumar Roy	15	0
TWO HISTORICAL TRIALS IN RED FORT —An account of the trial of the Officers of the I.N.A.	14	0
WHY CRIPPS FAILED (Documented account from the Indian Nationalist point of view)—M. Subrahmanyan	2	6
GANDHI-JINNAH TALKS (Text of Correspondence and other relevant matter)	2	6
INDIAN SCIENTISTS (Biographical Sketches An account of their researches, discoveries and inventions	7	0
PRACTICE AND PRECEPTS OF JESUS —J. C. Kumarappa	3	6
MAHATMA GANDHI—Louis Fischer	1	10	0
ROLLAND AND TAGORE, Letters of two eminent writers	3	0
LIFE AND GOSPEL OF VIVEKANANDA —Romain Rolland	13	6
WOMEN AND SOCIAL INJUSTICE—M. K. Gandhi	10	0
GANDHIJI'S CORRESPONDENCE WITH THE GOVERNMENT (1922-44)—M. K. Gandhi	5	9
THE STORY OF MY EXPERIMENTS WITH TRUTH —M. K. Gandhi	15	0
CHRISTIAN MISSIONS IN INDIA (Their place in India)—M. K. Gandhi	1	0
STORY OF SATARA—Major B. D. Basu, (I.M.S.)	15	0
INDIAN CHRISTIANS (Biographical and critical sketches of poets, publicists of the Church)	7	0
THE STORY OF BARDOLI—Mahadev Desai	6	0
NON-VIOLENCE IN PEACE AND WAR —M. K. Gandhi	17	8
TALES FROM SANSKRIT DRAMATISTS (The famous plays of Bhasa, Sudraka, Kalidasa, Sri Harsha, Bhavabhuti and Vishakhadatta)	5	0
FAMOUS PARSIS	7	8
PILGRIMAGE FOR PEACE—Pyarelal	12	8
STRAY GLIMPSES OF BAPU—Kaka Kalelkar	5	0
RAMANAMA—M. K. Gandhi	2	0
SELECTED LETTERS—M. K. Gandhi (1st Series)	1	9
FROM YERVADA MANDIR—M. K. Gandhi	1	5
SELECTIONS FROM GANDHI—Nirmal Kumar Bose	10	0
FOR PACIFISTS—M. K. Gandhi	3	0
DIET AND DIET REFORM—M. K. Gandhi	5	0
GANDHIANA—D. G. Deshpande—(A Bibliography of Gandhian Literature)	5	0
GLEANINGS—Mira	1	6
HINDU DHARMA—M. K. Gandhi	10	0
THE IDIOTS WIFE—Dr. Sen Gupta	1	6
GANDHIAN ETHICS—Benoy Gopal Ray	2	0
DELHI DIARY—Gandhiji	10	0
BAPU—Mary F. Barr	4	0
TO THE STUDENTS—M. K. Gandhi	9	0
SATYAGRAHA IN CHAMPARAN—Rajendraprasad	4	0
MY LIFE AND MISSION—Vivekanand	1	3
COMMUNAL UNITY—M. K. Gandhi	25	0
THE GITA ACCORDING TO GANDHI —Mahadev Desai	12	0
FREEDOM AND CULTURE—S. Radhakrishnan	3	6
THE EPIC FAST—Pyarelal	2	8
THE HEART OF HINDUSTHAN—Radhakrishnan	2	6
TALES OF BENGAL—Sunita and Sita Chatterji	3	6
CHAITANYA TO VIVEKANANDA	3	3
FOOD SHORTAGE—Gandhi	4	0
GANDHI'S CHALLENGE TO CHRISTIANITY —S. K. George	5	0
INDIA AND HER PEOPLE—Swami Abhedanands	3	6
KARMA YOGA—Vivekananda	2	6
POEMS—Ramdas	1	7
AT THE FEET OF GOD—Ramdas	2	1
THE SCEPTRED FLUTE—Sarojini Naidu	3	0
SARVODAYA—M. K. Gandhi	2	0

Obtainable from :

"INDIAN OPINION"

P/Bag, Phoenix Natal

Tel. Add: "Charotar" Telephone: 33-9885.

MANCHESTER TRADING
—CO. LTD.—
ESTABLISHED 1923

Wholesale Soft & Fancy Goods Merchants
—&—
Direct Importers.

47, Commissioner Street,
JOHANNESBURG.

LIFE INSURANCE

Are you adequately insured?
Have you provided for your dependants?
Prepare for the future
Life Insurance gives peace of mind for the unknown future.

Insure with "THE OLD MUTUAL" your friend for Life—
The S.A. Mutual Life Assurance Society, which has best Bonus record in the WORLD.

Representative:—

DAYABHAI PATEL

P.O. Box 1760, JOHANNESBURG. Phones:— Business 33-0711 Residence 33-5961

ધી ન્યુ દિલ-ખુશ સ્વીટ માર્ટ

પ્રોપ્રા: મણીભાઈ ભાણાભાઇ ગજીવાલા.

દરેક જાતની મીઠાઈઓ, ફરસાણ પીળી તેમજ બેકા બિસ્કા. ઓર્ડરોથી બધે બનાવીને મોકલે.

આપણું વખણાએલું સુરતી ખુશ' સેવ, ગાંઠિયા, ભાખરા, ચવાણા વિગેરે હંમેશ તાજા બનાવીને વેચે.

પાર્ટી વીશે માટે ઓર્ડર પ્રમાણમાં મીઠાઈ ફોરસાણ બનાવે કુંવે. વખતમાં બનાવી આપીશું.

PHONE 33-6575. P. O. BOX 3680.
THE NEW DIL-KHUSH SWEET MART,
34 President Street Corner Diagonal St., Johannesburg

"અમો ચણા દાળ, ચણાનો આરિ, મસુર દાળ, તુવેર દાળ, મગ દાળ બ્રી, અડદ દાળ બ્રી, ચાલ દાળ તેમજ દરેક જાતના ફ્લોરની દાળો બનાવીએ-છીએ તેમજ એક્સપોર્ટ પણ કરીએ છીએ સારા તેમજ ચોકખો માલ હમેશા અવ્યાબંધ તૈયાર હોય છે. સેમ્પલ તથા ભાવ માટે લખો:

HINDUSTAN DALL & FLOUR MILLS

P. O. Box 381 Telegram: "HINDALL"
NAIROBI KENYA COLONY.

PHONE 33-7944¹ P.O. BOX 4889.
TEL: ADDRESS: "ARVIND."

HEAD OFFICE:
409, KRUGER ST., LOUIS TRICHARDT.
PHONE 64. PO BOX 106.
TEL. ADD: "KANJEE."

H. K. GOKAL,

WHOLESALE
GENERAL MERCHANT AND DIRECT IMPORTER.
OUR MOTTO: "SERVICE THAT SATISFIES."

43 Market Street, JOHANNESBURG.

ફોન ૩૩–૭૯૪૪. બોક્સ ૪૮૮૯.
ટેલીગ્રાફીક એડ્રેસ "અરવીન."

હેડ ઓફીસ:
૪૦૯, ક્રુગર સ્ટ્રીટ, લુઈસટ્રીચાર્ડ
ફોન: ૬૪. પી. ઓ. બોક્સ ૧૦૬
ટેલીગ્રાફીક એડ્રેસ: "કાનજી"

એચ. કે. ગોકળ,
—ઃ હોલસેલ વેપારી ઃ—
—જનરલ મરચન્ટ અને આયાત કરનાર—
૪૩ માર્કેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.



"Tell me, Doctor . . . *if they all kill germs, how can one antiseptic be safer than another?*"

Some antiseptics lose most of their potency in the presence of blood. Some, though very powerful, require very careful diluting to be safe on human tissues. The safe antiseptic for untrained use has high germicidal efficiency even in the presence of blood. It is non-poisonous, does not stain, it is gentle on tissues. These are some of the reasons why 'Dettol' is safe.

DETTOL
REGD
THE MODERN ANTISEPTIC

RECKITT & COLMAN (T) (PTY) LTD., P.O. BOX 1057, CAPE TOWN



NUGGET
Make the filling as follows:—Mix the condensed milk with ½ cup lemon juice, the grated rind of lemon and the beaten yolks of eggs. Pour the mixture into the baked pie crust shell. Beat up the white of eggs until quite stiff. Spread lightly over the pie and cook in moderate oven for 15 minutes.

SHORT STORY

TIME ALONE WILL TELL.

By S. H. DHUPELIA

SATISH was a millionaire owning cotton mills and was respected by rich and poor alike. His residence was a beautiful mansion, modern in design and surrounded by well-laid gardens. Every luxury of life was at his disposal. He was well-known for his philanthropy and many were the poor who benefitted from his generosity. Devoted were his relatives as were his friends.

His wife, Veerbala, was a woman of outstanding ability. She had gone with her son, Suresh, to visit her parents and disaster befell Satish during her absence.

Unfortunately he lost everything on a cotton transaction when the prices fell. Overnight he was penniless. He lost his mills and cars and had to sacrifice all his possessions. In spite of his honest attempt to pay his debts, he was declared insolvent.

The power of time and circumstances is such that even wisdom cannot aid. Time does its own work relentlessly. When Satish was rich, his enemies became his friends and now his best friends became his enemies. His time had indeed changed.

He decided to join his wife at Jamnagar, his home town. For the journey his bookkeeper had provided expenses. On his way to the station he watched the millions who once had saluted him. His heart was heavy and he sighed.

His sister Sachlata had married a judge and lived midway between Bombay and Jamnagar. Satish had loved them dearly and they often received gifts from him. His sister had heard of the misfortune that had befallen Satish.

With the hope of receiving help from his sister, Satish embarked at the town where she lived. Satish entered the house. Her welcome was now different. She asked, "did you lose everything?" Satish was silent and thought of the past and the way in which she used to speak to him previously. He was the same Satish and so was everybody else but the time had changed. He also thought of his previous visits and the entertainment provided for him.

It so happened that there were guests whom his sister had invited for dinner. Delicious dishes were prepared for the visitors but he was served with what remained from the dinner table. This made him think of the extravagant times his sister and brother-in-law had spent with him and a fierce emotion seized his heart. This insult he felt more than the loss of all his wealth. He said nothing and left for home.

In the meanwhile Veerbala collapsed on hearing of her husband's fate. She wondered what would become of them. Her heart felt the agony of this present circumstance. Poor six-year-old Suresh shed tears. His sweet voice cried, "mother, when will daddy come?" When she recovered, she was given hope by her parents and God gave her strength to bear the coming trials. She was told that Satish was coming.

Veerbala's kindly sympathy and joyous welcome changed him. She spoke of building up again for the future. Fortunately Satish had bought her a cottage sometime ago which remained in her name. This cottage was sold and plans made for their future.

This to Satish was a new rising sun, flooding his heart with radiant light. Veerbala's courage inspired Satish. He determined to forget the past and felt that God would be with them. Satish and Suresh and Veerbala smiled as they looked forward to a new life.

Today they live a happy and honest life in a new land. And Suresh has gained fame at the universities where he is furthering his education.

Time alone tells. . . . .

Mr. E. H. Ismail, who is connected with many sporting organisations left Durban on the S. S. Raye on April 20th on a visit to Mauritius. During his stay there Mr. E. H. Ismail will contact leading sportsmen to arrange a goodwill tour either to or from Mauritius to this country. Besides Mr. E. H. Ismail's local sporting activities, he is on the executive of the Durban International Club and the Treasurer of the Natal Indian Blind Society

નવલ કથાઓ


શ્રી ૬૫૮	૬	૩	ઘરને માર્ગે	૯	૦
સ્વર્ગ અને પૃથ્વી	૬	૦	ચિરકુમાર સભા (ટાગોરકૃત)	૧૨	૦
વનબાલા	૭	૦	બસરદાન	૭	૦
વર કે [illegible] (રમુજી નોવેલ)	૧૦	૦	હિંદલ	૫	૬
સેનાપતી	૬	૦	કંઠાનીપાડ	૫	૦
સુના મંદીર	૯	૬	સુબારા	૪	૬
રજારજ્ય	૧૦	૦	સુમનનાં પુર	૧૧	૦
મૃત્યુનું રહસ્ય	૧૦	૦			
માનવીની ભવાઇ	૧૨	૦	ધાર્મિક પુસ્તકો		
મામાનો ખંસાર	૭	૬	પરશ્રમ્મા	૫	૩
અંજાવાલ બાગ ૧	૧૦	૦	આર્ય ધર્મ નીતિસાર	૨	૦
ચિત્રોદની	૭	૬	મંગળ પ્રભાત (ગાંધીજી)	૧	૦
દીનાનાથ	૧૦	૬	શ્રવણ નિદિધ્યાસ	૫	૬
ઠેગારનો ભોગ	૮	૦	ગુજરાતી મહાભારત		
જીવન મંદીર	૮	૬	ઇસ્લામ ધર્મ ઉપર અજમાણુ પાયું		
જામ તમાચી	૬	૦	-હાનું પુસ્તક	૧	૦
જીવતર	૭	૦	રામનામ મહિમા	૨	૦
બે રેશ દીપક	૫	૦	બુદ્ધ લીલા	૧	૬
પુત્ર જન્મ	૧૩	૦			
પરીપેશ	૭	૦			
પીતાજીનો બન પ્રવેશ	૭	૦			
બદેલી પ્રીત	૭	૬			
પૂર્ણિમા	૭	૬			
ચોરીમ નાપ	૫	૦			
બાડી બજરો	૫	૬			
બાલબારી	૧	૬			

મળવાનું ઠેકાણું :

INDIAN OPINION,
P. Bag, Phoenix.
NATAL

NEW MYSTERY COMIC SERIAL

LESLEY SHANE



INPRA all rights reserved.

Ginger 1/3 per lb. Garlic 1/6 per lb.

Condiment for curry powder; also ground curry powder; all kinds of dal, almonds, Pistacio nuts obtained here. Kindly send money with order.

Mr. A. Mahomed, 10 Southampton Street, Point, Durban.

R. VITHAL

Bookkeeper, Writing up Sets of Books, Balance Sheets, Income Tax Returns. Apply:

306 Commissioner St.,
Jeppe, Johannesburg

HINDU DHARMA

By— M. K. Gandhi

Price 10/-

To be had from:

'INDIAN OPINION,'
P Bag, Phoenix, Natal

Sets Of Indian Art Pictures

By Celebrated Indian Artists

Price 8 - including postage

'INDIAN OPINION,'
P/Bag, Phoenix, Natal.

NEW BOOKS

Just Arrived From India

Non-Violence In Peace And War (Part II)
—M. K. Gandhi 12/6

Pilgrimage To Peace
—Pyarelal 12/6

Stray Glimpses Of Bapu
—Kaka Kalelkar 5/

To be had from:—

INDIAN OPINION,
Phoenix, Natal.

Cuticura SOAP



Every wash a luxury skin treatment!

Baby simply loves the caressing softness of its silky and fragrant father. It is so soothing and cooling to hot, smarting skin. After the bath a dusting with exquisitely perfumed Cuticura Talcum Powder will ensure baby's comfort.

FOR SENSITIVE SKINS

M7

Books For Sale

Tagore's Literature

Essays, Novels, Poems and Plays

SACRIFICE	(Novel)	5
GORA	(Novel)	9
MASHI	(Novel)	5
LOVER'S GIFT	(Poems)	3
CHITRA	(Play)	3
STRAY BIRDS	(Short Poems)	3
RED OLENDERS	(Play)	4
HUNGRY STONES AND OTHER STORIES		5
THE HOME AND THE WORLD	(Essays)	6
GLIMPSES OF BENGAL	(Essays)	3
REMINISCENCES		5
POEMS OF KABIR		3
POST OFFICE	(Play)	2
THE KING OF THE DARK CHAMBER	(Play)	5

Obtainable from:

'Indian Opinion'
P. Bag, Phoenix,
Natal.

The Epic Fast

(By Pyarelal.)

An account of Mahatma Gandhi's Fast in September 1932, and events leading up to the Yeravda Pact with all relevant documents.

380 Pages. Price: *2s. 6d.*

Obtainable From:

"Indian Opinion"
Phoenix, Natal.

Golden Number

OF

"INDIAN OPINION"

Souvenir

Of The

Passive Resistance Movement

1906—1914

Price: Four Shillings.

Obtainable From :

"Indian Opinion"
Phoenix, Natal.

INDIA INDEPENDENCE NUMBER

Published as Special Number of INDIAN OPINION to commemorate the attainment of Freedom by India.

Printed on art paper and profusely illustrated.

With historic pictures connected with India's struggle for Freedom and with photos of the late Dadabhai Naoroji, Tilak, Gokhale, Subash Bose and many others who have sacrificed their lives in fighting for freedom and of Mahatma Gandhi, Pandit Jawaharlal Nehru and many others who have lived to see the fruits of their labour.

Also containing a brief Survey of the work of the Indian National Congress from the time of its inception.

Price 2/-

ઇન્ડિયન ઓપિનિયન.

મહાત્મા ગાંધીજીના હસ્તે
સને ૧૯૦૩માં સ્થપાયું. ૬

પુસ્તક ૫૬ મું—અંક ૧૭ | ગુરુવાર તા. ૨૭ એપ્રીલ, ૧૯૫૧. | પુરા નકલ પેની.૬

સ્વાર્થ, લોભ અને નામદાંઈ ત્યજો અને લડવા કમર કસો

મારા ઉપવાસ દરમીયાન દુનીયાભર માંથી મારા પર સુંદર સંદેશાઓ આવ્યા છે. એ સંદેશાઓ જો કે મારા અંગત નામ પર આવેલા ■ અને તેને માટે હું પણ્ોજ આભારી છું છતાં તેને હું અંગત સમજતો નથી. હકીકતમાં માનવહકોની જે મહાન લડત આપણે લડવાની છે તેને માટે તે છે અને તેથી લાગતાવળગતા સૌને તેનો લાભ આપવા ખુલ્લું મું. ટેલીફોન સંદેશાઓ 'ઇન્ડિયન ઓપિનિયન'ના બધા અઠવાડીયાના અંકમાં પ્રસિદ્ધ થયા છે અને બાકીના આવતા અંકમાં પ્રસિદ્ધ થઇ રહ્યા છે. મને તેથી ઘણું આશ્વાસન મળેલું છે અને આ રેટાના સમયમાં કચરાયેલા લોકોને તે બળ અને હીંમત આપનારા થઇ પડશે. આપણે સૌ, આપણી 'જાતને વફાદાર રહીયું અને ઇશ્વરને વફાદાર રહીયું તો આખી દુનીયાનો આપણને ટેકો મળશે તેનો મને ખ્યાલ પુરાવો છે.

પ્રશ્ન એ છે કે આપણે આપણી જાત ને અને ઇશ્વરને વફાદાર છીએ ખરા?

હાલની સરકારે પડેલા એપાટ હેડના કાયદાઓનો હેતુ બીન-ગોરી પ્રજાઓને કામમની ગુલામી સ્થિતિમાં રાખવાનો છે. એવા દરજ્જાને શું આપણે નમવા તૈયાર છીએ કે એ કાયદાઓને કાયદી નાબુદ કરવા તેના પ્રયત્નમાં કુના થઇ જવા કમર કસીયું?

આ કાયદા જમાનાઓથી આપણે ભોગવતા આવેલા હકોત હડપ આપણા પર અને જાતીના કારણે આપણી વાસેથી છીનવી લેનારા છે. સિદ્ધાંત માં એ પોર્ચુગાલના વડા પ્રધાનને અને હીંદના રાષ્ટ્ર પ્રમુખને પણ સમાનપણે લાગુ પડે છે. આખાં રાષ્ટ્રનું આના કરતાં વધારે ઘોર અપમાન બીજું શું હોઇ શકે?

કુલાબહેન રાંદી આજે કસ્તુરબાના પ્રતાપીવારસના કાયદાના ગોરાએ આપેલા વચનનો ભંગ કરનારો હોવાના આધારે સખ્ત વીરોધ કરી રહી છે. ગોરાની પ્રતિજ્ઞા જોખમાઇ રહી છે એમ તેઓ કહે છે. તેઓને એટલી બધી ચીંતા માટે એ વાજબીજ છે. પરંતુ સાથે સાથે તેઓએ ભુલવું નહિ જોઇએ કે એપાર્ટહેડના જે કાયદા કાયદાબોથીપર ચઢી બધા છે તે પણ ગોરાએ જ કરવાજે ગોરાના વચનનો ભંગ કરનારા છે. ૧૯૦૬ થી ૧૯૧૪ની સ્મટસ ગંધી સમાધાનીનો તેથી ભંગ થઇ રહ્યો છે, કે જેમાં મુનીપલમાં રહ્યાથી વસવાટ કરી રહેલા હીંદીઓના હયાત હકોને હાથ નહિ લગાડવાનું વચન આપવામાં આવ્યું હતું. વળી તે ૧૯૨૭ના ૪મટાઉન કરારનો પણ ભંગ કરનારા છે, કે જેમાં મુનીપલમાં રહ્યાથી વસવાટ કરી રહેલા હીંદીઓની ઉન્નતીને માટે તેઓને સમણી તકો આપવાનું વચન આપવા માં આવ્યું હતું, કે જેથી અન્ય કોમો ની પાછળ તેઓને ધસડાવું નહિ પડે. એટલે ઝેકજ નહિ પરંતુ અનેક વચનોનો ભંગ થયો હોવાનો પ્રશ્ન છે.

૧૯૪૬ની છેલ્લી સત્યાગ્રહની લડત બાદ આપણામાં ક્ષીણતા આવી ગઇ છે. હાથ જોડી આપણે હીંદને, યુનો ને અને સારી દુનીયાને મદદને માટે રેલાવ કરી રહ્યા છીએ. પરંતુ આ પહેલે જાતે શું કર્યું છે? કહેવત છે કે "હીંમતે મરદાં તો મદદે ખુદા." આપણે જાતે જો આપણી ભરસ મીસ્ત્રત, કટુમ્બ કબીલો અને આપણે જાત મુદ્દાં કુરબાન કરવા તયાર નહિ થઇ એ તો પૃથ્વીપરની કોઇ પણ સત્તા આપણને મદદ કરી નહિ શકે પરંતુ એવો મહાન ભોગ આપવા જેવા આપણે તયાર થઇશું તેવીજ આખી દુનીયા વતર આંખે આપણી મદદે દોડી આવશે. તેને માટે બહાનાની કરી આડા રાખ્યા સિવાય દરેકમાં અત્યારે શ્રદ્ધા હોવી જોઇએ અને ઇશ્વરને તરફે જવું જોઇએ. સેવાનો બદલો સેવા જ હોય શકે, અને સત્યની લડત લડવા કરતાં વધારે પવિત્ર સેવા કોઇ પણ માનવીને માટે બીજી શું હોઇ શકે?

મારા ભાઇઓ-બહેનો - માલદાર ભાઇઓ, જેઓનું ભાવિ બીજા કોઇના પણ કરતાં વીશેષ જોખમમાં આવી પડયું છે, તેઓને તેમજ સામાન્ય રીતે સમણા બીન-ગોરા ભાઇઓને હું નમ્ર અરજ કરવા માંગું છું.

હવે એ વખત આવી લાગેલો છે કે જ્યારે તેઓને બીકમાંથી મુક્ત થવું જોઇએ અને તેઓના ઉપર આવી પડેલી આફત સામે બહાદુરીથી લડવા કમર કસવી જોઇએ. જો તેમ નહિ કરે તો તેઓનો નાશ થશે

આ કંઈ હું ક્રોધાવેશમાં નથી લખી રહ્યો. આપણે જેઓ મહાત્મા ગાંધી ના અનુયાયીઓ હોવાનો દાવો કરીએ છીએ અને સત્ય અને અહીંસાના તેમ ના સિદ્ધાંતોમાં માનીએ છીએ અને એ માર્ગે ચાલવાની પ્રતિજ્ઞા કરેલી છે તેઓને ગુલામગારની સામે પણ દ્વેષ કરવાનો અધિકાર નથી. આપણે જો તેઓની જગ્યાએ 'મુકામા દ્વેષએ તો કદાચ આપણે પણ તેઓના જેવા જ બની જાઇએ. કોણ જાણે છે કે કદાચ આપણા પાપોના જ ફળ આપણે નહિ ભોગવતા હોઇએ. સામા માણસનો દોષ જોવાના કરતાં આપણી પોતાની જાતનુંજ નીરીક્ષણ કરવું વધારે લાભ દાયી ગણાય. અંતરખોજ કરીયું તો કદાચ આપણાજ દોષો આપણે જોઇ શકીયું. અને આપણી આંખમાંનો ગોબ દુર કરવાના એટલા કામમાં રોકાઇ રહીયું કે બીજાની આંખમાંનું કણું જોવાની ફુરસદ પણ નહિ રહે.

આપણા મોટામાં મોટા દોષો સ્વાર્થ, લોભ અને નામદાંઇ છે. એ ત્રણે દોષોએ આપણી આસપાસ શું બની રહ્યું છે એ જોવાને આપણે અશક્ત કરી દીધા છે. આપણે મરદ બનવા ચાહતા હોઇએ અને દક્ષિણ આફ્રીકા ના લાયક નાગરીકો બની રહેવા ચાહતા હોઇએ તો એ ત્રણે દોષો આપણે જડ મુળથી કાઢી નાખી આપણી સામે આવી પડેલા ધર્મ યુદ્ધને માટે કમર કસી તયાર થવું જોઇએ. ઇશ્વર આપણને સૌને સન્મતિ આપો.

— મણીલાલ ગાંધી.

નોંધ અને સમાચાર

શ્રી. મણીલાલ ગાંધીના ઉપવાસની પુર્ણાહુતી

શુક્રવાર એપ્રીલ તા. ૨૦ મીની સવારે દસ વાગ્યા બાદ શ્રી. મણીલાલ ગાંધીએ પોતાના ચૌદ દીવસના ઉપવાસની પુર્ણાહુતી કરી. એ પ્રસંગ ઉજવવા ડરબન તેમજ અન્ય સ્થળોએથી ટોળાંઓ ઉપર મીત્રો અને શુભેચ્છકો ફોનીકસ આવ્યા હતા. અખબારોના પ્રતિનિધિઓ અને ફોટો પાડનારાઓ પણ આવ્યા હતા. એ સવાર નું વાતાવરણ અત્યંત શાંત અને રોમ્ય હતું. ૬.-૩૦ વાગે મહાત્મા ગાંધીજી ની કુટીર "સર્વોદય"માં પ્રાર્થના થઇ હતી જેમાં સૌ સામેલ થયા હતા. શ્રીમદ ભગવદ્ગીતાનો બારમો અધ્યાય વંચાયા બાદ હીંદુ, મુસલીમ, પારસી અને ખ્રીસ્તીમાં પ્રાર્થનાઓ થઇ હતી. મુસલીમ પ્રાર્થના મીસીસ એ. હોરોકર તરફથી અને ખ્રીસ્તી શ્રી. વી. લોરેન્સ તરફથી થઇ હતી. ત્યાર બાદ મહાત્મા ગાંધીજીનું પ્રિય ભજન "લીડ કાઇન્ડલી લાઇટ" શ્રી. મણીલાલ ગાંધી એ ગાયું અને પોતાના પુજ્ય માંત પિતાની છબીને ચરણે પડયા. ત્યાર બાદ ગદ્‌ગદીત કંઠે ટોડા શબ્દોમાં હાજર થએલા સૌ ભાઇ બહેનોનો તેમજ ઉપવાસ દરમીયાન જે બધા ભાઇઓ તથા બહેનોએ તેમના પર પ્રેમ વરસાવ્યો હતો અને આખી દુનીયામાંથી જે પ્રેમ વધીવનારા સંદેશાઓ આવ્યા હતા તેને માટે ઉંડા આભારની લાગણી દર્શાવી અને કહ્યું કે, "એ બધા ને હું બીલકુલ લાયક નથી. મારો ઉપવાસ તો મારી પોતાની આત્મશુદ્ધિ માટે હતો કે જેથી કોમની સેવા કરવા ને હું લાયક બનું. મારો ઉપવાસ સફળતાથી પુર્ણ થયો છે તે ઇશ્વરની કૃપાને અને મારા પુજ્ય પિતાશ્રીના આશિર્વાદને જ આભારી છે."

ત્યાર બાદ શ્રી. મણીલાલે ગાંધીએ પોતાની સૌથી નાનની દીકરી ઇલાના હાથથી ઓરેંજ અને ગ્રેપફ્રુટના રસનો પ્યાલો આપવામાં આવ્યો. જે તે ધીમે ધીમે પીવા લાગ્યા. હાજર બધાને અને છેક બાર વાગ્યા સુધી આવી રહેલા બાજ બહેનોને કંઇ પીવા વીગેરે પ્રસાદી આપવા માં આવી હતી.

શ્રી. જે. જી. સ્વાયનું રૂદન

ગયે અઠવાડીયે પેરીસેરબર્ગમાં ભાષણ કરતાં શ્રી. જે. જી. સ્વાયએ જણાવ્યું હતું કે, "ભલે આપવાની સત્તા બને બીન-ગોરાઓના હાથમાં આવી જશે તો આ દેશમાં ગોરાનું આવી બન્યું જાણવું. તેમ થશે તો કોલેન્ડના રહેવા બ્રુ હશે તે કોલેન્ડ ચાલ્યા જશે; ઇંગ્લાંડના હશે તે ઇંગ્લાંડ ચાલ્યા જશે પરંતુ આફ્રીકાનરનું શું થશે? આ તો તેઓનો પિતૃદેશ છે અને આ સિવાય

બીજો એક દેશ તેઓ જાણતા નથી." તેનો જવાબ આપતાં નેટાલીસમર્ક્યુનું 'સ્ટાર' ગેરપ્રીય તા. ૨૬ મીના એક અગ્રલેખમાં લખે છે:

"નેશનલીસ્ટોની આવી જાતની લાગણી ઉશ્કેરનારી એક સરખી વાતો હવે બંધ થવી જોઇએ. સૌથી પ્રથમ તો શ્રી. રટ્ટાયમ જો દુનીયાના કોઇ પણ અન્ય ભાગમાં વસવાટ કરવા જવા માંગતા હોય તો તેમ કરવાની કોઇ પણ અન્ય જનને જેટલીજ તેમને પુર્ણ સ્વતંત્રતા છે. એમ કરવું તેમને વધારે સુગમ થઇ પડશે કેમકે અત્રેથી જતી આસમેટો. તેમને ખાલી જ મળશે કારણ જેવા કોઇ કોલોનિઝ નીવાસી કે ઇન્ડીઆ નીવાસી નથી કે જેઓ આ દેશ છોડી ચાલ્યા જવા માગતા હોય.

સાઉથ આફ્રીકાનાં રાષ્ટ્રનું જેઓએ ઘડતર કર્યું છે, અને તેમાં શ્રી. રટ્ટાય હમના કરતાં વધારે બહોળા અર્થનો સમાવેશ થાય છે, તેઓનો આ દેશમાં થી આગી જવાનો ખ્યાલ બીલકુલ છે જ નહિ. તેઓનું મોટા ભાગને આજ તેઓનો પિતૃદેશ છે અને આ સિવાય બીજો દેશ તેઓ જાણતા નથી. જેઓ પોતાના કુટુંબ દરમીયાન અહિં વસવાટ કરી રહ્યા છે તેઓનો પણ આ દેશને સદા તેઓને પોતાને માટે તેમજ પોતાના સંતાનો માટે રાખવાનો દ્રઢ નિશ્ચય છે. શ્રી. રટ્ટાયમ જેઓ વસાહતી કોમની ઓફાદના છે, તેમનો આ બાબત માં કંઇ વીશેષ અધિકાર નથી. એ સ્પષ્ટ સમજવું જોઇએ કે સાઉથ આફ્રીકાની અને નેટીવો અને કલરી પ્રત્યેની નીતિઓ પરની ચર્ચા એ સાઉથ આફ્રીકાવાસીઓએ પોતાનો વારસો કેવી રીતે ટકાવી રાખવો અને સુધારવો એ વીષે તેઓની વચ્ચેની ચર્ચા છે, જેઓ ઉડતાં પંખીની જેમ અહીં છે અથવા કંઇક પણ ગોટકો જાય તો આગળને પોતાના આંસડા ચોટલા બાંધી તયારી રાખેલી છે તેઓને તે સાથે કશી લેવા દેવા નથી.

શ્રી રટ્ટાયમ અને તેમના પક્ષની નીતીનો જો કોઇ વીરોધ કરતા હોય તો તે એટલા જ માટ કે એ નીતી ગોરાને માટે સાઉથ આફ્રીકાને અસલ્ય કરનારી છે એમ તેઓ માને છે. તેઓ માંના બહુ થોડાજ એવા છે કે જેઓ મને આપવાની સત્તા બીન-ગોરાઓના હાથમાં બતી રહેની જોવે ઇચ્છે છે અને તેઓ પણ કશી ઉતા બરાબર નથી. પરંતુ બીજા એવા બહુ લોકો છે કે જેઓ પોતાનું તેમજ પોતાના સંતાનોનું ભાવિ સુરક્ષિત રહે તેની વાજબી સમાધાની કરવા તયાર છે, આ વસ્તુઓની તેના ગુણદોષપર ભલે ચર્ચા થતી. પરંતુ એ વાત નેશનલી સ્ટોએ પોતાના મનમાંથી કાઢી નાખવી પડે છે કે એ સવાલનું સમાધાન લાવવા તેઓજ માત્ર લાયક છે અને બીજા કોઇ સાઉથ આફ્રીકાવાસીઓ લાયક નથી. વળી એ પણ યાદ રાખવું ઘટે છે કે દેશભક્તિનો ઇજારો તેઓ જ લઇ બેઠેલા નથી અને આ દેશનાં તેઓના મુળ બીજાના કરતાં કંઇ વધારે છાં નથી. બીજાઓને પણ આ દેશ ને પોતાનો પિતૃદેશ ગણવાનો એટલો જ અધિકાર છે. જેટલે દરજ્જે આ હકીકતોનો તેઓ ઇન્કાર કરે છે અથવા તેને અવગણે છે તેટલે દરજ્જે આ દેશનું રાષ્ટ્ર આવી પડવાને તેઓ બીજાના કરતાં ઓછા અધિકારી થઇ પડવાના અપમાં છે."

યુનાઇટેડ સ્ટેટસમાં જાતીઓદની દરખાસ્ત છુટી ગઇ

વોશીંગ્ટનનો એક સંદેશો જણાવે છે કે યુનાઇટેડ સ્ટેટસની પ્રતિનિધિ સભાએ સરકારમાં ગોરા કાળા વચ્ચે જાતીભેદનો વિરોધ કર્યો છે. સરકારી તાલીમને લગતા કાયદાના ખરડામાં બીન-ગોરા રેજિમેંટોને ધ્યાનદા રાખવા ની એક કલમ હતી તેનાપર મત લેવાતાં પહેલાં યુનાઇટેડ સ્ટેટસના બે નીગ્રો કોંગ્રેસમેનોમાંના એક શ્રી. વીલીયમ ઓલ ડોસને એ કલમ નાબુદ કરવાની દરખાસ્ત મુકી હતી. "યુનાઇટેડ સ્ટેટસમાં આપણા બધાને માટે પુરતી જગ્યા છે" એ તેમના શબ્દોને ડેમોક્રેટીક અને રીપબ્લીકન પક્ષોએ તાળીઓની ગડગડાટી વધાવી લીધા હતા.

શ્રી. મણીલાલ ગાંધીને મળેલા વધુ સંદેશાઓ

[ડરબનની ધી કેથરલ પેસીફીસ્ટ કાઉન્સીલ, અને ઓરટ્રેલીયન સેકશન ઓફ ધી વોર રીઝીસ્ટર્સ ઇંટર નેશનલે...તમને જણાવવાની મને સુચના આપેલી છે કે તમારા પ્રયત્નોમાં અમે સહ્રદય તમારી સાથે છીએ. અમે ડો. મલાનપર પત્ર લખી અમારો વીરોધ દર્શાવ્યો છે જેની નકલ તમારી જાણ માટે મોકલીએ છીએ. તમારી હાલત માં તમને સાથ આપનારા સૌને અમારા વંદન.

સેક્રેટરી એફ. એશક્રફ્ટ,
જનરલ સેક્રેટરી.

ઉપવાસ સંદેશામાં જેનું સુચન થયું છે તે ડો. મલાન પરનો પત્ર નીચે પ્રમાણે છે:

"વહાલા સાહેબ,—કેથરલ પેસીફીસ્ટ કાઉન્સીલ ઓફ ઓરટ્રેલીયા તરફથી તમારા દેશમાં સધળા બીન-ગોરાઓને તમે બલાયદા વાડાઓમાં ગોંધવાનું તમારી સરકાર જે પગલું લઇ રહી છે તેનો સખ્ત વીરોધ કરવાની મને સુચના થઇ છે. અમે જાણીએ છીએ કે ઓરટ્રેલીયાની મુળ વતનીઓ પ્રત્યેની અમારી વર્તણુક દીકાને પાત્ર છે પરંતુ એ સ્થિતિ સુધારવાના અમે તનતોડ પ્રયત્નો કરી રહ્યા છીએ. જ્યારે તમારાં હમણાંમાં લેવાયેલાં પગલાં નિશ્ચ ઋતુત્વ અને વિશ્વશાંતીના માર્ગમાં અવરોધ કરનારાં છે."

ચેન્ડલરહાલ, ચેરમેનગ્રુપ,
પેનસીલસેનેનાયા.

તમારો ઉપવાસ પુર્ણ થવા આવતાં અમારાં હૃદયો તમારા પ્રત્યે ઉંચાય છે. કેથેડ્રીલ ઓફ રીકન્સીલીએશનની સભામાં બેઠાં અમે તમારે માટે પ્રાર્થના કરી રહ્યા છીએ.

[ઉપવાસ કાળમાં શ્રી. મણીલાલ ગાંધી ને ઉપવાસ છોડતી વખતે જ મળ્યો હતો. તેનાપર કેનન નેવીન સેપર, જે. જે. મસરી અને બીજા વીસ સજ્જનોની સહીઓ છે.]

ડો. કે. જે કુરેશીઆ
(લંડનના 'ધી ઇન્ડિઅન'ના
મેનેજીંગ એડીટર)

તમારા ઉપવાસના અને રંગભેદનીઓ સામેના સાઉથ આફ્રીકાની સરકારના અન્યાયી કાયદા સામે એકલે હાથે લડવાના તમારા નિશ્ચયના અખરે અન્ય સંસ્થાનોમાં તેમજ આ દેશમાં વસતા હીંદીઓમાં ઉંડો રસ અને તમારા પ્રત્યે માનદીપ લાગણી અને સહાનુભુતી ઉત્પન્ન કર્યો છે. તમને સંપુર્ણ સફળ તા પ્રાપ્તવાની આ તકનો લાભ લઇ રહ્યું છું અને આશા રાખું છું કે તેથી સાઉથ આફ્રીકાના ગોરા તેમજ બીન-ગોરાઓની સેગ્રેગેશનની નીતી સામે લાગણી ખ્યુબ થશે. આશા રાખું છું કે તમારા પ્રતિષ્ઠત પિતાની જેમ તમને પણ હરોઇ મળશે."

વીરા પ્રીટન અને રહુબર્ટ
ઓરીસ (લંડન)

"પીસ પ્લેજ યુનીયનની વર્ષીક સામાન્ય સભા તમારા હીંમતભર્યા ઉપવાસની કદર કરે છે અને તમારા કાર્યમાં ઇશ્વર પ્રગટે છે."

અખબાર ઇન્ડિઅન ઓપીનીયનના પ્રમુખ
ડો. કુગાલ.

બરમાના હીંદીઓ સાઉથ આફ્રીકા ના હીંદીઓ પ્રત્યે તેમજ સમગ્ર રંગ વધુઓ તેઓની મુળ માનવહકો માટે ની લડતમાં સહાનુભુતી દર્શાવે છે. અને તમારા આકરતિહાસીક ઉપવાસ સફળતાથી પુર્ણ થાય એવી પ્રાર્થના કરે છે.

પી. ટી. આગી, મુખ્ય.

ઇન્ડિઅન નેશનલ ઓપરેશનીસ્ટ કોંગ્રેસ તમારા આધ્યાત્મિક ઉપવાસના મહત્વ ની કદર કરે છે અને ગોરા ના હ્રદય તેથી દ્રવે એવી પ્રાર્થના કરે છે.

શ્રીયુત ઇન્ડિઅન મુથ લીગ

બાપુના આદર્શોને અનુસરી રહ્યા છો તે બદલ અભિનંદન. ઇશ્વર તમને સહાય થાઓ.

આ ઉપરાંત બીજા અનેક સરેરા ગોમાં એક અભિનંદનનો સરેરો ટ્રેસ વાલ ઇન્ડિઅન યુથ કોંગ્રેસ અને તે બનની વીમેન્સ કલમરલ ગ્રુપ તરફથી પણ હતો.

સાઉથ આફ્રીકન ઇન્ડિઅન ઓરગનાઇઝેશન

સાઉથ આફ્રીકન ઇન્ડિઅન ઓરગનાઇઝેશનની પહેલી કોન્ફરન્સ શુક્રવાર એપ્રીલ તા. ૨૦ મીની રાતે જોહાનીસ્બર્ગમાં શરૂ થઇ હતી. ૧૦૦ ઉપર ડેલીગેટ હાજર થયા હતા જોકોમાં જોહાનીસબર્ગના રહાનિક અગ્રગણ્ય જનો પણ હતા. જોહાનીસબર્ગના મેયર હાજર નહિ થઇ શકવાથી ડેપ્યુટી મેયર શ્રી. આઇ. બી. એટવેલે તેમની વતી હાજરી આપી હતી.

સાઉથ આફ્રીકન ઇન્ડસ્ટ્રીયલ એજ્યુકેશ રીલેશન્સના ડીરેકટર શ્રી. કમીન ટીન જણાવ્યું કે સાઉથ આફ્રીકાના લોકોને ઇલાયદા પાડવાની એ સંપુર્ણ યોજના કાગળ પર સુંદર લાગે તો ખરાં પણ. તેમણે જણાવ્યું કે તેમની એવી માન્યતા છે કે યુનીયનમાં આંતર-વર્ણીય સંબંધની બાબતમાં આગામી રપ વર્ષમાં મોટો ફેરફાર થવાની જરૂર રહેશે. આજે આપણાથી કોમ્બને માટે કાયદા કરી નહિ શકાય. "તેમ આ સમ્રાટાયમાં ભવિષ્યના વર્ષોમાં તેમાં પરિવર્તનો આવશે એ પણ કમનશીબે કળી શકાતું નથી. આપણી સરકાર ની ઇચ્છા જો ખરી હોય કે હીંદી સવાલ મુખ્યત્વે કરી આંતરીક છે તો પછી તેનું ન્યાયપુર્વક સમાધાન લાવવાની જવાબ દારી સરકાર અને પ્રજાપર પડે છે. શ્રી. બ્રાઇટે કહ્યું કે હીંદીઓને રીપેટ્રી એટ કરવાનો કંઇ પણ નવો પ્રયત્ન કરવાનો આધાર હીંદીઓ કેટલે દરજ્જે તેમાં મરજીપાત સાથેય થાય છે તેના પર રહેશે. સાઉથ આફ્રીકા બાબતમાં તેઓને કેમવાની રીતો અપ નાવ કરે એ માની શકાતું નથી.

ટ્રાંસવાલ ઇન્ડિઅન ઓરગનાઇઝેશન ના પ્રમુખ શ્રી. એ. આઇ. મીનીએ કહ્યું કે રપ૫ એરીયાઝ એટલે યુનીયન, હીંદ અને પાકીસ્તાન વચ્ચેના સંબંધ માં વધારે તડ પાડી છે. ગયે વર્ષે એ મહીનો કેપટાઉનમાં મળેલી કોન્ફરન્સથી જે સુંદર વાતાવરણ પેદા થયું હતું તે ગંભીરપણે બગડી ગયું છે.

૧૯૫૦ ના રપ૫ એરીયાઝ એકટે વધેારી કાઢનાર્યો કરાય થયો હતો. રપ૫ એરીયાઝ એકટ આખરે ૨૬.૦૦ તેવું કરવાને દરેક દરેક બંધારણસર ના પ્રયાસો લેવાની કોન્ફરન્સે પ્રતિજ્ઞા કરી હતી.

આજરે એકસો હીંદીજેટો સભા પ્રતિનીધીઓ હાજર થયા હતા.

ઉપવાસ ચાલી વખત ખુશી આપો કરાર અમારા હૃદયમાં આપો નથી. તેથી તે આવતા આંખમાં આંસુ ઉભેદ રાખીએ છીએ.

એઉંધના રાજાસાહેબનું અવસાન

એઉંધના રાજાસાહેબ શ્રીમન્ત ભવનરાવ પંત પ્રતિનિધિનું એપ્રીલ તા. ૧૪ મીના મુંબઇમાં અવસાન થયાના શોકજનક ખબર આવ્યા છે. સ્વર્ગસ્થ બીજીરાવ ઇરટ આદીત્ય ભાતેના દીવાના કમીશનર શ્રી. અપ્પા સાહેબ પંતના પિતા હતા.

રાજા સાહેબની તબીયત કેટલાક મુદતથી બગડી હતી અને શ્રી. અપ્પા સાહેબ પંત સહકુટુમ્બ તેમની સારવાર કરવા માટેની અવલમાં મુંબઇ આવ્યા હતા. ત્યાર બાદ રાજાસાહેબની તબીયત સુધર્યાના ખબર હતા પરંતુ તેમાં કંઈ બહુ તથ્ય નહોતું. રાજાસાહેબ ૮૬ વર્ષની વયના હતા અને મુંબઇ પ્રકાશમાં આવેલું અદ્વિતીય રાજ્ય લોકશાસન તંત્ર તરીકે દીવના સમર્થ રાજ્યો કરતાં પચીસ વર્ષ આગળ વધેલું ગણવામાં આવ્યું હતું. ૧૯૩૯ માં અઉંધ રાજ્યનું બંધારણ રાજા સાહેબના સુપુત્ર શ્રી. અપ્પાસાહેબ પંતે મહાત્મા ગાંધીજીની રાહવણી હેઠળ ઘડયું હતું જે ક્રાંતીકારી હતું. આ બંધારણથી લોકોના હાથમાં બહોળી સત્તા મુકવામાં આવી હતી. આજે સમગ્ર દેશી રાજ્યોમાં એ બંધારણનું અનુકરણ થઇ રહ્યું છે. અદ્વિતીય પોતાના લોકશાસનવાદી બંધારણ ને માટે જાણીતા પરંતુ અનેક સાહસોમાં પ્રવેશ કરનાર તરીકે વખણાયું હતું. રાજાસાહેબે પોતાના રાજ્યમાં અનેક કારખાનાઓ અને ઉદ્યોગોને ઉત્તેજન આપ્યું હતું જે તેમના નામને આજે ચરમસ્થાયી બની પડયાં છે.

લોકશાસન અને ઉદ્યોગીકરણમાં ઊંડો રસ લેવા ઉપરાંત રાજાસાહેબે દીવની સંસ્કૃતીનું જોડવું સારામાં સારું તેટલું મહત્વ કર્યું હતું. કલામાં તેઓ નિષ્ણાત હતા અને તેના હિમાયતી હતા. દીવમાં સૌથી મોટ ગણાતું ખાનગી મ્યુઝીયમ તેઓએ રચ્યું હતું. તેઓ બહોળા કલાકાર, સંગીતકાર અને ફેલજપ્રીકાર હતા. અને જાતે પણ વિદ્વાન હતા. તેઓ કસરતબાજ પણ હતા અને પણ સુધારી કરી હતી. દીવની પ્રાચીન વ્યાયામ પદ્ધતિ સૂર્ય નમસ્કાર ના તેઓ બધા હિમાયતી હતા અને એ કસામાં સુધારા વધારા કરી પોતાના અવસાનની એક મહિના પહેલાં સુધી હમેશાં પોતે જાતે તે કરતા હતા. ૧૯૪૮ માં સ્વર્ગસ્થ પોતાના સુપુત્રની મુલ કાતે ઇરટ આદીત્ય ખબર હતા ત્યારે ઇરટ આદીત્યની જનતાને તેમના દર્શનનો લાભ મળ્યો હતો. રાજાસાહેબના અવસાનથી દીવના સંસ્કૃતિક જીવનમાં બધી આરે ખોટ પડી છે. સ્વર્ગસ્થના આત્માને મગ્વર ચિરશાંતી બક્ષો. સ્વર્ગસ્થના સુપુત્રથી અપ્પા સાહેબ પંત ક્રેમજ અન્ય કુટુમ્બીજનો પ્રત્યે હાર્દિક દિલસોજી દર્શાવવામાં અમારી ખાત્રી છે કે દક્ષિણ આફ્રિકાના દીવીઓ અમારી સાથે જરૂર સામેલ થશે.

પ્રાર્થના

પ્ર. વ્યક્તિગત પ્રાર્થનામાં એકાગ્રતા આવતી હોય એમ લાગે છે પણ સામુદાયિક પ્રાર્થનામાં તેવા દેખાવ કરવા જેવું બની જતું લાગે છે, એ વિષે આપ કંઇક કહો.

ઉ. વ્યક્તિગત પ્રાર્થના પણ જો કામની થઇ જાય તો એમાં એકાગ્રતા રહે જ, એવું ન કહી શકાય. ખરી રીતે પ્રાર્થના સ્વયંભૂ હોવી જોઇએ, અને તેવી સ્વયંભૂ પ્રાર્થના કોઇક જ વાર થાય; પરંતુ એમ છતાં પ્રાર્થના ની ટેવ રાખવી તે સારી વસ્તુ છે. મનને એકાગ્ર કરવાનો પત્ન કરવા છતાં એકાગ્ર ન રહે; તોપણ પ્રાર્થના અમુ રાખવી, એવો મારો મત છે. તત્કાલિક લાભ ન દેખાય, તોયે પછીનાં કાર્યોમાં એનો પ્રભાવ પડયા વિના રહેતો નથી. સામુદાયિક પ્રાર્થના નું મહત્વ હું એ દૃષ્ટિએ આંકું છું કે તેથી સામુદાયિક વાતાવરણની જમાવટ થાય છે. અંગત સમાધાન માટે સૌ એકાંતમાં વ્યક્તિગત પ્રાર્થના ભલે કરે પણ સામાજીક કામો માટે સામુદાયિક પ્રાર્થનાને હું અનિવાર્ય જરૂરી માનું છું અને આ રીતે સમાજ સેવકો બન્ને પ્રકારની પ્રાર્થના કરવી જોઇએ.

પ્ર. કુદરત ફળ આપે છે? મારો પોતાનો જ અનુભવ કહું કે સન ૧૯૪૨ માં જેલમાં જવાનું આવ્યું. સેવકોને તે વખતે કર્યાંયથી કશું ગળે તેમ નહોતું. કુટુમ્બ માટે શું? હું મુંઝવણમાં હતો, ત્યાં સ્ટેશન પર એક બાઇ અચાનક મળ્યા અને કહ્યું: "આપ જેલમાં જવાના છો; હું જેલ માં જવા શકું તેમ નથી, મારે આપના કુટુંબની જરૂરીયાત આપવાનો લાભ મને આપો." આ માણસે કશાય ભલસા વિના જેલ દરમીયાન નિયમિત મદદ ગોકમાં જ કરી. મારી પુત્રીની માંદગીમાં પણ પ્રભુએ પ્રાર્થના સાંભળી હોય એવો સાક્ષાત્કાર અનુભવ્યો.

ઉ. કુદરત ફળ આપે છે; એમ નહિ પણ કર્મકાનુનથી આખું વિશ્વ સભર છે, અરસપરસ એકમેકનું લેવાણ એ તો નિમિત્તમાત્ર છે. આપણે એક ઠેકાણે વાવીએ અને બીજે ઠેકાણે એનું ફળ મળતું જણાય, પણ બધું જ સહેતુક બન્યા કરે છે. આપણે એને ચમત્કાર માની લઇએ છીએ, પણ એ ચમત્કાર નહિ, સ્વાભાવિક નિયમબદ્ધ બનતા છે.

સંતબાલજી

કોમ્યુનીસ્ટો વિરૂદ્ધનું બીલ

જોહાનીસબર્ગના ધારાશાસ્ત્રીઓએ કરેલો વિરોધ

જોહાનીસબર્ગના ધારાશાસ્ત્રીઓએ કોમ્યુનીસ્ટોને લગતાં સપ્રેશન ઓફ કોમ્યુનીઝમ એમેન્ડમેન્ટ બીલ નો સખ્ત વિરોધ કરનારું નીવેદન બહાર પાડયું છે.

તેમાં જણાવ્યું છે કે કોમ્યુનીઝમને દાબી દેવા સામે જોહાનીસબર્ગના ધારાશાસ્ત્રીઓનો વાંધો નથી. જે રીતે એ કરવામાં આવનાર છે તેની સામે તેનો વાંધો છે.

જો તેનો અપ્રમાણીકપણે ઉપયોગ થાય તો તે બહુ જુલમકાર સાબ્ત થઇ પડે. પ્રમાણીકપણે ઉપયોગ થાય તો વ્યક્તિઓને અન્યાય થાય.

નિવેદન જણાવે છે કે એપ્રીલ તા. ૧૨ મીએ જોહાનીસબર્ગના ધારાશાસ્ત્રી ઓની એક સામાન્ય સભા મળી હતી જેણે નીચે પ્રમાણે સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો હતો.

"ધારાશાસ્ત્રીઓનું આ મંડળ સપ્રેશન ઓફ કોમ્યુનીઝમ એમેન્ડમેન્ટ બીલથી રૈયતની સ્વતંત્રતા ઉપર વધુ તરાપ મારવામાં આવે છે અને ન્યાય ચોરીની સત્તાને નાબુદ કરે છે એ સખેદ જોઇ રહ્યું છે અને આપણા બંધારણના આ મુળ સિદ્ધાંતો સુરક્ષિત રહે તેને માટે સુધારા સુચવે છે."

સ્ટેટમેન્ટ જણાવે છે કે માણસે કરેલું કામ જે વખતે તે કરેલું તે વખતે કાયદેસર હોવા છતાં તેને માટે રાજ્ય આજે તેને સજા કરે એ કરતાં વધારે ગંભીર અન્યાય બીજો શું હોઇ શકે.

તા. ૪ જુન ૧૯૫૦ ના અખબારો માં પ્રસિદ્ધ થએલાં એક નીવેદનમાં જોહાનીસબર્ગના ધારાશાસ્ત્રીઓના મંડળે એ વખતે પાર્લામેન્ટ સમક્ષ આવેલાં સપ્રેશન ઓફ કોમ્યુનીઝમ બીલનો વીરોધ કર્યો હતો કારણ કે તે ન્યાય કચેરીનો આશ્રય લેવાની છુટ નાબુદ કરનારું હતું અને કાયદાનો નીયમ જે આપણી સ્વતંત્રતાનો પાયો છે તેને ઉખેડી કાઢનારું હતું.

એ બીલ ૧૯૫૦ નો કાયદો બન્યું જેમાં એવી કલમ છે કે એ કાયદો પસાર થયા બાદ જે કોમ્યુનીસ્ટ હશે અથવા ગવરનર-જનરલ તરફથી કાયદાના અર્થના આધારે કોમ્યુનીસ્ટ ઠરાવાશે તે આ કાયદાના હેતુસર કોમ્યુનીસ્ટ ગણાશે. તેને, માણસને આ દેશની અદાલતનો આશ્રય લેવાનો હક્ક નહિ મળે કે જે હક સામાન્ય ગુનેગારને મળે છે. તેમ એ બાબતમાં તે બીજી કોઇ પણ રીતે અદાલતનો આશ્રય નહિ લઇ શકે.

તેવા માણસપર કાયદાના આધારે કેટલી અમલવડો પડે છે એ સારી રીતે જણાવેલું છે અને પછી દાખલામાં તેને પ્રચલિત સરકારની દયાપર રહેવું પડે છે.

કોમ્યુનીસ્ટપર અમલવડો મુકવાના સંબંધમાં હાલનું બીલ કાયદો અમલ માં આવે તે પહેલાંની તારીખથી કરવામાં આવનાર છે.

આ બીલ જો કાયદો બનશે તો કોઇ પણ માણસ જે કોઇ પણ વખતે કોમ્યુનીસ્ટ હશે, કોમ્યુનીસ્ટ થયું એ વખતે કાયદેસર ગણાતું હોય તેમ છતાં, તો તે મુળ કાયદાના હેતુને માટે કોમ્યુનીસ્ટ ગણાશે અને તેથી તેને કાયમની કાયદાના આધારે અમલવડો ભોગવવી પડશે.

તેવા માણસને પોતે ત્યાર બાદ કોમ્યુનીસ્ટના સિદ્ધાંતો સાથ છોડી દીધા છે એ વસ્તુ પુરવાર કરવાની પણ તક નહિ મળે.

એક માણસે દશ વર્ષની વયે એ વખતે કાયદેસર ગણાતું કાર્ય કરેલું હોવા છતાં આજે ૪૦ વર્ષની વયે તેને એ કાર્યની, આજે તે ગેરકાયદે ગણવાથી સજા ભોગવવી પડશે. અને કોર્ટનો તેનાથી કોઇ પણ પ્રકારે આશ્રય લઇ નહિ શકાય. આ ઉપરાંત બીજી એક કલમ એવી છે જેથી કોઇ પણ અખબાર એવા બનાવો પ્રસિદ્ધ કરતું હશે કે જે કોમ્યુનીઝમના કોઇ પણ હેતુ ફેલાવનારા ગણાશે તેને ગવરનર-જનરલ દાબી દઇ શકશે.

કોમ્યુનીઝમના હેતુઓની કાયદામાં ઘણી બહોળી વ્યાખ્યા કરવામાં આવી છે.

તેમાં ઘણા ઉદાર અને માનવીય હેતુઓનો પણ સમાવેશ થાય છે જે કોમ્યુનીસ્ટો નથી એમના લેખે તરફથી ચોપડામાં આવે છે અને પ્રચાર કરવામાં આવે છે.

વળી એવા અખબારને એ બાબતમાં કોર્ટ પાસે કરી રાહત મેળવવાનો હક નહિ રહે.

આ કલમોનો કોઇ પણ જાતનો કાયદાના બંધનો જોર નહિ.

કુદરતી ઉપચારો

(લેખક : મી. રોબર્ટ લોરેન્સ મેકકીબીન)

[૪૦ (એ) કમીશનર સ્ટ્રીટ, જોહાનીસબર્ગના મી. રોબર્ટ લોરેન્સ મેકકીબીનની કુદરતી ઉપચારોપરની લેખમાળાનો આ લેખ પ્રસિદ્ધ કરીએ છીએ. કુદરતી ઉપચારો સંબંધી વાંચકો કંઈ પણ પ્રશ્ન પુછવા અથવા સલાહ ઇચ્છતા હોય તો તેનો જવાબ મી. મેકકીબીન આ પત્રદ્વારા આપશે.—અ.ઈ.ઓ.]

જ્ઞાન તંતુઓની અસર

હિંદુસ્તાનનાં ક્રાંતીપર્વમાં રોગો બે જાતના જણાવવામાં આવ્યા છે—શારિરિક અને માનસીક, બન્નેનો એક બીજા સાથે ગાઢ સંબંધ રહ્યો છે. શારિરિક અસ્વસ્થતાથી માનસીક અસ્વસ્થતા થાય છે અને માનસીક અસ્વસ્થતાથી શારિરિક અસ્વસ્થતા થાય છે.

મજ્જા અને જ્ઞાનતંતુઓની અસ્વસ્થતા દુર કરવાને હોમીયોપથીની દવાઓ ઘણીજ અસરકારક હોય છે. બહુ એવું કહેવામાં આવ્યું છે કે હોમીયોપથીની Veratrim નામની દવાનો ઉપયોગ થઇ શકતો હોય તો દુનીયાના પાગલખાનાઓ અરધાં ખાલી થઇ જાય. પરંતુ ડાકતરોના દુરાગ્રહના કારણે હજારો કમભાગીઓને અત્યંત કઠોર સ્થિતિમાં કેદ થઇ રહેવું પડે છે. કુદરતના કાનુનો એ બરોબર જાણવામાં અને અમલમાં મુકવામાં આવતા હોય તો તેઓ સઘળા છુટી જઇ સુખે પોતાનું સાધારણ જીવન ગાળી શકે.

જ્ઞાન તંતુઓ અને મજ્જાનો એક બીજા સાથે ગાઢ સંબંધ રહ્યો છે. એટલે સુધી કે આધુનિક ડાકતરો સ્વિકારતા થયા છે કે જ્ઞાન તંતુઓનો રોગ એ પાગલપણાની નિશાની છે. પરંતુ પાગલપણું એ નામ એટલું બદનામ થઇ ગયું છે કે આજે લોકો તેને જ્ઞાન તંતુઓના રોગ તરીકે ઓળખાવે છે અને તેની બદનીશીબોને પણ એજ નામથી ઓળખવામાં આવે છે.

કુદરતી ઉપચારની દ્રષ્ટિએ મહાભારત ના ક્રાંતીપર્વમાં જણાવેલા કહાપણ બરોબર શબ્દોજ બરા છે, ઘણા રોગો માનસીક સ્થિતિમાંથીજ ઉદ્ભવે છે. એ જો આમા બરોબર હોય તો અંતે શરીરપર તેની અસર થાય છે. બીજી તરફથી માણસની શારિરિક સ્થિતિ પ્રત્યે બેદરકારી બતાવવામાં આવે અને તેનો બોટી રીતે ઉપચાર કરવામાં આવે તો મન બેચારું તેનું કામ નહિ કરે. પરિણામે માનસિક અને જ્ઞાન તંતુઓની તકલીફો થઇ ઘણી.

જ્ઞાન તંતુઓનું તંત્ર શરીરની અંદર ના વિજળીક તંત્રના જેવું છે કે જેના દ્વારા મન કામ કરી રહેલું હોય છે, અને શરીરની સ્થિતિની ખબર મનને પહોંચે છે. એ સઘળાનો સંબંધ ઘણા બોરાક સાથે પણ રહેલો છે. જોઇતાં તત્વો વાળો બોરાક ન લેવામાં આવે તો એ તંત્ર બરોબર કામ કરતું નથી અને તેની મુત્રાશય પર અસર થાય છે અને બીજી બીજાઇ બીજેરે કરેલા થાય છે. વળી તેમાં રહેલાં બરાબ તત્વો ચિરાઓમાં દાખલ થઇ આખાં શરીર ને નુકસાન કરે છે.

શરીરને આયોડીનની જરૂર હોય છે. ઘણા દેશોમાં જ્યાં જમીનમાં આયોડીન નું પ્રમાણ પુરતું નથી હોતું અને તેથી તેમાં થતા અનાજમાં પણ તે હોતુ નથી અથવા તો જ્યાં બોરાકમાંથી કુદરતી આયોડીનનાં તત્વનો નાશ કરવા માં આવે છે ત્યાં શરીરની અંદર રહેલી થાયરોઇડગ્લેન્ડ નામની ગ્રંથીથી, જેનું કામ અગત્યનું હોય છે, તેનાપર બોટો બોજો આવી પડે છે. આ ગ્રંથીથી શરીરની અંદરના આયોડીનના તત્વોનો સંગ્રહ કરી તેમાંથી થાયરોક્સીન નામ નું અત્યંત અગત્યનું તત્વ ઉત્પન્ન કરે છે. થાયરોક્સીનની શરીરપર અને તેની શક્તિપર પણ જ મોટી અસર થાય છે. તેનું પ્રમાણ વધી જવાથી જ્ઞાન તંતુઓ ઉગ્ર બની જાય છે, શરીર ધ્રુજવા મંડે છે, હૃદય ધડકવા મંડે છે, ઉંઘ ઉડી જાય છે અને શરીર ગરમ થઇ જાય છે. બીજી તરફથી જો થાયરોક્સીનનું પ્રમાણ ઘટી જાય છે તો જ્ઞાન તંતુઓ નબળા પડી જાય છે અને હીસ્ટેરીયા, ફીટ મગજની બીગેરે દરદો થાય છે.

આ જ્ઞાન તંતુઓના રોગ આયોડીન નું પ્રમાણ શરીરમાંથી ઘટી જવાથી થાય છે. અને તેનો ઇલાજ પુરતા પ્રમાણમાં આયોડીનનું તત્વ આપવું એ છે. તેવાં આયોડીનનું તત્વ કુદરતી આયોડીનનું તત્વ પુરૂપાડ હોય તેવો બોરાક લેવાથી મળી રહે. બીજી અનેક વસ્તુઓ ઉપરાંત પાઇનાપલ, લીંડી બીન્સ, એસ્પેરેગસ, કોબી, લસણ, મીન પીઝ, બટાકાની છાલ, ટમેટાં અને પણ કોની છાલમાં આયોડીનનું તત્વ રહેલું છે પણ છડેલા ચોખામાં પણ આયોડીન હોય છે. પરંતુ સાફ કરેલા સફેદ ચોખામાં તેનું તત્વ બીલકુલ નથી હોતું.

એ યાદ રાખવાની જરૂર છે કે શરીરને જરૂરી તાજો ખોરાક લેવામાં નહિ આવે તો જ્ઞાન તંતુઓપર તેની માઠી અસર થાય છે.

કમનશીબે ઘણા લોકોનો બોરાક બોટો જ હોય છે. દક્ષિણ આફ્રીકામાં ખાસ કરી ઘણા દાંતીઓ ઘણોજ બરાબ બોરાક ખાય છે. રોટલી, ચોખા (ખાસ તો પુખ્તપણે કરી બોળી રાખેલ) અને બીજા કારબો હાઇડરેટ વાળી વસ્તુઓ ખાય છે. આવી વસ્તુને બોરાક કહેવાય કે કેમ એજ પ્રશ્ન છે. વળી એમને જેમ લેવાથી તેમાં સ્વાદ નહિ હોવાથી સ્વાદિષ્ટ બનાવવા તેમાં બારોબાર મસાલા, ખાંડ વીગેરે નાખવામાં આવે છે. અને એ વસ્તુઓ શરીરની અંદરના કચરામાં ઉમેરો કરે છે. શરીરને જરૂરી ધાતુઓ તો તેમાં હોતી જ નથી.

પછી જ્ઞાન તંતુઓના રોગોથી તેઓ પીડાય તેમાં શી નવાઇ?

આધુનીક જમાનામાં જ્ઞાન તંતુઓના રોગો મોટો ભોગ લઈ રહ્યા છે. આપણે ઓગણીસમાં ઓગણ રોજના બાર કલાક અસ્વીર ચિત્રો કામ કરતા હોઇએ છીએ. એ બોજો સહન કરવાને આ પણા જ્ઞાનતંતુઓને પુરતું પોષણ મળતું હોવું જોઇએ. તેને બદલે મોટા ભાગના લોકોને એ પોષણ મળતું નથી.

કુદરતી ઉપચારોમાં અમલું સૌથી પ્રથમ કામ અશિતનો કેસ બરોબર જાણી લેવાનું હોય છે. દરદીનો સાચો રસ બોરાક શું હોય છે? તેની તંદુરસ્તીને માટે કયા બોરાકની તેને જરૂર છે? કોઇતો બોરાક, લોહિતો બોરાક, સુપ્તનો પ્રકાર, કસરત, પેટ બરોબર સાફ થાય છે કે નહિ એ સઘળી વસ્તુઓ તરફ બારોબારને માટે ધ્યાન દેવાનું હોય છે જે ઉપરાંત શારિરિક અને માનસીક સ્વસ્થતાને માટે માલીશની પણ આવશ્યકતા હોય છે. અમેરીકામાં ગ્રામવેા મોટા પગારે માલીશ કરનારાઓને રાખે છે જેઓ અઠવાડીયામાં એક વાર તેઓને બોડીબર માલીશ કરે છે. તેનો ગદલો તેઓને હન્મેશ ગરમ રહે છે.

આ ઉપરાંત અગ્નિ હોમીયોપથીની દવાઓ પર પણ બોટો આધાર રાખી એ છીએ. તેનો બરોબર ઉપયોગ થયાથી ચમત્કારીક અસર થાય છે.

દાખલા તરીકે મજ્જાના આતિશ્વ બોબના કારણે ઉંઘ ન આવતી હોય તો હોમીયોપથીની coffea 6 or 30 ની અકસીર અસર થાય છે. સ્ત્રીઓ ના જ્ઞાન તંતુઓના રોગમાં Lilium Tigrinum, Sepia અથવા Phosphorus એ પ્રત્યેની જુદી જુદી અસર થાય છે. Argentum nitricum નો બરોબર ઉપયોગ થવાથી પણ ઘણા દરદો પોતાની મેળે જ નાશ પામે છે. Aurum નામની હોમીયોપથીની દવાથી પણ આપઘાતના ઇરાદો થતા અટકાવી શકાય છે. કોઇને આપઘાત કરવાનું મન થયું હોય તો તે મારી પાસે આવી જાય છે. હું તેને એ માનસીક વ્યથામાંથી હેમખેમ કરી શકીશ. આ કંઇ બોટો દાવો નથી. કોઇક વખતે જીવન બોજા અસહ્ય થઇ પડે છે તેનો મને જાતે અનુભવ છે અને એ દવાનો મેં પોતાના ઉપર સફળતાથી પ્રયોગ કરેલો છે.

સરકારો આજે દુનીયાભરમાં સ્વેચ્છા એ ચીંતાઓ બોડોરી રહી છે. તેનો પણ હોમીયોપથી પાસે જવાબ છે.

કુદરતી ઉપચાર વાળાઓએ જ્ઞાન તંતુઓના રોગીઓ મુશ્કેલ થઇ પડે છે પરંતુ સાધારણ ડાકતરો જોઇએ તે મુશ્કેલ નથી થઇ પડતા. અમે બોલીમાં ઝેર નાખનારા ઇન્જેક્શનો નથી આપતા. બીજાઓના આંચકા પણ અમે આપતા નથી. કુદરતી ઉપચારો થી શરીર કદી ભાંગી પડતાં નથી પરંતુ શરીરનો બંધાય છે અને જીવન ની ખરી રીતે શીખવાય છે. ખરા બીચારા કરતાં શીખવાય છે અને કુદરતના કાનુનો સાથે કેવાતાર કામ શીખવાય છે. એથી જીવનમાં નવો સાહસ દાખલ કરવો પડે ખરી પરંતુ જીવનનો ખરો આનંદ પણ એનાથી થઇ શકાય છે. કુદરતી ઉપચારોનો અર્થ એટલોજ થાય છે કે ગાણસે જીવે સમતા કુદરતના કાનુનોનું જ્ઞાન મેળવે અને પોતાની સાધારણ સુઝિના જોરથી તેનો અમલ કરવો.

પરચુરણ

—મુમ્બાસાની સ્ટીમ સેન્સર બોર્ડ ના અઠવાડીયામાં પણ સ્ટીમો બતાવવાની બંધી કરી છે. એ સ્ટીમો "બ્લુ બી પીંક રીટી," "એસ્કેપ્ટ બીમ" અને એક ડીટેકટીવની સ્ટીમ જોવાની છે.

—કરાંચીમાં મરણ્યમાંથી બટાકા ચોરી જવા બદલ એક માણસનું મેનું બાંધી કરી બજારમાં ખાસડાંનો હાર પહેરાવી સાથે ગધેડા રાતાપર ફેરવવામાં આવ્યો હતો અને "મેં બટાકા ચોરી હતા" એવી તકતી પણ તેની પાસે રાખવામાં આવી હતી.

(બાકી)

યુરોપીય જીવનના મારા અનુભવો

ઉનેમાં ખોરાકનું રેશન છે. ઘરકામ કરનારા નોકરોની અછત છે ત્યાં બીજો ઘરનું બધું જ કામ પોતાને હાથે કરે છે.. બગીચામાં શાકભાજી કે ફળઝાડ રોપવાં હોય, ઘરમાં કાંઈ સમારકામ કરવું હોય કે પોતાની મોટર પોતી હોય: બધું હાથે જ કરવું પડે છે. પુરુષો પણ સાંજે ઓફીસેથી આવ્યા પછી કે રજાના દિવસોમાં ઓજારોને ઘરકામમાં મદદ કરે છે. તેમ ત્યાંના લોકો ખુબ આનંદી અને તંદુરસ્ત હોય છે. જીવનમાં કોઈ મુશ્કેલી આવી પડે તો હરીફાઈ કર્યા વગર તેનો તોડ લાવે છે. કોઈ વસ્તુ ન મળે કે ઓછી મળે તો તે વગર ચલાવી લેતાં શીખે છે. ખાંડ અને દુધ પુરતાં નો મળતાં નથી ત્યારે બે લોકો ખાંડ અને દુધ વગર ચા પીએ છે. પણ કાળાબજારનો આશરો લેતાં નથી. આપણે ત્યાં ખાંડને માટે લોકો સરકારને કેટલીએ ગાળો આપે છે. ખાંડ એ કાંઈ જીવનની જરૂરીયાત ની વસ્તુ નથી કે એના વગર આપણે ન જ ચલાવી શકીએ. દરેક જેન જો નક્કી કરે કે કાળાબજારમાંથી આપણે કાંઈ પણ ખરીદવું નથી તો કેવળ તેમજ આપણી આર્થીક સ્થિતિમાં જરૂર સુધારો થઈ શકે.

લંડનમાં રહ્યે મને એક મહિનો થયો હશે ત્યાં હીંદુસ્તાનથી મારી એક જેનપણી નર્સીંગનો અભ્યાસ કરવા માટે લંડન આવી. તેની સાથે હું ત્યાંની રોયલ કોલેજ ઓફ નર્સીંગને જોવા ગઈ. એ કોલેજના પ્રિન્સિપાલે અમારો ખાવાનોનો સત્કાર કર્યો. આખી કોલેજ બતાવ્યા બાદ અમને ચા પીવા બેસાડ્યાં. મેં મારા કપમાં ચાનું પાણી લીધું પણ ખાંડ તથા દુધ જોતાં, ચા પીવાને બદલે કપ ઉપાડયો ત્યાં તો મારી નજર પ્રિન્સિપાલના કપ ઉપર ગઈ. એમને દુધ અને ખાંડ વગરની ચા પીતાં જોઈ મને ખુબ આશ્ચર્ય થયું. મેં પુછ્યું: "આપ આવી ચા કેમ પીઓ છો?" ત્યારે તેમણે જવાબ આપ્યો: "દુધ અને ખાંડનું રેશન પુરતું નથી એટલે હું તો અગાઉ કેટલાં યે વર્ષોથી (બ્રેકફાસ્ટ દરમિયાન પણ) ખાંડ અને દુધ વગરની ચા પીઉં છું." મને મારી ચામાં ખાંડ અને દુધ લેવા બદલ ખુબ શરમ આવી. ત્યાર બાદ તો મેં બધાએ લોકોને ખાંડ અને દુધ વગરની ચા પીતાં જોયાં. ત્યાંના લોકો બહુ સહેલાઈથી સંજોગો અનુસાર રહી શકે છે એનો નીચે દાખલો આપું.

એ વખતે ફ્રાંસમાં સીગરેટનું પણ રેશન હતું. એક દિવસ મારા પતિના એક મિત્ર અમારે ત્યાં આવ્યા હતા. સીગરેટની વાત નીકળતાં મેં તેમને પુછ્યું: 'તમે સીગરેટ વગર ચલાવી શો છો?" ત્યારે તેમણે કહ્યું: "મુળ પહેલાં તો મને રેશનની પણ સીગરેટ પીવાની ટેવ હતી. હમણાં રેશનને લીધે એ આદત છોડવી પડી છે. મને તો એથી ખુબ ફાયદો થયો છે. એક તો મારું વ્યસન ઓછું થયું છે અને પૈસાનો બચાવ થયો છે."

એક વખત અમે બસની રાહ જોતાં બસ સ્ટોપ ઉપર કતારમાં ઉભાં હતાં, ત્યાં બસ આવી પહોંચી. એટલામાં દુરથી એક ગૃહસ્થ બસ પકડવાની આશાએ દોડતા દોડતા આવી અમારી પાછળ ઉભા રહ્યા. અમારે બસમાં ચડવાનો અમારો વારો આવ્યો ત્યારે બસ કંડકટરે કહ્યું કે હવે બે જ જણ બેસી શકે એટલી જગ્યા છે. પેલા ગૃહસ્થને માટે બસમાં જગ્યા ન હતી. મારા પતિએ એમને કહ્યું: "આપને ઉતાવળ હોય તો અમારે બદલે આપ બેસી શકો છો." તેમણે અમારો આભાર માન્યો અને કહ્યું: "ઉતાવળ તો છે પણ તમે મારાથી આગળ આવ્યા છો. મારે તમારે જ બેસવું જોઈએ હું બીજી બસમાં જઈશ." અમે તેટલો વખત બસમાં ઉભા રહેવું પડે તો પણ ત્યાંના લોકો કંટાળતા નથી. શિસ્તપાલન એમના જીવનમાં ઘણું અગત્યનું સ્થાન ભોગવે છે. મને અહીંનો પણ અનુભવ છે. આપણે ત્યાં લોકો પહેલાં તો બસની કતારમાં એકસરખા ઉભા જ રહેતા નથી અને જ્યારે બસ આવે છે ત્યારે પાછળના લોકોને ધક્કા મારી ચઢી જાય છે. પુરુષો સ્ત્રીઓને પણ ધક્કા મારતા અચકાતા નથી. બસમાં ચઢયા પછી જો કદાચ કંડકટર ટિકિટ આપવી ભુલી જાય તો જાણે મફતો હપ્તો થયો એમ માની ટિકિટ લીધા વગર જ ઉતરી જાય છે. ત્યારે જ બસ ટ્રામ કંપનીને pay your correct fare નું પાદિયું મારવું પડે છે ને.

લંડનમાં વર્તમાનપત્રો વેચનાર ફેરીવાળાઓ દરેક રેલ્વે સ્ટેશન આગળ બેસે છે. સવારે એક વાગે જમવાનો વખત થાય ત્યારે પેલાનાં વર્તમાનપત્રો એમજ ત્યાં ગોઠવેલાં રહેવા દઈ પાસે પૈસા મુકવાની પેટી રાખી જમવા ચાલ્યા જાય છે. તેની ઈમાનદારી કરતાં કોઈ ગૃહસ્થ ત્યાં વર્તમાનપત્ર લઈ તેની કીંમતના પૈસા ત્યાં મુકી પોતાને રસ્તે ચાલ્યો જશે. કોઈ જોતું નથી તો પૈસા ન મુકવાની વૃત્તિ કોઈ જ બતાવશે નહીં. ત્યાં ધંધાની પ્રામાણિકતા (business morality)ને ઘણું મહત્વ આપવામાં આવે છે.

દુકાનોમાં પણ બહુ જ સભ્યતાપૂર્વક ખરીદીની જરૂરીયાત પુરી પાડવામાં આવે છે. ખરીદને ગરજ છે એમ સમજીને નહીં, પણ ખરીદ પોતે એ જ દુકાનમાં આવે એ દ્રષ્ટિએ તેની સાથે વર્તવામાં આવે છે. ખરીદ લેવા જેવી વસ્તુ, પૈસાપાત્ર, જેની જરૂરીયાત નાની હોય કે મોટી, પણ દરેક સાથે સરખી જ સભ્યતાથી વર્તવામાં આવે છે. અમે જ્યારે પેરીસમાં હતાં ત્યારે એક દિવસ બપોરના જમી રહ્યા પછી થોડીક ખરીદી કરવા અમે અમારી હોટેલની બહાર નીકળ્યાં. ત્યાં સામેથી એક હીંદી ગૃહસ્થ અમને જોઈ ઉભા રહ્યા. એમણે અમને પુછ્યું: "તમે અત્યારે ક્યાં જાઓ છો?" અમે કહ્યું કે અમારે થોડીક પેરીસની યાદ ગીરી ખરીદવી છે. એટલે એ ગૃહસ્થ પણ અમારી સાથે આવ્યા. અમે એક નાની દુકાનમાં પ્રવેશ કર્યો, અને જોઇતી થોડીક વસ્તુઓ જે ખરીદી લીધી. પેલા ગૃહસ્થ તો આરામથી એક ખુરશી ઉપર બેઠા દુકાનમાંની છોકરીને હુકમો આપ્યે જતા હતા: "આ પાવડર બતાવો, પેલી સેંટની બાટલી આપો." કેટલીયે જાતના સેંટો સુંઘ્યા અને કોટ ઉપર છંટાવ્યા. કીંમત પુછી કરવા પણ કેટલીયે રકમો કરી. જે નાની દુકાનમાંની સમગ્ર બધી વસ્તુઓ જોઈ નાખી: આસ્તે એક કલાક પસાર થઈ ગયો પણ પેલા બાઈએ એ દુકાનમાંથી બહાર નીકળવાની ઈચ્છા બતાવી નહિ. સારે નસીબે બપોરનો સમય હોવાથી એ દુકાનમાં ઘરાકોની ભીડ ન હતી. આખરે અમે તો કંટાળ્યાં. અમને તો ચાર જ દિવસ પેરીસમાં રહેવાની પરવાનગી હતી. એટલે તેટલા સમયમાં અમારે બની શકે એટલું પેરીસ જોવું હતું, તેથી કંટાળો જઈ એ બાઈને અમે ઉતાવળ કરવાનું કહ્યું. ત્યારે એમણે ટેબલ ઉપર કરાવેલા મોટા ખડકલામાંથી બેત્રણ ચીજો ખરીદી. પેલી બાળાના મુખ ઉપર કાયમ રહેલું હાસ્ય અને એની ધીરજ જોઈને મને ખુબ આશ્ચર્ય થયું. સભ્યતાનો જરાએ ત્યાગ કર્યા વગર બહુ જ શાંતિથી એ બધું બતાવતી હતી. તેણે અમે ખરીદેલી વસ્તુઓ બાંધી આપી અમારો આભાર માન્યો. મને વિચાર આવ્યો કે જો હીંદુસ્તાનમાં કોઈ ખરાક દુકાનદારને આમ પજવે તો એને જરૂર સાંભળવું પડે કે "આઘે, તમારે લેવું દેવું ને બટપટ કાગી કરો છો!" ખરાક ગરીબ હોય તો તેની સાથે ઘણી વખત અસભ્ય વર્તન પણ બતાવવામાં આવે છે.

એક દિવસ મારા પતિના એક મિત્રને (જેઓ બધા વિષયમુક્ત વખતે હીંદુસ્તાનના સરહદમાં જોવા ગયા હતા. એમને આપણું રેલ્વે જમણ બહુ પસંદ હતું) જમવાનું આમંત્રણ આપ્યું હતું. જમી રહ્યા પછી અમારી સાથે થોડો વખત વાતો કરી પેરુ જવાને ઉપડ્યા. અમારો આભાર માનતાં એ બોલ્યા: "તમારી હીંદી વાનગીઓ એટલી સ્વાદિષ્ટ લાગી કે આજે રોજ કરતાં વધારે ખવાયું છે. એટલે હવે તો હું વિક્ટોરીયા સુધી પગે જ ચાલતો જઈશ." વિક્ટોરીયા સ્ટેશન અમારા ઘરથી પાંચ છ રેલ્વે સ્ટેશનો થાય એટલું દુર હતું. અમે તો એ ગૃહસ્થને જતાં જોઈ જ રહ્યાં. આપણે ત્યાં તો ટ્રામના એકાદ સ્ટેશન જેટલે દુર જવું હશે તો પણ ટ્રામનો જ આશરો લેશે. આપણામાં કોઈ સહેલ પાસે રહેતાં આપણેને એ જ રસ્તા ઉપર થોડે આઘે જવા માટે ટ્રામમાં બેસતાં મેં જોયાં છે.

પોતાની આર્થીક સ્થિતિ પ્રમાણે સાદાઈથી એ લોકો રહે છે. પ્રથમ વર્ગની ગાડીઓ પાસે અપપુરતાં કપડાં હોય છે. આપણી બહેનોની જેમ સાંજી બીજીઓને કપડાં કે દાગીનાનો સંગ્રહ કરવાની ટેવ હોતી નથી. કોઇના અંગ ઉપર સારું કપડું કે દાગીના જોશે તો જરૂર વખાણશે, પણ એ કપડાંનો લોભ કે મારે પણ એવું લેવું છે એમ કહેશે નહીં. આ વિષેનો મારો એક અનુભવ આપું. એકેક વખત હું દવાખાનામાં ડોકટર ના આવવાની રાહ જોતી હતી, મારી બાજુમાં એક બહેન રહેતાં હતાં. હું તો મારા વીચારોમાં હતી ત્યાં એકા-એક ચમકી ગઈ, પેલાં બેને મારો હાથ પકડયો અને બોલ્યાં: "આ બંગડી ક્યાં કરાવી?" આવો પ્રશ્ન એ શા માટે પુછે છે તેનો ખ્યાલ એકદમ મને આવ્યો નહીં, પણ પછી હું એ બેનનો આશય સમજી. મેં કહ્યું: "બેન, આ બંગડી કરાવ્યે તો ચાર વર્ષ થયાં, હવે મને યાદ નથી એ ક્યાં કરાવી?" મને લાગે છે કે એ બહેને જરૂર એવી બંગડીઓ કરાવી હશે.

ત્યાં જાહેર રસ્તા ઉપર મુંઝવા જેવા પ્રશ્ન પાંચ પાંચ વર્ષના કેસ બેદામાં આવે છે, એ કે ત્યાં કોઈ જાહેર રસ્તે મુકવું એ જાણે આપણે જન્મસિદ્ધ હક્ક હોય તેમ ત્યાં ત્યાં મોઢે મુકે છે. આપણું ઘર જેમ સ્વચ્છ રાખીએ છીએ તેમ રસ્તાઓ (જેનો ઉપયોગ આપણે જ કરીએ છીએ) સ્વચ્છ રાખવા એ શું આપણી ફરજ નથી? શિક્ષિત માણસો અને સંસ્કારી ગણાતી ઉચ્ચ કોમો. પણ આ ફરજથી પર નથી.

એક ટીકાકારની દ્રષ્ટિએ નહિ પણ પ્રત્યક્ષ અનુભવની દ્રષ્ટિએ ઉપરનાં દ્રષ્ટાંતો આપ્યાં છે. યુરોપીય પ્રજા કુસંસ્કાર રહિત છે એમ નથી પણ એમના કેટલાક ગુણો અપનાવી જીવન માં ઉતારવા લાયક છે. આપણા રેશ

ની જુની સંસ્કૃતિનો આજે નાશ થતો જોવામાં આવે છે. એ આર્યસંસ્કૃતિ ની યાદ અપાવે એવા આચરણોનો આપણા કુટુંબમાં કયાંએ સમાસ નથી. ઉપરનાં દૃષ્ટાંતો પુરોપીય પ્રજા ના રોજીંદા જીવનમાંથી લીધેલા બધા સામાન્ય અનુભવો છે, પણ હું ધારું છું કે એમાંથી આપણે પણ શીખી શકીએ એમ લીએ.

—અરબ્યાનમાંથી

ચર્ચાપત્ર

પ્રિય બહેન,

તમારો દર્દ ભરેલો પત્ર મળ્યો. પત્ર વાંચતા મારા હૃદય પર આઘાત અને શોકનો પડયો પડયો. મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો આવ્યો કે બહેન આવું દુઃખી જીવન ગુજારતી હશે.

તમારા પત્ર પરથી નીચે મુજબની હકીકતો મારા જોવામાં આવી :—

(૧) તમારા લગ્ન થયાંને ૭ વર્ષ થયાં તમને બે સુંદર બાળકો છે.

(૨) તમારા પતિ નઠારી સોબતને લીધે :—

(અ) બીજી સ્ત્રીના મોહમાં પડયા છે.

(બ) બીજી સ્ત્રીના મોહને લઈને તે હંમેશ રાત્રે મોડા આવે છે.

(ક.) મોહની પાછળ પૈસાનો ખુબ વ્યય કરે છે.

(૩) તમારા પતિને તમે સુખ સલાહ આપો તો તે તમારા પર હાથ ઉઠાવે છે.

(૪) તમારા પતિ તેમના નિકટ-સંબંધીઓનું પણ કહેવું સાંભળતા નથી.

આ તમારું આજનું જીવન છે. વળી તમે લખો છો કે "મારું જીવન નિષ્ફળ થઇ પડયું છે. હવે મારે શું કરવું" ?

હું માનસશાસ્ત્રી નથી પણ તમારા પતિનું મન પણ વાંચી શકતો નથી. પરંતુ તમારા પત્રનો જવાબ ઊંડા વીચાર અને મનન કર્યા પછી આપું છું.

તમારા પતિના આવા વર્તણુકના કારણો નીચે મુજબ હોઇ શકે :—

(૧) તમારા તરફનો અસંતોષ.

(૨) તેમની સોબત (મિત્રતા)

(૩) ઐહિક સુખની અનુપ્તિ અને તેથી ઉદ્‌ભવ થતી વિવિધ વાંછના.

ઉપાય એ છે કે તમારે તમારા ભૂતના દિવસથી તે આજ સુધીનો અભ્યાસ કરવો પડશે. તમારી એવી કંઈ વર્તણુક હોય કે જેથી તમારા પતિને અસંતોષ થયો હોય? બીજું કે તમારા ૭ વર્ષના સહ-જીવન પછી તમારા પતિની બાસિયતો શું છે તે તમે શોધી છે? અને તેના પર તમે વીચાર કર્યો છે? તેની પ્રિય-અપ્રિય વસ્તુની નોંધ તમે લીધી છે? તમારી વર્તણુક સામે એમણે વિરોધ દર્શાવ્યો હોય તો તે વર્તણુક હજી ચાલુ છે કે કેમ તે શોધો અને તેમ હોય તો તે વર્તણુક બદલો.

તમે પ્રેમ વિશે લખ્યું પરંતુ પ્રેમ કેળવવો પડે છે અને તે કેળવી શકાય છે. દરેક મનુષ્યમાં સદ્‌ગુણો અને અવગુણો હોય છે. તમે તમારા પતિ ના સદ્‌ગુણો શોધો શોધીને તેને બીરદાવો અવગુણો હોય તો તે મીઠાશથી સુધારવા પ્રયત્ન કરો.

પુરૂષમાં એક જાતનો અહંકાર હોય છે તે અહંકારને તમે પોષો; તેમના અહંકારને તમો મહત્વ આપો. તેમને ગમતી વસ્તુ તેમની સમક્ષ રજુ કરો. તેમની જરૂરીયાત પુરી પાડો અને તેમને પુછી તમારું કામ કરો આવું તમારું જીવન બનાવો.

તમે તમારું વ્યક્તિત્વ ભૂલી જાવ અને તમે તમારા પતિ અને બાળકો માટેજ જીવો છો એ પ્રમાણે જીવન ગાળો.

તમારા પતિની સોબત અને મિત્રતા બદલાવવાની રહે તે કાર્ય માટે ઘણી ધીરજ અને સહાની જરૂર છે. આ સાથે તે વખતસર ઘેર આવે તેવી ટેવ પડાવવાની પણ તમારે જરૂર છે. જ્યારે તે આવે ત્યારે તેને હસતે મુખે આવકાર આપો. તેના આવવા પહેલાં તમારે ઘરનું દરેક કામ કરી પરવારી જવું તમારે પુષ્પ માફક તમારા હૃદયના ગુણોની ચારે તરફ સુવાસ ફેલાવવી. ઘરને, શરીરને અને મનને સ્વચ્છ રાખવા. તેમના તરફ ક્રોધ દ્રષ્ટિથી જોવું નહિ. સત્ય આચરવું ઘરને સાદું છતાં સ્વર્ગ-સમાન સુખી અને પવિત્ર વાતાવરણવાળું બનાવવું. તમારા પતિના આવ્યા પછી બીજું કોઇ પણ કાર્ય કરવું નહિ જેથી તેમને એકલતા લાગે.

મિત્રો વિરુદ્ધ—તેમના અસત વિરુદ્ધ ના આખા દિવસની ફરીયાદ વીરુદ્ધ કંઈ કહેવું નહિ. જ્યાર જવાબ તે પ્રમાણે અડકતરી રીતે તે તેમનાં ધ્યાન પર લાવવું તે પણ કયારે? નહિ સમુહમાં, નહિ નાખુશમાં પણ જ્યારે તે આનંદી હોય ત્યારેજ તે વાત કરવી. સાંભળી અને બીજાની સાંભળેલી વાતો કરવી નહિ કુથલી અને સાચી ફરીયાદ કરવી.

એમનું મન હંમેશ કામમાં રોકવા પ્રયત્ન કરવો નવરાશને નજીક આવવા દેવી નહિ. નવરાશમાં અનેક વિનાશ-કારક વિચારો આવે છે. એમનું ધ્યાન વધુ સાહિત્ય, સંગીત અને તમારા બાળકો તરફ દોરવું. જેથી એમના ધ્યાન પર સ્ત્રી અને અન્યત્ર તરફથી છુટશે.

દુનીયામાં સ્ત્રી એક મહાન બળ છે. બીને માટે પુરૂષ પોતાનું સર્વસ્વ અર્પણ કરવા તૈયાર થાય છે. તમે તમારી સહનશિલતા, પ્રેમ અને તમારા ત્યાગથી તમારા પતિને જીતો. એટલે તમારા તરફ એમનું આકર્ષણ વધશે.— તમારા પર કરેલા જુલમ અને અન્યા ઓ માટે એ જરૂર માફી માગશે.

अहपूज्या यत्रशोहा सा सर्वेह् पमचारीणी।
दरिद्रं दयाधित हिन्त यत्रदा परिकल्पितम्॥

જે સુંદર પત્ની પતિથી સન્માન પામે છે, તેજ ધર્મનું આચરણ કરવા-વાળી છે. જે નારી અતિથિ દરિદ્ર, પીડીત, દીન, દુઃખી, યોગ્યોને આશ્રય આપે છે તે જ ધર્મ ચારિણી છે.

આ પત્ર વાંચી તમને થશે કે હું પક્ષપાતી છું પરંતુ મારા મનમાં એવું કશુંજ નથી. મને આપણી મહત્તા, બહેનો અને પુત્રીઓની આર્યભાવનાનો આદર્શ પ્રત્યે ઘણું માન છે.

નિરાશાને નજદીક આવવા દેશો નહિ પ્રભુ તમારો કામમાં સહાય થાય એવી પ્રાર્થનાસહ વિરમું છું.

શિ.

ભાઇના

સ્નેહભરણ

સહિષ્ણુતા દુઃખની સુરેખ

"સુખમાં સૌ ભાગી બને, દુઃખમાં બને ન કોય;
જો દુઃખમાં ભાગી બને, તો દુઃખ ન રહે કોય"

સુખમાં સહિષ્ણુતા કરવાની વાતને શીખવવી પડતી નથી પરંતુ ખરી રીતે દુઃખમાં સહિષ્ણુતા કરવાની વાતજ શીખવી જોઇએ.

સંતબાલજી

ગારી સવોપરીતા

અમારા ગયા અંકના મુખ્ય પુષ્ઠપર જે અંગ્રેજી કવીતા અપાઇ હતી તે નીચે મુજબ છે.

'અળખામણી રહેતા સમુદમાં આવેલા નાનકડા ટાપુ રૂપી છે ગોરા માનવી!
ભરતી આવી રહી છે ચેત જે,
હજુ તું સ્વતંત્રતા ભોગવી રહ્યો છે
અમારૂં બાપ તે પહેલા સમુદ્ર સાથે
સમાધાની કરી છે.
પાણી ચો તરફ ચઢી રહ્યાં છે.
સોનાની ઉંડી ખાણમાંથી કુવારાની જેમ નીસાસાઓ ઉઠી રહ્યાં છે.
તે ભરેલું તેલ સોદી બની
પાણુ નીકળી રહ્યું છે.
તારૂં ઝેર અને તારો ક્રોધ
તને પાછો હડસેલી રહ્યો છે.
ઓ ધંધાદારી ગુલામી કરાવનારા
પુર આવી રહ્યું છે તેથી ચેત.
મોટા પહાડ ચઢવા તું મથી રહ્યો છે.
પરંતુ તું ખાનની ટેકરી માંડ ચઢી
શકયો છે.
હજી સ્વતંત્રતા ભોગવી રહ્યો છે.
અમારૂં બાપ તે પહેલા સમુદ્ર સાથે
તારૂં સમાધાન કરી છે,
સમુદ્ર આગળ ધસી તારી ખારી
સુધી આવ્યો છે.
સમુદના પાણીને નથી તું ખરીદી
શકવાનો કે નથી જોંખાથી હઠાવી
શકવાનો
નાના જા ટાપુ રૂપી'છે ગોરા માનવી!
તારા ટાપુમાંથી માણવાનું લોપ
થઇ રહ્યો ■
અને ભરતી સર્વેમે આક્રમણ કર્યો
રહી છે મારે ચેત.

આપણા પ્રતીકો

કમલ પ્રતીક

હીંદુસ્તાનનું પ્રતીક કમલ છે. કમલ કાદવમાંથી જન્મે છે. પાણીમાંથી બહાર આવે છે અને સૂર્યાભિમુખ થઇ એનું અખંડ ધ્યાન ધરે છે. આપણે પ્રેરણા જીવન કાદવમાંથી લઈએ લીએ. જો કાદવજ સુષ્ટા કરીએ તો ઈશ્વર સમીપ પહોંચી નજર થકાય. કમલ પાણીમાં રહેવા છતાં તેને નપા પાણી ને સ્પર્શ જીનો કરતો કે નથી કાપ તેને ભંડુ કરતો અને કમલમાં જો ગુણ છે કે સે કાદવમાંથી પણ સુગંધ અને રૂપ મેળવે છે. તે સૂર્ય તરા જોય છે અને પ્રકાશથી ખીલી ઉઠે છે. તેવીજ રીતે આપણે પણ પ્રકાશની

કિંમતો આકર્ષક :—
૪૬ રંગી. ૨-૦ રતલ
૧૦૫ રંગી. ૧-૪ "
ટુવેર...રંગી. ૧-૩ રતલ
બીજા આવક ૧.૬ રતલ
મગ.....રંગી. ૧-૦ રતલ
ટુવેરની દાળ રંગી. ૧/૩"
ટુવેર ની દાળ નં. ૨ ૧/૬ રતલ
ચણાની દાળ રંગી. ૨-૦ "
વાલની દાળ....રંગી. ૨-૦ રતલ
અળદની દાળ...રંગી. ૨-૩ રતલ
મગ દાળ નં ૧....રંગી. ૨-૦ રતલ
મગ દાળ નં ૨....રંગી. ૧-૬ રતલ
ચણાનો લોટ (કાંકરી વગરનો) ૨/૬
વાપરવી.....રંગી. ૧-૦ રતલ
કાળા અળદ.....રંગી ૧-૧૦ રતલ,
પરીવાળી.....રંગી. ૨-૧ રતલ
ઘઉંમ.....રંગી. ૧-૧ રતલ
રાઈ.....રંગી. ૧-૧ રતલ
ઓર્ડરોના : ૧૨૦ વિકટોરીયા સ્ટ્રીટ, ડરબન ફોન : ૨૧૮૬૮
પરશુ નરસિંહ એન્ડ કુ. (પી) લીમીટેડ.
કરીયાતની ૩૦ વર્ષની પુરાણી અને સુપ્રસિદ્ધ દુકાન.
ઘઉં.....રંગી. ૩-૦ રતલ
તલ.....રંગી ૩-૦ રતલ

પુત્ર કરવી એટલે કે જ્ઞાન પ્રકાશ તરફ મોઢ માંડી રહેવું. આ આપણું પ્રતીક છે.

યજ્ઞ પ્રતીક

બીજું ધર્મનું પ્રતીક યજ્ઞ છે. યજ્ઞ એટલે હોમવું. પ્રત્યેક ધાર્મીક પ્રસંગે હોમ-યજ્ઞ કરવાનો રીવાજ છે. આનો અર્થ એ છે કે તમે જે કાર્ય કરવા માંગો છો તે કાર્ય કરતાં પહેલા તમારા અંગત સુખોનો ત્યાગ કરો એટલે હોમી દો. લગ્ન વખતે વર કન્યાને પત્ની ભાવના કહે છે તમારા અંગત લાભો કે સુખો આજે હોમી તમે એક બીજામાં ભેળ ભળી અને જી ભળી પ્રકાશ પાથરે છે તેમ તમે બન્ને પ્રકાશ પાથરો.

કળશ પ્રતીક

મંગળ પ્રસંગે કળશ ભરીને મુકવા માં આવે છે. આનો અર્થ એ છે કે, આપણું જીવન એ માટીના કળશ જેવું જ છે. જેમ ખાલી વાસણું કશું મહત્વ નથી તેમ ખાલી જીવનનું પણ કશું મહત્વ નથી. ભરેલો કળશ માથે મુકવામાં આવે છે તેમ પ્રેમ અને ભક્તીથી ભરેલુ જીવન બીજાને ઉંચે ચઢાવે છે.

ચંદન પ્રતીક

કપાળે અને બધે ચંદન લગાડવાનો અર્થ એ છે કે ચંદનની જેમ તું બધાને બીજાને સુગંધી અને ઠંડક આપ.

વિવિધ

સને ૧૯૫૫ માં અનાજના ભાવો

સમાટ જ્યોર્જના વખતમાં હીંદમાં અનાજના ભાવો નીચે મુજબ હતાં: તે વખતમાં એક અંગ્રેજ મુસાફર બી. ૧૫૬૬ હીંદ આવ્યા હતા તેઓ એક આનામાં રોજનું ભરપેટ ખાવાનું બહુ સારી રીતે કરતા હતા.

ઘઉં	મણ	આઠ આના;
ચોખા	"	બે રૂપીયા
જુવાર	"	છ આના.
બાજરો	"	પાંચ આના
મોની	"	ત્રણ રૂા. આઠ આના.
ઘી	"	ત્રણ રૂપીયા આઠ આના.
ગુડ	"	પંદર આના.

ડરબ હીંદુ સોસાયટી

ઉપરોકત સોસાટીના આશ્રયે નીચે પ્રમાણે તા. ૧૯-૪-૫૧ ના રોજ શ્રી. મણીલાલ ગાંધીના ઉપવાસોની પુર્તી અર્થે સ્થાનીક મંદીરના હોલમાં રાત્રે પ્રાર્થના સભા મળી હતી. અને એ દિવસે પણ હીંદુ નરનારીઓએ ઉપવાસ કર્યો હતો.

શ્રી. મણીલાલ ગાંધીની તંદુરસ્તી માટે તથા લાંબાગાળે અપવાસ પુર્ણ થયા તે માટે ઇશ્વરનો આભાર માનવા માં આવ્યો હતો. અને બે કલાક ભજન પ્રાર્થનાનો કાર્યક્રમ ચાલુ રહ્યો હતો.

શ્રી. અરવીંદ પુસ્તકાલય

લીબીસ્ટરથી એક ખબરપત્રી જણાવે છે કે અત્રે વસતા હીંદી ભાઇઓએ શ્રી. અરવીંદન વિચારો દર્શાવતાં પુસ્તકોના અભ્યાસ માટે શ્રી અરવીંદ પુસ્તકાલય નામની સંસ્થા સ્થાપી છે અને એ અંગે નીચે મુજબ સંચાલકો ની નીમણુક થઇ છે: પ્રમુખ: રણછોડભાઇ મોરારજી પટેલ, ઉપ-પ્રમુખ: નાનુભાઇ મોરારજી પટેલ, મંત્રી: બાબુભાઇ ગોવીંદજી પટેલ, ખજાનચી: બાબુભાઇ મોરારજી પટેલ.

સીમોરથી આસામ ફંડ

સીમોરથી ભાઇશ્રી પી. એમ. કસને અમારી પર નીચે મુજબ રકમ મોકલી હતી તે જુદી જુદી સ્વીકારથી રહી ગઇ છે જે રકમ પાવતી સાથે સ્વીકારીએ છીએ:

પી. એમ. કસમન પા.	૫-૫-૦,
પી. સુધા પા.	૩-૩-૦,
આર. એન. દીવાલ પા.	૩-૩-૦,
વાય. બી. નાયક પા.	૨-૨-૦.

ગાંધી ફંડ

સવીમેન કુંવરજી લોધ્ધમ',	૧૦-૬
એનામેન ગોપાલજી (ડરબન),	૧૦-૬
લાડુમેન વલ્લભ (લોધ્ધમ'),	૧૦-૬
ધનીમેન ખુબ્બારામ (ડરબન)	૧૦-૬
શ્રીયુત અને શ્રીમતી ગોવીંદજી દેસાઇ (ડરબન)	પા. ૧-૧-૦
બી. ડી. પી. દેસાઇ (ડરબન)	૧-૧-૦
	કુલ પા. ૪-૪-૦

લુઇસ્ટ્રીખાર્ટમાં લગ્ન

સુરત જીલ્લાના ચોવીસી નીવાસી (હાલ લુઇસ્ટ્રીખાર્ટ) શ્રી. ગોવીંદભાઇ ઉકાભાઇના પુત્ર શ્રી. લલ્લુભાઇના લગ્ન, ઉમરાડ નીવાસી (હાલ-જોહાનીસબર્ગ) શ્રી. માધવભાઇ મનાભાઇના પુત્રી શ્રીમતી સરસ્વતિબેન સાથે સંવત ૨૦૦૭ ના ચૈત્ર સુદ ૯ ને રવીવાર તા. ૧૪-૪-૫૧ ના રોજ ગાંધી હોલમાં હીંદુ વિધિ પ્રમાણે થયાં છે.

પરચુરણ

—ઓદીશા સંસ્થાન પ્રધાન શ્રી. જોષ્સ ઓશેલ્સ મે તા. ૬ઠીએ લંડનથી ૫૬૮ આદીવા બ્લડ રવાના કર્યા. કેનીયા, યુગાન્ડા અને ટાંગાનીકામાં તેઓ ૧૮ દીવસ ગાળવા વધી છે.

—દીલ્હીના એક ટાંગાવાળાએ પોતાના ટાંગામાં બેસવાના દાવરથી બધુ રૂપીયા નો માલ રહી ગયો હતો તે પાછો બેસનારને આપી આવવા પ્રયત્ન કરતાં તેની કદર તરીકે ત્યાંની મ્યુનીસીપાલેટીએ ૨૫ રૂપીયા ઇનામ આપ્યું હતું.

શ્રી. ટ્રાંસવાલ ટેગામ પ્રાંતિક પ્રજાપતિ મંડળ

૧૯૫૧ નું વાર્ષીક સંમેલન તા. ૧૩-૫-૫૧ ના રવીવારના રોજ બપોરે ૧-૫ કલાકે, મુકામ ચારસલીસ વામા ટ્રીખાર્ટ, શ્રી. વસનભાઇ કુલ્લભ ભાઇ મીસ્ત્રીના મકાનમાં શ્રી. કેવાભાઇ વસનજીના પ્રમુખપદે મળશે. દરેક સભ્યોને સહકુટુંબ પધારવા વિનંતિ છે.

કાર્યક્રમ: (૧) મીનીટસ તથા મંત્રી નો રીપોર્ટ, (૨) હિસાબની રજુઆત, (૩) ઠરાવો, (૪) ચુંટણી, (૫) પરચુરણ.

ચકેસી માસીક ફી અને દાનની રકમો સંમેલન પરેલાં મોકલી આપવા વિનંતી છે.

વિષય વિચારણી સમીતી સભા તા. ૧૨-૫-૫૧ ના રવીવારે ૧૦ વાગે સવારે ચારસલીસ મુકામે મળશે. એ પ્રસંગે દરેક સભ્યોને હાજર રહેવા વિનંતિ છે.

સ્વાગત પ્રમુખ: વસનભાઇ કુલ્લભ ભાઇ.

સ્વાગત મંત્રી: નાગરભાઇ મોરારજી
રામભાઇ કરસનજી મીસ્ત્રી
મંત્રી ટ્રાં. ટે. પ્રા. પ્ર. મંડળ.
પી. ઓ. બોક્સ ૪૫
ડાલ્ટન, ટ્રાંસવાલ.

આગેવાનો સ્વાર્થી, લોભી, અણસમજુ, જુઠા ને વિષયી હશે તો આમ જનતા કદી નહિ ચડે. એટલે જો પ્રજા પછાત રહેશે તો દોષ આગેવાનોનોજ ગણાશે ને પાપ પણ તેઓનેજ લાગશે.

આ વસ્તુઓ આજે પાંત્રીસ વર્ષે પણ આપણને લાગુ પડે છે. એટલાં વર્ષોમાં આપણે સુધર્યા છીએ એમ ડોળ કરી શકીએ? હા, આર્થીક પ્રગતી તો આપણે કરી છે પરંતુ નૈતિક પતનના ભોગે. એપાર્ટહેડની સામે પોકારો કરીએ છીએ પરંતુ આપણા પોતાનામાંથી આપણે ઇલાયદા વાડાઓ નાબુદ નથી કર્યા પરંતુ તેને પોષ્યા છે. મુસ્લીમ, હીંદુ, ગુજરાતી, મદ્રાસી, હીંદુસ્તાની શ્રી અલગજ રહ્યા છે અને સૌ પોતપોતાનું ફોડે છે. એટલાં એટલાં કલબો છતાં આપણને એમ સુજ્યું નથી કે આપણે સંગઠીત થઇને ઇશ્વરે આપણને સંપત્તિ આપેલી છે તેનો આપણી સમાન ઉન્નતિ અર્થે ઉપયોગ કરીએ. સ્વયંને બાતર પણ પરમાર્થ નથી કરી શકયા. અને આપણું પોતાનુંજ ન કરીએ પછી બીજાઓ, જેવા કે, આફ્રીકનો, કે જેઓમાંથી આપણે કમાયા છીએ, તેઓ પ્રત્યેની ફરજની વાતજ શું કરવી? આપણી સામે કાયદા આવ્યા તેનો સબાકો. બરી આપણે વિરોધ કર્યો. જો સિવાય પુરૂષાર્થથી તેની સામે લડવા નથી પરંતુ વકીલ બારિસ્ટરોના ગજવા ભરી એ કાયદાઓમાંથી છટકવાની બારી ઓ શોધી કાઢી તેનો લાભ લઇ આપણું ગાડું ગબડાવતા આવ્યા છીએ. સરકારને તેની ખબર પડતાં એ કાયદાઓ વધારે સખ્ત કરવાના તેણે પગલાં લીધાં અને તેમાંથીયે શી રીતે છટકી શકાય એજ આપણે શોધો કર્યા કરી. અને આજે આપણે તેના દુષ્પરિણામો ભોગવી રહ્યા છીએ.

આ રીતે જોવા જેસીએ તો આપણા પાપોના ફળ આપણે ભોગવી રહ્યા છીએ. તેમાંથી મુક્તિનો માર્ગ સઘળું સંકેલીને અહિંથી ભાગી છુટવાનો નથી. આ ઇશ્વરની જ કૃતિ છે અને ઇશ્વર એમ આપણને છટકવા દે તેમ નથી. અહીંથી ભાગીશું તેથી બીજે સુખી થવાની આશા સેવવી એ ભુલ છે. આપણા પાપોના ફળ જ્યાં હશું ત્યાં ભોગવવેજ છુટકો છે. એટલે બરી વસ્તુ તો જગ્યા ત્યાંથી સવાર ગણવાની અને પાપ નું પ્રાયશ્ચિત કરવાની છે. એ પ્રાયશ્ચિ એજ કે સઘળું ઇશ્વરને સમર્પણ કરી દેવું અને મરદાનગી થી જુલમગાર સરકારના જુલમ ની સામે લડવા તૈયાર થવું. સરકારની સામે રોશ કરવાથી કશું વળવાનું નથી. આપણી પોતાનીજ ખામીઓ જોવા એસી એ તો તે એટલી બધી છે કે બીજા પ્રત્યે રોષ કરવાને અવકાશ જ નથી. આપણે પૈસા કઈ ચીજો ઉડી જવાનો છે ■ આ-પણે જાણતા નથી. આપણા માલ મીલ્કત સંપત્તિ સગાંવહાલાં કોઇ એ વખતે આપણી સાથે આવવાના નથી. ખાલી હાથે આવ્યા હતા અને ખાલી હાથે ચાલ્યા જવાનું છે. માત્ર આપણે કરેલા સુકૃત્યોજ આપણી સાથે રહેશે અને તે આ દુનીયામાં તેમજ પેલી દુનીયામાં બન્ને સ્થળે આપણું નામ રાખશે. તેમ છતાં પૈસાના મોહમાં આપણે એટલા પડેલા છીએ કે પૈસો માંગ્યું સુખ આપશે એમ માની બેઠેલા છીએ. એ મોહજાળમાં થી હવે છુટવાનો વખત આવેલો છે. નહિ છુટીએ તો તે આપણો નાશ કરશે. આપણામાં ચેતન આવવાની જરૂર છે. એ ચેતન ત્યારેજ આવશે જો આપણે ઇશ્વર ને ખરા અંતઃકરણથી યાદ કરીશું, તેને આપણું સર્વસ્વ ધરી દઇ શું અને દીન બની તેની મદદ માંગીશું. તેમ કરીશું તો જરૂર તે આપણને સદ્‌બુદ્ધિ આપશે અને ખરો માર્ગ સુઝાડશે. જુલમગારથી ડરી જઈ તેને નમીશું તો ઇશ્વર હરગીજ આ-પણી સામે જોશે નહિ તેનો ડર છોડી ઇશ્વરનું શરણ લેશું તોજ તે આપણી સામે જોશે. ઇશ્વર આપણને સૌને સન્મતિ આપો.

નોંધ અને સમાચાર

નોન-યુરોપીયનોની ધીરજની કસોટી

ફ્રેંચ એડવર્ડ ટેરપીટલની બાજુની બધુ એકર જમીન પર બે લાખ પાકિસ્તાને ખરચે નોન-યુરોપીયન મેડીકલ સ્કુલ બાંધવાનું સુચવવામાં આવ્યું હતું તેની નાટાલની યુનીવરસીટીના પ્રોન્સી પલ ડો. ઇ. છ. મેસ્ટર્સે 'નાટાલ ટેલી ન્યુઝ'ને કહેલી કથની આ અંક મા અન્ય સ્થળે પ્રસિદ્ધ કરવામાં આવી છે. જો આખી યોજના કરજન સીટી કાઉન્સીલની આડાકથી લીધે પડી ભાંગવાના જોખમમાં આવી પડી છે. નરમ વિચારોના નોન-યુરોપીયનો યુરોપીયનો અને નોન-યુરોપીયનો વચ્ચેનો સંબંધ બગડતો અટકાવવાને માગે તેટલા ખર્ચ કરે પરંતુ કરજન સીટી કાઉંસીલના જેવાં કૃત્યો નીરાશ કરનારાં છે એટલું જ નહિ પરંતુ અતિ નરમ વીચારના લોકોને પણ ગરમ કરી રેનારાં છે. નોન-યુરોપીયનોની ધીરજની અંતિમ હદ સુધી કસોટી થઈ રહી છે, જોયુંક યુરોપીયન પ્રજા જો નાખુશ થશે તો જોવા જ કુદરતી કોપ તો તે સીટી કાઉ-સીલ ને ઠેકાણે લાવી હશે છે. સારા નાગ રીકો તરીકે તેમ કરવાની તેની ફરજ છે.

ગોરા જ માલીક રહી શકશે–

શ્રી. જે. જી. સ્ટ્રાઇડમ

જમીન ખાતાના પ્રધાન શ્રી. જે. જી. સ્ટ્રાઇડમે ગયા ગુરૂવારે જોહેનીસ બર્ગ માં નેશનલીસ્ટ પાર્ટીની સભામાં ભાષણ કરતાં કહ્યું હતું કે સાઉથ આફ્રીકામાં બે પ્રશ્નો છે. ગોરી અને કાળી. બન્નેને પોતપોતાના હકો છે. પરંતુ ગોરા સાઉથ આફ્રીકામાં માલીક રહેશે અને બે સાઉથ આફ્રીકાને ગોરાનો મુલક રાખવો હોય તો મતાધીકાર તેને પોતાના હાથમાં રાખવો પડશે. યુનાઇટેડ પાર્ટીની નીતી સાઉથ આફ્રીકાની સઘળી બતીઓમાં મતાધિકાર ધીમે ધીમે વહેંચી દેવાની છે જ્યારે નેશનલીસ્ટ પાર્ટીની નીતી મતાધિકાર યુરોપી મનના હાથમાં રાખવાની છે કે જેથી યુરોપીયન દેશનો માલીક રહી શકે.

બીલ કલરોના રાજકીય હકો ઇચ્છે લેનારૂં નથી–હીલફોન

આફ્રો, કેલવણી, કલા અને વિજ્ઞાન ખાતાના પ્રધાન શ્રી. જે. એચ. હીલ જોને ગયા ગુરૂવારે જોહેનીસબર્ગમાં ભાષણ કરતાં જણાવ્યું હતું કે આફ્રીકાનર પાર્ટી હવે નેશનલીસ્ટ પાર્ટીની સાથે સંગઠીત થઈ ગઇ છે, બન્ને પાર્ટીઓના સહકારના પરિણામે સાઉથ-વેસ્ટ આફ્રીકા હવે સાઉથ આફ્રીકાનો એક ભાગ થઇ ગયું છે. રેપ્રસેન્ટેશન રેપ્રસેન્ટેટીવ એક્ટ પણ બન્ને પાર્ટીઓના સહકારનું પરિણામ છે. તેવા જ કાયદા ફ્રેંચ, હોલેન્ડ, બેલજીયમ અને જીર્મનમાં છે. તેનો હેતુ અનિષ્ટ તત્વોને સાઉથ આફ્રીકામાં દાખલ થતા અટકાવવાનો છે. તેમણે કહ્યું કે અખબારોએ સેપરેટ રેપ્રેસેન્ટેશન ઓફ વોટર્સ બીલને બહુ ગલતફેમી આપી છે. પરંતુ એ કાયદો કલર્ડ લોકોના અંશ માત્ર પણ રાજકીય હકો લઇ લેનારો નથી, તેનો હેતુ માત્ર કલર્ડોનું પ્રતિનિધિત્વ પાર્લામેન્ટમાં સેનેટમાં અને કેપ પ્રાંતિક કાઉન્સીલમાં તેઓના પોતાના જ લોકો મોકલે એટલું કરવાનો છે.

તો પછી તેટલાયનો અર્થ શું છે?

સેપરેશન ઓફ વોટર્સ રેપ્રેસેન્ટેશન બીલનો વીરોધ કરનારાઓની દલીલ એ છે કે બીલ કલર્ડ લોકોના મતાધિકારના હકો પર કાપ મુકનારૂં છે. શ્રી જે. એચ. હીલજોન કહે છે કે તે કલર્ડ લોકોના અંશ માત્ર પણ રાજકીય હકો લઇ લેનારૂં નથી; તો પછી એવો વાજબી પ્રશ્ન પુછી શકાય કે ત્યારે એનું બીલ લાવવાનો અર્થ શું છે? શ્રી. જે. જી. સ્ટ્રાઇડમ એ બાબતમાં તદ્દન નિખાલસ છે. તે કહે છે કે, "નેશનલીસ્ટ પાર્ટીની નીતી મતાધિકાર યુરોપીઅનોના હાથમાં રાખવાનો છે કે જેથી યુરોપીઅનો આ દેશમાં માલીક રહી શકે." તેનો અર્થ એ કલર્ડોના હકોપર કાપ મુકનારો ન થાય તો શું થાય!

નેશનલ-યુરોપીયનો મારે ઘરેણાં નથી ત્યારે બીચપર લાગોનો

ખર્ચ થઇ રહ્યો છે

'નાટાલ ડેલી ન્યુઝ'માં એક વધી પત્રી લખે છે: કરબનના મેયર બીસ લાખ પાઉન્ડનો ખર્ચ બીચપર સુધારો કરવામાં કરવા તઈયાર જણાય છે, યુરોપીયનો અને નેશનલ-યુરોપીયનોને ઘરેણાની જરૂર છે અને શહેરની બહારના સત્તાઓ જે શહેરને લજ્જાકારી સ્થિતિમાં પડેલા છે તેને સુધારવાની જરૂર છે. ત્યારે આપણા મુખ્ય શહેરી આવું નિંદ્ય કરે એવું ધાર્યું નહોતું. નાણા બરબાદ કરવાથી કુદરત કંઇ પોતાનું કામ કરતી અટકવાની નથી, અને સાગર તેમાં કંઇ અપવાદરૂપ નથી, તો પછી સાગર પાછળ હકસેસવામાં લાખોની બરબાદી કરવાનો શો અર્થ? ...એટલો પૈસો સમુદ્રમાં ફેંકી દેવાને કરતાં બહારના સત્તાઓ સાથે કરવામાં અને નેશનલ-યુરોપીયનો ઘરેણાની અને શહેરી સગવડોની ઘણીજ જરૂર છે તે પુરી પાડવામાં કાં ન વપરાય? આ પણી કરજ એ સઘળા સત્તાઓમાં પાણીની રસુરેજની સગવડ નાખી દેશે. બતા અટકાવવાની છે. જુના શહેરની બહાર રસુરેજની સગવડ શરમ ભરેલી સ્થિતિમાં છે. છેક ૧૯૩૭ માં જણાવવામાં આવ્યું હતું કે શહેરની સાથે જોડાયેલા સઘળા સત્તાઓમાં પાંચ વર્ષની અંદર પાણીની રસુરેજની સગવડ કરવામાં આવશે. હીજલે મારે યુદ્ધનું બહાનું આપવામાં આવે છે. પરંતુ યુદ્ધ પુરૂં થયાને છ વર્ષ વીતી ગયાં કાઉન્સીલે બીચપર ધ્યાન આપવાના કરતાં શહેર ના બંદોબસ્તને વિશેષ ધ્યાન આપવાની જરૂર છે

ગ્રુપ એરીયાઝ એકટ

ટ્રાંસ કાયથી શ્રી. આર. યુડ 'સન્ડે ટાઇમ્સ'માં લખે છે: નેશનલીસ્ટ એમ. પી. ડો. જે. એચ. લુકે જણાવ્યું કે ગ્રુપ એરીયાઝ એકટનો કડકાઈથી અમલ કરવામાં નહિ આવે, અત્યારે બતની વાત એક મજાક જ ગણાય. આખો કાયદો જ કડકાઇ ભરેલો છે. આજે જે સ્થિતિમાં તે છે અને ગમે તે રીતે તેનો અમલ કરવામાં આવે તેમ છતાં તેનું પરિણામ તો ગોરા જ આવશે કે જે નોન-યુરોપીયનોને "યુરો પીયન" સત્તાઓમાં ગ્રોપર્ટીઓ અને બેપાર છે તેઓને તે ગોરા ઇરીયાને પાણીને મુલે વેચી દેવાં પડશે અને એ રીતે તેઓને જબરી કરીને બાયધરાવ કરવામાં આવશે. ડો. લુક અથવા તો કોઇ પણ અન્ય નેશનલીસ્ટને પોતે વધીયા રહ્યાપેસો વેપાર ખાલી કરી જવાની જો એક માસની તો શું પરંતુ એક વર્ષની પણ નોટીસ આપવામાં આવે તો તેમને કેવું લાગશે!

એપાર્ટહેઇડનો ખરો અર્થ

જોહાનીસબર્ગના 'સ્ટાર'નો રાજકીય ખબરપત્રી લખે છે:

ચાલુ અઠવાડીયામાં પ્રધાનોના મુખ માંથી એપાર્ટહેઇડનો અર્થ શું થાય છે તે નીચે મુજબ નીકળ્યું હતું:

(૧) ગોરા અને બીન-ગોરા વચ્ચે મસલત હોઇ શકે નહિ;

(૨) નેટીવોને જુદી રાજસત્તા આપી શકાય નહિ;

(૩) નેટીવોથી પોતાના સત્તાઓની બહાર કેળવાયેલા ધંધાઓમાં પ્રગતી કરી શકાય નહિ.

ડો. મેલીન સ્ટાર્કને ધારાસભામાં કહ્યું હતું કે મતાધિકારના સંબંધમાં કલર્ડ લોકોની સાથે મસલત થવી જોઇએ. તેના જવાબમાં મુલ્કી પ્રધાન ડો. ડોંગીસે જણાવ્યું કે આંતરજાતીય મસલતોનું પરિણામ એજ આવે કે ફીંદીઓની જેમ કલર્ડો પણ ઉડાઉ માંગણીઓ કરતા થઇ જાય.

નેટીવ એફેર્સના પ્રધાન ડો. હરબુ ઓર્ડ સેનેટમાં કહ્યું કે સરકાર નેટીવોને તેઓના પોતાના સત્તામાં સ્વતંત્રતા આપવા માંગે છે પરંતુ તેનો અર્થ એવો નથી કે છેવટે નેટીવોનું જુદું રાજ્ય આપવા રાખ્યો રહ્યાશે. ધારા સભામાં કેપના નેટીવોનું પ્રતિનિધીત્વ નાબુદ કરવામાં આવશે અને પાર્લામેન્ટ માં નેટીવોનું પ્રતિનિધીત્વ દક્ષત સેનેટ પુરતુંજ મર્યાદિત કરવામાં આવશે. (કોંગ્રેસવસાત તેને કરોની બાબતમાં કશું બોલવાની સત્તા નહિ રહે.)

સેનેટમાં ડો. હરબુઓર્ડ અને ધારા સભામાં મજુર પ્રધાન શ્રી રસુમને એક વખતે જણાવ્યું હતું કે નેટીવોની મોટી સંખ્યા યુરોપીયનોના સત્તાઓમાં કામ કરવાનું ચાલુ રાખશે પરંતુ કેળ વાયેલાં કામો કરવાની તેઓને તાલીમ આપી નહિ શકાય અને તેઓના પોતા નાજ સત્તાઓની બહાર હલકી મજુરી સિવાયના બીજાં કેળવાયેલાં કામો તેઓને કરવા દેવામાં નહિ આવે, અને આ કુનીયમનમાં કેળવાયેલાં કામ કરનારાઓની ઘણીજ તંગી હોવા છતાં. એપાર્ટહેઇડની નીતી જુલમી છે એવી રાંકા ખરાબ રા૨ લોકોને પણ બા નીવેદનથી આઘાત થયો છે. કેમકે તેનો અર્થ એ થાય છે કે ગોરાના સત્તાઓમાં નેટીવોને રોજગારપૂરતાં કરે અવાજ બાકીને નહિ અને આર્થીક ક્ષેત્ર માં તેઓથી પ્રગતી કરી શકાશે નહિ. અને કાળાના સત્તાઓમાં રાજકારણપુરતાં તેઓને માત્ર રથાનિક અને મર્યાદિત અવાજ રહેશે અને આર્થીક ક્ષેત્રમાં પ્રગતી કરવાની રાંકા ભરેલીજ ના બાબતો. તેનો અર્થ એ પણ થાય છે કે નેટીવોને માટે જે અર્થશાસ્ત્રે પચાસ યા સો વર્ષમાં થવાની સરકાર આશા સેવે છે તે આજેજ હોય એ રીતે નેટીવો સાથે વર્તવામાં આવશે. રહ્યા વાસીને ઉપર લાવ્યા વગા નહિ કે પરંતુ આજથી જ રવાવલંબી થઇ જશે. કોય તેમ તેની સાથે વર્તવામાં આવશે

ગોરા કોરસને સ્વરાજ્ય

સંસ્થાન પ્રધાન શ્રી. જોએસ ગ્રીમ્સે રોયલ એમ્પાયર સોસાયટી સમક્ષ ભાષણ કરતાં ગોલ્ડ કોસ્ટે સ્વરાજ્યની પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખવી અને છેવટે કોમનવેલ્થના એક બાંધીયા તરીકે જોડાવું એવી બ્રીટીશ સરકારની ઇચ્છા પુનઃવ્યકત કરી હતી.

નાયજીરીયામાં વધતો જતો રાષ્ટ્રવાદ

નાયજીરીયાના ઉત્તર રાષ્ટ્રવાદી પંજાના નેતા ડો. એન. આઝીકીવેએ "નાયજીરીયાનું સમાજવાદી કોમનવેલ્થ" સ્થાપવા ની હાકલ કરી છે. નાયજીરીયા અને કોલોની નેશનલ કાઉન્સીલની બીજી ટર્મ જે નવાં બંધારણ માટે ચુંટણીનો પ્રચાર કરવા ભરવામાં આવી હતી, તેમાં ભાષણ કરતાં તેમણે કહ્યું કે કાઉન્સીલ હવે બ્રીટીશ સરકારના બચ નો પર આધાર રાખી બેસી રહેવાની નથી. ગાંધીવાદી અને પ્રત્યાયતી બધીથી સત્તાને મારે છુટા થવાનો હવે વખત આવી લાગેલો છે.

ઇશ્વરના દર્શન કેવી રીતે થાય?

એક વખત ધણુ ભગવાન દરિયા કિનારે ફરતા હતા. તે વખતે એક ભક્તે તેમની પાસે આવીને પ્રશ્ન પુછ્યો, "ભગવાન, ઇશ્વરનાં દર્શન કેવી રીતે થાય? ધણુ એકદમ તે માણસને લઇને સમુદ્રમાં પડયા અને તેને પાણી માં ડુબાડી રાખ્યો. બીજા વખત પછી તેનું માથું બોલાવી હાથ વડે ઉપર ખેંચી પુછ્યું, "કેમ, તેનું લાગતું હતું?" ભક્તે જવાબ આપ્યો, "મને તો એમ થતું હતું કે જાણે હમણાં પ્રાણ નીકળી જશે, મારી હાલત ભયંકર મુંઝવણ ભરી હતી." આ સાંભળી ધણુએ કહ્યું, "હમણાં હતા માટે તું જેવો તરફડાટ કરતો હતો, તેવી રીતે જ્યારે તારૂં હૃદય પ્રભુને માટે તરફડાટ કરશે ત્યારે તને ચોકકસ પ્રભુનાં દર્શન થશે."..

ખાણ જેમ આ પાસે રખડાં, પૈસા અને ખાવાનું આપ્યા. માણસે કરે છે, તેમજ રહી રહી અને પત્ની ને તેને કામ કરી મુકે છે, તેજ રીતે નિર્દોષ ભાળા ભોકે પ્રભુનો પોતાને એ આકાર ગણી તેને ભેળવવા અંતઃકરણ થી આતુર છે, અને તેના દર્શન માટે જેનું હૃદય વલોવાઇ જાય છે તેને અવશ્ય તેનાં દર્શન થાય છે. નમ્ર માગણી કરનાર ભકતથી પ્રભુ લાંબો વખત અદશ્ય રહી શકતા નથી.

–ઉપાસના આશ્રમ

—૧૯૪૯–૫૦ માં યુરોપમાં કોલસાની અછત છતાં ૬૨ હજાર માણસે બીજા માં કેનીક ક્રાપા ૬૦૦, બેલ્જીમાં ૪૨૭, યુનાઇટેડ સ્ટેટસમાં ૪૧૪, ભારતમાં ૬ અને આપાનીસ્તાનમાં ૧ નાંધ થયેલ

એપાર્ટહેઇડના કાયદા સામે વિરોધ

ડરબનમાં મળેલી માસ મીટીંગ

કલર્ડ પીપલ્સ નેશનલ યુનીયન (નાટાલ), એફ્રીકન પીપલ્સ ઓરગનાઇઝેશન (નાટાલ), એફ્રીકન નેશનલ કોંગ્રેસ (નાટાલ) અને નાટાલ ઇન્ડિઅન કોંગ્રેસના સંયુક્ત આશરા હેઠળ ગયા રવીવારે બપોરે ડરબનના નીકસ રંગભવન માં એક માસ મીટીંગ મળી હતી. જે થી જગ્યા હજાર જેટલા લોકો હાજર હતા અને સેંકડો આજુબાજુના મકાનોમાંથી સાંભળી રહ્યા હતા. મીટીંગ કલર્ડ વોટર્સ બીલ અને ગ્રુપ એરીયાઝ એક્ટનો વિરોધ કરવા બોલાવાઇ હતી.

એફ્રીકન પીપલ્સ ઓરગનાઇઝેશન ના પ્રમુખ શ્રી. ૮. સી. રવેલ્સે પ્રમુખ સ્થાન લીધું હતું.

કલર્ડ પીપલ્સ નેશનલ યુનીયનની નાટાલની શાખાના પ્રમુખ શ્રી. એસ. ટી. ફ્રીન્ચેલે જણાવ્યું કે, નેશનલ-યુરોપીયનોનો ગોરાપરથી વિશ્વાસ હવે બીલકુલ ઉઠી ગયો છે.

સદભાગ્યે આ પ્રાંતમાં ૬૦ ટકા યુરોપીયનોનો ટેકો આપણી પાછળ છે. તેઓને આપણે વાહાલારીથી અનુસરવું. મે બે વિશ્વવિગ્રહોમાં ભાગ લીધેલો છે અને મારી પાસે તેના પારિતોષકો છે પણ મારી સૌથી કીમતી વસ્તુ– મારો મતાધિકાર મારી પાસેથી છીનવી લેવામાં આવે પછી એ પારિતોષકો શા કામના છે?

સીરીલ રાઇટસ લીગના શ્રી હીલ્સે આપણે કરતાં પોતાની સંસ્થાના હેતુ ઓ સમજાવ્યા અને કહ્યું કે તેનો હેતુ બંતી જાતી કે વર્ણનો ભેદ પાડયા વિના સઘળા લોકોના નાગરીકત્વના હકોનું રક્ષણ કરવાનો છે.

એફ્રીકન નેશનલ કોંગ્રેસ યુથ લીગની નાટાલની શાખાના સેક્રેટરી શ્રી. એમ. વી. પેંડવાએ કહ્યું કે, નેશનલ યુરોપીયનોએ સંગઠીત થઇ ખરા લોકશાસનવાદને માટે લડવું જોઇએ.

નાટાલ ઇન્ડિઅન કોંગ્રેસના પ્રમુખ ડો. જી. એમ. નાયકરે કહ્યું કે ગોરા ની સર્વોપરિતાનો સિદ્ધાંત માણસે માણસને ચુસવાની શરમજરેહી નીતી માં સમાયેલો જણાય છે. સઘળા નેશનલ-યુરોપીયનોને તે ગુલામીમાં રાખવા માંગે છે. એપાર્ટહેઇડની નીતીને તોડી પાડવા સઘળા નેશનલ-યુરોપીયનોને સંગઠીત થવાની તેમણે હાકલ કરી. એ સંગઠન, તેમણે કહ્યું કે, તેઓના પોતાનામાં તેમજ જુદા જુદા વર્ગોમાં થવું જોઇએ.

એફ્રીકન પીપલ્સ ઓરગનાઇઝેશન ના પ્રમુખ શ્રી. ૮. સી. સ્વેલ્સે આશાકી કરી કે એક વખત એવો આવી રહેશે જ્યારે પાર્લામેન્ટમાં સઘળા કાળા લોકોજ હશે અને પોતાને મારે પોતેજ કાયદા ઘડતા હશે અને ગોરા જે સમાનતા એ રહેવાની ઇચ્છા કરશે તો જરૂર તેને આવકારવામાં આવશે.

શ્રી. મણીલાલ ગાંધીનું ભાષણ

શ્રી. મણીલાલ ગાંધીએ મીટીંગ બોલાવનારી સંસ્થાઓનો તેમને બોલવા દેવા માટે આભાર માન્યો. તેમણે કહ્યું કે "જો કે હું કોઇ પણ રાજકીય સંસ્થાનો સભ્ય નથી છતાં જે હેતુસર આ મીટીંગ બોલાવવામાં આવી છે તેના પ્રત્યે હું સંપુર્ણ સહાનુભુતી ધરાવું છું."

શ્રી. મણીલાલ ગાંધીએ કહ્યું કે, "મારા ઉપવાસ દરમીયાન જે અનેક ભાઇઓએ મારા પ્રત્યે સદભાવના ધરાવી હતી, શુભેચ્છાના સંદેશાઓ મોકલ્યા હતા, ખાતે મારી કાળજી કરવા દુરદુરથી ફ્રીનીક્સ આવ્યા હતા અને રોજની સાંજકાળની પ્રાર્થનામાં સામેલ થયા હતા, તે સઘળાનો ખાસકેર રીતે આભાર માનવાની હું આ તક લઉં છું."

તેમણે કહ્યું: "મારો ઉપવાસ આત્મશુદ્ધિ માટે હતો કે જેથી પીડીત લોકોની સેવા કરવાને હું લાયક બની શકું. મેં એમ તો નથી માન્યું કે મારા ઉપવાસ માત્રથી ગ્રુપ એરીયાઝ એક્ટ નાબુદ થઇ જશે. કોઇ પણ ઇષ્ટ હેતુ માત્ર ઉપવાસ કરવાથી જ સિદ્ધ થાય એ માન્યતા ભુલભરેલી છે. ઉપવાસ તો માણસની શુદ્ધિને માટે છે કે જેથી સિદ્ધ કરવા ધારેલા હેતુને માટે કામ કરવાની શક્તિ મળે. "હીંમતે મરદાં તો મદદે ખુદા" આપણા પોતાનામાં કંઇ કરવાની હીંમત ન હોય તો ઇશ્વર આપણને મદદ નથી કરવાનો, પરંતુ આપણે ખરે ખરી મહેનત કરવા કમર કસીશું તો તે આપણી મદદે આવશે."

કલર્ડ વોટર્સ બીલ પર બોલતાં તેમણે કહ્યું કે, "એ બીલ કલર્ડ લોકો ના મતાધિકારના હયાત હકો છીનવી લેનારું છે. આખા દેશે તેને વખોડી કાઢેલું છે. માત્ર ઉશ્કેરાટી નેશનલીસ્ટો જ તેની તરફેણ કરી રહ્યા છે. તેમ છતાં સરકારે એ બીલ જેઓને સીધી રીતે લાગુ પડે છે તેઓની લાગણીઓ ની અવગણના કરી છે તેટલું જ નહિ પરંતુ આખા દેશના અવાજની પણ અવગણના કરી છે."

ગ્રુપ એરીયાઝ એક્ટને લિધે તેમણે કહ્યું કે, એ કાયદો યુનીયનની કાયદા પોથીને કલંકિત કરી રહ્યો છે. "તેમણે કહ્યું: "સરકારનામાં સત્તાનો મદ આવી ગયેલો જણાય છે અને આખા દેશને વિનાશના પંથે ધસડી જઇ રહી છે." તેમણે કહ્યું: "આ કઇ જાતનું લોકશાસન કહેવાય, કે જેમાં બીસ લાખ ગોરા એક કરોડ કાળા લોકો, જેઓને સરકારમાં કોઇ પણ જાતનો અવાજ નથી તેઓને પ્રાથમીક માનવહકોથી વર્જીત રાખવા માગે છે અને તેઓના હયાત હકોને કચડી નાખવા માગે છે? સઘળા રવમાન પ્રિય લોકોથી આ શી રીતે ખમી શકાય!"

તેમણે આગળ ચાલતાં જણાવ્યું: "આઝાદીની લડત લડવી સહેલી નથી. ઇતિહાસ આપણને શીખવે છે કે કેવા મહાન ભોગે તે ઉભી કરાઇ છે. દુઃખ એ છે કે જેઓએ તે પ્રાપ્ત કરી છે તેઓ આજે લોભી બની ગયા છે અને તેને ઘડનારા ધરાવવાને વિશાળ જનતાને કચડી રાખવા માગે છે. આ વસ્તુ સદા ચાલી નહિ શકે."

તેમણે કહ્યું, "સઘળા અનુબ્યકૃત કાયદા પ્રત્યે જો માન ધરાવવાનું હોય તો એ કાયદા ઇશ્વર, કે જે નૃપતિઓના નૃપતિ છે, અને સકળ સૃષ્ટિપર રાજ્ય ચલાવી રહ્યા છે તેના કાયદાને અનુસરતા હોવા જોઇએ.

"કાર્ય પણ અનુબ્યકૃત કાયદો એ ઇશ્વરના મહાન કાયદાને અનુસરતો ન હોય તો ઇશ્વરના કાયદા પ્રત્યેની વફાદારીને ખાતર કાયદાનો ભંગ કરવાની ઇશ્વરની પવિત્ર ફરજ થઇ પડે છે."

શ્રી. મણીલાલ ગાંધીએ સત્યાગ્રહના સિદ્ધાંતો પર અને સત્ય, પ્રેમ અને અહીંસાપર રચાયેલી સત્યાગ્રહની લડતના નેતાઓની ફરજો પર વિવેચન કર્યા બાદ જણાવ્યું કે, "આપણે જો આ દેશમાં આપણા ન્યાયા હકોને માટે લડવા ચાહતા હોઇએ તો આપણી ઓરગેનાઇઝેશનો, પ્રોપર્ટીઓ, ધનદોલત, સગાંવહાલાં અને ખુદ આપણા જીવનનો પણ ભોગ આપવા તૈયાર થવું પડશે. આપણા રાષ્ટ્રિય રવમાન, કે જે સર્વથી શ્રેષ્ટ હોવાનો આપણે દાવો કરીએ છીએ, તેની સરખામણીમાં એ સઘળી વસ્તુઓ કશી વિસાતની નહિ ગણાવી જોઇએ. નહિ તો આપણા બાળકો અને ફરાવેનો કશો અર્થ નથી."

તેમણે વધુમાં કહ્યું: "આપણામાં આપણા કટ્ટરમાં કટ્ટર શત્રુ પ્રત્યે પણ દ્વેષ કે તિરસ્કાર નહિ હોવો જોઇએ. ઇશ્વરના નામનું સ્મરણ કરતાં મરવાની આપણામાં હિમત હોવી જોઇએ. એવી અડગ શ્રદ્ધા જો ઇશ્વરમાં ન હોય અને તેને સર્વસ્વ અર્પણ કરવા ની તયારી ન હોય તો આપણી સઘળી વાતો, સઘળા દેખાવો, અને સઘળા સુત્રોના પોકારોનો કશોજ અર્થ નથી. આપણો એકમાત્ર મુદ્રા મંત્ર "ઇશ્વરની સેવા કરતાં મરીશું" એજ હોવો જોઇએ અને મન, વચન અને કર્મથી તેને વળગી રહેવું જોઇએ."

ઠરાવ

નીચે પ્રમાણેનો ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો:

"કલર્ડ પીપલ્સ નેશનલ યુનીયન (નાટાલ), એફ્રીકન પીપલ્સ ઓરગનાઇઝેશન (નાટાલ), એફ્રીકન નેશનલ કોંગ્રેસ (નાટાલ) અને નાટાલ ઇન્ડિઅન કોંગ્રેસના આશ્રય હેઠળ મળેલી ડરબનના નાગરીકોની આ માસ મીટીંગ નેશનલીસ્ટ સરકાર તરફથી સઘળા સાઉથ આફ્રીકનોના હકો અને છુટોપર સતત થઇ રહેલા વ્યવસ્થિત પ્રહાર પ્રત્યે પોતાની ગંભીર ચીંતાની લાગણી વ્યકત કરે છે.

"પાર્લામેન્ટ તરફથી પસાર થતા કાયદા અને અમલી પગલાં જેમ જેમ નજરે પડતાં જાય છે તેમ તેમ લોકશાસનના આદર્શોમાં માનનારા સઘળા વિચારશીલ સાઉથ આફ્રીકન વસ્તીઓને સ્પષ્ટ જણાવા લાગ્યું છે કે હાલની સરકાર નાગરીકો તરીકેની સઘળી છુટોનો આ દેશમાં સદંતર નાશ કરવા માંગે છે. અમારો એવો દૃઢ મત છે કે સાઉથ આફ્રીકાના લોકોની વિશાળ બહુમતીને ક્યાં સુધી મુળભૂત માનવહકોથી વર્જીત રાખવા ગોં આવશે ત્યાં સુધી આ દેશ ફેશીસ્ટવાદનો અને તેથી પરિણમતા સઘળાં અનિષ્ટોનો ભોગ થઇ પડશે. આથી અમે અમારી એવી દૃઢ માન્યતા દર્શાવીએ છીએ કે, સાઉથ આફ્રીકામાં આપખુદ સત્તા સામે બાત્રીબરી ખાંટેખરી એજ છે કે તેના સઘળા વર્ણોના સઘળા લોકોને, લોકશાસનના સંપુર્ણ હકો આપવા.

"અમે માનીએ છીએ કે કોઇ પણ લોકશાસનવાદી દેશમાં, પ્રજામત એજ સરકારની સત્તા છે અને એ મત વખતોવખત સાર્વજનિક સમાન મતાધિકાર દ્વારા વ્યકત થવો જોઇએ. હાલની સરકાર કે, દેશના કેવળ ગોરા મતધિકારીઓની પણ લઘુમતીથી ચુંટાએલી છે, તે આ દેશનું હિત સંભાળવાને લાયક નથી. તેની નીતી અને કાર્યક્રમપરથી અમને ખાત્રી થઇ છે કે તેણે લીધેલા માર્ગથી સાઉથ આફ્રીકામાં જતીય અથડા અને અંધાધુંધી વધતાં જશે.

"આજના કટોકટીના સમયે જ્યારે પાર્લામેન્ટ સમક્ષ એક લઘુમતી વર્ગને કાયમની સત્તામાં સુદૃઢ કરનારા કાયદા આવી રહ્યા છે અને જ્યારે ખાસ કરી નેશનલ-યુરોપીયનોના રહ્યા સહ્યા હયાત હકો પણ છીનવી લેનારા કાયદા પાર્લામેન્ટ પસાર પણ કરી ચુકયા છે, ત્યારે સઘળા સાઉથ આફ્રીકન રાષ્ટ્રીઓની ફરજ છે કે તેઓએ દેશની સમક્ષ આવી પડેલી ગંભીર

પરિસ્થિતિ સમજવી જોઇએ અને લોકશાસનના રક્ષણાર્થે નિઃપક્ષપાત પગલાં લેવા જોઇએ. આ કારણથી એપાર્ટહેડ (પ્રકાશવાળું)ની નીતીથી નીપજતાં દરેક દરેક પગલાંને ઉગામવા દેવા પોતાના સંગીત બળથી કટીબદ્ધ થવા નાટ્યગૃહના લોકોને અમે હાકલ કરી છે છીએ.

"બતાધિકારીઓને પ્રમાણસર પ્રતિનિધિત્વ આપનારું "સેપરેટ રેપ્રેસેન્ટેશન ઓફ વોટર્સ" બીલ, જે હાલ પાર્લામેન્ટ સમક્ષ છે, તે કલર લોકોના રાજકીય હકો પર સીધો પ્રહાર કરનારું છે, અને રાજકીય ક્ષેત્રમાં નોન-યુરોપીયનોને સંપૂર્ણતઃ નપુંસક કરી દેવાની નેશનલીસ્ટોની ઝીણવટથી વિચારાયેલી યોજનાનો એ એક ભાગ છે. આ બીલને એક ફેસીસ્ટવાદી પગલાં તરીકે અમે વખોડી કાઢીએ છીએ અને તેનો વિરોધ કરવાનો અને આવતી, ગાતી કે વર્ણનો ભેદ રાખ્યા વિના સઘળા સાઉથ આફ્રીકાવાસીઓ ને સમાન મતાધિકાર આપવાની લડત ઉઠાવવાનો અમારો દૃઢ નિશ્ચય જાહેર કરીએ છીએ.

"ગ્રુપ એરીયાઝ એક્ટની સામે અમારો સખ્ત વિરોધ દર્શાવીએ છીએ. એ કાયદો અમારા ઘરોની પવિત્રતાનો ભંગ કરનારો છે અને જો તે અમલ માં મુકાશે તો અમારા હજારો લોકો ની આર્થીક પાયમાલી કરનારો બની પડશે. આ કાયદો અમે કદી પણ સ્વિકારીશું નહિ અને તે રદ ન થાય ત્યાં સુધી તેનો સામુ વિરોધ કરીશું.

"આ મીટીંગ માને છે કે સઘળા સાઉથ આફ્રીકાવાસીઓને છુટથી ફરવા ફરવાનો હક હોવો જોઇએ અને તેથી આ સ્વતંત્રતા છીનવી લેનારા કાયદાનો તે વિરોધ કરે છે. ખાસ કરી આફ્રીકનોને ડરબનમાં દાખલ થવાપર મુકાયેલા પ્રતિબંધને તે વખોડી કાઢે છે અને સત્તાધીશોને તે તુરતજ દુર કરવા સુચવે છે.

"એપાર્ટહેડની નીતીનો વિરોધ કરવા ના આ મીટીંગ બોલાવનારી સંસ્થાઓ ના નિર્ણયને અમલમાં મુકવા આ મીટીંગ, એફ્રીકન નેશનસ કોંગ્રેસ (નાટાલ), એફ્રીકન પીપલ્સ ઓરગેનાઇઝેશન (નાટાલ), કલર્ડ પીપલ્સ નેશનલ યુનીયન (નાટાલ) અને નાટાલ ઇન્ડિઅન કોંગ્રેસની એકઝેકયુટીવ કમીટીઓને એક કોઓર્ડીનેટીંગ કાઉન્સીલ ઉભી કરવાની. દિશાએ તાકીદનાં પગલાં લેવા સુચના કરે છે, કે જે કાઉન્સીલનું કામ એપાર્ટહેડનો વીરોધ કરવા અને લોકશાસન સ્થાપવા નાટાલમાં સઘળા લોકશાસનવાદી લોકોને એકત્રીત કરવાનું રહેશે."

ડરબનની મ્યુનીસીપાલીટીની આડાઈને લીધે

પડી ભાંગવાના બોબ્બમાં આવી પડેલી નોન-યુરોપીયન એડીકલની સ્કુલની યોજના

નાટાલ યુનીવર્સીટીના પ્રીન્સીપલ ડો. ઇ. ઇ. મેસહર્બર્ગે ગયે અઠવાડીયે 'નાટાલ ટેલી ન્યુઝ'ને જણાવ્યું હતું કે ડરબનમાં બે લાખ પાઉન્ડને ખરચે નોન યુરોપીયન એડીકલ સ્કુલ બાંધવાની શરૂઆત જો તુરતજ કરવામાં નહિ આવે તો વિદ્યાર્થીઓની જે પહેલી ટુકડીએ ચાલુ વર્ષથી પ્રાથમીક અભ્યાસ શરૂ કર્યો છે તેને સમયસર આપવાને તે પ્રબંધસર તૈયાર નહિ થઇ શકે.

તેમણે કહ્યું કે ડરબન સીટી કાઉન્સીલ જે ગ્રે સ્કુલ ઇન એડવર્ડ હોસ્પીટલ ની પાસેની જમીન ઉપર બાંધવાનો વિરોધ કરી રહી છે, તેની અને પ્રાંતિક એડમીનીસ્ટ્રેશન વચ્ચે ચાલી રહેલી લાંબી મસલતોના કારણે દીલ થઇ રહી છે.

ડરબન સીટી કાઉન્સીલે તેને બદલે ઓફર કરી છે કે ક્લેરમોન્ટ પરની પ્લેસ, કોંગેલા રોડ અને કાંસ્ટન્સ રોડ એ બધુ રસ્તાથી ઘેરાએલી જમીન પર સ્કુલ બંધાવી લેવાય.

કાઉન્સીલે મુળ જમાનો વિરોધ એ કારણે કર્યો હતો કે સ્કુલ બંધાઇ રહેશે ત્યારે અગ્નીબો રોડપર પુરોપીયન માલીકીના અને પુરોપીયનોથી વસાયેલા મકાનોની સામેજ આવી રહેશે.

ડો. મેસહર્બર્ગે જણાવ્યું કે કાઉન્સીલ જો અગ્નીબો રોડ વાળી જગ્યા આપવા કબુલ નહિ થાય તો યુનીવર્સીટી ને આ મેડીકલ સ્કુલની યોજના ના છુટકે પડતી મુકવી પડશે.

જમીન રેળવવાને પાંચ વર્ષથી મસલતો ચાલી રહી છે અને હવે જ્યારે એ કામ લગભગ સિદ્ધ થયું છે ત્યારે કાઉન્સીલે એક અડચણ ઉભી કરી છે.

એ ઉપરાંત કાઉન્સીલ બીજી એક એટલીજ અડચણ ઘરત નાખવાનો પ્રયત્ન કરી રહી છે કે, જો સ્કુલ બંધાય તો પચીસ વર્ષ બાદ તેને બીજી કોઇ નવીજ જગ્યાએ ખસેડી લઇ જવી પડશે.

સ્કુલ કેટલી અને કેટલી હોસ્પીટલ ની પાસેજ હોવી આવશ્યક છે, તેના બલામાં જે બીજી જગ્યા સુચવવામાં આવી છે તે અમારા ઉપયોગને માટે બીલકુલ નકામી છે.

તેની સામે વધુ શું કહેવું તો એજ કે કંઇ કહેતો નથી, સિવાય કે, કીંગ એડવર્ડ હોસ્પીટલમાં આજે જે બે હજાર ઉપર નોન-યુરોપીયન દરદીઓ અને નર્સો છે તેમાં મુકિકર મુકિસ્થિત. નેટીવોનો ઉભરો થશે તેનો વાંધો હોય.

દરમીયાનમાં ચાળીસ યુંટાએલા વિદ્યાર્થીઓએ ફેબ્રુઆરી તા. ૧૬ મીથી યુનીવર્સીટીના બે-ટવર્ષમાં આવેલા ગ્રામ્ય મકાનોમાં પ્રાથમીક અભ્યાસ શરૂ કરી દીધો છે. આ વિદ્યાર્થીઓ દરપક માં મેડીકલ સ્કુલમાં આવા મેડીકલ કોર્સનો અભ્યાસ શરૂ કરી દેવા વધુ રાખવામાં આવી હતી. કેમકે એટલી મુદતમાં મકાન પુરું થઇ રહેવા ની આશા સેવાઇ હતી.

ડો. મેસહર્બર્ગે કહ્યું કે યુનીવર્સીટીને મોકલી જમીન જો નહિ મળે તો સ્કુલ બાંધી નહિ શકાય એટલુંજ નહિ પરંતુ મેડીકલ સ્કુલ માટે બે લાખ પાઉન્ડની સરકારી ગ્રાન્ટ, તેના નિભાવ માટે વાર્ષીક પા. ૫૦,૦૦૦ ની ગ્રાન્ટ અને બરસરી માટે વાર્ષીક પા. ૨૦,૦૦૦ ની રકમ ગુમાવવી પડશે.

યુનીવર્સીટીને જો આ ત્રીજી મેડીકલ સ્કુલની ખોટ પડશે તો આંતને જબરો ફટકો પડશે.

શિક્ષક જોઇએ છે

શ્રી. ટ્રાંસ્વાલ યુનાઇટેડ પા સોસાયટી સંચાલીત શ્રી. આસ્ત સ મંદિર માટે ખાસ યુજરાતી (આપી શકે એવા શિક્ષકની જરૂર

પમાર અનુભવ અને સ પ્રમાણે. દક્ષત યુનીયનમાં વસતા ઓએ જ અરજી કરવી.

લખો યા મળો.

ટ્રા. યુ. પા. સો. એજ્યુકેશન કાઉન્સીલ
કચ્છાભાઇ ભ. પટેલ
માનદ મંત્રી.
૧૮ ગ્રી સ્ટ્રીટ, ન્યુ ક્લા
જોહાનીસબર્ગ.

વર્ધા શીક્ષણ યોજના

શિક્ષણ જેવી રીતે આપવું તેની સમજ આપીશકના બેગીક એજ્યુકેશન યુજના ૨

બળાવનું ટેકાણું આ ઓફી

આફ્રિકન પાદરીઓએ વખોડી કાઢેલી એપાર્ટહેડની નીતી

જોહાનીસબર્ગના 'રેરમ' પત્રનો બ્લોમફાન્ટીનનો ખબરપત્રી જણાવે છે; કે રીફોર્મ્ડ ચર્ચની ટ્રાંસ્વાલની પરિષદે એપાર્ટહેડની નીતીને માટે લાગની સંમતિ દોધ કાઢી હતી પરંતુ આફ્રિકન પાદરીઓ તેના મતને, બલાતા બતા નથી. આંતરરાષ્ટ્રીય આફ્રીકન પાદરીઓની ફેડરેશનની બ્લોમ ફાન્ટીનમાં મળેલી છઠ્ઠી બેઠકે જાહરપુર્વક જણાવ્યું છે કે એપાર્ટહેડની નીતી કે જે દેશના વતનીઓને જાતી, રંગ કે વર્ણના આધારે ભેદભાવ પર નારી વર્તણુક બતાવવાને લાગે સત્તા આપેલી હોય કે તે સંમત થવું હોય કે પુરે ઝેરો દાખલો બનેલો. હોવું કહ્યું પણ લાગેલાંથી તેને મળી શકયું નથી. તેથી સાઉથ આફ્રીકાની હાલની નીતીને તેણે, નવા કરારમાં આપવામ. આવેલાં ખ્રીસ્તી ધર્મના શિક્ષણની તદન વીરોધી હોવાનું જણાવ્યું છે. સેપરેટ રેપ્રેસેન્ટેશન ઓફ વોટર્સ" બીલને પરિષદે વખોડી કાઢતાં જણાવ્યું છે તે માત્ર કલોની લાગણીઓ પ્રત્યે અપરવાહ બતાવનારું છે એટલું જ નહિ પરંતુ યુનીયનના સમસ્ત નોન-યુરોપીયનોની લાગણીઓ પ્રત્યે બેદરકાર બતાવનારું છે. પરિષદમાં બોલવા દરનારા છુટથી બોલ્યા હતા. કુનરડાના રેવરન્ડ ડો. એ. ગાર્ડાબાનેએ કહ્યું કે એપાર્ટહેડની અંતર્ગત રહેલો મુળ સિદ્ધાંત એ છે કે સાઉથ આફ્રીકામાં ધર્મસ્થાનમાં કે રાજ્યમાં ગોરા કાળા વચ્ચે કાયમ અસમાનતા રહેશે; રાજકર્તા ગોરાજ રહેશે; અને કાળા માણસને કાયમને માટે ગુલામીમાં રાખવાનો પ્રયત્ન કરવામાં આવશે. તેમણે કહ્યું કે આ નીતી સત્તાનો મદ, બળ અને સર્વોપરિતાની ખુમારી ધરાવનારાઇ રોમી માનસ સુચવે છે. તેનો હેતુજ્યું દ્વેષ અને જંતીમ તિરસ્કાર ઉશ્કેરનારો છે અને કાલ્પનિક જડાઓનો ચેતા કરનારો છે. તેની નોન-યુરોપીયનો પર કેવી અસર થશે ? કોઇ પણ પ્રજાને તમે કાયમની ગુલામી માં રાખી નહિ શકો. શરૂઆતમાં નોન-યુરોપીયનોમાં તે નિરાશાની લાગણી ઉત્પન્ન કરશે અને પછી તેનો પ્રત્યાઘાત થશે. એપાર્ટહેડ મુળે ખ્રીસ્તી ધર્મથી વીરૂદ્ધ છે અને તેથી જેઓ પોતાને ખ્રીસ્તીઓ કહેવડાવે છે તેઓએ તેને વખોડી કાઢી રદ બાતલ કરવો જોઇએ. યુરોપીયનોથી નોન-યુરોપીયનો ને જોરાથી કાળાને, પુર્વથી પશ્ચિમને જુદા પાડનારો સોબંદી પડદો દુર કરવો જ પડશે."

એક ભાઈ પુછે છે:

"દારૂબંધી કરવા માટે ફ્રાંસમાં કાયદો થયો, પણ ગોવધ બંધ કરવા માટે તમે કાયદાનો આશ્રય લેવાની વીરુદ્ધ છો. આમાં વીરોધાભાસ નથી? કાયદાના આશ્રયથી દારૂબંધી કરવામાં ફ્રાંસને સુખ કરી નથી?"

આ પ્રશ્ન ઉઠાવવામાં આવશે એ મારી કલ્પનામાં હતું. અને લાગવામાં આવે તો મારા વીચાર વધારે સ્પષ્ટ કરવાની તક મળશે એમ મેં વીચારી લીધું હતું. તેથી આ સ્થાનને આવકાર આપું છું.

કાયદાથી દારૂબંધી અને ગોવધબંધી કરવામાં ફરક છે. દારૂ એ મનુષ્યને ખોરાક નથી, થઈ શકતો પણ નથી. એ ઝેરીલો ખેરી પદાર્થ છે કે જંતુ ન પડે તેટલા માટે જ તેનો વસાણાં સાચવવા માટે ઉપયોગ થાય છે. તે એક વ્યસન છે. એ વિષે દારૂ પીનારને પણ શંકા નથી. જે એ વ્યસનમાં સપડાયેલા છે તેમનો ઘણો મોટો ભાગ જો એ ચીજ એમની આગળ આવીને ઉભી ન રહે તો એમાંથી છુટી જાય છે. તેથી બે-ચાર દિવસ એમને બેચેની લાગતી હશે, પછી ધીમે ધીમે તેમાં સારું પરિણામ તેઓ જુએ છે. એ વાતનો આમ એવો દોષ છે કે જે એમાં ઝેરીલો અંધાયો છે કે છુટવાની ઇચ્છા નથી કરતો; ઉલટો ઊંડાણના આકર્ષણને શાપ દે છે. એની બુદ્ધિ વિકૃત થયેલી છે—જાણે એ દારૂ કેફ' નો જન્મ દોષ કે જંગલનો આદિવાસી દોષ. એ દારૂ એને મળતો બંધ થયા થી એને આર્થીક નુકસાન નહીં પણ લાભ થાય છે; એનાં બૈરી-છોકરાંને સુખ થાય છે. પ્રજા પર રાજ્ય ચલાવનારનું કર્તવ્ય છે કે આવા વિષાતક આકર્ષણમાંથી પ્રજાને છોડાવવી અને એની નજર સામે એની લાલચ ઉભી ન જ કરવી.

બ્રીટીશ રાજ્ય પહેલાંનાં હીંદુ મુસલ માન બધાંજ રાજ્યો આવી લાલચ ઉભી ન કરવાનો ધર્મ બજાવતાં હતાં. કે રાજ્યોમાં દારૂનાં પીઠાં તો હતાં, પણ તેને આવકનું સાધન બનાવવાની દુર્બુદ્ધિ અથવા લોભવૃત્તિ તેમનામાં ઉત્પન્ન થઇ નહોતી. એટલે દારૂનું બજાર રાજદરબારોઓમાં જાયવા પુરી મર્યાદા અને ગુનેગાર વસ્તિના મોહલ્લામાં જ મર્યાદિત રહેતું, અથવા વસમાર્ગી લોકો પંથોમાં ભળેલા કેટલાક વર્ગમાં છુપી રીતે ચાલતું. દારૂ પીવો ગુજ્ય છે એવું બાદશાહ જહાંગીર પણ કહે અને તહાર ન હતો.

બ્રીટીશ સરકારની વણીકબુદ્ધિએ આમાં પૈસો કમાવાનું સાધન જોયું, અને એણે દારૂને રાજ્યનો એક હસ્તુ ધન્ધો કરી મુકયો, તથા તેનો વેપાર દા કર્યો. એમાં સુધારો અને સભ્યતા છે, એમ ગોરા અમલદારો, અધ્યાપકો લોકે પ્રજાના મનમાં ઠસાવવા માંડયું.

ગોવધબંધી અને દારૂબંધી

'હરિજનબંધુ'માં શ્રી. કીશોરલાલ મશરૂવાળા

અંગ્રેજોના આ ખરાબ કામને માટે દેશમાં સમજદાર વર્ગનો પ્રથમથી જ વીરોધ રહેલો છે. ગાંધીજીએ કે બ્રિટિશે જ દારૂબંધીની પહેલી ચળવળ શરૂ કરી એમ નથી, ગાંધીજીના જન્મ પહેલાંથી આ ચળવળ શરૂ થઇ હતી. પણ જેમ બીજા અનેક શુભ કાર્યોનો પહેલાંથી થયેલી છતાં ગાંધીજીએ પોતા ના મહાન પુરૂષાર્થથી તેને અત્યંત વેગ આપી પ્રથમ કોટીનો કાર્યક્રમ કરી દીધો, તેમ દારૂબંધીમાં થયું. તેમણે છેલ્લાં ત્રીસ વરસથી પ્રજાને એ બાબત પર કેળવણી આપી છે. એ માટે સ્ત્રી ઓએ કેટલો ભોગવી છે, લાઠીઓ ખાધી છે, પથરા વગેરેનો માર સહન કર્યો છે, એ બંધ કરવાની પ્રતિજ્ઞા કરાવી છે. આમ એની પાછળ તપોમય ભૂમિકા પડી છે. એમાં પીનારના પોતાના હિતાર્થે તેની અક્કલની લાલચ દૂર કરવાની વાત છે.

ગોવધનો પ્રશ્ન જુદા પ્રકારનો છે. ગોવધ ન કરવો એમાં ■ આપણી હીંદુ સમાજની ભાવના છે. હીંદુ સમાજ ઘણો મોટો છે એ વાત સાચી છે, પણ બીજો બાજ ન બજવવા જેવો છે એમ ન કહેવાય. હીંદુને બાપ પ્રત્યે ધાર્મીક રૂપની ભાવના છે, તેવી બીજાઓને નથી. ગોવધ કરવામાં બકરીવધ કરતાં વધારે હીંસા છે, એમ તેઓ નહીં માની શકે; દલીલથી મનાવી પણ નહીં શકાય. તેમને હીંદુઓનાં દિલ ન દુભાય તે માટે મિત્રભાવે ગોમાંસ ન ખવાય એવું સમજવું-સમજાવવું અશક્ય નથી. એમ સમજ નાર ઘણા મુસલમાનો છે પણ. એવા ક્રીસ્તીઓ પણ હશે. પારસીઓ તો ઘણું ખરું તે નથી જ ખાતા.

આમ ગોમાંસના ત્યાગ અને ગોવધ ના ત્યાગમાં ફરક છે. હીંદુઓ બીજા ઓને વીનંતી કરી શકે કે આજ, અમારી લાગણી ખાતર તમે ગોમાંસ ખાવાનું બંધ કરો; મુસલમાનો હીંદુ ઓને તેમજ બીજાઓને વીનંતી કરી શકે કે તમે અમારી લાગણી ખાતર કુકડનું માંસ ખાવાનું બંધ કરો. આમ અરસપરસ સમજી સમજાવીને ભલે કેટલાંક પ્રાણીઓનાં માંસ હીંદુ સ્તાનમાં બધાનાં અટકે. કેટલાંકનાં જ શું કામ, પણ બૌદ્ધધર્મ કે જૈન ધર્મી કોઈ પણ પ્રકારનું માંસ ન ખાવાનો મતમાં પ્રચાર કરી શકે. બૌદ્ધધર્મ સંપ્રદાયોના બોજા વગેરે મુસલમાન લિબ્યો, કેટલાક ગોરાઓ, પારસીઓ વગેરે આમ સ્વેચ્છાએ શાકાહારી થયેલા છે પણ. સામાન્ય પ્રજામાં—જેમ હીંદુ જાતોએ બહુ મોટો ભાગ છે—કેટલાક હીંદી બાજ છે, પણ માંસાહાર નથી કરતા: કેટલાક બાજનાં બાજ છે, પણ બીજાં માંસ નથી ખાતા; કેટલાક અમુક પ્રાણીઓનાં જ માંસ બાજ છે, બધાંનાં નથી ખાતા. આ રીતે માનવ જાતિમાં નીરામિષાહારની પ્રગતિ થયેલી છે. એ પ્રેમથી, ઉપદેશથી, પરોક્ષી ધર્મથી વધી છે. આમ માંસાહાર ત્યાગ અથવા આહારશુદ્ધિની ચળવળ અનાર્યે થતા જીવવધને અટકાવવાનું પહેલું સાધન છે.

જેમ દારૂ માટે એમ કહી શકાય છે કે તે પીનારને પોતાને નુકસાનકારક છે, કુટુંબને તેમજ સમાજને ઉપદ્રવરૂપ છે, તેમ ગોમાંસ ખાનારને માટે કહી શકાતું નથી. એવો દાવો નહીં કરી શકાય કે બકરીનાં કે બીજાં પ્રાણીનાં માંસ કરતાં ગોમાંસ ખાનારનાં શરીર, બુદ્ધિ વગેરેને તે વધારે નુકસાન કરે છે. જુદી જુદી જાતનાં માંસોમાં ગોમાંસનો આરોગ્ય વગેરેની દૃષ્ટિએ કયો નંબર છે તે હું જાણતો નથી. એ રીતે એનો વીચાર કરવાની જરૂર પણ નથી. કારણ કે, ગોમાંસ છોડવાની વાત એના આહારની દૃષ્ટિએ ગુણ-દોષ પર નથી પણ આપણી લાગણી ને માન આપવા ખાતર છે.

આ લાગણી ઉત્પન્ન થવામાં, અલ બત્ત, આપણા દેશની કૃષિ-પ્રધાન સ્થિતિનો જ મોટો હિસ્સો છે. આપણા દેશમાં આમ બળદ એ ખેતીનું અનિ વાર્ય અંગ છે. ખેતીની સાથે સાથે જ તે ભાર વહેવા; ગાડાં, ચક્કી વગેરે યંત્રો ચલાવવા માટે બળ પુરું પાડનારું સાધન છે. બળદનો અર્થ જ બળ (energy) આપનારો' એવો થાય છે. જીવનમાં અત્યંત ઉપયોગી દરકોઈ પ્રાણી કે પદાર્થને દેવનું રૂપ આપી તે પ્રત્યે આદર પેદા કરવો તે આપણી જુની સંસ્કૃતિની એક ખાસિયત છે. આમ આપણે સૂર્ય, પૃથ્વી, નદી, પર્વત, સમુદ્ર, મીઠું, ધન, ઘોડો, બળદ, ગાય, નાગ, વૃક્ષ, ઓળખો, વગેરે સૌને પૂજ્ય કર્યા છે. ખેતી પરાયણ પ્રજામાં સૂર્ય, ભૂમિ, જળ, બળદ, ગાય, નાગ, વૃક્ષને જીવનનાં આધાર માની બધા પૂજ્ય માને એમાં નવાઇ નથી. આમ આપ બળદની સાથે આપણી ભાવના અતિશય આદર ના સુત્રથી સંકળાયેલી છે. આ ભાવ નામાંથી જ ગોમાંસ અને ગોવધનો નિષેધ તથા ગોપાલન અને પાંજરા પોળની પ્રવૃત્તિઓ નીપજેલ થઇ છે. એ ભાવના અને એ પ્રવૃત્તિ ઇષ્ટ છે.

ગોમાંસના ત્યાગની પાછળ ગોવધ બંધ થાય તે જેવું સ્વાભાવિક પરિણામ બધાય. માંસાહાર ત્યાગની પ્રવૃત્તિનો ક્રમ આપણે લેવું તો જેને જેની ટેવ છે તે એનો તરકાળ અને કાયમનો ત્યાગ કરી શકતા નથી. મોટે ભાગે તેઓ મહિનામાં અમુક દીવસ ન ખાવું, વર્ષમાં અમુક મહિના ન ખાવું વગેરે ક્રમથી એમાં પ્રગતિ કરે છે. જેમ જેમ આહારમાં તેનો ત્યાગ કરતા બધા છે, તેમ તેમ તે પ્રાણીનો વધ કરવાનું પણ તેઓ છોડતા બધા છે. માણસ જે આહારમાં હોય નથી જોતા, તે પોતાના ઘર વગેરે કરે દેવને અર્પણ કરવામાંયે બહુ રાખે છે, અને જેમ ચૈતન્યપરાયણ વૈષ્ણવ ભક્ત પોતે ન ખાતો હોય છતાં દેવને માટે પકવાનનો બનાવી થાળ ભોગ અખૂટ કરે છે અને ભક્તો કે સગાઓને પ્રસાદ કરાવે છે, તેમ પોતે માંસાહાર ન કરનારા પણ પોતાના સમાજમાં તે નિષિદ્ધ ન હોય ત્યાં સુધી બલીદાન અને પુજનાર્થે તે પ્રાણી ઓનો વધ કેટલોક સમય ચાલુ રાખે છે. જ્યારે પોતાના સમાજમાં જ તે નિષિદ્ધ થાય છે, ત્યારે જ તે પ્રાણીનો વધ બંધ થાય છે.

સામ્રાજ્યના યુવાનોને રાજા નો સંદેશો

એપ્રીલ મુધ સન્ડે જે મે તા. ૧ લીના પાળવામાં આવ્યો હતો તે પ્રસંગે રાજાએ યુવાનોને નીચે પ્રમાણે સંદેશો પાઠવ્યો હતો:

રાણી તથા હું આશા રાખીએ છીએ કે, બ્રીટીશ સામ્રાજ્યના સઘળા ભાગોમાં વસતા યુવાનો આ પવિત્ર દીવસે પ્રાર્થનામાં સામેલ થતાં—પછી તે પ્રખ્યાત પાટનગરમાં હોય કે એક નાનકડાં નીર્જન ગામડાંમાં હોય—પોત રાખશે કે આધ્યાત્મિક બંધીથી તેઓ એક બીજા સાથે સંકળાએલા છે અને દેશોની સામે રહેલું મહાન કાર્ય કરવાને તેમાંથી તેઓ હીંમત અને પ્રોત્સાહન મેળવશે.

ગોઠ પણ પહેલાંના આજના કરતાં વધારે ગંભીર પ્રશ્નોનો વારસો મળે લો નથી અથવા આજના કરતાં વધારે ભયંકર સંકટો તેની સામે ખડાં થયાં નથી, પરંતુ કોઇ પણ પહેલાંને જગતનું ભાવિ ઘડવાની આજના કરતાં વધારે તકો પણ કદી સાંપડેલી નથી.

અમે પ્રાર્થીએ છીએ કે પ્રભુની દોરવણી નીચે આપણા યુવાનો એવું ઉદાહરણ પુરૂંપાડશે કે જે યુગચક્ર ભરેલા પ્રશ્નો સાથે હામ ભીડતાં સંકોચાશે નહિ, એની નિઃસ્વાર્થતા લોખંડો કે જે બોજાઓને ખેતાં નહિ અચે પરંતુ તકો મળેલી મધુરો અને એવી હીંમત પ્રાપ્ત કરશે કે જે ભયંકર ભોમિયોને ચાનક તરીકે બધાની લેશે અને એ શક્તિશાળી સજ્જન થઇ તેઓ માત્ર કોમનવેલ્થ નીજ નહિ પરંતુ માનવજાતીની વધારે વફાદારીયા સેવા કરશે."

આ રીતે વ્યક્તિઓએ આનાનું બંધ કર્યો પછી સમાજ તેમ કરે છે, ધીમે ધીમે તે નિયમનું સ્વરૂપ પકડે છે. તે પછી તેનો ભંગ કરવો એ પણ ગુનો થાય છે, અને છેવટે તેનામાં નિયમ થાય છે. આમ આપણે ગોવધને અટકાવવા ની પ્રવૃત્તિ કરતા પહેલાં તેના આધાર નો ત્યાગ કરવાનો પ્રચાર કરવો જોઇએ.

આજે તો ગોમાંસનો બધા હીંદુઓ જે તો ત્યાગ કર્યો જ છે એમ પણ કહી શકાય એમ નથી. કેટલાક મુસ્લમાન ગોમાંસ ખાય છે એટલું જ નહીં પણ મુસલમાન, ક્રીસ્તી વગેરેને ત્યાં નોકરી કરતા હોય તો બધું ગોમાંસ પણ ખાય છે; કસાઇને ત્યાં વેચવાનો રીતસર ધંધો કરે છે. ઉપરોક્ત પ્રાણી ઓની કતલ અટકાવવા યત્નેલા કાયદા નો અનેક રીતે ભંગ કરે છે: સારાં પશુને બદલી જોખને જુનાં વગેરે કરે છે અથવા લાંચ આપી વધ કરવા જેવાં છે જેનું પ્રમાણપત્ર મેળવે છે. ગામડાં વગેરે મેળવવા માટે કોઇ વાર પશુઓને વિષે પણ છે. આવી જ્યાં હીંદુસ્તાનની પ્રજાની નબળી ભાવ ના છે, ત્યાં પ્રથમ ગોમાંસ ખાવા પ્રશ્નને સમજવવી જોઇએ ગોમાંસ માટે પહેલું પગથિયું છે.

ગોમાંસ ખાવાનું પછી ગોવધ સ્વાભાવિક રીતે ઘણો ઓછો થશે; પુરો અટકશે એમ ન કહેવાય. કેમ કે જેમાં વેપારની દૃષ્ટિએ વીચાર કરનારા અને શુદ્ધ ગોપાલનની દૃષ્ટિએ પણ વધ ની હિમાયત કરનારા ગોનિષ્ણાતો પડયા છે. તેઓ વગ-વસીલાવાળા અને ઉચ્ચ ગણાતા હીંદુઓ જ છે. ગોમાંસ ખાવાનો ત્યાગ થયા પછી જ બીજું કારણસર થતા ગોવધનો વીચાર કરવા માટે ભૂમિકા તયાર થઇ શકશે.

દુકાળાં દોરના વધની બંધી મર્યાદિત રૂપમાં જ કરવી જોઇએ એવા મતનો હું પણ એમ કોઇ ન માને. પણ આ પણી ગોવધ સામે આજે તેટલી તીવ્ર લાગણી હોય છતાં જેને માટે ભૂમિકા જ તયાર નથી તેની ચળવળ કરવા માં હીંસા ઘટવાને બદલે વધે છે.

ગોમાંસ ખાવાનો ત્યાગ કરવા લોકો ને સમજાવવા અને આમનું ઉત્તમ રીતે પાલન કરવું એ અહીંસા ધર્મનો રચનાત્મક અને અહીંસક રીતે પ્રચાર છે.

હિંદનો પત્ર

(અમારા ખાસ બાતમીદાર તરફથી)

વડોદરા, એપ્રીલ તા. ૨૮, ૧૯૫૧.

સંસદ (પાર્લામેન્ટ)માં

સંસદમાં સરકાર તરફથી આ પ્રમાણે માહિતી અપાઇ છે: (૧) ભારત સરકારે આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળના કાર્યવાહક બોર્ડને ખબર આપી છે કે, જગતની બદલાયેલી આર્થિક પરિસ્થિતિ લક્ષમાં લઇને, પાકિસ્તાનના ચલણની હાલની કીંમતના, અઠાળ તરફથી થતા, સ્વીકાર સામેનો પોતાનો વિરોધ ચાલુ રાખવાનો ભારતનો ઇરાદો નથી. પાકીસ્તાનના ચલણની વર્તમાન કીંમત નો સ્વીકાર કરવાથી પાકીસ્તાન સાથે ના ભારતના આર્થીક સંબંધો પર કશી અસર થવાનો સંભવ નથી; કારણ કે ગયા ફેબ્રુઆરીમાં ભારત-પાકીસ્તાન વચ્ચેના વેપારી કરારો થયા ત્યારે ભારત-પાકીસ્તાન વચ્ચે પાકીસ્તાની ચલણની કીંમતને ધોરણે આર્થીક લેવડદેવડની શરૂઆત પણ હતી. (૨) સંધારણની કલમ ૩૭૯ (૧) હેઠળ નવી સંસદનાં બંને ગૃહોની યોગ્ય રીતે રચના થાય અને પ્રથમવાર તેની બેઠક બોલાવાય ત્યાં સુધી વર્તમાન કામચલાઉ સંસદ ચાલુ રહેશે. (૩) ભારતની રેલવેઓને ડિઝિટ વજનના મુસાફરોને કારણે ૬૨ વરસે બેથી બધુ કરોડ રૂપીયા નુકસાનના પટે છે, દીલ્હી વજનના પક્ષકારોના જોતાવ્યો પાસેથી લેવાયેલાં નાણાંની રકમો આ પ્રમાણે છે. ૧૯૪૮ રૂા. ૧૮૧ લાખ; ૧૯૪૯: રૂા. ૧૬૫ લાખ; ૧૯૫૦: રૂા. ૧૬૬ લાખ. (૪) છેલ્લાં કેટલાંક વરસથી ભારત સરકાર બહારદેશની સરકાર સાથે બહારદેશમાં વસતા હીંદીઓના પ્રશ્નને અંગે સમજુતી કરવાના પ્રયાસો કરી રહી છે, પણ તેનું ખાસ પરિણામ આવ્યું નથી. (૫) ૧૯૫૦-૫૧ દરમ્યાન ભારત માટે વેપારપાસું સાનુકુળ હતું, અને રૂ. ■ કરોડ સુધીની પુરાંત રહી હતી. (૬) માયાદીક ૧૮ વારને હિસાબે ભારતની કાપડની કુલ જરૂરીયાત ૬૨ વરસે રૂા. ૬ અબજ ૩૭ કરોડ ૨૦ લાખ વારની છે.

જલિયાંવાલા બાગ સ્મારક

અમૃતસરના જે જલિયાંવાલા બાગમાં ૧૯૧૯ ના એપ્રીલની ૧૩ મી તારીખે જનરલ ડાયરે નિર્દોષ ઓ પુરુષો—હીંદુ શીખ મુસલમીનોની કતલ ચલાવી હતી ત્યાં સ્મારક ઉભું કરવા માટે કોંગ્રેસે ભેગું કરેલું એક કંડ ત્યારથી પડેલું હતું, પણ અંગ્રેજ અમલમાં એને અંગે કંઇ ચોક્કસ કામ બની શકયું નહોતું. હવે સંસદે એને અંગે એક ઠામકો પસાર કરી તેને માટે ૬૨૮ નીમ્યું છે. હાલ એ ૬૨૮ના એકમાત્ર ટ્રસ્ટી બી. જવાહરલાલજી છે. હવે આ કામદાથી નવા ટ્રસ્ટી નીમાશે; અને તેમને રૂા. ૬ લાખ જેટલી રોકડ રકમ તથા જંગમ મિલકત તેમ જ જલિયાંવાલા બાગની જગ્યાનો સોંપારી, આની ચર્ચા ઇરમ્યાન બોલતાં શ્રી. નેહરુએ જણાવ્યું:

"૧૯૧૯ નો બનાવ એ ભૂતકાળનો ઇતિહાસ નથી. એ ઇતિહાસ હતો પરંતુ રાષ્ટ્રના જીવનમાં પલટો લાવે એ પ્રકારનો ઇતિહાસ હતો. કોંગ્રેસ સમીતીએ હાળા માટે જ્યારે ઠરાવ પસાર કરેલો ત્યારે તેની વ્યાપક અસર થયેલી. મહાત્મા ગાંધીજીની આગેવા ની હેઠળ આ રમારક રચવા માટે લોકોને ભારે રસ જાગ્યો હતો. હું આ રમારક સાથે સંકળાયેલો હું અને હું કબુલ કરું છું કે આમાં જે વિલંબ થયો છે તેનાથી હું શરમ અનુભવું છું. મહાત્મા ગાંધીજીએ ઘણાં વર્ષો સુધી એ વિલંબ વિષે ઉલ્લેખ કર્યો હતો. મેં અને સરદાર પટેલે ઠરવી તરીકે આ બોજને ઉપાડયો હતો અને હું ધારું છું કે લગભગ દસ લાખ જેટલા રૂપીઆ એકત્ર થયા હતા જેમાંથી મોટા રમારક માટે જગીન ખરીદવામાં આવી હતી અને બાકીનાં નાણાંનાં રોકાણથી બ્યાજ મળતું હતું. વર્તમાન ખરડો અમારીના અવિચ્છિન્ન ટ્રસ્ટીઓને રવાને વિચ્છિન્ન ટ્રસ્ટ બોર્ડ' ની રચના કરવા માગે છે."

"કોંગ્રેસ સરકારનું દક્ષિણેતુ મુડીવાદી છે' એવી ટીકાનો કોંગ્રેસ પ્રમુખ બાબુ પુરુષોત્તમદાસ ટંડને રદીયો આપતાં જણાવ્યું કે, "છેલ્લાં ઘણા વરસ દરમ્યાન સરકારે કરેલાં કાર્યો બતાવી આપે છે કે કોંગ્રેસ સરકાર આમ જનતા માટે ઉંડી ખમતા ધરાવે છે. કોંગ્રેસ સરકારની પહેલી સિદ્ધિ રજવાડા ઓની નાબુદી કરી દેવી વિધાસભાઓમાં લોકશાહીની રથાપનાને લગતી છે. વિધાસભાના વીસીનીકરણની સિદ્ધિને જર્મનીના બિસ્માર્ક' મેળવેલી સિદ્ધિ સાથે સરખાવી શકાય. જમીનદારી પ્રથાની નાબુદીનો પ્રયાસ એ બીજી સિદ્ધિ છે. કોંગ્રેસે ૧૯૩૬ પહેલાં સમાજવાદની હિમાયત કરી હતી એ સમાજવાદી બિરાદરો ન ભૂલે. 'જમીનદારોને વળતર ન આપો' એવી સમાજવાદીઓની ઝુમરાણથી કોંગ્રેસનું કામ ઘણું મુશ્કેલ બન્યું છે. કોંગ્રેસ સરકારે પસાર કરેલા બે જમીનદારી બારાબીલ બતાવી આપે છે કે કોંગ્રેસ મુડીવાદીઓની નહિ પણ આમ-જનતાની છે. સંપુર્ણપણે જમીનદારી નાબુદી થઇ નથી. છતાંયે કોંગ્રેસે અખત્યાર કરેલો માર્ગ સ્પષ્ટ છે. ઝપાટાબંધના સામનો હજુ પુરો મુકીબર લોકોના હાથોમાં છે. પણ પાદ રહે કે આ તો વર્ષોથી ચાલ્યું આવ્યું છે એવી ગોમાં પલટો ધીમે ધીમે જ લાવી શકાય. સંપુર્ણ કાબુથી માટે લીધેલાં પગલાંને કોંગ્રેસ હજુ પણ વળગી રહી છે. જ્યાર કરતાં વધારે અંકુશો ન રાખવા જોઇએ એવું આ મંતવ્ય છે. અંકુશો રાખવાં પાછળ સરકારનો હેતુ દરેકને આવશ્યક ચીજો મળી રહે તે માટેનો છે.' અંકુશો રાખવા પાછળ સરકારને હેતુ જનતાનું હિત છે."

'સ્વરાજ મળ્યા પછી કોંગ્રેસ શા માટે વિખેરી દેવામાં નથી આવતી' એમ પ્રશ્નોત્તરમાં આવતા પ્રશ્નનો ઉત્તર આપતાં કોંગ્રેસ પ્રમુખે કહ્યું કે "આવશ્ય હું પણ આમ માનતો હતો,' પરંતુ ઉંડો વીચાર કરતાં લાગ્યું છે કે કોંગ્રેસ ને વિખેરી નાંખવાથી દેશમાં અરાજકતા સર્જાશે. કોંગ્રેસ સિવાય દેશમાં કોઇ પણ તંત્ર સમાણી શકે એમ નથી. આથી કોંગ્રેસ સંસ્થાને જરૂરી રાખવા ની અને મજબુત બનાવવાની જરૂર જણાય છે. ગામડાંઓમાં લોકોનું જીવન ઘોરણ ઉંચું લાવવા તથા તેઓને આબાદ કરવાના પ્રયાસોને કરવાની અપીલ કરતાં તેમણે ઉમેર્યું હતું કે ગાંધીજીએ ગોંધેલા માર્ગે આજાદી એ શકય બનશે. દેશ ને ખાદીનો કાર્યક્રમ પુરેપુરો અમલી બનાવે તો એક વર્ષમાં સ્વરાજ આવે' એમ મહાત્મા ગાંધીએ કહ્યું હતું. આ સુત્રની આજે પણ જરૂર છે. 'દેશમાં શાંતિ સંપૂર્ણ બને અને ગામડાંઓ સરીબ રહે તો ગાંધીજીએ જોયેલું રામરાજ્યનું સ્વપ્ન કયારે પણ પૂર્ણ નહિ થાય."

સૌરાષ્ટ્રમાં

મિરાસદારી પદ્ધતિ નાબુદ કરવા માટે સરકાર ધારે તેટલું વળતર આપવાની નથી એવી માન્યતા કેટલાંક મંત્રીઓમાં પ્રવર્તે છે. તે વિશે સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી. ઉછરંગરાય ઢેબરે રપષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, "આ માન્યતા ખોટી છે. ખીલવણીની વર્તમાન યોજનાઓ તેમજ સરકાર તરફથી અપાતી બીજી સેવાઓ ધ્યાનમાં લેતાં સરકાર કુલ મહેસુલી આવકના આશરે ૬૦ ટકા ખર્ચ કરે છે. વધુમાં રૂ. ૨૩ કરોડ ૫૬ લાખમાંથી ખેડુને માત્ર રૂ. ૩ કરોડ આપવી અને બાકી ની રકમ ચુકવવા માટે સરકાર બાંહેધરી આપે છે. જે ખેડુતોને બાકી કરવેરા આપ્યા છે તેમના પુનર્વસવાટ માટે સરકારને રૂ. ૬૦, લાખ લોન તરીકે અથવા સબસીડી તરીકે આપવા પડશે. જે મિરાસદારો પરગેડ ધરાવતા હશે તેમને તગારી અને બીજી સહાય સરકારે આપવી રહેશે. મિરાસદારોની કુલ સંખ્યા ૨૮ હજારની છે તેમાંથી ૮ હજારને પરગેડની જગીન છે. ૮૪૦૦ નાના અને ૩ હજાર મોટા મિરાસદારોને પરગેડ નહિ-બધે

મારું બોલકદાન આપવાની ચોજના સ્વીકારવા સરકાર હજુ પણ તૈયાર છે ? જેથી ૫ હજાર નાના ખિરાસ-દારોને જમીન મળી રહે.''

'જે ખેડૂતો ઘણી મોટી જમીન ધરાવે છે અને મજુરો રાખીને જમીન ખેડાવે છે તેવા ખેડૂતો કિંવા સરકાર શું કરવા ચાહે છે,' એવો પ્રશ્ન એક અખબારપત્રીએ કર્યો હતો, જેના જવાબમાં મુખ્ય પ્રધાને જણાવ્યું કે "૮૦ ટકા જેટલા ખેડૂતો એક એકમ અથવા સાંતિક ૧૫ ટકા જેટલા ખેડૂતો એક અથવા બે સાંતિ વચ્ચેની અને માત્ર ૫ ટકા ખેડૂતો બે સાંતિ થી વધારે જમીન ધરાવે છે તેથી આ પ્રશ્ન બહુ મોટો ન ગણી શકાય.''

પરચુરણ

—જર્મન લોકશાહી પ્રજાસત્તાક તરફ થી બહાર પડેલી એક ટીકીટ-બુકમાં પુસ્તકો ગોઠવે છે તેના પર એટમ બોંબ ફુટે છે અને શાંતીના પ્રતીક સમા સફેદ કબુતરો પણ છે અને ઉપર ''શાંતીની જેહાદ'' લખ્યું છે.

—હીંદમાં શાસ્ત્રીય સંગીત માટે ૧૧૦૦નું જે તાનસેન ઇનામ અપે છે તે આ વખતે બીમતી કમલા કૈતકર ને મળ્યું છે.

આભાર

લોહાનીસબર્ગના જેન. નાના ઓન્ડ્રા.ના દયાળભાઇ જુલાભાઇ પટેલની બિ. પુત્રી કુસુમ બહેનનું તા. ૨૪–૪–૧૯૫૧ ના રોજ આકસ્મિક અવસાન થયું હતું. તે દુઃખદ સમય જે જે ભાઇ બહેનોએ દિલસોજીના સંદેશા તથા પુષ્પાંજલી મોકલાવી તેમજ પોતે હાજરી આપી સહાનુભૂતિ દર્શાવી તેઓ સૌનો, સ્વર્ગસ્થનાં વાલીઓ હાર્દીક આભાર માને છે.

ગુજરાતી પ્રેસના નવા વરસનાં પંચાંગ ભાવ પોસ્ટેજ સાથે શી. ૫. ઈન્ડિયન ઓપીનીયન ની ઓફીસેથી મંગાવો.

શ્રી. ટ્રાંસવાલ દેશમાં પ્રાંતિક પ્રજાપતિ મંડળ

૧૯૫૧ નું વાર્ષીક સંમેલન તા. ૧૩–૫–૫૧ ના રવીવારના રોજ બપોરે ૧–૫ કલાકે, મુકામ ચારસલીસ વાયા ફ્રીમાર્ટ, શ્રી. વસનભાઇ કુલ્લભ ભાઇ મીસ્ત્રીના મકાનમાં શ્રી. દેવાભાઇ વસનજીના પ્રમુખપદે મળશે. દરેક સભ્યોને સહકુટુંબ વેળાસર પધારવા વિનંતિ છે.

કાર્યક્રમ : (૧) મીનીટસ તથા મંત્રી નો રીપોર્ટ, (૨) હિસાબની રજુઆત, (૩) ઠરાવો, (૪) ચુંટણી, (૫) પરચુરણ.

ચઢેલી આસીક ફી અને દાનની રકમો સંમેલન પહેલાં મોકલી આપવા વિનંતી છે.

વિષય વિચારણી સમીતી સભા તા. ૧૪–૫–૫૧ ના રવીવારે ૧૦ વાગે સવારે ચારસલીસ મુકામે મળશે. એ પ્રસંગે દરેક સભ્યોને હાજર રહેવા વિનંતિ છે.

સ્વાગત પ્રમુખ : વસનભાઇ કુલ્લભ ભાઇ.

સ્વાગત મંત્રી : નાગરભાઇ મેારારજી રામભાઇ કરસનજી ઝીલ્લી

મંત્રી ટ્રાં. દે. પ્રા. પ્ર. મંડળ.
પી. ઓ. બોક્સ ૪૫
ડાહલ, ટ્રાંસવાલ.

સારૂં આદુ રતલ શી. ૧–૩
બસણ રતલ શી. ૧–૬

બસાસો ચોખ્ખો ઝાંકરી વગરનો સાથે તથા ખાંડી જાતની દાળ અને મસાલ પીસ્તા મળશે.

ઓર્ડર સાથે પૈસા મોકલવા મહેર બાની કરવી.

M. A. Mahomed
10 Southampton Street,
Point, DURBAN.
Phone 20449

જોડણી કોશ

ગુજરાતી અધરા શબ્દોનો સહેલા શબ્દોમાં સમજુતી આપતો આ જોડણી કોશ ગુજરાત વીદ્યાપીઠ તરફથી બહાર પડયો છે. ૧૨૨૧ પાનામાં અનેક શબ્દો અને તેના અર્થ વીગેરે આપ્યા છે. આ ઘરમાં વસાવવાથી તમારી ગુજરાતી ભાષા સુધરશે.

કીમત ૧ ૨ ૦

આ ઓફીસેથી મળશે.

દેશ નેતાઓની બઢી રાખવા લાયક છબીઓ.

સૌએ પોતાના ઘરમાં બઢી રાખવા લાયક સુંદર આર્ટપેપર ઉપર છાપવામાં આવેલી દેશ નેતા ઓની છબીઓ.

મહાત્મા ગાંધી.
પુ. કસ્તુરબા.
સરદાર વલ્લભભાઈ પટેલ અને પંડીત નેહરૂ સાથે.
શ્રી. અરવીંદ ઘોષ.
દરેકની શી. ૧

ચાર છબીઓ સાથે લેનારને શી. ૩–૬ પોસ્ટેજ સાથે.

c/o 'Indian Opinion'
P. Bag, Phoenix.

નવાં વેચવાના પુસ્તકો

સમરાંગણ	૬ ૩
મારૂનું નામ	૬ ૦
મધુપ	૭ ૦
વિજ્ઞાનીક જગત	૫૩
મુખ્યપ્રધાન (ડાગોર કૃત નોવેલ)	૬ ૦
ચિત્રલેખા	૮ ૦
ચોર મુખી	૭ ૦
જગતનો તાત (અરધે આવે)	૨ ૬
ઉપાધ્યાય	૬ ૧
પંડીતજીની હાસ્ય પ્રભા	૭ ૧
ધરતીને આભાને	૬ ૦
વિવાહનો ઝભ્ભો	૬ ૦
સરદારના ભાષણોનો સંગ્રહ	૧૨ ૦
મોટો જોડણી કોષ	૧ ૨ ૬
રાજુ રસ	૬ ૦
એને ચરણે	૨ ૩
ચાબેરવાસી (ડાગોરની નોવેલ)	૮ ૦
ચરીબાની ખાત (ગી ઉપયોગી)	૧૦ ૦
રત્નાંદના	૫ ૧
ચારસદાર	૭ ૧
મીરા પ્રેમ દીવાની	૧૩ ૬
આગે કદમ	૭ ૬

મળવાનું ઠેકાણું

Indian Opinion
P. Bag,
Phoenix.

હીંદુસ્તાની–ગુજરાતી કોશ

હીંદુસ્તાની શીખવા માટે ઉપયોગી પુસ્તક

કીમત ૧૦–૦

જાણવા જોગ

	ચર્ચીલ	બિટલર	રૂઝવેલ્ટ	મુસોલીની	સ્ટેલીન	ટ્રુમેન
જન્મ વર્ષ ઇ. સ.	૧૮૭૪	૧૮૮૯	૧૮૮૨	૧૮૮૩	૧૮૭૯	૧૮૮૪
સત્તાપર આવ્યા ત્યારે ઉમર	૭૦	૫૫	૫૨	૧૯	૧૫	૬૦
સત્તાપર આવ્યા તે વર્ષ	૧૯૪૦	૧૯૩૩	૧૯૩૩	૧૯૨૨	૧૯૨૪	૧૯૪૧
બેટલા વર્ષ સત્તા ભોગવી	૪	૧૧	૧૧	૨૨	૨૭	૪
સરવાળો.	૩૮૮૮	૩૮૮૮	૩૮૮૮	૩૮૮૮	૩૮૮૮	૩૮૮૮

સગાઇનો અંત (૩૮૮૮નું બાદબું) ઇ. સ. ૧૯૪૪ અને ૧૯૪૪નું બાદબું ૯૭૨–૬/૭/૨ એટલે સપ્ટેમ્બરની ■ તારીખે ૨ વાગે બીજા વિશ્વ યુદ્ધની સુલેહ થઇ.

અઠવાડીઠ પંચાંગ

વાર	ખારતી ૧૯૫૧ ચૈ	ઝીંદુ ૨૦૦૭ વૈશાખ	મુસલમાન ૧૩૭૦	પારસી ૧૩૨૦ રોજે. ૬ઠ્ઠી	સુર્યોદય કે.મી.	સુર્યાસ્ત કે. મી.
ગુરૂ	૧૧	સુદ ૫	૪	૧૧	૬–૩૧	૫–૧૫
શની	૧૨	,, ૬	૫	૧૨	૬–૩૨	૫–૧૪
રવી	૧૩	,, ૭	૬	૧૩	૬–૩૩	૫–૧૩
સોમ	૧૪	,, ૮	૭	૧૪	૬–૩૪	૫–૧૨
મંગળ	૧૫	,, ૯	૮	૧૫	૬–૩૫	૫–૧૧
બુધ	૧૬	,, ૧૦	૯	૧૬	૬–૩૬	૫–૧૦
ગુરૂ	૧૭	,, ૧૧	૧૦	૧૭	૬–૩૭	૫–૦૯

કંપનીના ભાવો :—

આ શી. ૨–૦ રતલ	ચણા શી. ૧–૬ "	ઘઉંદર...શી. ૧–૩ રતલ	ઘઉંદર ની દાળ નં. ૨ ૧/૬ રતલ
		બીજા અળદ ૧/૬ રતલ	ચણાની દાળ શી. ૨–૦ "
		મગ.....શી. ૬–૦ રતલ	ચણાની દાળ....શી. ૨–૬ રતલ
		ઘઉંદરની દાળ શી. ૧/૬ "	અળદની દાળ...શી. ૨–૩ રતલ

મગ દાળ નં ૧....શી. ૨–૦ રતલ	ધાણા અળદ.....શી ૧–૧૦ રતલ,
મગ દાળ નં ૨....શી. ૧–૬ રતલ	વરીયાળી.....શી. ૨–૬ રતલ
ચણાનો લોટ (કાંકરી વગરનો) ૧/૬	સોજ.....શી. ૧–૬ રતલ
સાબુદી.....શી. ૧–૦ રતલ	રાઈ.....શી. ૧–૬ રતલ

ઓર્ડરોના : ૧૧૦ બિકટોરીયા સ્ટ્રીટ, ડરબન ફોન : ૨૦૮૬૫

પરશુ નરસીંહ એન્ડ કુ. (પી) લીમીટેડ.
ડરબનની ૬૦ વર્ષની પુરાણી અને સુપ્રસિદ્ધ દુકાન.

ઘઉં.....શી. ૩–૦ રતલ
ચણા.....શી. ૩–૦ રતલ

વાંચવા લાયક પુસ્તકો

ગાંધીજીનું સાહિત્ય

ગાંધીજીએ લખેલા અથવા ગાંધીજી ઉપર લખાયલા પુસ્તકોના નીચે મુજબ ભાવ છે.

આત્મ કથા	(ગાંધીજી)	૪ ૧
અમારા બા	(મણિબેન ગાંધી)	૪ ૦
ગાંધીજીનો સહવાસ સાથે પત્રવ્યવહાર		૧ ૦
ગાંધીજીની સાધના		૫ ૪
ગાંધીજીના સમાગમમાં		૫ ૪

જીવન ચરિત્ર (શ્રી. મણુદાસ ગાંધીએ શ્રીનીકેતન આશ્રમ ના કેટલોક ઇતીહાસ પોતાના જીવન ચરિત્ર દરમ્યાન આપેલો આલેખ્યો છે.)

		૧૧ ૦
ગાંધીવાદી આર્થિક યોજના		૫ ૦
મહાત્મા ગોખલે	(ગાંધીજી)	૧ ૬
દક્ષિણ આફ્રીકાના સત્યાગ્રહનો ઇતીહાસ		૭ ૧
બાપુની પ્રસાદી	(મણુદાસ ગીરધર)	૫ ૦
બાપુ-મારી-મા	મનુ ગાંધી	૨ ૦
બાપુના પત્રો :	(આશ્રમની બહેનો ઉપર) સંપાદક કાકા કાલેલકર	૨ ૧
બાપાની ટેળવણી	(ગાંધીજી)	૩ ૦

મહાદેવ દેસાઇની ડાયરી

ભાગ પહેલો		૧૦ ૦
,, બીજો		૧૨ ૦
,, ત્રીજો		૧૧ ૧
,, ચોથો		૮ ૮

ગાંધી વિચાર દોહન	ગાંધીજીના વિચારોને રજુ કરતું પુસ્તક	૨ ૧
અંધળા પ્રભાત		૧ ૦
બાપુની કારાવાસની કહાણી	(આગાખાન મહેલના બેતરીસ માસનો ઇતીહાસ. લેખીકા ડો. સુશીલા નૈયર.) કીંમત રૂા. ૧૫/૦.	
પ્રેમ પંથ	ભા. ૧	૪
,, ,,	,, ૨.	૬
રામ નામ	(ગાંધીજી)	૨ ૦
આશ્રમના તેર દિવસો	(નોંધપોથી)	૧ ૧
બાપુના-બા ને પત્રો	(રેંટીયા પર લખાયલા પત્રો)	૨ ૧
કેસ્તુરબા સ્મારક અંક		૧ ૦
ગાંધી સ્મારક અંક		૨ ૦
બાપુની ગાંધી		૩ ૦
ગાંધીજીની સંક્ષિપ્ત આત્મ કથા	(મણુદાસ ગીરધર)	૨ ૧
વ્યાવહારિક ધર્મ જીવન	(ગાંધીજી)	૫ ૧

કીશોરલાલ મશરૂવાળા કૃત

ગાંધીજીનો ગીતાબોધ	ભા. ૧, ૨, ૩	૩ ૦
ગીતા અંજન	(ગીતાબોધનો સમગ્ર વ્યવસ્થિત રીતે તૈયાર કરેલો ગ્રંથ)	૭ ૧
ગીતા ધર્મ	(ગીતાબોધ ગુજરાતી પ્રવચનો)	૧ ૩
ગુરુ અને મહાવીર		૨ ૧
જો પુરુષ મહોરા	(આજ મહત્વની, પુરુષમાં જોવાતી ખોટો ઉપર પુષ્કળ પ્રકાશ નાખવામાં જે લેખો લખાયા છે તેનો સંગ્રહ)	૨ ૧
રામ અને કૃષ્ણ		૩ ૦
સમુણી ક્રાંતી		૫ ૦

જીવન ચરીત્રો

મારી જીવન કથા	જવાહરલાલજી	૧૫ ૦
મહાદેવ દેસાઇનું પુર્વચરીત્ર		૨ ૩
સરદાર પટેલ	વલ્લભભાઈ પટેલ	૩ ૦
મારી જીવન કથા	રાજેન્દ્ર પ્રસાદ	૧ ૦ ૦

કેટલાક વાંચવા લાયક પુસ્તકો

આપણી પ્રાર્થના		૪ ૦
ઈન્દુને પત્રો	(નેહરૂ)	૩ ૦
સુપનદી વહેનરાય	(ટાગોરટોમ)	૫ ૦
હસતી આલમના સંસ્કૃતીનું સાચી	(રામા કૃષ્ણન)	૨ ૦
જીવતા તહેવારો	(કાકાસાહેબ)	૪ ૦
જગતના ઇતીહાસનું રેખા દર્શન ભા. ૧-૨.	(નેહરૂ)	૧-૨-૦
રોબર્ટસ્પીયર અને જીરાફ		૨ ૦
ગોલસાકી ચિતાકો	(કાકા કાલેલકર)	૫ ૩
બુદ્ધ લીલા		૧ ૧
બુદ્ધ ચરીત્ર	(પદ્ય)	૪ ૦
નવલ સંગ્રહાવલી		૫ ૧
ગોવીંદ રજીયા.	(રજીયા વીશે બહુના ભોગ)	૧૦ ૦
દોઢ રૂપીઆના કથાનકો	(બાર સંગ્રહ)	૨ ૧
હુજરત મહમદ	(ઇસ્લામ ધર્મ ઉપર અજવાળું પાડતું નાનું પુસ્તક)	૧ ૦
શેઠબાતા	(કાકા કાલેલકર)	૧ ૦
રમાયણ બાજા	(,, ,,)	૫ ૦
હિંદી કેમ ત્રીજાણ		૦ ૦

ઉત્તમ નવલકથાઓ. ટોલ્સ્ટોય કૃત

કોની ખ્રીજન	(બાર્તા)	૩ ૧
આંધારાના સીમાડા	(નાટક)	૩ ૦
બે નવલકથાઓ		૫ ૦
દ્રષ્ટિ પરીવર્તન	(નવલકથા)	૫ ૩

શરદ બાબુની નવલકથાઓ

અપુર્ણ આરતી		૧૧ ૧
અનુરાધા		૬ ૦
કમલા		૧ ૦
કાશીનાથ		૫ ૦
ચંદ્રનાથ		૪ ૦
ચરીત્રહીન		૧૨ ૧
જળી		૭ ૧
જીવન યાત્રા		૪ ૦
દેવદાસ		૭ ૧
નવીના		૧૦ ૦
પ્રભા		૮ ૦
બુર્ણા		૪ ૧
વૈકુંઠનો		૫ ૦
શ્રેષ્ઠ વાર્તાઓ		૨ ૧
શુભદા		૧ ૦

ટાગોર કૃત

પંચ ભુત		૧ ૦
માલંચ અને બાર અભ્યાસ		૫ ૪
ચતુરંગ અને બે બોનો		૧ ૧
ઘરે બાહિરે		૬ ૦
ગોરા		૭ ૦
ચાર્યા		૫ ૪

સેતુબંધ		૫ ૦
વિસર્જન		૪ ૦
કમંડલુ		૪ ૪
ચતુર સુલભા		૨ ૧
નીરૂપમા		૭ ૦
રૂપ કોયા	(બે ભાગ સાથે)	૧૭ ૦
ઘરે પહોરે		૬ ૦
પ્રાચિના		૫ ૦
સુવર્ણ મૃગ		૨ ૦
૭ ૭ ૭		૩ ૪
બળવાન જનો		૨ ૦
ગીત દોરી અને બીજા નાટકો		૨ ૪
ઉત્તરા		૭ ૦
બીજોનું આરોગ્ય		૪ ૦
મહામણાના પ્રમુખો		૩ ૪
ગ્રામ વિચારણા		૨ ૦
પ્રતીમંદીર		૪ ૦
રંગ લીલા		૨ ૪
રૂપાની વાટ		૨ ૬
ધરતી		૫ ૦
રસ મુર્તીઓ		૩ ૦
મુળો સેવક		૩ ૦
ગીતાંજલી		૫ ૦
સાધના		૫ ૦
નવી દુનીયા		૫ ૪
દ્રષ્ટાંતમાળા	(નાનાબાળ બટ)	૨ ૧
મહાન મુસાફરો		૫ ૦
પુબ અને પશ્ચિમ		૫ ૦
ઘરતના બેટાં		૩ ૦
દેશ દેશની લોક કથાઓ		૮ ૬
સૌરાષ્ટ્રની પ્રેમ કથા	(નોવેલ)	૮ ૬
સોહરાબ ભા. ૧-૨	સેટની	૧૨ ૦
હમણાં અક્ષરજ્ઞ થે		૫ ૬
સોહરાબ		૬ ૦
ઉલ્કા પ્રવેશ	(બાર્તા સંગ્રહ)	૩ ૬
ગુંદરીનો ચમત્કાર		૧૪ ૦
શહીદોનો સંદેશ		૪ ૦
મુક્તતા પ્રશ્નો		૩ ૬
કુદાની રમઝટ		૬ ૦
હાસ્ય ચીત્રકાનો ઢગલો		૪ ૬
દીન ચર્યા		૩ ૬
રસમતી		૬ ૦
સાગર કથાઓ		૮ ૬
ભરત દર્શનના લાયક પ્રસંગો		૬ ૦

બંકીમ ચટોપાધ્યાય કૃત

કપાલ કુંડલા		૬ ૬
મોતીબાઇ		૫ ૦

સુપ્રસિદ્ધ લેખક ઝવેરચંદ મેઘાણીની નોવેલો

અપરાધી		૫ ૬
પ્રત્યેની		૭ ૦
ગુજરાતી કથાઓ સામાન્ય નવલકથા		૭ ૦
નવલીકાઓ ભા. ૧		૧ ૬
પુરાતન જ્યોત		૫ ૦
બોડેલા હાથ		૪ ૬
વેવીશાળ		૫ ૦
સોરઠ તારા વહેતા પાણી		૧૦ ૦
સમરાંગણ		૬ ૦

નવલ કથાઓ.

કુંવરબાઇ :	બંગાલની કહાણી	
નવલકથા. પ્રીતમ		૮/-
ગાંધારાણી	સામાજીક કાંઈ કહેવાની નવલકથા	૧૦/-
કુર્ઈ પાકીસ્તાન	લલીતા કોણ ચીતારીનું જીવન ચરીત્ર.	૪/-
વિદ્રોહી આત્મા	(ખલીલજીબ્રાન	૨ ૦
આરાધનીય બા. ૧ ૨	સેટની	૧૮ ૧
પ્રેમ બીંદુ	(અનિરાકાર)	૭ ૦
કાન્તી		૬ ૦
નેણુના કુલ		૨- ૧
પચાસવર્ષ પછી		૭ ૦
સાગ્ય નિર્ણય	(અપ્રકાશ્ય)	૭ ૧
પાકન બા. ૧-૨	પ્રત્યેની	૮ ૦
ઉકેલની પુકાશુ		૧ ૦
કલાની સહચરી		૫ ૧
કંચના ચહેરા પાર્ટ	સંગ્રહ	૪ ૦
ચક્ષુ મુકેતી		૭ ૧
લેહરીના આશુ અને બીજા વાર્તા		૮ ૦
વીજની વાતો ભા. ૧-૨	સેટની	૧૫ ૦
ચમત્કાર અને બીજા વાર્તા		૬ ૦
વિવાહ મંદિર		૧ ૬
રમારાણી		૩ ૧
ગ્રામ્ય સુધાર		૭ ૦
સોરઠી બહાદુર		૫ ૦
સોરઠી બાજા		૧૫ ૦
ઘરમ વીજા		૬ ૦

વિવિધ પુસ્તકો

જય ઇન્દોનેસીયા		૫ ૦
રમાયણ ભા. ૧-૨	(સચીત્ર	
વિષયના લેખોનો સંગ્રહ)	સેટની	૧૧ ૦
કાશ્મીરનો પ્રવાસ		૬ ૦
સોનેરી સાગરકાંઠો		૩ ૦
પ્રવાસ (પુસ્તીકા)		૪ ૦
સંસાર (મેઘાણી)		૬ ૧૦
પ્રેમ મરણ્ય		૧ ૦
મધુકર વિનોબા ભાવેના અને વિનોબા દ્વારા પસંદ કરેલા પ્રવચનોનો સંગ્રહ		૧ ૦
જૈન ધર્મ	પુસ્ત	૧ ૪
આરોગ્યની ચાવી		૧ ૦
આહાર અને પોષણ		૧ ૧
ચીની નારીની કહાણી		૩ ૪
અરસ પરસી		૫ ૧

મનસુખલાલ મુનશી કૃત

અધે રસ્તે		૮ ૧
કેનો વાંક		૧ ૧૦
ભવોભવના ભાતો		૦ ૧૨
પ્રેમ વર્ષીણી		૪ ૦
પ્રેમના કપડા		૧૦ ૦
નવલીકાઓ		૦ ૧૦

ઓરીસેથી મળશે.

અમારા નવા નિશાળ ઉપયોગી પુસ્તકો

ઇતીહાસ

રેહ રીડર ભા. ૧	૨ ૬
ગુજરાતનું ગારવ	૧ ૬
હીંદના ઇતીહાસની રૂપરેખા ભા. ૧	૨ ૨
આપણા દેશનો ઇતીહાસ	૧ ૬

ભુગોળ

રેહ દેશાવરમાં ભા. ૧	૨ ૦
આર્યોઃ ભુગોળ	૫ ૬
ભુગોળ પરીચય ભા. ૩	૧ ૧૦
" " ભા ૪	૨ ૪

વાંચન અને સાહીત્ય

પ્રાચીન સમયની રસ કથાઓ	૧ ૦૬
રેહ દીપડો	૩ ૦
બાળ જગત	૧ ૬

અંક ગણીત

અંકગણીતના મુળ તત્વો	૨ ૦
મીડલ સ્કુલ અંકગણીત ભા. ૧	૨ ૬
આદુ ગણીત ભા. ૧	૧ ૩
" " ભા. ૨	૧ ૬

સાહીત્ય પાઠાવલી

પુસ્તક પાંચમું	૧ ૧
" આઠમું	૧ ૩

રેહનેા ઉચ્ચારણ શીખવા માટે પાઠાવલી ભા. ૧-૨ પ્રત્યેકની ૨ ૦

નુતન બેાધન માળા આ માળા માં નીચલા ચાર પુસ્તકો આવે છે. એ પુસ્તકો દ્વારા બાળકો જ્ઞાન મેળવે છે.

નુતન બેાધન તાલીમ વર્ગ

" " પેાથુ ૧-૬-૩-૪

પ્રત્યેકની કીંમત ૧ ૦

નમસુમ વાચન માળા

બાળપોથી	૧ ૨
પુસ્તક પહેલું	૧ ૩
પુસ્તક બીજું	૧ ૦
પુસ્તક ત્રીજ	૧ ૩
" પેાથુ	૨ ૩

સાહીત્ય કલ્પદ્રુમ

સાહિત્ય માટે વાચન વધારવા વધારેમાંને ઉપયોગી પુસ્તકો

પુસ્તક બીજું	૧ ૩
" ત્રીજું	૧ ૩

વિદ્યાપીઠ વાચન માળા

બાલપ્રવેશ	૧ ૦
પહેલી ચોપડી	૧ ૦
બીજી ચોપડી	૧ ૦
ત્રીજી "	૧ ૩
ચોથી "	૧ ૧
પાંચમી "	૧ ૦
પુસ્તક	૧ ૦

ચાલો લખીએ

કેાયડી ૧	૧ ૬
" ૨	૧ ૬
" ૩	૧ ૬
" ૪	૧ ૬
" ૫	૨ ૦
" ૬	૨ ૦
" ૭	૨ ૦

Obtainable From:

'INDIAN OPINION'

P. Bag, PHOENIX, NATAL.

બાળ ઉપયોગી સાહીત્ય

તમારાં બાળકોને સુંદર પુસ્તકો આપી તેમના જ્ઞાનમાં વધારો કરો.

પાંચ ચરીત્રોનો સેટ

આમાં પાંચ ઇતીહાસીક મહાન નીના ચરીત્રો છે.

કીંમત ૧૭/-

રેહ આદીની સદી	૬ ૬

શિશુમંથાવલી

સેટ પહેલામાં ૬-પુસ્તકો	૨૪ ૧
સેટ બીજાનો	૨૪ ૦

કીશોર ગ્રંથાવલી

૭ પુસ્તકોના સુંદર વાર્તાઓના સેટનો	૧૪ ૧

હંસપના પાત્રો બનેલા

બાળકોને માટે રમુજી પુસ્તક

કીંમત	૨ ૦
પાંત્ર પત્રોમાં	૨ ૬
શેાકસભાની ખબર	૪ ૦
બુદ્ધિનો બાદશાહ	૫ ૩
ભુત અને કેતકી	૫ ૬
ટેલીફેાન પદ્ધતિઓ	૧ ૬
બાયસ્કેાપ	૩ ૬

અદ્ભુત રત્નોનો સેટ ભાગ ૧ ૨ જેમાં બારે સેટમાં પાંચ પાંચ પુસ્તકો છે. પ્રત્યેક સેટની. ૭ ૦

કેાયડા નં ૩૬ ૨ ૮

૧૦ થી ૧૨ વર્ષના બાળકો માટે ૬ પુસ્તકોનો સેટ.

કીંમત પા. ૧-૦-૦

૮ થી ૧૦ વર્ષના બાળકો માટે ૧૫ પુસ્તકોનો સેટ.

કીંમત પા. ૧-૫-૦

૧૨ થી ૧૮ વર્ષના યુવક યુવતી માટે આઠ સુંદર પુસ્તકોનો સેટ

કીંમત ૧૪/-

લીલી	૫ ૧
પીળુ	૫ ૧
બાણુ	૫ ૨

બાળકોનો બાંધબ	૧
ઈન્દીયને પત્રો (નેહરૂ)	૪ ૦
બાળવાર્તાવળી	૩ ૦
ચપટી ધુળ	૧ ૦
ચતુરની વાતો	૩ ૦
જ્ઞાન જોડી	૧ ૦
લાલો	૫ ૧
બાલાની શોધમાં	૪ ૬

Obtainable From:

'Indian Opinion'

P. Bag,

Phoenix, Natal.

નવલ કથાઓ.

શ્રી ૬૫'	૬ ૩
સ્વર્ગ' અને પૃથ્વી	૧ ૦
વનબાળા	૭ ૩
વર કે પુર (રમુજી નોવેલ)	૧૦ ૦
સેનાપતી	૬ ૩
સુના મંદીર	૮ ૧
રત્નારણ્ય	૧૦ ૦
મસ્તુનું રહસ્ય	૧૦ ૦
માનવીની ભવાઇ	૧૨ ૦
મામાદા ઉંબાર	૭ ૬
ઝંઝાવાત ભાગ ૧	૧૦ ૦
ચિત્રોદવી	૭ ૬
દીનાનાથ	૧૦ ૬
ડેગાધનો ભોગ	૮ ૦
જીવન મંદીર	૮ ૬
ભમ તમાસી	૬ ૦
જીવતર	૭ ૦
બે રેહ દીપક	૫ ૦
પુત્ર જન્મ	૧૩ ૦
પરીષેહ	૭ ૦
પીતાજીનો વન મરેહ	૭ ૦
પહેલી પ્રીત	૭ ૬
પૃથ્વીરાજ	૭ ૬
ગોવીંદ તાપ	૫ ૦
માડી જાયો	૫ ૬
માલમારી	૧ ૬
ઘરને બારણે	૬ ૦
ચિરકુમાર સભા (હાસ્યરસપ્રધાન)	૨૨ ૦
પ્રસરદાન	૭ ૦
ફિદલ	૫ ૬
ઇંદાનીપદ	૫ ૦
સુગતા	૪ ૬
ધુમવર્ં પુર	૧૦ ૦

બાબકે પુસ્તકો

પરકમ્મા	૫ ૩
આર્ય ધર્મ નીતિસાર	૨ ૦
અંગ્રેજ પ્રભાવ (અંગ્રેજી)	૬ ૦
જીવણ નિરિક્ષણ	૫ ૬
ભમ સાધના	૭ ૩
જાતીય હાસપત્ર જીવન	૬ ૬

મળવાનું ઠેકાણું:

INDIAN OPINION,

P. Bag, Phoenix.

NATAL.

BOOKS FOR SALE

અમને નોંધ લેતાં ઘણો આનંદ થાય છે કે ટીચર્સ સોસાયટી પોતાની જવાબદારીઓને વીષે વધારેને વધારે જાગૃત થતી જાય છે અને હવે તેનો ઇરાદો વધુ નીશાળો બાંધવાને અને હયાત નીશાળોના મકાનોમાં વધારા કરવાને કેળવણીનું એઠ ટ્રસ્ટ ફન્ડ ઉભું કરવાનો છે. એ ફન્ડ શરૂ કરવાને ટીચર્સ સોસાયટીએ બે વર્ષમાં પા. ૨૫૦૦૦ ની રકમનું દાન જાતે આપવાની પ્રતિજ્ઞા કરી છે. ટીચર્સ સોસાયટીની આ એક ઘણીજ સુંદર ચેષ્ટા ગણાશે અને હીંદીઓની કેળવણી માટે તેણે ઘણો પ્રશંસનીય ફાળો આપેલો લેખાશે. અમે આશા રાખીએ છીએ અને પ્રાર્થીએ છીએ કે તેણે કરેલી પ્રતિજ્ઞાનું પાલન કરવાની અને તેમ કરી હાલની અને ભવિષ્યની પેઢીના આશિર્વાદ મેળવવાની ઈશ્વર તેને શક્તિ આપશે.

હડતાળનો ઉપદ્રવ

મી. લેઝરસે આ ઉપરાંત એક ઘણીજ શોચનીય બાબત તરફ ધ્યાન ખેચ્યું હતું અને તે આપણી કોમમાં હડતાળોનો ઉપદ્રવ વધતો જતો જણાય છે એ હતું આ ખરેખર ગંભીર બાબત છે. તેને નજીવી ગણી કાઢવા જેવી નથી. સંભવ છે કે એવા કાબેલ ઓનું પ્રમાણ અન્ય કોમોના કરતાં હીંદી કોમમાં ઓછું હશે. એ આશ્વાસન લેવા જેવુ ભલે ગણાય પરંતુ એથી આપણે શીથીલ રહેવાને માટે કશું જ વાજબીપણું નથી. આ પાપના જંતુઓનો જો તત્કાળ જ નાશ કરવામાં નહિ આવે તો તે આપણે ધારીએ છીએ તે કરતાં ઝડપથી વધી જશે અને તેનું ઝેર આપણા સમાજમાં ફેલાવી આપણા સમાજનો નાશ કરશે. એટલે આ બાબતને એક ગરમ નીતી ગણી તેની જડ કાઢવા નો દરેક પ્રયત્ન થવો ઘટે છે. તેને માટે આ આપણે તેમજ શિક્ષકો ઉપર મોટી જવાબદારી રહેલી છે. બેશક આ દોષને માટે કંઈ પણ વસ્તુ જવાબદાર હોય તો તે આ દેશના હાલના તંત્ર નીચે ઘાસ કરી હીંદીઓને અને સામાન્ય રીતે સઘળા બીન-ગોરાઓને જે ખરાબ સ્થિતિમાં રહેવાની ફરજ પડે છે તેજ છે. આ દેશની ગોરી સરકાર છે જે સૌથી પ્રથમ ગોરી પ્રજાનીજ જરૂરીયાતોની કાળજી કરે છે અને બીન-ગોરી પ્રજાઓએ કુદરતપર આધાર રાખી જેમ તેમ પડી રહેવું પડે છે. પરંતુ તેથી જો આપણે આપ સરકારનોજ દોષ કાઢીશું અને જાતે કશું નહિ કરીએ તો દુઃખ સાન આપણેજ સહન કરવું પડશે. રાજ્ય જો પોતાની ફરજ માંથી ચુકે તો રૈયતે તેનો દાખલો નહિ લેવો જોઈએ પરંતુ પોતાના લોકો પ્રત્યેની ફરજ પોતાની સઘળી શક્તિ અનુસાર પોતાની જાતે બજાવવી જોઈએ.

આપણા શિક્ષકોને પોતાની ટીકાઓ સાંભળી રૂચતી નથી. જેવી તેઓની ટીકા થાય કે તેઓ પોતાનો બચાવ કરવા મંડી પડે છે કે અમે કંઈ સાધારણ મનુષ્યોના કરતાં જુદા નથી અને એથી વધારેની અમારી પાસેથી આશા રાખવી નહિ જોઇએ. પરંતુ તેઓને ધંધો જ એવો છે કે જે તેઓને એ સ્થિતમાં રહેવા દઈ શકતો નથી. તેઓનો ધંધો મહાન છે અને માગણો કરતાં પણ તેઓના ઉપર વધારે મોટી જવાબદારી મુકનારો છે. તેઓનું જીવનજ તેઓના શિષ્યોને અનુકરણીય હોવું જોઇએ. તેઓના ધંધાને તેઓએ વેગી કે સોદો કરી શકાય એવી વસ્તુ તરીકે ગણી કાઢવો નહિ જોઈએ. જગતના ભાવિનો આધાર યુવાનો પર રહ્યો છે અને યુવાનોના ભાવીનો આધાર શિક્ષકો ઉપર રહ્યો છે. આથી શિક્ષકો પર ઘણી મોટી જવાબદારી રહેલી છે તે શિક્ષકે અને યુવાનનાં શરીર, મન અને આત્મા ઘડવાની છે. એ જો ખામી વાળા હોય તો શિક્ષક દોષિત ઠરે છે. અક્ષરજ્ઞાન આપે એજ શિક્ષક એવો શિક્ષ નો સંકુચિત અર્થ થવો નહિ જોઇએ. શિક્ષકની ફરજ શિષ્યનું ચારિત્ર ઘડવાની છે. ચારિત્ર વીનાનું સઘળું શિક્ષણ કશા ઉપયોગનું નથી. ચારિત્ર હીન શિક્ષક શિષ્યોમાં ચારિત્ર સીંચી શકતો નથી કારણ શિષ્યોની ખાસીયત તેઓને કહેવામાં આવેલું કરવાની નથી હોતી પરંતુ શિક્ષક જે કરતા હોય તે કરવાની હોય છે. આથીજ કહેવામાં છે કે, ઉપદેશ દેવા કરતાં કરી બતાવવું વધારે સારૂ ગણાય. શિક્ષકો જાતે દાખલો બેસાડી જે શિખવે તેની બેદરકારી શિખવવા કરતાં વધારે રહેલાધથી શિષ્ય પર અસર પડે છે. એટલે શિક્ષકની જવાબદારી કંઈ સહેલી નથી જો તેને પોતાના ધંધાને પુરેપુરો ન્યાય આપવો હોય અને તેનો યશ મેળવવો હોય તો.

શિક્ષકો જો આ ઉચ્ચ આદર્શ પોતાની સમક્ષ રાખી તેને પહોંચવાનો પ્રયત્ન નહિ કરે તો જગતનું ભાવિ કાળું છે. શીક્ષકો જેવા હશે તેવા જ તેઓના શીષ્યો બનશે. આથી શીક્ષકોએ ઘણીજ આંતરખોજ કરવી પડશે અને સતત પોતાની જાતને તપાસી જોવા પોતાના શીષ્યોને બનાવવા ચાહતા હોય તેવા પોતે જાતે બનવાને પ્રયત્નવાન રહેવું પડશે. આ કંઈ સહેલી વસ્તુ નથી પરંતુ કોઈ પણ સમાજ વ્યક્તિગત તેમજ સામુદાયીક ભોગ આપવા વીના આગળ વધેલો નથી અને વધી શકે નહિ આપણે જો ઉન્નતિ ઈચ્છતા હોઇએ તો એ વખત આવી લાગેલો છે કે જ્યારે એ ભોગ આપવા આપણે તૈયાર થવું પડશે. અને જેઓ જવાબદારીનું સ્થાન ધરાવતા હોય તેઓએ વધારે ભોગ આપવો પડશે.

કેનીયાના ગોરાઓની માગણી

તપરોણીપર અમારી કરી નહિ બરાબરની એવી મોટી યુરોપીયનોની મીટીંગે એક પણ વિરોધ વગર ઠરાવ્યું કે મીનારાયરના આરબો અને નેટીવ જાતીઓની ખાસ સંમતી વિના કેનીયાનું તંત્ર રચાયા બાદ કરી રહેલા બીટીશ સિવાય કોઇ પણ વસાહતી લોકોના હાથમાં સોંપાવું નહિ જોઇએ.

કરનલ ઇ. એસ. ગ્રોગને કેનીયાના બંધારણીય સવાલો અને યુરોપીયનોપર તેની અસર વિષે ભાષણ કર્યું આઠ ઠરાવો અને બીજા ૪ ઠરાવો થયા હતા.

(અનુસંધાન પાને ૨૩૬ ને)

હીંદ સવાલો પર શ્રી. નેહરૂ

ભારત સરકારની નીતીઓ અને સિદ્ધિઓની ફરેખા આપનારો મારે હજાર શબ્દોનો એક રીપોર્ટ ઓલ ઇન્ડિયા કોંગ્રેસ કમીટી સમક્ષ રજુ કરતાં હીંદના વડા પ્રધાન શ્રી. નેહરૂએ દેશની સમક્ષ આવી પડેલા સવાલો અને મુશ્કેલીઓનું વીગતવાર પૃથક્કરણ કરેલું છે.

બીજા વિષયો ઉપરાંત રીપોર્ટમાં હીંદની પરદેશ નીતી, કાશ્મીર વીષેની તેની વલણ, ચુંટણીઓ, દેશની આર્થીક સ્થિતિ અને વસ્તીના સવાલ પર ટીકા ઓ કરવામાં આવી છે.

પરદેશ નીતી

હીંદની પરદેશ નીતીપર શ્રી. નેહરૂ જણાવે છેઃ હું માનું છું કે તેને દેશ મોટે ભાગે સંમતી આપેલી છે અને તેને માટે કશો ખુલાસો કરવાની જરૂર રહેતી નથી. પરદેશને લગતી બાબતો વીષેની અને આઝાદી વીષેની આપણી ભુતકાળની દ્રષ્ટિ પરથી સ્વાભાવિક રીતે એ નીતી પરિણમેલી છે. આપણે કદી મહત્વાકાંક્ષાઓ પોષતા નથી અને સઘળા દેશો સાથે મીત્રતાભર્યો સંબંધ સાધવાનો પ્રયત્ન કરેલો છે. હું ખુશી સાથે કહી શકું છું કે, જગત ને ગાળુ બધ પમાડી રહેલી લડાઇઓ છતાં, એક દેશ સિવાય, પ્રત્યેક દેશની સાથે આપણો સંબંધ સારો રહ્યો છે. આપણી અલ્પ રીત મુજબ આપણે શાંતીનો પક્ષ લેતા આવેલા છીએ અને સરકારી અને બીજી જવાબદારીઓમાંથી ગદાર રહ્યા છીએ. એવી નીતીની સ્વાભાવિક રીતે વધુવત્તર ટીકા થાય છે. છતાં એકંદરે આ બાબતમાં તેમજ આપણી નીતીના બરાબરપણામાં આપણી સત્યનિષ્ઠાની આખી દુનીયાએ કદર કરેલી છે.

આપણા પુર્વના દેશો અને ખાસ કરી આપણા પડોશના દેશોમાં બધુ, કમનસીબે એક સિવાય, અન્ય સઘળા દેશો સાથેનો આપણો સંબંધ ઘણોજ સારો અને સહકારીતાનો રહ્યો છે. આઝાદી પ્રાપ્ત થતાં સ્વાભાવિક રીતે રાજકીય બાબતોમાં આપણું હિત આપણા પડોશના દેશો અને કોંગ્રીબા સાથેના સંબંધમાં રહ્યું છે. પરદેશ સાથેનો આપણો રાજકીય સંબંધ ઘણો જ વધી ગયો છે. તેના પર અંકુશ મુકવાનો આપણે પ્રયત્ન કર્યો છે પરંતુ અર્વાચીન જગતમાં હીંદની અગત્ય અને હીંદ સાથે રાજકીય સંબંધ બાંધવાની અન્ય દેશોની ઇચ્છાને લીધે ન છુટકે તે વધી ગયો છે.

કોંગ્રેસે આપણી પરદેશ નીતીને વખતો વખત સંમતી આપેલી છે, તેમ છતાં, અહીં તહીં કેટલીક ટીકાઓ થતી હોય એ અપવાદ સિવાય, આપણા દેશોની, મોટી બહુમતીની ઇચ્છાઓનું એ નીતી પ્રતિનીધીત્વ ધરાવે છે, એ વીષે આ દેશમાં કે અન્ય દેશોમાં કશી શંકા નથી. તેની પરદેશ નીતીના સંબંધમાં દેશે દર્શાવેલી અને બની શકે તેટલી સંગઠીતતાથી બોલવું જોઇએ, તોજ તેનું વજન પડશે.

પાકિસ્તાન

કમનસીબે કાવાદાવાઓ અને ઉશ્કેરણી ચેલી લાગણીઓ, જેને પરિણામે દેશના ભાગલા પડ્યા, એ હજુ ભર્યો નથી અને ત્યારબાદ બનેલા બનાવોએ તેને વધારે તીવ્ર કર્યો છે, કહેવાય છે કે પાકીસ્તાન અને હીંદ વચ્ચે સહકારીતાના સંબંધમાં કાશ્મીરનો સવાલ મુખ્ય વિઘ્નકર્તા થઇ પડ્યો છે. વધારે સત્ય વાત તો એ છે કે બન્ને દેશો વચ્ચેના મુળ આંતરિક કલહના કારણે જ કાશ્મીરનો સવાલ ઉપસ્થિત થયો છે. હીંદ પોતાના રાજ્યમાં સૌને સમાન સ્વતંત્રતા આપવા માગે છે, જ્યારે પાકીસ્તાન કોમીવાદ રાજ્ય જ રહેવા માગે છે. એથી તેની આખી દ્રષ્ટિ જ વીરોધી છે. એ દ્રષ્ટિને આજની દુનીયા સ્વીકારવા તયાર નથી. પાકીસ્તાનમાં મુસ્લીમ લીગે રચાપેલા કોમીવાદ ઉપર રચાયેલો એ જુદી પ્રજાઓનો સિદ્ધાંત રાજ્યના કાયદામાં સ્થાપિત થયો છે. પાકીસ્તાનના આંતરિક વ્યવહારમાં જો કે આપણે માથું મારવા નથી ઇચ્છતા, છતાં તેની પાકીસ્તાનના લાખો લોકો પર થઇ રહેલી સીધી અને હીંદમાં થઇ રહેલી આડકતરી અસરને અવગણી શકાતી નથી. એ નીતી વીનાશકારક છે.

પુર્વ બંગાળ અને પશ્ચિમ બંગાળમાં ૧૯૫૦ ની સાલમાં ગંભીર પરિસ્થિતિ ઉભી થઇ હતી. સદ્‌ભાગ્યે પાકીસ્તાન ના વડા પ્રધાન સાથે સમજુતી થવાથી તેનો ઉકેલ ત્વરત લાવી શકાયો હતો. જો કે મુળ સવાલનો ઉકેલ એથી નહોતો જ લાવી શકાયો, પરંતુ લાખો લોકોને અને પોતાના મુળ વતનમાં પાછા ફરેલા વસાહતીઓને એથી ઘણી રાહત મળી હતી. તેમ છતાં એ સ્થિતિ તો હજુ રહી જ છે કે, પુર્વ પાકીસ્તાનમાં (પશ્ચિમ પાકીસ્તાન તો ભાગ્યે જ ફરતી ધરાવે છે) લઘુમતી કોમની સ્થિતિ ઘણી જ મુશ્કેલ છે. અધમ વર્ણના લોકો, જે ખેતીવાડી, વેપાર અને ધંધાઓમાં અગત્યનુ સ્થાન ધરાવતા હતા, તેઓને જબરજસ્ત ભગાડી દેવામાં આવ્યા અને બાકીના જે તેઓ પોતાના ભવિષ્યને વીષે અવસ્થીત દશામાં પડેલા છે, હમણામાં પુર્વ પાકીસ્તાન માંથી પશ્ચિમ બંગાળમાં આવતા બીનમુસ્લીમોની સંખ્યા વધી ગઇ છે અને એક ગંભીર સવાલ ઉપસ્થીત થઇ પડ્યો છે.

કાશ્મીર

કાશ્મીર વીષે શ્રી. નેહરૂએ જણાવ્યું છે કે, કાશ્મીરને હીંદ અથવા પાકીસ્તાનની દ્રષ્ટીએ જોવામાં આવી રહ્યું છે એ ખુબ ખેદભર્યું છે. લોકો એ ખુલી જાય છે કે કાશ્મીર એ કંઇ વેચવાની કે સોદો કરવાની વસ્તુ નથી.

તેની પોતાની હસ્તી છે અને તેના લોકોનું ભાવિ લોકોએજ પોતે જ નક્કી કરવાનું છે. કાશ્મીરની લડત કંઇ કમઝોરની લડાઇના મેદાનમાં લડાઇ રહી નથી. લોકોના માનસમાં લડાઇ રહી છે. એ લડત જાગ્યા પડ્યા તેની વર્ષો પહેલાંની છે, મુસ્લીમ લીગ ના નેતૃત્વ હેઠળ કોમીવાદી હીલચાલ વધારે જાગી અને એ પ્રજાઓનો સિદ્ધાંત પોષાવા લાગ્યો ત્યારે જ એ સીદ્ધાંતના હિમાયતીઓએ કાશ્મીરની એક સુંદર બીંબ કબજે કરવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ તેઓ નીષ્ફળ ગયા. કાશ્મીરમાં રાષ્ટ્રવાદી હીલચાલ પુર જોસથી ચાલવા લાગી કાશ્મીરની રાષ્ટ્રિય પરીષદ એ હીલચાલ ઉપાડી હતી અને હીંદની કોંગ્રેસ અને હીંદના રાજ્યકાર્યોની હીલચાલ સાથે તેને ઘણું સામ્ય મળ્યું. એટલે ૧૯૩૯-૪૦ માં હીંદુ, મુસ્લીમ, સિખ્ખ વીગેરે ભેદો પાડ્યા સીવાય સૌ એ સંગઠીત થઇ રહેવાની ભાવના પ્રેળવવા લાગી. ત્યાર બાદ પાકીસ્તાન ના કોમીવાદનો કાશ્મીરના લોકો વીરોધ કરે એ વાજબીજ કહ્યું અને તેઓની તકલીફમાં હીંદના લોકો તેઓની પડખે ઉભે એ સ્વાભાવિક હતું.

આ રીતે કાશ્મીરનો સવાલ જેટલો પાકીસ્તાનને છે તેટલો જ મહત્વનો હીંદને છે, પરંતુ તેનું મહત્વ સૌથી વીશેષ કાશ્મીરના લોકોને છે કે જેઓ પોતાનું જીવન પોતેજ પ્રેળવેલી રાષ્ટ્રીય ભાવના મુજબ જીવવા ઇચ્છે છે. છેલ્લા સાડા ચણ વર્ષ થયાં ચાલી રહેલી લડાઇ છતાં અને એટલી તંગ પરિસ્થિતી છતાં જમ્મુ અને કાશ્મીરે જે પ્રગતી કરી છે તે તાજુબી પમાડનારી છે. તેણે કાયદેસર કરેલા કેટલાક મામ્ય સુધારાઓમાં તે હીંદથી આગળ વધી ગયું છે.

આમાં આગળ વધેલાં રાજ્યના લોકો પાકીસ્તાનની પ્રત્યાઘાતી અને આપખુદ નીતી શી રીતે સ્વિકારી શકે? કાશ્મીરના સંબંધમાં હીંદે પોતાની સ્થીતી વખતોવખત સ્પષ્ટ કરેલી છે અને તે તેને વળગી રહેશે.

એટલે હીંદ અને પાકીસ્તાન વચ્ચે મીત્રતાભર્યો સંબંધ સ્થાપવામાં બીજ કશું કાશ્મીર નથી પરંતુ બીજું વધારે ગંભીર કારણ છે. જે મુળભુત આદર્શો આપણે આટલા વખતથી સેવતા આવેલા છીએ તેને આપણે ત્યજી દઇ શકતા નથી. હીંદના રાષ્ટ્રીય સંગ્રહને તોડી પાડનારી કોઇ પણ વસ્તુને આ પણે ઉત્તેજન આપી શકતા નથી. આક્રમણ કરનારી અને ભાગલા પાડનારી જુની નીતીને આપણે નમી શકતા નથી. આ વસ્તુ ૨૬૯- સમજી લેવાની જરૂર છે.

ચુંટણી

ચુંટણીના સંબંધમાં શ્રી. નેહરૂએ જણાવ્યું કે આ ચુંટણી જો ખોટી રીતે અખત્યાર કરીને આપણા આત્મા ના ભોગે જીતવાની હોય તો તેના કરતાં ભલે આપણે હારી જતા. હું આશા રાખું છું કે ઉમેદવારો પસંદ કરવામાં એવા પુરૂષો અને બીજાની પસંદગી કરવાની કાળજી રાખવામાં આવશે કે જેઓ આપણે જે સિદ્ધાંતો પોકારીએ છીએ તેમાં માનનારા અને અનુસરનારા છે એવું તેઓના ભુતકાળ ના વર્તનથી સિદ્ધ થયું છે. ગફલત ઉભેદવારો ઉભા કરી ચુંટણી જીતવાના કરતાં આ રીતે હારવું વધારે માન ભરેલું ગણાશે.

વસતી

હીંદની વસતીના સંબંધમાં શ્રી. નેહરૂએ કહ્યું કે વસતીમાં ઘણોજ વધારો થઇ રહ્યો છે અને આપણે કુટુમ્બીક યોજના ઘડવાની જરૂર છે. આ વસતીનો સવાલ દેશની સમક્ષ ઘણોજ અગત્યનો આવી પડેલો છે અને રાજ્યે યા તો આ કુટુમ્બીક યોજના ઘડવાને અથવા તો સંતતી નીયમનને ઉત્તેજન આપ્યા વીના છુટકો નથી.

પરચુરણ

—ફેલિફેનિયા યુનીવર્સીટીમાં ગુજરાણ ભરેલાં અને અક્ષરો અંધિતના કોપડા ઓના ઉકેલ માટે વપરાતું વીજળીક યંત્ર (Computer) વીદેશી ભાષાઓ માંથી અંગ્રેજીમાં ભાષાંતર કરવા માટે ઉપયોગી થાય તેવી શક્યતા છે. અને રીસી ગોજાનીકો માને છે કે વીદેશી ભાષા સમજવામાં માણસનું મન જે રીતે કામ કરે છે. તેવી ક્રિયાઓ આવા મોટાં યંત્રમાં ઉત્પન્ન કરી શકાય.

—ઉંચે સુધી ઉડતાં વિમાનીઓ અને માનવશરીર સહન કરી શકે તેથી ઘણાં ઉંચા ઉષ્ણતામાનમાં કામ કરનારાઓ માટે 'એર-કન્ડીશન્ડ' કપડાંઓ શોધાયાં છે! આ કપડાં શરીરને ઠંડી હવા પુરી પાડે . આજ કપડાં અત્યંત ઠંડીમાં કામ કરતા માણસોને ગરમી આપવાના ઉપયોગમાં પણ લઇ શકાય છે. આવા કપડાં શીકાગોની એક પેઢી (ફર્મ) પુરા પાડે છે!

(૨૩૫ માં પાનાનું અનુસંધાન)

કેનીયાના હીંદીઓના સંબંધમાં કરનલ ગ્રેગને જણાવ્યું કે હીંદીઓ પ્રત્યે સંપૂર્ણ મીત્રતાનો સંબંધ નહિ હોવાનું કશું કારણ નથી પરંતુ એ સાથે દરેક કરકને આપણે સ્પષ્ટ કરી દેવું જોઇએ કે મોટા પાયાપર હીંદી વસાહત આંદોલનને ગંભીર અપયશ થઇ પડશે.

કાશ્મીરની પ્રગતીપર રાજ્ય મંત્રીનું નીવેદન

જુલાઇ તા. ૬ લીખે શ્રીનગરના રેડીયો સ્ટેશનથી બ્રોડકાસ્ટ કરતાં શ્રી. એન. ગોપાલસ્વામી આયંગરે જણાવ્યું કે, છેલ્લાં બેાંતેર અઠવાડીયાં થી ભારત અને કાશ્મીર રાજ્યની પાકીસ્તાનની બાજુમાંથી દૌંદની બાજુ માં લશ્કર અને સશસ્ત્ર સંસ્થાઓ જે સંખ્યામાં અને જે રીતે દાખલ થઇ રહ્યાં છે, તે પરથી એવી શંકા ઉત્પન્ન થાય છે કે, એ એક યોજાએલેા કાર્યક્રમ છે. પાકીસ્તાનને તેમણે ચેતવણી આપી કે યુદ્ધ વીરામ (cease fire) ની શરતેાનેા આવેા ભંગ થતેા રોકવા ના પાકીસ્તાન તરફથી તુરતજ પગલાં લેવામાં નહિ આવે તેા તેનાં જે ગંભીર પરિણામેા નીપજશે તેની આખી જોખમ દારી પાકીસ્તાનને ભોગવવી પડશે.

રાજ્યમાં બે અઠવાડીયાં દર્શ ગાદ પોતાને પડેલી છાપને વીષે શ્રી. આયંગરે જણાવ્યું કે, મારાં મનપર એક મુજ બુત છાપ એ પડેલી છે કે લેાકેાનું જીવન અને પ્રવૃત્તિઓ ફરી હતાં તેવાં શાંત થઇ ગયાં છે.

આજનેા રાજ્યેા વહીવટ આધુનીક, મજબુત વ્યવસ્થિત અને પ્રગતીશીલ છે અને કાબેલ અને દેશદાઝ ધરાવનાર નેતૃત્વના હાથમાં છે. શિક્ષિત તેમજ અશિક્ષિત લેાકેામાં એવી સામાન્ય ખાત્રી છે કે, તેઓના નેતાઓમાં બહારની તેમજ અંદરની મુશ્કેલીઓને પહોંચી વળવાની, ઘણેથી ખુલેા સુધારવાની, અને સામાન્ય જનતાની સ્થિતિ સુધારવાના પગલાં ઝડપ થી લેવાની સંપુર્ણ શક્તિ અને આવડત રહેલાં છે. રાજ્ય ની અંદર કાયદેા અને સુવ્યવસ્થા સંબંધી સ્થિતિ બીલકુલ સંતેાષકારક છે, બલકે દૌંદના કેટલાંક અન્ય રાજ્યેા ના કરતાંય વધારે સંતેાષકારક છે. જાન માલની સુરક્ષિતતા અને આપસ આપસની શાંતી જોખ લેવાં જેવી છે.

જમીન સંબંધી સુધારાઓ વિષે શ્રી. આયંગરે કહ્યું કે, આ સુધારાઓથી ગામડાઓની આર્થીક સ્થિતિમાં જે પરિવર્તન થયું ■ તેની લક્ષ્મા બેાધને બખર છે. કાશ્મીરમાં જે થઇ રહ્યું છે અને દૌંદના કેટલાંક અન્ય અતિ પ્રગતીમાન રાજ્યેામાં જે થઇ રહ્યું છે, એ બેની જોખો સરખામણી કરી શકે તેઓજ એ પરિવર્તનનું માપ આંકી શકે. અને એ સઘળું પરિવર્તન અત્યાર સુધી તેા શાંતિ અને સરળતાથી થઇ રહેલું જોવામાં આવે છે, સઘળી દિશા ઓમાં પ્રગતીની હરીફાઇ ચાલી રહી છે, જે કે રાજકીય અને આર્થીક પરિ સ્થિતિના કારણે એ મર્યાદિત છે. કાશ્મીરનું તંત્ર એક બહાદુરીભર્યો પ્રયત્ન કરી રહ્યું છે અને અત્યાર સુધી માં તેના જે પરિણામેા આવેલાં છે તે પરથી જોઇ શકાય છે કે, રાજકીય પરિસ્થિતિ તંગ હોવા છતાં પોતાનેા કાર્યક્રમ પાર પાડવામાં સરકારને પ્રજા તેા ટેકેા સાથ મળી રહ્યો છે.

છેલ્લાં બે કે ત્રણ અઠવાડીયામાંથી આ તંગ પરિસ્થિતિથી બચવ ઉપ યુક્તતાનાં સભત પ્રયત્નેા થઇ રહ્યાં છે. યુદ્ધ વિરામવાળા ભાગેામાં યુદ્ધ વીરામ ની શરતેાનેા ભંગ કરવાના પ્રયત્નેા થઇ રહ્યાં છે જેને માટે પાકીસ્તાન દોષિત છે. આ પ્રયત્નેા એક પછી એક તુરતાતુરત થયાં છે અને બધા ખરા પાકીસ્તાનના લશ્કરના માણસેા અને સશસ્ત્ર સંસ્થાઓ તરફથી થઇ રહ્યાં છે, જેની જોખમદારીમાંથી પાકી સ્તાન સરકાર છટકી જઇ શકતી નથી. જે સંખ્યામાં અને જે રીતે થઇ રહ્યાં છે એ જોતાં શંકા ઉત્પન્ન થયા વિના નથી રહેતી કે, યુદ્ધ વીરામવાળા આખા વીસ્તારમાં, મુનાવર અને કાયુન ભાગ માં પણ, નાના નાના છમકલાં કરવાનેા એ એક રીતસર યોજાએલેા કાર્યક્રમ છે જેનેા તુરત જ અંત લાવવામાં નહિ આવે તેા બન્ને દેશેા વચ્ચે મેાટું યુદ્ધ સળગી ઉઠવાને સમે તે બહીજે કારણ મળી આવવા બહ રહે છે.

પાકીસ્તાનને માટે ચેતવણી આપવી જોઇએ કે જો તે આવાં તોફાનેા અતાં અટકાવવાને તુરત જ પગલાં નહિ લે તેા તેના જે વધારે ગંભીર પરિણામેા નીપજશે તેની જોખમદારી કેવળ તેને જ ઉઠાવવી પડશે. સરહદપર દૌંદનું લશ્કર ચેાકી કરી રહેલું હોઇ સ્વભાવ અને કાશ્મીરની પ્રજાને આવા બનાવેા થી ડરી જવાની કશી જ જરૂર નથી.

બંધારણ સભાની ચુંટણીની આખાં રાજ્યમાં થઇ રહેલી તયારીઓ સામે ના પાકીસ્તાનના વીરોધ વિષે બોલતાં શ્રી. આયંગરે કહ્યું કે, બંધારણ સભા ની ચુંટણી થશે અને ઠરાવેલા વખતે સભા ભરાશે, અને દૌંદની કે કાશ્મીર ની સરકારને તેમ કરતાં કશું રોકી શકે તેમ નથી.

સર પ્રફુલ્લા આને, પોતાની રીત મુજબ, સીક્યોરીટી કાઉન્સીલ પરના પોતાના કાગળમાં દર્શાવેલેા મરડી મચડીને રજુ કરેલી છે. એવું બતાવવા નેા પ્રયત્ન કર્યો છે કે, દૌંદજ ખોટુ છે અને તોફાન કરનારાં છે અને પાકી સ્તાન ખરૂં અને આજ્ઞાધારી છે. આ તેમની રીત જાણીતી છે અને તેથી કોઇએ ગેરસમજમાં રહેવાનું નથી.

દૌંદ સરકાર હમેશાં તદ્દન સ્પષ્ટપણે જણાવતી આવેલી છે કે, આ રાજ્ય ને માટે બંધારણ ઘડવાને બંધારણ સભા ભરવાનું દૌંદના બંધારણમાં આજ જણાવેલું છે અને જો કે એ સભા ભરવાની બંધારણીય સત્તા જમ્મુ અને કાશ્મીર રાજ્યના વડાના હાથમાં રહેલી છે છતાં દૌંદ સરકારની તેને પુર્ણ સંમતી છે.

સર પ્રફુલ્લા ખાન તા. ૩૦ માર્ચ ૧૯૫૧ ના સીક્યોરીટી કાઉન્સીલના ઠરાવનું સુચન કરી દલીલ કરે છે કે બંધારણ સભા ભરવાનું ઉક્ત ઠરાવની તદ્દન વીરૂદ્ધ છે. બંધારણ સભાનેા સવાલ ઠરાવ પહેલાં ખાસ ઉઠાવવામાં આવ્યેા હતેા અને ચર્ચાયેા હતેા અને તેથી સભા ભરવાની અને તેને અંગે પગલાં લેવાની જમ્મુ અને કાશ્મીરના વડા તરફથી બહાર પાડવામાં આવેલી બહેરાત સીક્યોરીટી કાઉન્સીલ તરફથી પસાર થએલા ઠરાવની બેાડા જ દીવસ બાદ પાડવામાં આવી હતી.

એટલે તેના ઠરાવમાં સભા ભરવા ની સામે ખાસ વીરોધ નહિ ઉઠાવવાને પુરતાં કારણેા હોવાં જોઇએ. દલીલ કરવામાં આવી રહી છે તેમ જો હવે, સભા ભરવાથી કાશ્મીરની તકરારનું સંતેાષકારક સમાધાન થવામાં તે વિઘ્નરૂપ થઇ પડશે અને આંતરરાષ્ટ્રિય શાંતી જોખમમાં આવી પડશે તેા એ વસ્તુ સીક્યોરીટી કાઉન્સીલે પુરેપુરી રીતે સ્પષ્ટ કરવી જોઇતી હતી એવી પાકીસ્તાન અને દૌંદ જ માત્ર નહિ પરંતુ આખી દુનીયાએ તેની પાસેથી આશા રાખવી જોઇએ, આવી પાકી સ્તાનના પરદેશ મંત્રીના આ પગલાંને દૌંદ જરાયે ગંભીરતાથી લઇ શકતું નથી.

કાશ્મીર એ કે એક જુદું રાજ્ય છે, છતાં રીકાસ્તોથી તે દૌંદનું એક ભાગજ ગણાતું આવેલું છે. બીજા ભાગેા જેમ પાકીસ્તાનના નવાં રાજ્ય ની સાથે જોડાઇ ગયાં તેમ તેણે જોડા વાની ચોખ્ખી ના પાડી અને સ્વેચ્છાએ તે દૌંદ સાથે જોડાયું. આજે તે દૌંદ માં આવેલું છે અને દૌંદમાંજ રહેશે. એ પસંદગી કેવળ કાશ્મીરની પ્રજાની જ છે.

પૃથ્વીનું ભાવી

અમેરીકન વિજ્ઞાનીકેાએ પૃથ્વીનું ભાવી કાલમાં બહાર પાડયું છે. પૃથ્વી ને સુર્યથી છુટી પડે વીસ કરેાડ કરતાં પણ વધુ વર્ષોથી તે છુટી પડી છે. દુરબીનેા દ્વારા વિજ્ઞાનીકેા આકાશમાં તજ પ્રયત્નેા જ્યેાતી પીંડ જોઇ શકયા છે કે જેનું તેજ કયાકમાં દશ હજાર અથવા ક્રોડ વાર વધી જાય છે. અને તે તેજ પીંડ પછી ફાટી જાય છે. અને તેનેા પ્રકાશ અને ગરમી ચારેા તરફ પ્રસરી જાય છે. આનવા માં આવે છે કે તારા તેની અંદરના હાઇડ્રોજન પરમાણુઓના બળવાથી તેની "તારા"ની ગરમી વધી જતાં અને હાઇડ્રોજન તથા જલવાયુનું પ્રમાણ ઓછું થવાથી તાપ વધતાં તે દશાણ ને લક્ષને તારેા ભરમ થાય છે અને તેની આજુબાજુના તારાઓને પણ તેની અસર પહેાંચે છે. આથી એમ માનવામાં આવે છે કે સુર્યનેા પણ આવેાજ વિસ્ફોટ થવાનેા સભવ છે અને જો તેમ બને તેા પૃથ્વી સળગી ઉઠશે અને એક ક્ષણમાં નાશ પામશે. આ બનાવ બનશે તેા પચ્ચ તે દશ કરેાડ વર્ષ બાદ બનશે એમ વિજ્ઞાનીકેા માને છે

વિજ્ઞાનીકેા એમ પણ માને છે કે, જો પૃથ્વી ભરમ થતી કોઇક કારણે બચી જાય તેા સુર્યનેા તાપ વધતાં પૃથ્વી બરફ જેવી ઠંડી બની જશે. એકમતે વિજ્ઞાનીકેા એમ જણાવે છે કે જો સુર્ય ખુબ ગરમ થતાં ફાટશે નહીં તેા તે પૂર્ણ ભરમ થયા પછી ધીમે ધીમે ઠંડેા થતેા જશે અને તેની ગરમી અને તેજ પૃથ્વીને બાળશે નહીં.

૧૯૩૫-૩૬ માં મેાટા પુછડીઓ તારેા જણાશે એવું ભાવી વિજ્ઞાનીકેા એ ધાર્યું છે. અને વિજ્ઞાનીકેાને ભય છે કે કદાચ તે પૃથ્વીને નુકશાન કરશે. અથવા તેની સાથે અટકારો આ અથડામણથી પૃથ્વી ડેાલી ઉઠશે અને ઘણું નુકશાન થશે. બીલ્કુલ ચંદ્ર ધીમે ધીમે પૃથ્વીની વધુ પાસે આવતેા જાય છે જો તે પૃથ્વીથી ૧૨૦૦૦ માઇલ દુર આવી જાશે તેા પૃથ્વીના ખેંચાણને લઇ તે પૃથ્વીપર પડશે. ગુરૂત્વાકર્ષણથી આ બનાવ થવા સંભવ છે. આ ત્રણ સંકટેા પૃથ્વી માટે વિજ્ઞાનીકેાએ શોધ્યા છે. પણ સાધારણ માણસ કદાચ એમજ કહેશે કે, એ સંકટેા તેા આવતાં આવશે પણ મનુષ્ય રૂપી પશુના પંજાથીજ પૃથ્વીના છુટકેા નેા અંત આવી જશે એવું લાગે તેા. આ છે પૃથ્વીનું ભાવી.

ચરચુરણ

—ટાંગાનીકામાં ઇતિહાસમાં પહેલી જ વાર બે નેટીવેાને બીજા વર્ગના મેજીસ્ટ્રેટની પદવિ આપવામાં આવી છે. જો કે તેઓ મુખ્યત્વે કરી નેરોબ વસ્તી વગાજ ભાગમાં મુકાયેલા છે પરંતુ તેઓ ને સઘળી જાતીના લેાકેાને સજા કરવા નેા અધિકાર છે. એક માણસથી વધુ કેદની સજા અથવા પાંચ પાઉન્ડથી વધુ દંડ કરે તેા તે સજા પહેલા વર્ગના મેજીસ્ટ્રેટે મંજુર કરવી પડે.

—મુંબઇમાં પાંચ જુદા જુદા ઠેકાણાંની અંદર પરદેશી દાણની ૨૨૫ બાટલીઓ છુપી રીતે આયાત કરવા માટે જે વસ્તુ ગુજસેાની ધરપકડ થઇ છે તેઓ ફીલ્મ નિર્માતા સોહરાબ કેકુરને ત્યાં ઉતરતા હોવાથી તેમની પણ ધરપકડ કરવામાં આવી છે. કાર્ટુન પર છુટકા છે.

ટુંકી વાર્તા

વો સચમુચ મર ગઈ

લેખક: શ્રી. ગુલાબદાસ બ્રોકર

(ગતાંકથી ચાલુ)

પુના ઉતરીને જુદે જુદે રસ્તે અમે ચાલી ગયા. કોઇ ન જુએ તેમ તેણે મારી સામે હાથ હલાવી લીધો. પણ એ મિનિટે જ મારો નશો ઉતરી ગયો. શું કરતો'તો હું? એક શાદી કરેલ મર્દની જીંદગીમાં સીધું ભીજ ખાતર ઝેર નાખતો હતો ને? મારે તો શાદી કરવી હતી! એક પાક ઔર વફાદાર ઔરત મને મલે એવા ખ્વાબ હું હમેશાં જોતો હતો! મને ખુબ પસ્તાવો થયો. એ મિનિટે જ એ હાલીમાને મેં મજબ્બમાંથી કાઢી નાખી.

આખર સુધી એક બતાના કુતુહલ થી અને જરા રમુજ દૃષ્ટિથી હું એને જોઇ રહ્યો હતો તેમાં માનની લાગણી ઉભરાઇ. મેં ઉમળકાપુર્વક કહ્યું:

"કેમો સરદારજી, તમે કંઇ ફિકર ન કરો. હું કાલે મુંબઇ જવાનો છું. ઘરમાં તો પાછો આવવાનો છું. ત્યાં હું તમારે માટે તપાસ કરતો આવીશ. પેલા કરસનદાસભાઇએ બીજે કયાંય કામળ લખ્યો છે?"

તેણે ઉપકારવસ દૃષ્ટિએ મારી સામે જોયું. ધીમેથી બોલ્યો.

"આપને કેટલીક તકલીફ આપવી?" પણ સાથોસાથ તેણે પોતાના ખીસામાં હાથ નાખ્યા અને તેમાંથી બોડાવણા કાગળો બહાર કાઢયા. ઉપરજ્જામાં લખેલા બે-ચાર કાગળોની નકલ તેણે મને હાથમાં આપતાં કહ્યું:

"આ જ કરો એ કાગળો."

આવી અનાથ સ્ત્રીઓની બેત્રણ સંસ્થાઓપરની એ અરજીઓ હું વાંચી ગયો. ભાગણી સાદી સીધી હતી. સરદારજી આસુતોષ હતા. પાક વફાદાર દીકુ કે શીખ ઔરત તેમને ખપતી હતી. ખુબસુરત કે નાની ઉમરની તેમને જરૂર નહોતી. શાંતીથી તેમનું ઘર ચલાવે અને મર્મમાં બહારવાળી હોય એવી સારા સ્વભાવની બી માટે ની તેમની માગણી હતી.

"હું સમજી ગયો." મેં કહ્યું, "આ આશ્રમોમાં અથવા બીજે કયાંયે આ તમે લખાવી છે એવી કોઇ ઔરત મળી જાય તો હું તપાસ કરતો આવીશ."

છેવટે આઠ દિવસ પછી સાંજના પાંચ સાડા-પાંચને સુમારે સોનાવલાની બજારમાં જ એને મળવાનો મેં એની સાથે વાયદો કર્યો. મારી ભાગણી માટે લાખ લાખ ધન્યવાદ આપતો અને મેં બતાવેલા રસ્તે ઉભરો ઘુમિયા કરતો તે છુટો પડી તેને રસ્તે ચાલ્યો ગયો. તેની પડછંદ દેહાર કાયાને તે ઘરણી પણ ઝીલીને કૃતાર્થ બને એવી મદોનગીજરી તેની ચાલને હું થોડી પળો સુધી જોતો ઉભો રહ્યો. પછી કોઇ બાજેલા મધિમળ તરફ જોયું તો તેમાં આરસો દસ બજા હતા. ઘેર બધા મારી રાહ જોતા હશે અને અબુબાનું આટલું મોહું થયું તે કદાચ ચિન્તા પણ કરતાં હશે એ વિચારે મેં પણ ઝડપથી ઘર તરફ પગલાં ભરવા માંડયાં.

મુંબઇ ગયો, અને ત્યાં જ રહી ગયો...રહી જવું પડયું. કામના એટલા બધા બોજમાં દટાઈ ગયો કે બોરા દિવસો તો માથું ઉંચકવાની પણ નવરાશ નહોતી. અને પછી તો ઘણા વખત સુધી બહાર નીકળાય તેવું તો હતું જ નહિ. લોનાવલાથી બધાંને મુંબઇ બોલાવી લેવાં પડયાં. કામના એ ધસારામાં બિચારા કરતારસિંહની વાત તે કદાચીક યાદ આવે? કદિક યાદ આવે તો યે મહેનત કરી એ આશ્રમોમાં આંટાફેરા કરવાનો સમય કયાંથી મળે? ફુરસત યે કયાંથી ઉત્પન્ન થાય? પત્ની અને બાળકો સાથે એ પ્રસંગને યાદ કરી કોઇ વાર એમાંથી વિનોદ મેળવવા સિવાય કરતારસિંહની અને લોનાવલાની એ રાત્રિની સ્મૃતિ વિસ્મૃતિ સમી થઇ રહી.

પણ બોરા મહિના પછી પાછો જોયો. હું લોનાવલાના રટેશને ઉતર્યો, તેની માદક અને પુષ્ટિદાયક હવા ફેફસા માં ભરાવા લાગી કે કરતારસિંહની યાદ પણ એ તાજી હવાની સાથે જ હૃદયમાં તાજી થઇ ગઇ. શું થયું હશે એનું? કુતુહલ પણ જાગૃત થયું. પણ ઝાટકાં ઝાટકાં વચન આપ્યાં છતાં મેં તો ઝાટકા મહિનાઓમાં એનું કંઇ કામ પણ ન કર્યું કે હું કહું નથી કરી શકતો એવી એક મિથ્યા સભ્યતા દાખલ પણ મેં એને લખી નહિ તેથી શરમાઇ સાંજે બજાર માં તે મળે એવે સમયે બજારમાં જવાનું પણ મેં બંધ કરી દીધું.

એક સાંજે ફરવામાં રખડીને ઘર તરફ પોરટબોરીસ બાગળથી હું પાછો ફરતો હતો ત્યાં બોચિંતા જ મને કોઇએ ઘુમ પાડી.

"ઓ હજુર, ઓ જનાબ!"

મેં પાછળ જોયું તો ઝોંમાં કંઇક ચાવતો ચાવતો કરતારસિંહ પેલી સ્ટોરવાળા રેસ્ટોરાંના બહારના ટેબલ પાસે ઉભો થઇ જઇને મને ઘુમ મારતો હતો. હું તરત જ તેની પાસે ગયો, હાથ મિલાવ્યા, ખુશાખબર પુછી. કયારે આવ્યા છો, જનાબ, બોલો, 'ચાહ પીઓ' વગેરે બોલે પણ વિવેક કર્યો ને એમ શિષ્ટાચાર પુરો થતા જ મેં એની બાબતમાં હું કંઇ બી કરી શકયો નહિ એ માટે દિલગીરી દર્શાવી એના ઉત્તરમાં "કુછ નહિ" એમ એ બોલતો રહ્યો; ત્યાં જ મેં પુછી લીધું,

"હવે તો શાદી કરી નાખી હશે, સરદારજી?"

તરત જ એના ચહેરા ઉપર ઉભરી આવેલી વિષાદની રેખા હું જોઇ શકયો.

"કૈસી શાદી જનાબ? મારા જેવા મુફલિસ સાથે શાદી કોણ કરે? સહુને પૈસા જોઇએ છે." કડવાશથી બોલી પછી જરા નિઃશ્વાસ નાખી પોતાને જ કહેતો હોય તેમ તે ધીમેથી બોલ્યો: "પૈસા!"

"શું થયું, સરદારસા'બ? આમ નિરાશ કેમ થાઓ છો?"

"શું કહું, જનાબ? આપના ગયા પછી વીસ-પચ્ચીસ દિવસ તો આપના આવવાની ખુબ ખુબ રાહ જોઇ, પછી તો હું મારી મેળે જ તપાસ કરવા લાગ્યો. ગોરી મેમની પુછપરછ તો ચાલુ જ હતી. ને.....સાચું કહું જનાબ? મને પોતાને પણ શાદી કરવાની લગની લાગી હતી. આમ તો કદાચ ઓછા વિચાર આવત પણ આખો દિવસ આ વાત મનમાં ઘોળાયા પછી મને યે મનમાં થતું હતું કે ઔરત, બચ્ચાં, ઘર બધું જ માણસને જોઇએ. શા માટે ન જોઇએ? ને કેટલાં વર્ષ આમ એકલા એકલા ચોરના માથાની જેમ રખડયે રાખવું? ઔરતના ચહેરાની કુમાશ, તેના અવાજ ની મીઠાશ, તેના હાવભાવની ખુબસુરતી અને તેની મહોબ્બતની સિનજરત હંમેશાં મારી નજર સામે રમ્યા રહેતાં અને ગોરી મેમ કહે કે ન કહે, આ નોકરી હોય કે ન હોય તો યે મારી શાદી કરવાની ખ્વાહિશ મારી જાય તેમ નહોતી. જેમ જેમ વાત કેસાતી જતી હતી તેમ તેમ હું વધારે બેચેન બનતો જતો હતો. છેવટે હું મુંબઇ આંટો મારી આવ્યો. જે બે ત્રણ જગ્યાએ મેં અરજી કરી હતી તે જગ્યાએ મહેનત કરી. માંડમાંડ આવડા મોટા અજાણ્યા શહેરમાંથી શોધી કાઢી અને તે આશ્રમો ચલાવનારાની મુલાકાત લીધી. અને આંતે (અવાજમાં ફરી કડવાશ લાવીને...) સૌનો સાર એ નીકળ્યો કે તમારી પાસે પૈસા જોઇએ. અમુક હીંદુ! ઔરતો તો શીખને પરણાવવા જ તૈયાર નહોતી..કોઇ તૈયાર હતી તો આબબલળા તેને પરણાવ્યા પહેલાં પૈસા ડીપોઝીટ માગતા હતા. તો બીજી વળી ઔરતના નામે બોડા પૈસા હું મુકું તેમ કહેતા હતા. હાં, બે જણ જગ્યાએ એમ ને એમ થઇ શકે તેમ હતું તો તે ઔરતોમાં દમ નહોતો."

પરમની બાપનાં દાંત બબુચાના હોય? મને હસવું આવ્યું. મેં કહ્યું, 'કરતારસીંહ, તમે તો કહેતા'તાને કે મારે રૂપ કે નાની ઉમરનું કામ નથી!'

"હાં જી, એ જ કહું છું. પણ પાક સાફ ઔરત તો જોઇએ ને! આ તો કોઇ બાવીસ કાડી મુકેલી કે એવા કોઇ ગુનાસર જેલ જઇ આવેલી ઓ હતી. એકમાં ન ઠરી કે એકને ન ઠારી શકી તે મને શું ઠારવાની હતી? ને એના કરતાં તો આમ એકલો શું ખોટો છું?" કહી તે હસ્યો.

"તે હવે શું શાદી કરવાની આશા જ મુકી દીધી?"

"આશા મુકી દીધી કે ન મુકી દીધી એ તો ઠીક, પણ આ નોકરી તો મુકી જ દેવી પડશે એમ લાગે છે." તેણે કહ્યું,

"એમ કેમ?" મેં આશ્ચર્યથી પુછ્યું.

"કેટલો વખત મહાના ચાલે? ને એ જુકાવાં પણ ઉપલાને કયાં સુધી રાખવાં?"

હું યે વીચારમાં પડી ગયો. તેની વાત તો સાચી હતી. પણ ઓચિંતા જ મને એક વીચાર આવ્યો ને મેં આનંદમાં આવી જઇ તેને કહ્યું.

"જુઓ કરતારસીંહ, મને એક વીચાર આવે છે. તમારી વાત સાચી છે. અહીં બેઠે બેઠે તમે કેટલા દિવસ બહાનાં કાઢયે રાખો? તેના કરતાં તમે એમ એમ કરો કે આજીથી બે એક મહિનાની રજા લો, કહો કે હું મારી બીબીને લેવા પંજાબ જવું છું. એ બે મહિના દરમીયાન તમે ત્યાં જ શાદી કરી લેવા કોશીશ કરો."

"પણ ત્યાં યે ન હાવે, તો?" કરતારસીંહે પુછ્યું.

"આગે આગે ગોરખ જગે." મેં ઉત્સાહથી કહ્યું. "આજીને કહેવું કે આવવાના બોરા દિવસો અગાઉ જ બીબી બિમાર થઇ ગઇ અને સગાંઓ એ એને એ સ્થિતિમાં આવવા ન દીધી. હા, ના, હા, ના, કરતાંયે છ ચાર મહિના તો નીકળી જશે ને એટલા વખતમાં તો કયાંક લોગ નહિ બાપ જડ્યા?"

"હાં, યો ઠીક હૈ," તે વીચારમાં હોય તે રીતે બોલ્યો. પછી બોઢી વાર ઉત્સાહમાં આવી જઇને "હાં, યહી ઠીક હૈ, બરસ દિવસમાં તો આસમાનમાંથી પણ ઔરત શોધી કાઢીશ." પછી જરા મરકરીભર્યા અવાજે, "હવે તો મને જ એના વિના ચાલતું નથી તો એ જશે કયાં?" પછી વળી જરા વીચારપુર્વક "પંજાબ માં તો કેટલી લડકીઓ છે ને હું તો હવે કમાતો છું ને?"

પછી અમે છુટા પડયા, ત્યાં સુધી માં તો વહેલામાં વહેલો તારે રજા લઇ એકવાર પંજાબ આંટો મારી આવી

લગ્ન માટે બનતો બધો પ્રયત્ન કરી લેવા તેણે નિર્ણય કરી લીધો.

બે ચાર પાંચ દિવસમાં તો તે પંજાબ તરફ રવાના પણ થઈ ગયો. ટ્રેન સુધી મુકવા ગયેલા અને પછી તેની આશાતુર મુદ્રાએ આશાન્વીત બનાવી મુકયો. મેં કહ્યું: "કરતારસીંહ, દરોડ કરો આના હો?"

"અછ્છ જનાબ" તેના ચહેરા ઉપર ઓચીંતાની ચીંતાની રેખાઓ તણાઈ આવી. "આ વખતે ન દાખ્યો તો મને બહુ દુઃખ થશે. હવે બેકલા બેકલા ગમતું નથી."

"ન ફ્રેમ દાવો! જરૂર દાખશો." હું બોલ્યો ને ટ્રેન ઉપડી.

ઉપડતી વખતનો તેનો આશા અને ઓત્સુક્યભર્યો ચહેરો એ વાં દરમીયાન વારંવાર મને યાદ આવતો. એનું શું થયું હશે એનું કુતૂહલ પણ થતું. તેથી તો આઠ દસ મહિને પાછો જ્યારે બોનાવલા ગયો ત્યારે પહેલો વીચાર એને મળવાનો જ આવ્યો. સાંજે જ એને બજારમાંથી બોળી કાઢયો. તે બહુ આનંદમાં ન લાગ્યો. ઉતાવળ ન હોય તો પેલી રેસ્ટોરાંમાં જવા મેં માગણી કરી. રસ્તે ચાલતાં ચાલતાં જ એ જરા નિરાશામય અવાજે બોલ્યો.

"કુછ ન હોં સકા, બાઇસા'બ."

"ઓહ." હું એટલું જ બોલ્યો. તેની નારાજીનો મને પણ સ્પર્શતી હોય તેમ લાગ્યું. અમે મુંગા મુંગા પેલી રેસ્ટોરાવાળી રેસ્ટોરાંમા પહોંચ્યા. તેણે જ વાત શરૂ કરી:

"બુજ કોશીસ કરી, લેકિન....." પછી તરત જ અહીંની જ વાત પર તે આવી ગયો. "અહીં આવીને તો મેં આપના કહ્યા પ્રમાણે કહ્યું કે બીબી મારી પછી જાય ને હું તેને સાથે ન લાવી શકયો. મેં બહુ લાગણી દેખાડી. તેને સાથ કરવા પૈસાની જરૂર પડે તો તે પણ માગવા કહ્યું. મેં ખુશિયા કરી એ વાતનો તો ના પાડી. બાટલાં જુદાંજુદાંમાં વળી એ લાજ યા માટે હશે? મારે દિલ પણ ઠંચ્યું હતું. બે મહિનામાં તો જરૂર આવી જશે તેમ કહ્યું ને જનાબ..." આટલી દુઃખભરી વાતમાંથી પણ તે ઓચિંતો ઉત્સાહમાં આવી ગયો ને જનાબ, અને પણ બોચીનું સુઝી ગયું ને એ વાત પછી અહીં બધ મહિના પછી હું બેંગ પાસે ગયો ને શરમાતાં શરમાતાં કહી કે બીબીને તો બચ્ચું આવવાની આશા છે એવું બત ત્યાંથી આવ્યું છે એટલે સમાચારદાતાઓ ત્યાં સુધી તો નહિ મોકલે! હું શું કરું?"

"વાહ," મેં કહ્યું. "પછી એણે કહ્યું?"

"એ તો બુશ થઈ ગઈ, જનાબ! એટલી ભલી ઔરત છે! એટલે તો આવા બહાનાં કાઢી એ નોકરીને જ વળગી રહ્યો છું ને; નહિ તો બીજી નોકરી ન બોળી લેત? બુદાનું માણસ કોને કહેવાય એ તો એને જોઇને જ હું સમજ્યો છું. કુછ નહિ કરતારસીંહ કુછ નહિ. જવા આને દો, બબર હમ ઉસકો પઢાયેંગે, કહી એ એટલી આનંદથી હસવા લાગી! બીબીની નબિબત સાચવવાનું બબવાની સુચના પણ તેણે આપી, એટલે હમણાં તો નિરાંત છે."

"પણ પછી શું, પાછીનો કંઈ વીચાર કર્યો?"

મારો પ્રશ્ન સાંભળી તેના ચહેરા ઉપર પુર્વ વિષાદ પથરાઈ ગયું. તે નિરાશ અવાજે બોલ્યો.

"પછીનો શો વીચાર કરે, જનાબ? મારી પાસે પૈસા પણ નથી ને મારે મકાનમ પણ બદલવો નથી. પછી શાદી કર્યાથી કહું? ને સાચું કહું? હવે તો શાદી કરવાની મારી આશા ને ઇચ્છા પણ મરી ગઇ છે."

એ "મરી ગઇ" શબ્દથી સુજવું હોય કે અમે તેમ પણ એ જ પળે મારા મગજમાં એક વીચાર ઝબકી ગયો. ને મેં કરતારસીંહને કહ્યું. "રેમ જ કરો ને. બડમને કહી દો કે સુવાવડની માંદગીમાં બીબી મરી ગઇ."

જાણે મેં કહેલું ન સાંભળ્યું હોય તેમ તે બેરહીવાર સુધી દૃષ્ટિ નીચી રાખીને બેસી રહ્યો. તેના ચહેરા ઉપર એટલાં વિષાદ અને ગમગીની બથરાયેલાં હતાં કે મને પણ તેની એ સ્થિતિમાં વિક્ષેપ નાખવાનું મન ન થયું. પછી મનમાં કશા વિચારની તે ગાંઠ ન વાળતો હોય તેમ બેઘડી પળ તેના હોઠ ઉઘાડબંધ થયા અને આખરે તેણે મુખ ઉંચું કર્યું: મારી નજર સામે તેણે પોતાની નજર મિલાવી. જાણે કોઇ સ્વજનના મૃત્યુથી શોકાતુર બની ગઇ હોય તેવી દર્દભરી તેની આંખો બની ગઇ હતી. મેં તે સામે મારી નજર બાજુમાં ફેરવી લીધી ત્યાં જ તે અત્યંત કરણ અવાજે બોલ્યો:

"આપ સચ કહેતે હૈ, જનાબ બબ તો વો સચમુચ મર ગઇ."

એના અવાજમાં રહેલા દર્દથી બેચેન હું મારી આંખ તેના તરફ ફેરવું ત્યાં તે ઊભો થઇ ગયો હતો.

"વો સચમુચ મર ગઇ" એમ કરી ધીમેથી બોલી તે કપાટબંધ બહાર નીકળી ગયો. મારું આશ્ચર્ય ઓછું બતાં હું એક ક્ષણમાં બહાર ધસી આવ્યો. ત્યાં તો તે ઘોડે દુર નીકળી ગયો હતો. તેનાં પગલાંનો અવાજ આવતાં અનેક મૃત્યુઓના ભણે પડયા પાડી રહ્યો હતો.

(સંપૂર્ણ)

અમારો અમેરીકાનો પત્ર

(ન્યુયોર્કના બબરપત્રી તરફથી)

હીંદને માટે અનાજ

પ્રતિનિધિ સભાએ અને પાછળથી સેનેટ હીંદને માટે અનાજ મોકલવાને લગતું બીલ છેવટે પસાર કર્યું છે અને પ્રેસીડન્ટની તેના ઉપર સહી થતાં અનાજથી ભરેલી સ્ટીમરો હીંદ જવા ઉપડી જશે. અમેરીકન રેડ ક્રોસે હીંદની રેડ ક્રોસને અનાજ વીટામીન્સ અને દવાઓ ખરીદવા બે લાખ ડોલર્સ આપ્યા છે. ફ્રીસ્બીટ્યન ફ્રરેન્ડ ઓવર સીઝ પ્રોગ્રામ જે ક્વેકરોએ ફ્રરેન્ડ લાયન, ચર્ચ વર્લ્ડ સરવીસ અને બ્રધરન વર્લ્ડ સર્વીસ, એ બધ્ધ સંસ્થાઓનું પ્રતિનિધિત્વ ધરાવે છે, તેણે બુત તા. ૬ ઠીએ શ્રી. વિજયાલક્ષ્મિ પંડીતને વીકાગો માં ૪૦,૦૦૦ બુશલ ઘઉં અર્પણ કરી અનાજ ઉપરાવવાની શરૂઆત કરી હતી. યુનાઇટેડ નેશન્સે રચાયેલી કમીટી એ બાર હજાર ડોલર ઉધરાવ્યા હતા, જેમાંથી કેટલીક રકમ યુનાઇટેડ નેશન્સ ના સેક્રેટરીયેટના સભ્યો અને ઉલીગેટો મદદ અર્થે રમાયેલી ફુટબોલની રમત માંથી ઉભી થઇ હતી. ૪૯ ટન અનાજ ઈલીનોઇઝ યુનીવર્સીટીમાં "તમારા બોરાકમાંથી હીંદને બાગ આપો"ની ઝળબળથી એકઠું થયું હતું.

લેંગ આપ્લેન્ડમાં આવેલાં મેથી ટાઉનમાં ગૃહીણીઓએ પ્રજાને અપીલ કરી હીંદમાં ઓરહેનેજો પર મોકલવા બબ ટન ડાઇડ અને ફ્રેન્ડ ફ્રુટ એકઠું કર્યું હતું. ન્યુ યોર્કની ઇન્ડિઅન પ્રોગ્રેસીવ એસોસીએશનના સભ્યોએ કપ૦ ડોલર એકઠા કર્યા છે. જેમાંની કેટલીક રકમ બેક બેરટ ઇન્વીટમાં આવેલા અરજાથી આવેલી હતી.

બસો રતલના દસ હજાર બેગ ચોખા બ્રીટીશ ગીયાનાની હીંદી કોમે આપ્યા હતા.

પાકીસ્તાનના સત્તાધીશોના કુટુંબ-કબીલાઓની ખરપકડ

યુનાઇટેડ નેશન્સ ખાતેના રબાઇ પ્રતિનિધિના બદલામાં નીમાયેલા પ્રતિનીધીના પત્નિ શ્રીમતી રહાત શૈયદ ઇતારી, તેમની દીકરી નાદીરા અને એક મીસીસ એસ. એચ. ફ્રરુકની ન્યુ રોચલની પોલીસે "જાપસી શોપલીફ્ટર્સ" ના વહેમપર બબે મહિને ધર પકડ કરી હતી. શ્રીમતી ઇતારી વીજેરેને ન્યુ રોચલની એક દુકાનમાંથી પકડવામાં આબ્યાં હતાં. અને ડીટેકટીવો તરફથી પોલીસ ચોકી પર લઇ જવામાં આવ્યાં હતા. અબજદારી હેવાલ મુજબ તેઓ પોતાના દેશી પોષાકમાં હોઇ પોલીસ અમલદારોને દુકાનોમાં બાતર પાડવાને રાખવામાં આવેલા છુપી જોવા લાગ્યા હોવાથી તેઓને પકડવામાં આવ્યાં હતાં. યુનાઇટેડ નેશન્સ ખાતેના પાકી સ્તાનના રબાઇ પ્રતિનિધિ ગ્રેફેસર એ. એસ. બોખારીએ વાંધો ઉઠાબ્યો હતો કે કોઇ કપડારાળા પોલીસોને ઓળબ ના કાર્ડ બતાવવા છતાં સ્ત્રીઓ પર હાથ નાબવાનું ચાલુ રાખે છે. તેઓ ને પાછળથી ઓફીસ મુકવામાં આબ્યાં હતાં પરંતુ ખોટી રીતે પકડવા બદલ માફી માંગવામાં આવી નહોતી. પાછળ થી સત્તાવાર રીતે માંગવામાં આવી હતી. આ બનાવને અબબારોએ બહુ ચકચાર આપી હતી.

દુનીયાના સમાજવાદી

બ્રીટન' વિશ્વયુદ્ધ વખતે નીબેરાઇ બબેલી સમાજવાદીઓને આંતરરાષ્ટ્રીબ સંસ્થાને પુનઃસ્થાપિત કરવા હું'ક સમબ પર દુનીયાના સમાજવાદી નેતાઓ જરમનીમાં એકઠા થયા હતા. યુનાઇટેડ સ્ટેટસ, હોંડ, ઇઝરાયલ, જપાન અને અન્ય દેશોમાંથી પ્રતિનિધિઓ હાજર થયા હતા. હોંદથી ડો. રામ મનોહર લોહીયાએ હાજરી આપી હતી. યુનાઇ ટેડ સ્ટેટસ બબને પાછા ફરતાં ડો. લોહીયાના માનમાં અમેરીકાની પ્રતિષ્ઠા લીગે બાબુનો જલસો કર્યો હતો.

પાકીસ્તાનની વતનીઓની અમેરીકામાં વસાહત

નોર્થ ડેકોટાના સેનેટર વીલીયમ લેંગરે પાકીસ્તાની વસાહતીઓ માટે જુદો ક્વોટા સ્થાપવાને લગતું બીલ પાકીસ્તાનના એલચીના આગ્રહથી લાવવામાં આબ્યું છે. આરીજોના, ટીનીકસના ડો. મુબારક અલીબાને ૩૦૦ પાકીસ્તાની વતનીઓને બાસ બ્યાન આપવા સેનેટર પેટીકે એ. એક ફ્રરનને એક કાગળ લબ્યો બણાબ્યું છે કે "યુનાઇટેડ સ્ટેટસ ■ પુર્વને હમેશાં કેટલો આશા આપનારો દેશ થઇ પડયો છે એ તમારાથી સમજવું મુશ્કેલ છે. આ દેશ જેમાં લીંકન અને વાશીંગ્ટન પાકેલા છે તે આ સંકટના દીવસોમાં સ્વતંત્ર જગતને આશા આપનારો દેશ છે. આ દેશમાં આવેલા ઘણા ખરા પાકીસ્તાનીઓ નોકરીબાતો અને બેકારો છે. "તેબોએ આ દેશને હાલ રૂપ બનાવવામાં મદદ કરેલી છે અને આ લોકોને માટે આ ક્વોટા બીલ છે. તેઓ સાધારણ જગતના લોકો, કાર બાનાઓમાં નોકરી કરનારા લોકો છે. અમેરીકા દેશને વધારે મજબુત બનાવવામાં મદદગાર થયા તેઓ અહિ રહેવા લાયક છે.

સોવીયેટના કાર્યક્રમમાં હવે પછી અધ્યપુર્વ

રવીવાર જુલાઇ તા. ૧ લીના 'ન્યુ યોર્ક ટાઇમ્સ'માં એક લેખમાં સુચવ વામાં આબ્યું છે કે સોવીયેટ હવે બબ પુર્વમાં આયું મારશે અને ઇરાન અને બ્રીટન વચ્ચેની તકરારમાં અથવા તો બ્રીજઓની તકરારોમાંથી લાભ ઉઠાવવ બાયું મારશે.

હીંદમાં ઈદ-ઉલ-ફીત્રની ઉજવણી

પવિત્ર રમજાન માસ બાદ દિલ્હીમાં જુલાઈ તા. ૬ ઠીના ઇદ-ઉલ-ફિત્રની ઉજવણી થઇ હતી. એક લાખ ઉપર મુસલીમો જુદી જુદી મસ્જીદોમાં બંદગી માટે એકત્ર થયા હતા. સૌથી મોટી મેદની ૪૬ ગાહમાં થઇ હતી જ્યાં જમીયત-ઉલ-ઉલેમાએ હીંદના મહેલાના મહમદ સહેબ નમાજ પઢારી હતી. મુસલીમ દેશોની સરકારોના પ્રતિનિધિ ઓ જુમ્મા મસ્જીદની નમાજમાં હાજર થયા હતા. ત્યાં ઈમામ અબ્દુલ હમીદે નમાજ પઢાવી હતી. નમાજ બાદ મુસલીમોએ હીંદુ અને સિખ્ખ ભાઇઓ સાથે ઇદ મુબારકની કરી હતી.

શ્રીનગરમાં ઇદગાહના મેદાનમર એક લાખ ઉપર મુસલીમોએ બંદગી કરી હતી. મુસલીમ સિવાયના બધા લોકોએ પણ હાજરી આપી હતી અને નમાજ બાદ મુસ્લીમ ભાઇઓને ઇદ મુબારક કરી હતી.

દીલ્હીના સરકારી મહેના લગભગ બધા મુસલીમ કાર્યકર્તાઓ અને તેમ ના ઇોદરાંઓ સુંદર મોગલ બાગમાં હીંદના રાષ્ટ્રપતિની મુબારકબાદી લેવા અને આપવા એકત્ર થયા હતા. તેઓ ને ઇદ મુબારક ધ્યાતાં રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદે કહ્યું કે, દરેક દરેક બીન-મુસલીમ આજે તમારા આનંદમાં સામેલ થય છે. તેમણે કહ્યું, હીંદમાં લોકશાસન સ્થપાયા બાદ આવા ઇદ જેવા તહેવારો બધાં કોમોને માટે સમાન થયા છે. આવા ધાર્મીક અને સંસ્કૃતિક તહેવારો ઉજવવામાં જાતી-જાતીનો ભેદ રાખ્યા વિના સમગ્ર લોકોએ એક બીજા સાથે સામેલ થવું જોઇએ. એની સંયુક્ત ઉજવણીથી લોકોમાં વધારે મજબુત સંગઠન થશે. આજે હીંદમાં સૌ સમાન દરજ્જો અને છૂટ ભોગવે છે અને તેથી દેશ પ્રત્યે તેઓની સમાન જવાબદારીઓ રહેલી છે. સરકાર પ્રજાની છે તેમ પ્રજા સરકારની છે. અને તેથી હું માનું છું કે બધાં કોમોના સહકાર થી મુસલીમોનું નવું વર્ષ દેશમાં સૌએ પવિત્ર ગણવું જોઇએ.

શેખ અબ્દુલ્લાહે કરેલું ભાષણ

શ્રીનગરમાં એક લાખ પચાસ હજારની મેદની સમક્ષ ભાષણ કરતાં કાશ્મીરના વડા પ્રધાન શેખ અબ્દુલ્લાહે કહ્યું, બંધારણસભાની આવતી ચુંટણી માં મત આપવાનો સૌને સમાન હક અને સ્વતંત્રતા રહેશે અને તેઓ પોતાની ઇચ્છામાં આવે તે ઉમેદવારને મત આપી શકશે.

કાશ્મીરના લોકો પ્રત્યે હીંદ અને પાકીસ્તાનની વલણોની સરખામણી કરતાં તેમણે કહ્યું કે, હીંદી નેતાઓ હમેશાં કહેતા આવ્યા છે કે કાશ્મીર ના લોકોનું ભાવિ નક્કી કરવાનું છેવટે કાશ્મીરના લોકોનાજ હાથમાં રહ્યું છે. હીંદની હસ્તીને માટે કાશ્મીર આવશ્યક છે એવું તેઓએ કદી નથી કહ્યું. જ્યારે પાકીસ્તાનના નેતાઓ એવું કહેતા આવેલા છે કે, કાશ્મીર વગર પાકીસ્તાન નભી નહિ શકે. પાકીસ્તાનની હસ્તી માટે કાશ્મીર જે આવશ્યકજ હોય તો કાશ્મીરીઓએ કયા રાજ્યની સાથે જોડાવું એ બાબતના સવાલ ઉદ્‌ભવજ નથી.

શેખ અબ્દુલ્લાહે કહ્યું કે, ૧૯૪૭ માં જ્યારે જંગલી લોકો શ્રીનગર સુધી પહોંચી ગયા ત્યારે કાશ્મીરના લોકોને હીંદને મદદની આજીજી કરવી પડી અને હીંદે તે ઉદારતાથી આપી. આજે આપણે બંદગી કરી રહ્યા છીએ તે હીંદના રોનીકોનો પ્રતાપ છે, કે જેઓ આજે પણ પોતાના જીવના જોખમે આપણા પહાડોનું રક્ષણ કરી રહ્યા છે. જ્યારે પાકીસ્તાન તો કાશ્મીરની મદદે નહિ આવ્યું એટલુંજ નહિ પરંતુ જંગલી લોકોના આક્રમણને ટેકો આપી રહ્યું હતું. શેખ અબ્દુલ્લાહે કહ્યું, બંધારણ સભા મારવાના જેવાં બનાવો પગલાં લેવાતાં થયાં તેવીજ પાકીસ્તાનના નેતાઓને ફરીથી આવવા લાગી. બંધારણ સભાને હસ્તીમાં આવતી અટકાવવા ખોટી ખરી બધીજ રીતો અજમાવવા લાગ્યા. પાકીસ્તાનને ખીલવાનું કારણ માત્ર એકજ છે અને તે એ કે તેના હેતુઓ ધર્મોજ બોદી અને અપ્રમાણીક છે. અંતમાં શેખ અબ્દુલ્લાહે કહ્યું કે, પાકીસ્તાન કાશ્મીરના લોકોનું ધન ચુસી ખાવા માગે છે. અમે તેમ નહિ થવા દઇશું અને લીધાકત અલી ખાન અને તેમના સાથીઓને મોગલની માફક કાશ્મીરને ચુસવા નહિ દઇશું. કાશ્મીરીઓના મતનો પાકીસ્તાનને ડર લાગે છે અને તેથી તે બંધારણ સભા મારવાનો વિરોધ કરે છે.

પરચુરણ

— કેપટાઉનના શા. બાબુભાઇ છીબા બીલીમોરીમાંનાં માતુશ્રીનો સ્વર્ગવાસ થયાને એક વર્ષ થવાથી સ્વર્ગસ્થની આત્મશાંતી અર્થે હવનાદિ ક્રીયા કરાવ વામાં આવી હતી. અને બાબુભાઇ તરફથી પા. ૨-૧-૦ ની રકમ જુદી જુદી સંસ્થાઓને દાન કરવામાં આવી હતી.

—ગાંધીજીના મંત્ર શ્રી. પ્યારેલાલ નૈયર ગાંધીજીનું જીવન વૃત્તાંત જે ગાંધીજી એ "સત્યના પ્રયોગો" નામે લખ્યું છે તેની પછીનું લખી રહ્યા છે.

—પોરબંદરના રહેવાસી માસ્તર શ્રી. શંકરલાલ મણીશંકરને સાંચ લેવા માટે પકડવામાં આવ્યા છે.

—શ્યામ પ્રકાશ મુકરજી કે જેઓ હીંદુ મહાસભા પક્ષના નેતા ■ તેઓએ ૧૨ બીજા પક્ષોની એકતા કરી કોંગ્રેસ સામે ચુંટણીમાં ઉભવાની તયારીઓ શરૂ કરી છે.

—૧૭ મી જુલાઇના કોંગ્રેસની મહા સમીતીની બેઠક બેંગલોરમાં મળનાર છે. આ બેઠક ઇતીહાસીક થવા પામી છે. કોંગ્રેસના આગેવાનો અને તેની સામે થતાં મોરચાઓ સામે કોંગ્રેસને ઉભવા વીચારણા થશે.

—ક્રોસએન્જલ્સની પોલીસે એક દારૂ પીધેલા માણસને પકડયો. એ માણસ ની ઝડતી લેતાં તેના ખીસામાંથી "લીવીંગ વિધાઉટ લીકર" ('દારૂ વિનાનું જીવન') એવું પુસ્તક નીકળ્યું. પુસ્તકના લેખક છે ડો. વરનન જોન સન ટનીસેલ. ન્યાયાધીશે પેલા દારૂ ડીયાને પુછયું: "શા માટે તમે આ પુસ્તક વાંચતા નથી અને ડોકટરને એ વીશે શું કહેવાનું છે તે જાણતા નથી?" દારૂડીયાએ જવાબ આપ્યો: "હું જ પોતે ડો. ટનીસેલ છું!"

અદરખ ગોરીસનું રૂ. ૧ રતલ

તરફ ૧/૧ નાનાવતું અદરખ હાલમાં માલ થયું છે. આવ. ૧/૬, બજાર ૧/૧ રતલ. ઓરડર સાથે પડેલા મોકલાવશે.

ફોન ના. ૨૦૪૪૬.

M. A. MAHOMED 10 Southampton St., Point, Durban.

કેળવણી વડે ક્રાંતી

કેળવણીકાર ભાર ઉપાધ્યાય

કીમત ૭-૦

આ ઓફીસેથી મળશે

"મિલાપ"

તંત્રી: મહેન્દ્ર મોદાણી

આ માસીકમાં દેશ પરદેશના અનેક છાપાંઓમાંથી તારવીને સામગ્રી આપ વામાં આવે છે. હાલના ધમાલીયા જીવનમાં નીરાંતે વાંચવું મુશ્કેલ બને છે તેવાઓ માટે આ માસીક રસ ભરી સામગ્રી પુરી પાડે છે.

અંક સાત, આઠ, નવ, દસ, અને અગીયાર, બાર, તેર અને ચોદ આવી ગયા છે.

પ્રત્યેકની ૨/૩ પોસ્ટેજ સાથે અમારી ઓફીસેથી મળશે.

(નીયમીત ગ્રાહક થવા ઇચ્છનાર અમને લખે.

INDIAN OPINION,
P. BAG,
PHOENIX.

નવાં વેચવાના પુસ્તકો

સમરાંગણ	૬	૩
ભણવાનું મંદ	૬	૦
મધુપ	૭	૦
વિજ્ઞાનીક જગત		૫૭
મુક્તધન (ટાગોર હસ ગોલ્ડન)	૬	૦
ચિત્રલેખા	૮	૦
ચાંદ મુખી	૭	૬
જગતનો ત્રાસ (અરબી ભાષે)	૨	૬
ઇપાધ્યક્ષા	૬	૬
પંડીતજીની હાસ્ય પ્રભા	૭	૧
વસ્તીને ભાવાલે	૬	૦
વિવાહનો પ્રબંધ	૩	૦
સરકારના આપણેનો સંગ્રહ	૧૨	૦
મોટો ગોકણી ડ્રોપ	૧	૨ ૬
રાજા દરા	૬	૦
ગોને ચરણે	૨	૩
આગેરવાળી (ટાગોરની નોવેલ)	૮	૦
ગાંધીજી મીત્ર (શ્રી ઉપધ્યાય)	૧૦	૦
રવીંદ્રનાદ	૫	૬
ચારણદાર	૭	૬
મીરા પ્રેમ દીવાની	૧૩	૬
આગે કદમ	૭	૬

મળવાનું ઠેકાણું આ ઓફીસ

ખીલાપ

ખીલાપના ઘેલ્લા અંકો આ મેલમાં આવ્યાં છે. પ્રત્યેક અંકની ૨ ૩

મળવાનું ઠેકાણું:

Indian Opinion
P. Bag,
Phoenix.

ચિંતા ? ! ! !
શાની ચિંતા ?

તમારા રસોડામાં વપરાતા કરીયાણા – ગ્રોસરી – (મરી મસાલો, કઠોર, બરણીયું દવાઓ, ઉવન-પુળ તેમજ સ્નો અંગેની તમામ જરૂરીયાતોની ચીંતા હમારા ઉપર છોડી દો. અંતોષકારક માલ કિફાયત ભાવે, જીના બિલથી મોકલાવી શું. "ગ્રાહકોને સંતોષ આપવો એ હમારો મુદ્રાલેખ" છે.

ઓડરેસ : ૧૧૮ બિકટોરીયા સ્ટ્રીટ, ડરબન, ફોન : ૨૭૮૭૫

પરશુ નરસીંહ એન્ડ કું. (પી) લીમીટેડ.
ડરબનની ૩૦ વર્ષની પુરાણી અને સુપ્રસિદ્ધ દુકાન.

વર્ષ માલ સી. ઓ. ડી. થી મોકલાવવામાં આવશે.

સંત રૈદાસ

[સાપ્તાહિક હિન્દુસ્તાન ના ૨૨-૪-૫૧ ના અંકમાં આવેલા શ્રી. અખિલ વિનયના લેખનો સારાનુવાદ]

સત્યનો અંત્યજને સાથે નિર્દય રીતે વર્ત્યો. માણસે માણસના જન્મ સિદ્ધ અધિકારો ઝુંટવી લીધા. ધર્મને નામે તેમને સતાવવામાં આવ્યા; એમને દેવદર્શનથી પણ વંચિત કરવામાં આવ્યા. પણ પ્રભુની ભક્તિમાં નાતજાત બાધક નથી; ઈશ્વરના દરબાર માં જાતિભેદ કે વર્ણદ્વેષ નથી. નીચ કહેવાતી જાતિઓમાં પણ અનેક સંતો થઈ ગયા છે. એમણે અધ્યાત્મની એવી અલૌકિક સંપત્ત પ્રાપ્ત કરી કે બ્રાહ્મણશ્રેષ્ઠ સ્વામી રામાનંદે અંત્યજોને દીક્ષા આપવા માંડી.

આવા એક સંત ચમાર જાતિમાં થઈ ગયા એમનું નામ રૈદાસ. એમણે પોતે કહ્યું છે :

જાતિ કી ઓછી, કામ કી ઓછા,
ઓછા કિતબ હમારા ।
નીચેસે પ્રભુ ઊંચ કિયો હૈ,
કહ રૈદાસ ચમારા ॥

એમનો જન્મ કાશીમાં થયો હતો. અનેક સંતોની જેમ એમની ચોક્કસ જન્મતિથિ મળતી નથી. પણ તેઓ કબીરના સમકાલીન હતા, એ પરથી એમનો જીવનકાળ પંદરસોસનની પંદરમી સદીનો પાછળનો ભાગ અને સોળમી સદીની શરૂઆતનો કહી શકાય. તેઓ અનેક વાર કબીરના સંસર્ગમાં પણ આવેલા. બહેતો જ્યારે કબીર પાસે આવીને અગમ પંથની વાત પુછતા, ત્યારે કબીર તેમને રૈદાસ પાસે મોકલી દેતા :

તંતનમેં રવિદાસ સંત હૈ,
પન્થ લહર સો હૈ જાને ।

પ્રેમરસભીનાં મીરાં સંત રૈદાસને પોતાના ગુરૂ માનતાં હતાં એમ કહેવાય છે. એ વિષે ઐતિહાસિક પ્રમાણ મળતું નથી, પણ લોકકથા અનુસાર મીરાં છેવટે એમની શિષ્યા થયાં હતાં. કહાય આ અંત્યજ સંત સાથેના સંપર્કને કારણે જ ચિતોડના રાજવી લોકો ગુસ્સે થયા હશે અને મીરાંને પોતાના પિયર તથા સસરાના રાજકુળનો ત્યાગ કરવો પડ્યો હશે.

બીજી એક લોકકથા એવી છે કે, મીરાંની જેમ ચિતોડની રાણી ઝાલી પણ રૈદાસની શિષ્યા થઈ ગઇ હતી. બ્રાહ્મણોએ રાણા આગળ આ બાબત ની ફરિયાદ કરી, એટલે રૈદાસને દરબારમાં બોલાવવામાં આવ્યા. ભક્ત ની લાજ રાખવા પ્રભુની પ્રાર્થના કરતા રૈદાસ રાણાના દરબારમાં હાજર થયા. એમ કહેવાય છે કે, એમના દર્શનમાત્રથી જ રાણો એમને વશ થઈ ગયો. એક વાર રાણીએ બ્રહ્મભોજનનું નિમંત્રણ આપ્યું, ત્યારે તેમણે અંત્યજની શિષ્યાનું ભોજન લેવા ના પાડી. પણ પછી તેઓ પોતાને ઘેર જમવા બેઠા ત્યારે તેમણે પોતાની આજુબાજુ અનેક રૈદાસ બેઠેલા જોયા. આ જોઇને બ્રાહ્મણોનો મર્મ ભણી ગયો અને તેઓ કહેવા લાગ્યા કે, રૈદાસે પોતાના હાડચામના દેહ નીચે આધ્યાત્મિક જનોઇ પહેરેલી છે.

સંત રૈદાસ મસ્ત જીવ હતા. લોકો નિન્દાસ્તુતિ કરે તે તરફ તેઓ ધ્યાન ન આપતા. પોતે જોડા સીવીને ગુજરાન ચલાવતા. ઘરમાં સતીસાધ્વી સ્ત્રી હતી. તે ઘરમાં જે કંઈ હોય તે પતિની સેવામાં હાજર કરતી. પતિપત્ની એક નાનકડા ઝુંપડામાં રહેતાં. તેમાં એક તરફ ઠાકોરજીની છબી ટાંગી રાખી હતી. રૈદાસ જોડા સીવતા જાય અને હરિ તરફ જોઇ પ્રેમવિહ્વળ વાણીમાં ગીતા ગાય :

પ્રભુજી તુમ ચંદન હમ પની
જાકી અંગ અંગ વાસ સમાની ।

રૈદાસ વિષે 'ભક્તમાળ'માં અનેક ગાથાઓ છે. કહે છે કે, એમની દરિદ્રતા ફેડવા પ્રભુએ સાધુરૂપે આવી તેમને પારસમણિ આપ્યો અને એના સ્પર્શથી લોઢા સીવવાના એક સોયાને સોનાનો કરી દેખાડ્યો. રૈદાસે મણિ લેવા ના પાડી. પણ સાધુએ હઠ પકડી ત્યારે સંતે કહ્યું કે, નથી માનતા તો ખોસી દો આ છાપરામાં. તેર મહિના પછી સાધુ પાછો આવ્યો. તેણે પારસમણિ વિષે પુછયું ત્યારે રૈદાસે કહ્યું કે જ્યાં મુકયો હોય ત્યાંથી લઈ લો; મેં તો એનો સ્પર્શ પણ નથી કર્યો. આ પરથી એમની સંતોષવૃત્તિ અને સાદા જીવન પર અચ્છો પ્રકાશ પડે છે.

રૈદાસ નિર્ગુણરૂપ પરમેશ્વરની ઉપાસના કરતા; જોકે એમણે પોતાના પ્રભુને 'માધવ' નામે સંબોધ્યો છે. ગ્રેમ અને વૈરાગ્ય તો તેમનામાં હાંસી હાંસીને ભર્યા હતા. શ્રીહરિસ્મરણ તેમનો અનન્ય આધાર હતો :

જો તુમ તોરો રામ મૈ નહીં તોરૂં ।
દુવસો તોરિ કવનસો જોરૂં ॥

રૈદાસે કોઇ પંથ નથી સ્થાપ્યો. પણ એમના ભક્તો અને મિત્રો અસંખ્ય હતા. કારણ તેઓ મેળાઓ માં અને અધ્યાત્મ મંડળોમાં કૃષ્ણ, અપંગ અને સ્ત્રીઓ તથા બાળકોની હમેશાં સેવા કરતા. આજે પણ ગુજરાતમાં તથા બિહારમાં લાખો માણસો પોતાને રૈદાસપંથી કહેવડાવે છે.

રૈદાસના એક મુખ્ય ભક્ત ઉદયદાસના એક શિષ્ય બીરભાણે ઉત્તરપૂર્વ રજપુતાનામાં બિજોલ્યર નામના સ્થાન માં 'સાધસંપ્રદાય' સ્થાપ્યો હતો. એ પંથના અનુયાયી ઘરને સત્નામ કહેતા, તેથી તેઓ સત્નામી કહેવાયા. અલ્હાબાદ, મિરજાપુર આદિ ઉત્તર પ્રદેશનાં નગરોમાં આજે પણ એ પંથ ના અનુયાયીઓ છે.

૧૨૦ વર્ષની ઉમરે રૈદાસ બ્રહ્મપદ પામ્યા એમ કહેવાય છે. એમના અનુયાયીઓ માને છે કે, તેઓ સદેહે અંતર્ધાન થઇ ગયેલા. ગમે તેમ હોય, રૈદાસે નીચ ગણાતી જાતિઓને ઉન્નતિને રસ્તે વાળવા ઘણો પ્રયત્ન કર્યો.

ગઇ ૧૦ મી એપ્રિલે 'રૈદાસ જયંતી' ઉજવવામાં આવી હતી. એમની વાણી આપણને સદા પ્રેરણા આપતી રહેશે.

જા દેખે દિન ઉપજે, સાકકુંડમેં વાસ
પ્રેમભક્તિસે ઊપરે, પ્રગટત જન રૈદાસ ॥૧॥
હીરા હીરા ઠોકીએ, કરે જાનકી આસ ।
તે નર યમપુર જાહિંગે, સત ભાષે રૈદાસ ॥૨॥
રૈદાસ સાંતિ ન સોરયે, દિયસ ન કરિયે સ્વાદ ।

અહિ-નિશિ હરિજી સુમરિયે, છાંડિ સકલ પ્રતિવાદ ॥૩॥

હરીભાઈ ચોરડા

નેટીવોને પશ્ચિમ સંસ્કૃતિ ભોગવવાની તક મળવી જોઈએ

નેશનલ યુનીયન ઓફ સાઉથ આફ્રીકન સ્ટુડન્ટસની વાર્ષીક કોંગ્રેસ ગયે અઠવાડીયે ખુલ્લી મુકતાં વીટવોટરસ્રેન્ડ યુનીવર્સીટીના પ્રો-વીસચાન્સેલર અને વાઇસ ચેન્સેલર ડૉ. એચ. આર. રેમકસે કહ્યું કે, સાઉથ આફ્રીકાએ નેટીવોને પશ્ચિમની યુરોપીયન સંસ્કૃતી સંપુર્ણપણે ભોગવવા દેવી જોઇએ અને અંતે સંપુર્ણ નાગરીકત્વને પહોંચવાની તક આપવી જોઇએ. એ સિવાયના બીજા માર્ગો-ટોરાઝે સર્વોપરિતા ચાલુ રાખવાની નીતી અથવા બહુ ઝડપી સુધારો-એ બન્ને અસંતોષ કારક છે. પોતાની વિશાળ નોન-યુરોપીયન બહુમતીને કીધે સાઉથ આફ્રીકા દુનીયાના દેશોમાં અપુર્વ સ્થાન ધરાવે છે અને પોતાના ઉદ્ધારનો માર્ગ પોતેજ શોધી કાઢવો પડશે.

યુનીયનની બોસવથી ગોરાઓએ એ કલાએજ નથી કરી પરંતુ પ્રજાના બન્ને વર્ગોએ કરેલી છે. તેનો અર્થ એ થાય કે એકજ જાતીની બેગોની જેમ કરોનો ઉપયોગ આખી કોમના સમગ્ર લાભાર્થે થવો જોઇએ.

કેળવણીની સગવડો મોટા પ્રમાણમાં નોન-યુરોપીયનોને આપી જાહેર સેવકો પુરા પાડવામાં તેઓને પોતાનો હાલો આપવાની તાલીમ આપવી જોઇએ. તેઓને ગોરાઓ અને કમમાં ગોસાપ તેવા ભાવે પુરાં પાડવાં જોઇએ અને પોતાની માલીકીના ઘરો પુરાં પાડવાં જોઇએ, અને તેને રથાનિક સ્વરાજ્ય આપવું જોઇએ.

ડૉ. રેમકસે કહ્યું કે, આ વચલો માર્ગ લેવાથીજ યુનીયનમાં પશ્ચિમ સંસ્કૃતિ ટકી શકશે. ઘણું મોડું થવા લાગ્યું છે પરંતુ હજુ પણમાં લેવાય તો બાજી સાવ હાથથી ગઇ નથી.

યુનીવર્સીટીની આર્થીક સ્થિતિ વિષે બોલતાં તેમણે કહ્યું કે, વધારાની સરકારી મદદ મેળવવી મુશ્કેલ જોઇ નથી કેમકે એથી યુનીવર્સીટીની સ્વતંત્રતા જતી રહેશે.

યુનીવર્સીટી ચલાવવાને પોતાને વધારે ખર્ચ થાય છે એમ જો રાજ્ય ને ભવિષ્યમાં લાગશે તો તે વધારે અંકુશની માગણી કરશે અને તેવો અંકુશ ત્રિજાતક બની પડશે. તેમણે નેશનલ યુનીયન ઓફ સાઉથ આફ્રીકન સ્ટુડન્ટસને અને યુનીવર્સીટીના ચેન્સલ્લરોને યુનીવર્સીટીઓ માટે કન્ઝ એ કહ્યું કરવા સુચવ્યું કે જેથી આ વસ્તુ ને ટાળી શકાય.

ડૉ. પી. વી. ટેસ્ટીયાસે પ્રમુખસ્થાને થી જણાવ્યું કે નોન-યુરોપીયન વિદ્યાર્થીઓને બીજ યુનીવર્સીટીઓમાં અભ્યાસ કરવા જતાં અટકાવવાને તેઓને પરવાના નહિ આપીને સરકાર અત્યારથી અમલી પગલાં લઇ રહી છે કેમકે પાછળથી પ્રતિબંધિત કાયદા દાખલ કરી શકે. વિદ્યાલયોમાં આવા જાતી અને વર્ણભેદનો આ સંસ્થા સખત વિરોધ કરે છે.

અઠવાડીક પંચાંગ

વાર	પારસી ૧૯૫૧ જુલાઇ	હીંદુ ૨૦૦૭ આષાઢ	મુસલમાન ૧૩૭૦	પારસી ૧૩૨૦ શહે. કદમી	સુર્યોદય કા.મી.	સુર્યાસ્ત કા. મી.
ગુરૂ	૨૦	વદ ૨	૧૫	૨૧	૬-૪૭	૫-૧૭
શની	૨૧	,, ૩	૧૬	૨૨	૬-૪૬	૫-૧૮
રવી	૨૨	,, ૪	૧૭	૨૩	૬-૪૫	૫-૧૯
સોમ	૨૩	,, ૫	૧૮	૨૪	૬-૪૪	૫-૨૦
મંગળ	૨૪	,, ૬	૧૯	૨૫	૬-૪૩	૫-૨૧
બુધ	૨૫	,, ૭	૨૦	૨૬	૬-૪૨	૫-૨૨
ગુરૂ	૨૬	,, ૮	૨૧	૨૭	૬-૪૧	૫-૨૩

PHONE 33-2651
MASTER BROS.
MANUFACTURERS OF LADIES' & GIRLS' STRAW & FELT HATS
WHOLESALE MERCHANTS & DIRECT IMPORTERS
HOUSE FOR KEEN CASH PRICES
West Street, JOHANNESBURG.

માસ્ટર બ્રધર્સ
હોલસેલ મરચન્ટસ એન્ડ ડાયરેક્ટ ઇમ્પોર્ટર્સ
રેશમી તેમજ સુતરાઉ કાપડ, મુલ્યવાન રબ્બર, બ્લાન્કેટસ—બેબી બાસ્કેટ માટે
બ્રત બ્રાતનો માલ. તેમજ કેપટાઉન બ્યોરાનેટ સાથેનો
બીજેરે માટે હમારે ત્યાં પ્રથમ તપાસ કરવા ભલામણ છે
33 વેસ્ટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.
ફોન: ૩૩-૨૬૫૧

Cable & Tel. Add.: "HARGVAN". Phone 29638.
P. HARGOVAN & CO.
(PTY.) LTD.
WHOLESALE MERCHANTS
AND IMPORTERS.
P. O. BOX 1250.
155/7 Warwick Avenue
DURBAN.

NATHOO TABHA
TIMBER & HARDWARE MERCHANT
& DIRECT IMPORTER
Door, Windows, Corrugated Iron, Cement, Monarch, Iron Duke, Buffalo, and Elephant brands paint or any other building material at reasonable price.
Established 1907, NATHOO TABHA,
107 Queen Street, Phone 24647.
Telegraph "Mani," DURBAN.

M. J. PATEL
INTERNATIONAL SPORTS COMPANY
Importers & Exporters & General Commission Agents
10 Peking Road, Kawoon, HONG KONG.
Special attention is paid to indent orders
Write To Us For Further Particulars.

અમારા નવા નિશાળ ઉપયોગી પુસ્તકો

ઇતિહાસ

દેશ પરદેશ ભા. ૧	૨ ■
ગુજરાતનું ગારવ	૧ ૯
હરિના હતીહાસની રૂપરેખા ભા. ૧	૨ ૨
આપણા દેશનો હતીહાસ	૧ ૬

ભૂગોળ

દેશ દેશાવરમાં ભા. ૧	૨ ૦
આર્યોનું ભૂગોળ	૪ ૯
ભૂગોળ પરીચય ભા. ૩	૧ ૧૦
" " ભા ૪	૨ ૩

વાંચન માટે સાહીત્ય

પ્રાચીન સમયની રેસ કથાઓ	૧ ૯
દેશ દીપકો	૩ ૦
બાળ જગત	૧ ૬

અંક ગણીત

અંકગણીતના મુળ તત્વો	૨ ૦
મીડલ સ્કુલ અંકગણીત ભા. ૧	૨ ૯
મારું ગણીત ભા. ૧	૧ ૩
" " ભા. ૩	૧ ૬

સાહિત્ય પહાવલી

પુસ્તક પાંચમું	૨ ૧
" સાતમું	૨ ૩
ધોરણ ત્રિજા ફીનીશ કરીખવા માટે પાહાવલી ભા. ૧-૨ પ્રત્યેકની	૨ ૦

શુદ્ધ લેખન માળા આ માળા
માં નીચના ચાર પુસ્તકો આવે
છે. એ પુસ્તકો દ્વારા બાળકો જ્ઞાન
મેળવે છે.

શુદ્ધ લેખન તાલીમ વર્ગ

" " ધોરણ ૧-૨-૩-૪	
પ્રત્યેકની કીંમત	૧ ૦

નવયુગ વાચન માળા

બાળબોધી	૧ ૨
પુસ્તક પહેલું	૧ ૩
પુસ્તક બીજું	૧ ૦
પુસ્તક ત્રીજ	૨ ૩
" ચોથું	૨ ૩

સાહીત્ય કલોલ

સાહિત્ય માટે વાચન વધારવા
વિદ્યાર્થીઓને ઉપયોગી પુસ્તકો

પુસ્તક ત્રીજા	૨ ૩
" ત્રીજા	૧ ૯

વિદ્યાપીઠ વાચન માળા

ચાલણ ગાડી	૧ ૦
પહેલી ચોપડી	૧ ૦
બીજી ચોપડી	૧ ૦
ત્રીજી "	૨ ૨
ચોથી "	૨ ૧
પાંચમી "	૨ ૦
પુસ્તક	૨ ૬

ચાલો લખીએ

શ્રેણી ૧	૧ ૬
" ૨	૧ ૬
" ૩	૧ ૯
" ૪	૧ ■
" ૫	૨ ૦
" ૬	૨ ૦
" ૭	૨ ૦

Obtainable From:

'INDIAN OPINION'

P. Bag, PHOENIX, NATAL.

BOOKS FOR SALE

INDIAN STATESMEN (Dewans and Prime Ministers With Portraits)	7	6
INDIAN JUDGES (Biographical and critical sketches with portraits)	7	6
EMINENT AMERICANS WHOM INDIA SHOULD KNOW—Jabez T. Sunderland	7	6
THE BHAGAVAD GITA—The Lord's Song—(An English Translation)—Annie Besant	1	0
WHAT IS WRONG WITH INDIAN ECONOMIC LIFE? —Dr. V. K. R. V. Rao	3	0
THE U.E.C.C. AND INDIA—A. N. Agarwala	3	3
OUR INDIA (Children's stories by various writers, illustrated) —Mirra Motani	2	6
COTTAGE INDUSTRIES AND THEIR ROLE IN INDIAN ECONOMY—Prof. Rao	2	6
SHAW—WELLS—KEYNES ON STALIN—WELLS TALK (Verbatim Record)	3	6
GOLDEN NUMBER OF "INDIAN OPINION", 1914 (Souvenir of the Passive Resistance Movement in S.A., 1906-1914)	4	0
THE DELIVERANCE (A picture of the palpitating life of the joint family)	4	6
SEVEN MONTHS WITH MAHATMA GANDHI Being an Inside view of the Non-co-operation Movement (1921-22)—Krisnadas	3	0
GANDHIJI AS WE KNOW HIM—Intimate and delightful incidents by various writers	5	0
PUBLIC FINANCE AND OUR POVERTY —J. C. Kumarappa	3	6
HISTORY OF THE REIGN OF SHAH ALUM —W. Franklin	7	6
THE LIFE OF RAMAKRISHNA—An exhaustive account of the Master's wonderful life—Romain Rolland	15	3
INDIAN STATES' PROBLEM (Gandhiji's Writings and Utterances)—M. K. Gandhi	10	0
FOUNDATIONS OF PEACE (Critical study of the conditions which precipitated two world wars—K. T. Shah	15	0
INDIA SPEAKING (Various contributions on economic, political, cultural and social problems of modern India)	15	0
MAHATMA GANDHI (The Man and his Mission, an enlarged and up to date edition of Gandhiji's life,) —By various writers	3	0
SHAKESPEARE'S TRAGEDIES (King Lear, Macbeth, Hamlet and Othello—William Miller	2	0
SOVIET ATTITUDE TOWARDS CHINA Facts And Facts—Stanley Powell	6	0
AMONG THE GREAT (Conversation with Romain Rolland, Mahatma Gandhi, Bertrand Russell, Rabindranath Tagore and Sri Aurobindo)—Dilip Kumar Roy	15	0
TWO HISTORICAL TRIALS IN RED FORT —An account of the trial of the Officers of the I.N.A.	14	0
WHY CRIPPS FAILED (Documented account from the Indian Nationalist point of view)—M. Subrahmanyan	2	6
GANDHI-JINNAH TALKS (Text of Correspondence and other relevant matter)	2	6
INDIAN SCIENTISTS (Biographical Sketches. An account of their researches, discoveries and inventions	7	6
PRACTICE AND PRECEPTS OF JESUS —J. C. Kumarappa	3	6
MAHATMA GANDHI—Louis Fischer 1	10	0
ROLLAND AND TAGORE, Letters of two eminent writers	3	0
LIFE AND GOSPEL OF VIVEKANANDA —Romain Rolland	13	6
WOMEN AND SOCIAL INJUSTICE—M. K. Gandhi	10	0
GANDHIJI'S CORESPONDENCE WITH THE GOVERNMENT (1922-44)—M. K. Gandhi	5	0
THE STORY OF MY EXPERIMENTS WITH TRUTH —M. K Gandhi	15	0
CHRISTIAN MISSIONS IN INDIA (Their place in India)—M. K. Gandhi	3	0
STORY OF SATARA—Major B. D. Basu, (I.M.S.)	16	0
INDIAN CHRISTIANS (Biographical and critical sketches of poets, publicists of the Church)	7	0
THE STORY OF BARDOLI—Mahadev Desai	6	0
NON-VIOLENCE IN PEACE AND WAR —M. K. Gandhi	17	6
TALES FROM SANSKRIT DRAMATISTS (The famous plays of Bhasa, Sudraka, Kalidasa, Sri Harsha, Bhavabhuti and Visakhadatta)	5	0
FAMOUS PARSIS	7	6
PILGRIMAGE FOR PEACE—Pyarelal	12	6
STRAY GLIMPSES OF BAPU—Kaka Kalelkar	3	0
AMANAMA—M. K. Gandhi	2	0
SELECTED LETTERS—M. K. Gandhi (1st Series)	1	0
FROM YERVADA MANDIR—M. K Gandhi	1	6
SELECTIONS FROM GANDHI—Nirmal Kumar Bose	10	0
FOR PACIFISTS—M. K. Gandhi	3	0
IDEA AND DIET REFORM—M. K. Gandhi	6	0
GANDHIANA—D. G. Deshpande—(A Bibliography of Gandhian Literature)	5	0
GLEANINGS—Mira	1	0
HINDU DHARMA—M. K. Gandhi	10	0
THE IDIOTS WIFE—Dr. Sen Gupta	1	6
GANDHIAN ETHICS—Benoy Gopal Ray	2	0
DELHI DIARY—Gandhiji	10	0
BAPU—Mary F. Barr	1	0
TO THE STUDENTS—M. K. Gandhi	2	0
SATYAGRAHA IN CHAMPARAN—Rajendraprasad	1	0
MY LIFE AND MISSION—Vivekanand	1	3
COMMUNAL UNITY—M. K. Gandhi	25	0
THE GITA ACCORDING TO GANDHI —Mahadev Desai	12	0
FREEDOM AND CULTURE—S. Radhakrishnan	3	3
THE EPIC FAST—Pyarelal	2	6
THE HEART OF HINDUSTHAN—Radhakrishnan	3	6
TALES OF BENGAL—Sunta and Sita Ghatterji	3	3
CHAITANYA TO VIVEKANANDA	3	3
FOOD SHORTAGE—Gandhi	4	0
GANDHI'S CHALLENGE TO CHRISTIANITY —S. K. George	5	0
INDIA AND HER PEOPLE—Swami Abhedanda	3	3
Nurra Electrix (P.y) Ltd., 83 Victoria St., Durban. Osman H. E. Khan, 25 a Mackenzie St., Dundee, Natal. Pyramid Stores, 155 Grey Street, Durban. Father's General Supplies, 114 Victoria Street, Durban. Padayachee Bros., 83 Cooper Street, Stanger, Natal. Rand Fruit Market, P.O. Box 28, Potgietersrust, Tvl. Rand Wholesalers (Pty.) Ltd., 14 New Court Chambers, Ferreira St., Johannesburg. Roopanand Bros., 85 Victoria Street, Durban. Star Music Store, 535 South Coast Rd., Rossburgh, Natal. M. M. Suliman & Co., P.O. Box 8, Umzinto, Natal. Tradewell Supply Store, 41 Wooley St., Port Shepstone.

Please Note
Postage on 10cm records: Please add 1/- for first record and 6d for every additional record.
Postage on album 2/- extra.

ઇન્ડિયન ઓપિનિયન

મહાત્મા ગાંધીજીના હસ્તે સને ૧૯૦૩માં સ્થપાયું.

ગુરુવાર તા. ૩ ઓગસ્ટ, ૧૯૫૧. | પ્રસ્તુત ૪૯ મું—અંક ૩૧ | છુટક નકલ પૈની.૬

"ઇન્ડિયન ઓપિનિયન"

ગુરુવાર તા. ઓગસ્ટ ૩, ૧૯૫૧.

ડંખતું હૃદય

ચાલુ સાલ આફ્રીકાના વર્ણભેદના સવાલપર 'નાટાલ મરકયુરી' તેમજ 'નાટાલ વિટનેસ' પ્રમાણમાં જે ઉદાર વલણ બતાવી રહ્યાં છે તેની અમે સાભાર કદર કરીએ છીએ. પરંતુ જીટનના મજુર પક્ષે અકટોબર માં મળનારી પોતાની વાર્ષિક પરિષદ માં આ સવાલ, કે જે આખે દુનીયા નું ધ્યાન ખેંચી રહ્યો છે અને સચેગે એક આંતરરાષ્ટ્રીય સમસ્યા બનવા લાગ્યો છે, તેની ચર્ચા કરવાની કરેલી દરખાસ્તની આ બંનેએ કરેલી ટીકા સાથે અમે સંમત થઈ શકતા નથી. સૌથી પ્રથમ તો મજુર પક્ષ જે ઠરાવો લાવવા માગે છે તે સાવ નિર્દોષ અને સજ્જની છે અને આખી દુનીયા જેને વિષે સામાન્ય જ્ઞાન ધરાવે છે તેની બાબતોપર મંડાયેલા છે. તેમાંનો એક ઠરાવ એપાર્ટહેડની નીતી પ્રત્યે બેદ દર્શાવનારો છે અને સુચવે છે કે, જે પ્રદેશોને માટે બ્રીટીશ સરકાર જવાબદાર છે તે પ્રદેશોમાં નેટીવોના હકોને સર્વોપરી ગણવામાં આવવા જોઇએ. બીજો ઠરાવ સાઉથ આફ્રીકાની વર્ણ ભેદની નીતીને માટે બેદ દર્શાવે છે અને સાઉથ આફ્રીકામાંના બ્રીટીશ હક મતના પ્રદેશોને સાઉથ આફ્રીકા સાથે જોડી દેવાની દરખાસ્તોનો બ્રીટીશ રાજ દારને વીરોધ કરવા સુચવે છે. એ ઠરાવ વધુમાં ન્યાસાલેન્ડ અને નોર્થન રોડેસીયાનું એ દેશોના નેટીવ વતની ઓને પ્રતિકુળ થય પડે એ રીતે સધન રોડેસીયા સાથે જોડાણ કરવા ની દરખાસ્તનો પણ વિરોધ કરવા બ્રીટીશ સરકારને સુચવે છે. (કાળા અક્ષર વાચકોનું ખાસ ધ્યાન ખેંચવા કરેલા છે.) વળી બીજો ઠરાવ સાઉથ આફ્રીકાની હાલની સરકારની વર્ણભેદની નીતી પ્રત્યે તિરસ્કાર દર્શાવે છે અને વર્ણભેદની પ્રચલિત રીતોનો અંત લાવવા અને જાતી કે વર્ણના આધારે કોઇ પણ જાતનો ભેદ પાડવા સિવાય સાઉથ આફ્રીકાના સઘળા નિવાસીઓને માટે ખરો સામા જીક ન્યાય મેળવવા યુનાઇટેડ નેશન્સ તેમજ અન્ય સમર્થ સાધનો દ્વારા બનતું સઘળું કરવા બ્રીટીશ સરકાર પર દબાણ લાવવા મજુર પક્ષની કાર્ય વાહી સમીતીને સુચના કરે છે. હજુ બીજો ઠરાવ યુનીયનના રંગવાળું નાગરીકોના મતાધીકાર છીનવી લેનારા મલાન સરકાર તરફથી કરવામાં આવે લા કાયદા માટે બેદ દર્શાવવા અને વેરટ આફ્રીકાના સંસ્થાનોમાં સ્થાનીક રાજ્ય સત્તા આપનારા બ્રીટીશ સરકારે કરેલા ડાયદાને આવકારવા પરિષદને સૂચના કરે છે. આ ઠરાવ આફ્રીકા ના સઘળા સંસ્થાનોમાં તેમજ પ્રોટેક ટરેટોમાં અને બાસ કરી કેનીયા અને બેચુઆનાલેન્ડમાં બ્રીટીશ સરકારને એવી નીતી અખત્યાર કરવા સુચવે છે કે જે આફ્રીકન વસ્તીના હકોને સર્વોપરી ગણનારી હોય.

સિદ્ધાંતમાં સાચ ખરૂં

કોઇ પણ સમજદાર માણસ નહિ જ કહી શકે કે આ ઠરાવો પરિસ્થિતિને પુરે તદન અજ્ઞાનતાથી મંડાયેલા છે. સિદ્ધાંતમાં આ ઠરાવો તદન ખરા છે અને સિદ્ધાંતમાં જે વસ્તુ ખરી હોય તેને કાયમને માટે કદી પહોંચી નહિ શકાય તેવા દુરના એક આદર્શ તરીકે જ રાખવામાં આવતી નહિ હોવી જોઇએ પરંતુ એ આદર્શે પહોંચવાનો પ્રામાણીક પણે બનતો સઘળો પ્રયત્ન કરવામાં આવતો હોવો જોઇએ, કે જે, સાઉથ આફ્રીકાના ગોરા રાજકર્તાઓ, કેવળ રવાર્થ ના કારણે, કરવા માગતા નથી. બલકે જ, જેને તેઓ પોતાના દેશની બાનગી બાબતો કહે છે, તેમાં બહાર ની દખલગીરી થાય તેનો તેઓ બેહદ સખ્ત વીરોધ કરી રહ્યા છે. પરીણામ સ્વરૂપ અન્યાય થઇ રહ્યો હોય અને માનવતાના પ્રાથમીક નીયમોનો ભંગ થઈ રહ્યો હોય, પછી ભલે તે કોઇ પણ માણસ અંધારા ખુણામાં કે કોઈ પણ સમાજમાં કે કોઈ પણ રાજ્યમાં થઈ રહ્યો હોય, અને એવા અન્યાયના ભોગ થઈ પડેલાઓનો આર્તનાદ સાંભળવામાં આવે તો એ બાબત બાનગી રહી શકતી નથી. જેના સાંભળવામાં તે આવે તેણે તુરત જ તે ધ્યાનપર લેવી જ જોઇએ અને બહારની લાગવગથી રાહત આપવાના તુરત જ પગલાં લેવાં જોઇએ. નહિ તો માનવતાનો કશો અર્થ જ નથી. એક પતિ પત્નિનો જ દાખલો લઇએ. એ તો એ બન્ને વચ્ચેની તદન બાનગી બાબત જ કહેવાય. પરંતુ જો પતિ પોતાની પત્નિ તરફ ગેરવર્તણુક બતા વતો હોય તો પત્નિ તુરતજ રાહત મેળવવા કોર્ટનો આશ્રય લેવા દોડી જશે. તેની ફરિયાદ ધ્યાનપર લેવામાં આવશે અને તેને રાહત આપવામાં આવશે. એજ વસ્તુ કોઇ નીર્દય પાલી ઓ નીચે રાખવામાં આવેલા નાબારસ બાળકો અથવા તો ઘાતકી મા બાપ નીચે રહેલા ઓરમાન બાળકોને લાગુ પડે છે. એ વસ્તુ શું ધ્યાનમાં લેવાશે કે, સાઉથ આફ્રીકામાં 'બીન-ગોરાઓની સ્થિતિ આંખેદુખ ઓરડાના બાળકોના જેવીજ છે અને જાતે બની બેઠેલા વાલીઓ, તરફથી તેઓ પ્રત્યે ઓજ જાતનો ગેરવ્યવહાર ચલાવવામાં આવી રહ્યો છે? પોતાને માટે શું સારૂં છે તે વીચાર કરવાનો કે તે પ્રમાણે વર્ત વાનો પણ તેઓને હક નથી; તેઓથી ઉમરલાયક તો કહી શકાય જ નહિ; ઉમરલાયક થયાના જેવાં ચિન્હો દેખાયાં કે તેઓની બાંધેલાપર કાતર મુકવામાં આવે અને તેઓને નપુંસક બનાવી દેવામાં આવે અને કાયમને માટે તેઓને ઓજ દશામાં રાખવામાં આવે, કે જેથી જાતે બની બેઠેલા ગોરા વાલીઓ પોતાનું વાલીપણું ગુમાવે નહિ. એ વસ્તુ શું ધ્યાનપર રાખશે કે સાઉથ આફ્રીકામાં બીન-ગોરાઓને લાગુ પડતા સઘળા કાયદાઓની ઓજ ચલણ છે? અને ગ્રુપ એરીયાઝ એકટ, રીપબ્લેટ રેપ્રેસેન્ટેશન ઓફ વોટર્સ એકટ, સપ્રેસન ઓફ કોમ્યુનીઝમ એકટ, બાન્ટુ ઓથોરીટીઝ એકટ એ સઘળા કાયદાઓ કરવામાં ઓજ હેતુ સમાયેલો છે એ વસ્તુ હાલની સરકારે છુપાવેલી નથી. અને આ દેશના ઓદ્યોગીક કાયદાઓ અને બીન ગોરા ઓને લાગુ પડતા બીજા અનેક કાય દાઓની પાછળ પણ ઓજ હેતુ રહેલો છે? અને તેમ છતાં "અમારી બાનગી બાબતોમાં બહારની દખલગીરી સહી નહી શકાય"ની સતત ધુમ મચાવવા કરવી એ મોકુજ વીચિત્ર છે અને અતિશયોક્તીની સીમા ઓળંગી જાય છે, કે જેને માટે નિરંતર બહારની મદની જરૂરી આજની દુનીયામાં હવે સ્થાન નથી રહ્યું.

બગડેલાં બાળકના લક્ષણ

એક તરફથી સાઉથ આફ્રીકા પોતા ની બાનગી બાબતોમાં બહારની દખલ ગીરી સામે પોકાર કરી રહ્યું છે જ્યારે બીજી તરફથી બહારથી જેટલી મેળવી શકાય તેટલી મદની તે ભીખ માગી રહ્યું છે. એક તરફથી તે સ્વેચ્છા ચારી રહેવા માગે છે અને બીજી તરફ થી તેનાથી તેમ બની શકાતું નથી. આ બગાડી બુકેલાં બાળકો "બાળક ના લક્ષણ છે. અને જેમ તેવાં બાળક ના કાન પકડવાની જરૂર પડે છે તેમ સાઉથ આફ્રીકાને પણ તેવી સજા થવા ની જરૂર છે. 'નાટાલ મરકયુરી' કહે છે કે નેશનલીસ્ટોએ જે કહેલું છે એ એટલું બહારનું નથી જેટલું તે કરવા ધારે છે તે છે." આ તેના શબ્દોથી અમને આઘાત સાથે તાજુબી થાય છે. શું તેનો અર્થ એ થાય છે કે હાલની સરકારે હમણાજ પસાર કરેલા સમથા કાયદાને એ પત્ર સહાનુભુતી આપે છે? તો પછી બાકી તો એ કાયદા એને અમલમાં મુકવાનુંજ રહ્યું. એ સિવાય હજુ બીજું શું કરવાનું બાકી રહ્યું છે? વળી 'નાટાલ મરકયુરી'ની એ દલીલ પણ વાજબી નથી કે, "બ્રીટીશ તંત્ર હેઠળના બધા બીજા પ્રદેશોના કરતાં સાઉથ આફ્રીકામાં બીન-ગોરા પ્રત્યે બધાદે સારો વર્તાવ બતાવવામાં આવે છે. બે ખોટાં કામ કરવાથી એક ખરૂં કામ થતું નથી. અને બ્રીટીશ સરકારને તો પોતાની જુલ્મનું જ્ઞાન થયું છે અને તેણે સુધારા બાનું શરૂ કર્યું છે, જ્યારે સાઉથ આફ્રીકા પુરાણાને માર્ગે ચડેલા સમ જીત દેશો જે જાહીએ નાબુદ કરી બેઠા છે તે જાહીઓને મજબુત કરી રહ્યું છે.

આથી બ્રીટીશ મજુર પક્ષ તરફથી અકટોબરમાં મળનારી પોતાની પરિષદ સમક્ષ રજુ થનાર ઠરાવો ચાજબી અને સમયસરના જ છે. બાકીની દુનીયા સાઉથ આફ્રીકાની બાબતોથી અજાણ છે એમ કહેવું એ બધેરેલી દુનીયાની બુદ્ધિનું અપમાન કરવા બરાબર છે. પોતાની બાબતોમાંના બહાર ની દખલગીરીનો સાઉથ આફ્રીકાનો વીરોધ એ તેના ડંખતા હૃદયનો પુરાવો આપે છે.

નોંધ અને સમાચાર

ડરબનની હીંદી વસ્તી

વસ્તી ગણતરીના પ્રાથમીક આંકડા બહાર પડયા છે તે પરથી જણાય છે કે ડરબન શહેરની આખી વસ્તીમાં સમતોલ ૩૦૦ ટકાનો વધારો થઇ ગયો છે. બીજા વિશ્વયુદ્ધ પછી અસાધારણ વધારો થયો છે. ૧૯૪૧ માં યુરોપીયન વસ્તીના આંકડા ૧,૧૭,૨૨૮ હતા, પાંચ વર્ષ બાદ ૧,૪૩,૭૭૩ થઇ ગયા છે. 'નાટાલ મરકયુરી' એક અગ્રલેખમાં લખે છે કે "જેથીયે વધારે ચોંકાવનારા આંકડા તો એશીયાટીકોની વસ્તીના છે જે ૧,૫૪,૫૨૭ થયા છે અને પહેલીજ વખત તેઓની વસ્તીમાં યુરોપીયન વસ્તી કરતાં ૧૬,૭૮૦ નો વધારો થઇ ગયો છે." વધુમાં એ પત્ર લખે છે કે, "અહીંજ ડરબનનો અસલ નાટાલનો સૌથી મુશ્કેલ સવાલ રહ્યો છે એ વસ્તુ અણસમજી શકાય તેમ નથી. ગત અને હાલની સરકારો એ કરેલા કાળદાઝોનો હેતુ હીંદીઓ ને યુરોપીયન સત્તાઓમાં થતો પ્રવેશ અટકાવવાનો હતો જે પગલું નિષ્ફળ થઇ રહ્યું તેનું ગણિત. પરંતુ બીજી તરફથી હીંદી પોતે રાજકીય હક્કો આગવાના આપવા નથી જે વસ્તુનો અભાવ સહેલાઈથી થઇ રહે તેમ નથી. પરંતુ ડરબને જે કરવાની જરૂર છે તે એ કે હીંદી કોમની વધતી જતી વસ્તીને માટે પુરતી સગવડો પુરી પાડવી જોઇએ. રાજકીય પ્રતિનિધિત્વ દ્વારા ન દો, કાંતે વિશેષ વાજબીપણે મતાંતર હોઇ શકે છે. પરંતુ યોગ્ય સત્તામંડળના વ્યવહારમાં બાબતમાં ડરબનને પોતાની જવાબદારીઓ ઉઠાવવાથી નહિ અટકાવાય. એ સાથે એ વસ્તુપર પણ ભાર મુકાવો જોઇએ કે, જ્યાં સુધી સરકાર તરફથી નાટાલને અડચણરૂપ થાય એ રીતે હીંદીઓ સામે પ્રાંતિક પ્રતિબંધો રાખવાની નીતી ચાલુ રાખેલી છે ત્યાં સુધી આ બાબતમાં નાટાલને સરકાર પાસેથી મદદ માગવા નો હક રહે છે. સામાન્ય રીતે-અને આ વસ્તુ સઘળી વસ્તીઓને લાગુ પડે છે-વસ્તી ગણતરીના આંકડા ઘરો પુરા પાડવાનો સવાલ હાથ ધરવાની પણ જરૂર જણાવી રહ્યા છે. આ બાબતમાં ડરબન અપવાદરૂપ નથી. છતાં પણ સંખ્યાની રિથતિ યુરોપીયનો તેમજ નોનયુરોપીયનો માટે વિકટ બનતી જાય છે. સઘળી વસ્તીઓને માટે પુરતાં ઘરોની સમસ્યા વિના મરી સામાજીક સ્થીરતા ન જોવા રહે અને શહેરના વિકાસમાં અડચણ પણ ઉભી થયેલી નહિ ગણાય.

ડર્બનના ટાઉન કાઉન્સીલ અને ગ્રુપ એરીયાઝ એક્ટ

ડર્બનના ટાઉન કાઉન્સીલની ખાસ મીટીંગમાં ગ્રુપ એરીયાઝ એક્ટની દ્રષ્ટિએ શહેરમાં જુદા જુદા ગ્રુપ એરીયા સ્થાપવાનું ઠરાવાયું હતું. (૧) ગોરા વસવાટ અને માલીકીનો. (૨) નેટીવો ના વસવાટ અને માલીકીનો અને (૩) રંગદડી વસ્તીના વસવાટ અને માલીકીનો. નીચેના કાઉન્સીલરો હાજર હતા ડેપ્યુટી મેયર મી. કાર્લસન ગેરહાજર હતા: કાઉન્સીલર ગોયા (મેયર), રુબ્રોડર, માયર, બેસોન, વેલ્ટજોસન, પી. આર. મુલર અને સયરો. ગોરાઓ માટેનો હક્કો હાલ નો કન્ટ્રોલ એરીયા અને એ ઉપરાંત બીચર અને બ્લેક રટ્ટીટોની વચ્ચેનો મેઈનરૂટ કોર્ટની સામે પડેલી ખુલ્લી જમીન સુધીનો ઉતર તરફનો ભાગ અને બીચર રટ્ટીટની ઉત્તરે આવેલી સઘળી જમીન જેમાં ક્લેરો (પેઈન્સ હાર્મ)નો અને "એનોકલન" અને વ્હાઇટગેટસનો બાગનો સમાવેશ થાય છે.

નેટીવ સત્તામાં બ્લેક અને કોમન રટ્ટીટોની વચ્ચેનો બાગ અને રંગદડી ના સત્તામાં હાલનો અલકન્ટ્રોલ્ડ બાગ આવે છે. સિવાય કે ઉપરોકત બીચર અને બ્લેક રટ્ટીટોની વચ્ચેનો બાગ તેમાંથી બાતલ રહે છે આ બક્ષામણો તેને અમલમાં મુકવાનાં બહતાં પગલાં લેવા મુખ્ય પ્રધાનપર મોકલવામાં આવી છે. કાઉન્સીલે બક્ષામણ કરી છે કે એ સત્તાઓમાં વસવાટનો હક નહિ ધરાવનારા જે જે હાલ ત્યાં વસી રહ્યા હોય તેઓને બાકી કરી જવા પાંચ વર્ષની અને એ કબ્જાઓમાં સ્થાવર મીલકતની માલીકી ધરાવવાને હક નહિ ભોગવનારા જે ત્યાં માલીકી ભોગવી રહ્યા હોય તેમને તેનો નિકાલ લાવવા દસ વર્ષની મુદત આપવી. શહેરના ગ્રુપ એરીયાઓમાં બાગ પડકાના સંબંધમા કાઉન્સીલને કોઇ પણ યુરોપીયનો તરફથી કે યુરોપીયન સંસ્થા તરફથી કશી રજુઆત થઇ નહોતી.

કાઉન્સીલરોએ જણાવ્યું હતું કે કેટલાક હીંદી વેપારીઓ તરફથી તેઓને ખોવી માગણી કરવામાં આવી હતી કે રેલવે કોર્સીંગની દક્ષિણે આવેલી બે હીંદી વેપારીઓ ની દુકાનોનો મેઈનરૂટની કોર્ટની સામેની ખુલ્લી જમીનમાં ગોરા માટેના સત્તામાં સમાવેશ કરવામાં આવે.

કાઉન્સીલને લાગ્યું કે એમ કરવાથી રંગદડી વર્ગના લોકોની વેપારની સગવડો વધુ ઘટી જશે અને શહેર મુખ્ય રસ્તાઓપર રંગદડીઓ વેપાર કરવાને બીજે કયાંયે ખાસી જગ્યા પડેલી નથી. આથી એ સુચનાને કાઉન્સીલે ધ્યાનમાં લીધી નથી.

આપણી ફરજ

'નોર્ધન' નાટાલ કોરીયર'માંથી ઉપલા અખબાર આપનારી કાપણી એક હીંદી ભાઇએ મોકલી આપેલી છે. તેમાંના કે ભાગ અમે ઇન્ડેન્ડ કરેલો છે તેના તરફ આપના ભાઇઓનું ધ્યાન ખેંચાયે ઇચ્છીએ. એ વાંચી કોઇને પણ ખેદ અને શરમ થયા વિના નહિ રહે, રહેવાં નહિ જોઇએ. અનુભવ ઉપરથી અમે માનીએ છીએ કે વસ્તુમાંથી બક્ષામણ કરવાનું આવું દેશવ્યાપક આપણા લોકોજ કરી શકે. આ દેશમાં આપણા હકો અને છુટાપર જે જે પ્રતિબંધો મુકાયા છે તે બેટે આગે આપણા 'પોતાનાજ' પાપે મુકાયા છે એ આપણે કબુલ કરવું પડશે. કોમીશેન બાબતમાં પણ છુપા દુશ્મનો રાખવાની એ બાતાને જરૂર રહેતીજ નથી. અત્યારના ભાઇઓજ એકે બીજાની ચુગલી કરવા માં શુરા હોય છે. આપણે કહેવાઇએ એ છીએ તો સુધરેલા અને સંસ્કારી અને આ દેશના અસલી લોકો કરતાં તો કર્યાયે ચઢીયાતા હોવાનો દાવો ધરાવીએ છીએ. પરંતુ ચુગલીખોરી કરવાનું અને બાઇ ભાઇની મરહદ મારવાનું હલકામાં હલકું કામ તો આપણે. જેવું તેઓ પણ કરતા નથી. આપણે સમજવું જોઇએ કે યુરોપીયનો આ પરથીજ આપણી કોમની કીંમત કરે છે અને આપણા જેવી નાલાયક કોમ તરફ વાજબીપણે તેઓને ધૃણા ઉત્પન્ન થાય છે. અને કોમને ન થાય! આ દેશમાં આપણા જેવી નાની કોમે તો હળીમળીને એક થઇ રહેવું ઘટે અને જે કંઈ હકો અને છુટો ભોગવીએ છીએ તેનું રક્ષણ કરવું જોઇએ, નહિ કે એક બીજાની અદેખાઇ કરી એક બીજાનું ખુટ ખણ્યું કે કરવું જોઇએ. આ પરથી જ્યાં સુધી આપણે નહિ શીખીએ ત્યાં સુધી આ દેશમાં કે કયાંય આપણા લોકોનું જલ્દી નહિ થાય. બાકી લોના તિરસ્કારને પાત્ર થયેલું અને આ દેશમાંથી આપણને હાંકી કાઢવા માં આવે તો તેને લાયક ઠરીયું કોઇની પણ સુગણી ખાતી કે દુશ્મનનું પણ ખુરું ઇચ્છવું યા કરવું એ મહાપાપ છે એ આપણે સમજીએ અને તેનાથી દુર રહીએ. દુર રહેવાની ઇશ્વર આપણને સન્મતી આપે.

જગતના લોકમતની અવગણના હરગીજ સા. આ.ને પોસાશે નહિ

સાઉથ આફ્રિકા પાર્લામેન્ટરી ઓપોઝીશનના લીડર મા. જે. હ. એન. રટ્ટાકોસે ગયે અઠવાડીયે પોતાની બે અઠવાડીયાની ઇંગ્લાંડની મુલાકાત પુરી કર્યા બાદ સ્વદેશમાં કરેલાં નીચેદમાં જણાવ્યું કે, "અમોએ કદી નથી દર્શાવ્યું તેવું મને હવે કહી જવું છે કે, આપણા દેશમાં આપણા સવાર્થોને આપણે ગમે તે રીતે હાલમાં સક્ષમ તે ઠગારો નીવડવાનું નથી. ત્યાં સુધી આપણે તેને નીરાશા ગણીશું અને આધુનિક જગતમાં જની રહેલા જનાચો સાથેનો તેનો સંબંધ ખ્યાનમાં નહિ રાખીએ. ઇંગ્લાંડમાં મારી વાતચીતોપર થી મને લાગ્યું છે કે, જગતના હાલ ના વલણમાં કોટલા અન્ય રહેલા સંડોવાયેલા છે તેટલુંજ આફ્રેય આફ્રિકા પણ સંડોવાયેલું છે અને આસપાસનો વિચાર કર્યા વિના આપણે નિરાળાજ રહ્યા કરીયું અને આપણા સવાલોનો બહારની દુનીયાના મતને ઠોકર મારીને ઉકેલ લાવી શકીયું એવો વિશ્વાસ સેવવો આપણને પોસાશે નહિ."

આફ્રિકામાં યુનીયનનું રથાન

મી. આરથર બેટમેન એમ. પી. એ ગયે અઠવાડીયે ડીકલેરટમાં આપણ કરતાં કહ્યું કે, નાશ્યા પ્રધાન મી. હર્ટઝોગને "નશીબજાર" હર્ટઝોગ કહેવા જોઇએ. કારીવાની સલામતિને કાયા બાનને માટે આખી દુનીયામાં માંગ વધારી દીધી છે, અને નેશનાલીસ્ટ સરકાર સત્તામાં આવી ત્યાર બાદ બરદાસ્તનું તાલું આ દેશમાં રોકાયેલું બંધ થયાથી જે ચોટ થઇ હતી તે સાઉથ આફ્રિકાના ઇનનો ભાવ વધી ગયો તેથી પુરી પડી ગઇ. મી. બેટમેને કહ્યું કે એક તરફથી સાઉથ આફ્રિકાના ભંડારણમાં સારી બહુમતી થી ફેરફાર કરવા (ભંડારણમાં છે કે બેઝલ્યાંસ બહુમતી સિવાય ભંડારણ ફેરવી નહિ શકાય) અને પછી આશા રાખવી કે યુનાઇટેડ સ્ટેટસ આ દેશમાં ડોકરો રોપે એ ન ચલી શકે. યુનાઇટેડ સ્ટેટસ ભંડારણની પવિત્રતામાં માને છે અને જે દેશ નહિ માનતો હોય એ દેશપર ત્યાં વિશ્વાસ નહિ જેસી. આફ્રિકા ખંડમાં સાઉથ આફ્રિકાનું સ્થાન નેતા તરીકેનું છે. યુનીયનને બનતી બનતી વચ્ચેના સંબંધમાં, અને આફ્રિકાના વિકાસમાં માર્ગ દર્શક થઇ બનવાની તક છે પરંતુ એ તક નો લાભ તેજ થઇ શકાય જો યુરોપીયનો અને નોન-યુરોપીયનો, અરસપરસ સદ્‌ભાવથી કામ કરે.

સા. આ. વિષે એક અમેરીકનને પડેલી છાપ

યુનીયનની મુલાકાતે આવેલા એક અમેરીકનનો નીચે પ્રમાણેનો અનુભવ લેખ કારણ 'નાટાલ મરકયુરી'માંથી અહિ આપી છીએ. સબનાર જોન. એચ. હીલ છે. ડયુટર ઇન્ફોર્મેશન મારફતેથી તે લખે છે:

સાઉથ, મેં મારી એક વર્ષની રજા દરમ્યાન યુનીયનમાં પુરી કરી છે અને યુનાઇટેડ સ્ટેટસના કેન્સાસમાં આવેલ મારે પેર જવાની તૈયારી કરી રહ્યો છું. તમને ઇંગ્લેન્ડ પુછવા

માંગું છું કે યુનીયન ગવર્નમેન્ટ તમે ઉપયોગ કેમ કરો છો? તેના કરતાં વધારે અસંગતીત મેં કશું નથી જોયું. હું ધારું છું કે તમારે બે અક્ષર ભણેલી પ્રજા છે તમારે ત્રણ રાજધાનીઓ છે, બે ભાષા છે (જેમાંની એક તો હજુ બોલેલી પણ નથી અને ડચ, બસાપ, ફ્રેંચ, ઝુલુ અને કોસા જેવી બીજી કેટલી તમારી ભાષાઓપર રચાયેલી છે) અને તમારે બે ચલણ અને બાર પ્રાંતો છે. તમારી વસતીનો મોટો ભાગ ભુખમારાની સ્થિતિમાં રહે છે.

એક કરોડ માઠો તમારા અંગભૂત ભોજ છે જેઓની સાથે તમે દરવર્ષે કરોડો પાઉન્ડના માલનો વેપાર કરી શકો છો જો, સારી રીતે રોજી કમાવા પુરતી તેઓને કેળવણી આપો. આજે તો તમારી નેટીવ મજુરી દુનીયામાં સૌથી મોંઘી જણાય છે. તમારી સરકાર સમસ્ત દુનીયામાં પોતાના સારામાં સારા મીત્રોને અને માલકોને જાણી કરીને પોતાની વિરુદ્ધ કરી રહી છે. શું સાઉથ આફ્રિકામાં એક પણ એવો શક્તિશાળી માણસ નથી કે જે તમારા સઘળા જાતીઓના ઝઘડા અટકાવી શકે અને સૌકાને એકત્ર કરી શકે? બરોબર રસ્તે જતા સાધારણ માણસને તો પોતાનો પડોશી કયા વર્ણનો કે કયા ધર્મનો છે એ જોવાની કદી પડી નથી, જ્યાં સુધી તે પોતાનું જીવન સુખે જીવી શકતો હોય. હું તમે નથી ધારતા કે તમારે યુનાઇટેડ સ્ટેટસમાં છે તેમ તમારે બે એકજ રાજધાની હોય, એકજ વાવટો હોય અને એકજ ભાષા હોય તો વધારે સારું થાય? આજે દુનીયાના મોટા ભાગમાં તો એથીજુદ્ધ બોલાય છે. બે ભાષા, તમો કેમ પોસાશો?

ઇસ્ટ આફ્રિકાથી યુનીયનમાં
વાયદા આવી શકશે નહિ

ઇસ્ટ આફ્રિકાથી ચોરી રીતે ચાવલ યુનીયનમાં ઘણેજ મોટા પ્રમાણમાં આવી રહ્યા છે યુનીયને જાહેર કર્યું છે કે યુનીયનમાં બોકસકારમાં આવતા સઘળા ચાવલ જપ્ત કરવામાં આવશે. ઇસ્ટ આફ્રિકાની ચોરટ ઓથોરીટે ચેતવણી આપી છે કે ચાવલ વાળા પાર્સલો ઇસ્ટ આફ્રિકામાં અથવા યુનીયનમાં જપ્ત કરવામાં આવશે. ચોરાફીના અથવા બેટના પાર્સલો માટે એકસપોર્ટ લાયસેન્સ નથી જોઇતા એવું લોકો જાણતા હોવા તેઓ પાર્સલોમાં ચાવલ ભરી કેઇ બીજું નામ આપીને તે યુનીયન મોકલે છે. સાઉથ આફ્રિકામાંથી પણ મોટા જથ્થા ઇસ્ટ આફ્રિકા પૈસા મોકલી મીત્રો ને સગાવહાલાના પાર્સલો મોકલવા જણાવ્યું છે પરંતુ એ ચાવલની અહિં હાજી જોવર કરવામાં આવે છે.

નેાન-યુરોપીયનો પ્રત્યે સહિષ્ણુતા
બતાવવાની સુચના—નેટીવ સ્ત્રીઓ
ની દુર્દશા

સાઉથ આફ્રિકન ફેડરેશન ઓફ વીમેનસ ક્લબ્સ પ્રોટેસ્ટનટ વીમેનના પ્રમુખ મીસીસ ટી. ડાઇકસે ગયે અઠવાડીયે પોતાની સંસ્થાના ડરબન ખાતેના સભ્યોને જણાવ્યું હતું કે, નેાન-યુરોપીયનો પ્રત્યે સહિષ્ણુતા કેળવવી જોઇએ અને તેઓનું દ્રષ્ટિબીંદુ સમજવાની ઇચ્છા રાખવી જોઇએ તો દેશની મોટી સેવા કરેલી ગણાશે. વધુમાં તેમણે કહ્યું: તેઓને પણ મન, ભાવના, આબરૂ વગેરે અને અનેક કુદરતી બક્ષીસો હોય છે જે સઘળાં લોકોને સુખ, આબાદી અને સંતોષ આપનારાં છે. બીજાઓમાં આ ગુણો શોધી કાઢવાનો આપણે પ્રયત્ન કરવો જોઇએ અને તેને ખીલવવાને અવકાશ આપવો જોઇએ. આપણે યાદ રાખવું જોઇએ કે જેવું વર્તન આપણે આપણા માનવબંધુઓ પ્રત્યે બતાવીયું તેની આપણા પ્રત્યેના તેઓના વર્તનપર અસર થશે. આ પ્રમાણે પ્રયત્ન કરવામાં આપણે બધો આનંદ મેળવીશું અને એક શાંત અને સંતોષી પ્રજા ના ઘડતરમાં મોટો ફાળો આપેલો ગણાશે. વધુમાં તેમણે કહ્યું: આપણી ઘરમાં કામ કરતી આયાઓ, ઘર સાફ કરનારી, વાસણ માંજનારી કપડાં ધોનારી વિગેરે ઘર કામ કરનારી સ્ત્રીઓ જો ન હોય તો આપણા ઘરો કેવાં અવ્યવસ્થિત થઇ જાય છે અને કેવું અઘરું થઇ પડે છે. તેમ છતાં ડરબન જેવાં શહેરમાં નેટીવ સ્ત્રીઓને માટે આપણે એકજ કોમ્પાઉન્ડ છે જેમાં જુજ સંખ્યાનોજ સમાવેશ થઇ શકે છે. અને તે છએાઝ ભરાઇ ગઇ છે વર્ષોના વર્ષો સુધી રોજ રાત્રે આ કમભાગી સ્ત્રીઓ અને તેઓનાં બાળકો ને પરસાળમાં સીમેન્ટની જમીનપર પડી રહેવું પડે છે. નથી હોતુ તેઓ ની પાસે પાથરણું કે નથી હોતું ઓઢવાનું અને ખોરાકમાં કદાચ રોટી ને કુકડો અને રેવાલો આ કે મીનરલ મળેલું હોય. બરાબર ઋતુમાં કોઇ જાતનું રક્ષણ પણ ન મળે અને તેને માટે મારા ધારવાથી મ્યુનીસીપાલીટીને તે પોતાની જુજ કમાઇમાંથી એક રાતની ૩ પેની માસિક લગભગ રૂા. ૮ આપે છે. વધારે આગેકાળી હોય તે માસિક રૂા. ૫ માં મેકાનની અંદર બીજાનું ભેળાવી શકે છે. આજ સ્ત્રીઓ ને નથી મળતો પુરતો ખોરાક કે પહેરવા પુરતા કપડાં. આવી રીતે રાત પસાર કરી સવારે ૬–૪ વાગે ઉઠી સામાન્ય રાંધણીબામાં પોતાને માટે નાસ્તો તૈયાર કરવા જવાની મારામારી કરવા જવું પડે છે અને પછી માલકો સુધી પહોંચીને પોતાની નોકરીપર જવું પડે છે અને પછી તેના પાસે આપણે દિવસ આખો સખત મજુરી કરાવવા ની આશા રાખીએ. પછી આપણી વચ્ચે રોગ અને ગુનાઓ થાય તેમાં શી નવાઇ? હું સુચવું છું કે આ આપણી બેઠકજી જેનો મારે જે આપણે કંઇક પણ થોડી મદદ કરેલી હશે તેની સાભાર કદર કર્યા વિના નહિ રહે.

ગુજરાતને ગવર્નર-જનરલની
શીખામણ

યુનીયનના ગવર્નર-જનરલ ડૉ. ઇ. જી. જોનસને ગયે અઠવાડીયે ડરબનની હાઇસ્કૂલમાં વિદ્યાર્થીઓ સમક્ષ કરેલું પ્રવચન સઘળા વર્ગ, જાતી કે ધર્મના લોકોને સમાનપણે મનનીય છે. તેમણે કહ્યું કે, સાઉથ આફ્રિકામાં જ્યાં વિવિધ જાતીઓના પ્રશ્નો આપણી સામે પડેલા છે ત્યાં તમારે અત્યંત ધીરજ, સદસદ વિવેક અને શાંતી કેળવવાં જોઇએ અને તે માત્ર નેટીવો અને અન્ય નેાન યુરોપીયનો પ્રત્યેજ નહિ પરંતુ એકબીજા પ્રત્યે પણ તમારાથી જુદી ઓલાદના હોય અને તમારાં કરતાં જુદું દ્રષ્ટિબીંદુ ધરાવતા હોય તેઓની પ્રત્યે પણ. આ બાબતમાં મારી દીકરા અંગ્રેજોને તેમજ આફ્રિકાનરોને લાગુ પડે છે. તમારે એક બીજાને સમજતાં શીખવું જોઇએ અને તમારા મનમાંથી વિરોધ અને વહેમ કાઢી નાખવાં જોઇએ આપણા દેશની સેવામાં આપણે સહકાર કરતાં શીખવું જોઇએ આપણા ઇતિહાસના ભિન્ન ક્ષેત્રોમાં તદ્દાવત હોય તો પણ. આપણા મતભેદો છતાં આપણને બાંધનારી એક સમાન વસ્તુ આપણે હંમેશાં ધ્યાનમાં રાખવી જોઇએ તે સાઉથ આફ્રિકા જે આપણા સૌનો પિતૃદેશ છે, તેના પ્રત્યેનો પ્રેમ. તમારે એક બીજાની ભાષા શીખવી જોઇએ કારણ કે તમે મત બાંધો તે પહેલાં સઘળાની બન્ને બાજુઓ જાણવી જોઇએ. અંગ્રેજો અને આફ્રિકનોના વિષે તમારે ખરો મત બાંધવો હોય તો જે કંઇ પણ સવાલ હોય તે બરોબર સાંભળી તેમજ વાંચી શકવા ની સ્થિતિમાં તમે હોવા જોઇએ. તમારામાંના કેટલાક એમ માનતા હશે કે આપણા દેશમાં ભિન્ન જાતી ઓ કોઇ આપણા દેશ પ્રત્યે સદભાવ ના રાખવા મુકરર છે. અને તેમ છતાં આપણા દેશ પ્રત્યેના પ્રેમના કારણે આપણે તે કેળવવી જોઇએ કેમકે સાઉથ આફ્રિકા પ્રત્યેનો પ્રેમ અંગ્રેજોને કે આફ્રિકાનરોને સમાનજ છે.

ક્રમમાં હું આશા કરી સાઉથ આફ્રિકાના યુવાનો તરીકે તમારી સમક્ષ બોલી રહ્યો છું અમે જુના જમાના ના હવે એક પછી એક આથી જવા લાગ્યા છીએ. ભવિષ્યનો આધાર તમારા ઉપર રહેલો છે. તમારે આખુ જીવન તમારી સમક્ષ પડેલું છે. આશા રાખીએ કે જુના જમાના ની આશા રાખીએ. પછી આપણી વચ્ચે રોગ અને ગુનાઓ થાય તેમાં શી નવાઇ? હું સુચવું છું કે આ આપણી બેઠકજી જેનો મારે જે આપણે કંઇક પણ થોડી મદદ કરેલી હશે તેની સાભાર કદર કર્યા વિના નહિ રહે.

યુવાનોને ગવર્નર-જનરલની
શીખામણ

યુનીયનના ગવર્નર-જનરલ ડૉ. ઇ. જી. જોનસને ગયે અઠવાડીયે ડરબનની હાઇસ્કૂલમાં વિદ્યાર્થીઓ સમક્ષ કરેલું પ્રવચન સઘળા વર્ગ, જાતી કે ધર્મના લોકોને સમાનપણે મનનીય છે. તેમણે કહ્યું કે, સાઉથ આફ્રિકામાં જ્યાં વિવિધ જાતીઓના પ્રશ્નો આપણી સામે પડેલા છે ત્યાં તમારે અત્યંત ધીરજ, સદસદ વિવેક અને શાંતી કેળવવાં જોઇએ અને તે માત્ર નેટીવો અને અન્ય નેાન યુરોપીયનો પ્રત્યેજ નહિ પરંતુ એકબીજા પ્રત્યે પણ તમારાથી જુદી ઓલાદના હોય અને તમારાં કરતાં જુદું દ્રષ્ટિબીંદુ ધરાવતા હોય તેઓની પ્રત્યે પણ. આ બાબતમાં મારી દીકરા અંગ્રેજોને તેમજ આફ્રિકાનરોને લાગુ પડે છે. તમારે એક બીજાને સમજતાં શીખવું જોઇએ અને તમારા મનમાંથી વિરોધ અને વહેમ કાઢી નાખવાં જોઇએ આપણા દેશની સેવામાં આપણે સહકાર કરતાં શીખવું જોઇએ આપણા ઇતિહાસના ભિન્ન ક્ષેત્રોમાં તદ્દાવત હોય તો પણ. આપણા મતભેદો છતાં આપણને બાંધનારી એક સમાન વસ્તુ આપણે હંમેશાં ધ્યાનમાં રાખવી જોઇએ તે સાઉથ આફ્રિકા જે આપણા સૌનો પિતૃદેશ છે, તેના પ્રત્યેનો પ્રેમ. તમારે એક બીજાની ભાષા શીખવી જોઇએ કારણ કે તમે મત બાંધો તે પહેલાં સવાલની બન્ને બાજુઓ જાણવી જોઇએ. અંગ્રેજો અને આફ્રિકનોના વિષે તમારે ખરો મત બાંધવો હોય તો જે કંઇ પણ સવાલ હોય તે બરોબર સાંભળી તેમજ વાંચી શકવા ની સ્થિતિમાં તમે હોવા જોઇએ. તમારામાંના કેટલાક એમ માનતા હશે કે આપણા દેશમાં ભિન્ન જાતી ઓ કોઇ આપણા દેશ પ્રત્યે સદભાવ ના રાખવા મુકરર છે. અને તેમ છતાં આપણા દેશ પ્રત્યેના પ્રેમના કારણે આપણે તે કેળવવી જોઇએ કેમકે સાઉથ આફ્રિકા પ્રત્યેનો પ્રેમ અંગ્રેજોને કે આફ્રિકાનરોને સમાનજ છે.

ક્રમમાં હું આશા કરી સાઉથ આફ્રિકાના યુવાનો તરીકે તમારી સમક્ષ બોલી રહ્યો છું અમે જુના જમાના ના હવે એક પછી એક આથી જવા લાગ્યા છીએ. ભવિષ્યનો આધાર તમારા ઉપર રહેલો છે. તમારે આખુ જીવન તમારી સમક્ષ પડેલું છે. આશા રાખીએ કે જુના જમાના

નોર્થ રોડેસીયામાં નેાન-યુરોપીયન
યુનીવર્સીટી માટે પા. ૨૫૦૦૦નું દાન

નોર્થ રોડેસીયાની સરકાર નેાન-યુરોપીયનો માટે એક યુનીવર્સીટી સ્થાપવાની યોજના વિચારી રહી છે. આ યોજના મા. જો. જોર્ડ કેપનેક તરફથી રચાઇ છે, જેમણે તેને માટે પા. ૨૫૦૦૦ ની રકમ દાન કરવાની ખુશી બતાવેલી છે. મા. કેપનેક જેમણે પોતાના જીવનનો મોટો ભાગ સધર્ન રોડેસીયામાં ગાળેલો છે, જ્યાં તે મોટા પાયાપર ખેતી અને ઉદ્યોગ કરી રહ્યા છે. તેમણે એક અખબારી નિવેદનમાં જણાવ્યું છે કે નોર્થ રોડેસીયામાં એક નેાન-યુરોપીયન યુનીવર્સીટી સ્થાપવાને પા. ૨૫૦૦૦ ની રકમ આપવાનું તેમણે બેટલા માટે કરાવ્યું કેમકે સેાલ્સબરીમાં બનારી રોડેસીયની યુનીવર્સીટીમાં નેાન-યુરોપીયનોને દાખલ નહિ કરવા બાબત ચર્ચા ચાલી રહી છે. સુચવવામાં આવ્યું છે કે આ નેાન-યુરોપીયન યુનીવર્સીટી સુસાકાની નજદીકમાં સ્થાપવામાં આવશે અને આખા આફ્રિકામાંથી વિદ્યાર્થીઓને માટે તે ખુલ્લી રાખવામાં આવશે.

પાપ પુણ્યનો હિસાબ

જેમ આ જગતમાં કેટલાંક પુણ્ય છે, તેમ કેટલાંક પાપ પણ છે. અને પુણ્યની સાથે પાપ પણ ભોગવવાં પડે છે. એમ નથી હોતું કે પાંચ રૂપીયા નું પુણ્ય કર્યું અને ત્રણ રૂપીયાનું પાપ કર્યું તો છેવટે બે રૂપીયાનું પુણ્ય બચ્યું. પાપપુણ્યનો હીસાબ પૈસાની જેમ થતો નથી. જો પાંચ રૂપીયાનું કર્યું છે તો તે પણ અલગ ભોગવવાનું છે અને ત્રણ કર્યું તો તે પણ અલગ ભોગવવાનું છે. બન્ને ભોગવવાં પડે છે. એકમાંથી બીજાની બાદબાકી થતી નથી. ઘણા લોકોને આ હકીકતનો ખ્યાલ નથી હોતો. તે ઘણું પાપ કરીને પૈસા કમાય છે અને પછી વીચારે છે કે કાંઇક દાન કરીએ, ધર્મસંસ્થાને સંભારીએ તો આ પુણ્યથી પાપ કપાશે પરંતુ પાપ અને પુણ્ય બન્ને અલગ અલગ ભોગવવાં પડે છે.

વિનોબા

બ્રીટીશ મજુર પક્ષ સામે સા. આ. ના અખબારોની ટીકા

'નાટાલ મરકયુરી' એક અગ્રલેખમાં લખે છે: "સરકારની એપાર્ટહેડની નીતીની 'નાટાલ મરકયુરી'ના કરતાં વધારે નિખાલસતાથી ટીકા બીજા કોઇએ કરી નથી. તેમ છતાં બ્રીટીશ મજુર પક્ષ અકરોબરમાં મળનારી પોતાની વાર્ષીક પરિષદમાં સાઉથ આફ્રિકાની બાબતોની જે રીતે ચર્ચા કરવા ધારી રહ્યો છે તેના અમે ગોચ કરીએ છીએ અને અમે માની એ છીએ કે આ દેશના બિનીતમત ના ઘણા ખરા લોકો તેમ કરવામાં અમારી સાથે થશે. તેથી ચર્ચાઓથી કશો ઉપયોગી અર્થ નહિ સરે. બલકે સાઉથ આફ્રિકાની બાબતોમાં માથું મારવાની ધૃષ્ટતાથી જે વિરોધ ઉત્પન્ન થશે તેથી નેટાલીસ્ટોના હાથ મજબુત થશે. મજુર પક્ષની પરિષદમાં હાજર રહેનારા મોટા ભાગ ડેલીગેટો ને સાઉથ આફ્રિકાના સવાલોનું કયું અંગ જ્ઞાન છે એમ નહિ કહી શકાય. જે કોઇએ પણ હમણામાં બ્રીટનની મુલાકાત લીધેલી છે તેને આ દેશમાં વર્તતી શોચનીય અજ્ઞાનતાની સંપુર્ણ ખાત્રી થઇ છે. કદાચને મજુર પક્ષમાં કેટલાક સભ્યો છે, જેવા કે, કોમનવેલ્થ રીલેશન્સનાં મંત્રી શ્રી. ગોર્ડન વોકર, જેમણે હમણાજ યુનીયનની મુલાકાત લીધેલી છે અને જેમને અહિની બાબતોનું સ્વતંત્ર રીતે મેળવેલું જ્ઞાન છે. તેઓ સારી રીતે જાણે છે, જો તેઓનામાં એક કહેવાની પ્રમાણીકતા હોય તો, કે નેટાલીસ્ટોએ જે કર્યું છે એ એટલું બધું મહત્વનું નથી જેટલું તે કરવા માગે છે તે છે.

સાઉથ આફ્રિકામાં બ્રીટીશ-ગોરાઓની સ્થિતિ જોવાજેવી તેવી તો નથીજ, તેમાં સુધારો થવાની દેખીતી રીતે જરૂર છે. નેટાલીસ્ટોની દમનનીતીથી તકલીફ જ ઉભા થશે, તેમ છતાં એટલું તો કહીજ શકાય છે કે, બ્રીટીશ તેમ કેટલાક બધા ખરા પ્રદેશોના કરતાં સાઉથ આફ્રિકામાં બ્રીટીશ-ગોરાઓ તરફ વધારે સારો વર્તાવ બતાવવામાં આવે છે. મજુર પક્ષનુ બળવો પોકળ અને સાઉથ આફ્રિકા વચ્ચેનો સંબંધ જે વખતે વધારે નીકટના બંધો થવાની જરૂર છે તે વખતે તેને વધારે બેચમ કરે. સાઉથ આફ્રિકાના વડા પ્રધાન કે. ગલાને બુતકાળમાં, ઘણી વખત વાજબી કારણ વિના, સાઉથ આફ્રિકા ની બાબતોમાં માથું મારવાના બ્રીટીશ ના પ્રયત્નોની ફરીયાદ કરેલી છે. આ પ્રસંગે તો જો તે વિરોધ કરવા પારે તો તેમ કરવાનું તેમને ઘણુંજ વાજબી કારણ છે. અને બ્રીટીશ મજુર પક્ષ જો પોતાની રીત આગ્રહ પુર્વક આગળ રાખશે તો અહિ બ્રીટીશ-ગોરાઓની સ્થિતિ સુધારવાનો જેઓ પ્રયત્ન કરી રહ્યા છે તેઓને મદદ કરવાને બદલે અડચણરૂપ થઇ પડશે.

'નાટાલ વિટનેસ'

'નાટાલ વિટનેસ' નીચે પ્રમાણે લખે છે:

સાઉથ આફ્રિકાના નેટીવો પ્રત્યેની નીતીને લગતા કેટલાક ઠરાવો, જે અકરોબરમાં મળનારી બ્રીટીશ મજુર પક્ષની વાર્ષીક પરિષદમાં રજુ કરવામાં આવનાર છે, તેને સાઉથ આફ્રિકાના ઘણાજ ઉદાર ગણાતા લોકો તરફથી પણ બેદની નજરે જોવામાં આવશે. .....સમાનતા અને સામાજીક ન્યાય ના સિદ્ધાંતોના અધિકારીપણે અમલથી વિવિધ વતનીઓના સંબંધે બની રહેલા મીશ્ર સમાજને લગતા સવાલોનો ઉકેલ આવી શકશે નહિ તેમ એપાર્ટહેડ ની નીતી અને ગોરાની સર્વોપરિતાનો સિધ્ધાંત અવિચારીપણે અમલમાં મુકવાથી પણ ઉકેલ આવી શકશે નહિ. અવિચારી ઉદાર માનવતાવાદીઓ ની આ અતિશયોક્તિઓ જેટલીજ શોચનીય છે જેટલી અવિચારી રાષ્ટ્રવાદ ની અતિશયોક્તિઓ શોચનીય છે, એ બન્ને સમાન રીતે જોખમકારક, અગવડકાર અને અવાસ્તવિક છે. અને બન્ને આપણા વતનીબેદના સવાલનો સાચવેતીભર્યો અખતરાઓથી ઉકેલ લાવવાનો જે એક માત્રજ માર્ગ રહ્યો છે તેને નકામો કરી દે છે. આવી જાતના ઠરાવો પાછળની બીનજવાબદારી (કેમકે અમે તેટલી શુભ નિશાવાળા અને માનવતાના હેતુઓ વાળા હોવા છતાં તે બીનજવાબદાર તો ગણાયજ)ની શોકજનક બાજુ એ છે કે બોટા લોકોના હાથમાં તે હથીયારરૂપ બની જશે. અકરોબરની પરિષદમાં તે પસાર થાય યા નહિ તેજ પણ જે લોકોને તે સોબી વિરોધ કરવાનો થઇ પડશે તે એ લોકો કે જેઓ આપણી નેટીવો પ્રત્યેની નીતીની ખામીઓનું ઉંડું જ્ઞાન ધરાવી રહ્યા છે, જેઓ માને છે કે બહારથી થતી જ્ઞાનપુર્ણ ટીકા અને મળતી સલાહથી આપણને લાભ થવાનો છે, અને જેઓ તેવી સચ્ચાઇ ટીકાઓ અને સલાહોને બહારની દખલગીરી તરીકે ગણી કાઢવાની નેટાલીસ્ટોની બાનીતી બાબતને વધોટો કરે છે. આવા રાજ્યોમાં આવે છે કે અકરોબરમાં આ ઠરાવો અંગેને મારે રજુ થવા ત્યારે આ વસ્તુ ઠસાવવાને કેટલાક લોકો તૈયાર થશે.

સંઘ ઉપર શ્રી. નેહરૂ

બેંગલોરમાં પડા પ્રધાન શ્રી. નેહરૂએ ભારતની જનતાને ચેતવણી આપી હતી કે આપણે આપણા મતભેદો નહિ મીટાવીએ તો આપણી નવી મેળવેલી આઝાદી આપણી પાસેથી સરકી જશે. એક બાજુએ સભામાં ચારસોથી અધિક ને તરબોળ થઇ ગયેલ દશ હજાર સ્ત્રી –પુરૂષોની મેદની સમક્ષ શ્રી નેહરૂ બોલી રહ્યા હતા. તેમણે કહ્યું કે દેશ માં પ્રવર્તતા કુસંપને કારણે જ પરદેશી શાસન લદાયું હતું. આપણા લોકો આપસઆપસમાં લડી રહ્યા હોવાથી સિદીસારેને તો માત્ર આપીને સત્તાના ખાલી સિંહાસન પર જ બેસી જવાનું હતું. તેમણે કહ્યું કે આઝાદી મેળવ્યા પછી કોંગ્રેસનું કામ પુરૂં થયું હોવાની વાત બોટી છે. મહાત્મા ગાંધીની દોર થયા પછી કોંગ્રેસના બાર વીસ બાગલાં પછીની મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢવા શક્ત નહિ. કોંગ્રેસની નબળાઇઓ છતાં દેશના પ્રશ્નો ઉકેલવા માટે કોંગ્રેસ જ યોગ્ય છે.

બેંગલોરમાં મળેલું કોંગ્રેસનું અધિવેશન

પ્રથમ વાક્યમાં બેંગલોરમાં મળેલી અખિલ હીંદ કોંગ્રેસની મહાસમીતીએ વડા પ્રધાન શ્રી જવાહરલાલ નેહરૂએ ઘડેલ કોંગ્રેસના સુકાની ઢંઢેરાને મહોર મારી આપી દીધી છે. એ ઢંઢેરો શ્રી. નેહરૂ એ મહાસમીતીને પેશ કરેલ અધિવેશન તેમજ આયોજન પંચે તયાર કરેલા અહેવાલ પરથી ઘડવ માં આવ્યો હતો. મહાત્મા ગાંધીજીના સત્ય અને અહીંસા ના ધ્યેયને નજર સામે રાખી રાષ્ટ્રનું નશતીક ઉત્થાન કરવાના આશય સાથે એ ઢંઢેરા બહાર પડયા છે. તેમાં જમીનદારોની નાબુદી, મુખ્ય ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ વગેરે બાબતો ઉપરાંત ખાસ કરીને દેશનું ઉત્પાદન વધારે મોટાપાને પુરતાં પ્રમાણમાં અન્ન વસ્ત્ર અને આશ્રય મળી રહે તે બાબતો પર બાસ ધ્યાન આપવામ આવ્યું છે. અંકુશો ધીમે ધીમે ઉઠાવી લેવા માટે મોટા ભાગના સભ્યોએ બાંહધરી કરેલી પણ ઢંઢેરામાં જણાવ્યા પ્રમાણે તેને કાયમી નીતી તરીકે સ્વીકારવામાં આવ્યા નથી. તદુપરાંત ઢંઢેરામાં ભારત ની મહત્વમ વિદેશની નીતી જાહેર કરવામાં આવી છે અને કોઇની પણ શેહમાં દબાયા વિના સ્વતંત્ર-રાજનીતી અખત્યાર કરવાની પેરવી છે. કાશ્મીર માટે પણ ભારતનું મુળ વલણ ચાલુ રાખવામાં આવ્યું છે અને બાકી રહ્યાનાં ગમે તેવા પ્રચાર છતાં ભારત કદાપિ પોતાના નિર્ણયથી નથી ડગે એમ કહેવાયું છે

કોંગ્રેસનો ઠરાવ

બેંગલોરમાં મળેલી કોંગ્રેસની કારોબારીમાં નીચે પ્રમાણેનો ઠરાવ પસાર થયો હતો:

આઝાદી આવી ત્યારથી ઘણા દરમીયાન કોંગ્રેસે મુખ્ય રાષ્ટ્રોને સંરક્ષણ નીતી અપનાવી. પરંતુ આઝાદી આવી ગયા પછી બદલાયેલા સંજોગોમાં કોંગ્રેસે પોતાના ધ્યેય અને અર્થકારણ તેમજ બીજા બીજા કાર્યક્રમો પાર પાડવા એક વધુ સ્થિરતાવાદ રાજકીય પક્ષ તરીકે કામ કરવું જોઇએ. અત્યારે પણ તે દેશના કોઇ રાજકીય પક્ષ કરતાં વધુ મોટી રાષ્ટ્રીય સંસ્થા છે, અને તે પોતાના ધ્યેય, નીતિ અને કાર્યક્રમને પાર પાડવાનો નિર્ણય અગાઉ નવાર પસાર થયા કરાવ દ્વારા જાહેર કરી ચુકી છે.

કોંગ્રેસના ચુંટણી-ઢંઢેરામાં આ બધાં ધ્યેયોનેર આઠો બ્યાસ આપવામાં આવ્યો છે. આથી જે લોકો કોંગ્રેસ ના સામાન્ય સિદ્ધાંતમાં માનતા હોય તેઓ પણ ખુશીથી કરી પાછા કોંગ્રેસ માં જોડાય શકે છે. રાષ્ટ્રની તેમજ જનતની કટોકટીભરી સ્થિતિ આજે આપણી પાસે પડેલા પ્રશ્નોના ઉકેલ માટેની દૃષ્ટિ અને સરકારનો સામનો માગી રહી છે. કોંગ્રેસને મોટી જવાબદારી જુના સભ્યો સહિત કોંગ્રેસ આજે બધા પાસેથી આ કટોકટીની આશા રાખે છે. કોંગ્રેસની અંદર રહીને કોઇ પણ જુથની રચના નહીં થવા દો કારણ કે તેથી સંસ્થાનું બળ અને કાર્ય ક્ષમતા ઘટે છે.

શ્રી. બોરા હીંદુ સમાજ

અગત્યની સુચના

સ્વદેશથી આવતા અને જતા બોરા ફેરારુ, તેમજ બ્યાસ સેન્ટ અને રેઢેસીસ વગેરે સ્થળોએ જનારા અગર તો બોરા શહેરમાં કરવા માટે ઉતરનારા સભળા પેસેંજરોને આસ સુચના કરવામાં આવે છે કે તેઓએ પોતાની જરૂરીયાત ઉપરાંતના સોનાના દાગીના, પટી પાલો, તેમજ જવેરાત–જેવી કોઇ પણ ચીજો બીલ્સામાં રાખીને ઉતરવું નહીં. ઉપરોકત જણાવેલી ચીજો પોતપોતાના સામાન સાથે રાખી સામાન ચેકીંગ ઉપરથી સોપો કસ્ટમ શેડમાં જાય છે અને ત્યાંથી સોબે જરૂરત પ્રમાણેની તપાસ કરવાની રહે છે. આશા છે કે, દરેક પેસે. જર બાઇઓ આ સુચના પોતાના હીતને માટે અમલમાં મુકી અહીની કસ્ટમ ખાતેની બધી અડચણોથી બચશે.

મંત્રી–હીંદુ સમાજ

Box No. 661

બોરા [illegible]

કાશ્મીરપર હુંદના વડા પ્રધાન

ગુજરાત તા. ૧૫ મીએ પાકીસ્તાનના વડા પ્રધાન જનાબ લીયાકત અલી ખાને હુંદ કાશ્મીરમાં પાકીસ્તાન સામે યુદ્ધ કરવાની તૈયારીઓ કરી કહ્યું છે એવો હુંદ સામે આરોપ મુકનારે નિવેદન કર્યું હતું, તેને હુંદના વડા પ્રધાન શ્રી. નેહરૂએ તદન ખોટું ઠેરવ્યું છે. ગુજરાત તા. ૧૪ મીના બેંગલોરમાં ભાષણ કરતાં શ્રી. નેહરૂએ કહ્યું હતું કે, પાકીસ્તાનના નિવેદનોની ગંભીરતા જોખમકારક છે. જનાબ લીયાકત અલી ખાને જણાવેલી હકીકત ખોટી છે. એ ખરૂં છે કે આપણા સરહદપરના ભાગોમાં સંપૂર્ણ સુરક્ષિતતા આપવાને હુંદની સરકારી ટુકડીઓનું હલનચલન થઇ રહ્યું છે. આપણા સરહદના ભાગો અરક્ષિત રાખવાનું અયોગ્ય સુચેત નહિ રહેવાનું આપણને પોસાય તેમ નથી. દરેક સ્વતંત્ર રાજ્ય સત્તા ધરાવનાર દેશની એ સંભાળ લેવાની ફરજ છે. કોઇએમ એમ કહેવું કે હુંદ પાકીસ્તાન કે કોઇ પણ અન્ય દેશપર આક્રમણ કરવા માંગે છે એ તદન જુઠાણું છે. હુંદ જેટલું યુદ્ધને તિરસ્કારે છે તેટલું દુનીયા નો બીજો કોઇ પણ દેશ કે કોઇ પણ સરકાર તિરસ્કારતાં નથી. તેની સાબીતીમાં અમે વરસે અમે અમારા લશ્કરનો ઘણો ભાગ વીખેરી નાખ્યો હતો અને આશા રાખી હતી કે તેની પાકીસ્તાનપર કંઇક અસર થશે. તેને બદલે પાકીસ્તાન પોતાના લશ્કરમાં વધારોજ કરતું ગયું છે અને એથીયે ખરાબ વસ્તુ તો એ છે કે છેલ્લા છ કે વર્ષારે આસપાસ પાકીસ્તાનમાં યુદ્ધનો આશુ સજ્જ અને જોરીલો પ્રચાર થઇ રહ્યો છે. એક દિવસ પણ એવો આરામનો હોય છે કે જ્યારે પાકીસ્તાન ના અખબારોએ હુંદ સામે યુદ્ધ કરવા ની માગણી કરેલી જણાય એ વિનંતી થયો કરેલી નથી હોતી. પાકીસ્તાન ના જવાબદાર નેતાઓ અને સરકાર ના મંત્રીઓ પૂર્વ યુદ્ધની માગણી કરી રહ્યા છે.

યુદ્ધને માટે આવી જનનો પ્રચાર કે માગણી બીજે કશે કદી થએલી મારી જાણમાં નથી. આ બાબતમાં અમે પાકીસ્તાન સરકારનું તેમજ યુનાઇટેડ નેશન્સનું વખતોવખત ધ્યાન ખેંચેલું છે. તેમ છતાં તે આશુ રહ્યાં છે પા તો પાકીસ્તાન સરકારજ તેને ઉત્તેજન આપી રહી છે અથવા તો તેના પર અંકુશ મુકવાને તે અસમર્થ છે.

છેલ્લા મહિનાઓમાં કાશ્મીરના હુંદ ની હકુમતના ભાગોમાં પાકીસ્તાન તરફથી આક્રમણના પણ દાખલા બની ગયા છે. આ બાબતમાં પણ અમે યુનોનું ધ્યાન ખેંચેલું છે. હુંદના પ્રદેશમાં દરોડા પાડવા અને નુકસાન કરવાની પાકીસ્તાનમાં વ્યવસ્થિત રીતે તૈયારીઓ થતી રહી છે એ પણ અમે જણાવ્યું છીએ.

આ ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવાના મારી સરકાર તરફથી પુરતાં પગલાં નહિ લેવાય તો તે પોતાની ફરજમાંથી ચુકેલી ગણાય. હુંદ કોઇ પણ કારણે પાકિસ્તાનપર આક્રમણ કરવાનું નથી. પરંતુ જો પાકીસ્તાન હુંદના કોઇ પણ ભાગમાં હુંદ સામે આક્રમણ કરશે તો તેની સામા પુરતાં પગલાં લેવામાં આવશે. આ વસ્તુ અમે બીલકુલ સ્પષ્ટ કરી દેવા માંગીએ છીએ. બદા સરખો પણ અંકુશ મુકાયા વિના કે અડચણ કર્યા વિના પાકિસ્તાનમાં બેહાનાઓથી જેહાદનો પ્રચાર ચાલુ રાખવામાં આવે અને પછી પાકીસ્તાનના વડા પ્રધાન તરફથી એવું કહેવામાં આવે કે હુંદજ વાંકમાં છે અને તે પોતે હુંદની સાથે પડોશી નો સંબંધ રાખવા ખુશી છે એ બીલકુલ અસહ્ય છે. અમે પડોશી ધર્મ પાળવા માંગીએ છીએ પરંતુ આક્રમણ, અપમાન, જુઠા આરોપો અને ચાલુ યુદ્ધની ધમકીઓથી નહિ. જનાબ લીયાકત અલી ખાન યુદ્ધ નહિ કરવાને લગતી જાહેરાતની વાત કરે છે તેની સુચના તો વખતોવખત અમે કરેલી છે અને તેને માટે દબાણ કરેલું છે પરંતુ પાકિસ્તાને નફટપણા કારણો આપી વખતોવખત તેને તરછોડી કાઢેલી છે.

હું કહી ગયો છું તેમ અમારૂં લશ્કર અમે ગયે વર્ષે ઘટાડેલું છે. હું એ જણાવવા માગું છું કે પાકીસ્તાને પોતાનું લશ્કર મત વર્ષ કરતાંવધારેલું છે કે ઘટાડેલું છે? હું એ જણાવવા માંગું છું કે એ લશ્કરોમાં પશ્ચિમ તેમજ પુર્વ પાકિસ્તાનમાં મોટો વધારો કરવામાં આવેલો છે કે નહિ અને હુંદની સરહદની બાજુમાં તે જમા કરવામાં આવેલું છે કે નહિ?

કોંગ્રેસની મુંબઇ ખાતેના નિવેદન વિષે બોલતાં શ્રી. નેહરૂએ કહ્યું કે, તેમાં કોઇપણ પાકીસ્તાન સહીત સઘળા પડોશીઓ સાથે મીત્રતાભર્યો સંબંધ અને શાંતી રાખવાના ઠરાવ ઉપર ભાર મુકેલો છે. શ્રી. નેહરૂએ કહ્યું: અમે કબુલ કરીએ છીએ કે શાંતીમય વાતાવરણ ટકાવી રાખવું ઇચ્છવા યોગ્ય છે. તેને માટે અમે અમારૂં બનતું કરેલું છે. તેના પ્રત્યુત્તરમાં પાકીસ્તાન તરફથી જેહાદની ધુમ અને યુદ્ધની ધમકીઓજ મળેલી છે. પાકીસ્તાનના વડા પ્રધાને પડોશીધર્મ ની અને શાંતીની વાતો કરવી એ તેમને ગાજવું નથી ત્યારે તેમની સરકાર અને તેમના મંત્રીઓ અને તેમના અખબારો અને તેમના ઘણા ખરા લોકો ચાલુ યુદ્ધજ વાતો કરી રહ્યા છે અને તેની તૈયારીઓ કરી રહ્યાં છે.

મને કહેતાં ખેદ થાય છે કે પાકીસ્તાનમાંના ઘોડીક સરકારી બાતોના અપવાદો, ઓછીસરો અને માજી ઓફીસરોએ આ તંગ પરિસ્થિતિને પોષણ આપેલું છે.

કાશ્મીરના સંબંધમાં બોલતાં શ્રી. નેહરૂએ કહ્યું કે, જનાબ લીયાકત અલી ખાન એ ખુશી જતા જણાય છે કે પાકીસ્તાનનું આક્રમણ કાશ્મીરમાં હજુ ચાલુ છે અને કાશ્મીર રાજ્યનો હુંદનો ભાગ હજુ તેના સરકારે રોકી રાખેલો છે. કયા ન્યાયે આ વાજબી ઠરાવી શકાય એ હજુ અમારે સમજવાનું છે. દરમીયાનમાં હુંદના ભાગ માં દરોડા પાડવાનું પાકીસ્તાને હજુ ચાલુજ રાખેલું છે. પડોશી દેશની સાથે મીત્રતાભર્યું વાતાવરણ પોષવા બાબતનો જનાબ લીયાકત અલી ખાન નો ખ્યાલ જો આજ હોય તો અમારો એ ખ્યાલ નથી. હું દરીયો કહું છું કે હુંદ પાકીસ્તાન સામે કોઇ પણ કારણે આક્રમણ કરનાર નથી. પરંતુ જો પાકીસ્તાન હુંદના કોઇ પણ ભાગ પર આક્રમણ કરશે તો તેને અમારાં સઘળાં બળથી અમે સામનો કરીશું.

જીવનની ધન્ય ઘડી

કેટલીક વાર આપણે એકલા પડી જતાં નિરાશ બની જઇએ છીએ. કોઇ વાર જીવન એકધારૂં પસાર થતું હોય ત્યારે જીવન નીરસ લાગે છે. જ્યારે આપણે નકામું જીવન જીવતા હોઇએ એવું આપણને થઇ આવે છે. પરંતુ આપણે જીવનની ખરી મહત્તા ભૂલી જતા હોઇએ છીએ. ભલે આપણું જીવન એકદમ અદ્‌ભુત બની ગયું હોય, દુઃખથી ભરેલું હોય, સફળતા તું નામનિશાન પણ દેખાતું ન હોય; પરંતુ આપણા અંતરમાં એકજ અંખ ના બની જોઇએ કે, બીજાના બધાને ખાતર આ જીવનને હોમી દેવાની ધન્ય ઘડી ક્યારે જીવનમાં એકાએક આવીને આપણી સામે ઉભી રહે, ત્યારે જરાયે અમચાયા વિના તૈયાર થવાની શક્તિ પ્રભુ આપણને આપે. આવા કેટલાયે કિસ્સાઓ માનવ-ઇતિહાસમાંથી મળી આવે છે. એમાંની એક વાત અહીં આપી છે:

વર્ષો ઉપર મિસર. દેશમાં એક ધાર્મીક રમખાણ આમ લાગી. ત્યાંના રાજાને થયું કે, આજુબાજુ રહેતા માણસોનું એ કાવતરું છે. તેથી તેણે હુકમ કાઢીને ઘણા માણસોને પકડાવ્યા. પછી તેણે બધાને જુદી જુદી સજા કરવા ચિઠ્ઠીઓ લખાવી. અને જે ચિઠ્ઠી જે ઉપાડે તે માણસને એવા પ્રકારની સજા કરવાનો વિચાર કર્યો. એમ કર્યા પછી તેણે દરેક કેદીને એક એક ચિઠ્ઠી ઉપાડવાનું કહ્યું.

ચિઠ્ઠી લઇને બધા કેદી પોતાને રહ્યાને જઇને ઉભા. એવામાં એક કેદીએ પોતાની બાજુના કેદીને ચોધાર આંસુએ રડતો દીઠો. તેણે તે કેદીને પુછ્યું, "ભાઇ, તું આટલો બધો શા માટે રડે છે? શું તને મારે સજા થવાની છે?"

પેલો કેદી રડતો રડતો બોલ્યો, "મારી ચિઠ્ઠીમાં મોતની સજાનું લખ્યું છે. મને ફાંસીની સજા થાય તેથી હું રડતો નથી. પરંતુ મારે પેર મારી વૃદ્ધ મા એકલી જ છે. તે કેટલાય દિવસથી માંદી છે. જો હું મરી જઇશ તો એની સેવાચાકરી કોણ કરશે?"

પેલો બીજો કેદી આ સાંભળી વિચારમાં પડી ગયો. તેની ચિઠ્ઠીમાં ફાંસીની સજા લખી હતી. તે વિલંબ કર્યા વિના તરત જ બોલ્યો, "અરે ભાઇ, તું શા માટે ગભરાય છે? લાવ, તારી ચિઠ્ઠી મને આપ; અને મારી આ ચિઠ્ઠી તું લે. આ દુનિયા માં મારૂં કોઇ નથી. હું એકલો જ છું. મારી પાછળ કોઇ રડનારૂં કે દુઃખી થનારૂં નથી. તું જીવતો રહેશે તો તારી માની સેવા કરી શકશે અને તારી માને પણ આધારે રહેશે. ચાલ, જલદી કર. પેલો સિપાઇ આવે છે, તારી ચિઠ્ઠી મને આપી દે."

પેલો કેદી પોતાના એ પડોશી કેદી ને જોઇજ રહ્યો. પોતાને બદલે બીજા કેદીને મરવા દેવાનું કોને ગમે? પરંતુ એટલામાં પેલા બીજા કેદીએ એના હાથમાંથી મોતવાળી ચિઠ્ઠી ઝુંટવી લીધી અને પોતાની હકકારવાળી ચિઠ્ઠી એના હાથમાં મુકી દીધી. પછી તે હસતો હસતો ફાંસીને માંચડે ચડવા સિપાઇ સાથે ચાલતો થયો.

—બાળ સહિત્યમાંથી ઝવેરભાઇ

દેશ નેતાઓની મુદ્રી રાખવા લાયક છબીઓ

સૌએ પોતાના ઘરમાં મુદ્રી રાખવા લાયક સુંદર આર્ટપેપર ઉપર છાપવામાં આવેલી દેશ નેતા ઓની છબીઓ.

મહાત્મા ગાંધી.
પુ. કસ્તુરબા.
સરદાર વલ્લભભાઇ પટેલ અને પંડીત નેહરૂ સાથે.
શ્રી. અરવીંદ ઘોષ.
દરેકની કી. ૧
બાર છબીઓ સાથે લેનારને કી. ૩-૬ પોસ્ટેજ સાથે.
c/o 'Indian Opinion'
P. Bag, Phoenix.

પાકિસ્તાનના વડા પ્રધાનને શ્રી. નેહરૂનો જવાબ

જુલાઈ તા. ૨૫ મીના પાકીસ્તાનના વડા પ્રધાન જનાબ લીયાકત અલી ખાનના તારનો વડા પ્રધાન શ્રી. નેહરૂ એ નીચે પ્રમાણે જવાબ આપ્યો હતોઃ

"હીંદ તરફથી પાકીસ્તાનની સુરક્ષિતતાને અને આંતરરાષ્ટ્રીય શાંતીને જોખમમાં નાખવામાં આવી રહી છે એ તમારી દલીલને માટે કશું જ વાજબી પણું નથી. શાંતી સ્થાપવી અને ટકાવી રાખવી અને યુદ્ધ અટકાવવું એ હીંદની નીતી હમેશ ચાલુ જ છે. ગયે વર્ષે અમારે લશ્કર ઘટાડીને અમે એ વસ્તુ સિદ્ધ કરેલી છે અને આશા રાખી હતી કે પાકીસ્તાન પર તેની કંઈક અસર થશે. પરંતુ અમારી જાણ મુજબ પાકીસ્તાનના લશ્કરમાં વધારો કરવાના જોરશોરથી પ્રયત્નો ચાલી રહ્યા છે અને એ લશ્કર મોટે ભાગે હીંદની સરહદ પર જમા કરવામાં આવેલું છે.

એ ઉપરાંત હીંદ સામે જેહાદ અને યુદ્ધનો ખાત્મો પાકીસ્તાનના અખબારો તરફથી જ નહિ પરંતુ જવાબદાર સત્તા ધીરો તરફથી પણ પ્રચંડ પ્રચાર ચાલી રહ્યો છે. આ બાબતમાં તમારી સરકારનું અમે વખતો વખત ધ્યાન ખેંચેલું છે. છેલ્લાં પાંચ અઠવાડીયાં દરમીયાન યુદ્ધ વીરામની મર્યાદા વટાવી કાશ્મીર રાજ્યની અંદર વધતા જતા પ્રમાણમાં દરોડા પાડવામાં આવ્યા છે. તમે જાણો છો કે આ ગંભીર પરિસ્થિતિ નીને અમે યુનોનું ધ્યાન ખેચ્યું છે. પાકીસ્તાનમાં યુદ્ધની ચઢ રવેશી આ ચાલુ વાતો અને તકસારીઓની મારી સરકાર અવગણના કરી બેગાર્દા ન તો અમારી ફરજોથી ચુકેલા ગણાઈ એ. તમારા તારમાં તમે જણાવેલી હકીકતો સાચી નથી. પરંતુ એટલું ખરું છે કે સંરક્ષણના કારણસર લશ્કર ના અમુક હલન ચલનને અમે હુકમ આપેલો છે. હું અગાઉ વખતોવખત જણાવી ચુકેલો છું તેમ, આક્રમણ કારી પગલાં લેવાનો અમારો કશોજ ઇરાદો નથી પરંતુ હીંદની ભુમીપર જો કોઈ આક્રમણ થશે તો તેનો અમે સામનો કરીશું.

આપણા બન્ને દેશો પ્રત્યેના પડોશી તરીકેના સંબંધ વીશે તમે ધ્યાન ખેચ્યું છે. અમે એવા સંબંધને માટે પણ જ પ્રયત્નશીલ છીએ પરંતુ પાકીસ્તાન ની તમારી અને પ્રચાર એવો સંબંધ સ્થાપવામાં અત્યંત અડચણરૂપ છે.

હીંદ અને પાકીસ્તાન વચ્ચેની કાશ્મીર તેમજ અન્ય બાબતોની તકરારના સંબંધમાં શાંતીમય સમાધાન લાવવાનો પ્રયત્ન કરવાની અમારી આજ નીતી રહેલી છે અને તેને માટે અમે તમારી સમક્ષ ઘણી દરખાસ્તો પણ મુકેલી છે. યુદ્ધ નહિ કરવાની બાંહેધરી ની અમારી દરખાસ્ત પાકીસ્તાન સાથે નહિ લડવાની અમારી પ્રતિજ્ઞાનો પુરાવો છે.

મારી તમને વીનંતી છે કે હીંદ સામે જેહાદ અને યુદ્ધનો પાકીસ્તાનમાં ચાલી રહેલો પ્રચાર તમારે અટકાવવો જોઈએ. આપણા બન્ને દેશો વચ્ચેનો સંબંધ સુધારવાને એ જેટલું મદદરૂપ થઇ પડશે તેટલું બીજું કશું નહિ થાય.

હિંદમાં અખબારોની ટીકા

'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા' લખે છે કે, એક માણસે ટોવાણી મુકે અને પછી બંબાવાળાઓ આમ બુઝાવવા આવે એટલે બોટો શોર બકોર કરવો તેના જેવી જનાબ લીયાકત અલી ખાન ની વલણ છે. હીંદનો પાકીસ્તાન સામે આક્રમણ કરવાનો જરાયે ઇરાદો નથી એ બાબતની પાકીસ્તાનના લોકોને પુરેપુરી ખાત્રી મળતી જ જોઇએ. શ્રી. નેહરૂએ પોતાના બે'ગલોરના ભાષણમાં તે ૨૫૮ શબ્દોમાં આપેલી છે. આક્રમણ કરનારને પડોંચી વળવાને હીંદ પાસે જ્યારે પૂરેપૂરાં બળ હતું તેવે વખતે યુદ્ધ વીરામના કરાર હીંદની સુચનાથી જ થયા હતા એ બોટન કે યુનાઇટેડ સ્ટેટસથી ધમકારી સકાય તેમ નથી. વળી હીંદે કાશ્મીરમાંના પોતાના લશ્કરમાં સ્વેચ્છાએ પચીસ ટકાનો ઘટાડો કર્યો હતો. એ સવાલ યુનોમાં હજુ તો ચર્ચાનો વિષય હતો છતાં હીંદે પોતાના દેશનું રક્ષણ કરવા લશ્કર ઘટાડવા નો ઠરાવ કર્યો. પાકીસ્તાન સાથે યુદ્ધ નહિ કરવાની જાહેરાત પર સહી કરવામાં હીંદે પહેલ કરી. જે ચેષ્ટાને જનાબ લીયાકત અલીખાન હવે પોતાના ના ગાભામાં મરડી બેસાડવાનો પ્રયત્ન કરી રહ્યા છે. આ સઘળાં આક્રમણ કરનારના લક્ષણ નથી. વળી જે દેશ માં સામાન્ય ચુંટણીની તકરારીઓમાં પોતાનો કોપ તેવે યુદ્ધનો તૈયાર કરવા ની ફુરસદ કયાંથી હોઈ શકે?

'હિંદુ' પત્રની ટીકા

મદ્રાસનું 'હીંદુ' લખે છે કે, વખતોવખત બળથી કાશ્મીરના સવાલનું સમાધાન કોઇ પણ વખતે કરવાનો હીંદનો ઇરાદો નથી એવી જનાબ લીયાકત અલીખાનને શ્રી. નેહરૂએ સ્પષ્ટ અને બીન શરતે ખાત્રી આપી હતી. બોટી રીતે મેળવેલી ચુંટણી ઉપરથી કબજો રાખી બોટેલા બોટ આક્રમણ કરનાર પ્રત્યે આવી ચેષ્ટા કરવામાં આવે એ કોઇ પણ નીષ્પક્ષપાતી નીરીક્ષકને તાજુબી ભરેલું તો લાગવું જ જોઇએ. અમે તેટલું શોચનીય છતાં બોટલું તો કબુલ કરવું જ પડશે કે પાકીસ્તાને હીંદની સાથે મૈત્રી કરવાનો સતત ઇન્કાર જ કરેલો છે અને દુનીયા ને તારો કરી એવું ઠસાવવાનો પ્રયત્ન કરતું આવેલું છે કે તેનું બળવાન પડોશી પ્રત્યેની જ તો તેને બળી જવા ની રાહ જોઇ રહ્યું છે. હીંદનો જો એવો જ ઇરાદો હોત તો. પાકીસ્તાન જે વખતે પોતાનું લશ્કર સતત વધારી જ રહ્યું હતું અને નીરક્ષ બનેલા જોઇત ના મોટા ભરકારી અમલદારોની સલાહો લીધા કરતું હતું તે વખતે જ હીંદ પોતાનું લશ્કર ઘટાડવાના પંચમાં શ્રી સાર્ જેનો પ્રમુખસ્થાને, શ્રી. નેહરૂ કહી ગયા "તેમ, ■ મોટા બ્રીટીશ સરકારી અમલદારોની હાજરી જેવી પરિસ્થિતિને પોષણ આપનારી થઇ પડેલી છે, કોમનવેલ્થના બે દેશો વચ્ચે ના બગડેલા સંબંધમાં આ રીતે માથું મારવું એ બ્રીટીશ સરકારને ઓછી શોભા પમાડનારી લાગ્યા વિના નહિ રહે.

'અમૃત બજાર પત્રીકા'

'અમૃત બજાર પત્રીકા' લખે છે કે, સીકયોરીટી કાઉન્સીલે હીંદ અને પાકીસ્તાન વચ્ચે શાંતી સ્થાપેલી નથી પરંતુ એક રીતે જોતાં પાકીસ્તાનને તેના આક્રમણખોરી હેતુઓમાં ઉશ્કેરણ આપેલું છે. વધુમાં તે લખે છે કે, કાશ્મીર સંબંધી હકીકતો એટલી દીવા જેવી સ્પષ્ટ છે કે સીકયોરીટી કાઉન્સીલથી તેનું મહત્વ ન સમજી શકાય એ માની શકાય તેવી વાત નથી. ખુદ આપણા વડા પ્રધાન જેઓ યુનોની પ્રતિજ્ઞાનો સવાલ આવે ત્યાં ધંધો જ્યા છે, તેમને પણ એ નિર્બળ પક્ષ આપવું પડયું છે કે દુનીયાના શ્રેષ્ઠ કારણ આગળ કાશ્મીરના સવાલને ભાજીએ હડસેલી દેવામાં આવી રહી છે.

વિદ્યાર્થીની દ્રષ્ટીએ પાકીસ્તાન

યુનો'ની પેટા સમીતી કે વિશ્વના જુદા જુદા ભાગોમાં આર્થીક ઉન્નતીને માટે સ્થાપવામાં આવી છે અને જે એશીયા અને દુર પૂર્વના દેશો માટે નીમવામાં આવી છે તેને અંગ્રેજી માં ECAFE કોનોમીક કમીશન ફોર એશિયા એન્ડ ફાર ઇસ્ટ કહેવામાં આવે છે અને ટુંકમાં 'એકાફે' તરીકે ઓળખાય છે. આ "એકાફે"નું અધીવેશન ગયે વરસે હીંદમાં ભરાયું હતું અને આવા અધવા 'યુનો'ના બીજા અધીવેશનોમાં આવતા વિખ્યાત પ્રતીનીધી ઓનો લાભ વિદ્યાર્થીઓને મળે તેથી તેવા અધીવેશનોની સાથે સાથે એક આંતરરાષ્ટ્રીય અભ્યાસ વર્તુળ યોજવામાં આવે છે. જેમાં વિશ્વના વિદ્યાર્થીઓ ભેગા થઇ અધીવેશનમાં ચર્ચેલા કાર્યો અને બાબતો ઉપર ચર્ચા અને પોતાના મતો દર્શાવે છે. આવું એક આર્થીક અધીવેશન હમણાજ પાકીસ્તાનમાં ભરાયું હતું. તેમાં હીંદમાંથી જે વિદ્યાર્થીઓ ગયા હતા તેમાંના એક વડોદરાના શ્રી. પ્રમોદચન્દ્રાસ. હતા. તેઓ પોતાનો પાકીસ્તાનનો અનુભવ લખતાં લખે છે કેઃ

"પાકીસ્તાન વીશે આપણે એક ચોક્કસ પ્રકારની ગલતફહમી ધરાવતા થઇ ગયા છીએ. અને એમ માનીએ છે કે ત્યાં જનારે હીંદવાસી સલામત નથી. આવા કોઇક પુર્વગ્રહો સાથે અમે પણ પાકીસ્તાન જવા ઉપડયા. દીલ્હી થી "કાશ્મીર મેલ" દ્વારા અમૃતસર જવા ઉપડયા. અમૃતસરથી લગભગ ૬૮ માઇલ પર અટારી નામનું એક સ્થળ છે. જે ભારતનું આખરી સર હદનું ગામ છે. ત્યાં હીંદી સરકારની ચોકણી છે. ભારતની આ હદ વટાવ્યા પછી બીજા એક ચોકી છે. ત્યાં ભારત અને પાકીસ્તાન એમ બન્નેના ઝંડા ફરકતા હોય છે, અને ૬૪૮ ગોરે આંતરજ બન્ને રાષ્ટ્રોનાં સરકારો ચોવટી નાખીને પહેલા જોય છે. આ ચોકી પ્રમાણમાં વધુ કડક છે. અહીં જ પાસપોર્ટ અને ચલતીની ચોપડી

ચિંતા ? ! ! !
શાની ચિંતા ?
તમારા રસોડામાં બનતા કરીવાસુ – ઓસરી – (બરી મસાલો, કઠોર, પરગણ્યુ દવાઓ, ઢવન-પૂજા તેમજ ઘરના અંગેની તમામ જરૂરીયાતોની ચીંતા હમારા ઉપર છોડી દો. સંતોષકારક માલ કિફાયત ભાવે, ચીવટ વિભાગે મોકલાવી શું. "ગ્રાહકોને સંતોષ આપવો એ હમારો મુદ્રાલેખ" છે.
એજન્સીસ : ૨૯૦ વિક્ટોરીયા સ્ટ્રીટ, દરબન, ફોન : ૨૪૮૮૫
પરશુ નરશીભાઇ એન્ડ કુ. (પી) લીમીટેડ. ૪૨વર્ષની ૩૦ વર્ષની પુરાણી અને સુપ્રસિદ્ધ દુકાન.
સર્વ માલ સી. ઓ. ડી. થી મોકલાવવામાં આવશે.

તપાસ કરવામાં આવે છે. આ ચોકી વટાવ્યા પછી "નો મેન્સ લેન્ડ" અરધો કિલોમિટર જેટલામાં ને પછી પાકીસ્તાનની ચોકી આવે છે. અને ત્યાં પાછી તપાસ થાય છે અને મજુરો ની અદલા બદલ થાય છે. ભારતનાં મજુરો હારબંધ જાય સામાન મુકી પાછા ફરે છે અને પછી પાકીસ્તાનના મજુરો હારબંધ આવી સામાન લઈ જાય છે. બન્ને રાષ્ટ્રોના મજુરોના પોશાકો પણ જુદા ઢોબ છે તેમજ રંગ પણ જુદો છે. પાકીસ્તાનના મજુરો લીલા રંગના કપડાં પહેરે છે. જ્યારે ભારતના પીળાશ પડતા રંગના પહેરે છે.

પાકીસ્તાનમાં દસ દિવસ અમે ગાળ્યાં પણ અમને કયાંય પણ ખરાબ અનુભવ નહોતો થયો. ન જનતા તરીકે પાકીસ્તાનની જનતા અછી અને વીનમ્ર જ લાગી. વિદ્યાર્થીઓ પણ અમારી સાથે ખુબ વિનય વિવેકથી વર્તતા હતાં. છેલ્લે દીવસે અમે ડાકોર ગોયું ત્યારે પેશાવર યુનીવર્સીટીના બધા જ પઢાયુ વીદ્યાર્થીઓ અમને વળાવવા આવ્યા હતા અને સહુને છાતી સરસા ચાંપી અમને વિદાય આપી હતી. દીલ અને પાક વધુ નજીક આવે તે માટે વિદ્યાર્થીઓએ બન્ને દેશોમાં વધુ આવજા કરવી જોઇએ એવું અમે સર્વાનુમતે ઠરાવ્યું છે.

ઓલ ઇંડિયા હીંદુ સભાજ

ઓલ ઇંડિયા હીંદુ સભાજના મંત્રી લખી જણાવે છે કે તા. ૨૯-૧-૫૧ ના રોજ પ્રગટ થયેલા 'ઇન્ડિયન ઓપિનિયન'ના પાના ૨૧૭ માં "ઓલ ઇંડિયા હીંદુ સભાજ" એ શિર્ષ હેઠળ આપવા માં આવેલા સમાચાર તદ્દન જુદા છે એવું દર્શાવતો પત્ર અહિંના બાજ ઓફાસમ દરબારી તરફથી અમોને તા. ૧૭-૩-૫૧ ના રોજ મળ્યો છે.

પરદેશની વિશેષતા

વડવાળ પાસે રામપુરા ગામના ગંગારામ નામે બાળપણ શિક્ષકને રક્ત પિતનો રોગ થયો. આયુર્વેદના નીષ્ણાત નાનજ ભૈયે તેને એક વરસ સુધી રોજ ઓરંડીનું નવા ગળોનો રસ પીવાનું કહી દીધું. સીવાય કે રોષ પણ મસાલા વીનાની મગની દાળને ચોખાની પોચકી રોટલી સીવાય બીજું કંઇ જ ન ખાવાની આકરી પરહેજ કરવી પડી, વર્ષ વીત્યુ. રોગ મટી ગયો, પંણ નાનજ ભૈયે કરતા નવ વર્ષ વીત્યા બાદ તે બાળ ગંગારામ શિક્ષક ને ગામ આવ્યા ત્યાં સુધી એજ રીત ના પરહેજ એણે પાળેલી. ગંગારામે તબિયત બતાવી. રોગ મુક્તિ માટે થયા ચકિત પચીસ રૂપીયા નાનજ્ભૂને આપ્યા. વધ્યું પોતાના કમસાથીઓ પાસે પચીસ કાઢીને તેમાં ઉમેરી ઉભા થયને ગંગારામની આસપાસ સાત પ્રદક્ષિણા ફરી તેને પ્રણામ કર્યા ને પચાસ રૂપીયા તેને અરજે મુકયા. આમવંચકિત થયેલા આયુર્વેદાચાર્યે આનો ખુલાસો પુછતાં નાનભટ્ટ બોલ્યા: "દર્દી ને વધ્યો તો મળી રહે પણ આવી આકરી પરહેજ પાળનાર દર્દી ગળવા મુશ્કેલ છે. આયુર્વેદથી રક્તપિત મટે છે એની સાબિતી પોતાની મુરત પરહેજથી મને કરાવી આપનાર ગંગારામ મારા ગુરૂ છે, તેથી તેમને મેં એ ગુરૂ દક્ષિણા આપી છે."

"ચિનેમ્બુ" જય'તિથ'ભમાંથી સાભાર

પરચુરણ

—બનીજ તેમની જે ચાર મુખ્ય પેઢી ઓ ભારતમાં છે તેમાંથી બે પેઢીઓ ને બે અમેરીકન છે. એમાંથી કુલ ૨૧ કરોડની મુડીનું એમાં રોકાણ કર્યું છે.

—કર્વે વિદ્યાપીઠમાં આ વર્ષે શ્રીમતી પુષ્પાબેન સનત કુમાર મહેતાએ અને તેમની પુત્રીએ સાથે જ મેટ્રીકની પરીક્ષા આપી. ભારતમાં આ બનાવ પહેલીજ વાર બનવા પામ્યો છે.

—ગૃહ પ્રધાનના જણાવ્યા મુજબ માર્ચે ૧૯૫૦ દરમ્યાન એક વર્ષમાં ગુપ્તચર ખાતા પાછળ રૂ. ૫,૨૫૦૦૦ ખરચ કર્યો હતો.

—ભારતની કાપડની પેદાસ ૧૯૪૮માં ૪૩૨ કરોડ વાર હતી જ્યારે નીકાસ ૩૧ કરોડ વાર હતી. ત્યાર પછી અનુક્રમે ૧૯૪૯ અને ૫૦ માં પેદાસ ૩૮૦ કરોડ વાર અને નીકાસ ૪૧ કરોડ વાર અને ૫૦ માં પેદાસ ૩૬૧ કરોડ વાર અને નીકાસ ૧૧૧ કરોડ વાર ઉપર પહોંચ્યા છે.

—એ કરોડને ખરચે ભારતમાં પહેલ વહેલી સીગારના કારખાનું બનાવનાર ભારતીય મીલ કલકત્તા પાસેના ત્રિવેણી ગામમાં આર્યમાં ખુલ્લી મુકાઇ છે.

—અંધારામાં લોક રાકાય તેવા ઘરમા ખજાવવાની આંખના ડાકતરો આશા સેવે છે. ડન્ડીની યુનીવર્સીટી કોલેજ ના પ્રોફાપાસે એક પ્રવચનમાં કહ્યું હતું કે આવા 'ઈન્ફા-રેડ' કરમાઓ, કુટુંબના સભ્યો જ્યારે ટેલીવીઝનમાં લોક રહ્યા હોય ત્યારે એકાદ અંધારે ખુણે બેસી છાપું વાચવામાં પોતાને ઉપયોગી થઈ પડશે.

—હીંદના પડોશી દેશો સાથેનો હીંદ સંસ્કૃતિ સંબંધ વધુ ગાઢ બને તે માટે રશીયા અને ચીનમાં પ્રવાસ કરીને ત્યાં નાટકો બજવવા માટે હીંદ સરકારે જાણીતા નટ પૃથ્વીરાજ કપુર અને તેમના નાટકમંડળને ઓફર આપી છે.

—મલાયામાં નાળિયારનો પાક ઉતારવા માટે પેળવાયેલાં વાંદરાઓનો ઉપયોગ કરવામાં આવે છે! એક ગણતરી પ્રમાણે સેરેરાશ એક વાંદરો વધુમાં વધુ એક દિવસમાં બારસો નાળીયેર ઉતારી શકે છે અને આમ તેના માલિક ને રોજની પાંચથી સાત મલાય ડોલર ની કમાણી આપે છે.

—માલિક વાંદરાને એક દોરી બાંધે છે અને વાંદરો સમજી શકે તેવી ભાષા માં કામ કરવા માટે તેને આજ્ઞા કરે છે અને માર્ગદર્શન આપે છે. વાંદરો પાકા નાળીયેરો ઉતારે છે. એક ઝાડ પુરૂં થતાં બીજા પર કુદકો મારે ને પોતાનું કામ આગળ ધપાવ્યે જાય છે.

---

૨૭ ૬ ૫૧

"સમાજવાદી પક્ષની તરફમે પંચ વર્ષીય યોજના જોઇ?"

"હા, પરમપા પહેલાની યુવાનના લગ્ન અંગેના આદર્શો જેવી."

* * *

"મને એક અકસ્માત ન નડયો હોત તો હું આજે કરોડાધિપતિ હોત!"

"એમાં એવો કયો અકસ્માત અને કયારે નડયો?"

"હું મરીજને ત્યાં જન્મ્યો એ જ અકસ્માત!"

સ્ટીમર કરંજ

આવતી સ્પ્રેરા જનારી સ્ટીમર કરંજ કરાંચી અને પોરબંદર થઇ મુંબઇ જશે.

ઓફીસો છે ખાલવી અને શિક્ષક

ચાર્લ્સટાઉનના મદરેસા અને મસ્જીદ માટે અનુભવી મોલવી જોઇએ છે. અરબી, ઉરદુ અને ગુજરાતી શીખવી શકે તેવા. પગાર માસિક પા. ૨૦ રહેવાની અને ખાવાની સગવડ સાથે. લખોઃ ચાર્લ્સટાઉન મદરેસા. બોકસ ૭, ચાર્લ્સટાઉન, નાટાલ.

કેળવણી વડે ક્રાંતી

કેળવણીકાર માટે ઉપયોગી

કીંમત ૭-૦

આ ઓફીસેથી મળશે

દુકાન વેચવાની છે

ટાઉનમાં મોટા રસ્તા ઉપર આવેલી સારા મોકાની દુકાન કમારે તાકીદે વેચવાની છે.

ઘોકારાંઓની કેળવણી માટે અઢીપાં સારી, એજવાઇ કરવામાં આવી છે.

Inquiry: Box 89 or Phone 450 Nigel.

આ મેલમાં આવેલાં નવાં પુસ્તકો

નીતી નાહાને માર્ગે (સાંપીકા)	૧ ૦
"હીંદ સ્વારાજ્ય" સાંપીકાના હસ્ત લીખીત છાપમાં અને એક છપેલી ટાઇપ કોપી સાથે	૧૦ ૦
અનાસકતી યોગ	૧ ૦
અનાસકતી યોગ (ગાંધીજીએ ગીતા ઉપર કરેલા અનુવાદ)	૧ ૧
સરદારનું જીવન ચરીત્ર	૧૩ ૦
ગાંધી-દક્ષસાહનું જીવન ચરીત્ર	૧ ૦ ૦
આવા તેર દીવસો (આપુના બાદ	
બાપુના વિનોબાજીના પ્રવચનો)	૧ ૧
સરદારના ભાષણો	૧૨ ૦
મારી જીવન કથા (નેહરૂ)	૧૫ ૦
દીલ્હી ડાયરી (ગાંધી)	૧૦ ૦

મળવાનું ઠેકાણું આ ઓફીસ

"ખેલાપ"

તંત્રીઃ અલેન્દ્ર મોમાણી

આ માસીકમાં દેશ પરદેશના અનેક છાપાંઓમાંથી તારવીને સામગ્રી આપ વામાં આવે છે. હાલના ધમાલીયા જીવનમાં નીરાંતે બેસવું મુશ્કેલ બને છે તેવાઓ માટે આ માસીક રસ ભરી સામગ્રી પુરી પાડે છે.

અંક સાત, આઠ, નવ, દશ, અને અગીયાર, બાર, તેર અને ચોદ આવી ગયા છે.

પ્રત્યેકની ૨/૩ પેસરેજ સાથે અમારી ઓફીસેથી મળશે.

(નીયમીત ગ્રાહક થવા ઇચ્છનાર અમને લખે.

INDIAN OPINION.
P. BAG.
PHOENIX.

અઠવાડીક પંચાંગ

વાર	મસ્તી ૧૯૫૧ ઓગસ્ટ	હીંદુ ૨૦૦૭ શ્રાવણ	મુસલમાન ૧૩૭૦	પારસી ૧૩૨૦ શહે. કદમી	સુર્યોદય કા.પ્રે.	સુર્યાસ્ત કા. મી.
ગુરૂ	૩	સુદ ૧	૨૯	૫	૬-૪૦	૫-૨૪
શની	૪	,, ૨	૩૦	૬	૬-૩૯	૫-૨૫
રવી	૫	,, ૩	૧	૭	૬-૩૮	૫-૨૬
સોમ	૬	,, ૪	૨	૮	૬-૩૭	૫-૨૭
મંગળ	૭	,, ૫	૩	૯	૬-૩૬	૫-૨૮
બુધ	૮	,, ૬	૪	૧૦	૬-૩૫	૫-૨૯
ગુરૂ	૯	,, ૭	૫	૧૧	૬-૩૪	૫-૩૦

દાદુ દયાળ

ગુજરાતમાં અનેક સંતસંપ્રદાયો ચાલે છે તેમાં એક દાદુપંથ છે. એ પંથના મુળપુરૂષ ભક્ત શ્રી. દાદુ દયાળ તો જન્મ અમદાવાદમાં ઈ. સ. ૧૫૪૪ માં થયો હતો. જ્ઞાતે તે પીંજરા હતા. પરંતુ પરમાત્માની ભક્તિમાં તેમનું મન લાગ્યા પછી, સૌ કોઇ તેમની જ્ઞાતજાત ભુલી ગયું, અને હીંદુ તેમજ મુસલમાન સૌ લોકો તેમના શિષ્ય બન્યા. દાદુ કહેતા કે, 'મેં બધે બરાબર ફરીને જોયું, તો પરમાત્મા સિવાય બીજું કશું મેળવ્યું નહિ. હીંદુ હોય કે મુસલમાન હોય, બધાનાં શરીરમાં તે એક જ આત્મા વ્યાપી રહેલો છે.'

જુદા જુદા ધર્મના લોકો પરમાત્મા માં નામ જુદાં જુદાં રાખે છે, અને પોતે માનેલું નામ સાચું છે એવો આગ્રહ રાખે છે. પણ દાદુ કહેતા કે, "આ દુનીયા બનાવનાર પરમાત્મા નાં અનંત નામો છે. પોતાને જે નામ ગમે તે લેવું. સંત-સાધુની એ જ રીત છે.'

જ્ઞાતજાતના ખ્યાલોની પેઠે તે જમા નામાં લોકોનો એવો ખ્યાલ પણ હતો કે, સાચો ભક્ત તો સન્યાસી જ હોય. પરંતુ નાનક, કબીર, દાદુ વગેરે સંતો ગૃહસ્થ હતા, અને પોતપોતાનો ધંધો કરીને પ્રમાણિકતાથી ગુજરાન ચલાવતા. એ સંતોનાં નિર્ભળ, સાદાં અને મહેનતુ જીવનની લોકો ઉપર ઊંડી છાપ પડી હતી અને તેમના પ્રત્યે લોકોનો આદર વધતો જ જતો હતો. ધર્મ કે સાધ્ય ની મીમાંસારૂપ પ્રતિષ્ઠા પર છળી બાનાર પંડીતો અને મૌલવીઓને આ કેમ ગમે? તેથી તેમના જમાનાના પંડીતો અને મૌલવીઓએ આ સંતોનો તિરસ્કાર કરવામાં અને રંજાડ કરવામાં બાકી રાખી ન હતી.

દાદુ ભક્તિને માર્ગે કેવી રીતે વળ્યા તેની એક રસિક વાત છે. એક દિવસ પાછલે પહોરે વરસાદ પડતો હતો. દાદુ માથું નીચું કરી કોસનું ચામડું સીવતા હતા. એ સમયે એક સાધુ પુરૂષ વરસાદમાંથી બચવા દાદુની ઝુંપડી બહાર છાપરી નીચે આવીને ઉભા રહ્યા. દાદુને લાગ્યું કે, કોઈ માણસ બહાર છાપરા નીચે ઉભું છે. તે તરત ઉઠ્યા અને બહાર આવીને જોયા, "બહાર ઉભા રહીને કેમ બીવનઓ છો? અંદર આવો ને! મારા જેવા ચોખીના ઘરમાં આવવાનો વાંધો તો નથી ને?"

સાધુપુરૂષ બોલ્યા, "અમે તો હરિ ભજવાનના દાસ છીએ. અમારે મન બધા માણસો સરખા છે; એક ઉંચું અને બીજું નીચું એવું અમે માનતા નથી."

દાદુ—તો અંદર ઓસરીમાં પધારો.

સાધુપુરૂષ અંદર આવીને બેઠા, પણ થોડી વાર પછી દાદુએ તેમના તરફ જોયું, તો તેમની આંખમાં આંસુ હતા. દાદુએ માન્યું કે, મેં તેમને બેસવા સારૂં પાથરી આપ્યું છે, તેથી તેમને દુઃખ થયું હશે. એટલે તે ફરી માફી માગતા બોલ્યા, "બાબા, મેં જાણી જોઇને તમને અગવડવા ખાતર આ ચામડું આપ્યું નથી. પરંતુ હું ગરીબ મોચી છું; એટલે મારા ઘરમાં બેસવા માટે આપવાનું બીજાથી સારૂં બીજું શું હોય?"

અમને નોંધ લેતાં અતિ ખેદ થાય છે કે શ્રી. એચ. જયદયુ. રીચ ના ધર્મપત્નીનું દુઃખ માંદગી બાદ જોહાનીસબર્ગની જનરલ હોસ્પીટલમાં ગયા શનીવાર તા. ૧૮ મીના અવસાન થયું છે. શ્રી. રીચનું નામ 'ઇન્ડિઅન ઓપિનિઅન'ના વાંચકોને અજાણ્યું નથી. ફ્રીનીક્સ સંસ્થા અને 'ઇન્ડિઅન ઓપિનિઅન' સાથેનો શ્રી. રીચનો સંબંધ મહાત્મા ગાંધીજીના હસ્તે તેની ૧૯૦૪ માં સ્થાપના થઇ તે વખતથી છે. ફ્રીનીક્સ સંસ્થાના શ્રી. રીચ એક ટ્રસ્ટી છે અને ઘણા વર્ષોથી 'ઇન્ડિઅન ઓપિનિઅન'માં તેમના મનનીય લેખો આવ્યા કરે છે જે ઘણા અંગ્રેજ વાચકો રસપુર્વક વાંચે છે. આ કારણ થી શ્રી. રીચની ખોટને અમારી અંગત ખોટ ગણીએ છીએ. શ્રી. રીચનાં જીવનમાં કમનસીબીઓની પરંપરા ચાલતી આવેલી છે. એક આફતપર બીજી આવ્યાજ કરી છે. ઘણા વર્ષો થી તો તેઓ પોતાના પગ કાપી નાખવા પડેલા હોવાથી અપંગ બની ગયા છે. તેમનો એક માત્ર આધાર મીસીસ રીચ હતાં, જે એક પત્નિ કરતાં તેમને ઘણુંજ વધારે હતાં, બલકે સર્વસ્વજ હતાં એમ કહીએ તો ખોટું નહિ. તેમના વિના એક કલાક પણ શ્રી. રીચથી સુકાય નહિ. એ મીસીસ રીચને કુર જાલિએ આજે તેમના જીવનના સાંધ્યકાળે ખેંચી લીધાં છે. શ્રી. રીચની વય આજે ૮૦ ઉપરની છે. શબ્દોથી વર્ણવી નહિ શકાય એવા શ્રી. રીચના મહાન શોકમાં અમે તેમની સાથે સામેલ થઇએ છીએ અને અમારી ખાત્રી છે કે અમારા વાંચકો પણ અમારી સાથે સામેલ થશેજ. ઇશ્વર તેમને સહાય થાઓ અને સ્વર્ગસ્થ આત્માને ચિર શાંતિ મળો એજ અમારી નમ્ર પ્રાર્થના છે.

કેટલી આઘાતજનક શાંતી અને નમ્રતાથી શ્રી. રીચ ઇશ્વરેચ્છાને આધીન થયા છે, એ તેમનાપર પડેલા મહાન અને ચાતરફ કટોકા પક્ષી, "કસોટીની પરીક્ષા" ના શિર્ષક હેઠળ તેમણે 'ઇન્ડિઅન ઓપિનિઅન'પર મોકલેલી નીચેની નોંધપરથી જોઇ શકાય છે.

> આપણા પ્રત્યેના ઇશ્વરમાં એવો અવસર આવે છે જ્યારે આપણે દાવાઓ કરવા દોડીએ તેની કસોટી થાય છે; આપણી માન્યતાઓની પાછળ રહેલી સત્યનિષ્ઠાની પરિક્ષા થાય છે, આપણે કહીએ છીએ તે કરી બતાવવાની શક્તિ થાય છે.
>
> એ વસ્તુ દુઃખ આનાથી દુઃખ આવી પડવાથી પણ થાય; બીજા મનુષ્યના અને કોઇકની કુટુંબીજનોનું કહેવાતું 'અવસાન' થવાથી પણ થાય એજ વખત હોય છે, જ્યારે આપણી શ્રધ્ધા ની ખરી કસોટી થાય છે.
>
> એ વખતે ગુરૂના વચનોને આપણે ખરા પાડી શકીશું કે: "ડાહ્યા છતાં કે મુર્ખાનો રોફ કરતા નથી ?"
>
> એ વખતે આપણી પોતાની જોહને ચીજ માણી એમ કબુલવા તૈયાર થઈ શું કે આપણી પાસેથી ચાલ્યો ગયેલો પ્રિય આત્મા સુખીજ છે ? અને મરણ એ માત્ર દેહ બદલાવાની ક્રીયાજ માત્ર છે અને આત્મા અમર છે અને કદી મરતોજ નથી ?
>
> એ વખતે પુર્ણ પ્રમાણીકતાથી એમ કહી શકીશું કે ઇશ્વર એજ પ્રેમ છે અને એના મારા આપણે દરરોજ વ્યવહાર ચાલી રહ્યો છે—સંસારમાં આવી એ ક્રીએ અને જઇએ છીએ, કે કંઇ પણ સ્થિતિમાં આપણે મુકાઇએ છીએ, એ ઇશ્વરનો કાયદો છે અને પ્રેમનું સ્વરૂપજ છે ?
>
> આ પ્રશ્નોના જવાબ ઉપર આપણી કસોટીનો આધાર રહ્યો છે. કારણ, જીવન એ એક નિયમ છે, જેના આપણે ઘણા ખરા અનુભવો કેળવ, ઘણી મહાનની જાણકારીઓ આપણે કેટલી પ્રમાણે રહેલી છે અને કોણી વિશેષ મહત્વનું—આપણું ચારિત્ર ઘડવામાં આપણે કેટલા આગળ વધ્યા છીએ, તેનાં પરિણામો છે. આપણા કર ગએલા વિચારોની સ્થીરતા આપણે સિધ્ધ કરવી પડે છે.
>
> 'ટેબલ ઘરેલુ ભાઇઓ બાબતોને વિષે, આપણી કોમને લગતી બાબતોને વિષે, બોલ પડે છે.
>
> ઢાલના જેવો કટોકટીનો પ્રસંગ આવી પડે ત્યારે આપણે શું કરીએ છીએ? બહેર લલકાર કેટલો બલવી શકીએ છીએ? સંગત આને બાનગી. રમાંથીને ઝીણુ ઝણી સિધ્ધાંતને કેટલા બળથી વળી શકીએ છીએ? રમાય' અને જેવા વચ્ચે સાચી પરીક્ષા કરી એ છીએ? ઇશ્વર અને અનીશ્વર વચ્ચે શું પસંદ કરીએ છીએ?
>
> એ બધામાં પણ ચારિત્ર, ચારિત્ર પ્રમાણિકતાનીજ કસોટી રહેલી છે.
>
> બીજો માણસ શું કરે છે એ આપણે જોવાનું નથી. બીજા આપણુ શું કરે એ આપણે કરવાનું નથી. બીજા પાસે જે કરાવવા ઇચ્છતા હોઇએ એ કરવાનું છે.
>
> ખોટી ધિરોધો અને ગમખ્વારોનો કશો અર્થ નથી. પછી ભલે બને તેટલા રોકરથી અને ગમે તેટલી સખ્તાઇમાં તે આપવામાં આવે.
>
> આપણું વર્તન એજ આપણા વિચારોની ખરી કસોટી છે.

શ્રી. એસ. બી. મ્હેડ

જે ઓ સાઉથ આફ્રીકાના ઇતિહાસથી વાકેફ છે તેઓ તેમજ હાલના જમાનાના ઘણા શ્રી. એસ. બી. મ્હેડના નામથી ભાગ્યે જ અજાણ્યા હશે. ડર્બન મુકામે શ્રી. મ્હેડને હૃદયનો કુમળો વાય આવ્યો હતો અને ડાકતરોની સલાહથી તેઓ કેપ વેસ્ટ રહીટ, જોહાનીસબર્ગ પર આવેલા મારટર મેન્શનમાં પોતાના મુકામમાં બીજાનાવશ છે. ડાકતરોએ તેમને સક્રાદ્ધ આપેલી છે કે તેમણે સઘળા પ્રવૃત્તિઓમાંથી સદંતર નીવૃત્ત થવું જોઇએ.

શ્રી. મ્હેડે સાઉથ આફ્રીકામાં ચાલીસ વર્ષ ઉપર ગાળ્યાં છે અને જાહેર કામોમાં આગળ પડતો ભાગ લીધેલો છે. ૧૯૦૩ થી ૧૯૧૪ સુધીની મહાત્મા ગાંધીજીના નેતૃત્વ હેઠળ ચાલેલી સત્યાગ્રહની લડતમાં તેઓ ખરા સૈનિક નીવડ્યા હતા અને જેલના સંકટો અનેક વખત બહાદુરીથી અને આનંદથી સહ્યાં હતાં. સાર બાદ કોંગ્રેસ સાથે તેમનો નિકટનો સંબંધ હતો. એક વખતે સાઉથ આફ્રીકન ઇન્ડિયન કોંગ્રેસનાં તેઓ જોઇ. સેક્રેટરી બન્યા હતા અને ઘણા વર્ષો સુધી તેની એકઝેક્યુટીવ પર હતા. ૧૯૩૯માં ટ્રાંસવાલ એશીયાટીક લેન્ડ ટેન્યુર એક્ટની સામે સત્યાગ્રહની લડત થઇ ત્યારે શ્રી. મ્હેડે આગળ પડતો ભાગ લીધો હતો અને ઘણા અઠવાડીયાં સુધી જોહાનીસબર્ગ બજાર પરવાને ફુટની ફેરી કરી હતી પરંતુ સરકારે તેમને પકડ્યા ન હોતા. કોઇ પણ જાહેર પ્રવૃત્તિ નહોતી કે જેની સાથે શ્રી. મ્હેડનું નામ જડ્યા વેગર રહ્યું હોય. શ્રી. મ્હેડને જેઓ જાણે છે તેઓ સૌને ખબર છે કે ઘણા વર્ષોથી એક પગે તેઓ લુલા થઇ ગયા છે. એ પણ એક જાહેર કામને માટે ફાળો કરવા જતાં મોટર અકસ્માતથી. બનેલું હતું. 'ઇન્ડિયન ઓપિનિયન' સાથેનો શ્રી. મ્હેડનો સંબંધ તેની સ્થાપના થઇ ત્યારનો છે. ઘણા વર્ષો થી આ પત્રની તેમણે મહત સેવા બજાવેલી છે જેને માટે તે તેમનું ઋણી છે. આ સઘળી સેવાઓને માટે શ્રી. મ્હેડને કશો બદલો મળેલો નથી તેમ બદલાની તેમણે કદી આશા પણ રાખી નથી.

શાંતીના વખતમાં તે વીણાનું કામ કરીને અને લોકોને ઇમીગ્રેશનની તકલીફોમાંથી મુક્ત કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. શ્રી. મ્હેડ ૧૯૧૪ ની રમટસ-સ્મટસ સમાપ્તાનીની કુમે ફ્રાંસ્વાલમાં દાખલ થયેલા પેલા 'એક ઝેમ્બેક' હીંદીઓમાંના એક છે. લાંબો સમય હીંદમાં ગાળ્યા બાદ ૧૯૨૭ માં જ્યારે તેઓ સાઉથ આફ્રીકા પરી આવ્યા ત્યારે સરકારે તેમના દાખલ થવાના હક સામે વાંધો ઉઠાવ્યો. શ્રી મ્હેડ પોતાનો કેસ ફ્રોર્ટમાં લડ્યા અને અપીલેટ ફ્રોર્ટમાં તેમની જીત થઇ. આ કારણોથી તેમને ઇમીગ્રેશન કાયદા નો ભારીબારીથી અભ્યાસ કરવાનો પ્રસંગ આવ્યો અને આજે એ કાયદાનું જ્ઞાન ઘણા ઇમીગ્રેશન ખાતાના અમલદારો કરતાં તેમને વધારે છે એમ કહેવું કદાચ ખોટું નહિ ગણાય.

શ્રી. મ્હેડની પ્રકૃતિ સ્વાભાવિક રીતે કોમ પર બોજા રૂપ નહિ થઇ પડતાં સ્વતંત્ર જીવન ગુજારવાની હોય. પરંતુ કુદરતે તેમ કરવું તેમને માટે અશક્ય કરી મુકયું છે. આજે એ વખત આવ્યો છે કે જ્યારે તેમનાથી કશું જ નહિ કરી શકાય. એટલે ઓછામાં ઓ તેમને પોતાના કુટુમ્બીજનોથી દુર સાઉથ આફ્રીકામાં જ એકલાં પડી રહેવું અથવા તો હીંદ જઇ બાકી નું જીવન પોતાના સગાં સંબંધીઓ સાથે અને તેઓની વચ્ચે શાંતીથી અતીત કરવું. પ્રસંગવશાત તેમના કુટુમ્બીજનોના સ્થિતિ પણ આર્થીક તેમજ આરોગ્યની દ્રષ્ટિએ સારી નહિ જણાય. તેમના ધર્મની ઘણા વર્ષોથી માનસીક રોગથી પીડાય છે. સંતાનો માં તેમને એકની એક દીકરી જ છે જે પરણેલી છે અને મોટું કુટુમ્બ સંભાળવાનું છે. આ સંજોગોમાં મુની યનની હીંદી કોમે શ્રી. મ્હેડની સેવાઓ ની કદર કરી તેઓ હીંદ જઇ પોતાના જીવનનો બાકીનો ભાગ પોતાના કુટુમ્બી ઓ સાથે શાંતીથી ગાળી શકે એવું કરવું જોઇએ. આથી શ્રી. મ્હેડને એક સારા પસૅ આપી સરકાર તેને માટે અમે આ પત્રમાં ફાળો ભેગો કરવા નો ઠરાવ કર્યો છે. જે ગ્રુહસ્થોને એ ફાળામાં રકમ આપવા ઇચ્છતા હોય તેઓને તે 'Indian Opinion', Private Bag, Phoenix, Natal, એ સરનામે મોકલી આપવા વિનંતી છે, જેની આ પત્રદ્વારા પહોંચ સિવકારવામાં આવશે અત્યંત સુધીમાં મળેલી રકમો અન્ય સ્થળે અંગ્રેજી વિભાગમાં સ્વિકારવામાં આવી છે.

નોંધ અને સમાચાર

સુંદર ભેટ

પાકીસ્તાન દિનની ઉજવણી હીંદ અને પાકીસ્તાન વચ્ચેની તકરારોનું શાંતીથી સમાધાન થઇ જાય અને બન્ને દેશો વચ્ચે હમેશાં શાંતી પ્રવર્તે એવી મસ્જીદોમાં બંદગી કરી ઉજવવા ની નાતાલ મુસ્લીમ કાઉન્સીલે બતાવેલી સુંદર ચોટાને માટે અમે એ સંસ્થાને હાર્દિક મુબારકબાદી આપીએ છીએ. અમારી ખાત્રી છે કે ધર્મ, જાતી કે નાતીના ભેદ વગર બધા જનતા એક દિલ થઇ સઘળા સુવિચારી લોકો એ બંદગીમાં સામેલ થવા જોઇએ.

એપાર્ટહેઇડની નીતીપર આફ્રિકન ચીફ

આફ્રીકન નેશનલ કોંગ્રેસની નાટાલ પ્રાંતિક કોંગ્રેસની ડરબનમાં મળેલી સભામાં સેનેટર એડમર બુકસે સરકાર તરફથી આફ્રીકનોને અપાતા પસાર કરવામાં આવેલા કાયદાઓની વીગત સમજાવી હતી. કોંગ્રેસના પ્રમુખ ચીફ એ. જે. લુટુલીએ કહ્યું કે, એપાર્ટહેઇડ ની નીતી ખુનીપન રમવાનું ત્યારથી આજની આવેલી નીતીનું વધારે ઉગ્ર સ્વરૂપ છે. ૧૯૧૩ માં નેટીવ લેન્ડ એક્ટ પસાર કરીને એ નીતીને આગળ લાવવામાં આવી હતી. એ કાયદો નેટીવોને નેટીવો સિવાય અન્ય કોઇની પાસેથી જમીન ખરીદવાની બંધી કરનારો હતો. આ કાયદાથી નેટીવો ને જુદા જુદા લોકોસમોમાં પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા, જે જનતેજ નેટીવોની વસતીને માટે પુરતાં નહોતાં. ૧૯૩૬ માં એ નીતી વધારે આગળ લાવવામાં આવી. એ વખતે નેટીવોને વધારે જમીન આપવાનું વચન અપાયું હતું પરંતુ આજ દિવસ સુધી એ વચન પાળવામાં આવ્યું નથી. ચીફ લુટુલીએ કહ્યું કે દેશના તંત્રમાં ધરમુળ ફેરફારથવાની નીતી રમવાયું એ ખુનીપન વખતેજ જોવામાં આવી હતી. ગોરાઓએ બતાવી આપ્યું હતું કે તેઓ કોઇ પણ પ્રકારના નેટીવોના સામની વિરુદ્ધ હતા. હાલની સરકાર નેટીવોના રાજકીય હકો મર્યાદિત કરવાના સો કરતાં વધારે પક્ષમાં છે. બક્ષે મજુરો સિવાય સામાન્ય જીવન માંથી નેટીવોને તે સદંતર બાતલ કરવા માંગે છે. નેટીવ સત્તાઓમાં પ્રવર્તી રહેલી સ્થિતિ એવી છે કે જ્યાં સુધી જમીનની યોગ્ય વહેંચણી ન થાય અને જમીનનો નેટીવોને માટે ઉપયોગ થવાની શક્યતાઓ વધારે જોવામાં ન આવે ત્યાં સુધી એપાર્ટહેઇડ સ્વિકારવાનું કશું વાજબીપણું નથી. નેટીવ સત્તાઓમાં જે કંઇ પણ સાધ નો છે તેનો ઉપયોગ કરવાનું અમે ચાલુ રાખીએ તેનો અર્થ એ નથી કે અમે એપાર્ટહેઇડનો સિદ્ધાંત સ્વિકારીએ છીએ. તેમ કરવાનું કારણ માત્ર એજ છે કે અમારી પ્રજા નાશુદ થઇ જતી બચે.

જમીન સુધારવામાં અમારો સહકાર અમે સંપુર્ણપણે આપીશું પરંતુ તેનો અર્થ એ નથી કરવાનો કે એપાર્ટહેઇડ અમને કબુલ છે. તેમ કરવું એ અમારી જાતને અને અમારી પ્રજાને છેતરવા બરોબર ગણાય.

ન્યુ એરીયાઝ એક્ટપર શ્રી. મીચલ

અમે 'અવાદીગે મેરીટઝબર્ગ'માં આપણે કરતાં શ્રી. ડી. ઇ. મીચલ, એમ. પી. એ દીંદી સવાલપર લેખ લખ્યો હતો. તેમણે જણાવ્યું કે ડો. ડોંગીસ હીંદી સવાલનો ઉકેલ લાવવા માં નિષ્ફળ નીવડ્યા છે. ન્યુ એરીયાઝ એક્ટ તાજેતીમાં તપાસ રહ્યો છે અને હીંદ સાથે સમજુતી થવાથી જરૂર પડશે તો તેમાં ફેરફાર કરવામાં આવશે. શ્રી. મીચલે કહ્યું કે ન્યુ એરીયાઝ એક્ટનો હેતુ એશીયાટીકોને ' હબેડી પોતાને માટેના આલ્ગ સત્તામાં બધાથી અલગ મુકવામાં આવશે. ડો. ડોંગીસે હીંદ સરકારને સાઉથ આફ્રીકાની આનગી નીતીમાં માથું મારવાની ના પાડી હતી જેને પરિણામે બન્ને વચ્ચે નો સંબંધ તુટી ગયો હતો. પરંતુ લેકસકસેસમાં બધા નવેમ્બરમાં ડો. ડોંગીસે કહ્યું હતું કે હીંદ સાથે સમજુતીપર આવવાને આતર જો કાયદામાં ફેરફાર કરવાની જરૂર પડશે તો તે ફેરફાર કરશે. આ વસ્તુની પાર્લામેન્ટમાં તેમણે પુનરુક્તિ કરી હતી. એટલે જે કાયદાપર નાટાલમાં મત્યુ લોકોએ મદાર બાંધ્યો હતો તે તાવણીમાં પડેલો છે અને કદાચ તેમાં ફેરફાર કરવામાં આવશે.

કોમ્યુનીસ્ટોની ધરપકડ

ડેટલાક ડરબનના કોમ્યુનીસ્ટોને કોમ્યુનીસ્ટ પાર્ટીને બીજેરી નાબુદ કરવાને નીમાયેલા લીકવીડેટર શ્રી. જે. હીલી વર્સ લે તરફથી તેઓને થા કારણથી કોમ્યુનીસ્ટ નહિ ઠરાવવા એ બાબતવા અમુક મુદત સુધીની ચેતવણી આપવા માં આવી છે, નવા સુધારવામાં આવેલા સપ્રેશન ઓફ કોમ્યુનીઝમ એક્ટની કલમ એ કાયદાનો અમલ કામદેા પસાર થવાની પહેલાંથી કરવાની સત્તા આપ વામાં આવી છે અને કોમ્યુનીસ્ટ ની ધરપકડ ફેરવવામાં આવી છે. હવેથી સરકાર જેને કોમ્યુનીસ્ટ ઠરાવે એ કોમ્યુનીસ્ટ ગણાશે: જેણે પોતાને કોમ્યુનીસ્ટ કહેવડાવ્યો હશે. જેણે કોમ્યુનીઝમની કોઇ પણ વખતે હિમાયત કરી હશે. અપરા જે સંસ્થાને સરકારે કોમ્યુનીઝમની હિમાયત કરનારી કહેવી હશે એ સસ્થાનો જે સભ્ય બનેલો હશે તે કોમ્યુનીસ્ટ ગણાશે.

યુનાઇટેડ નેશન્સમાં બ્રીન-ગોરા સવાલ

યુનાઇટેડ નેશન્સની આર્થિક અને સામાજીક કમીટીએ સ્વીકાર કરેલી મુકવામાં આવેલો એક ઠરાવ પસાર કર્યો છે. એ ઠરાવ યુનાઇટેડ નેશન્સ ના વર્ણિક આર્થિક સ્થિતિના અવલોકનમાં આફ્રિકાની આર્થિક સ્થિતિ વિષે રીપોર્ટ આપવાનું ચાલુ રાખવા ની યુનાઇટેડ નેશન્સના સેક્રેટરી-જનરલ ને માગણી કરનારો છે. સેક્રેટરીએ

રહીયા, ચેમ્બર્લેન, ગ્રેહામસ્ટોવ્નીયા અને પરમાઉથે મત આપ્યો નહોતો.' આ ઠરાવ પ્રીલીપાને પહેલાં મુકેલા ઠરાવના બદલામાં મુકાયો હતો. પ્રીલીપાનનો ઠરાવ એની માગણી કરનારો હતો કે આફ્રીકાની આર્થિક સ્થિતિની યુનાઇટેડ નેશન્સની એક ખાસ કમીટીએ તપાસ કરવી જોઇએ.

યુનાઇટેડ નેશન્સની પ્રદેશીય કમીટી ઓ. નીમવાની તે દેશોની સરકારો તરફથી પહેલ થવી જોઇએ, એ આધારે બ્રીટીશ, ફ્રેંચ અને બેલ્જીયન ડેલીગેશનોએ પ્રીલીપીનના ઠરાવના કરેલા વિરોધ બાદ સ્વીડનનો ઠરાવ સમાધાની તરીકે લાવવામાં આવ્યો હતો. ઠરાવમાં માગણી કરવામાં આવી છે કે સેક્રેટરી જનરલના આફ્રિકાપરના રીપોર્ટમાં આફ્રિકામાં વસતા આફ્રીકનો અને અન્ય બીન-ગોરાઓની આર્થિક સ્થિતિનું ખાસ સુચન હોવું જોઇએ.

હૉદનો મત

હૉદના ડેલીગેશનના નેતા શ્રી. ઇ. કુબ્બમાચારીએ સ્વીડનના ઠરાવના સમર્થનમાં બોલતાં જણાવ્યું હતું કે આપણે એ ખ્યાલમાં રાખવું જોઇએ કે આફ્રીકાની સમગ્ર સરકારો ગાંધીવાદી નથી. કેટલીક ઉદાર-સમાજવાદી છે. એ સરકારો અહિં આવી પોતાના વહીવટની સાદગી નિષ્પક્ષતાઓની કોન્સ્ટીટ્યુશનને અસર કરે છે એમ એક પ્રગતીશીલ પત્રમું જણાવ્યું. તેમણે કહ્યું કે હૉદ આફ્રીકા માટે એક આર્થિક કમીશન નીમવાની પોતાની પ્રતિજ્ઞાને વફાદાર રહે છે અને આશા રાખે છે કે એવું કમીશન જેમ બને તેમ જલદી નીમાશે.

શાંત થએલા શ્રી. ચર્ચીલ

રજપર જતા પહેલાં શ્રી. ચર્ચીલે દેશ દેશો વચ્ચે નવી સમજુતી અને સહિષ્ણુતાની હાકલ કરેલી જણાય છે. તેમણે કહ્યું કે ૧૯૩૪ થી ૧૯૧૮ સુધીના જર્મની સામે થએલાં યુદ્ધ પછી જો તપારિ દીર્ઘદ્રષ્ટિ વાપરવામાં આવી હોત તો ઇતિહાસ જુદી રીતે જ લખાયો હોત. તેમણે કહ્યું : "તિરસ્કાર અને વેરભાવ જરૂરમુળથી કાઢી નાખવાને આપણું બનતું કરવાની અને વિજય પામેલા અને પરાજય પામેલા બન્નેને માટે સમાનપણે દુનીયાને વધારે રહેવા લાયક બનાવવાનો પ્રયત્ન કરવામાં આપણું હિત સમાયેલું છે, એજ આપણી ફરજ છે, કહો કે, આપણી ખ્રીસ્તી તરીકેની ધર્મ છે. જેઓ સ્વતંત્રતા અને ગૌરવ માં માનનારા છે તેઓએ કોઇ પણ દિશાએથી આવતાં નવાં જોખમોનો સંગઠીત રીતે સામનો કરવો જોઇએ."

તકરારોનું સમાધાન અહિંસક રીતે લાવવાનો શ્રી. ચર્ચીલ તરફથી ઉપદેશ થઇ રહી છે એ ખરેખર આનંદજનક વાત છે. ઇરાનની તેલની તકરારને વિષે ચોકાજ, દિવસ પર તે બોલ્યા હતા તેના કરતાં આ તદ્દન જુદુંજ છે. તેમના એ ભાષણમાં તો સહિષ્ણુતાનો અભાવ જોવામાં આવતો હતો.

મધ્ય આફ્રિકાના ફેડરેશનની યોજના

'ના ટાસ મરકપુરીના સોલ્સબરીના અખબારપત્રોના જણાવવા મુજબ મધ્ય આફ્રિકાના ફેડરેશનની યોજનાની લંડનમાં થએલી અમુક દરખાસ્તો સામે રહેશો-નોર્ધન અને સધર્ન રોડેસીયા અને ન્યાસાલેન્ડના મોટા ભાગના ગોરાઓએ રજી નથી. ફેડરલ પાર્લામેન્ટમાં ૨૫ માંથી ૧૭ સભ્યો આફ્રીકનોનાં હિતોનું પ્રતિનિધિત્વ ધરાવનારાઓ નીમાવા જોઇએ એ દરખાસ્તોનો તેઓ વિરોધ કરી રહ્યા છે. આ સભ્યો ફેડરલ વડા પ્રધાનને જવાબદાર નહિ રહે તેથી ફેડરલ વડા પ્રધાનને કામ પુરતી બહુમતી મેળવવાને ચુંટાયેલા સભ્યોની ૨૨ બેઠકોમાંથી બીજામાં બીજી ૧૮ બેઠકો જીતવી પડશે.

વળી આફ્રિકન એફેર્સના ફેડરલ પ્રધાનના હાથમાં કાયદા અટકાવવાની બહોળી સત્તા મુકવામાં સુચવાયું છે એ પણ પણ ખરા ગોરા વોટરોને રુચે તેમ નથી.

સપ્ટેમ્બર તા. ૧૮ અને ૨૫ નાં વચગાળામાં વીકટોરીયા ફોલ્સ ખાતે મળનારી પરિષદમાં આ દરખાસ્તોમાં કંઇક ફેરફારો કરવામાં નહિ આવે ત્યાં સુધી રહોડેશીયા અને ન્યાસાલેન્ડ તેમાં જોડાવાની ના પાડશે એમ મનાય છે.

પરિષદમાં કોમનવેલ્થ રીલેશન્સના અને કોલોનીઓના મંત્રીઓ મેસર્સ પેટ્રીક ગોરડન વોકર, અને જોમ્સ ગ્રીફીથ્સ અને બન્ને મધ્ય આફ્રિકાના દેશોના પ્રતિનિધિઓ હાજરી આપશે.

ફેડરલ યોજના સ્વિકારવાને નોર્ધન રોડેસીયાની કેટલીક આફ્રિકન સંસ્થા ઓએ અગાઉની શરત એ મુકેલી છે કે સઘળાને સમાન મતાધિકાર આપવા માં આવશે જોઇએ.

બ્રીટીશ પાર્લામેન્ટરી ડેલીગેશન જે હાલ મધ્ય આફ્રીકામાં ફરી રહ્યું છે તેના મજુર પક્ષના નેતા શ્રી. રેજીનલ્ડ ફ્રેન્સને ન્યાસા ખાતે એક જાહેરમાં ચોકખા શબ્દોમાં જણાવ્યું હતું કે તેને મતાધિકાર આપવાનો વખત હજુ આવેલો નથી અને લંડન જઇને તે જણાવશે કે એવો સમાન મતાધિકાર આ વખતે આપવો જોખમ ભરેલો છે.

આફ્રીકનોને તેમણે કહ્યું કે તેઓની અવિકસની સુધારણાનો આધાર રાજકીય પ્રગતીપર જેટલો બધો નથી તેટલો આર્થિક પ્રગતીપર રહેલો છે. નોર્ધન રોડેસીયા અને ગોલ્ડકોસ્ટ વચ્ચે મુકાબલો નહિ થઇ શકે.

કનઝરવેટીવ પક્ષના સભ્ય શ્રી. જુલીયન એમરીએ નોર્ધન રોડેસીયાના ગોરાઓને ખાત્રી આપી કે તેઓએ ત્યાં રહેવાનું જ છે અને આ દેશોને તેઓના નેતૃત્વની બહોળી જરૂર છે. તેમ છતાં ડેલીગેશનના સઘળા સભ્યો એ જુદા જુદા પ્રસંગોએ બન્ને રોડેસીયાના ગોરાઓને એટલી ચેતવણી તો આપીજ હતી કે આફ્રીકનોની પ્રગતી કૃત્રીમ રીતે અટકાવવાના પ્રયત્નો વિઘાતક થઇ પડશે.

અનીતીનું ધન

"અમૂલ"

ધન જીવન માટે આવશ્યક છે ખરું પણ આજ કાલ જેમ ધર્મ એજ મુખ્ય વસ્તુ થઇ પડી છે તેટલું બધુ ધનને મહત્વ આપવું ખોટું જણાય. સુખી જીવન માટે ધનની જેટલે આવશ્યકતા હોય પણ ધન હોય, એટલે બધુ સુખ હોયજ એ ખોટી ગણત્રી છે. ધનથી ભલે બધું ખરીદી શકાય, પણ સાચું સુખ ધન નથી ખરીદી શકતું. આ વસ્તુ સત્ય હોય તો ધન પાછળ રાત દીવસ પાગલ પેઠે દોડતો માનવ સુખ અનુભવે છે શું? આ એક પ્રશ્ન હોવો થાય છે. ધન માણસને સુખથી જીંદગી ગુજારવા જોઇએ કે રાત દહાડો હાય વોય કરી તીજોરી ભરવા જોઇએ? જો સુખી જીવન જીવવા પુરતો જ ધન નો હેતુ હોય તો તેની પાછળ લોહી ઉકાળા અને દંડા મારતી કુતરા જેવી જીંદગી શું કામ?

મારા જોવામાં આવ્યું છે કે ઘણા મારા મીત્રો કે જેઓ ગમે તે માર્ગે ગમે તે ભોગે ધન જોયું કરી જીવવાનું પસંદ કરે છે અને રાત ને દીવસ અને કાળાને ધોળું, સાચાને જુઠું કરી ધન મેળવેજ જાય છે. તેવાના ધનનો પ્રવાહ પછી બીજે માર્ગે જેટલોજ વેગથી ચાલ્યો પણ જાય છે. અનીતીથી કરેલી કમાણી સંસારમાં કાંટા વેરી તેવીજ ઝડપથી ચાલી પણ જાય છે. તેવાને કાંતો કોર્ટ કેસ હોય કાંતો અમલ દારોને ખોટો આપવાની હોય અથવા મંદવાડે પડ્યા હોય અને ધન તે મારફતે માણસને ચેતાવતું ચાલ્યું જાય છે કે 'હે મુઢ માનવી પસીનાના કમાઇ વગરનો તારો રોટલો તને પચવાનો નથી તારો રોટલો કંજરોના નીસાસાથી ભરેલો છે એ તું કેમ કરતે પચાવીશ. અનેકના બોગી। મુંઠી ચણ અનેકના વસ્ત્રો લઇ તું શી રીતે સાચે રહીશ અથવા શી રીત તારા બાળ બચ્ચા કે પત્ની સાજન અને જીવન નો ખરો આનંદ ભોગવતાં રહેશે?" પણ આ ચક્ષમચેતવણી માણસ કાને નથી ધરતો. બહુ ઓછા એવા હોય છે કે જે એકાદ ફેરફાર ચેતી જાય છે અને જીવનનો ખરો આનંદ ભોગવે છે. બાકી તો ધન પાછળ આંધળો થઇ દોડવાનું જ પસંદ કરે છે. ભલે તેના બાળકો ગમે તેમ જીવે, ભલે તેની પત્ની રાત દીવસ દાગીનાની મરેલી હાડપીંજર જેવી અથવા રોગની પીંપ જેવી રોગથી ભરેલી તરકુડે. પણ ધન તે તો મુકાયજ નહીં.

પણ માનવી માત્ર રાખ જો કે ધન કોઇનું થયું નથી અને તારું પણ થવાનું નથી. સાધારણ સુખમાં રહેવા જોઇએ એટલું ધન મેળવ. દુનીયાની બીજી બાબી ચીજો છે તેની પાછળ જીંદગીનો સદ્ઉપયોગ કર. અને ખરું જીવન જીવી જીવન સાર્થક કર. સંતોષ એજ ખરા સુખની ચાવી છે. આમ કરવાથી માનસીક આરામ મળશે અને ચોવા ખરચમાં નીભાવવા શરીરને કસરત મળશે અને બાળ બચ્ચાં તથા પત્નીનું મન અને હૃદય આનંદમાં રહેશે. તું પધારે તેઓની નજીક આવીશ, બધુ તેમના સુખ દુઃખનો સાથી બનીશ. બીજા માનવીઓનાં સુખ દુઃખ જોવા તારી આંખ અને મન ધનના ચેનચા ચેરાયા વગરના સાદ હશે. કોઇ ના આંસુ લુછનાર બનવું એજ જીવનનું ખરું સુખ છે, નહી કે કોઇને રડાવ તાર બનવામાં. એ સંતોષ તારા તન મનને આનંદથી ભરી તારું જીવન સુખી કરશે. માનવી તું ચેતીશ!

સત્પુરૂષોનો ધર્મ

આપણા આ મહાન દેશમાં ઘણા પ્રાચીન કાળથી અનેક સત્પુરૂષો પેદા થાય છે. ખ્રીસ્તી લોકોના ગ્રંથ ઇંજીલ પણ મોટા સત્પુરૂષ હતા. અર્વાચીન મુસલમાન ધર્મના મોટા સ્થાપક થઇ ગયા મહમદ પેગમ્બર. તેઓ પણ એક મોટા સત્પુરૂષ હતા. આ પ્રકારના સત્પુરૂષો દરેક જાતિ, દરેક કોમ અને દરેક ખંડમાં પેદા થયા છે. પરમેશ્વરની માણસોપર એ કૃપા છે કે યુગમાં યુગમાં માણસોને માર્ગ બતાવવા માટે સારા માણસોને તે મોકલે છે. આ જમાનામાં આપણા દેશમાં મહાત્મા ગાંધી આ પ્રકારના સત્પુરૂષ થઇ ગયા. આ બધા જે સત્પુરૂષો થયા તેમનામાં કંઇક ફરક નહોતો. સૌનાં દિલ એક હતાં, તે સૌની એકજ જાતિ હતી, તે સૌનો એક જ ધર્મ હતો. પરમેશ્વરની ભક્તિ કરવી, માણસો પર પ્રેમ કરવો એજ તેમનો ધર્મ હતો.

—'સેવકજીવન'માંથી

અમેરીકાનો પત્ર

(અમારા ખાસ અખબારપત્રી તરફથી)

ન્યુયોર્ક' ઓગસ્ટ તા. ૧, ૧૯૫૧.

રામ મનોહર લોહીયાની મુલાકાત

હિંદના સમાજવાદી નેતા શ્રી. રામ મનોહર લોહીયા યુનાઇટેડ સ્ટેટસ ની મુલાકાતે આવ્યા છે. તેઓ "ફાઉંડેશન ફોર વર્લ્ડ એજ્યુકેશન" ના આશ્રય હેઠળ ન્યુયોર્ક, વોશીંગટન, શીકાગો અને વેસ્ટ કોસ્ટની મુલાકાતો લેશે. હીંદના આર્થીક અને સામાજીક સવાલો પર પોતાના સ્પષ્ટ વકતૃત્વથી તેમણે શ્રોતાઓને સ્તબ્ધ કર્યા છે તેમના ભાષણોની ઊંડી છાપ પડી છે. ન્યુયોર્કનાં કોમ્યુનીટી ચર્ચમાં પ્રવચન કરતાં તેમણે કહ્યું હતું કે ભારતની મદદ મળે યા ન મળે તો પણ હીંદ મુડીવાદ અને સામ્યવાદથી બચી જશે. સમાજવાદી હીંદ આક્રમણકારને કોઇ પણ પ્રકારે મદદ નહિ કરે.

ચંદર બહાદુર મથુરા

દીનીડાડની સનાતન ધર્મ મહાસભા ના પ્રમુખ ૧૯૪૪ થી ચેર ઓફ સ્પેન ની રાણી કાસ્ટીલના સભ્ય અને "ધી ઇન્ડિઅન" પત્રના તંત્રી શ્રી ચંદર બહાદુર મથુરા યુનાઇટેડ કીંગ્ડમ જતાં ન્યુયોર્કથી પસાર થયા હતા. ૧૯૨૨ થી રાજકારણમાં આગળ પડતો ભાગ લઇ રહ્યા છે. ગેલ્ટેગોલેની પરિષદમા દીનીડાડના મજુરોના પ્રતિનિધિ તરીકે ગયા હતા અને ડોમેસ્ટીક વર્કર્સ યુની યનના અને દીનીડાડ અને ટોબેગોનાં બ્રધરહુડ વર્કિંગ્સ યુનીયનના પ્રમુખ છે. ૧૯૪૬ થી ઇન્ડિઅન રીલીફ કમીટીના પ્રમુખ છે અને પોતાની કોમમા તેમજ દાપુના સ્થળો લોકોમાં જાણીતા છે. તેઓ નવાં અંધારણ ઘડે અને ધંધોસેસન કાયદામાં ફેરફારો મારે, ગેલવણીની નીતી અને સ્થળાને દાકતરી અને દાંતના દરદની મફત સાર વાર આપવા બાબતની કોલોનીયલ ઓફીસના સભ્યો સાથે ચાલાચાલ કરવા લંડન ગયા રહ્યા છે. ન્યુયોર્કમાં તેમણે શ્રી. જી. કે. નેહરુ, કે ૧૯૪૯ માં દીનીડાડ ગયા હતા, તેમની મુલાકાત લીધી હતી અને હીંદના કમીસનર અને કોમ વચ્ચેના સંબંધ વિષે અને મુખીએ શન કાયદાના પ્રતિનિધિ, કે દીનીડાડમાં વસ્તારોનો હક ધરાવતા હીંદીઓપર મુશ્કેલીઓ નાખનારા છે, તે દુર કરવા બાબત અને એ હીંદીઓ પોતાના નજીકના કુટુમ્બીઓને બોલાવવા માગે છે, એ બાબત તેમની સાથે ચર્ચા કરી હતી, દીનીડાડમાં જન્મેલા પ્રખ્યાત બહાદુર સૌંગ, ન્યુયોર્ક' પાનેના હીંદના કોન્સ્યુલ-જનરલ અને સ્થાનિક ઇન્ડિઅન ગ્રોસરીસ એસોસીએશનના માજી પ્રમુખ તરફથી તેમના માનમાં મેળાવડા થયા હતા.

સીસીરોના તોફાનો

શીકાગો નજીક સીસીરોમાં નીગ્રો વીરુદ્ધ કુક મુદ્દાપર તોફાનો થયાં હતાં તેના સંબંધમાં જુલાઇ તા. ૧૫મીનું 'ન્યુયોર્ક ટાઇમ્સ' લખે છે:

સીસીરોમાં થએલી ગુંડાગીરી, જે નીગ્રો પ્રત્યેના ઝેરથી ઉદ્ભવી હતી, તે આખી પ્રજાને લાંછન લગાડનારી છે. આપણામાંના ઘણા સીસીરોને ગુંડાઓ ના ધામ તરીકે જાણીએ છીએ. એથી એ તોફાનોથી અને જે દુઃ સુધી થયાં તેથી આપણને બાલ્બી યા ઝેરવાલ્બી રીતે આશ્ચર્ય નથી થયું. સીસીરોના સારા લોકોમાં જો જરાયે ગૌરવ હોય તો તે બતાવી આપવાનો પખ્ત આવી લાગેલો છે. જે હમણા હમણામાં આ દેશમાં બનતી ઘટનાઓમાં સારી પ્રગતી થઇ છે. આપણે સૌ સમજીએ છીએ કે એ સવાલ બહુ સહેલો નથી અને તેનું સુખદાયી સમાધાન લાવવાને ધીરજ, સહિષ્ણુતા અને ઘણાં જ કદાપણની જરૂર છે. લોકોના મન અને હૃદય કાયદાથી કે કોર્ટના હુકમોથી બદલી નહિ શકાય. આપણે જે શીખવાનું છે તે એ કે આપણા માનવબંધુઓ સાથે સુમેલ સંપ અને સમજુતીથી કઇ રીતે રહેવું. સીસીરોના જેવા બનાવો આપણને પાછા પાડે છે અને દુનીયા ઓમાં નીરાશા ઉત્પન્ન કરે છે. જે બન્યું છે તેથી જો તેને દુઃખ થાય તો તેને માટે તેને બાલ્બી કરવું છે આપણે એટલીજ આશા રાખીએ કે આ બનાવને માટે તેઓ આ દેશના દુશ્મનો ગણો, જેઓ આવાં બનાવોને અવકાશ આપે છે, તેઓને જવાબદાર નહિ જ ગણે.

અમેરીકાની એશીયા પ્રત્યેની પોલીસી

દીલ્હીની યુનીવર્સીટીના પ્રોફેસરો પ્રોફેસર પી. કે. આર. વી. રાવ 'સેટરડે રીવ્યુ'માં લખે છે: "એશીયાટીકોના મનમાં વહેમ પેઠા થયેલ છે કે, યુનાઇટેડ સ્ટેટસને એશીયાની આર્થીક પરીસ્થીતીમાં કે એશીયાના લોકોનું જીવનનું ધોરણ સુધારવામાં ખાસ રસ નથી. પરંતુ અમેરીકાના લાભમાં જ નહિ પરંતુ રશીયાની વીરુદ્ધ અને હવે ચીનની વીરુદ્ધની પોતાની પરદેશ નીતી ચલાવવાને તેનો ઉપયોગ કરવા માગે છે. એશીયાના લોકોએ જે જોવી આશા સેવી હતી કે, નિરાશા રહેવામાં નહિ માનનાર અને એશીયા નો પક્ષ લેનાર અમેરીકા પોતાના આર્થીક બળનો એશીયાના લોકોને પોતાની આર્થીક સ્વતંત્રતા સિદ્ધ કરવા ને મદદ આપવામાં ઉપયોગ કરશે, એ પડી ભાંગી છે.

પ્રોફેસર રાવની વાતનાં સમર્થનમાં 'સેટરડે રીવ્યુ'ના તંત્રી નોરમન કઝીન્સ લખે છે કે, "આજે એશીયા, યુરોપ, આફ્રીકા, અમેરીકા સઘળા દેશોના તત્વજ્ઞાનીઓ અને વીચારકોએ માનવ સ્થિતિની દૃષ્ટિએ વીચાર કરવાનો છે. આજે ઓજોગ્રાફિક આવિની નહિ પરંતુ માનવીના આવિ ની વાત કરવાની છે. વિશ્વના હિતનો વીચાર કરવાની જરૂર છે."

હીંદ રવાના થએલું પહેલું શીપમેન્ટ

જુનમાં હીંદ રવાના થએલાં ઘઉંના પહેલાં શીપમેન્ટ વિષે શ્રીમતી વિજયા લક્ષ્મિ પંડીતે કરેલું જાહેર 'ઇન્ડિઆ કૂવે' એ પ્રસિદ્ધ કર્યું છે, તેમાં તેમણે જણાવ્યું હતું કે:

"યુનાઇટેડ સ્ટેટસના લોકોએ હીંદ પ્રત્યે જે મૈત્રીનો હાથ લંબાવ્યો છે તેને માટે હીંદના કરોડો લોકો ઘણાજ આભારી થશે. હીંદના સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે અમેરીકાએ હીંદને અનેક રીતે મદદ કરી હતી. અમારા પણ દેશબંધુઓને અમેરીકામાં આશ્રય મળ્યો હતો. આજે હવે જ્યારે આર્થીક મદદ નો સવાલ આવ્યો છે ત્યારે અમેરીકા એ જે રીતે તેનો પ્રત્યુત્તર વાળ્યો છે તે રીતજ વાળી એ વીષે મને જરાયે શંકા નહોતી. યુનાઇટેડ સ્ટેટસની જનતાએ પોતાનું 'મકાણું' દિલ કરી બતાવી આપ્યું છે. અમેરીકાની પ્રજા, ગ્રોસરીસ અને જુદી જુદી સંસ્થાઓનો આભાર માનવા સાથે અમેરીકાએ જે અમને મદદ કરેલી છે એ અમે કદી ભુલી શકવાના નથી. તેઓએ આ મદદને ઉદારતાપૂર્વક કરેલી છે એટલું જ નહિ પરંતુ અમેરીકાની પ્રજાના આદર્શો માં અમારી સ્વતંત્રતાની અમારી લડતના ખીલ તત્વજ્ઞાનમાં અમને મદદ કરેલી છે. આપણા બન્ને દેશો વચ્ચેની મીત્રતાનો પાયો તેઓએ વધારે મજબુત બનાવેલો છે."

કાશ્મીરનો સવાલ અને બ્રીટન

જુલાઇ તા. ૨૬ મીના પત્રમાં 'ટાઇમ્સ ઓફ ઇન્ડિઆ' એક અગ્રલેખમાં નીચે પ્રમાણે લખે છે:

"....મોટા ભાગના મુસ્લીમોને કાશ્મીરમાં રાખી રાકાય એ આધારે બધા બહારના દેશો, અને તેમાં યે ખાસ કરી બ્રીટન અને યુનાઇટેડ સ્ટેટસ જેવું માની બેઠેલા છે કે પાકીસ્તાનને આ દેશપર આપોઆપજ હક છે. ચાર કરોડ મુસ્લીમો હીંદમાં છે તેમ છતાં તેઓ આવા નિર્લજ્જ પર કેમ આવી શકે છે એ આજના કાવાદાવાના વાતાવરણમાં એક બહુ ચમત્કારિક વસ્તુ છે. 'મેન્ચેસ્ટર ગાર્ડીઅન,' જે કાશ્મીરની બાબતમાં બાજુ કરીને હીંદનો વીરોધ કરી રહ્યું છે, તે પણ હવે કબુલ કરે છે કે, "પાકીસ્તાને પોતાની હીંદુ લઘુમતીને રાખવી છે તેના કરતાં હીંદે પોતાની મુસ્લીમ લઘુમતીને વધારે સારી રીતે રાખેલી છે." આ સમજ, જો કે ઘણીજ મોડી પડી છે, છતાં મહત્વ ની છે. આ પત્રે અચકાતાં અચકાતાં ઘણી બીજી પણ કબુલ કરેલી છે કે, હીંદ જ્યારે અમેરીકા પાસેથી બીસ લાખ ટન ઘઉંની પીર ગોઠવી રહ્યું હતું ત્યારે પાકીસ્તાનના પ્રચારકો એ પ્રયત્નો તોડી પાડવાનો પ્રયત્નો કરી રહ્યા હતા અને એવું સમજાવી રહ્યા હતા કે હીંદને અમેરીકાના ઘઉંની કંઇ જરૂર નથી અને ખોપ તો પાકીસ્તાન પાસેથી તે ખરીદી શકે છે. 'મેન્ચેસ્ટર ગાર્ડીઅન,' જાણે કંઇ બનવું જ નહિ હોય તેમ, લખે છે કે પાકીસ્તાન દરમે ને. "આ આરોપ જો ખરો હોય તો ઘણોજ શોચનીય બનાવ." બ્રીટન અને અમેરીકા સહીત દુનીયા આખી ને ખબર છે કે આ વસ્તુ કરી છે, એક ટીકા કારે જણાવ્યું હતું તેમ, "કરોડો નિર્દોષ કરીબોને મારી નાખવાના કરાંચીએ વોશીંગટનમાં પ્રયત્નો કરવામાં કંઇ બાકી રાખી નહોતી." જો કે સહકારથે તેના એ પ્રયત્નો નીષ્ફળ નીવડ્યા હતા. હીંદને ફરિયાદ કરવાના ગંભીર કારણો છે. એ વસ્તુ આટલી મોટી કબુલ કરવાના કરતાં 'મેન્ચેસ્ટર ગાર્ડીઅન' અને અમેરીકા અને બ્રીટનના અન્ય અખબારોએ હીંદ વીરુદ્ધના પોતાના પ્રચાર કરાચીમાં કરેલી ઉશ્કેરણી શાંત પાડવાના જે વર્ષોમાં પ્રયત્નો કીધેલાં જોત તો વધારે સારું ગણાત. હવે જ્યારે પોતાના કાળાં કૃત્યોના દુષ્પરિણામો તેઓની સામા આવ્યાં છે ત્યારે બ્રીટનના અખબારો (મેન્ચેસ્ટર ગાર્ડીઅન'ની બહાદાયેથી વધારે જો તેનો નમુનો જોઇ તો) હવે પાકીસ્તાનને સમજાવવાને પ્રયત્ન કર્યા છે કે, "જો યુદ્ધ થશે તો એ દેશને બહારથી બહુ થોડું રક્ષણ મળશે." આ કદાપણ જો કે બહુ મોડું આવ્યું છે. છતાં આવકારદાયક છે. હીંદનું બળ શાંતી અને ધીરજ રાખવામાંજ સમાયેલું છે અને આવતા કોકટેલના દીવસોમાં સરકાર તેમજ પ્રજાએ પાકીસ્તાન કે અન્ય સ્થળોએથી અમે તેવી ઉશ્કેરણીઓ થાય તો પણ તે ઘોડામાં નહિ જોડાએ.

કુદરતી ઉપચારો

(લેખક : શ્રી. રોબર્ટ લોરેન્સ મેકફીલીન)

[૪૦ (એ) કમીશનર સ્ટ્રીટ, જોહાનીસબર્ગના શ્રી. રોબર્ટ લોરેન્સ મેકફીલીનની કુદરતી ઉપચારોપરની લેખમાળાનો આ લેખ પ્રસિદ્ધ કરીએ છીએ. કુદરતી ઉપચારો સંબંધી વાંચકો કંઈ પણ પ્રશ્ન પુછવા અથવા સલાહ ઈચ્છતા હોય તો તેનો જવાબ શ્રી. મેકફીલીન આ પત્રદ્વારા આપશે.—અ.ઈ.ઓ.]

ઋતુકાળ

સ્ત્રીઓને ઋતુકાળની વેદના ભોગવવી પડે છે તેને હવાનો શાપ કહેવામાં આવ્યો છે. પરંતુ એ વેદના ઘણી વખત બીનજરૂરીપણે ભોગવવામાં આવે છે. ઋતુકાળ એ કુદરતી વસ્તુ છે. સ્ત્રીના ભલાંને માટે ઈશ્વરે તે નિર્માણ કરેલી છે અને તેમાં દરદ કે દુઃખ હોવાનું કશું કારણ નથી. હકીકતમાં એવી ઘણી સ્ત્રીઓ છે કે જેને ઋતુકાળથી કયું દુઃખ થતું નથી. માત્ર એ સમયે પુરેપુરી ચોખ્ખાઈ જાળવવી પડે છે.

મહિનાનું કારણ કંઈક કુદરતી કાયદાનો ભંગ થએલો હોવાનું હોય છે અને ઋતુકાળ વખતે કંઈક ખોટકી જવાનું કારણ પણ એજ હોય છે. પણ વખત દુઃખ ભોગવવું પડે છે તેનું કારણ એજ હોય છે કે સાધારણ બુદ્ધિ વાપરવાની હોય તે વાપરવામાં આવતી નથી. દાખલા તરીકે ઘણી સ્ત્રીઓ ઋતુકાળ પહેલાં કે દરમીયાન માથું ધોય છે, જે તદ્દન બીનજરૂરી છે. એ વખતે ઠંડી જમીનપર બેસવું નહિ જોઈએ, હવાવાળી જગ્યામાં ઉભવું નહિ જોઈએ અને પગ ભીના રાખવા નહિ જોઈએ.

ઘણી સ્ત્રીઓની એક આકર્ષક વસ્તુ એ છે કે ચંપલ પહેરવાથી તેઓ ના પગ ઘણા સુંદર રહે છે ત્યારે પુરેપુરીપણે ઉઘાડી એડીના જોડા પહેરી ને પોતાના પગ કદરૂપા કરી મુકે છે. ઘણી ઘરેડી સ્ત્રીઓ પણ તેની નકલ કરી પોતાના પગ બગાડે છે. એવા જોડાથી સ્ત્રીઓના ઘણા દરદો થાય છે. ઉઘાડી એડીઓથી આખાં શરીરનું સમતોલપણું ચાલ્યું જાય છે. વાંસાપર જરાપર, પેટપર અને અંદના આંતરડાંઓપર વધારે ભોગને આવે છે. બધુંજ અનીયમીત થઈ જાય છે અને ગંભીર પરિણામ આવે છે. વધુમાં ઉંચી એડીઓથી શરીરનું વજન પગના આંગળા આગળ પડે છે.

જોડાના પગનાં આંગળાંનો આગળ સાંકડો અને અણીવાળો હોવાથી આંગળાં ચગદાય છે તે એટલે સુધી કે કામમને માટે બેડોળ બની જાય છે. એથી પગની ઠોકર બરી રહે છે એટલુંજ નહિ પરંતુ એથીયે ગંભીર પરિણામો આવે છે.

આખાં શરીરના જ્ઞાનતંતુઓની અસર પગપર થાય છે એ ઘણા લોકો જાણતા નથી. શરીરના પ્રત્યેક ભાગ ને પગ સાથે સંબંધ રહેલો છે. શરીર ના કોઈ પણ ભાગ ખોટો થાય તો તેની પગપર અસર થાય છે. એવીજ રીતે જો પગનો દુરૂપયોગ થાય તો પગના જે ભાગને શરીર સાથે સંબંધ હોય તે શરીરના ભાગને પણ અસર થાય છે. એટલેજ ઘણી સ્ત્રીઓને બહુ હદપર કસરત કરવાથી માથાંનું દરદ ઉપડે છે. તેના પગ કાયમ જમીનપર ચાલુ પડયા કરવાથી તેના જ્ઞાનતંતુઓ પર તેની અસર થાય છે.

ઘરેડી સ્ત્રીઓના પગનો દુરોપીયન સ્ત્રીઓના પગના જેટલો દુરૂપયોગ થયો હોતો તેથી તેઓને એટલું દરદ ભોગવવું પડતું નથી. પરંતુ કમનસીબે ઘરેડી સ્ત્રીઓ મોટે ભાગે ખોરાક ખોટો લેતી હોય છે રોટી, દાળ, ભાત વિગેરે ખુબ મસાલાવાળા ખોરાકમાં શરીરને નિરોગી રાખવાને જરૂરી તત્વો નથી હોતા. વળી ઘણા મસાલા સ્ત્રીઓના અવયવોપર માઠી અસર કરે છે. દાખલા તરીકે મરચાંથી જબરીયપપર સોજો થાય છે. આદુથી મુત્રાશયપર અસર થાય છે તજથી રકતસ્રાવ વધારે પડતો થાય છે. આ સઘળી વસ્તુઓમાં પોષણ તત્વ આપે જ હોય છે અને સ્ત્રીઓએ પોતાના ખોરાકમાંથી એ વસ્તુઓ બાતલ કરવી જોઈએ.

ઋતુકાળમાં સ્ત્રીઓને રકતસ્રાવ ઘણો થાય છે. તેથી તેને મોહી આપનારા પુષ્કળ ખોરાકની જરૂર હોય છે. કુદરતી મીઠું, લોહ, ચુનો વિગેરે તત્વોવાળા ખોરાકની જરૂર હોય છે. આ તે ન મળે તો તેનું લોહી સુકાઈ જાય છે. પછી તેની નબળી સ્થિતિને લીધે તેને ઋતુકાળ બરોબર આવતો નથી. આ સઘળી વસ્તુઓ સાધારણ બુદ્ધિ પ્રયોગ અને શિસ્તપાલનથી અટકાવી શકાય છે.

દરેક સ્ત્રીએ રોજ પુષ્કળ કાચી લેટીસ, કાચી કોબી, કાચાં ગાજર અને કાચાં બીટરૂટ ખાવાંજ જોઈએ. બીટરૂટમાં ચુનાનું તત્વ વધું હોય છે અને તેનો રંગજ લોહીના જેવો હોય છે, સ્વાદિષ્ટ પણ હોય છે. વળી, ફ્રાક્ષ માં અને ભાજીમાં લોહનું તત્વ હોય છે. ખજુર, પ્રુન્સ અને અંજીર બધાએ સપળો સુકો મેવો શુધ્ધકારી હોય છે. તેમજ મધ, શુદ્ધ નહિ કરેલો કાચો ગોળ અને તાજાં પાકેલાં ફળ પણ રોજ સારા પ્રમાણમાં લેવાં જોઈએ.

મીઠાઈઓ, ખાંડ, મસાલા, સફેદ આટાની બનાવટના પદાર્થો, જેવા કે, રોટી, કેક, બીસ્કીટ, સફેદ રોટી અને પોલીશ કરેલા ચોખા અને મીલીરાઈસ ખાવા નહિ જોઈએ. એ સઘળી વસ્તુઓ નુકસાનકારકજ છે. તેમાં વીટેમીન્સ અને રસાયણના તત્વો લગભગ મરી ગએલાંજ હોય છે. જે કોઈ એ એ પોતાના શરીરમાં નાખે છે તે રોગને આમંત્રણ આપે છે.

ઓઓના રોગનું બીજું એક મોટું કારણ કસરતના અભાવનું છે. સ્ત્રીના શરીરને જોઈતી કસરત મળેલી નહિ હોય તો પેટમાં ભરાઈ થાય છે અને પછી બીજા રોગો થાય. એટલે કસરતનો અભાવ અને ખોટો ખોરાક કબજીયાત કરે છે. અને દુનીયામાં આજે તેવું દરદ માંદગીનું મુળ કારણ એજ છે.

ત્યાં ઘણી સુંદર કસરતો છે કે જે પ્રત્યેક સ્ત્રીએ રોજ સવાર સાંજ કરવી જોઈએ.

પહેલી ચત્તા સુવું. ગોદણું સીધા રાખી પગ ઉંચા કરવા અને પગના આંગળાંને હાથ લગાડયા વિના અડકવાનો પ્રયત્ન કરવો. પછી પગ નીચા કરવા અને શરીરનો વચલો ભાગ એવી રીતે ઉંચો કરવો કે જેથી આખાં શરીરનો પગ અને આથાના પાછલા ભાગ ઉપર આધાર રહે. આ કસરત યથાશક્તિ કેટલીકવાર સુધી કરવી કે જેથી બરડાનું દુઃખ વાંકુ અને સીધું થાય.

બીજી કસરત મોઢું દિવાલ તરફ રાખી ઉભા રહેવું અને પગ દિવાલથી ૭ ઈંચ દુર રાખવા. હાથ અદલ વાળી દિવાલને અડકી આંખની સીધામાં રાખવા અને કપાળ અદલ વાળેલા હાથપર મુકવું. પછી એક બાજુની કમર દિવાલને અડકે એમ વાળવી અને પછી બીજી બાજુની કમર એજ રીતે વાળવી. આમ કરવાથી બરડાનું દુઃખ મરાય છે, પેડુના રનાયુને કસરત મળે છે અને અંદરના આંતરડા ને આપોઆપ મરદન થાય છે.

બીજી કસરતનો હાથ પગ જમીનપર રાખી દરેક મીનીટ સુધી રીબવું આ પણ સરસ કસરત છે.

કસરત જો કે જરૂરી છે છતાં આપણે ચેતવણી આપવી જોઈએ કે બહુ બળ કરવું નુકસાનકારક છે. પોચાપર બહુ બેસવું, બહુ તરવું, ઘોડાની સવારી વિગેરે વધારેપડતું થાય એ સ્ત્રીઓ માટે સારું નથી. આદર્શ વસ્તુ રોજ નીયમીત પ્રમાણસર કસરત કરવી એ છે. એક દિવસ વધારે પડતી કરવી અને પછી બીજા દિવસ નહિ કરવી એ બરોબર નથી.

સ્ત્રીઓ જો પોષાક બરોબર પહેરે, ખોરાક અને રહેણીકરણીમાં નીયમીતતા જાળવે તો ઘણા દુઃખોમાંથી બચી જાય. પરંતુ કેટલીક સ્ત્રીઓને એ કરતાં વધારે મદદની જરૂર હોય છે. કેટલીકવાર બરડાના ભાગને માલીશ કરવાની જરૂર રહે છે તેની એકાદ ગાંઠ જો ખસી ગઈ હોય તો ઘણી તકલીફ ઉભી થાય છે. સાધારણ માણસથી સારું થઈ જાય છે.

બીજા કેસોમાં હોમીયોપથીની દવાઓ અને જડી બુટીઓ ઉપયોગી થઈ પડે છે. જડી બુટીઓમાં અમુક ઘટતાં તત્વો મળી આવે છે કે જે ગ્રન્થિઓને પોષણ આપી મજબુત કરે છે. હોમીયોપથીની દવાઓ પ્રત્યેકના દરદ ને જુદી જુદી અસર કરે છે. સામાન્ય નીયમ તરીકે નીચેની દવાઓ બહુ મદદરૂપ થઈ પડે છે. દાખલા તરીકે દરદીને આંકડી આવે અને બેવડી વળી જતી હોય તો ગરમ પાણીમાં Colocynth 6 અથવા Mag. phos. 6 આપવું. ઋતુકાળમાં ઢીલ થતી હોય તો Pulsatillo ■ આપવું વધારે પડતો રકતસ્રાવ થતો હોય, આસ કરી જાડી સ્ત્રીના દાખલામાં, તો Calc Carb 6 આપવું. લોહી નહિ હોય તો Ferrum phos 6 x આપવું.

આ તો માત્ર પ્રાથમીકજ છે. પરંતુ તે ઘણી મદદરૂપ થઈ પડે છે.

પરંતુ એ વસ્તુ ઉપર ભાર મુકવાની જરૂર છે કે પ્રત્યેક સ્ત્રીએ યોગ્ય ખોરાક લેવોજ જોઈએ અને આસ કરી કાચાં સેલેડ, શાકભાજી અને ફળ ખાવાં જોઈએ કે જેથી આરોગ્ય ના સઘળાં તત્વો તેને મળે. તેનું શરીર એ તેની એક કીમતી વસ્તુ છે અને તેનું તેણે બરોબર જતન કરવું જોઈએ.

વર્ધા શીક્ષણ યોજના

શિક્ષણ કેવી રીતે આપવું તેની સમજ માંટીસોરી મેડમ મોન્ટેસરી. મુલ્ય ૨ ૬

પોષણના અભાવથી આપવો પડતો ભોગ

૧૯૪૭ ની આખરીમાં પોષણના અભાવથી યુનીયનને વાર્ષિક પા. ૧૬૫ હજાર પાઉન્ડનો ખરચ થતો હતો.–૫૦૬ લાખ પાઉન્ડનો દાક્તરી ખરચ અને ૧૫૦ હજાર પાઉન્ડનો એક લાખ ગોરા અને ૪૫૦ હજાર બ્રીન-ગોરા દરોજ નોકરીપરથી ગેર-હાજર રહેવાથી તેટલા પગારની અને ઉત્પન્નની મતી ખોટ એ ઉપરાંત ૧૬ થી ૪૫ ટકા ગોરા અને ૩૨ થી ૬૦ ટકા આફ્રીકન નિશાળના છોકરાં ઓ એ વખતે ઓછાં પોષણથી પીડાતા હોવાનું અકસટવામાં આવ્યું હતું.

નિરંતર વધતા જતા રહેણીના ખર્ચથી પોષણ આપનારો ખોરાક (ખાસ કરી ડેરીનો) લોકોને માટે સૌથી વધારે જરૂરી છે, તેઓને મેળવવો વધારેને વધારે મુશ્કેલ થઈ પડવાથી આજે પેટ પુરતો ખોરાક નહિ મળતા બેકારોની સંખ્યા સાઉથ આફ્રીકામાં અનેક ગણી વધી ગએલી ગણી શકાય.

સાઉથ આફ્રીકન ઇન્ડસ્ટ્રીયલ ફીડ રીસર્ચ બ્યુરોએ કુંક સમયપર કરેલી તપાસપરથી જણાયું હતું કે, માત્ર રીફ (જોહાનીસબર્ગ અને આજુ બાજુ) માંજ આફ્રીકન કુટુંબોમાં માસિક ઓછામાં ઓછા જરૂરી ખર્ચ સામે ક્રમોઈની પોટ નીચે મુજબ થતી હતીઃ જોહાનીસબર્ગમાં પા. ૪–૧૭–૧૦ પ્રીટોરીયામાં પા. ૪–૧૫–૩. અને રીફના શહેરોમાં પા. ૩–૧૨–૯. કુટુમ્બની માસિક આવકમાંથી ભાડાનો અને આવવા જવાના વાહનનો ખર્ચ બાદ કરતાં બાકીની ખોટ ક્રમશઃ અને ખોરાકપર કાપ મુકવા પુરવામાં આવતી હતી. એ કાપ એટલો મુશ્કેલ પડતો હતો કે શારિરિક તંદુરસ્તી ટકાવી રાખવાને ઓછામાં ઓછી જરૂરીયાતો પણ પુરી નહિ પાડી શકાય.

આથી યુનીયનના આરોગ્ય ખાતાના પ્રયાસે ઓછા ખરચે વધુ પોષણ આપનારો ખોરાક ઉત્પન્ન કરવાની યોજના ઓ ઘડી કાઢેલી છે એમ જાહેર થયું છે તે આજના વખતમાં ઘણુંજ આવકારદાયક છે. આ દેશમાં અપોષણ ના નિરસ્યાત્મક રીતે વધતાં પ્રમાણ ને પહોંચી વળવાની અત્યંત જરૂર વિષે અતિશયોક્તિ થવી અશક્ય છે.

નુકસાનકારક અંધશ્રદ્ધા

લોકોમાં એવી ખોટી માન્યતા વર્તી રહેવી છે કે આફ્રીકન કામદારને માન આપી ચાલનારો નથી. ૧૯૫૦ માંજ માત્ર ૦.૦૬ ટકા આફ્રીકનો ગંભીર ગુનાઓ માટે સજા પામ્યા હતા. ૨૪ ટકા દારૂ બંધીને લગતા કામદાના ભંગ માટે, અને ૨૧ ટકા નેટીવો પર અંકુશ મુકનારા પાસને લગતા કામદા ના ભંગ માટે સજા પામ્યા હતા. આ વસ્તુ ૧૯૫૧ ના અહેવાલ પરથી માલિક આંકડાઓપરથી મેળવવામાં આવી છે.

દારૂને લગતા કાયદા ભંગના ગુના

૧૯૫૦ માં યુનીયનના દારૂને લગતા કાયદાના ભંગ માટે ૨,૮૩૮ ગોરા અને ૧,૫૩,૬૮૩ બ્રીન-ગોરા સજા પામ્યા હતા. આમાં દારૂબંધીપણાના ગુનેગારો સમાવેશ થતો નથી. એ ઉમેરવામાં આવે તો સંખ્યા વધી જઈ ગોરાની ૧૪,૫૧૩ ની અને બ્રીન-ગોરાની ૨,૨૩,૧૪૭ ની થાય છે. આફ્રીકનોની આ કુલ સંખ્યા મુજબ આખાં યુનીયનમાં આવા ગુનેગારોની રોજની સંખ્યા ૫૦૦ ની થાય છે, પરંતુ આફ્રીકનોની કુલ વસતી ગણવા માં આવે તો ૨.૨ ટકા જેટલી –થાય છે.

૧૯૫૦ માં ગુનેગારોની ૨,૩૮,૧૮૭ ની કુલ સંખ્યા એ વર્ષમાં સઘળા ગુનાઓ માટે થએલી સજાઓનો ચોથો ભાગ થાય છે. એ કુલ સંખ્યાનાં ત્રીજા ભાગની સજા દારૂબંધીપણા માટે થઈ હતી. અને બાકીની મોટા ભાગ ની આફ્રિકનો પાસેથી ગેરકાયદે રાખવા માં આવેલો દારૂ પકડાયો હતો તેને અંગે થઈ હતી.

૧૯૫૦ માં દારૂ અંગેના ગુનાઓ માટે સજા પામેલાઓનું પ્રમાણ નીચે મુજબ છે.

	દારૂબંધીપણા સહીત સઘળા ગુના	દારૂબંધીપણા ના ગુના
ગોરા	૦.૫૮ ટકા	૦.૪ ટકા
આફ્રિકનો	૨.૨ "	૦.૪ "
એશીયાટીકો	૦.૭ "	૦.૪ "

ડાહ્યો અને મુર્ખ

બે બન્ને મૃત્યુલોક છોડી ગયા હતા. એક ડાહ્યો અને એક મુર્ખ સ્વર્ગ ના દ્વાર પર રાહ જોતા ઉભા હતા. સ્વર્ગનાં દ્વાર ઉઘાડનાર દેવ દુત આવતાંવેંત જ બન્નેએ પોતપોતાની કુદ્રિષ્ટ રજુ કરી.

બહુ કષ્ટપણાથી વર્તવાને લીધે ડાહ્યાની આંખો તેજહરી લાગતી હતી. શરીર સ્વચ્છ અને બાંધો સુડોળ લાગતો હતો. મુર્ખની આંખો ઉંડી ઉતરી ગઈ હતી, શરીર વળી ગયું હતું અને અંગ હાડકાંઓરૂપી ટેકરાઓ તથા માંસવિહીન ખાડાઓથી ભરેલું હતું.

ડાહ્યો અભિમાનથી કહેવા લાગ્યોઃ

"આંખોને નુકસાન ન થાય એટલા માટે હું કાળા કાચમાંથી સુર્ય તરફ જોતો હતો. ન તો બહુ ઠંડું કે ન તો બહુ ગરમ એવું પાણી નાહવા લેતો. મેં કર્કશ અવાજ સાંભળ્યા નથી. દુર્ગંધને નાક પાસે આવવા દીધી નથી. કદી બહુ છેટે ગયો નથી. કદી બે બહુ દુર ગયો નથી."

મુર્ખે કહ્યું: "ઓ મુર્ખ, આમ ન કર, આમ ન કર" એમ આખું જગત કહેતું તોયે મેં પ્રખર સુર્ય સામે ઐકીટશે જોવાનો પ્રયત્ન કર્યો. તેજના સર્વ પ્રકાર જોયા વિના મારાથી ન રહેવાયું. ઠંડી અને પવનમાં, તોફાન અને વર્ષામાં ઉઘાડે શરીરે હું ફર્યો. બરફ થીજી જાય એવી ઠંડી માં અને શરીરને તરબોળ કરી દે એવો પવન હોય ત્યારે હું એ મારે જોયું હતું. અગ્નિની લાલપીળી જ્વાળાઓ પકડવાનો પ્રયત્ન કરી મેં હાથ બાળ્યા. ઉંચા પર્વતો ચઢી મારા પગ થાકી ગયા પણ અગાધ દરિયા અને દુરનાં ક્ષિતિજ જોવાનો મારો મોહ અનિવાર્ય હતો."

ડાહ્યાએ કહ્યું: "આવું આંધળપણું મેં કદી યે નથી કર્યું. મારી તરફ જુઓ ને એની તરફ જુઓ."

બન્નેનું કહેવું શાંતિથી સાંભળી લીધા પછી દેવદુતે કહ્યું: "તું ફક્ત આત્મા લેઇ તમને અંદર જવા દઇશ."

એમ કહી એણે જરપરી ડાબાના કાળજામાં હાથ નાખ્યો અને તેમાંથી એક કાળો પથ્થર બહાર કાઢયો.

"આ લે તારો આત્મા!" દેવદુત બોલ્યો મુર્ખના કાળજામાં એણે હાથ નાખ્યો અને લાખ કિરણોથી ઝગમગતો એક હીરો બહાર કાઢયો.

"આ તારો આત્મા!" એમ કહી એણે દરવાજો ઉઘાડી મુર્ખને અંદર લીધો અને પ્રવેશ કરી દરવાજો બંધ કર્યો.

—અંગ્રેજ આનંદઆંથી.

	ગોરા	બ્રીન-ગોરા
૧૯૩૯	૧,૧૧	૬૧,૨૧૬
૧૯૪૨	૧,૦૦૮	૧૦,૧૧૦
૧૯૪૫	૬૦૧	૧,૧૬,૮૮૨
૧૯૪૮	૧,૨૬૩	૧,૪૯,૬૪૦

વિવિધ

ભારત, આઝાદ દિન

ડરબનમાં સુરત હીંદુ એસોસીએશન અને કાઠીઆવાડ હીંદુ સેવા સમાજના સંયુક્ત આશ્રય હેઠળ તા. ૧૫મી ઓગસ્ટના રોજ ભારત આઝાદ દિન ઉજવવામાં આવ્યો હતો. વરસાદ અને ઠંડી વેગવા છતાં આંધી જેવા સીત્તેર બારાજ માણે હતો. મેળાવડા ની શરૂઆત ભજન અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. પ્રમુખસ્થાન ડો. એન. પી. દેસાઇએ લીધું હતું. સુ. હિ. એસોસીએશનના પ્રમુખ શ્રી. ગોવનભાઈ મણીભાઇએ રાષ્ટ્રીય ભાવના, શ્રી. શાંતીલાલ જે. મહેતાએ સ્વતંત્રતા પછીનું ભારત, શ્રી. એચ. બી. પટેલે ભારતની સ્વતંત્રતાની આપણા ઉપર અસર, શ્રી. નીતમલાલ વી. મહેતાએ રાષ્ટ્રીય ચઢાસભા, અને ડો. એન. પી. દેસાઇએ સ્વાતંત્રતા પછીનું ગુજરાત, એ વિષયો ઉપર વિવેચનો કર્યાં હતાં શ્રી. નરદેવ વેદાલંકારે હાલની ભારતની પરિસ્થિતિ વિષે પ્રવચન કર્યું હતું. બન્ને સંસ્થા ઓની ગુજરાતી શાળાના તેમજ ગારડા સંગીત મંડળના બાળકોએ અને કન્યા ઓએ પ્રસંગને ઉચિત આકર્ષક રાષ્ટ્રીય ગીતો, ગરબા અને સંવાદો રજુ કર્યાં હતાં, બાદ રાષ્ટ્રગીત અને શાંતી પાઠ સાથે મેળાવડો વિસર્જન થયો હતો.

ક્રમ બક્ષ

કાઠીયાવાડમાં પાલીતાણા પાસેના રાજવિવા ગામે દેવરાજની એકાકી ગ્રામસહાય કરીને ઉજવી હતી ક્રમ બક્ષ દ્વારા તેમણે કુવા અવેડા સાફ કર્યા અને ગામનો આડા માર્ગ પથ્થર મોરમ નાંખી દુરસ્ત કર્યો. ક્રમ બક્ષની પુણ્ય કુતી તેમણે કીર્તન ભજન અને રામધુન દ્વારા કરી. અંતમાં ઇશ્વરે ગામ પર રાત્રે વરસાદ વરસાવ્યો જેની ખુબ જ આતુરતાભરી રાહ જોવાઈ રહી હતી.

ભારતીય વિદ્યાભવન

મુંબઇમાં ભારતીય વિદ્યાભવનના નવા મકાન પગોનું ઉદ્ઘાટન કરતાં, ભવનના સ્થાપક અને ભારત સરકારના કૃષિ ખાતાના પ્રધાન શ્રી. કનૈયાલાલ મુનશીએ, ભારતીય કલાના વિકાસ અર્થે હરદમેશ, નવી પદ્ધતિ, નવા કલાકારો અને નવાં કલાકૃતિઓ પેદા કરતા રહેવાની જરૂરત ઉપર ભાર મુકયો હતો. ભારતીય વિદ્યાભવને તેની ટોચ વર્ષની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા જે સિધ્ધિ પ્રાપ્ત કરી છે એ અંગે શ્રી. મુનશીએ સંતોષ વ્યકત કર્યો હતો અને જણાવ્યું હતું કે, તાજેતરમાં દિલ્હી ખાતે યોજનએલા એક કલા સંમેલનમાં ભારતીય વિદ્યાભવન તરફથી મોકલવેલા તૃત્યો સર્વેને ઉત્તમ લાગ્યા હતા આ રીતે ભવને અને એની કલાએ જીતી લોકસંભારને

કરી છે પણ એ રીતને શાશ્વત રાખવા માટે સતત પ્રયાસો ચાલુ જ રહેવા જોઇએ.

હિંદને આક્રમણકારી હેતુઓ નથી

આરબ લીગના સેક્રેટરી-જનરલ આક્રમ પાશાનો વચનો સાઇપ્રસના શાસક-બિશપ-અદનાના રેડીયોએ ટાંકયા છે. તેમણે કહેલું જણાવાય છે કે, હાલ ની હીંદ અને પાકીસ્તાન વચ્ચેની ઉગ્ર સ્થિતિ એ બન્ને દેશોના મીત્રોને અને આરબ રાજ્યો જે પણ તેના મીત્રો છે, તેમને દુઃખ ઉપજાવનારી છે. બન્ને દેશો વચ્ચેના સવાલનો ઉકેલ લાવવાના પ્રયત્નો નિષ્ફળ નીવડયા તેનો ખેદ દર્શાવતાં તેમણે કહ્યું કે શ્રી. નેહરૂ જેવા માનવ પ્રેમી નેતાની નેતાગીરી હોવા છતાં હીંદના મીત્રો માની શકતા નથી કે હીંદ પોતાના પડોશી પર આક્રમણ કરવા ઇરાદો રાખે છે. કમનસીબે સરદારો જણાવે છે કે, આક્રમણ પાકીસ્તાને કર્યું કે હીંદનો પાકીસ્તાન સામે આક્રમણકારી હેતુ છે એમ તે માનતા નથી. પાકીસ્તાનની સરહદ બાબત હીંદના સરકારના જબાવટ વિષે તેમણે કહ્યું કે તેથી વધારે ચીંતા ઉત્પન્ન થઇ છે કારણ એવી સરહદની જબાવટ એવે વખતે થઇ છે કે જ્યારે બન્ને દેશો વચ્ચે અણવિશ્વાસ વર્તી રહ્યો છે. તકરારનું સમાધાન કઇ રીતે લાવવું એ સમજ શકાતું નથી પરંતુ બન્નેના મીત્રો તરીકે સમાધાન લાવી શકાતું હોય તો તે લાવવા અમે બધા જ ખુશી થઇશું.

અગ્નિ

સૌને બધાંજ પ્રાણીને એકસામટાં મારી નાખ નહીં માટે તેને રોજ એકેક પ્રાણી ખાવા મોકલવાની એક જુની વાત છે. દરરોજ એક એક પ્રાણી સિંહ પાસે જાય અને તેથી બીજાં બધાં પ્રાણી નીર્ભય રહીને ફરેફરે. વળી કેટલાક દાક્તરોની પણ એવા જ પ્રકાર ની વાત સાંભળવા મળે છે. દાક્તરને રોજના રોજ સામમાંથી એક એક માણસ જાય છેવટે બીજા કોઇ માણસ જાય ત્યારે દાક્તરને મારી નાખે તે આખા સામને સુખ થઇ જાય.

અગ્નિનું પણ એવું જ છે. જંગલ માં કયે ભાગે ત્યારે જંગલ ખાવું સારું થઇ જાય. જુના જંગલી જમાનાનો માણસ અગ્નિનું આ તાંડવ જોયા કરે. તે બય પામે, દુર દુર નાસે અને બચવા પ્રયત્ન કરે. છેવટે તે કૃત્રિમ રીતે અગ્નિ પાડતાં શીખ્યો અને તેને રીઝવવા કંઈક કંઈક તેમાં હોમવા લાગ્યો. અગ્નિને હોમ મળે નહિ તો વળી સિંહ કે દાક્તરની માફક તે બધા પર ફેર વર્તાવે એના કરતાં એને રોજ હોમ આપવો સારો. આમ અગ્નિને હોમ આપવાની શરૂઆત થઇ અગ્નિની દેવ તરીકે પુજા થવા લાગી.

જુના સમયમાં દેવતા પાડવાનું કામ બહુ અઘરું હતું. એક લાકડા ઉપર તે સળગી ઉઠે ત્યાં સુધી બીજું લાકડું બસવામાં આવતું. આ કામ મુશ્કેલ હતું. તે સમયના લોકોએ અનુભવથી કયા કયા વૃક્ષના લાકડાં જલદી સળગી ઉઠે છે તે શોધી કાઢેલું. એક લાકડા ઉપર પાડેલા ચીરામાં ઝરી જેવા ઘાટ નું બીજું લાકડું બસવામાં આવતું. વળી એક લાકડા ઉપર પાડેલા ખાડા માં સારડી માફક બીજા લાકડાને ફેરવી તે પણ અગ્નિ પડાતો. દીવાસળી તો કોઈ સમજતું જ નહિ. ચકમકનું તો કોઈ નામે ન જાણે. બેલાદ તો લાવે જ કયાંથી? લોકોને ધાતુની ખબર જ નહોતી.

એ જમાનામાં આવી રીતે દેવતા પાડવાનું કામ પવિત્ર ગણાતું. તેમાં બીક મીનીટથી માંડી ત્રણચાર કલાક પણ થઇ જતાં. એટલે તે સમયના રીવાજ મુજબ ખુબ વિધિપૂર્વક નવો દેવતા પાડવાની ક્રિયા થતી. ચોમાસા માં તો આવી રીતે દેવતા પાડવો બહુ જ મુશ્કેલ. તેથી લોકો અગ્નિને સાચવી રાખતા. કેટલાંક ગામોમાં ગામની મધ્ય જગ્યાએ અગ્નિ બારમાસ કરતો હોમ. તેમાં નકકી કરેલ માણસ ઉંધણ પુરી તેને સળગતો જ રાખે. અગ્નિ વધુ જીવવું લોકોને મુશ્કેલ લાગેલું. સૌ પોતપોતાના ચુલા- સળગાવવા ઉંબાડિયું ત્યાંથી લઇ જાય. કોઇ વાર ગામમાં રોગચાળો ચાલે તો લોકો કહે કે અગ્નિદાદા બહુ ધરડા થયા છે, તેમને ઠારવા જોઇએ. તે દીવસે વિધિપૂર્વક આખા ગામની ચુલા ઠારી નાખવા પડે. ગામની મધ્યમાં બળતો અગ્નિ ત્યારે ઠારી દેવાય. પછી તે સમયનો જોષી મુહૂર્ત અને વિધિ બતાવે તે મુજબ ગામના આગેવાન માણસની દીકરી અગ્નિ સળગાવે. તે સમયના પુરોહિત મંત્રોચ્ચાર કરે અને જમીનમાં આઠી ઉભી લીટીઓ દોરે. અને નવો અગ્નિ પ્રગટ થાય ત્યારે પ્રદક્ષિણા કરી પછે ચાલે.

—ઝીણાભાઇ માંધી.
ચોકડીઝવન'માંથી

અરબ

કરબનના જાણીતા વેપારી અને કોંગ્રેસના કાર્યકર્તા શ્રી. એ. ઇ. શેખ ની દીકરી મીસીસ અમીના અબ્દુલ ખાલેક સીદાતનું ટુંકી માંદગી બાદ બુધવાર તા. ૧૫ મીના કરબનમાં ૨૨૧ સીકરથ ગ્રેવ-યાર્ડ પર આવેલા પોતાના માતપિતાના ઘરમાં ૨૬ વર્ષની યુવાને વયે અવસાન થયું. મરહુમ પોતાની પાછળ પોતાના પતિને અને બે મહિના ની બાળકીને, પોતાના માત પિતાને અને અનેક કુટુમ્બીજનોને વિલાપ કરતાં મુકી ગયાં છે. મરહુમની દફનકીયા ઓજર રાખે મઘ હતી જેમાં વધુ મીત્રો તેમજ સગાસ્નેહીઓએ હાજરી આપી હતી. મરહુમના આત્મને ઇશ્વર શાંતી બક્ષે અને તેમના કુટુમ્બી જનોને સબર બક્ષે.

દુકાન વેચવાની છે

Outfitting ની ચાલુ દુકાન 238 Queen Street પર વેચવાની છે. જાએ અથવા મળો:—

A. M. OMAR
337 Pine Street,
DURBAN

દુકાન વેચવાની છે

ટાઉનમાં મોટા રસ્તા ઉપર આવેલી સારા મોકાની દુકાન હમણે તાબડતોબ વેચવાની છે.

ઇકરારનામાની મેળવણી માટે અહીંયા સારી, જોગવાઇ કરવામાં આવી છે.

Inquiry: Box 69 or Phone 450 Nigel.

૩૦ મી જુલાઇ સુધીમાં ગ્રાહક બનનારને

ચિત્ર લેખા


કીંમત: બબ્બે શીલીંગ.

બધા વર્ષની જેમ આ વર્ષે પણ બે સેટ-પુસ્તકો આપવાનું સતપ જાહેર કરે છે. દફતા એકજ વર્ષનાં લવાજમમાં બે સેટ-પુસ્તકો, બાસ બાંધ અને દીવેલસથી બાંધ પોતાના ગ્રાહકોને આપનાર ગુજરાતનું આ એકજ લોકપ્રિય સાપ્તા સિક છે.

ચિત્ર લેખા વર્ષીક લવાજમ રૂ. ૬૨ : પરદેશ હિ. ૩૬ સિંગલકોપ્સ (ઇન્ડિયા) લી. ૮૬, મિન્સેસ રોડ૧ીટ, મુંબઇ, ૪.

INT.ADVT

"ગોલ્ડ મેડલ" કબોલીટી



હાઇ-કલાસ ગ્રેસ્ટી ગ્લાસ અને ઇકલીક રીફ્રીજરેટર કાબીનેટ.

બાય પુનીલસ, ડીસ્પ્લે ફીક્સ્ચર્સ લીા. મમ્બાસા, ઇ.આ. જ્યાં સોપાન દેટલોક બાંધેલ.

એસોસીએટેડ શોપફીટર્સ લીમીટેડ

અની બધી એસોસીએટેડ શોપફીટર્સ, સિમકેટ, લા. આ. શોપફીટર્સ, સિમકેટ. ફેન્સ ડરરસીયાં મુકવાનું આજ ઠેકાણે છે, તેમજ એડ્રેસ છે.

104 Marshal Street, (Factory Escom House)
Phone 23 6211/2 JOHANNESBURG P O Box 6501

ચિંતા ? ! ! !
રાની ચિંતા ?

તમારા રસોડામાં વપરાતા કરીયાણા – ગ્રોસરી – (મરી મસાલા, કઠોળ, ધરગથ્થુ દવાઓ, ફલન-પુજા તેમજ લગ્ન આદિની તમામ જરૂરીયાતોની ચીંતા હમારા ઉપર છોડી દો. સંતોષકારક માલ કિફાયત ભાવે, પીના વિશ્વાસે મોકલાવી શું. "ગ્રાહકોને સંતોષ આપવો એ હમારો મુદ્રાલેખ" છે.

એજન્સીસ: ૨૨૯ વિક્ટોરીયા સ્ટ્રીટ, ડરબન, ફોન: ૨૮૮૭૫

પરશુ નરસીંહ એન્ડ કું. (પી) લીમીટેડ.
કરબનની ૩૦ વર્ષની પુરાણી અને સુપ્રસિદ્ધ દુકાન.

સર્વ માલ સી. ઓ. ડી. થી મોકલાવવામાં આવશે.

વાંચવા લાયક પુસ્તકો

ગાંધીજીનું સાહિત્ય

ગાંધીજીએ લખેલા અથવા ગાંધીજી ઉપર લખાયેલા પુસ્તકોનો નીચે સમાસ થાય છે.

આત્મ કથા	(ગાંધીજી)	૩ ૧
આશ્રમ ભજનાવલી	(મંજુલાલ મજમુદાર)	૪ ૦
ગાંધીજીનો સરકાર સાથે પત્રવ્યવહાર		૧ ૦
ગાંધીજીની સાધના		૫ ૪
ગાંધીજીના સમાગમમાં		૫ ૪

જીવન પરોઢ (શ્રી. પ્રભુદાસ ગાંધીએ ફ્રીનીક્સ આશ્રમ ના ૨૮વોક ઇતીહાસ પોતાના જીવન પરોઢ દરમ્યાન જનેલો આલેખ્યો છે.) ૧૧ ૦

ગાંધીવાદી આર્થીક યોજના		૫ ૦
ધર્માંતર નેમખે	(ગાંધીજી)	૧ ૬

દક્ષિણ આફ્રીકાના સત્યાગ્રહનો ઇતીહાસ ૭ ૬

બાપુની પ્રસાદી	(મણુભાઇ ત્રીકમજી)	૫ ૦
બાપુ-મારી-મા	મ્રદુ ગાંધી	૨ ૦
બાપુના પત્રોઃ	(આશ્રમની બહેનો ઉપર)	સંપાદક મગન મોહનદાસ ૨ ૬
બાપાની કેળવણી	(ગાંધીજી)	૩ ૦

મહાદેવ દેસાઇની ડાયરી

ભાગ	પહેલો	૧૦ ૦
,,	બીજો	૧૨ ૦
,,	ત્રીજો	૧૧ ૬
,,	ચોથો	૮ ૬

ગાંધી વિચાર દોહન	(ગાંધીજીના વિચારોને રજુઃ કરતું પુસ્તક	૨ ૬
બાપુની કારાવાસની કહાણી	(આગાખાન મહેલના એકવીસ માસનો ઇતીહાસ. લેખીકા ડૉ. સુશીલા નૈયર.) કીંમત રૂા. ૧૫/૦.	

પ્રેમ પંથ	ભા. ૧	૬
,, ,,	,, ૨.	૬
સત્ય નાશ	(ગાંધીજી)	૨ ૦
આશ્રમના તેર દિવસો	(નીલાબાઇ)	૧ ૧
બાપુના-બા ને પત્રો	(મ્રદુલા પર લખાયેલા પત્રો)	૧ ૬
હરતુલા રૂમાલ ગુંછ		૬ ૦
ગાંધી રૂમાલ ગુંછ		૨ ૦
બાપુની ગાંધી		૩ ૦
મંગળ પ્રભાત		૧ ૦

ગાંધીજીની સંક્ષિપ્ત આત્મ કથા (મણુદાસ ત્રીકમજી) ૨ ૬

સત્યના પ્રયોગ આત્મ કથા	(ગાંધીજી)	૫ ૧
આશ્રમ ભજનાવલી		૧ ૩

હીરાલક્ષ્મી બચુભાઇના પુત્ર

કેળવણીનો પીયાસ	ભા. ૧, ૨, ૩	૩ ૦
ગીતા મંથન	(ગીતાજીનો સમગ્ર સમાય એવી રીતે લખાયેલી કવિતા) અનુવાદ	૩ ૧
ગીતા ધ્વની	(ગીતાજીના ગુજરાતી શ્લોકો)	૧ ૪
પ્રેમ અને મહાવીર		૧ ૬

ઝરી પુરુષ અમીરા	(ભાગ બારમો, પુસ્તકમાં ગેબાદી ઝરો ઉપર પુસ્તક પ્રસાદ લખાયેલ છે એવો સમાસ છે એનો સંગ્રહ)	૨ ૧
રામ અને કૃષ્ણ		૩ ૦
સાબુણી ક્રાંતી		૫ ૦

જીવન ચરીત્રો

મારી જીવન કથા	જવાહરલાલજી	૧૫

તેજ રીત્રો પાંચ મહાન વીરોના ચરીત્રો

માહાદેવ દેસાઇનું	પુર્ણચરીત્ર	૨ ૭
સરદાર પટેલ	બલવંતરાઇ પટેલ	૩ ૦
મારી જીવન કથા	રાજેન્દ્ર પ્રસાદ	૧ ૦ ૦

કેલાસ વાંચવા લાયક પુસ્તકો

આપણી કોંગ્રેસ		૪ ૦
ઈંદુને પત્રો	(નેહરૂ)	૩ ૦
સુખનદી વહેવાય	(ટોલ્સટોય)	૫ ૦
કલ્પી આપના સંસ્કૃતીનું આપી	(રાધા કૃષ્ણન)	૨ ૦
પુત્ર અને પત્નિ		૫ ૦
જીવતા તહેવારો	(રામાસ્વામી)	૪ ૦
જગતના ઇતીહાસનું રેખા દર્શન	ભા. ૧-૨. (નેહરૂ)	૧-૩-૦
ટોલ્સટોય અને ગોકળ		૨ ૦

ગોવાળી હિસાબો

	(રમા કાલેલકર)	૧ ૩
બુધ લીલા		૧ ૧
બુધ ચરીત્ર	(પદ્ય)	૪ ૦
નવલ સંચયાવલી		૫ ૧

ગોળીયટ રસીયા.

(રસીયા વીશે અમૂલ્ય ગ્રંથ)		૧૦ ૦
ગોક રશીઅનના ઠંઘતકો	(વાર્તા સંગ્રહ)	૨ ૧

ગુજરાત મહુમદ

(ઇસ્લામ ધર્મ ઉપર અજવાળું પાડતું નાનું પુસ્તક)		૧ ૦
ગોકળભાઇ	(રમા કાલેલકર)	૧ ૬
રમણલાલ મોના	(,, ,,)	૧ ૦
હિંદી ગ્રામો ત્રીગ્રંથ		૬ ૦

ટોલ્સટોય પુત્ર

ઉત્તમ નવલકથાઓ

અંધારાના ગ્રીમાઓ	(નાટક)	૩ ૦
બે નવેલ્લાઓ		૫ ૦
દ્રષ્ટિ પરિવર્તન	(નવેલ્લા)	૫ ૩

શરદ બાબુની નવલકથાઓ

બાબુજી ભારતી	૧૧ ૧
બહુરાણા	૬ ૦
કમલા	૧ ૦
કાશીનાથ	૫ ૬
મંઝેલાથ	૪ ૦
વસીમહીન	૧૨ ૧
છબી	૩ ૧
જીવન ભાગ	૪ ૦
બહેની	૭ ૧
નવીના	૧૦ ૦
દત્તા	૬ ૦
દુર્મા	૮ ૧
રેખાસ	૫ ૦
નવ વાર્તાઓ	૨ ૧
મુલકા	૧ ૦

ગાંધાર પુત્ર

પંચ ધુત		૧ ૦
ગાંધર્વ અને આર્ય અભ્યાસ		૫ ૩
ઘરે આવિશ		૩ ૦
ગાન્ધર્વી		૭ ૦
સારધુત		૫ ૬
ગિરકુમાર સભા	(ગાંધારપુત્ર)	૧૨ ૦

દુકી વાર્તાઓ અને નવલ કથાઓ

ચમેલી અને પ્રતીમાં		૪ ૧
ચિત્ર લેખા		૮ ૧
બહુતરીય વાર્તા સંગ્રહ		૧ ૧
ગોગાની વાતો		૧ ૦
મારી ભાભા		૧૩ ૦

મોહન મોહમ્મદ નવલકથા

ભા. ૧-૨	સેટની	૧૧ ૦
જય સીંહ	સીંધરાજ	૧૧ ૦
અમૃતપુર ધારા		૮ ૧
આશાપુર' ગીત	ભા. ૧ ૨ સેટની	૧૮ ૧
આરતી કાલ		૭ ૦
અપસરા	(ચિર જાગનો સેટ)	૧-૧૮-૧
આપુરી વાતો		૧૦ ૩
અમે બધા		૧૧ ૦
અધકારના આપણા		૭ ૩
ઉન્મત્ત મોનેલ		૭ ૦
ઉલ્લિપટ		૮ ૧
બીસા કેસ		૩ ૦

બાબુના બાપુ બાપુજીના જીવનને ઉજાડ પાડતી નોવેલ ૭ ૧

કાચ પંખ		૧૦ ૧
કેશવના કાકા		૭ ૦
ઉલ્લો પ્રયોગ	(વાર્તા સંગ્રહ)	૭ ૧
દીન ચર્યા		૭ ૧
પ્રેમ બીંદુ	(અનિલકુમાર)	૭ ૦
કાન્તી		૬ ૦
પ્રભાસપર્વ	પદ્ય	૭ ૦
ભાગ્ય નિર્માણ	(અનીલબન્ધુ)	૭ ૧
ઉર્વશની પુરુરવા		૧ ૦
કલાની સાધ્વરી		૫ ૧
કરીયોલાસ		૬ ૦

ત્રણ અધું શે		૧ ૦
તણખા	(કુલ વાર્તાઓનો સંગ્રહ)	૭ ૦
રોબ રૂપ		૪ ૬
કરીયાવર બહાર કરીયા		૭ ૧
કરીયાવાટ		૬ ૧
કીરીટની વાતો		૧ ૦
નીલ પંખી		૩ ૦
નીલ રેખા		૮ ૦
અહીંકાર		૧ ૬
કુટેલા સુર્યમુ પત્રો		૧૭ ૦
પ્રભાત કીરણો		૭ ૧
પહેલેા કાળ		૬ ૦
વિમાસી		૮ ૦
પૌરાણીક નાટકો		૫ ૬
પ્રેમ પ્રસુન		૧ ૦
માનવ હાના ગુલ		૬ ૦
મરૂ ભુમી		૬ ૦
અપેલાકાય		૮ ૦
મોહીની		૮ ૦
મનોરમા		૬ ૦
આશ્રમભજના દીપક		૭ ૦
બીરૂ સાથી		૧૨ ૦
બાપુનું રહસ્ય		૧૦ ૦
માનવીની ભવાઇ		૧૨ ૦
આપણો સંસ્કાર		૭ ૧
ઝંઝાવાત ભાગ ૧		૧૦ ૦
ચિત્રોદની		૭ ૧
કેત્રાઇનો જોગ		૮ ૦
લગ્ન તમાસી		૬ ૦
ને કેક દીપક		૫ ૦
પુત્ર જન્મ		૧૪ ૦
પરીષેક		૭ ૦
પીતાંજલી વન પ્રવેશ		૭ ૦
પૃથ્વીરાજ		૭ ૬
જોધીય તાપ		૫ ૦
બાકી બધો		૫ ૧
બાલબારી		૧ ૧
સોરાબ્જીની પ્રેમ કથા	(નોવેલ)	૮ ૧
રોહરામજી ભા. ૧-૨	સેટની	૧૦ ૦
કમલી આશ્રમ કે		૫ ૧
રોહરામ		૧ ૦

આ ઓરડરોથી મળશે.

Indian Opinion P/Bag, Phoenix Natal.

અઠવાડીક પંચાંગ

વાર	મારતી ૧૯૫૧ ઓગસ્ટ	હીંદુ ૨૦૦૭ શ્રાવણ	મુસલમાન ૧૩૭૦	પારસી ૧૩૨૦ શહેનશાહી	સુર્યોદય	સુર્યાસ્ત
					ક. મી.	ક. મી.
રવી	૨૪	વદ ૮	૨૦	૨૧	૬-૨૪	૫-૨૩
સોમ	૨૫	,, ૮	૨૧	૨૭	૬-૨૫	૫-૨૨
મંગળ	૨૬	,, ૯	૨૨	૨૮	૬-૨૬	૫-૨૧
બુધ	૨૭	,, ૧૦	૨૩	૨૯	૬-૨૭	૫-૨૦
ગુરુ	૨૮	,, ૧૧	૨૪	૩૦	૬-૨૮	૫-૧૯
શુક્ર	૨૯	,, ૧૨	૨૫	૧	૬-૨૯	૫-૧૮
શની	૩૦	,, ૧૩	૨૬	૨	૬-૩૦	૫-૧૭

PHONE 33-2651
MASTER BROS.
MANUFACTURERS OF LADIES' & GIRLS' STRAW & FELT HATS
WHOLESALE MERCHANTS & DIRECT IMPORTERS
HOUSE FOR KEEN CASH PRICES
33 West Street, JOHANNESBURG.

માસ્ટર બ્રધર્સ
હોલસેલ મરચન્ટસ એન્ડ ડાયરેક્ટ ઇમ્પોર્ટર્સ
રોકડી કિંમત સુધારા માપ, ગુજર રંગ, ખાનગેરસ—એની બાબતે માટે અત્ર બતાવેલ સરનામે, તેમજ કેપટાઉન ખાતેની ઓફિસે માટે ઉમરે ત્યાં પ્રથમ તપાસ કરવા વિનંતિ છે
33 વેસ્ટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.
ફોન: 33-2651

Cable & Tel. Add.: "HARGOVAN". Phone 29638.
P. HARGOVAN & CO.
(PTY.) LTD.
WHOLESALE MERCHANTS
AND IMPORTERS.
P. O. BOX 1250.
155|7 Warwick Avenue
DURBAN.

NATHOO TABHA
TIMBER & HARDWARE MERCHANT
& DIRECT IMPORTER
Door, Windows, Corrugated Iron, Cement, Monarch, Iron Duke, Buffalo, and Elephant brands paint for any other building material at reasonable price.
Established 1907, NATHOO TABHA,
107 Queen Street, Phone 24647.
Telegraph "Mani," DURBAN.

M. J. PATEL
INTERNATIONAL SPORTS COMPANY
Importers & Exporters & General Commission Agents
10 Peking Road, Kawoon, HONG KONG.
Special attention is paid to indent orders
Write To Us For Further Particulars.

અમારા નવા નિશાળ ઉપયોગી પુસ્તકો

ઇતિહાસ

દેશ વીરેશ ભા. ૧	૨ ૬
ગુજરાતનું મ.રાજ	૧ ૬
કાંઠા ઇતિહાસની ઝરમેરમા ભા. ૧	૨ ૨
આપણા દેશનો ઇતિહાસ	૧ ૧

ભૂગોળ

દેશ દેખાવમાં ભા. ૧	૨ ૦
આર્થિક ભૂગોળ	૧ ૬
ભૂગોળ પરીચય ભા. ૩	૧ ૧૦
" " ભા. ૪	૨ ૩

વાંચન માટે સાહીત્ય

પ્રાચીન કવિઓની રસ કથાઓ	૨ ૬
દેશ દીપકો	૩ ૦
ના ના રમત	૧ ૬

અંક ગણિત

અંકગણિત ૧ મુખ તત્વો	૩ ૦
પ્રાયર રફુલ અંકગણિત ભા. ૧	૨ ૬
મારું ગણિત ભા. ૧	૧ ૩
" " ભા. ૩	૧ ૬
" " ભાગ ૪	૨ ૦

સાહિત્ય પાઠાવલી

પુસ્તક પાંચમુ	૨ ૧
" સાતમુ	૨ ૩

ઉપરોક્ત ઉંચાઇના શીખવા માટે પાઠાવલી ભા. ૧-૨ પ્રત્યેની ૨ ૦

મુદ્રણ લેખન માટેના બીજા બે ભાગ
માં નીચેના ચાર પુસ્તકો આવે
છે. જે પુસ્તકો દ્વારા બાળકો જ્ઞાન
મેળવે છે.

મુદ્રણ લેખન તાલીમ ભાગ

" " પોરબંદર ૧-૨-૩-૪

પ્રત્યેકની કીંમત ૧ ૦

નમુનેદાર વાચન માળા

બાળપોથી	૧ ૨
પુસ્તક પહેલું	૧ ૪
પુસ્તક બીજું	૨ ૦
પુસ્તક ત્રીજું	૨ ૪
" ચોથું	૨ ૩

સાહિત્ય કલ્પદ્રોલ

સાહિત્ય માટે વાચન ભંડારના
વ્યવસ્થાપકોને ઉપયોગી પુસ્તકો

પુસ્તક બીજું	૨ ૩
" ત્રીજું	૨ ૪

વિકાસપોથી વાચન માળા

બાલશ્રી	૧ ૦
પહેલી ચોપડી	૧ ૦
બીજી ચોપડી	૧ ૬
ત્રીજી "	૨ ૩
ચોથી "	૨ ૬
પાંચમી "	૩ ૦

ચાલે તપાસેલ

ચોપડી ૧	૧ ૩
" ૨	૧ ૩
" ૩	૧ ૬
" ૪	૧ ૬
" ૫	૧ ૮
" ૬	૧ ૮
" ૭	૧ ૮

Obtainable from:

'INDIAN OPINION'

P. Bag, PHOENIX, NATAL.

BOOKS FOR SALE

INDIAN STATESMEN (Dewans and Prime Ministers With Portraits)	7	6
INDIAN JUDGES (Biographical and critical sketches with portraits)	7	6
EMINENT AMERICANS WHOM INDIA SHOULD KNOW—Jabez T. Sunderland	7	6
THE BHAGAVAD GITA—The Lord's Song—(An English Translation)—Annie Besant	1	0
WHAT IS WRONG WITH INDIAN ECONOMIC LIFE? —Dr. V. K. R. V. Rao	6	0
THE U.K.O.C. AND INDIA—A. N. Agarwala	5	6
OUR INDIA (Children's stories by various writers, illustrated) —Mirco Masani	2	6
COTTAGE INDUSTRIES AND THEIR ROLE IN INDIAN ECONOMY—Prof. Rao	2	6
SHAW—WELLS—KEYNES ON STALIN—WELLS TALK (Verbatim Record)	3	6
GOLDEN NUMBER OF "INDIAN OPINION", 1914 (Souvenir of the Passive Resistance Movement in S.A., 1906-1914)	4	0
THE DELIVERANCE (A picture of the palpitating life of the joint family)	4	0
SEVEN MONTHS WITH MAHATMA GANDHI Being an inside view of the Non-co-operation Movement (1921-22)—Krishnadas	3	0
GANDHIJI AS WE KNOW HIM—Intimate and delightful incidents by various writers	5	0
PUBLIC FINANCE AND OUR POVERTY —J. C. Kumarappa	3	6
HISTORY OF THE REIGN OF SHAH ALUM —W. Franklin	7	6
THE LIFE OF RAMAKRISHNA—An exhaustive account of the Master's wonderful life—Romain Rolland	15	0
INDIAN STATES' PROBLEM (Gandhiji's Writings and Utterances)—M. K. Gandhi	10	0
FOUNDATIONS OF PEACE (Critical study of the conditions which precipitated two world wars—K. T. Shah	15	0
INDIA SPEAKING (Various contributions on economic, political, cultural and social problems of modern India)	10	0
MAHATMA GANDHI (The Man and his Mission, an enlarged and up to date edition of Gandhiji's life,) —By various writers	5	0
SHAKESPEARE'S TRAGEDIES (King Lear, Macbeth, Hamlet and Othello—William Miller	2	0
SOVIET ATTITUDE TOWARDS CHINA Facts And Facts—Stanley Powell	2	0
AMONG THE GREAT (Conversation with Romain Rolland, Mahatma Gandhi, Bertrand Russell, Rabindranath Tagore and Sri Aurobindo)—Dilip Kumar Roy	10	0
TWO HISTORICAL TRIALS IN RED FORT —An account of the trial of the Officers of the I.N.A.	14	0
"On August 13, 1951 the Government of India received a reply of the United States Government in their comments. Some Minor variations were made in the original draft but none of the major suggestions put forward by the Government of India were accepted. The government thereupon after careful consideration came to the conclusion that India should not sign the peace treaty or participate in the Sanfrancisco conference. It was further decided that immediately after Japan attained the independent status the Government of India would make a declaration terminating the state of war between India and Japan and later a simple bilateral treaty with Japan should be negotiated.

Throughout the negotiations that have taken place between the two governments on the subject of treaty the Government of India have laid emphasis upon two fundamental objectives: (1) the terms of the treaty should concede to Japan a position of honour, equality and contentment among the community of free nations; (2) they should be so framed as to enable all countries specially interested in the maintenance of a stable peace in the Far East to subscribe to the treaty sooner or later.

"The Government of India have after most careful thought come to the conclusion that the treaty does not in material respects satisfy either of these two criteria.

Condition (1) (a) It is only natural to expect that Japan should desire restoration in full of her sovereignty over the territory of which the inhabitants have a historical affinity with her own people and which she has not acquired by aggression from any other country. Ryuku and Bonin islands fully satisfy this description. Nevertheless the treaty proposes that until the United States Government seek and obtain trusteeship over these islands they should continue to be subject to legislative and administrative control of the United States. It is apparent to the Government of India that such an arrangement cannot but be a source of dissatisfaction to large sections of the Japanese people and must carry a seed of future dispute and possibly a conflict in the Far East.

"(b) The government of India recognise that as a sovereign nations Japan should have a right to make arrangements for her defence as provided in Article (5) of the treaty. If in the exercise of this right Japan should decide to enter into defensive agreements with friendly powers no one could reasonably object to this. But the right should be exercised by the government of Japan when Japan has become a truly sovereign nation. The provision in the treaty which suggests that the present occupation forces may stay on in Japan as a part of such defensive agreement is bound to give rise to the impression that the agreement does not represent the decision taken by Japan in full enjoyment of her freedom as a sovereign nation. The effect of this, not only on the people of Japan but upon large sections of people in Asia, is bound to be most unfortunate.

"4. Condition (2) As already stated the Government of India attach the greatest importance to the treaty providing that the island of Formosa should be returned to China. The time and manner of such return might be a subject of separate negotiations but to leave the future of the island undetermined in spite of the past international agreements in a document which attempts to regulate the relations of Japan with all the governments that were engaged in the last war against her does not appear to the Government of India to be either just or expedient. *Mutatis mutandis* the same argument applies to the Kurile Islands and to Sakhalin.


"5. For the foregoing reasons the Government of India have decided with regret that they cannot be parties to this treaty. It is their sincere hope that a lasting peace will prevail in the Far East and to that end they will continue to cooperate with the United States and other governments in such a manner as may be open to them consistently with principles on which their foreign policy is based. As a first step to put an end to the state of war between them and Japan and to establish full diplomatic relations with that country.

"6. It has already been announced that the conference convened at San Francisco to consider the draft peace treaty with Japan will not be open to negotiations though the attending governments will be free to state their views on the treaty. The Government of India feel that the statement of their views on the treaty contained in their reply should be adequate to clarify their own position. It is their intention, if the United States Government have no objection, to communicate this reply to their own parliament which is now in session on August 27. Once the document has been published it will be available for information of the conference and the Government of India will be glad if the Government of the United States which act as host to the conference will have this reply circulated to its members. As for the reasons already stated the Government of India will be unable to sign the treaty and they think it is not necessary for them to send representatives to it."

"I might add that we have received replies to this communication from the Governments of United States and of the United Kingdom expressing regret at our decision not to sign the proposed treaty."

The Prime Minister Mr. Nehru also said, "I regret that a premature release of our reply as well as a part of other communications has unfortunately already taken place from other countries"

"Gold Medal" Quality



High-Class Display Counters and Showcases, Refrigerator Counters, Wall Units, Fish Fryers, Display Fittings etc.

NEW ILLUSTRATED CATALOGUES ON APPLICATION

ASSOCIATED SHOPFITTERS LTD.

Incorporating Excelsior Shopfitters, Ltd., S.A. Shopfitters, Ltd.

Exhibit awarded Gold Medal, Rand Easter Show

181 MARSHALL ST (Corner Eloff House)

Phone 22-421 1/2 Johannesburg. P O Box 8501

ઇન્ડિયન ઓપિનિયન

મહાત્મા ગાંધીજીના હસ્તે
સને ૧૯૦૩માં સ્થપાયું.

પુસ્તક ૪૯ મું—અંક ૩૬ | શુક્રવાર તા. ૭ સપ્ટેમ્બર, ૧૯૫૧. | છૂટક નકલ ૧૯ની.૬

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર સપ્ટેમ્બર તા. ૭, ૧૯૫૧.

સમયસરનું પગલું

યુનીયન સરકારની એપાર્ટહેડ ની કુટીલ નીતીના સંબંધ માં, અફ્રોણરમાં રટાર- બર્ગ ખાતે મળનારી બ્રીટીશ મજુર પક્ષની પચાસમી વાર્ષિક પરિષદ શું કરવાની છે તેની દુંક સમયપર દુનીયાને જાણ કરવામાં આવી હતી. તેના સુચવાયેલાં પગલાંની સાઉથ આફ્રીકાના અંગ્રેજ અખબારોએ પણ સખ્ત ટીકા કરી હતી અને એ પગલાં ને સાઉથ આફ્રીકાની ખાનગી બાબતમાં વિના હક માથું મારવા નાં ઉદ્ધતાઈ ભરેલાં પગલાં તરીકે વખોડી કાઢવામાં આવ્યું હતું. અમે જાણીને ખુશી થઈએ છીએ કે એથી બ્રીટીશ મજુર પક્ષ પોતાના ઈરાદાઓમાંથી ડગ્યો નથી. આગામી પરિષદના કાર્ય ક્રમમાં મુકવામાં આવેલા ઠરાવો અને કોનૅમયવેસ્ટની શાખાએ સુચવેલો સુધારો પરિસ્થિતિને લાયક અને સમયસરના છે. કોઈ પણ સુવિચારી માણસ જે સાઉથ આફ્રીકામાં તેમજ મધ્ય આફ્રીકાના પ્રદેશોના સુચવાયેલાં ફેડરેશનના બારામાં બની રહેલા બનાવોથી વાકેફ છે તેને તેની સામે વિરોધ ઉઠાવવાને કશું કારણ કોઈ નહિ જડે. સાઉથ આફ્રિકામાં, કંઈ નહિ તો, સ્થિતિ દિન પર દિન સયેગે બગડવા લાગી છે. નેશનલીસ્ટ પાર્ટી પોતાની વાણી તેમજ વર્તનમાં વધારેને વધારે ઉગ્ર બનવા લાગી છે. તેનું છેલ્લું પગલું એ છે કે, સાઉથ આફ્રીકા માં. કેથલીકધર્મનો પ્રચાર તે સહન કરવા માગતી નથી કારણ કે તેની દ્રષ્ટિ ઉદાર છે, જે વસ્તુ સત્તા ધરાવી રહેલા કપ્પુ વિચાર ના નેશનલીસ્ટોને રૂચે તેવી નથી.

કેટલાક લોકો માને છે કે રાજકારણમાં ધર્મને કશું સ્થાન નથી. પરંતુ હાલના રાજ્યકર્તા ઓ તો રાજકારણમાં ધર્મને જોસજોર દાખલ કરી રહ્યા જણાય છે, પરંતુ પોતાના હેતુને માફક આવતો હોય તેટલેજ દરજ્જે. ધર્મના સિદ્ધાંતોનો તેઓની ઈચ્છાઓ અને તરંગોને રૂચે એ રીતે તેઓ મરડી મચડીને અર્થ કરી રહ્યા છે. એ કંઈ ધર્મ નહિ કહેવાય પરંતુ અધર્મ કહેવાય અને જ્યાં અધર્મ પ્રવર્તે છે ત્યાં તે અધર્મ કરનારા લોકો ની પડતી દશા સુચવે છે.

અમારી એવી દ્રઢ માન્યતા છે કે રાજકારણ અને ધર્મ સાથે સાથજ રહેવાં જોઈએ. ધર્મને જો કૂંચી દેવામાં આવે તો દુનીયાનો અંત આવશે. ઘાસનું એક તણખલું પણ ઈશ્વરની કૃપા વિના હલતું નથી. પાર્લામેન્ટ માં ભલે ગમે તે કરવામાં આવતું હોય પરંતુ ઈશ્વરના આશિર્વાદ માગ્યા પહેલાં તેનાં કાર્યનો આરંભ કરવામાં આવતો નથી. પરંતુ પોતાના હેતુને માફક આવે તે રીતે ધર્મને મરડી નહિ શકાય. ધર્મને માફક આવે એવો પોતાનો હેતુ હોવો જોઈએ. જુદા જુદા પંથો એ ધર્મ નથી. એ જો ધર્મ ગણાય તો સામ્યવાદ અને મુડીવાદ જે રીતે આજે ચાલી રહ્યાં છે તે પણ ધર્મ ગણાય. અમુક મુખ્ય સિદ્ધાંતો સઘળા ધર્મોમાં સમાન રહેલા છે. જે ધર્મ માનવ ગૌરવ ને માન આપનારો નથી એ ધર્મજ નથી. યુનીયન સરકારની એપાર્ટહેડની નીતી માનવ ગૌરવ ને માન આપનારી નથી. વર્ણો ધતામાં તે પોતાનું સઘળું ભાન ભુલી જવા લાગી છે. અધર્મને એટલે કે આત્મનાશને માર્ગે તે જઈ રહી છે. એવી વલણની બહારની દુનીયા ટીકા કરે તેમાં દુઃખ લગાડવાથી અને બીજાની બાનગી બાબતોમાં માથું મારવા નો કોઈને હક નથી એવો બચાવ કરવાથી કશું નહિ વળે. બારી રીતે તો એ શરમાવનારી બાબત ગણાવી જોઈએ. પોતાનો અપ- રાધ, છુપાવવાને કોશીશ કરવી અને તેને માટે કોઈ કપટો આચે તેનું માઠું લગાડવું તેમાં શરમ રહેલી છે. નમ્રતાપુર્વક પોતાનો અપરાધ સ્વિકારી લેવામાં અને તેને સુધારવાનો પ્રમાણીકપણે, સત્યપણે અને ખરા દિલથી પ્રયત્ન કરવામાં શરમ રહેલી નથી.

આફ્રીકાના બીન-ગોરા લોકો આજે નાસીપાસ અને નીરાશ થઈ ગયા છે. આથી કોઈ પણ ખુણામાંથી લાગણીનો અવાજ તેઓને હીંમત આપનારો થઈ પડે છે. એથી તેઓ તિરસ્કાર ને પાત્ર ઠરતા નથી. પરંતુ દયાને પાત્ર ઠરે છે. તેઓ નિરાધાર દશામાં આવી પડેલા છે અને પોતાના ઘરમાંજ જો કોઈ દાદ નહિ દેતું હોય તો પોતાનો આર્તનાદ તેઓએ બહાર સંભળાવવો રહ્યો. આથી બ્રીટીશ મજુર પક્ષનું પગલું અમને ઘણું જ વાસ્તવિક અને સમયસરનું લાગે છે. આફ્રીકાના બીન-ગોરા લોકોને તે નિર્જળ ભુમીમાં જળસમાન થઈ પડયું છે. અને તે ફળદાયી નીવડે એવી તેઓની હાર્દિક પ્રાર્થના છે.

નોંધ અને સમાચાર

ડંડીના મેજીસ્ટ્રેટ પોતાના વર્તન થી પોતાની વાણીને ખોટી પાડે છે

એક નેટીવને ઉશ્કેરણી કરવા માટે સુનેગાર ઠરાવી સજા કરતાં ડંડીના મેજીસ્ટ્રેટ મી. ટી. એચ. રાખીએ કહ્યું કે: "હું ધણો દિલગીર છું કે તું આ પ્રમાણે બોલ્યો કારણ તું ઉશ્કેરણી પામેલો છે અને તારે જાણવું જોઈએ કે સાઉથ આફ્રીકાની કોર્ટો આખી દુનીયામાં સૌથી ન્યાયી અને અદલાઈ-સાફ આપનારી છે." નેટીવ ફેડરીક ફ્લીમટ મકવાટીની સામે એવો આરોપ મુકવામાં આવ્યો હતો કે વોરબેંકમાં એક જાહેર સભામાં તે એવું બોલ્યો હતો કે પોલીસથી લઘને મેજીસ્ટ્રેટ અને જજજ સુધી કોઇની પાસે નેટીવને માટે ન્યાય નથી કારણ સઘળા અધિકારીઓ ગોરા છે મકવાટી ને એક મહિનાની સખ્ત મજુરી સાથ ની કેદની સજા થે વર્ષ માટે મોકુફ રાખવામાં આવી હતી.

આ સજાને દુંક મુદતપર દુરગેશ કોરીની મેજીસ્ટ્રેટ કોર્ટમાં પણ ગોરા પોલીસ સારજન્ટોને બાબુ નેટીવોપર ધાતકી હુમલો કરવાના ગુનામાંથી સાત મહાપર સુનેગાર ઠરતાં કરવામાં આવેલી પા. ૧ ના દંડની અથવા સાત દિવસ ની કેદની સજા સાથે સરખાવો અને પછી વિચાર કરો કે ઉપલા કેસમાં નેટીવે કરેલી જણાવેલી ટીકાને માટે કંઈક વાજબીપણું હતું કે નહિ. તેના પર કટાક્ષ એવો આરોપ મુકી શકાય કે સામાન્ય રીતે બધાના ઉપર દોષ મુકવાની તેણે અતિશયોક્તિ કરી. પરંતુ એવી અતિશયોક્તિનો દોષ વણીવાર અધિકાર ધરાવતા જવાબદાર બોકો પણ શું નથી કરતા? અમારી સાધારણ સમજ મુજબ આ કેસ કોર્ટ સમક્ષ લાવવા જેવોજ ગણાય કે કેમ એ વિષે શંકા છે. અમને તો લાગે છે કે ડંડીના મેજીસ્ટ્રેટે કરેલી વરતુ પોતાના વર્તનથી પોતેજ ખોટી પાડી છે.

નેટીવોની લાગણીઓની અવગણ ના થવી નહિ જોઇએ

બ્લાસાલેન્ડની પણી ખરી યુરોપીયન સંસ્થાઓ તરફથી સેન્ટ્રલ આફ્રીકાના ફેડરેશનના સવાલપર પોતાની સમક્ષ રજુ કરવામાં આવેલા નિવેદનના જવાબમાં કોલોનીયલ સેક્રેટરી મા જેમ્સ મોરીશને લીબેમાં જણાવ્યું હતું

કે, સુખી કોમે ત્યારેજ ઉભી કરી શકાશે જ્યારે યુરોપીયનો અને નેટીવો વચ્ચે ભાગીદારીના ધોરણે કામ લેવા માં આવશે. જોહન્સબર્ગથી ઉભા નહિ કરી શકાય તેમ ટકાવી રાખી પણ નહિ શકાય. નેટીવોને એજ બાબત નો અનુભવ થયો છે. શ્રી. મીરીયમે કહ્યું કે, નેટીવોના અપને અવગણવામાં આવ્યો નહિ જોઇએ. આજે સર્વત્ર રૂઢીવાદ બળવત થવા લાગ્યો છે. આ પરથી યાદ રાખવું ઘટે છે કે એજ રાષ્ટ્રવાદે યુરોપના બંધારણમાં અને આપણા પોતાના દેશના બંધારણમાં ઓળે. આજ ભજવેલો નથી. એ સામગ્રીને અટકાવી નહિ શકાય. દુનીયાના ઇતિહાસમાં કોઇપણ અટકાવી શકાય નથી. અને જેઓએ અટકાવવા નો પ્રયત્ન કર્યો છે તેઓને તેની ભારે કીંમત આપવી પડી છે. શ્રી. મીરીયમે સુચવ્યું કે ન્યાસાલેન્ડ અને જોહન્સ કોલ્ટ વચ્ચે લોકોએ અવરજવર કરવી જોઇએ. ગોલ્ડ કોસ્ટનું બંધારણ કેવું કામ કરી રહ્યું છે એ ન્યાસાલેન્ડ ના લોકોએ જોવાની જરૂર છે.

ન્યાસાલેન્ડના હીંદીઓએ ફેડરલ કાઉન્સીલમાં સમર્થ રોડેસીયાને મોટું પ્રતિનિધિત્વ આપવાનું ધારવામાં આવેલું છે અને એશીયાટીકોને કશું નહિ આપવાનું ધારવામાં આવ્યું છે તેનો વિરોધ કર્યો હતો. તેઓએ કહ્યું કે ફેડરલ કાઉન્સીલમાં કેળવણીની બેઠક ઓ સવર્ણ જાતીઓ માટે ખુલ્લી રહેવી જોઇએ.

ડો. ડી. એફ. મલાનપર શ્રી. મણીલાલ ગાંધીનો પત્ર

યુનીયનના વડા પ્રધાન ડો. ડી. એફ. મલાનપર શ્રી. મણીલાલ ગાંધીએ ઓગસ્ટ તા. ૨૯ મીના નીચે પ્રમાણે પત્ર મોકલ્યો હતો:

સાહેબ,

આ પત્ર લખતાં મારાં હૃદયને દરદ થઇ રહ્યું છે. નાતાલના આ સુંદર પ્રાંતમાં, જ્યાં ઇશ્વરે સુખ અને શાંતી પ્રવર્તે એમ ઇચ્છેલું હતું ત્યાં જેમાં હું દરદ સાથે જોઇ રહ્યો છું કે ઇશ્વરે મોકલેલા માનવીઓ મારી આસપાસ દુઃખો વેઠ રહ્યા છે અને પાપ પ્રવર્તી રહ્યું છે. મારૂં પોતાનું અંતર મેં તપાસ્યું છે અને મને આનંદ થાય એવું કશું નથી જોતો. ઇશ્વરેચ્છા શું હશે એ જાણવાને મેં ઉપવાસો પણ કર્યા હતા.

ઇશ્વરેચ્છા એવી હોય કે, લોકોએ એક બીજાને તિરસ્કારવા અથવા માન વટહુકમોને ટેકે એવા કાયદા કરવા એ હું માની શકતો નથી. મારે નમ્રતા પુર્વક જણાવવું જોઇએ કે સરકારની નીતી માનવ હકોને ટેકે તેવી છે. એપાર્ટહેડની નીતી માનવીઓના સંપુર્ણ આર્થિક અને રાજકીય ક્ષેત્રમા વિકાસ નો હક છીનવી લેનારી છે એટલુજ નહિ પરંતુ ઇશ્વરના સંતાનો તરીકે તેઓના વ્યક્તિત્વ અને આધ્યાત્મિક તત્વના સંપુર્ણ વિકાસ કરવાના હકનો પણ નિષેધ કરનારી છે અને તેઓને તિરસ્કાર અને નિરાશાને માર્ગે ધકેલી જનારી છે.

સાહેબ, એક તરફથી આપ આપની શક્તીઓ ઇશ્વરમાં નહિ માનનારા સામ્યવાદને કચડી નાખવામાં રોકાઇ રહ્યા છો જ્યારે બીજી તરફથી આપની એપાર્ટહેડની નીતી માણસને ઇશ્વરે ધા નહિ તો પણ સામ્યવાદ તરફ ધકેલી રહી જનારી છે. સામ્યવાદ કેમનો અટકાવવાનો અને ગોરા અને તેના સુધારા પ્રત્યેનું માન પુનઃસંપાદન કરવાનો માર્ગ માત્ર એકજ છે અને તે વધારે ઉદાર અને ખ્રીસ્તી ધર્મપર રચાયેલી નીતી ગ્રહણ કરવાનો છે. ઇશ્વરની આ ભુમીપર તેમાં વસી રહેલો પ્રત્યેક પ્રત્યેક માનવી સુખશાંતીથી જીવી શકે તેટલી જગ્યા પડેલી છે. આજે સરકારનો બીન-ગોરાને લાગુ પડતો પ્રત્યેક કાયદો બીન-ગોરા પ્રત્યે ના તેના તિરસ્કારના પ્રતીક સમાન ભાસી રહ્યો છે.

સાઉથ આફ્રીકાના ધર્મસ્થાનમાંથી એક વખત નીચેના બોધપ્રદ વચનો ઉચ્ચારવામાં આવ્યા હતા: શું આપણે એ શીખ્યા નથી કે, માનવીઓને સંપુર્ણ અને સ્વતંત્ર જીવન જીવવાની તકો નકારવામાં આવે છે ત્યારે તે તિરસ્કાર અને તકરારના ભાવિ સુચક નો બની પડે છે અને પાપનું કુંડાળું સદા પ્રવર્તતું જાય છે? રાજ્ય કરતા રાજપ્રકારી પ્રજાની કસોટી એ છે કે, "જેવું વર્તન માણસો પાસેથી તમે ઇચ્છો તેવુજ તેઓ પ્રત્યે તમે બતાવજો" એ બાયબલ ધર્મ સુત્રનું તે કેમ અંશે પાલન કરે છે.

સરકારની એપાર્ટહેડની નીતી, જે સ્વાભાવપુર્વક અમલમાં મુકાઇ રહી છે, તે બીન-ગોરાઓની આગેવાનીઓ અત્યંત કુચલી રહી છે. તેઓની ચામડીના રંગ અને તેઓની નીતીના કારણે તેઓને હલકામાં હલકા અંગ્રેજો કરતાં પણ નીચો દરજ્જો આપવામાં આવ્યો છે. આ હું વાજબી કે ન્યાયી જોઇ શકતો નથી. મારે તો માનવું છે કે એથી બીન-ગોરાનુંજ નહિ પરંતુ ગોરાનું પણ નૈતિક અને આધ્યાત્મિક પતનજ થશે.

સાહેબ, હું સાઉથ આફ્રિકાનો એક કાયદાને વફાદાર નાગરીક છું, પરંતુ ઇશ્વર જે રાજાઓનો પણ રાજા છે અને આખી સૃષ્ટિનું તંત્ર જેના હાથ માં છે, તેને સૌથી પર માનનારો કોઇ જે કાયદા ઇશ્વરના નૈતિક કાયદા ની સદંતર વિરૂદ્ધ છે તેવા કાયદાને શરણ કેમ થવાય એ હું જોઇ શકતો નથી.

ત્યારે જેવા એક જબ્બરી માણસની ફરજ શું હોય શકે? મારે અત્યંત નમ્રપણે કહેવું જોઇએ કે, ઇશ્વરના વધારે ઉચ્ચ કાયદાને માન આપીને તેણે અન્યાયી અને અનીતી ભરેલા કાયદાનો અનાદર કરી તેની જે કંઈ પણ સજા હોય તો ભોગવી લેવી જોઇએ. સ્વમાનને સૌથી પર ગણનારા પ્રત્યેક માનવીની તેમ કરવાની ફરજ છે એમ હું માનું છું. અને તેમ કરી ને તેણે પોતાના વિરોધી પ્રત્યે તિરસ્કાર કરવો કે તેનું ખુબું ઇચ્છવું નહિ જોઇએ, પરંતુ પ્રાર્થના કરી સ્વેચ્છાએ વહોરી લીધેલાં દુઃખો વડે તેનો હૃદય પલટો કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.

સાહેબ, અત્યંત નમ્રપણે અને આપના પ્રત્યે સંપુર્ણ માન સાથે આ વસ્તુ કરવાની મેં મારી જવાબદારીના સંપુર્ણ ભાન સાથે પ્રતિજ્ઞા કરેલી છે જેની આપને જાણ કરવાની હું મારી નમ્ર ફરજ સમજું છે.

આપનો વફાદાર છે એવું આપની તરફથી જાણવામાં નહિ આવે તો આ પત્ર હું અખબારોમાં પ્રસિદ્ધ કરવા ધ્યાનું છું.

સાહેબ, અંતમાં એક ખ્રીસ્તી ધર્મ ગુરૂ તરીકે આપને એક નમ્ર અને દાક્ષિણ્ય વિનંતિ કરવાની હું ધૃષ્ટતા કરી શકું કે, આપે આપની સરકારની નીતીની ધર્મપ્રેરણા ખ્રિસ્તીની દ્રષ્ટિએ પુનઃતપાસ કરવી જોઇએ.

આપની જાણ માટે આ સાથે એપ્રીલમાં મારા ઉપવાસ વખતે મેં કરેલા નિવેદનની નકલ મોકલું છું.

હું છું, આપનો આજ્ઞાંકિત સેવક
(સહી) મણીલાલ ગાંધી.

ડો. મલાનનો જવાબ

ઉપલા પત્રનો ઓગસ્ટ તા. ૨૫ મીના ડો. મલાનના ખાનગી સેક્રેટરી તરફથી લખાયેલો નીચે પ્રમાણેનો જવાબ તા. ૨૯ મીના મળ્યો હતો:

"વહાલા સર્જન,—નામદાર વડા પ્રધાન જણાવવાની મને સુચના કરે છે કે આપનો ઓગસ્ટ તા. ૨૯ મીનો પત્ર તેમને મળ્યો છે અને તેની વીગતોની તેમણે રસપુર્વક નોંધ લીધેલી છે."

યુનાઇટેડ પાર્ટી અને હર્ટઝોગ નેશનલીસ્ટ પાર્ટી

બીન-ગોરા પ્રત્યેની નીતીની સરખામણી

જોહાનીસબર્ગના 'સ્ટાર' નેશનલીસ્ટ અને યુનાઇટેડ પાર્ટીઓની બીન-ગોરાઓ પ્રત્યેની નીતી શું છે તેનો મુકાબલો કરવા તેના પ્રતિનિધિઓ સમક્ષ પંદર પ્રશ્નો મુકવા હતા.

બન્ને પાર્ટીઓના હેતુઓ ઘણે દરજ્જે સરખા છે પરંતુ તેઓની રીત અમુક દરજ્જે જુદી છે. નેશનલીસ્ટોના જવાબો કાયદાના અર્થથી અને જબરદસ્તીથી તંત્ર ચલાવવાપર ભાર મુકે છે; યુનાઇટેડ પાર્ટી ગોરાઓને મતાધિકાર કોમ ના નહિ છતાં તેઓની સંમતીથી તંત્ર ચલાવવાપર ભાર મુકે છે.

નીચે પ્રમાણે બન્ને પાર્ટીઓને પુછાયેલા સવાલો અને તેઓના જવાબો છે.

(૧) તમે સવર્ણ જાતીઓને માટે વસવાટના ધારાવધા હસ્તી ધરાવવાના પક્ષમાં છો?

યુ. પા.: હા.

હ.ને. પા.: ના.

(૨) તે કઇ રીતે અમલમાં મુકશો?

યુ. પા.: પ્રત્યેક સ્થાનિક સત્તાના હસ્તીમાં વસતી જાતીઓની સાથે મસલત કરી તેઓની સાથે કરારથી બહુમતીમત કરારને જરૂર જણાય તો કાયદાથી સુદ્ધ કરીને.

હ.ને. પા.: ૩૫ એરીયાસ એક્ટ થી અને બ્લેકબ્રીની હવેની રચનામાં એપાર્ટહેડની નીતી અમલમાં મુકાને.

સામાજીક ધોરણવાદપણું

(૩) તમે સામાજીક ધોરણવાદપણાના પક્ષમાં છો? એટલે કે, લગ્ન, શિક્ષણ, ધર્મ અને રમતગમતમાં?

યુ. પા.: હા.

હ.ને. પા.: ના. ગોરા અને બીન-ગોરાઓ વચ્ચે અને બની શકે ત્યાં સુધી કામોમાં, નેટીવો અને ઇંડીઓ વચ્ચે.

(૪) એ કેવી રીતે નિભાવી શકશો?

યુ. પા.: લગ્ન અને સ્ત્રી પુરૂષ વચ્ચેનો સંબંધ કાયદાથી સંતોષકારક રીતે નીયમીત કરી નહિ શકાય. તે અને બીજા સામાજીક સંબંધો પહેલાં ની જેમ જાતીઓની આસપાસ; ખુદ્દિ અને સામાજીક સોરવધર મુકી દેવાં પડશે. શિક્ષણ મદદરૂપ થઇ પડશે.

હ.ને. પા.: આપણી નિશાળોમાં અને ૬૫ રીફેરન્ડ ચર્ચોમાં અત્યારે તે નિભાવી રાખવામાં આવ્યું છે. બીજા સંજોગોપર અંકુશ મુકવાને જરૂરી કાયદા થયા છે.

ઉદ્યોગમાં વર્ણદ્વેષ

(૫) ઉદ્યોગમાં વર્ણદ્વેષ તમે ચાલુ રાખશો?

યુ. પા. : હા, પરંતુ જુદા જુદા ધંધાઓમાં આવીકોના યુનીયનો સાથે કરારથી તેનું ધોરણ ઉંચું કરવામાં આવશે કે જેથી બીન-ગોરાઓની ઉત્પાદન શક્તિ અને કમાવાની શક્તિ માં વધારો થાય.

હ.ને.: પા. હા.

(૬) આગળ વધેલા નેટીવોને પોતા ની ફરોની બહાર કંઈ તો મળશે જોઇએ કે નહિ?

યુ.પા. : આર્થીક રીતે, હા. તેનો નિર્ણય લાયકાતપરથી થશે. સામાજીક રીતે, અમારો જવાબ (૬) જુઓ અને રાજકીય રીતે, અમારો જવાબ (૧૪) જુઓ.

હ.ને. પા. : હા, જ્યાં તેઓની સેવાઓની બીજી ફોગોમાં જરૂર હશે ત્યાં, પરંતુ જો તેઓના પોતાના લોકોના હિતનું હશે અને એપાર્ટહેડ ની નીતી સાથે અથડાતું નહિ હોય તો.

નેટીવ રીઝર્વો

(૭) નેટીવ રીઝર્વોને તમે સઘળા બાન્ટુઓનું રાષ્ટ્રિય વતન બનાવવાના પક્ષમાં છો?

યુ.પા. : સઘળા બાન્ટુઓનું નહિ જો હવે શક્ય નથી. તેને માટે પુરતી જમીન નથી.

હ.ને. પા. : હા.

(૮) જેમ હોય તો, ફાર્મો અને ઉદ્યોગોને માટે પુરતા બાન્ટુ મજુરો શી રીતે મેળવી શકશો?

યુ.પા. : આ સવાલ રહેતો નથી. તેઓને શહેરોમાં તેમજ ગામોમાં સ્થાયી વસતી હોવી જોઇએ. હ. ને પા. : નેટીવોને ગોરી ફોમોમાં નોકરો તરીકે આવવા દેવામાં આવશે પરંતુ કોઈ જાતના રાજકીય હકો નહિ ભોગવી શકે.

બાન્ટુ ઉદ્યોગો

(૯) બાન્ટુ રીઝર્વોમાં તમે ઉદ્યોગો સ્થાપવાના પક્ષમાં છો?

યુ.પા. : હા, જ્યાં સુધી તેઓ યુનીયનના આર્થીક તંત્રમાં ભળી જઈ શકતા હોય અને કુદરતી રીતે અહીં તહીં ઉભા થયેલ સ્થાપિત ઉદ્યોગો સાથે ગેરવાજબી હરિફાઇ કરી રહ્યા નહિ હોય ત્યાં સુધી.

હ.ને. પા : હા.

(૧૦) જો તેમ હોય તો, તેને માટે મુડી કોણ પુરી પાડશે?

યુ.પા. : એ સવાલ ઉપસ્થિત થતો નથી. જો ઉદ્યોગ સારો અને લાભદાયક હશે તો કોઇ પણ બીજા ઉદ્યોગને વિષે થાય છે તેમ તેને માટે પણ મુડી મળી રહેશે.

હ.ને. પા : રાજકીય અને વધારામાં નેટીવોની મુડીનો તેને માટે ઉપયોગ કરવામાં આવશે.

(૧૧) બહારથી આવતી મજુરીએ રથાયી માન્ય તેમજ -ગુદેરાની ફોમો માટે જરૂર કરવા જોઇએ કે નહિ?

યુ.પા. : હા, ધીમે ધીમે અને ચોક્કસ રીતે જ્યાં સુધી ત્યાં સુધી.

હ.ને. પા. : બન્ને એકબીજાની પુરતી કરનારી હોવી જોઇએ, પુરોપના લગભગ સઘળા દેશોમાં બહારથી આવેલી મજુરી હોય છે.

વધારે આંધવાનો ખરચ

(૧૨) બાન્ટુઓને માટે શહેરોમાં ઘરો બાંધવાનો અને હાન્સપોર્ટનો ખરચ કોને ઉઠાવવો જોઇએ?

યુ.પા. : મુળમાં રથાનિક સત્તાઓ, સરકાર અને ઉદ્યોગોએ. અંતમાં બાન્ટુ ઓ એવી સ્થિતિમાં મુકાવા જોઇએ કે જેથી ઓછામાં ઓછા ખરચ તેઓ જાતેજ પુરો પાડી શકે.

હ.ને. પા. : લાગતાવળગતા સૌએ, એટલે કે, રાજ્ય, રથાનિક સત્તાઓ, ઉદ્યોગો અને નેટીવોએ ફાળો આપવો જોઇએ,

(૧૩) રથાનિક તંત્રમાં શહેરના બીન-ગોરાઓને કંઈ પણ અવાજ હોવો જોઇએ કે નહિ?

યુ.પા. : હા, તેઓના પોતાના શહેરી સત્તામાં. પ્રતિનિક-કાઉન્સીલોની સાથે મસલત કરીને અને તેના અંકુશ હેઠળ.

હ.ને. પા. : માત્ર તેઓના લોકેશનો ગાંજા, જ્યાં તેઓને પોતાની જુદી રથાનિક સત્તા હોવી જોઇએ.

રાજકીય હકો

(૧૪) જુદી જુદી જાતીઓ માટે તમે જુદાં કે સમાન પ્રતિનિધિત્વના પક્ષમાં છો!

યુ.પા : હાલ અમે નેટીવો માટે ૧૯૩૬ માં મતાધિકાર વિષે થયેલી સમાધાનીના પક્ષમાં છીએ અને કલર્ડો ને સામાન્ય મતપત્રક ઉપર મુકવા જોઇએ.

હ.ને. પા. : ગોરા, નેટીવો અને કલર્ડો માટે જુદાજુદું રાજકીય પ્રતિનિધિત્વ હોવું જોઇએ.

(૧૫) બીન-ગોરાઓને ગોરાની યુનીવર્સીટીઓમાં દાખલ કરવા જોઇએ કે નહિ?

યુ.પા. : હા. બીન-ગોરી યુનીવર્સીટી ઓ પણ એટલીજ સારી રથપાવી જોઇએ પરંતુ સારી સમજુતીને આતરે પ્રત્યેક જાતીના નેતાઓએ એકબીજા સાથે બળવું જોઇએ અને તેથી ગોરા ની યુનીવર્સીટીના દ્વાર બીન-ગોરાઓ માટે બંધ થવા નહિ જોઇએ.

હ.ને. પા. : ના. બીન-ગોરાઓ માટે જુદી યુનીવર્સીટીઓ હોવી જોઇએ.

યુ.પા. અને હ.ને. પા.ની વર્ણભેદની નીતી વચ્ચે મુખ્ય તફાવતો

નેશનલીસ્ટ અને યુનાઇટેડ પાર્ટીની વર્ણભેદની નીતી વચ્ચે મુખ્ય તફાવતો શું રહ્યો છે? આ પ્રશ્ન જોહાનીસબર્ગના 'સ્ટાર' અને પાર્ટીઓના પ્રતિનિધીઓને જુદા જુદા પુછ્યો હતો. તેના જવાબ નીચે પ્રમાણે છે:

યુનાઇટેડ પાર્ટી

અમે માનીએ છીએ કે ગોરાનો સુધારો તેના ગુણ પરથીજ ટકાવી રાખી શકાશે અને નહિ કે અન્ય જાતીઓપર દમનનીતી ચલાવીને અથવા કાંયદાથી અથો કરીને.

યુનાઇટેડ પાર્ટી બીન-ગોરાને બરાબર નથી ગણતી પરંતુ મુડી રૂપ ગણે છે. અને તેથી ગોરાના અધુનમાનો બીન-ગોરાની વીરૂદ્ધ લાભ લેવા તે કદી તક માર નથી થવ.

બીન-ગોરાઓના આર્થીક વિકાસ ગોરાના ભોગેજ થવ શકે એમ અમે નથી માનતા અમે માનીએ છીએ કે બીન-ગોરાના આર્થીક વીકાસમાંજ ગોરાનો પણ વીકાસ રહેલો છે.

સંપુર્ણ બ્રહ્મદાપણું આદર્શરૂપ ભલે હોય પરંતુ તે અશક્ય છે અને તેના સંપુર્ણ અમલ વિના બ્રહ્મદાપણું (એપાર્ટહેડ) કેવળ દમન કરનારૂં છે કારણ બીન-ગોરા પ્રત્યે તે સંપુર્ણ બ્રહ્મદાપણું સિદ્ધ કરવું શક્ય છે એવા ખોટા ખ્યાલથી વર્તે છે.

પરંપરાથી ચાલતું આવેલું સામાજીક બ્રહ્મદાપણું જોમાં ગોરા અને કાળા લોકો બન્ને રોકાઓર્યા માનતા આવેલા છે, તે બીન-ગોરાઓને દેશમાં ભાગીદારી આપવાથી અને તેઓની પ્રગતી કરવાથી ટકાવી રાખી શકાશે. તેઓને બહાર રાખવામાં આવેલા છે એવું વર્તનજ્ઞાનવવાથી નહિ

હેનરી ફગીસને કહ્યું હતું તેમ: "આપણને તેઓની જરૂર છે અને તેઓને આપણી જરૂર છે."

નેશનલીસ્ટ પાર્ટી

યુનાઇટેડ પાર્ટી જ્યારે સઘળી જાતીઓને ભેળવી દેવાની અને બીન-ગોરા ઓને ગોરી ફોમમાં રાજકીય હકો આપવાની વાતથી ધરાવે છે ત્યારે નેશનલીસ્ટ પાર્ટી જાતીઓના બ્રહ્મદાપણામાં અને બીન-ગોરાઓને ગોરાઓમાં બીનકુદરતી રાજકીય હકો નહિ આપવામાં માને છે.

યુનાઇટેડ પાર્ટી કેળવણીની બાબતના ધોરણે બ્રહ્મદાપણામાં માને છે જ્યારે હ. ને. પાર્ટી વર્ણના ધોરણે બ્રહ્મદાપણામાં માને છે.

સઘળા સુધરેલા લોકોને રાજકીય હકો આપવામાં આવશે તો આખરે બીન-ગોરાનું ગોરા પર વર્ચસ્વ રથપાશે. તેઓને ગોરાના નેતૃત્વથી સંતોષ નહિ થાય. જેમ ફીજ, ઝમો, ધન્ડાનેસીયા, ગોલ્ડ કોસ્ટ અને હવે નાયજીરીયામાં થયું છે.

હ. ને. પા. આથી કહે છે કે ગોરા ના ક્ષેત્રમાં બીન-ગોરાને કોઇ પણ જાત ના રાજકીય હકો નહિ આપવામાં આવે પરંતુ આખરે તેઓના પોતાના લત્તાઓમાં સંપુર્ણ રાજકીય હકો આપ વામાં આવશે.

ઈલ્લાયડાં બંધારણો

યુનાઇટેડ પાર્ટી નેટીવ રેપ્રેઝેન્ટેટીવ કાઉન્સીલના સભ્યો વધારવા અને બીન-ગોરાઓની રથાનિક કાઉન્સીલોનું પ્રતિનિધીત્વ બરાબરનું એક મધ્યસ્થ કાઉન્સીલ રથાપવા તરફદાર છે. જેમ નેશનલીસ્ટ પાર્ટીએ નેટીવ રેપ્રેઝેન્ટેટીવ કાઉન્સીલને નાબુદ કરી છે અને નેટીવ રથાનિક સત્તાઓને માટે મધ્યસ્થ કાઉન્સીલ રથાપવાની વીરૂદ્ધ છે.

યુનાઇટેડ પાર્ટી ગોરાના રાજકીય અને આર્થીક બંધારણમાં નેટીવોને જોડવી દેવાની પોતાની નીતીને માટે હેનરી કમીશનના રીપોર્ટનું ધોરણ સ્વિકારવા તરફદાર છે.

હ. ને. પા. માને છે કે ગોરા અને નેટીવો માટે રાજકીય અને આર્થીક બંધારણો જુદાં રથાપવાથી જ એક રાહ સાધી શકાશે.

ઓગસ્ટ માસનો મહીમા

"ઓગસ્ટ" શબ્દના બે અર્થો અંગ્રેજીમાં થાય છે. એક અર્થ છે ઉન્નત, બીજો અર્થ થાય છે કે આઠ મો માસ. તે વરસનો આઠમો માસ છે. જુલ વિખ્યાત જુલિયસ સીઝરનો પૌત્ર રોમન સમ્રાટનો સૌથી પહેલો સમ્રાટ "ઓગસ્ટસ" હતો. એનું નામ મહીના ને આપવામાં આવ્યું છે. તેના જીવન ની ઘણી મહત્વપુર્ણ પદના આ માસ માં બનવા પામી હતી અને આપણા ભારત દેશના ઉદ્યાન કાળ દરમિયાન બધા રાષ્ટ્રીય મહત્વના બનાવો ઓગસ્ટ માસ દરમીયાન બનવા પામ્યા છે.

પહેલી ઓગસ્ટ લોકમાન્ય તીલકનો દેહ વીલય.

૧૯૦૫ ના સાતમી ઓગસ્ટે વિદેશી માલના બહીષ્કારની રાષ્ટ્રે ઘોષણા કરી.

સાતમા ઓગસ્ટ કવિવર રવીન્દ્રનાથ ટાગોરનો દેહવીલય.

આઠમી ઓગસ્ટ ૧૯૪૨ ના "હીંદ છોડો"નો હરાવ કોંગ્રેસે કર્યો.

૧૫ મી ઓગસ્ટ ૧૯૪૨ મહાદેવ દેસાઇનો આત્મબાન મહેલમાં દેહ વિલય.

૧૬ ઓગસ્ટ ૧૮૮૬ રથામી રામ કૃષ્ણ પરમહંસે બ્રહ્મનિર્વાણ કર્યું.

રાજા રામ મોહન રોયનો જન્મ દિન પણ ઓગસ્ટ ૨૦ ગીના આવે છે. તેમજ ૧૯૧૭ ના ૨૦ મી ઓગસ્ટે ભારત મંત્રી મોંટેગ્યુએ પહેલા વિશ્વ યુદ્ધ પછી કોલો કાયદો પસાર કર્યો હતો.

૧૫મી ઓગસ્ટે હીંદ મધ્ય રાત્રે પુર્ણ સ્વાતંત્રની ઘોષણા કરી સ્વાતંત્ર્ય દીન ઉજવ્યો હતો.

આઝાદ દિન પ્રસંગે શ્રી. નેહરૂએ કરેલું ભાષણ

ભારતના આઝાદ દિનની ઉજવણી ગયા ઓગસ્ટ તા. ૧૫ ના રોજ ફ્રોલ્ડાપર રાષ્ટ્રધ્વજ ફરકાવતાં વડા પ્રધાન શ્રી. નેહરૂએ ભાષણ કરતાં જણાવ્યું હતું કે, ૧૯૪૭ ના ઓગસ્ટની તા. ૧૫મીએ ભારત આઝાદ થયું ત્યાર બાદ આ પાંચમી વખત લાલ કિલ્લાપર ભારતનો ઝંડો ફરકાવી રહ્યો છું. આમ કરી દેશની જીવનમાં ચાર વર્ષની મુદત કંઈ લાંબી નથી પરંતુ બીજી દૃષ્ટિએ જોતાં એક યુગ બીતી ગયો હોય એવું લાગે છે. તેનું કારણ એ છે કે એટલી ટુંક મુદતમાં ભારતને રાષ્ટ્રની કસોટી કરનારા વિકાળ સવાલો અને મુશ્કેલીઓનો સામનો કરવો પડેલો છે. એક રીતે એ સારૂંજ હતું કેમ કે જે દેશને આવી કસોટીઓમાંથી પસાર થવું નથી પડતું એ દેશ અને તેની પ્રજા શીપકિસ બની જાય છે.

લોકોને આપવીતી ભાવનાથી કામ કરવાનું જણાવી શ્રી. નેહરૂએ કહ્યું કે, સહકારથી કામ કરવાથીજ રાષ્ટ્ર આગળ વધી શકે છે. મહાત્મા ગાંધીજીએ એ પાઠ આપણને શીખવેલો છે.

સવારે રાજઘાટપર રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદની હાજરીનું સુચન કરતાં તેમણે કહ્યું કે, "આજે આપણા રાષ્ટ્રપતિ રાજઘાટપર ગયા હતા. હું પણ ગયો હતો અને બીજાઓ પણ ગયા હતા. માત્ર ફરજ બજાવવા આતરજ અમે ત્યાં ગયા નહોતા. પરંતુ ગાંધીજીનું જુનું સ્મરણ, જે સદા તાજુંજ રહેવાનું છે, તેની મદદથી અમારા મન અને હૃદય મજબુત કરવા અમે હતા. ગાંધીજીએ આપણ ને શીખવેલા સિદ્ધાંતો અને પાઠોને આજે આપણે યાદ કરીએ એ યોગ્ય જ છે.

આર્થિક પ્રશ્નો

દેશ સામે ઉભેલા આર્થીક પ્રશ્નો વિષે બોલતાં વડા પ્રધાને કહ્યું કે, આઝાદી પ્રાપ્ત કર્યા બાદ બીજા અણઉકેલેલા કાર્યોએ વધારે ભગતનું સ્થાન લીધું છે એ કારણે હજુ પુરાં નથી થયાં. આપણે હજુ ઘણી લડાઇઓ લડવાની છે. ખાસ કરી લોકોની ગરીબાઈ અને બેકારી સામે યુદ્ધ કરવાનું છે. ■ યુદ્ધમાં આપણે વિજય મેળવ્યો તો આજી ચાલીસ કરોડની પ્રજા ઉંચે ચઢશે.

નેશનલ પ્લેનીંગ કમીશન તરફથી ઘડેલી પંચ વર્ષી યોજના વિષે તેમણે કહ્યું કે, એ યોજના બે માસમાં પુરી થશે. એ પ્લેનમાં ગરીબી અને બેકારી સામે સરકાર કેવી રીતે યુદ્ધ કરશે એ બતાવવામાં આવ્યું છે.

શ્રી. નેહરૂએ કહ્યું કે, લોકો ઘણી વાર પરદેશી મદદની વાતો કરે છે. હવે અમને મદદ લેવાની જરૂર નથી, અને તેને કંઈ પણ રાજકીય વળગણો રહ્યાં નહિ હોય તો. પરંતુ પરદેશી પાસેથી મદદની આશા રાખવાનો સિદ્ધાંત ખોટો છે. બીજા દેશોપર આધાર રાખવાની રેવથી ઉભરે દેશ નબળો પડે છે.

ગામડાંઓમાં ગ્રામ્ય પ્રજાઓએ જાત મહેનતથી કુવાઓ ખોદેલા છે રસ્તાઓ બાંધ્યા છે અને નિશાળો બાંધેલી છે. તેની શ્રી. નેહરૂએ પ્રશંસા કરી ચીનનો દાખલો આપી તેમણે કહ્યું કે, એ મહાન દેશ અને તેની પ્રજા પરદેશી મદદ વિના પોતાનું બાંધી રહ્યાં છે.

પરદેશ નીતી

હીંદની પરદેશ નીતી વિષે બોલતાં શ્રી. નેહરૂએ કહ્યું કે, અત્યારે બધા દેશો સાથે મીત્રતાભર્યો સંબંધ રાખવા માંગીએ છીએ. આપણે જણાવીએ છીએ કે આપણો દેશ એટલો બધો મોટો કે બળવાન નથી. બીજા દેશો ને આપણે શીખામણ આપવા નથી માગતા પરંતુ શાંતીનો આપણો પોતા નો માર્ગ લેવા માગીએ છીએ અને આપણી રીત મુજબ તેને અનુસરવાને આપણું જનતું કરીશું. દુનીયાથી જુદા થઇ રહેવાનું આપણને પોસાશે નહિ. એટમે બધાં બની શકે ત્યાં વિશ્વશાંતી ને માટે પ્રયત્ન કરીશું. આપણે જાણી એ છીએ કે યુદ્ધ જાગશે તો આપણી આખી સંસ્કૃતીને ભુકકા ઉડી જશે અને ખુતાના યુગની રચાયના થશે. આથી આપણે દ્રઢપણે માનીએ છીએ કે બીજુ યુદ્ધ નહિ જાગે.

હીંદ-પાકીસ્તાન વચ્ચેના સંબંધ વિષે બોલતાં તેમણે કહ્યું કે, હીંદે પાકીસ્તાનની પ્રજા સાથે હમેશા મીત્રતાભર્યો સંબંધ રાખવાની ઇચ્છા કરેલી છે. પાકીસ્તાન હસ્તીમાં આવ્યું ત્યારથી તેની સાથે મૈત્રી રાખવાનો તે પ્રયત્ન કરતું આવેલું છે. દુઃખની વાત યુદ્ધને વિષે પાકીસ્તાનમાં બહુ ગેર સમજ રહી છે. બનતજલ્દી ગુસ્સો પોકારવાની ફેશન થઈ પડી છે અને હીંદની સામે રાત દિવસ ઝેરી પ્રચાર ફેલાઇ રહ્યો છે.

આ સઘળી વાતો અમે સાંભળેલી છે અને યુદ્ધનો બોલાવનારી ચેતવણીની નોંધ લીધી છે. આપણે યુદ્ધ નથી ઇચ્છતા એ સ્પષ્ટજ છે. પરંતુ જો કોઇ પણ રસ્તેથી આપણાપર હુમલો આવી પડે તેનો સામનો કરવાની આપણે તયારી રાખવીજ જોઇએ. પોતાની સરહદો સુરક્ષિત રાખવાના પગલા લેવા દરેક પણ સ્વતંત્ર રાષ્ટ્ર ની ફરજ છે.

અમને એમ પણ લાગ્યું હતું કે આપણે દરેક રીતે તયારી બતાવીશું તો મુખની શકયતાઓ ઘણી ઓછી થઇ જશે. એ બનવા જોગ છે કેમ કે આપણે પુરેપુરી તૈયારી હોય તો હુમલો થતો અટકી જાય છે કોઇ પણ હુમલો અટકાવવાની આપણી પાસે પુરી તૈયારી છે.

એટમે હીંદે જરૂરી જણાય તેટલા સપળા સંરક્ષણના સરકારી પગલાં લીધાં હતાં. પરંતુ પાકીસ્તાનની જેમ નગરજનોના રક્ષણનાં કશાં પગલાં નહોતાં લીધાં કેમકે તેમ કરવાથી પ્રજા યુદ્ધ આવી પડયું એવો ખોટો ગભરાટ વેસી જાય. "અમે એવું વાતાવરણ ઉભું કરવા નથી માંગતા અને હીંદની પ્રજા તરેહવાર ધમકીઓ છતાં પોતા ની શાંતી અને સમતોલપણું જાળવી રહી છે તેને માટે હું તેનો આભારી છું. પ્રજાજના લોકો પોતાનું નીયમીત કામકાજ શાંતપણે ચલાવી રહ્યા છે તેને માટે તેનો ખાસ આભાર માનું છું કે આપણા મહાન બળ અને શકતીનો પુરાવો આપે છે

હું અહીં ફરી જણાવવા ઇચ્છું છું કે હીંદ કોઇ પણ દેશમાં યુદ્ધ જોવા નથી ચહાતું. પાકીસ્તાન સાથે ખાસ સંબંધ રહે એ જોવા નથી ચહાતો.

કેમકે હજુ સુધી તો પાકીસ્તાનના લોકો આપણા ભાઇઓ જ હતા, એકજ રાષ્ટ્રના સભ્યો હતા, અને હજારો વર્ષોથી સંધાયેલા હતા. થોડાક વર્ષોમાં એ સઘળી ગાઠો શી રીતે કપાઇ જાય અને શા સારૂ કપાઇ જવી જોઇએ? હીંદ અને પાકીસ્તાન ના ઇતિહાસ એકજ છે અને સંસ્કૃતિ પણ એકજ છે. તેઓની રહેણી કરણી એકજ છે. તો પછી એ બેઉ એ બે બંધનો તોડી નાખવા શા સારૂ જોઇએ. જ્યારે આપણે પાકીસ્તાનની પ્રજા સાથે મૈત્રી અને સુમેલકાયીજ રહેવા માંગીએ છીએ. આપણે હાથ પાકીસ્તાન પ્રત્યે લંબાવેલોજ રહેશે અને તે મુકકો ખાનારો નહિ પરંતુ પાકીસ્તાનની મૈત્રી સાધનારો.

રાષ્ટ્રધ્વજપર અશોકચક્ર બનાવી વડા પ્રધાને કહ્યું કે, ધ્વજપરનું એ ચક્ર એ અશોકના નામ સાથે જોડાયેલું છે પરંતુ અશોક કરતાંય પુરાણું છે. આ દેશના હજારો વર્ષ ના ઇતિહાસ એ સુચક છે. એ ચક્ર યુદ્ધ કે આક્રમણનું પ્રતીક નથી પરંતુ દયા અને સુમેલેચ્છાનું, સત્ય અને નીતી નું પ્રતીક છે. પ્રજાએ એ ધ્વજ નીચે પોતાનો ભાવિ વિકાસ કરવાનો છે. એ ધ્વજ તેની પાછળ રહેલા ઉચ્ચ આદર્શોનું આપણને સદા સ્મરણ કરાવનારો છે.

અંતમાં શ્રી. નેહરૂએ કહ્યું કે, "મને સંપૂર્ણ ખાત્રી છે કે હીંદનું ભાવિ ઉજ્જવળ છે. આપણે સંગઠીત રહીશું તો જરૂર આગળ વધી શકીશું. આપણી વચ્ચે આપતી અડચણોને વટી જવા ની આપણામાં શકિત અને સામર્થ્ય છે.

પોતાનું ભાષણ પુરૂં કર્યા બાદ વડા પ્રધાને હાજર રહેલી મેદનીને પોતાની સાથે ત્રણ વાર "જય હીંદ"નો પોકાર કરવાની હાકલ કરી જે હાજરજનોએ ઝીલી લેતાં મોટી ગર્જના થઇ હતી અને સાથે વડા પ્રધાનને જયનાદથી વધારી લેવામાં આવ્યા હતા.

જાપાન સાથેની સુલેહ સંધી પર શ્રી. નેહરૂ

જાપાનની સુલેહ સંધીપર ઓગસ્ટ તા. ૨૭મીએ હીંદની પાર્લામેન્ટમાં વડા પ્રધાન શ્રી. નેહરૂએ નીચે પ્રમાણે નીવેદન કર્યું હતું:

જાપાન સાથેની સુલેહ સંધીના સંબંધમાં અનેક છેલ્લા બનાવો અને હીંદ સરકારનો તે બાબતમાં નિર્ણય જાણવાને આ સભા ઇન્તેજાર હશે.

જાપાન સાથેનું યુદ્ધ ૭ વર્ષ પર પુરૂ થયું ત્યારબાદ જાપાનનો આજ સુધી સરકારી કબજો રાખવામાં આવી પેર હતો. બીજા રાજ્યો સાથે હીંદ પણ આ અસંતોષકારક સ્થિતિનો અંત લાવવા અને સુલેહ સંધી કરવા ઇચ્છતું હતું જુદાં જુદાં રાજ્યો વચ્ચે આ સવાલને જુદી રીતે હાથમાં લેવાઇ રહ્યો છે તેના સંબંધમાં મતભેદો પેદા થયા કરતી પ્રગતી ધણ ઝડપી નહોતી.

આખી યુનાઇટેડ સ્ટેટસ અને યુનાઇટેડ કીંગડમની સરકારોએ જાપાન સાથે ની સુલેહસંધી ઘડવામાં અગ્રસ્થાન લીધું. પ્રથમ બે જુદા ખરડા થયા હતા જે બન્નેમાં મહત્વનો ફેર હતો. અંતે યુનાઇટેડ સ્ટેટસના ખરડામાં થોડા ઘણા સુધારા કરવામાં આવ્યા હતા અને યુનાઇટેડ કીંગડમની સરકારે તે સ્વિકાર્યા હતા. ત્યાર બાદ યુનાઇટેડ સ્ટેટસ અને યુનાઇટેડ કીંગડમની સરકારોએ આ સુધારેલા ખરડાના સંયુક્ત હિમાયતી થયા અને એ વસ્તુની તા. ૨૦ જુલાઇ ૧૯૫૧ ના રોજ મળનાર બેઠક પર ફરવામાં આવી. હીંદ સરકારે તેનાપર સંભાળથી વીચાર કર્યો અને તેના સંબંધમાં યુનાઇટેડ સ્ટેટસની સરકારે જુલાઇ તા. ૨૮મીએ પોતાના વીચારો જણાવ્યા. આ જવાબમાં જણાવવામાં આવ્યું હતું કે જાપાન સાથે યુદ્ધ જેમ બને તેમ જલદી બંધ કરવા અને જાપાનને સ્વતંત્ર રાષ્ટ્રોના સંઘમાં દાખલ કરવા પોતાના હેતુ માટે હીંદ સરકાર પુરેપુરી હિમાયતી ધરાવે છે.

અને સુલેહ સંધીનો બીજો હેતુ દુર પુર્વમાં પ્રવર્તતી તંગ સ્થિતિ પટાવવા નો અને એ સત્તાને લગતા સવાલોનું શાંતીમય સમાધાન લાવવામાં મદદ કરવાનો હોવો જોઇએ. આ હેતુઓ સંતોષવા સંધીના ખરડાના કેટલાક મુદાઓ તરફ ધ્યાન ખેંચવામાં આવ્યું હતું અને હીંદ સરકારની વતી અમુક ફેરફારો મુકવામાં આવી હતી.

તા. ૨૨ ઓગસ્ટ ૧૯૫૧ના હીંદ સરકારને પોતાની ટીકાઓનો યુનાઇટેડ સ્ટેટસ સરકાર તરફથી જવાબ મળ્યો હતો. મુળ ખરડામાં કેટલાક સુધારા વધારા કરવામાં આવ્યા હતા પરંતુ હીંદ સરકારે સુચવેલા મહત્વના સુધારા સ્વીકારવામાં આવ્યા નહોતા. આથી સરકાર સંભાળપુર્વક વીચાર કર્યા બાદ એવા નિર્ણયપર આવી કે હીંદે સુલેહ સંધીપર સહી પણ નહિ કરવી તેમ સાનફ્રાન્સીસ્કો ખાતે મળનારી પરિષદ માં સામેલ પણ નહિ થવું. વધુમાં કરાવાયું હતું કે, જાપાન સ્વતંત્રતાને દરજ્જો જેવો મળે તેવોજ હીંદ સરકાર જાપાન અને હીંદ વચ્ચેના યુદ્ધની સ્થિતિનો અંત આવે છે. અને પાછળ થી જાપાન સાથે જુદી જે રાજ્યો વચ્ચે એક સાદી સંધી કરવી.

આ નિર્ણય અનુસાર તા. ૨૩ મી ઓગસ્ટનાં વોશીંગ્ટન ખાતેના અમારા એલચીદ્વારા યુનાઇટેડ સ્ટેટસને આ પ્રમાણે ખબર કરવામાં આવ્યા હતા :

બન્ને સરકારો વચ્ચે સંધીની બાબત માં થએલી મસલત દરમીયાન હીંદ સરકારે બે અગત્યના મુદાઓપર ભાર મુકયો હતોઃ (૧) સંધીની શરતો જાપાનને સ્વતંત્ર રાષ્ટ્રોના સંઘમાં માન, સમોવડા અને સંતોષનું સ્થાન આપનારી હોવી જોઇએ; (૨) તે એવી રીતે ઘડાવી જોઇએ કે જેથી દુર પુર્વ માં કાયમી સુલેહ ટકાવી રાખવામાં જે દેશો રસ લેતા હોય તે સઘળાઓ એ સંધીને ટેકો આપવો જોઇએ.

હીંદ સરકાર પણ બહુ જ સંભાળપુર્વક વિચાર કર્યા બાદ એવા નિર્ણયપર આવી છે કે સંધી મહત્વની બાબતમાં આ બન્ને શરતો સંતોષતી નથી.

શરત ૧ (એ) જે દેશના વતનીઓને પોતાના લોકો સામે અધતિહાસિક સંબંધ રહેલો હોય અને જે કોઈ પણ અન્ય દેશ પાસેથી તેણે આક્રમણ કરી મેળવેલ નહિ હોય એ દેશપર જાપાનને સર્વ સત્તા પુનઃ આપવામાં આવે એવી જાપાન સ્વાભાવિક આશા રાખે. રીયુકુ અને બોનીન ટાપુઓ આવા દેશો ગણાય. તેમ છતાં સંધી સુચવે છે કે, આ ટાપુઓપર યુનાઇટેડ સ્ટેટસની સરકાર જ્યાં સુધી ટ્રસ્ટીપણું મેળવવા ઇચ્છતી હોય ત્યાં સુધી તેના પર યુનાઇટેડ સ્ટેટસનો અંકુશ હોવો જોઇએ. હીંદ સરકારને આ પરથી દેખીતી રીતે લાગે છે કે, આવી ગોઠવણથી જાપાનના ગોટા આગના લોકોને અસંતોષ ઉભો થશે અને તેમાં ભવિષ્ય ના દુર પુર્વમાં નકરાર ભરેલ યુદ્ધ જાગવાના બીજ રહ્યાં છે.

(બી) હીંદ સરકાર એ વિચારે છે કે, એક સર્વ સત્તા ધરાવનાર રાષ્ટ્ર તરીકે જાપાનને સંધીની કલમ (૫) મુજબ પોતાનાં રક્ષણને માટે ગોઠવણો કરવાનો હક હોવો જોઇએ. એ હક નો ઉપયોગ કરવા જાપાન જો મીત્ર રાજ્યોની સાથે રક્ષણના કરારો કરવા નો નિર્ણય કરે તો કોઇથી વાજબીપણે તેનો વીરોધ કરી નહિ શકાય.

પરંતુ જાપાન જ્યારે ખરી સર્વસત્તા ધરાવનારું રાષ્ટ્ર બને ત્યારે જ જાપાન ની સરકારથી એ હકનો ઉપયોગ થઇ શકે. સંધીમાં એવું સુચવનારી જે શરતો છે કે, હાલ કબજો રાખી રહેલું લશ્કર એવાં રક્ષણના કરારના એક ભાગ તરીકે ત્યાંજ રહી શકે, એ પર થી એવી છાપ પડયા વિના નહિ રહે કે, કરાર જાપાન સર્વસત્તા ધરાવનારું રાષ્ટ્ર તરીકેની સ્થિતિ ભોગવી શકે તેવા નથી. જેની અસર જાપાનના લોકો પર પણ ખરાબ આવી શકે.

શરત (૨) જણાવાઇ ગયું છે તેમ હીંદ સરકાર આ વસ્તુને બહુ જ અગત્ય આપે છે કે ફોરમોસા, ટાપુ ચીનને પાછો સોંપી દેવાનું સંધીમાં જણાવવું જોઇએ. કયારે આપવું અને કેવી રીતે આપવું એ બાબતની મસલતો જુદી કરી શકાય પરંતુ જુદાકાળના આંતરરાષ્ટ્રીય કરારો. છતાં એક દરતાવે જ જે ભય યુદ્ધમાં પોતાની સામે લડવામાં રોકાયેલા દેશોની સાથેનો જાપાનનો સંબંધ બરોબર કરવાનો પ્રયત્ન કરનારું જણાય છે, તેમાં એ ટાપુનું ભવિષ્ય અચોકસ રાખવામાં આવે એ હીંદ સરકારને ન્યાપી કે વાજબી લાગતું નથી. બીજા દલીલ કરીએ અને સાખાલીન ટાપુઓને લાગે પડે છે.

ઉપલાં કારણોને લીધે હીંદ સરકારે સબેદ ઠરાવ્યું છે કે તેનાથી સંધીમાં સામેલ થઇ શકારે નહિ. તે એવી હાર્દીક આશા રાખે છે કે, દુર પુર્વમાં સ્થાપી શાંતી રચવારો અને એ દિશાએ હીંદ સરકાર, જે સિદ્ધાંતો પર પોતાની પરદેશ નીતી રચવાએલી છે તેને સંગત રહીને યુનાઇટેડ સ્ટેટસ અને અન્ય સરકારો સાથે બનતા સહકારથી કામ કરવાનું ચાલુ રાખશે. પ્રથમ પગલાં તરીકે તેનો ધરાદો બનતી ત્વરાએ પોતાની અને જાપાન વચ્ચે યુદ્ધની સ્થિતિનો અંત લાવવાનો અને એ દેશ સાથે સંપુર્ણ રાજકીય સંબંધ સ્થાપવાનો છે.

જાહેર થઇ ચુકયું છે કે, સાન ફ્રાન્સીસ્કોમાં મળનારી પરિષદમાં સુલેહ ની સંધી વિષે મસલતો થઇ શકશે નહિ. તેમાં હાજર થનારી સરકારો સંધીપર પોતાના વીચારો દર્શાવી શકશે. હીંદ સરકાર માને છે કે સંધીપર તેણે કરેલાં નિવેદનમાં તેણે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરેલી છે. યુનાઇ ટેડ સ્ટેટસની સરકારને વાંધો ન હોય તો આ જવાબની વીગત પોતાની પાસી પેન્ડ, જે ઓગસ્ટ તા. ૨૩મીના બેઠેલી છે, તેમાં એ હકીકત જણાવી દેવાની છે. આ દસ્તાવેજ પ્રસિદ્ધ થયા પછી પરિષદને તે જાહેર કરી શકાશે અને જો યુનાઇટેડ સ્ટેટસની સરકાર, જે પરિષદની યજમાન છે, તે બે આ જવાબથી પરિષદના સભ્યોને વિદિત કરશે તો હીંદ સરકાર ખુશી થશે. ઉપર જણાવેલા કારણો સર હીંદ સર કાર સંધીપર સહી નહિ કરી શકે અને પોતાના પ્રતિનિધિઓને પણ પરિ ષદમાં મોકલવાની તેને જરૂર જણાતી નથી.

મારે જણાવવું જોઇએ કે આ પત્ર વ્યવહારના યુનાઇટેડ સ્ટેટસ તેમજ યુનાઇટેડ કીંગડમ તરફથી સંધીપર સહી નહિ કરવાના હીંદ સરકાર નિર્ણય પ્રતિ ખેદ દર્શાવનારા જવાબો આવેલા છે.

શ્રી. નેહરૂએ એ પણ જણાવ્યું કે અને ખેદ થાય છે કે અમારો જવાબ તેમજ બીજા પત્રવ્યવહારની કેટલીક વીગતો અન્ય દેશોમાં કેટલાયે પ્રસિદ્ધ થઇ ગએલી છે.

રોગ અને સુધારો

ડૉ. ચાર્લ્સ કાર્પેન્ટર નામના અંગ્રેજ વિચારકે એક પુસ્તક લખ્યું છે. તેનું નામ તેણે આપ્યું છે: 'સુધારો, તેનું નિદાન અને ચિકિત્સા.' અર્થાત્ તેણે આધુનિક 'સુધારા'ને રોગ ગણ્યો છે, અને એ રોગનો ઉપાય વિચારવાનો પ્રયત્ન કર્યો છે. તેણે સામાજીક અને નૈતિક દૃષ્ટિએ મુખ્યત્વે વીચારણા કરી છે. પરંતુ ખરેખર શારીરિક રોગની દૃષ્ટિએ વીચાર કરીએ તોપણ આપે એમ કહેવું પડે અને કે, જ્યાં જ્યાં આજનો કહેવાતો સુધારો ફેલાય છે, ત્યાં મનુષ્ય જીવનને મારી નાખનારા કેટલાક રોગો વધતા જાય છે; એટલે કે, આજના સુધારાને જીવનઘાતક રોગો સાથે કંઈક સીધી લેવાદેવા છે ખરી.

આધુનિક વિજ્ઞાન પોતાની નિરીક્ષણ ન્હાનીમોટી, સૂક્ષ્મદર્શકો, પૃથક્કરણો અને જુદાં જુદાં પ્રાણીઓ ઉપરના પ્રયોગો વડે એક બાજુ રોગોનાં મુળ શોધવાની બાબતમાં તથા તેમના ઉપાયો યોજવાની બાબતમાં કદાચ ને ઘણો આગળ વધ્યું જણાય છે, તેમ તેમ બીજી બાજુ એ સાધનસામગ્રી અને જ્ઞાન સામગ્રી મોજુદ હોવા છતાં સુધરેલાં માણસનું જીવન વિવિધ રોગો અને અસ્વસ્થતાનો અચુક શિકાર બનતું જાય છે. અમેરીકા જેવા દેશ શિક્ષણનું મોટું પ્રમાણ, અસ્વસ્થ સાધનો અને સવડોથી સુસજ્જ બને, વિટામિનોના અને પોષક તત્વોની ખોવનારાઓ, તથા સ્વચ્છતાપુર્વક રંધાયેલો ખોરાક, અને નૈતાનિક સંશોધન પાછળ કરોડોના અર્થ છતાં મનુષ્યજીવનના ઘાતક રોગો નો શિકાર બનતો જ જાય છે.' 'રીડર્સ ડાયજેસ્ટ' નામના ત્યાંના જાહેરાળા પ્રચાર વાળા એક માસિક પત્રમાંથી જુદા જુદા રોગોના વ્યાપક અંગે અવારનવાર અપાયેલી નીચેની માહિતી એક ઉત્સાહી વાચકે એકઠી કરી મોકલી છે, તે એ દૃષ્ટિએ જોવા જેવી છે.

૧. મધુપ્રમેહ, મીઠી પેશાબ: દર લાખ માણસો એ રોગના પંજામાં સપડાયેલા છે, અને બીજા દશેક લાખ ને તે રોગ અચુક છે, છતાં તેઓના લક્ષમાં તે નથી. (મે, ૧૯૪૯)

૨. ચાંદી,-કેન્સર: દર નવ મિનિટે એક અમેરીકન આ રોગથી મરે છે. દર આઠ મરણમાંથી ૧ મરણ આ રોગને કારણે થાય છે. ૪૫ થી ૫૫ વર્ષની સ્ત્રીઓમાં દર ૪ મરણમાંથી ૧ મરણ આ રોગથી થાય છે. અત્યારે અમેરીકામાં જે સ્ત્રીપુરૂષો જીવતાં છે, તેમાંથી એક કરોડ અને ૭૦ લાખ આ રોગથી મરવાનાં એવી સંભાવના છે. (ઓક્ટોબર, ૧૯૪૬)

૩. ક્ષય: દર વર્ષે ૫૦,૦૦૦ માણસો આ રોગથી અમેરીકામાં મરે છે. અને દર વર્ષે ૧ લાખ નવા સ્ત્રીઓ આ રોગના શિકાર બનતા જાય છે.

૪. સંધિવા: ૭૦ લાખ માણસો આજે આ રોગથી અમેરીકામાં પીડાય છે.

૫. નાકમાં પડ: દર વર્ષે નવ કરોડ અમેરીકનો આ રોગથી પીડાય છે. (માર્ચ, ૧૯૪૫)

૬. શરદી: દર વર્ષે ૨૮ કરોડ કેસ નોંધાય છે. અમેરીકાના લોકો દર વર્ષે ૪૦ કરોડ ડોલર એટલે કે મનભર ૨ અબજ રૂપિયા જાત જાતની ગોળી ઓ, નાકમાં મુકવાનાં ટીપાં, નાકના હાડકામાં કાણું પડાવવું વગેરે ઉપચારો પાછળ ખર્ચે છે. (એપ્રીલ, ૧૯૪૮)

૭. શરદી સાથેનો તાવ: દર વર્ષે ૫૦ લાખ માણસોને આવે છે.

(ઓગસ્ટ, ૧૯૪૫)

૮. દાંતનો સડો: દાંતમાં પડેલાં ૫૦ કરોડ કાણાંઓની વસ્તીથી પુરવા માટે નોંધાયાં છે. તે માટે ૮૪૦૦૦ દંત-વૈદ્યો જોઇએ. અમેરિકામાં ખાંડ નો વપરાશ ખુબ વધતો જાય છે. ૧૯૨૪માં માણસ દીઠ દર વર્ષે ૯ રતલ ખાંડ વપરાતી. તે વધીને ૧૯૪૮ માં માણસ દીઠ ૬૬ રતલ થઇ છે. (જુલાઇ,

૧૯૫૯). પછી દરિયામાં ઝાઝાં બધાં કાણાં પડે એમાં નવાઇ છે ખરી?

૯. ઉદાહરણ: દર વર્ષે ૫૦૦૦ બાળકોનાં મરણ આ રોગથી થાય છે. તેમાંથી ૮૫ ટકા બાળકોને ૭ વર્ષની ઉમર પહેલાં, અને ૫૦ ટકા બાળકોને ૫ વર્ષની ઉમર પહેલાં તે થાય છે.

—(જુન, ૧૯૪૫)

અમેરીકામાં દારૂના વ્યસનમાં સાડા સાત લાખ માણસો તો વિકૃત કહી શકાય એ હદે સપડાયેલાં છે.

ત્રીસ લાખ માણસો 'ભારે પીનારા' કહી શકાય એટલી હદે એ વ્યસનમાં છે.

અને પાંચ કરોડ, બ્યાસી લાખ, પચાસ હજાર માણસો 'મધ્યમસર પીનારા' છે. (ઓક્ટોબર, ૧૯૪૭)

છ કરોડ અમેરીકનોએ ૧૯૪૯ ના વર્ષમાં ૪૦ અબજ સિગરેટ પીધી છે. ૬૨ વર્ષોમાં આઠ લાખ નવાં માણસો એ વ્યસનમાં જોડાય છે. દર બધુ પુરૂષે ૨ પુરૂષો સિગરેટ પીએ છે; દર ૫ સ્ત્રીએ ૧ સ્ત્રી સિગરેટ પીએ છે.

હસવું આવે એવો એક આંકડો જુલાબની દવાઓનો છે. અમેરીકાના લોકોએ ૧૯૪૮ માં લગભગ ૫૦ કરોડ રૂપીયા જુલાબની દવાઓ પાછળ ખર્ચ્યા હતા.

'ઉપરટે, સંતતિનિયમનનાં સાધનો, ગર્ભપાત એ બધા પાછળ જે રકમ ખર્ચાય છે તે આંકડા મળે, તમારે શરમ આવ્યા વિના રહેશે નહિ. સમજણ તરફ કાંઇ આગળ વધાય.

જે સુધારો દારૂ, વ્યભિચાર અને અમર્યાદ વિષયભોગ ઉપર કરવું નિર્બંધ મુકતો કે મુકી શકતો નથી,—ઉલટું એ બધું જેને પરિણામે વધુ સહ્ય બને છે, તે સુધારો સુકૃષ્ણર્દ્ધ અને ચીરકાળ વડે ગમે તેટલી શોધો કરી આવે, તોપણ માનવજીવનના અધઃપાત અને વિલયને નજીક આવતો લાંબા વખત સુધી રોકી ન શકે. એ સુધારાએ પેતાનાં વિવિધ વંચોને ગમે તેટલાં કાર્યક્ષમ બનાવ્યાં હોય, પણ તે વંચો તો નિયામક પોતે મરતો જવાનો છે. એક બાજુ જીવનનાયક સાધનો (ઉપ ભોગ તેમજ સુહનો) વધારતાં જવું અને બીજી બાજુ જીવનનો નાશ કરનાર રોગો સામે ઉપચારો શોધતા જવું, એ બે વચ્ચેની હરીફાઈનું પરિણામ, સુપ્રસિદ્ધ નવલ કથા 'જેકિલ અને હાઇડ'માં જણાવ્યા મુજબ આવે: જીવનનાયક બળ સરવાળે જીતે, અને ડૉ. હાઇડ તેની અદ્‌ભુત શોધ છતાં મોતને હવાલે જ થાય.

—'શિક્ષણ અને સાહીત્ય'માંથી

અમલમાં મુકાયેલો સપ્રેશન ઓફ કોમ્યુનીઝમ એકટ

કોમ્યુનીસ્ટ તરીકે જાહેર કરવામાં આવેલા હરબનના વતનીઓ

કોમ્યુનીઝમને દાબી દેનારા સપ્રેશન ઓફ કોમ્યુનીઝમ એકટની કૂચ હરબનમાં કોમ્યુનીસ્ટ તરીકે જાહેર કરવામાં આવેલા સૌથી પહેલા લોકો માં નાટાલ ઇન્ડિયન કોંગ્રેસના સેક્રેટરી શ્રી. રેવીસીંગ અને કમીશન એજન્ટ અને હરબનની કોમ્યુનીસ્ટ પાર્ટીના માજી સભ્ય શ્રી એ. કે. ગેમ. ડોકટર છે. આ ઉપરાંત બીજાઓને પણ સાઉથ આફ્રીકન કોમ્યુનીસ્ટ પાર્ટીના લીડર વીટર શ્રી. જે. કીવીલીયર્સ લો તરફથી કાગળો મળેલા છે કે, કોમ્યુનીસ્ટ પાર્ટીને સક્રીય રીતે આપનારાઓ તરીકે અમુકમાં આવેલાઓના નામો ની સરકારી લીષ્ટમાં તેઓના નામો નોંધાઇ ગયાં છે અને એ લીષ્ટ હવે પ્રીટોરીયા આવે ન્યાય ખાતાના સેક્રેટરી ના કબજામાં છે. હરબનના બે લોકો ને, તેઓને કોમ્યુનીસ્ટ તરીકે થા કારણસર જાહેર નહિ કરવા, એવું પુછનારા લીડર્સ તરફથી કાગળો મળ્યા છે તેઓની કુલ સંખ્યા હજુ જણાવામાં આવી નથી, પરંતુ હરબન ના એક એટરની, શ્રી. આર. એલ. આર્નેરટાઇને જણાવ્યું હતું કે, ૨૩ પુરૂષો અને સ્ત્રીઓનું કામ તેમના હાથમાં આવેલું છે.

શ્રી. સીંગ બેઓ બંધે કારમર છે અને હારબી કોર્સેજમાં અભ્યાસ કરેલો છે, તેમને લીડર્સ તરફથી પ્રથમ ૬ માસ પર કાગળ મળ્યો હતો.

તેમણે 'ડેલી મેઇલ'ને જણાવ્યું હતું કે, હું હવે મૃતપ્રાય થએલી કોમ્યુનીસ્ટ પાર્ટીનો સભ્ય હતો એ વસ્તુ લીડર્સ પાસેથી મેં સુપાવેલી નથી. હું તેનો ૭ વર્ષ સુધી સભ્ય હતો અને તેની કરણ અને ડીસ્ટ્રીક્ટ કમીટીપર હતો. અને કોમ્યુનીસ્ટ ઠરાવવા સામે તેં મારો વિરોધ એજ દલીલના આધારે હતો કે જેનો શ્રી. સેમ કહાન, એમ. પી. તરફથી કેપની કોર્ટમાં કેસ થયો હતો. તે એ હતો કે, કોમ્યુનીસ્ટ પાર્ટી, કાયદો થયો તે પહેલાં વીખેરી નાખવા માં આવેલી હોઇ તેને ગેરકાયદે ઠરાવી નહિ શકાય. શ્રી. કહાન પોતાનો કેસ કેપની સુપ્રીમ કોર્ટમાં હારી ગયા હતા. પાર્લામેન્ટની છેલ્લી બેઠકમાં કાયદો સુધારીને પાસ કરવામાં આવ્યો હતો. અને એ સુધારો કાયદો પસાર થયો તેની પહેલાં તેને અમલમાં મુકી શકાય તેવો હતો. લીડર્વીટરે કોઈ પણ માણસને કોમ્યુનીસ્ટ ઠરાવ્યા બાદ જવાબદાર પ્રધાન તેને,

(૧) કોઇ પણ સંસ્થાનો તે સભ્ય, કાર્યકર્તા કે અમલદાર હોય તે દરમીયાન તેની પાસે અમે તે શરતો પળાવી શકે.

(૨) અમુક મુદતની અંદર એ સંસ્થામાંથી રાજીનામું અપાવી શકે અને એ સંસ્થાની પ્રવૃત્તિઓમાં ભાગ લેતો અટકાવી શકે.

(૩) નોટીસમાં દર્શાવેલી અથવા કોઇ પણ જાતની સંસ્થાની પ્રવૃત્તિઓ માં ભાગ નહિ લેવાનું ફરમાવી શકે.

(૪) કોઇ પણ જાહેર સંસ્થાનો સભ્ય નહિ બનવા અથવા તેમાં જાહેર હોદ્દો નહિ ધરાવવા અને જો ધરાવતો હોય તો રાજીનામું આપવા હુકમ કરે.

પાર્લામેન્ટનો મેમ્બર હોય તો કાયદા માં એવું છે કે સીલેક્ટ કમીટી એવી શોધ કરે કે તે કોમ્યુનીસ્ટ હતો અથવા કોમ્યુનીઝમની હિમાયત કરેલી છે અને એ શોધને ધારાસભા અથવા સેનેટ બહાલી આપે તો તેને પાર્લામેન્ટ ના સભ્યપદપરથી ઉતારી દઇ શકાય.

શ્રી. સેમ કહાનનો કેસ તપાસવા આવતી બેઠકની શરૂઆતમાં સીલેક્ટ કમીટી બેસવા વધુ રાખવામાં આવે છે.

શ્રી. રેવીસીંગ જ્હોકથી ડરી નહિ જાય

એક અખબારી નિવેદનમાં શ્રી. રેવીસીંગ જણાવે છે: "લીડર્વીટરે મને કોમ્યુનીસ્ટ ઠરાવ્યો છે અને હવે "ન્યાય ખાતાના પ્રધાન પોતાની ખુશી માં આવે એ રીતે મારી વ્યક્તિગત સ્વતંત્રતા પર કાપ મુકશે અને એ સાથે જોઓનું હું પ્રતિનિધિત્વ ધારતું હું તેઓની સ્વતંત્રતા ઉપર પણ કાપ મુકશે. તેમને નાટાલમાં હજારો લોકો ની મુલાકાતોને ડોકટર મારવાની અને કોંગ્રેસના સેક્રેટરી તરીકેના વ્યવહારથી મને દુર કરવાની આપખુદ સત્તા છે.

"કોમ્યુનીસ્ટો ઠરાવવાનું કામ હવે રીતસર ચાલું છે. કયાં અટકશે એ કહી શકાતું નથી. આપણા કોમ્યુનીસ્ટો ને દાબી દેવાથીજ તે નહિ અટકે એ ચોકકસ છે. જે કોઇ પણ સરકારની ફેસીસ્ટ નીતી અને કાર્યોનો વિરોધ કરશે તેઓને કોમ્યુનીસ્ટ ઠરાવવામાં આવશે. પછી તે યુનાઇટેડ પાર્ટીનો હોય કે મેલનીક ચર્ચનો હોય કે મુસ્લીમોની ઉમરાવ કોમનો હોય, આ વલણનો આપણને પુરો અનુભવ થઇ ચુકયો છે. લોકશાસન વાદીઓએ સમજવાનું છે કે નેશનલીસ્ટો કોમ્યુનીઝમનો જ માત્ર નાશ કરવા જહાર પડેલા નથી પરંતુ લોકશાસનનું મુળ ઉખેડી કાઢવા જહાર પડેલા છે.

ખ્રીસ્તી અતાથનાસ્‌ અનિષ્ટ હાસ્ય

"લીડર્વીટરની ટીપ મળતી આપણે એક અનિષ્ટ સુત્ર છે. એપાર્ટહેડના જુલમનો વિરોધ કરતાં લોકો કરી જશે એવી સરકાર આશા રાખે છે. પરંતુ કોઇ પણ લોકશાસન ત્રિય માણસ જેનામાં ખમીર હશે તે એથી મુંગો નહિ થઈ જાય. બધો દમન જેમ વધારે થશે તેમ તેનો વિરોધ કરવાનો આપણો નિશ્ચય વધારે દઢ થશે. જોઇએ.

"નમાલા બની જવાથી અને આપણા કોમ્યુનીસ્ટો સાથે પોતે કશો સંબંધ નથી ધરાવતો એવું બતાવી રાજ્યકર્તા ઓને રાજી કરવાનો પ્રયત્ન કરવાથી કશું નહિ વળે. કારણ જેના તે વધારે પગારની, સસ્તા અનાજની, નાગરીકો તરીકેના હકોની કે કાયદાના નીયમને માન આપવાની માગણી કરશે તેવાજ શ્રી. સ્વાર્ટ તેમનાપર "જોખમ ભરેલા કોમ્યુનીસ્ટ"ની છાપ મારી દેશે.

"એ દુઃખ ઉપજાવનારી બાબત છે કે 'કેલાક કોમ્યુનીઝનના નેતાઓ અત્યારથીજ "ડાહ્યા" બની ગયેલાનો ટોળ કરી રહ્યા છે અને પોતાના સાથી ઓને ઉતારી પાડી કોમ્યુનીસ્ટોની શોધ માં સરકારને મદદગાર બની રહ્યા છે.

"પરંતુ એટલું આનંદપ્રદ છે કે નેશનલીસ્ટોના પ્રહાર છતાં લોકશાસન ની લડતના ચોકકસજ નેતાઓ એવા નીકળેલા છે કે જેઓ પોતાના સાથી ઓને છોડી જઇ ચુપ બેસી ગયા છે

ચિંતા ? ! ! !
જ્ઞાની ચિંતા ?
એડ્રેસ: ૨૬૯ વિક્ટોરીયા સ્ટ્રીટ, હરબન, ફોન: ૨૪૮૭૫
તમારાં રસોડામાં પડતા કરીયાણા – ગ્રોસરી – (મરી મસાલો, કઠોર, ઘરગથ્થુ દવાઓ, હજન–પુજન તેમજ બીજી જરૂરીયાતોની ચીંતા હમારા ઉપર છોડી દો. સંતોષકારક માલ કિફાયત ભાવે, ઘીના વિક્રમે પોકલાવી જુઓ. "ગ્રાહકોને સંતોષ આપવો એ હમારો મુદ્રાલેખ" છે.
પરબુ નરસીંહ એન્ડ કુ. (પી) લીમીટેડ.
હરબનની ૩૦ વર્ષની પુરાણી અને સુપ્રસિદ્ધ દુકાન.
જર્ન માસ સા. ઓ. ફી. થી પોકલાવવામાં આવશે.

જેવા લોકો આખ્રી પહેલા નબળા લોકો છે દરેક લોકશાસનવાદીની ફરજ છે કે તેણે નેશનલીસ્ટ પાર્ટીને સત્તાપરથી દુર કરવાની હદ્ત ચાલુ રાખવીજ જોઇએ.

"મને પુર્ણ વિશ્વાસ છે કે નેશનલીસ્ટોની હાર થશેજ. સાઉથ આફ્રિકા માં બાકી કે વર્ણનો ભેદ રાખ્યા સિવાય સઘળા લોકોને સંપુર્ણ લોકશાસનના હકો મળવાજ જોઇએ એમ કહેવાનું અને એ દિશામાં કાર્ય કરવાનું હું તો ચાલુજ રાખીશ. "હીકથી હું ડરી જવાનો નથી."

યુનીયનની એપાર્ટહેઇની નીતીપર બ્રીટીશ

મજુર પક્ષના ઠરાવો

સ્ટાફર્ડ ખાતે ઓકટોબર તા. ૧૪ થી તા. ૫ સુધી મળનારી બ્રીટીશ મજુર પક્ષની કોંગ્રેસની પચાસમી બેઠક ના કાર્યક્રમમાં યુનીયન સરકારના એપાર્ટહેઇના કાયદાઓ પરના ચાર ઠરાવોમાંના એકમાં બોર્નમથ વેસ્ટની શાખા તરફથી સુધારો સુચવવામાં આવ્યો છે. મજુર પક્ષના હેડકવોર્ટર્સ થી બધા આવાજીએ બહાર પડેલા પરિપત્ર ના સુધારેલા કાર્યક્રમમાં એ /આમલમાં આવ્યો છે. ચારે ઠરાવો સાઉથ આફ્રીકાના એપાર્ટહેઇના કાયદાઓની ટીકા કરનારા છે.

ચોથો ઠરાવ, જે કારડીફ બ્રીટીના મજુર પક્ષ તરફથી આવવામાં આવ્યો છે અને બોર્નમથ વેસ્ટની શાખા તરફથી સુધારો સુચવવામાં આવનાર છે, તે "બ્રીટીશ સરકાર તરફથી સાઉથ આફ્રીકાના કલર્ડ વતનીઓના મતાધિકાર છીનવી લેનારા લાવવામાં આવેલા કાયદા માટે ખેદ દર્શાવે છે અને બ્રીટીશ સરકાર તરફથી વેસ્ટ આફ્રીકાના સંસ્થાનોને સ્વતંત્ર રાજ્ય સત્તા આપનારા લાવવામાં આવેલા કાયદાને આવકારે છે."

અંતમાં ઠરાવ "આપણા આફ્રીકા ના સઘળા સંસ્થાનોમાં અને પ્રોટેકટરેટ દેશોમાં અને ખાસ કરી કેનીયા અને બેચુઆના લેન્ડમાં, આફ્રીકાનોની વસ્તી ના હિતો અને હકોને માન આપનારી નીતી અમલમાં કરવા" બ્રીટીશ સરકાર ને વીનંતી કરે છે.

બોર્નમથ વેસ્ટની શાખા ઠરાવનો બેહેલો ભાગ કાઢી નાખવા માગે છે અને તેને બદલે એવી સુચના કરે છે કે બ્રીટીશ સરકારે "બસુટોલેન્ડ, બેચુઆના લેન્ડ અને સ્વાઝીલેન્ડના પ્રોટેક ટરેટો ખરીદી લેવાની સાઉથ આફ્રીકા ની સરકારની ઓફર પણ ધ્યાનમાં, યુનીયનમાં નેટીવોની વસ્તીને જે ગૌરવ નીય હાલતમાં રહેવું પડે છે તે કારણે અને તેમની યુનીયન સરકારની એપાર્ટહેઇની નીતીના કારણે, વીરોધ કરવો જોઇએ."

વધુમાં બોર્નમથની શાખા "સેન્ટ્રલ આફ્રીકાના દેશોનું ફેડરેશન સ્થાપવાની દિશામાં કશું પગલું નહિ ભરવાની બ્રીટીશ સરકારને વીનંતી કરે છે, કારણ તેમ કરવાથી ન્યાસાલેન્ડ, નોર્થર્ન રોડેસીયા અને સધર્ન રોડેસીયાની સર કારની રંગભેદની લોહો પ્રત્યેની હાલની નીતી બધે દરજ્જે દેખીતી રીતે યુનીયન સરકારની નીતીના જેવી જ છે."

કેનડનની શાખાનો ઠરાવ સાઉથ આફ્રીકાની એપાર્ટહેઇની નીતી પ્રત્યે ખેદ દર્શાવે છે" અને એડીનબરો પેન્ટ સેન્ડની શાખા "બ્રીટીશ સરકારને સાઉથ આફ્રીકાના પ્રોટેકટરેટોને યુનીયન સાથે જોડી દેવાની કોઇ પણ દરખાસ્ત નો વીરોધ કરવા અને ન્યાસાલેન્ડ અને નોર્થર્ન રોડેસીયાને સધર્ન રોડેસીયા સાથે એ દેશના નેટીવ વતનીઓને ગેર લાભ થાય એ રીતે જોડી દેવાની પણ કોઇ પણ દરખાસ્તનો વીરોધ કરવા વિનંતી કરે છે."

કેર્ડસ્પ્રીઇ બ્રરટની શાખાનો ઠરાવ નીચે પ્રમાણે છે: "હાલની સાઉથ આફ્રીકાની સરકારની વર્ણભેદની નીતી ને આ પરિષદ તિરસ્કારથી જુએ છે અને હાલની વર્ણભેદની નીતી નાબુદ કરવા અને બધી, ખાસ કરી કે વર્ણનો કોઇ પણ જાતનો ભેદ પાડયા સીવાય સાઉથ આફ્રીકાના સઘળા વતનીઓને માટે ખરો 'સામાજીક ન્યાય મેળવવા યુનાઇટેડ નેશન્સ સંસ્થા દ્વારા તેમજ અન્ય સાધનો દ્વારા બનતું સઘળું કરવા બ્રીટીશ સરકારને વીનંતી કરે છે."

ટીબ્બર્ટીમાં અવસાન

અમને ખેદ થાય છે કે ફ્રામ્સ્ટીના શ્રી. એન. કે. પીલ્લેનું ગની વાર તા. ૧લીના પોતાના મુકામે અવસાન થયું છે. સ્વર્ગસ્થની ઉમર ૬૦ વર્ષ હતી એ સમયે ફ્રામના દરેક વર્ગના લોકોની મોટી સંખ્યાએ તેમને અંજલી આપી હતી. સ્વર્ગસ્થ ભોદ્યનરીસભર્માના જુના વતની હતા અને મહાત્મા ગાંધીજીનાં નેતૃત્વ નીચે ૧૯૦૬-૧૯૧૪માં ચાલેલી અહિંસક હાકિમ સત્યાગ્રહની લડતમાં આગળ પડતો ભાગ લીધો હતો. છેલ્લા ઘણા વર્ષોથી તે ફ્રામ્સ્ટીમાં જ વસ્યા હતા અને ત્યાં સારો વેપાર જમાવ્યો હતો. ગળતાવડા સ્વભાવના હોઇ તેમના સહવાસમાં આવેલા સૌમાં તે પ્રિય થઇ પડયા હતા. પોતાની પાછળ પોતાના વીધવા, છોકરાંઓ અને બહોળાં કુટુમ્બ ને શોક કરતાં મુકી ગયા છે. ઇશ્વર તેમના આત્માને ચિરશાંતી બક્ષે અને તેમનાં કુટુમ્બીજનોને યોગ્ય મક્કમ ચોટમાં ધીરજ અને હીંમત બક્ષે.

૫ ૨ ચુ ૨ જ્ઞ

—હીંદ સરકારે પરદેશ ખાતેના કોમન વેલ્થ રીલેશન્સના સેક્રેટરી શ્રી. બી. એન. ચક્રવર્તીને હેલેન્ડ, ખાતે હીંદનાં એલચી તરીકે નીમ્યા છે.

—દુનીયાની વસ્તી અડી અબજની છે એમાંની ૬ ટકા જેટલી વસ્તી હીંદુસ્તાનમાં વસે છે.

વર્ધા શીક્ષણ યોજના

શિક્ષણ કેવી રીતે આપવું તેની સમજ ગાંધીજીના બેઝીક એજ્યુકેશન બુકલ્ટ ૨ ૬

૩૦ મી જુલાઇ સુધીમાં ગ્રાહક બનનારને

ચિત્ર લેખા


તંત્રી : બચુ કોઠક.

બધા વર્ષની જેમ આ વર્ષે પણ બે બેટ-પુસ્તકો આપવાનું સહજ બનશે કરે છે. ૫કત એકજ વર્ષના લવાજમમાં બે બેટ-પુસ્તકો, ખાસ અંક અને દીવાલ્સથી આંક પોતાના ગ્રાહકોને આપનાર ગુજરાતનું આ એકજ લોકપ્રિય સામયા સિક છે.

ચિત્ર લેખા વાર્ષિક લવાજમ રૂ. ૨૪ : પરદેશ શિ. ૩૬ સિલ્વેકર્સ (મધ્યિયા) લી. ૮૬, બિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ, ૨.

INT.ADVT

"ગોલ્ડ મેડલ" કવોલીટી



ગાદલાના ઉપરના ટોપ્સ કાપડ અને ગાદલાના સીલોન્સ્ટર ફાઇબર

ફોમ પુનીયમ, ફોમ્સ ફેક્ટરીઝ દ્વારા મનફેક્ચર્ડ, લિ. લિ. વધુ માહિતી માટે પત્રો.

એસોસીએટેડ ફોમ્સ ફેક્ટરીઝ લીમીટેડ

ઓલ્સો એટ જોહનીસબર્ગ ડનલોપીલો ફેક્ટરીઝ, લિમીટેડ, એન્ડ કેપટાઉન ડનલોપીલો ફેક્ટરીઝ, લિમીટેડ, ડરબન

ફેન્સ ફેક્ટરીમાં સુપરવુડ પાર્ક ફોમ્સ પી. લિ. ફોમ્સ મેન્યુફેક્ચર્સ લિ.

104 Market Street, (Facing Escom House)
Phone 33-4211/2 JOHANNESBURG P O Box 6501

અઠવાડીક પંચાંગ

વાર	પારસી ૧૯૫૧ સપ્ટેમ્બર	હીંદુ ૨૦૦૮ ભાદરવા	મુસલમાન ૧૩૭૦	પારસી ૧૩૨૦ શહે. ૧૯મી	સૂર્યોદય કે.મી.	સુર્યાસ્ત કે. મી.
ગુરૂ	૭	સુદ ૬	૫	૫	૬-૪૬	૫-૪૪
શની	૮	,, ૭	૬	૬	૬-૦૫	૫-૪૫
રવી	૯	,, ૮	૭	૭	૬-૦૪	૫-૪૬
સોમ	૧૦	,, ૯	૮	૮	૬-૦૩	૫-૪૭
મંગળ	૧૧	,, ૧૦	૯	૯	૬-૦૨	૫-૪૮
બુધ	૧૨	,, ૧૧	૧૦	૧૦	૬-૦૧	૫-૪૯
ગુરૂ	૧૩	,, ૧૨	૧૧	૧૧	૬-૦૦	૫-૫૦

તમારા દોસ્ત મિત્રોને ઉપર આ ઓફર પર

રેકોર્ડોની છૂટી મોકલો!

૧૦ મશહુર હિંદુસ્તાની ફીલ્મોમાંથી ચુંટી કાઢેલા ઉત્તમ ગીતોના રેકોર્ડોની આલ્બમો.

YOUNG INDIA
SHALIMAR
RELEASE
INDIAN FILM HITS.

રેકોર્ડો સુશોભીત રંગીન બોક્સમાં આલ્બમ તરીકે પેક થયા છે. કીંમત શી. ૨૫

આલ્બમ નં. ૩ (૪ રેકોર્ડ)	આલ્બમ નં. ૬ (૪ રેકોર્ડ)	આલ્બમ નં. ૪ (૪ રેકોર્ડ)	આલ્બમ નં. ૫ (૪ રેકોર્ડ)
૧, રેકોર્ડ ફીલ્મ "ગેલા" ગાયેજા ગીત મીલન કે મેરા દીલ તોડને વાલા	૧, રેકોર્ડ ફીલ્મ "શાયર" યે દુનીયા હે દો બીછડે દુવે દીલ	૧, રેકોર્ડ ફીલ્મ "દીલ લગી" તુ મેરા ચાંદ દુનીયા કયા જાને	૩. રેકોર્ડ ફીલ્મ "બરસાત" મુઝે કીસીસે પ્યાર હો જાયા જીંદ ગયે બાલમ
૨, રેકોર્ડ ફીલ્મ "ઝમ્બાલ" કરના બોલબાલા કરને દીલ દુરના	૨, રેકોર્ડ ફીલ્મ "નઝરાના" ભગવાન તેરે રાજ મે એક રાત હો પકડે ગયે	૨, રેકોર્ડ ફીલ્મ "શબનમ" યે દુનીયા રૂપ કી ચોર ભાગ ૧ લો યે દુનીયા રૂપ કી ચોર ભાગ ૨ જો	અબ મેરા કોન સહારા તુજ્યા બે કરાર હે પતલી કમર હે બીજરે દુવે પરદેશી
૬, રેકોર્ડ ફીલ્મ "જીવન યાત્રા" દીલ દર્દ ■ મારા જાજો મોરે રાજને	૧, રેકોર્ડ ફીલ્મ "મેરા ગીત" જા રે પરદેશ પીયા દુર હે દુર હે	૧. રેકોર્ડ ફીલ્મ "જીવન યાત્રા" જીંદગી એક સફર જમુના કે પાર	૧. રેકોર્ડ ફીલ્મ "સાદગાર" ગીત ખુશી કે અંખીયા નીર બહાવે

Inayetullah Kaloo

Prime Minister Shri Nehru said in Ludhiana (Punjab) on September 30, "India must destroy all caste barriers and fight communalism and provincialism". According to PTI addressing over 100,000 people Shri Nehru said that India had most cordial relations with countries in Asia as also outside.' Some countries had predominant Muslim population but nowhere was the talk of founding states on religious basis discussed. If India started imitating Pakistan in this respect she would fall in the eyes of the world. Pakistan leaders said they must have Kashmir because Muslims lived there in majority. But it was strange that these very leaders supported the Hindu Maharaja of Kashmir when Kashmiris were fighting for freedom against tyranny. Suddenly they had become solicitious about the welfare of Muslims who they alleged were suffering hardships under Sheikh Abdul ab. The fact was Shri Nehru added, that Kashmir had made more strides than other states in India. The land reform policy of Kashmir raised new hopes in people. The land reform policy of Kashmir raised new hopes in people. Today Kashmiris were working enthusiastically for building up their country. Shri Nehru said, 'This is the biggest factor troubling the leaders of Pakistan. They know that Kashmir is becoming consolidated and progressing and to this extent slipping out of their hands. They are relying on the support of foreign powers to have Kashmir but they know they cannot realise their dreams. That is why they raised alarm about war and made preparations for it.' But India's strong action in securing her borders removed the positions of attack." It was clear, however, that Kashmiris alone would decide their future now as it was neither for India nor for Pakistan to do it for them. Kashmiris were opposed to the two-nation theory. They had already decided where their interests lay. It was definitely and solidly in the policy of secularism.

Gandhi Jayanti In India

India celebrated 82nd birthday of Mahatma Gandhi on October 2, In the capital people began gathering at Gandhiji's Samadhi at Rajghat on the banks of the Yamuna from early hours of the morning. A programme of prayers and spinning which began at the Samadhi last Tuesday ended on October 2. The Gandhi Fair inaugurated by India Government's Minister Shri Rajagopalachari in Delhi attracted a large number of people every day. The highlight of the fair organised by the Delhi Municipality was an exhibition on social education. There was also an exhibition of paintings and photographs of Mahatma Gandhi's life depicting incidents from his childhood to his assassination. In Lucknow the celebrations included spinning, playing of records of Gandhiji's prayer meetings and unveiling of portraits of Gandhiji in Government offices.

To mark the birth anniversary of Mahatma Gandhi the Government of India's Posts and Telegraph Department introduced from October 2 four beautiful picture postcards in Hindi depicting different aspects ■ Gandhiji's life.

Prayers For Frontier Gandhi's Health

Pakhtoons of Calcutta at a meeting called upon the Pakhtoons in the country and all others having sympathy with the Pakhtoon movement to hold special prayers for the "long life and good health" of the Frontier Gandhi and his followers in Pakistan jails. The Pakhtoons also decided to change the name ■ their organization from Pakhtoon Jirga-i-Hind to Pakhtoon Khudai Khidmadgar Jirga-i-Hind. The meeting offered its thanks to the Afghan Government for the latter's determination to assist the Pakhtoons in their move to establish a Pakhtoon State—the birthright of 84 lakhs of Pakhtoons.

Afridi Leaders' Confession

Three Afridi leaders, who led tribal hordes in the Kashmir invasion, have stated the tribesmen would not join future 'jehad' against Kashmir. In a signed statement given to Mr. D. V. Talmaukar, London correspondent of the *Kesari*, on September 4 at Kabul, these three leaders—Malik Wali Khan, Malik Said Ahmed and Malik Jelal Khan—gave a first-hand account of the circumstances in which they took part in the invasion of Kashmir in October 1947. Declaring that they were making this statement to "clear our own position and that of the Pukhtoons (Pathans) who took part in the Kashmir invasion," they stated: "At the outset, we think it necessary to state that we are leaders of the Afridi Pukhtoons, and took part in the Kashmir invasion of October 1947 with an army of 100,000 men. This should convince everybody that whatever we say in this statement is said with the full realization of our responsibility to our own people. "We were shocked to read the speech, in the Security Council, of Mr. Zafrullah Khan, Foreign Minister of Pakistan, that the Kashmir invasion was the result of the tribal Pukhtoons' lust for loot and rape. It is a lie. We did not go to Kashmir of our own accord. "As a matter of fact, soon after the emergence of Pakistan as an independent State, responsible leaders of Pakistan, including Mr. Liaquat Ali Khan, came to Rawalpindi and appealed to us for help. They said: 'Pakistan is an Islamic State and that it is the duty of the Pukhtoons to help her to liberate our Muslim brethren in Kashmir.' "The appeal was in the name of *jehad*—holy war. We were assured by Mr. Liaquat Ali Khan and other Pakistan leaders that they would respect the independence of our tribal Pukhtoon territory and would not pursue the British policy of penetration in our country. 'You are an independent people and free to lead your own way of life,' were the words of Mr. Liaquat Ali Khan to the *jirgah* held in Rawalpindi. Our people, simple in their faith, responded to this religious call and went to Kashmir. "We had not enough rifles and ammunition. The Pakistan Government supplied us with the necessary war material — rifles, cartridges, machine-guns, hand-grenades, etc.—gave us their military lorries and ample supplies of petrol."

Sets Of Indian Art Pictures

By Celebrated Indian Artists

Price 8 - including postage.

'INDIAN OPINION,'

P/Bag, Phoenix, Natal.

Cuticura SOAP



Every wash a luxury skin treatment!

Baby simply loves the caressing softness of its silky and fragrant lather. It is so soothing and cooling to hot, smarting skin. After the bath a dusting with exquisitely perfumed Cuticura Talcum Powder will ensure baby's comfort

FOR SENSITIVE SKINS


347

અઠવાડીક પંચાંગ

માર	ક્રાસ્તી ૧૯૫૧ ઓકટોબર	હીંદુ ૨૦૦૮ આસો	મુસલમાન ૧૩૭૦ -૭૧	પારસી ૧૩૨૦ શહે. ૬૯મી	સુર્યોદય ક. મી.	સુર્યાસ્ત ક. મી.
શુક્ર	૧૨	શુદ ૧૨	૧૦	૧૦	૫-૨૨	૬-૩૪
શની	૧૩	,, ૧૩	૧૧	૧૧	૫-૨૧	૬-૩૫
રવી	૧૪	,, ૧૪	૧૨	૧૨	૫-૨૦	૬-૩૬
સોમ	૧૫	,, ૧૫	૧૩	૧૩	૫-૧૯	૬-૩૭
મંગળ	૧૬	વદ ૧	૧૪	૧૪	૫-૧૮	૬-૩૮
બુધ	૧૭	,, ૨	૧૫	૧૫	૫-૧૭	૬-૩૯
ગુ૩	૧૮	,, ૩	૧૬	૧૬	૫-૧૬	૬-૧૦

NEW MYSTERY COMIC SERIAL

LESLEY SHANE



INPRA all rights reserved

To be continued.

NATURE CURE GUIDANCE

By Robert Lawrence McKibbin

Corporate Member Of The Institute Of Natural Therapeutics And Hypnosis (S.A.)
Hon. Secretary-Treasurer: Homoeopathic Society of South Africa.

[The following is of a series of articles on Nature Cure, written by Mr. Robert Lawrence McKibbin, 40 (a), Commissioner Street, Johannesburg. Mr. McKibbin will be pleased to answer through these columns any questions the reader may wish to ask.—Ed. I.O.]

THE NURSING MOTHER

EVERY new-born baby has a rightful inheritance. That inheritance is the privilege of sucking at its mother's breast. And this act of suckling at the same time confers a great benefit on the mother. For it is one of Nature's great and unavoidable laws that whoever does good to another cannot help doing good to himself or herself. So when a woman gives her breast to the new-born babe of her womb, the very act of suckling exerts tremendous reflexes that cause her womb to contract and shrink and quickly return to normal size. But if a woman does not carry out this great duty, make the most of this great privilege, she injures herself. Instead of undergoing the natural shrinking action the womb remains sub-involuted or imperfectly contracted, with subsequent harm to her general health in later years.

How many modern mothers shirk the responsibility of breast-feeding and resort to the bottle instead? By giving artificial food to their babies they cheat their little ones. But they also cheat themselves.

Of course, it is essential that the mother's milk should be healthy and health-giving. If she has followed common-sense rules of health during her pregnancy and is not constitutionally unsound, her milk should be good, wholesome and plentiful. Unfortunately, too often this is not the case. Nonetheless, much can be done to ensure an adequate supply of satisfactory mother's milk which should easily be much better than any substitute that can be bought in bottle or package.

The mother should take the greatest care to eat sufficient good, plain wholesome, nourishing fresh food. And she must also avoid eating anything that is not wholesome. Sweets, cakes, biscuits, starchy foods, refined foods, condiments, stimulants and the like should be avoided at all costs. She should also watch carefully for anything that upsets the baby. Remember that her milk can only be made out of the food and other stuff that the mother eats and drinks. If her diet is wholesome and adequate, all Nature will be working with her to help her to make good milk for her baby. But if she does foolish things, or fails to do sensible things, her milk must suffer—and then her baby too must suffer.

The most successful nursing mothers have taken those little extra pains and care that pay rich dividends in health for themselves and their children. During pregnancy they gave up meat and ate fruit in abundance. They lived as far as possible on natural foods, fruits, vegetables and nuts. Many have found it best to eat only one kind of fruit at a time, say for breakfast, lunch and supper were composed mostly of salads made from finely grated raw vegetables such as fresh raw carrots, turnips, lettuce, spinach, celery, parsnips, chicory leaves and so forth. Over the salad was sprinkled finely chopped or grated nuts. And a salad-dressing made of lemon-juice, honey and olive-oil gave additional flavours as well as valuable ingredients. By mixing various dried and fresh fruits such as raisins, dates, bananas, avocado pear, pineapple, grated apple, guava, pawpaw and so on, all kinds of delicious and interesting dishes are possible. Women who have tried this have found themselves in far better health than usual and with plenty of rich healthy milk for their babies. The way the babies grew, bonny and healthy, gave joy to all concerned.

If some women can manage to do do this with such great success, Why can't others? It is just a matter of getting over the force of habit and of silly customs.

As regards feeding, the baby should have the breast about every 2½ hours during the day and every 4 hours during the night for the first two months. Every effort should be made however, to get the baby to have the breast as little as possible during the night, both for his own sake and for the comfort and convenience of the mother and others. It often helps if only a drink of boiled water is given during the night. The baby may just be thirsty and quite satisfied with water only. People forget that babies get thirsty and milk is more of a food than a drink.

Gradually the time between feeds should be increased until by the third month the child should be having the breast every 4 hours during the day and every 6 hours or not at all during the night.

Now here is an important point. Feed only one breast at a time. There is a very good reason for this.

It is a peculiar fact that breasts yield most when milked every 8 hours. This has been found true in the case of cows and of human beings. Milking at 6 hour or 12 hour intervals does not give as much milk as 8 hour intervals. The wise mother will, therefore, make use of this law of Nature by giving only one breast at a feed every 4 hours. In this way the child gets fed every 4 hours, and each breast is milked every 8 hours. By following this routine, the wise mother ensures the maximum food for her baby, of the best quality, and at the same time keeps her breasts healthier and in better condition.

It is useful to know that a cup of good cocoa made with good cow's milk once a day often helps much to improve the quality and quantity of the mother's milk. Under no circumstances should any mother resort to the vicious old practice of taking stout or beer to make milk. This is very foolish and dangerous. Avoid all alcoholic drinks at all times!

The nursing mother should take care not to let her breasts be exposed to cold. She should also guard them against injury. They are delicate organs doing a big job and need to be looked after properly. Wash the breasts off carefully every day and dry off well. It is an advantage to dress them with a little lanoline ointment (procurable from the chemist) to help to keep the skin of the nipples soft and healthy.

The bowels must, of course, be kept open without fail. This should not be difficult with proper diet, including the use of molasses, exercise and regular habits such as going to the lavatory at the same time each day without fail in order to ensure a good motion. Beware of taking laxatives. They may, and almost always will, work on the baby too and can do grievous harm. In fact, the taking of any medicine can be dangerous for the baby.

During the suckling period many women get very depressed at times. A walk in the fresh air is very helpful for overcoming such fits of depression. So, too, is some useful and interesting work that will keep the mind engaged. People doing useful work are too busy to be depressed. And, in any case, the mother should try to remember that she has received a great blessing from the Giver of Life. Why should she allow herself then to be sad?

It is also very necessary to avoid getting over-excited, angry or worried about anything. Many and many a mother poisons her innocent baby by losing control of herself or by allowing hateful thoughts to get the upper hand. Hate poisons the system! The wise mother will do her best to cultivate a spirit of calm cheerfulness. And why not? She has been given a great gift from God, and she has a great job ahead of her, the job of raising a new soul on this earth until the little one shall be big enough to manage for itself.

Another thing to avoid is over-strain. On the other hand, sufficient good exercise is absolutely essential to maintain good health. And many Indian women do not take enough exercise by a long way. This is a big mistake for which they pay in later years, and for which their children also pay. For it cannot be repeated too often that a healthy mother is the best guarantee of a healthy child and future citizen of the world. And health is usually in the power of the mother to attain if she but has the common-sense and the will to do what is right.

"INDIAN AFFAIRS"
(Monthly Journal of the Indian National Congress)
News about our countrymen from all parts of the world.
Write for advertisement rates to:
The Manager "INDIAN AFFAIRS,"
7 Jantar Mantar Road,
NEW DELHI.

ઇન્ડિયન ઓપિનિયન

મહાત્મા ગાંધીજીના હસ્તે
સને ૧૯૦૩માં સ્થપાયું હતું.

પુસ્તક ૪૬ મું—અંક ૪૧ | શુક્રવાર તા. ૧૨ ઑક્ટોબર, ૧૯૫૧. | છુટક નકલ પેની.૬

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર ઑક્ટોબર, તા. ૧૨ ૧૯૫૧.

સફળ અવહેવારૂપણું

[મહાત્મા ગાંધીજીની જયંતી તા. ૨જી ઑક્ટોબરના બધે ઊજવાઈ. દેશ માં પણ ઉજવાઈ તેમજ પરદેશોમાં. નીચલો લેખ બધાને લાગું પડે છે. આ દેશમાં પણ ગાંધીજીના આદેશોથી આપણે બધાજ કેટલા વીસુખ હોઈએ એ પ્રત્યેકે પોતાને જ પુછવાનું છે. આમાં એ પ્રશ્ન નજ હોય કે હિંદુજ બધાં હજી એ રીતે પહોંચ્યું નથી ત્યાં અમે કોણ? આપણે આપણોજ વીચાર કરીએ. હરીજનબંધુ'માંથી શ્રી. કીશોરલાલ મશરૂવાળાનો લેખ અમે અત્રે આપીએ છીએ.—અ. ઇ.ઓ.]

"વાત તો સાચી છે કે ગાંધીજીનો જન્મદિન બીજી ઑક્ટોબર લગભગ આખા જગત માં ઉજવવામાં આવે છે. સંભવ છે કે રાજઘાટ પર વળી શોકાકુલરી રીતે ઉજવવામાં આવશે. મોટા મોટા રાજકીય નેતાઓનાં વ્યાખ્યાનો થશે, જેમાં બધા પક્ષોના પ્રતિનિધીઓ અને વિદેશના એલચીઓ પણ ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપશે. ત્યાં સામુદાયિક કાંતણનો કાર્યક્રમ ગોઠવાય એમ પણ બને. બધા લોકો કહેશે કે ગાંધીજી આપણા રાષ્ટ્રપિતા હતા અને તેમને કારણે આપણને સ્વતંત્રતા મળી છે. પરંતુ જ્યારે હું વીચારું છું અને દેશની લગામ જેમના હાથમાં છે, અને જેઓ જે પ્રાપ્ત કરવા ચાહે છે તેઓ જેમના આ રેંટીયા અને ખાદીના કાર્યક્રમમાં શું બલણ ધરાવે છે તે જોઉં છું ત્યારે આ જયંતી ઉજવવાનો આખો કાર્યક્રમ 'હમટોલ માંહે પોલ'ના જેવો જણાય છે. સરકારના મંત્રીઓ, અખીલ ભારત પંચવાળા અને લગભગ બધા રાજકીય પક્ષો જો રેંટીયો અને ખાદીને અવ્યવહાર્ય વસ્તુ ગણીને કાઢી નાખી ચંપારણના મેજીસ્ટ્રેટના હુકમનો ભંગ કર્યો ત્યારે બધા ચોંકી ગયા અને કહેવા લાગ્યા, આ કેવો અવહેવારૂ માણસ છે!

આ રીતે હંમેશા શાણા લોકો ગાંધીજીને અવહેવારૂ માનતા આવ્યા છે. હીંદુ મુસલમાનની વચ્ચે એકતા પેદા કરી શકાય છે, એ પર ન હીંદુઓએ વિશ્વાસ કર્યો, ન મુસલમાનોએ. એકતા સિદ્ધ કરી તેઓ હીંદુસ્તાનને અખંડ રાખવા ઇચ્છતા હતા. પરંતુ વહેવારૂ રાજનીતીજ્ઞો તેના બાગલા કરવામાં અધિક વહેવારૂપણું સમજ્યા. ગાંધીજી એ સ્વતંત્રતાનો જે સંકલ્પ પોતા ના મનમાં દૃઢ કર્યો હતો, તે પોતે જીવતાંજ સિદ્ધ કરીને બતાવ્યો એ જોવા છતાં આપણે એમ માન્યું કે તે વહેવારૂ માણસ નથી. એવીજ વાત તેમના અસ્પૃશ્યતા નિવારણના આગ્રહના વિષયમાં અને 'હીંદ છોડો'ના આંદોલનની બાબતમાં બતાવવા માં આવતી હતી. અને એજ એમની ખાદી અને ગ્રામ ઉદ્યોગો ની વાતના સંબંધમાં કહેવામાં આવે છે. અને કરોડો રૂપિયા ખર્ચીને મોટી મોટી યોજનાઓ બનાવવા માં આવે છે. પરંતુ સાર એ બતાવવામાં આવે છે કે, હીંદુસ્તાનને ન તો અનાજની બાબતમાં સ્વાવલંબી બનાવી શકાશે અને ન બખી વસ્તીને બેકારીમાંથી મુક્ત કરી શકાશે. જ્યારે મારા જેવો એક અશક્ત માણસ દિનભર બીજું કરતાંયે વીસ ગણું વધારે કાપડ સહેલાઈથી કરી શકે છે, ત્યારે આ પણી મોટી મોટી મીલો જે સત્તર ગણું કાપડ પેદા કરતી, તે હવે અઢાર ગણ થઈ પર આવી ગઈ છે અને મોટા ગર્વની સાથે કહે છે કે બીજા બાર ગણા આ વધારે અમે બનાવી લીધું છે! છતાં આપણા વ્યવહારજ્ઞ, રાજ નીતિપટુ મંત્રીઓ કહે છે કે રેંટીયો અવહેવાર છે. જનરલ મેકઆર્થર જેવાએ પણ કબુલ કર્યું છે કે યુદ્ધથી કોઈ પ્રશ્નનો ઉકેલ આવતો નથી, અને જગત માં શાંતિનો માર્ગ કેવળ ગાંધીજીનો રસ્તો જ છે. છતાંયે જગતનો એક પણ મુત્સદ્દી એ માર્ગ પર ચાલવા ઇચ્છતો નથી અને મોટા મોટા શસ્ત્રસરંજામ પેદા કરીને અને ત્રીજા વિશ્વયુદ્ધ ની તયારી કરતાં કરતાં યુદ્ધનો આત્યંતિક નાશ કરવાનો માર્ગ વહેવારૂ છે, એમ બતાવે છે.

આપણે ગાંધીજીની જયંતી ઉજવીએ એ ઠીક છે, જરૂરી છે. એ મારતે કે આપણે આપણાં હૃદય અને બુદ્ધિ ઢંઢોળીએ અને વીચારીએ કે આપણે ક્યાં જઇ રહ્યા છીએ અને ગાંધી આપણને ક્યાં લઇ જવા ઇચ્છતા હતા અને જો એમના વીચારો અવહેવારૂ હતા તો આપણે કાંઈક સંયમની સાથે તેમની જયંતી ઉજવીએ અને યશ ગાઇએ. જુઠો ઢોંગ ન કરીએ. જેટલું આપણે સાચું માનીએ એટલીજ જયંતી ઉજવીએ.

નોંધ

શ્રી. મણીલાલ ગાંધીનો વિજય

શ્રી. મણીલાલ ગાંધી જેઓએ ૨૧ મી સપ્ટેમ્બરથી ડો. મલાનની રંગદેહની નીતી સામે સત્યાગ્રહ તરીકે મ્યુનીસીપલ વાચનાલય તથા "ફક્ત ગોરાઓ માટે" ના બાકડા પર બેસી કાયદા ભંગ કર્યો હતો અને જેમને પકડવામાં નહોતા આવ્યાં તેમના બાકડા રેંટીયો મારફતે જાહેરાત પછી શ્રી. કીશોરલાલ મશરૂવાળા તેઓની ઉપર એક અંગત પત્રમાં લખે છે કે;

"તમારા સત્યાગ્રહ વિશે જાણ્યું સુશીલા પણ જોડાઈ છે તે પણ જાણ્યું. પકડાયા નથી એ તો હું સારૂ સમજું છું. તમે તો કાયદામાંથી મુક્તી મેળવી જ. તમને પકડે નહીં તો તમારા પુરતો કાયદો રદ થયો. કાયદો રદ કરવાનો માર્ગ તમે બધાને દેખાડ્યો એ સાપ નથી પણ દોરી છે એમ તમે

બતાવ્યું. હવે બીજા એને આપ માન્યા કરે તો તમે શું કરશો?

તમને પકડે તો તમારો સત્યાગ્રહ થાય છે. ન પકડે તો તમારો વીજય છે. તમે તેનો પ્રચાર કરી રાકો છો. તમને પકડતા નથી, માટે તમારે એ વ્યવહાર છોડી દેવો નહીં. ગેરીબાલ્ડી ૭ વર્ષ સુધી ટેક્સ ન આપ્યા. સર કારે માત્ર એકજ વાર તેને પકડયા, અને ૨૪ કલાક પછી છોડી મુકયા. પછી કદી ટેક્સ લેવા એની પાસે ગયા જ નહીં. એવું તમારે થાય તો કેવું મજાનું. પછી તમે ગોરા, દેશી, અને કાળા, બધાની વચ્ચે સમાન ભાવે રહો, ભળો, અને કામ કરો તમે રંગભેદથી છુટયા.

શ્રીયુત વિનોબા ભાવે

શ્રી. વીનોબા ભાવે કે જેઓ ગાંધીજી ના સૌથી જુના સાથી છે તેઓએ છેલ્લા વર્ષથી વધુ પેદલ જીવન વીતાવવાનો અખતરો કરવા માંડયો છે. અને સામ્યવાદીઓને તથા સમાજવાદીઓને ક્રાંતી (વિપ્લવ) થી સમાજના ધનવાનો ના ધન લુટી ન લેતા હૃદયપલટો કરી ધન મેળવવાની રીતો બતાવવા પગ પાળા મુસાફરી કરે છે. તેઓએ વર્ધા થી હૈદરાબાદ છસ્સાની ગામો ગામડે ફરી પગ પાળા મુસાફરી કરી સભાઓ પ્રાર્થનાઓમાં. પ્રવચનો કરી લોકોને નીતીનો પાઠ શીખવ્યા. પશુઓ પાસેથી જમીનો લઇ ગરીબોને આપી. આવી હજારો એકર જમીન હૈદરાબાદ માંથી તેઓને મળી. હવે તેઓ પાછા વર્ધા આવ્યા હતાં. વર્ધા પાસે સેવા ગ્રામ કે જ્યાં પુ. ગાંધીજીનું ધામ છે અને તેની આગળ પોનાર છે કે જ્યા વીનોબાજી આશ્રમ રથાપી રહ્યા છે. શ્રી. જમુનાલાલજીએ તેઓને બોલાવ્યા હોવાથી અને તેઓ પૈસાનો ઉપયોગ ન કરતા હોવાથી પગપાળા પોનારથી દીલ્હી જવા નીકળ્યા છે. સપ્ટેમ્બરની પહેલીથી તેઓ પ્રવાસ કરે છે અને સામટે સામટે ૩૫ માઇલ દીલ્હી વિધી દીલ્હી પહોંચશે. એક અઠવાડીયાનો તેમનો છેલ્લો હેવાલ જણાવે છે કે તેમને ૨૦૦૦ એકર જમીન આ પ્રવાસ દર મીયાન મળી હતી. ગાંધીજીના દિવ્ય સ્વપ્નો જે અધુરા રહ્યાં હતાં તે તેઓ પુર્ણ કરી બતાવે છે. શ્રી. વિનોબાજી અલસરથી પીડાય છે અને ડાકટરની તેઓને સુચના છે કે આરામ લેવો. છતાં છ મહીના થયા પ્રવાસ કરે છે. તેમના પ્રવાસનો આપણો હેવાલ ઉપલીજ "હરીજન" અને ગુજરાતી 'હરીજન બંધુ'માં આવે છે.' તેમના આ સુંદર કાર્યને ઇશ્વરની મદદ રહો એમ આપણે ઇચ્છીએ.

અધોગતીને પંથે જઈ રહેલી દુનીયા

(ઈશ્વરન્ડ એ. ટી. એલ્હનના અંગ્રેજી લેખપરથી)

અંતિમ યુદ્ધ તરફ વળી રહેલી પોતત પૃત્તિને અટકાવવાના સબળા પ્રયત્નો નીષ્ફળ થઈ રહેલા આપણે જોઇ રહ્યા છીએ.

બીજા યુદ્ધ સમજોતો જોગી કરી રહ્યા છે એટલે આપણે પણ કરવુંજ જોઇએ, આપણે કરીએ છીએ એટલે બીજાઓએ કરવુંજ જોઇએ. આ ગેરી ફુંડાળામાં પડી જઇ લાગતી વળગતી સઘળી સરકારો વિનાશને પંથે જઇ રહી છે. અરસ પરસ આરોપો મુકવાનો અને શાંતીને માટે અરસપરસ થઇ રહેલા આક્રમકો તરફ અપુર્ણ તુચ્છકાર વૃત્તિ બતાવનારો જે સતત પ્રચાર જગતના વ્યવહારમાં ચાલી રહ્યો છે તે પતનની ટોચે પહોંચી ગયો છે,

આ પરિસ્થિતિમાંથી આ દેશની સર કારોને પાછી વાળી શકાવાની કંઈ પણ આશા હોય તો તે એજ વસ્તુમાં રહેલી છે કે સશસ્ત્ર થવા પાછળ થનારી બેસુમાર નાણાની બરબાદી અને તેમાં રહેલા યુદ્ધનાં ચોકસ જોખમો સામે પ્રજાજનો મોટો બળાબળાટ કરી મુકે અને સખ્ત વીરોધ વ્યકત કરે.

મારા અભિપ્રાય મુજબ આ દેશમાં એકજ એવી સંસ્થા છે કે જે આ બાબતમાં પ્રજાનો જરૂરી રોષ ઉશ્કેરી શકે અને તેની સામે બંડને માટે દોર પણ આપી શકે. તે ખ્રીસ્તી ધર્મીઓનું ચર્ચ છે.

વર્તમાન કટોકટીનું અતિ તિરસ્કાર ભરેલું સ્વરૂપ એ છે કે ધર્મગુરૂઓ અને આપણા ધાર્મીક અખબારો (થોડાક માનભરેલા અપવાદો સિવાય) સશસ્ત્રતાના કાર્યક્રમને બેપરવાઇથી સંમત થઈ રહ્યા છે. ધાર્મીક સંસ્થા ઓ તરફથી જગતની શાંતી માટેની જાહેર ઉક્તિઓ અપવાદ નહિ થઇ શકાય તેવી થઇ રહી છે અને સરકારો ને તે વધારે સારી નીતી અપનાવવા માટે વિનવણી કરનારી હોય છે. છતાં ચર્ચોએ જોઇએ તેટલા પ્રમાણમાં એ બાબતમાં કશું સ્વતંત્ર પગલું ભરવાની વૃત્તિ બતાવેલી નથી. આપણા દેશના ધર્મગુરૂઓની પરંપરાથી ચાલતી આ વેલી વસ્તુ સરકારમાં સેવાઓ સેવા આપવાના અને યુદ્ધની જરૂરી તયારી ઓ કરવાના પક્ષમાં રહેલી છે. એ વસ્તુને અડપથી ફેરવી શકાય તેમ નથી.

નેતાઓ જ્યારે નિદ્રામાં પડી ગયા હોય ત્યારે પ્રજાજનોએ જાગૃત થવું જોઇએ. પહેલ કરવાનું કીર્તીદ પદ જયું હોય ત્યારે કોઇએ પણ પહેલ કરતાં થઇ જવું જોઇએ.

હું નથી માનતો કે ખ્રીસ્તીઓ સાથે રહ્યુ સભ્યતાનું ભાન એટલું ગુમાવી બેઠેલા હોય કે પરિસ્થિતિ સમજતા થયા પછી તેના નીવારણ અર્થે તેઓ તુરત સક્રીય રીતે વર્તતા નહિ થાય. ચાલો હવે વર્તમાન પરિસ્થિતિ તપાસીએ:

લાગતા વળગતા સઘળા દેશોમાં તમારા મારા જેવા વ્યક્તિગત ખ્રીસ્તી ઓ, ભલે તે મતના હોય, તેઓએ જે ધરે, પોતાના અસ્ત્રિમ પ્રેમભાવ વડે તેઓના સઘળા પાપો ક્ષમા કરેલા છે, એ ધણીને વફાદાર રહેવાની પવિત્ર પ્રતિજ્ઞા કરેલી હોવા છતાં, કહેવાતા શત્રુ દેશોમાં પોતાના સાથેના ખ્રીસ્તી બંધુઓનો ખાતરીપુર્વક પહેાળા પ્રમાણ માં સંહાર કરવાની યોજનામાં રાજ્ય ને પોતાનો ઉપયોગ કરવા દઇ રહ્યા છે.

સબળા પંથોના મારા ખ્રીસ્તી બંધુ ઓને આ રાક્ષસી કૃત્યનો હું ધડીભર વીચાર કરવા કહું છું. કારણ બધુ ખ્રિસ્તનો કંઇ હોય તેવા કોઇએ પણ પોતાના જાતી બંધુનો નાશ કરવાની યોજનાઓ ઘડવી એ અક્ષમ્ય આપ્યા ત્મિક અધોગતીજ જણાય કે જે આ ધુનિક સશસ્ત્રતાના કાર્યક્રમમાં રહેલી છે.

ધારો કે આપણી પોતાની જ ન્હાના ચર્ચવાળી એકજ સ્ટ્રીટમાં અરસપરસ ખુનામરકી થઇ રહેલી હોવાના અબર આપણા જાણવામાં આવે તો શું આપણે તેને શાન્ત રહી સહન કરી લઇ શું? અને ધારો કે ખુનોની કશુ માત્ર યોજનાઓજ ઘડાઇ રહેલી હોય તો પણ શું આપણે શાંત જેવી રહીશું? અને ધારો કે રાજ્ય આપણા પર કૃપા કરીને તેવાં ખુનોને કાયદેસર કરાવે તો શું તેથી આપણી ધાર્મીક ભાવનાને સંતોષ થશે? શું તેની બીક ખ્રીસ્તિના આદેશો આપણે ચોકારી નહિ ઉઠીએ! આપણા ધર્મગુરૂનો વખતો વખત કહેતા આવેલા આપણે સાંભળીએ છીએ કે ચર્ચો ને પાપો વચ્ચે પસંદગી કરવાની છે. એ કંઇ તેનો બચાવ નથી, એ બચાવમાં બે પાપોના કરતાંય મોટું પાપ રહેલું છે. બધો બન્ને પાપોનો તેમાં સમન્વય રહેલો છે, ચર્ચના આત્માનું અધઃ પતન રહેલું છે.

ઘણી સમુહ ખુની માટે મોત ના જે સાધનો આપણે ઉત્પન્ન કરી રહ્યા છીએ તેના પાછળનો હેતુ એવાં ખુનો થતાં અટકાવવાનોજ છે, એવો બચાર કરીને આપણે તેની પાછળના એધોગતી કરનારા દુષ્ટ હેતુમાંથી મુકત થઇ શકતા નથી. આ પરિસ્થિતિને આપણે એટલી સરળ બનાવી દઇ શકતા નથી.

યુનાઇટેડ સ્ટેટસ અને ઓટલમ યુદ્ધ ના નીવારણ અર્થેના આક્રમણોના પોકારો આપણે સાંભળી રહ્યા છીએ. અને હાઇડ્રોજન બોમ્બની એવી બ્રીટીશ બતાવાઇ રહી છે કે કોઇ પણ પક્ષ પહેલ કરવાની હીંમત કરી શકતો નથી.

ચર્ચ તો અટકાવતું અટકાવશે; તે પહેલાં ત્રીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળવાનો પણ સંભવ રહે. પરંતુ જો ભયંકર હકીકતનો સ્વરક્ષણના બ્હાના હેઠળ બચાવ કરી શકાય તેમ નથી. તમારા મારા જેવા ખ્રીસ્તીઓને માટે આપંત અગત્યની વસ્તુ યાદ રાખવાની એ છે કે કોઇનો જાન લેવાનો વીચાર કરવો એજ એક ઘેર પાપ છે અને શરમ ભરેલી વસ્તુ છે.

યુદ્ધ કદાપિ ન થાય તો પણ લાખો ખ્રીસ્તીઓએ એક બીજાને વિષે આવા વીચારો કરવા તેમાં ખ્રીસ્તી ધર્મનું ખંડન રહેલું છે.

કારણ ભયંકર પેગામ શું જેવો નથી કે અરે પાપ હૃદયમાં રહેલું પાપ છે કે જે પાપી કૃત્ય કરવા કરતાં પણ ઘણું જ વધારે ભુંડું છે?

આ રહ્યા તેના શબ્દોઃ "પ્રાચીન કાળમાં તમે કહેવાયેલું સાંભળ્યું છે કે, કોઇનું ખુન કરશો નહિ, પરંતુ મારો તમને આદેશ છે કે જે કોઇ પોતાના બંધુ પ્રત્યે ક્રોધ કરે છે તે પાપનો ભોગી બનશે....", પરંતુ આપણું પાપ તો એકલા ક્રોધનુંજ નથી; આપણા માનવબંધુઓની કતલ કરવા વૈજ્ઞાનિક સાધનો પાછળ ચાર અબજ સીત્તેર કરોડ પાઉન્ડનો આપણે અર્થ કરવા સંકલ્પ કર્યો છે.

એટલે હું મારા સબળા ખ્રીસ્તી બંધુઓ પછી તે ગોપ હો કે આર્ય બીશપ હો કે ગમે તે પંથના હો–તેમને કહું છું કે શું તમે તમારા ચર્ચ જાયવા તો તમારી સશસ્ત્રતાની પાછળ રહેલી આધ્યાત્મિક અધોગતી થવા દેશો?

કે પછી જાગૃત થઇને અસંખ્ય ખ્રીસ્તીઓમાંથી કોઇક એવા પાકશે કે જેઓ આ અંધકારના જાલોને ફાડી દેનારી કોઇક બળવાન પ્રકાશ આપનારી સેના ઉભી કરશે?

જાગૃત થાઓ અને તમારા ધર્મનો આદેશ શું છે એ યાદ કરો.

આવતા વર્ષના પંચાગ

૨૦૦૮ના આવતા વર્ષ ના પંચાગ આવી ગયા છે.

કીંમત રૂપી ૫. ૩.

મળવાનું ઠેકાણું આ ઓફીસ

INDIAN OPINION,
P. Bag, Phoenix.
NATAL

ન્યુઝીલેન્ડનો શ્રી. ગાંધીને ટેકો

ન્યુઝીલેન્ડથી એક મિત્ર શ્રી. મણી લાલ ગાંધીને એક અંગત પત્ર લખતાં લખે છે કે:

"મારી માનસીક સ્થીતી હાલ કેવી હશે એનો ખ્યાલ હું કરી શકું છું. અને તમે કેવી ભાવનાથી પ્રેરાઇને બે કાયદાનો ભંગ કર્યો એ પણ સમજી શકું છું. કાયદો કેવો અને ભંગ કેવો? ખરે તમે જાહેર વાચનાલય અને જાહેર બાઇસ્કોપોનો ઉપયોગ કર્યો હોય. પણ સ્વતંત્રતા મેળવવા માટે સ્વતંત્ર થવું જ જોઇએ. મુંગા મુંગા બધુ સહન કરવુ એ આપણી હાર છે. જ્યારે પહેલા ખ્રિસ્તીઓને પકડતો જાહેર માં પ્રચાર કરવાની ના પાડવામાં આવી હતી, ત્યારે તેઓએ કહ્યું હતું કે, "મનુષ્યના રચેલા કાયદાઓ કરતાં અમે ઇશ્વરના બનેલા કાયદાઓને માનીશું." ત્યારથી તે આજ સુધી એવા વિચારના થોડા ઘણા માનવો હમેશા પેદા થયા છે. ૧૯૪૧ માં ન્યુઝીલેન્ડમાં અમારી—ખ્રીસ્તી શાંતીવાદીઓની ઓજ દશા હતી. ત્યારની સરકારે પોલીસો દ્વારા અમારી જાહેર તથા ખાનગી સભાઓ અને સરઘસો વિખેરી નાખ્યા હતાં. અમે સરકારને કહ્યું હતું કે, ખાનગી સભાઓપરથી પ્રતીબંધો ઉઠાવ વામાં નહીં આવે તો અમે જાહેરમાં પ્રચાર કરશું. સરકાર સાથે સમાધાન કરવા અમે અસ્થતીમાન નીવડ્યા હારે અમે એમજ કર્યું. દર અઠવાડીએ અમારામાંથી એક જાહેરમાં બાયબલ કરી બોલવાનું સ્વીકારતો હતો. એ વખતમાં અમે અટકાર જાય જેલમાં ગયા હતાં. અમારામાંથી કોઇને એક વર્ષની અને કોઇને તેનાથી ચોડીક ઓછી એમ સજાઓ થઇ હતી. યુદ્ધ પછી વેલીંગ્ટનમાં ગે પાછું જાહેર સભાઓમાં બોલવાનું શરૂ કર્યું ત્યારે પણ ત્યાંની સીટી કાઉન્સીલે એ જાહેર માં કોઇ પણ જાતમાં સભાઓ ભરવા ની પરવાનગી ન આપી. મારે પરવાનગી વગર મીટીંગો ભરવી પડી. એ વીસ અઠવાડીયા સુધી આ ક્રમ ચાલુ રાખ્યો. ત્યાર બાદ મારી ઉપર કેસ મંડાયો. ન્યાયમુર્તીએ મારા પક્ષમાં ન્યાય તોળ્યા આથી સીટી કાઉન્સીલ સુપ્રીમ કોર્ટમાં દાવો નોધાવ્યો. જડને ને સ્વતંત્રતાનો અર્થ ભાગ્યે જ સમજાય છે. પણ ૧૯૪૯ માં હોદની શાંતી પરીષદમા ભાગ લેવા જતાં પહેલા ન્યુઝીલેન્ડમાં ફરજીયાત લશ્કરી તાલીમ નો પ્રશ્ન ઉપસ્થીત થયો હતો. આ સવાલનો અમે સખત વીરોધ કર્યો હતો. પ્રભુ ઘણા લોકો અમને બોલાવવા ની તક પણ આપવા તયાર નહોતા. અમારી પહેલી બે સભામાં પોલીસે મને આપણુ બંધારણ ફુકમ કર્યો પણ મેં એ હુકમના ન ગણકાર્યો. યુદ્ધ કાળ દરમીયાન પણ પાંચ છ વાર આવું બનવા પામ્યું હતું. પહેલા યુદ્ધના જુના રીતીરીવાજો મને સભા રચનેથી બસેડી જતા હતાં. આ બધુ સમજવા છતાં હાલ હું તમારો ખાસ વીચાર કરું છું. ઇશ્વર તમને તમારા કાર્યમાં સફળતા આપે એવી મારી પ્રાર્થના અને ભલામણ છે. હું ત્યાં તમારી પાસે હોત તો કેવું સારું! લો લોકો તમને સાથ આપવા જેટલી હિમ્મત ન બતાવે અથવા પોતાના સ્વાર્થના કામમાંથી છુટી નહીં શકતા હોય તો પણ તમે નીરાશ ન થશો. તમે એકલાજ લડત ચલાવો એમાં કશો વાંધો નહીં. એવો વખત જરૂર આવશે કે જ્યારે આમ પ્રજા પોતાનો મત બદલી તમારી સાથે જોડાશે. અહીંના રાજકારણમાં બધા ન ઉંડ્યા જેમ જનાવો અને જાય છે છતાં. રંગભેદ દાખલ કરવાનો વીચાર મુદ્દા હજી નથી આવતો. શાળાઓમાં ગોરાઓ અને બીન-ગોરાઓના ભાળકો સાથેજ ભણે છે. ગોડોક વખત પહેલાં શીક્ષણ ખાતાએ બીન-ગોરા ભાળકો માટે ઇંગ્લીશનો ખાસ વર્ગ ચલાવવાની સુચના કરી હતી. આ સુચનાથી ઘણા સભ્યોને જણાયું કે આ રંગભેદનું પ્રથમ પગથું છે પણ તેઓને ખાત્રી આપવામાં આવી કે આ રંગભેદની દ્રષ્ટીએ સુચન નથી કરાયું પણ બીન-ગોરાઓનું ઇંગ્લીશ વધુ સારું થાય એ આશાએજ સુચન કર્યું છે. અહીંની નેટીવ વસ્તી ૧૦૦૦૦૦ એક લાખની છે. અને ધારાસભાના એંસી સભ્યો માંના ચાર સભ્યો નેટીવ હોય છે. આ લોકોને પુર્ણ મતાધિકાર છે. દક્ષિણ આફ્રીકાનો પ્રશ્ન સાવ જુદોજ છે. ત્યાંના ગોરાઓને ભય છે કે નેટીવો એમની પાસેથી રાજ્ય બીનની લેશે ઉંઘીઓએ અને નેટીવોએ ધીરજ રાખીને સામાજીક, રાજકીય, અને આર્થીક પ્રગતી કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. ત્યાની લઘુમતી જો જુદી થવા ઇચ્છે તો ભલે થતી. થોડાક વખતમાં તેઓને તેઓની મુર્ખતા જણાશે. અને તેઓ દુનીયા માટે એક દ્રષ્ટાંત બનશે."

વ્યવહાર શુદ્ધિ

પ્રવચનકાર: અહાસતી શ્રી. ઉજ્જ્વળ કુંવર

[દેશમાં હાલ વ્યવહાર શુધી પર ભાર મુકવામાં આવે છે અને તેને અંગે ઘણી સંસ્થાઓપણ રચવામાં આવી છે. નીચે લેખ 'આપ્ત આનંદ'માંથી એક જૈન સાધ્વીના પ્રવચનમાંથી ટુકડાઓને આપ્યો છે. લખાણ જૈનોને ઉદ્દેશીને છે. પણ અમારું માનવું છે કે તે પ્રત્યેક માનવ ને લાગું પડે છે પછી તે ઢોંદમાં હોય કે હીંદ બહાર હોય. આ દેશમાં પણ ઘણી એવી ચીજો વેપારીઓ મંગાવે છે અને આપણે ખરીદીએ છીએ કે જે પાપરૂપ જ કહેવાય. આ લેખ આપણને માર્ગ દર્શક બનો એ આશા એ અત્રે આપીએ છીએ.

— તંત્રી ઇ.ઓ.]

"કોઇ માણસ ચતુર ચિત્રકારને બોલાવી પાણીના ભરેલા ખાલા માં ચિત્ર ચીતરવાનું કહે તો તે મુર્ખજ ગણાય અને પ્રયાસ કરનાર પણ નિષ્ફળ નિવડે. તેવીજ રીતે નીતીક જીવનની શુદ્ધિ વિના ગમે તેટલા વત, તપ, જપ, વાંચન, મનન અને કિર્તન કરવા માં આવે પણ તેનો કશો ફાયદો નહીં થાય. ચોરી અને બીજા કાલુંનો ધંધો કરનાર અને કાળા બજાર કરનાર ને વત, તપ કરવાનો કેટલો અધીકાર છે?

માર કહેવું આકરું લાગશે. બહીંવાર ખોતાઓને આકરું લાગે એ બહીંક સાધુ સંતો પણ સત્ય કહેતા નથી કે જેઓ પર સમાજને ખરે માર્ગે દોર વાની જવાબદારી છે. હવે વખત આવ્યો છે કે ધર્મ ગુરૂઓએ બાજી સમાજને ખરે માર્ગે દોરવા, નહીં તો સમાજ ઉંડી ખાઇમાં ધકેલાઇ જશે. આ આપણા માનવ સમાજને સાંકળતો પ્રશ્ન છે પણ અહીંસાના ઉપાસક તરીકે આપણે તેના ઉંડા વીચાર કરવો ઘટે છે. આપણે જૈનો ઉત્તર ગ્રવેાને સાચવવાનો ખુબ પ્રયાસ કરીએ છીએ પણ મુળ ગતો જેવા કે સત્ય, અચૌર્ય, કે અપરીગ્રહ તરફ લક્ષ નથી આપતાં. આ તો વૃક્ષના થડમાં આંગ ચડાગી પાંદડે પાંદડે પાણી પાય વૃક્ષને સદ્ધવન રાખવા જેવી ચેસ્ટા છે.

કાળા બજાર કે જરૂરીયાત કરતાં વધુ સંગ્રહ ન કરનાર ૧૧ જૈનો માંથી ૧૧ જૈનો પણ મળવા મુશ્કેલ બાનું છું. પોતાના હકક વગરની કોઇ પણ વસ્તુ લેવી તે "અદત્તાદાન" એટલે કે ચોરી છે. પોતાના બાસતુ કાપડ અનાજ કે ધન હોય તેના કરતા વધુ લેવું એ ચોરી છે. ત્રીજા વતના પાંચ અતીચારો છે. આમાં કોઇ કાળા બજાર કરે અને આપણે લઇએ એ અને કાળા બજારનું લાવી જમણ કરે તેમાં જમીએ એનો પણ સમાવેશ થાય છે. રાજ્યે દેશના લાભ માટે જે કાનુનો કર્યા હોય તેનો ભંગ કરવો તે પણ દોષ છે. ત્રીજા વતનો પાંચ મો અતીચાર છે વસ્તુમાં ભેળસેળ કરવી તે જેને પ્રતિરૂપક વહેવાર કહેવાય છે. એક પણ વેપારમાં શુદ્ધ વ્યવહાર આપણે જાળવતાંજ નથી. આપણા નૈતીક અધ:પતનની કાંય મર્યાદા છે ખરી?

ધર્મ ખાતર નહિ પણ વેપાર નીતી તરીકે પણ પ્રમાણિકતાને સ્વીકારીએ તો પણ તે કલ્યાણકારી છે. આપણે પ્રામાણિકતાનો ધર્મની દ્રષ્ટિએ વીચાર કરીએ છીએ પણ પશ્ચિમ વાસીઓએ તો પ્રામાણિકતાને વ્યાપારનીતી તરીકે સ્વીકારી છે. તેથી તેમનો વ્યાપાર પ્રામાણિકતા ઉપર પ્રતિષ્ઠિત થયેલો છે; કારણકે તેમણે આ નીતી સ્વીકારી છે; એટલું જ નહિ પણ અમલમાં મે મુકી છે. અમેરીકાથી પાછા ફરેલા એક ભાઇએ મને વાત કરી કે ત્યાં હીંદુસ્તાનની માફક છાપાંવાળાઓ ગલીએગલીએ ફરતા નથી, પણ છાપાં ની રેંકડીઓ ગલીને નાકેનાકે મુકવામાં આવે છે. માણસ રેંકડી મુજબ ચાલ્યો જાય છે. છાપું લેનાર માણસ છાપું લઇ તેના પૈસા ત્યાં મુકવામાં આવેલી પેટીમાં નાખીને ચાલ્યો જાય છે. જો આપણે ત્યાં આ રીતે રેંકડી મુકી હોય તો શું હાલ થાય? વીચારો જોઇએ. અમેરીકામાં વીજળીનો વપરાશ ખુબ છે; પણ કહેવાય છે કે ત્યાં ના વીજળી ઘરવાળા મીટર તપાસવા માટે એક પણ માણસ રાખતા નથી. દરેક માણસ પોતાનું મીટર તપાસી બાજુની બીલ દર બીડે ભરી આવે છે. આપણે ત્યાં પણ આવી રીતે પ્રામાણિકતાની પ્રતિષ્ઠા થાય એ માટે આપણે સૌએ પ્રયાસ કરવો જોઇએ.

કપટ, દગો, છળ, પ્રપંચ વગેરે અનર્થોના મુળમાં તો સંગ્રહવૃત્તિ જ રહેલી છે. સંગ્રહવૃત્તિનો રોગ આજે આપણા એ સમાજને લાગુ પડયો છે સંગ્રહવૃત્તિનો સંગ્રહણી રોગ જ્યાં સુધી નાબુદ ન થાય ત્યાંસુધી આ બધાં પાપો કેમ દુર થઇ શકશે? રશિયન ક્રાંતિકાર લેનિને સંગ્રહવૃત્તિને માનવસમાજ ની પીઠ પરનું ઝેરીલું ગુમડું કહ્યું છે. તેનું ઓપરેશન થાય તો જ તેમાંથી વહેતું કાળા બજાર અને અપ્રામાણિકતા નું લોહી-પુઇ અને તેમાંથી ફેલાતી શોષણવૃત્તિની દુર્ગંધ અટકે; પણ આજે તો ગાણસની મનોવૃત્તિ એવાં ગુમડાંઓ વધારવાની છે. દરેક જનતો પરિગ્રહ એ શરીર પર કુટી નીકળતાં ગુમડાં જેવો છે. આ મનોવૃત્તિ સુધરે તો જ વ્યવહારશુદ્ધિ થાય.

નવાં વેચવાના પુસ્તકો

સમરાંગણ	૧	૪
ઝણકાર ભંડ	૬	૦
મધુપ	૭	૦
વિજ્ઞાનીક જગત		૫૩
ગુપ્તધન (સાહસ કૃત નોવલ)	૧	૦
ચિત્રલેખા	૮	૦
ચાંદ મુખી	૭	૦
જગતનો તાત (ખરચે આવે)	૧	૬
ધરતીને આલાને	૬	૦
સરદારના ભાષણોનો સંગ્રહ	૧૨	૦

મળવાનું ઠેકાણું આ ઓફીસ

હું આ રીતે પ્રસ્તુત સમસ્યાની ચર્ચા કરી વિચારતો હતો અને ત્યારે મને સૂઝયું કે આ દેશમાં ઘુમવું જોઈએ. પણ ઘુમવું કેમ? પણ ઘુમવું જોઈએ! મોટર વગેરેનો વિચારશોધક નથી, સમસમાધક છે, અંતર કાપી શકે છે. જ્યાં વિચાર શોધવો છે, ત્યાં શાંતિનું સાધન જોઈએ. જુના જમાનામાં તો ઘોડા, પોડા વગેરે હતા, લોકો તેમનો ઉપયોગ પણ કરતા હતા અને રાતભર માં બેસી માઇલ સુધી નીકળી જતા હતા. પરંતુ શંકરાચાર્ય, મહાવીર, બુદ્ધ, કબીર, ચૈતન્ય, નામદેવ જેવા માણસો હીંદુસ્તાનમાં ઘુમ્યા અને પગપાળા જ ઘુમ્યા. તેમણે ધાર્યું હોત તો ઘોડા પર કે ઉંટ પર પણ ઘુમી શકતા હતા. પરંતુ તેમણે ત્વરિત સાધનની મદદ લીધી નહીં, કારણ કે તેઓ વીચારનું શોધન કરવા ચાહતા હતા. અને વિચારશોધનને માટે સૌથી ઉત્તમ સાધન પગપાળા ફરવું એ જ છે. આ જમાનામાં તે સાધન એકદમ સુઝતું નથી, પરંતુ શાંતિપૂર્વક વીચાર કરીએ તો સૂઝશે કે પગે ચાલ્યા વિના છુટકો નથી.

વામનાવતારનો જન્મ

આ રીતે હું વર્ધીથી શિવરામપલ્લી આવ્યો અને ત્યાંથી અહીં સુધીમાં હવે ૭ અઠવાડીયાં પુરાં થાય છે. આ દરમિયાન મેં દરેક ગામનો અધિકથી અધિક પરિચય મેળવ્યો. સામ્યવાદી લોકોના કામની પાછળ જે વીચાર છે, એનો ક્રાંતિભૂત અંશ આપણે ગ્રહણ કરવો જોઈએ, એ પર અમલ કરવો જોઈએ. આ અમલ કેમ કરવો એ બાબતમાં હું વીચારતો હતો. મને કાંઈક સુઝી પણ. ખરેખર તો હું હતો જ, વામનાવતાર મેં શરૂ કીધો અને ભૂમિદાન માગવાનું શરૂ કરી દીધું. પહેલાં પહેલાં લાગતું હતું કે આનું પરિણામ વાતાવરણ પર શું થશે? થોડાક અમૃતબિન્દુથી આખો સમુદ્ર મીઠો કેમ થશે? પણ ધીરે ધીરે વિચાર થતો ગયો. પરમેશ્વરે મારા શબ્દોમાં કાંઈક શક્તિ મુકી; લોકો સમજી ગયા કે આ કામ જે ચાલી રહ્યું છે, તે ક્રાંતિનું છે અને સરકાર ની શક્તિથી પર છે. કારણ કે આ તો જીવન બદલવાનું કામ છે.

લોકો મને કેવા લાગ્યા, એક જગ્યા એ હરિજનોએ એકઠા થઈ મારા પગ ધોયા અને એક ભાઈએ તો એકર આપ્યા. લોકે લોકોએ મને ઘણી જમીન આપી છે, પણ મારું કામ એટલાથી પુરું થતું નથી. આજે નલગોંડાના એક ભાઈ આવ્યા હતા. તેમણે પહેલાં પચાસ એકર આપ્યા હતા. તેમની જમીનનો કાંઈક ભાગ હતો, તેની પતાવટ થઈ ગઈ અને આજે પાંચસો એકર જમીન તેમણે આપી. તેમના ભાગની જમીન તો આ ચોથો ભાગ છે.

ભુદાન યજ્ઞની ભૂમિકા

શ્રી. વિનોબા ભાવે (અતાંકથી ચાલુ)

વિચારશોધનનું મુખ્ય સાધન : "ચરૈવેતિ"

આ જગતભરનો પ્રશ્ન છે

આ રીતે જ્યારે વિચાર કેળવાયો ત્યારે કામ થયું. હું ધરાયું છું કે દરિદ્રનારાયણ જે ભૂખ્યો છે અને હવે જાગી ગયો છે, તેને તમે તમારા કુટુંબનો એક ભાગ સમજો અને તમારા પરિવારમાં ચાર છોકરા છે તો આને પાંચમો માની લો. એક ભાઈ ની પાસે પાંચ એકર જમીન હતી. એ ભાઈ પાસે મેં જમીન માગી તો તેણે મને કહ્યું કે મારા ઘરમાં આઠ છોકરા છે. મેં પુછ્યું, જો નવમો થયો તો તેને પણ સહેરો કે નહીં? તો તેણે કહ્યું, 'હા.' મેં કહ્યું કે 'એમ જ સમજો કે હું નવમો છું અને મને પણ કાંઇક આપો.' સમજો કે દસ હજાર એકરવાળો સો એકર આપે છે. આંકડો જોવામાં બહો મોટો લાગે છે, પણ હતા અને દરિદ્રનારાયણ—બંનેના હિસાબથી તે ઓછો છે. આ આંકડાથી હું તો સંતુષ્ટ થઈ જાઉં, પરંતુ દેનારાઓ ન થવું જોઈએ. એમ હોત કે અહીં કોઈ ભૂખમરાની કે મોટા લોકોના સંહારનિવારણની સમસ્યા હતી અને હું દાન માગતો હતો, તો થોડું થોડું દેવાથી પણ કામ ચાલ્યું હોત. પરંતુ અહીં તો એક રાજકીય સમસ્યાનો ઉકેલ કરવો છે, એક સામાજીક પ્રશ્નનો ઉકેલ કરવો છે, જે સમસ્યા કેવળ આ જે જીલ્લાની નહીં, હીંદુસ્તાનની નહીં, બલકે આખી દુનિયાની છે. અને જ્યાં એવી રાજકીય અને સામાજીક ક્રાંતિ કરવાની વાત છે, ત્યાં તો મનોવૃત્તિ જ બદલવાની જરૂર હોય. જો કોઈ નાનોશો સંકલ્પ હોત તો થોડા દાનથી પણ કામ થઈ શકત, પરંતુ અહીં દસ હજાર એકર જમીનવાળા જો સો એકર આપશે તો કામ નહીં ચાલે.

તેમણે તો દરિદ્રનારાયણને પોતાના કુટુંબનો એક ભાગ સમજીને દાન દેવું જોઇએ. હું તો મરીબ અને શ્રીમંત સૌનો મિત્ર છું. મને તો મૈત્રીમાં જ આનંદ આવે છે. જે શક્તિ મૈત્રીમાં છે, તે દ્વેષમાં નથી. અનેક રાજાઓએ લડાઇઓ લડીને જે ક્રાંતિ ન કરી, તે બુદ્ધ, ઇશુ, રામાનુજ વગેરે એ કરી. આમનામાંથી એકએક માણસે જે કામ કર્યું તે અનેક રાજા ઓએ મળીને પણ કર્યું નથી. અર્થાત્ પ્રેમ અને વિચારની તુલનામાં બીજી કોઇ શક્તિ નથી. તેથી વારંવાર સમજાવવાનું કામ પડે તોપણ હું તૈયાર છું. બે વાર સમજાવવાથી કોઇ ન સમજે તો ત્રીજી વાર સમજાવીશ. ત્રણ વાર સમજાવવાથી જો ન સમજે તો ચોથી વાર સમજાવીશ. અને વાર વાર સમજાવવાથી ન સમજે તો પાંચમી વાર સમજાવીશ. સમજાવવું એ જ મારું કામ છે. જ્યાં સુધી હું સફળ નહીં થાઉં, ત્યાં સુધી હું હારીશ નહીં, નિરંતર સમજાવતો જ રહીશ.

હું જે ધરાયું છું તે સર્વસ્વદાનની વાત છે. જેમ પોતાના કબિએ (તિરુવ) ભાગવતમાં કહ્યું છે: "तस्मिन्कुले जनि धर्मचरसततनु दीनज जाव चीतिरुवाडु धर्मचरसततनु" માતાપિતા ની પેઠે ચીંતા કરવાની આ ઉપમા હું તમને પાડવા ધરાયું છું. જે પ્રેમ થી માતા બાળકો માટે કામ કરે છે, ભૂખી રહીને તેમને ખવડાવે છે, તેમને માટે સર્વસ્વનો ત્યાગ કરે છે તે શક્તિ અને પ્રેમ હું તમારી પાસેથી પ્રગટ કરાવવા ધરાયું છું.

વિચારક્રાંતિને માટે ભૂમિ તૈયાર છે

આજે હું જેલમાં કમ્યુનિસ્ટ ભાઇ ઓને મળવા ગયો હતો. એ ભાઇઓ માટે કે તેમના વિચારો શા છે, તેમની સાથે જે વાતચીત થઇ, તે પુરી અહીં કહેવાની જરૂર નથી, પણ તેમણે એક સવાલ મને કર્યો કે, "શું તમે આ શ્રીમંતોને કરીથી તેમના પોતાના ઘર માં લઇ જઇને વસાવવા ધરાઓ છો? શું એમના દિલમાં પરિવર્તન થવાનું છે? તમને તો લોકો ઠગી રહ્યા છે." કાંઇક આ ભાતનો તેમનો ભાવ હતો. મારે ત્યાં તેમની સાથે ચર્ચામાં ઉતરવું નહોતું, ન તેમના દરેક પ્રશ્નનો જવાબ આપવો હતો. પણ જો એ વાત સાચી હોય કે દરેકના હૃદયમાં પરમેશ્વર વિરાજમાન છે અને આપણા શ્વાસોચ્છવાસનું નિયમન તે જ કરે છે અને બધી પ્રેરણા તે જ આપે છે તો મારો વિશ્વાસ છે કે પરિવર્તન જરૂર થઇ શકે છે. જો કાલાન્તરમાં હોઇ છે અને કાલાન્તરમાં પરિવર્તન કરવા ધરાઇ છે તો પરિવર્તન થવાનું જ છે. મનુષ્ય ધરાઇ ન ધરાઇ પણ જ્યારે તે પ્રવાહમાં પડે છે ત્યારે તેની તરવાની શક્તિ જ કામ તેના કામમાં આવતી નથી. પ્રવાહની શક્તિ પણ કામ આવે છે. એ રીતે માણસ ના હૃદયમાં પરિવર્તનને માટે કાલપ્રવાહ મદદરૂપ થાય છે. આજે તો બધાની ભૂમિ તપેલી છે. એવી તપેલી ભૂમિ પર પ્રેમનાં બે બુંદ છાંટવાનું કામ જો ભગવાન મારી પાસેથી કરાવવા ધરાઇ છે તો હું તે ખુશીથી કરી રહ્યો છું. હું તો મરીબ પાસેથી પણ જમીન લઇ રહ્યો છું. એક એકરવાળા પાસે થી પણ એક ગુંઠો લીધો છે. જો તે આપો ગુંઠો આપત તો તે પણ લઇ લેત. લોકો પુછે છે કે એક ગુંઠો જમીનમાં હું શું કરીશ? હું કહું છું, કરીશ વધો નહીં, જેવો મને તે એક ગુંઠો આપ્યો છે, તેને દરદી બનાવીને હું તેને જ તે જમીન સોંપી દઇશ અને કહીશ કે જે પેદાશ આમાં થશે, તે મરીજોને દઇ દેવી. એક એકરવાળાને એક ગુંઠો દેવાની વૃત્તિ થાય એને જ હું વિચારક્રાંતિ કહું છું. જ્યાં વિચાર ક્રાંતિ થાય છે, ત્યાં જ જીવન પ્રગતિની તરફ વધે છે. "अभिप्रायप्रम् राज्य तृणमिव परित्यज्य सहसा"—એક ઘાસના તણખલાની જેમ રાજ્યનો પરિત્યાગ કરનારા ત્યાગી આ ભૂમિમાં થઇ ગયા છે.

જીવનપરિવર્તનની પ્રેરક પ્રક્રિયા

વિચારશક્તિની કોઇ હદ હોતી નથી. એક વિચાર એક માણસને સુઝે છે કે એનાથી માણસના જીવનમાં ક્રાંતિ થઇ જાય છે. તમે જોયું છે કે કેટલાક મહાપુરુષો એવા પણ હોય છે, જેમના વિચારમાં એવી શક્તિ હોય છે જે બીજાના જીવનને પલટી નાખે છે. તેથી વિચાર જાગ્રત કરવા માટે મેં આ ફરીને પાસેથી પણ એક ગુંઠો જમીન લઇ લીધી. અને જ્યાં હું તે શ્રીમંતો પાસેથી જમીન લઇ રહ્યો હું, ત્યાં તેમના આધારપર મારો વરદ હસ્ત છે કે, "ભાઇઓ, તમારે હવે સહેરમાંથી ભાગી જવાની જરૂર નથી, કયાં સુધી ભાગતા રહેશો!" અથવા જ્યાં મેં શ્રીમંતો પાસેથી સો એકર જમીન દાન લીધું, ત્યાં મેં તેમના મનમાં એક સારો વિચાર પણ જગાડ્યો. દરેક માણસના દિલમાં સારા-નરસા વિચારો હોય છે. હવે તેના હૃદયમાં એક લડાઇ શરૂ થાય છે, એક મહાભારત યુદ્ધ શરૂ થાય છે.

"सुविज्ञान निशिकुरुषे जनाव
सच्चाऽसत्य यवसी पस्पृधाते
तयोर्यत् सत्य यतरत् ऋजीयः
तत्सित् सोमोऽवति हंति आ असत्"

(ઋગ્વેદનારા જણે છે કે દરેક માણસ ના હૃદયમાં સત્ અને અસત્ની લડાઇ હંમેશા ચાલતી હોય છે. જે સત્ છે, તેની રક્ષા થાય છે અને જે અસત્ છે, તેનો નાશ થાય છે) તેથી ડાહ્યા હોગી છે એમ માનવાને કારણ નથી, પરંતુ તેના દ્વારા અન્યાયનાં અનેક કામો થતાં હોય છે. અન્યાય વિના હજારો એકર જમીન કદી એકડી થઇ શકે ખરી? અર્થાત્ જેમણે દાન દીધું છે, તે શ્રીમંતોના જીવનમાં કેટલીયે જાતના અન્યાય અને અનીતિ હોવાનો સંભવ છે, પરંતુ તેમના હૃદયમાં પણ એક ઝબકારો થઇ ગયો કે શું અમે જે અન્યાય કર્યો તે ઠીક છે! પરમેશ્વર તેમને બુદ્ધિ આપશે, તેઓ અન્યાય છોડી દેશે. પરિવર્તન આ રીતે થવા કરે છે.

કાળપુરુષની પ્રેરણા

મારી વિનંતી છે કે હવે આપણને જમાનો આગળ છે. તમે સૌ લોકો

દિલ ખોલીને આપજો. આપવાથી એક દૈવી સંપદ નિર્માણ થાય છે, તેની સામે આસુરી સંપદ ટકી શકતી નથી આસુરી સંપદ લુંટાઇ જવા ઇચ્છે છે. તે મમત્વ-ભાવ પર આધાર રાખે છે, સમત્વ ભણતી નથી. દૈવી તે સમત્વ પર આધાર રાખે છે. દૈવી અને આસુરી સંપદની આ ઓળખ છે.

જ્યાં હું દાન લઉં છું, ત્યાં હૃદય-મંથનની, હૃદયપરિવર્તનની ચિત્તશુદ્ધિ ની, માતૃવાત્સલ્યની, ભાતૃભાવનાની, ગૈરીની અને મરીજોને માટે પ્રેમની આશા કરું છું. ત્યાં બીજાઓની ધીકરની ભાવના જાગે છે, ત્યાં સમત્વ બુદ્ધિ પ્રગટ થાય છે, ત્યાં વૈરભાવ ટકી શકતો નથી. વૈરભાવનું સ્વતંત્ર અસ્તિત્વ જ હોતું નથી. પુરુષમાં તાકાત હોય છે, પાપમાં કોઇ તાકાત હોતી નથી. પ્રકાશમાં શક્તિ હોય છે, અંધકારમાં કોઇ શક્તિ નથી. પ્રકાશને અંધકારનો અભાવ કહી શકીએ નહીં. પ્રકાશ વસ્તુ છે, અંધકાર અવસ્તુ છે. લાખો વરસોના અંધકાર માં પ્રકાશ લઇ જાઓ, એક ક્ષણમાં અંધકારનું નિવારણ થઇ જશે. એ પ્રમાણે આજે પુણ્યોદય થયો છે. તેની સામે વૈરભાવ ટકી શકશે નહીં. આ જ્ઞાન એક અહીંસાનો પ્રયોગ છે, જીવનપરિવર્તનનો પ્રયોગ છે. હું તો નિમિત્ત માત્ર છું. તમે પણ નિમિત્ત માત્ર છો. પરમેશ્વર તમારી પાસેથી અને મારી પાસેથી કામ કરાવવા ઇચ્છે છે. આ કામપુરુષની, પરમેશ્વરની પ્રેરણા છે, તેથી હું માગું છું ત્યારે તમે લોહો આપજો અને દિલ ખોલીને આપજો. જ્યાં લોહો એક ફુટ જમીનને માટે ઝઘડે છે, ત્યાં મારા કહેવાથી લોહો સેંકડો-હજારો એકર જમીન દેવાને માટે તયાર થઇ જાય છે, તો તમે સમજો કે આ પરમેશ્વરની પ્રેરણા છે, તેની સામે થઇ જાઓ. તેના વિરોધમાં ન ઉભા રહો. આમાંથી બહુ થશે.

પ્રેમ કે યુદ્ધની સમસ્યા

આજે હું ફરીથી કહું છું કે આપણે વિજ્ઞાનનો પુરો લાભ ઉઠાવવા ઇચ્છીએ છીએ. જો આપણે વિજ્ઞાનનો પુરો લાભ ઉઠાવીએ તો આ ભૂમિને આપણે સ્વર્ગ બનાવી શકીએ છીએ. પણ પછી વિજ્ઞાનની સાથે હીંસાને નહીં, અહીંસાને જોડવી જોઇએ. અહીંસા અને વિજ્ઞાનના મેળથી જ આ ભૂમિ સ્વર્ગ બની શકે છે, હીંસા અને વિજ્ઞાનના મેળથી સ્વર્ગ ન બની શકે, બલકે નાશ થઇ જાય.

પહેલાં લડાઇઓ નાની નાની થતી હતી. જરાસંધ-ભીમ લડયા, કૂંતી થઇ, પાંડવોને રાજ્ય મળ્યું, આખી પ્રજા ખુન-ખરાબીથી બચી ગઇ. જો આ જમાનામાં એવી લડાઇઓ લડવા માં આવે તો એમાં હીંસા થવા છતાં પણ નુકસાન ઓછું છે, તેથી આ ૬૬ યુદ્ધ હું કબુલ કરી લઇશ. જો હિટલર અને સ્ટાલીન કુરતી માટે તલવાર બાજ જાય અને નક્કી કરે કે જે હારશે તે હાર્યો, અને જે જીતશે તે જીત્યો, તો હું એ કબુલ કરી લઇશ અને જો દુનિયા તે ૬૬ યુદ્ધ જોવા આવે તો હું તેનો નિષેધ નહીં કરું, કારણ કે દુનિયાનું એમાં વિશેષ નુકસાન થશે નહીં. પરંતુ ૬૬ યુદ્ધનો જમાનો હવે વીતી ગયો છે. પહેલાં ૬૬ યુદ્ધ થતું હતું, પછી હજારો લોકો આપસ માં લડવા લાગ્યા. હજારોની લડાઇ પુરી થઇ અને લાખો લડવા લાગ્યા. તેથી પણ પરિણામ આવ્યું નહીં. પછી શું? અહીં વીસ લાખ તો ત્યાં પચીસ લાખ અને અહીં પચીસ તો ત્યાં પચાસ લાખ, આ રીતે એ જમા નો આવ્યો કે હજારો લાખો નહીં પણ કરોડો લોકો આપસમાં લડવા લાગ્યા. માણસની સામે સવાલ એ છે કે કાંતો 'ટોટલ વોર' (સર્વંઆસી યુદ્ધ) ની તયારી કરો અથવા હીંસા, લોહો અને અહીંસા અપનાવો. હું સામ્યવાદીઓને એ સમજાવું છું કે ભાઇઓ, તમે લોહો કર્યાં જેવાર ખુન કરો છો, કર્યાં જેવાર મકાન બાળો છો, કર્યાં કાંઇક લુંટ ઘાટ કરો છો, રાતમાં આવો છો, દિવસે પહાડીઓમાં છુપાઇ રહો છો. પણ હવે છુપાવાનો જમાનો ખલાસ થઇ ગયો છે. હવે એવી હરકતોથી કરો લાભ નથી. જો લડાઇ લડવી છે તો વિશ્વયુદ્ધની તયારી કરો અને તેની રાહ જુઓ. પણ જ્યાં સુધી કરોડો ની સંખ્યામાં હીંસા કરવાની તયારી કરો નહીં ત્યાં સુધી નાની નાની લડાઇઓની આ પદ્ધતિ છોડી દો, અને તમને મત આપવાનો આજે અધિકાર મળ્યો છે, તેનો લાભ ઉઠાવો. પ્રજાને પોતાના વિચાર માટે તયાર કરો. વિશ્વયુદ્ધ યા પરિશુધ્ધ પ્રેમ, એવી સમસ્યા વિજ્ઞાને આપણી સામે ઉભી કરી છે.

મમત્વ છોડો

તેથી જો પ્રેમની, અહીંસાની રીત અજમાવવા ઇચ્છતા હો તો આ જમીનનું મમત્વ છોડો. નહીં તો હીંસાનો એવો જમાનો આવનારો છે કે એમાં બધી જમીન અને એ જમીન પર રહેનારાં પ્રાણીઓ ખતમ થઇ જશે. એમ સમજો કે ભગવાને આ સમસ્યા આપણી સામે ઉભી કરી છે, માટે ભાઇઓ, નિરંતર દાન આપ્યા કરો.

સંપૂર્ણ

ગ્રોસરી ક્યાંથી ખરીદશો?

"બનતી ઝડપે, સારો માલ, કિફાયત ભાવે ગોકલાંવશું" જેમ અમેજ કહીએ, તેના કરતાં અમારા ગ્રાહકોના સંખ્યાબંધ પ્રમાણપત્રોમાંના થોડાંક આપીએ છીએ, તે વાંચશો એટલે આપને ખાત્રી થશે કે "ગ્રાહકોને સંતોષ આપવો" એ અમારો મુદ્રાલેખ અતિશયોક્તિ ભર્યો નથી:—

કેપટાઉનથી રા. રા. એન. ટી. ગોપાલ તેમના ૧૭-૭-૫૦ના પત્રમાં લખે છે:
"...માલ લખવાનું જે આવે તા. ૩૦-૬-૫૦ ના જે માલ રેલ કરેલ તે હમોને તા. ૧૩-૭-૫૦ ના રોજે મળ્યો છે તે બદલ આભાર અને માલ પસંદ છે...."

તા. ૬-૧૧-૧૯૫૦ ના પત્રમાં:—
"...તમારો માલ અમને બધો જ પસંદ પડવાથી રીપીટ ઓર્ડર મોકલું છું.
Yours faithfully,
A. I. Amin,

લુઈસ્ટીખાર્ડથી મેસર્સ રામજી રવજી વતી શ્રીયુત માધવજીભાઇ રામજી તા. ૨૨-૧૧-૫૦ ના પત્રમાં લખે છે:
"...સારો માલ ખાસ જાતે જોઇને અમારી ઉપર રેલવે કરવા મહેરબાની કરશો. તમારું નામ અમોને ઘણ બધસ્ત તરફથી મળેલ માટે..."

ગાંધીવટુ
કઠોર
ઘર—ગરથ્થુ દવાઓ
હવન—પુજાની સામગ્રીઓ
બનારસી સાડી
નૂતન વર્ષ પાંચકા.

એડરેસ:
૧૧૦ લિકટોરીયા સ્ટ્રીટ, ડરબન.
ફોન: ૨૪૮૪૫.

પરસુ નરસીંહ એન્ડ કું. (પી) લીમીટેડ
ડરબનની ૩૦ વર્ષની પુરાણી અને સુપ્રસિદ્ધ દુકાન.

સર્વ માલ સી. ઓ. ડી. થી મોકલાવવામાં આવશે.

મેરીઓ ટેવાની

અનુવાદક : ભાણાભાઈ ગોવિંદજી પટેલ, લીંબાંગરટન

૨૬ વર્ષની વયે પણ મેરીઓ ટેવાની ૯ વર્ષના છોકરાની માફક વર્તે છે, છતાં તેને બોગોળના કોઈ પણ માસ્તર કરતાં દુનિયાનું વધારે જ્ઞાન છે, અને પૂર્વનું (ફીલસૂફી) તત્ત્વજ્ઞાન સારી રીતે સમજે છે.

ઈંદના મહાન પુરુષો સાથે તેમણે ચર્ચા કરી હતી, અને બોગના નિયમનમાં એમણે ઘણી સિદ્ધિઓ મેળવી છે.

મેરીઓ ટેવાની રંગીનીલ, ફીંદી, અને એક કે બે ઈંદની બીજી ભાષા ઓ બોલી શકે છે છતાં પણ એમનું અંગ્રેજી એકવડિયું કહી શકાય.

ડૉ. લુઈસ ટેવાની ૬૩ વર્ષની ઉમરનો છે બહાલદષ્ટિમાં અને મહાત્મા ગાંધીજીની સુધારણામાં માને છે તેનો છોકરો (મેરીઓ) પશ્ચિમનો–રંગનો–છે એમના મા–બાપનું માનવું છે કે મેરી ઓ નવી જાતનો પ્રથમ માણસ હશે!

ડૉ. ટેવાનીને પાર્ટિકમાં બગાડ ન કરી શકે તેવા જેટમા–આધુનિક સુધારાથી પણ બચ્યા દૂર–રહેવું પસંદ પડે છે, સાદી પરિસ્થિતિમાં, કે જ્યાં હવા ચેટ્રોલ અને ધુમાડાથી કોઈ પણ વાર બગડતી નથી.

સુસેક્સમાં (Sussex) હોવ (Hove) તરફ જોકર ઓરડામાં આનંદથી દિવસો પસાર કરે છે. તેઓ તેમના અસાધારણ પુત્રને ઉપર લાવવામાં પણ બચ્યા લીન છે.

અસાધારણ માર્ગ પર એક છેડેથી બીજા છેડા સુધી કેળવણી આપે છે, અને મેરીઓને અસાધારણ જવાબદારી થી તપાસ કરી રહ્યાં છે, જો તેઓ ખરા હશે તો છેવટે મેરીઓનું સાર્જન થશે. ડૉ. લુઈસ ટેવાનીનું જાનવું છે કે કરી થી ૦૮-બનારી પ્રજા એમજ કહેશે કે "ડૉ. ટેવાનીનો માર્ગ ખરો છે."

એકના એક ધંધાથી અને તાજગી ખીલવણીથી ડૉ. અને મીસીસ ટેવાની માને છે કે એમનો છોકરો ઘણું લાંબુ આયુષ્ય ભોગવી શકશે. એમના ધારવા મુજબ મેરીઓનું . કુદરતી આયુષ્ય ૨૦૦થી ૫૦૦ વર્ષની વચ્ચેનું હોવું જોઈએ અને આઠલી નાની ઉમર માં પણ મેરીઓએ ઘણી પ્રગતી કરી છે આમ તેઓ માને છે.

એ લોકો મેરીઓને પીટર પેનનું Potter Pan રૂપાંતર કરવાની ઇચ્છા રાખતાં નથી પણ માત્ર તેની માનસિક અને બૌદ્ધિક વૃદ્ધિ પાછે અને ઘણું જીવે એવીજ આશા રાખે છે, અને આજના તેની સારી તંદુરસ્તી અને વિદ્વાનોની કોઈ પણ માણસે જાણ્યું નહિ હોય તેવી રીતે ઈંદની પ્રચાર કરશે.

એમની ખાસ કેળવણીમાં બોગના આસનો અને ઈંદના તત્ત્વજ્ઞાનનો પણ સમાવેશ થાય છે.

ડૉ. ટેવાનીની કેળવણીમાં સંગીતને પણ સ્થાન આપ્યું છે મેરીઓ સીતાર વગાડવાનું શીખી રહ્યો છે દરરોજ સાંજે એમને ત્યાં સંગીતનો જલસો હોય છે, અને તેમાં ખાસ રંગીનીલ અને ઇટાલીના લોકગીતો ગાવામાં આવે છે.

પૂજ્ય બાપુજીએ ડૉ. ટેવાનીને એકવાર ચરખો ભેટ આપ્યો હતો, એ તેમની સાથે એમણે વાતો કરી હતી. મેરીઓ એ રમકડાંની જગ્યાએ ચરખો લીધો છે.

ઘણીવાર ડૉ. એન. મીસીસ ટેવાની અને મેરીઓ દરિયા કિનારે યોગીક આસને બેસે છે.

ડૉ. ટેવાની એમના પુત્ર મેરીઓને ઘણીવાર કહે છે કે "મારા દીકરા ડહાપણ અને આત્મા માટે હમેશા પુર્ણ તરફ જોવું."

વિવિધ વિષય

કુલાહીના છાપો બનવાનું જામંત્રણ

કરજન સીટી કાઉન્સીલે નકકી કર્યું છે કે, તેઓ સરકારને અરજ કરનાર છે કે કરજન શહેરમાં રૂપ મેરીયાજ એકટને લાગુ કરવા માટે ઠા વા હુકમ અને જવાબદારીઓ કોવી લોઈએ તે જણાવે. સીટી કાઉન્સીલે નકકી કર્યું છે કે ફીંદી અને કલર્કની કમીતીઓ રમાપવી જોયી કાઉન્સીલ બીનગોરી પ્રજા સાથે સંકળાયલી રહે. મુખ્ય હેતુ એ છે કે રૂપ મેરીયાજ ના કાયદાને અમલમાં લાવવા તેઓની મદદ લેવી. મ્યુનીસીપાલેટીના બધા ક્ષેત્રોમાં બીન-ગોરાઓને દાખલ કરવા નો એકજ હેતુ હોય છે કે જેથી રૂપ૦ મેરીપાજ એકટ જર યતાંજ તેઓ પોત પોતાના ક્ષેત્રમાં કાર્ય કરે. કરજનના મેયર સર પર્સી ઓજબોને જણાવ્યું છે કે, કરજનની જુદી જુદી કોમોને એક બીજાના ભયથી મુકત કરવા આમ કરવાની જરૂર છે. વધુમાં તેઓ કહે છે કે, હું નથી માનતો કે આ પગલાનો સખત વિરોધ ઉઠાવામ આવ્યા કુલાહો દિર્ઘ દષ્ટીથી જોશે તો તેઓ જોઈ શકશે કે આ પગલાથી બધી કોમો સુખ અને શાંતીથી રહી શકશે. જો ફીંદી કોમ સીટી કાઉન્સીલને મદદ કરવા તયાર થશે તો તેઓ જોઈ શકશે કે સરકાર અને મારી કાઉન્સીલ તેમના હીતમાંજ છે.

"ડ્રાન રીબીક" મેળાનો બાયકોટ

આવતા વર્ષમાં કેપટાઉનમાં "ડ્રાન રીબીક"નો મેળો ભરાવવાનો છે એનો કેપ્ટાઉન એકસન કાઉન્સીલે બાયકોટ કરવાનો ઠરાવ કર્યો છે. એક નિવેદન કરતાં તે જણાવે છે કે, "આ મેળો ગયા વર્ષથી બીન-ગોરાઓપરની જીતના આનંદમાં ભરાયા કરે છે. આથી બીન-ગોરાઓને હમેશા યાદ રહે કે કોણ માલીક (વિજયી) છે અને કોણ ગુલામ (પરાજીત) છે. કદિપણ આફ્રીકાના ઇતીહાસ બદલામાં કુકત ગોરાઓજોજ આગ નથી ભજવ્યો પણ બીજી બધી દેશમાં વસ્તી કોમોનો એમાં ભાગ છે. કોઈ પણ સ્વમાન પ્રિય બીન-ગોરાને આ મેળાનો સિદ્ધાંત અપમાન ભર્યો લાગશેજ. પ્રસંગ મોટો અને ઇતીહાસીક છે પણ એને ઉજવવા માટે પુરે પુરી સ્વતંત્રતા અને કોઈ પણ જાતના ભેદભાવ ઇતીહાસીક પ્રસંગ તરીકે ઉજવવો જોઈએ. અમે બીજા બધા લોકોને તથા સંસ્થાઓને કે જેઓ બહોળા વિચાર ધરાવનારા છે તેઓને અમને સાથ આપવા આમંત્રીએ છીએ. કેપટાઉન કાઉન્સીલે પોતાનો ખાસ કાર્યક્રમ ઘડયો છે જેમાં કરેક કોમ ભોકાર્ય ગણશે. આ કાઉન્સીલે કેપની સીટી કાઉન્સીલને અરજ કરી જણાવ્યું છે કે, આ કાર્યક્રમના અમ્યને પહોંચી વળવા ૫૦૦ પાઉન્ડ આપે અને મેયરને તથા બીજા બધા કાઉન્સીલરોને કાર્ય વાહક કમીતીમાં દાખલ થવાની રજા આપે.

નવરાત્રીનો ઉત્સવ

નવરાત્રીની ઉજવણી ફીંદુઓમાં આસો સુદ પડવાથી તે નોમ સુધી થાય છે. આ દિવસોમાં દેવીઓની પુજા થાય છે. એવી માન્યતા છે કે દેવીઓ ખુશ રહે તો સંકટો દુર થાય. આથી દેવીને "સંકટ મોચન" પણ કહેવાય છે.

ફીંદમાં કયાંક આ ઉત્સવો જુદામાં થાય છે તો કયાંક વદમાં ઉજવવામાં આવે છે. બંગાલમાં આ ઉત્સાવ દુર્ગા પુજાને નામે પ્રખ્યાત છે. પડવાને દીવસે દેવીની સ્થાપના કરવામાં આવે છે અને આઠમને દીવસે હવન થાય છે નવમીને દીને વિસર્જન અને પાછી દશેરા. ઉત્તર ફીંદમાં આ દિવસોમાં રામલીલા કરવામાં આવે છે અને નવમી સુધી પુર્ણ રામાયણ કરવામાં આવે છે. દસેરાને દિવસે રામ રાવણ પર વિજય મેળવે છે આથી વાસડા પર દસ મસ્તકના ચોગા કરી બાળે કપડે વાસ ને પુતળાનો આકાર આપી રાતના તેને આગ ચાંપે છે અને રાવણનો અંત આણવામાં આવે છે. આમ રામ અને રાવણ હમેશા જીવંત રહે છે અને માનવે પ્રયત્ન કરી રામને અમર કરવાના રહે છે અને રાવણનો નાશ કરવાનો રહે છે, તેનો નવરાત્રી ખ્યાલ આવે છે. સાર એ વધુ રામ બરાબર એ બધુ રાવણ આવા ધાર્મીક પ્રસંગો ઉજવતાં આપણે એ આપણા મોના રાવણને મારવા શકતીમાન થઇ એ તો કેવું સારું! દર વર્ષ મુજબ આ વર્ષે પણ કરજનના સાંધી હોલમાં એનેનાના ગરબા નવરાત્રી-નીમેતે રખાયા હતાં અને પ્રથમ સોની એસોસીએશન તરફથી માતાની સ્થાપના અને હવન તથા ગરબી સંસ્થાના કોલમાં અમલેના રેડીયર રોજ રાતનાં રાખવામાં આવી હતી.

વેચવાના પુસ્તકો

નીતી નાકને માર્ગે (સાંપીત) ૨ ૦
"હીંદ સ્વારાજ્ય" સાંપીજીના લખેલ હીમીત છાપમાં અને એક છાપેલી હાલપ કોપી સાથે ૧૦ ૦
આરોગ્યની ચાવી (સાંપીત) ૧ ૦
અનાસકતી યોગ (સાંપીજીએ ગીતા પરનો કરેલો અનુવાદ) ૧ ૧
સરદારનું જીવન ચરીત્ર ૧૨ ૦
રાજેન્દ્રપ્રસાદનું જીવન ચરીત્ર ૧ ૦ ૦
કારાગૃહના ૧૬ દીવસો (લાપુના જાલ વખતના વિનોબાજીના પ્રવચનો) ૧ ૧

આ ઓફીસેથી મળશે.

દીવાળી અને નવાં વર્ષની
અભિનંદન પત્રીકાઓ

નવી ડબની તૈયાર થઈ ગઇ છે.
ભાવ ડઝનની રૂા. ૭–૦.
નામ છપાવવાં હોય તો રૂા ૪ વધારે.
તાકીદે ઓર્ડર મોકલી વેળાસર મંગાવી લેવા વિનંતિ છે.

મળવાનું ઠેકાણું :
'Indian Opinion,' P.Bag, Phoenix, Natal.

જરા ધ્યાન આપી ફિલ્મોના નામ અને ગીતોની વિગત વાંચજો.

૪ રેકોર્ડ ની "સ્પેશીયલ"
ફીલ્મ આલ્બમ
શી. ૨૫/–
પોસ્ટેજ ૨/–



૧ રેકોર્ડ : ફીલ્મ "સબનમ"
માંગી મદદ ન લગાર,
આપબળે માર્ગ જોઇને ચાલવા
હામ ધરી મૂઢ બાળ
હવે માંગું તુજ આધાર.

ભંભેર્યા તેજથી હું લોભાયો ને
જય છતાં પર્યો ગર્ત,
વીત્યાં વર્ષો ને લોભ સ્મરણથી
સ્ખલન થયાં જે સર્વ
મારે આજ થકી નવું પર્વ.

તારા પ્રભાવે નીભાવ્યો મને પ્રભુ
આજ લાગી પ્રેમ ભેર
નિજો મને તે સ્થીર પગલેથી
ચલવી પહોંચાડશે ઘેર
રાખજો પ્રેમળ જ્યોતિની સેર.

કર્મ ભૂમી કળણ ભરેલી ને
ગિરિવર કેરી કરાડ
ખસમસતા જળ કેરા પ્રવાહો
સર્વ વટાવી કૃપાળ
મને પહોંચાડશે નિજ દ્વાર,
રજની જશે ને પ્રભાત ઉજાશે ને
વિમત કરશે પ્રેમળ
દિવ્યજ્યોના વદન મનોહર
મ્હારે હૃદય વસ્યાં ચિર કાળ
જે મેં જોયાં હતાં ક્ષણ વાર.

'ગાર્ડીઅન' સપ્રેશન ઓફ કોમ્યુનીઝમ એકટનો પહેલો શિકાર

કેપટાઉનના સપ્તાહિક અખબાર 'ગાર્ડીઅન'પર ન્યાય ખાતાંના પ્રધાને આરોપનામું ઓકલ્યું છે જેનો પ્રત્યુત્તર આપવાને એકવીસ દિવસની મુદત આપેલી છે. પ્રત્યુત્તર સંતોષ કારક નહિ હોય અને પ્રધાન મંડળ કબુલ કરશે તો, સપ્રેશન ઓફ કોમ્યુનીઝમ એકટની રૂએ એ અખબારનું પ્રકાશન સરકાર તરફથી બંધ કરવામાં આવશે. આ પ્રમાણેનું નિવેદન 'ગાર્ડીઅને' ગયે અઠવાડીયે બહાર પાડ્યું છે. ઉકત કાયદાની રૂએ ન્યાય ખાતાના પ્રધાન મી. સી. આર. સ્વાર્ટ દ્વારા મુલતવર 'ગાર્ડીઅન' વિષેની હકીકતનો રીપોર્ટ કરવા બહુ માણસો ની એક કમીટી નીમી હતી. કમીટીના સભ્યો એક મેજીસ્ટ્રેટ મી. સી. આર. કલેટ. મી. એમ. સી. ડયુપ્લેસી અને એક બાલ મેજીસ્ટ્રેટ મી. ટી. એચ. વલોક હતા. આ કમીટીએ પોતાની તપાસ છુપી રીતે ચલાવી હતી. 'ગાર્ડીઅન'ને કે તેની વતી કોઇ પણ વકીલને કમીટી સમક્ષ હાજર થવાની તક આપવામાં આવી નહોતી. ન્યાય ખાતાના પ્રધાને કમીટીના રીપોર્ટનો દ્રુંક સાર તારવી 'ગાર્ડીઅન'પર મોકલ્યો છે અને સાથે દ્રુંકી નોંધ કરી છે કે "કંઇ પણ રજુઆતો કરવી હોય તો એકવીસ દિવસની અંદર થવી જોઇએ. સરકારનો કાગળ તેમજ 'ગાર્ડીઅન'નો જવાબ હવે વકીલના હાથમાં છે અને કાયદેસર લેવાં ઘટે તે પગલા લેવામાં આવશે.

'ગાર્ડીઅન'ની નીતીની સાથે અમે મળતા થઇએ છીએ કે નહિ એ અપ્રસ્તુત છે. પરંતુ એટલું તો કહેવું જોઇએ કે સરકારની વર્ણ સંબંધી નીતીનું 'ગાર્ડીઅન' સૌથી સખ્ત અને નિર્ભય ટીકાકાર છે. એ બાબતમાં તેણે જરાયે અસંગતતા દાખવી નથી. સપ્રેશન ઓફ કોમ્યુનીઝમ એકટ પસાર કરવાનો હેતુ સરકારની વિરૂદ્ધ બોલનારા કે વર્તનારાઓને તેમ કરતા બંધ કરી દેવાનોજ છે. એટલે 'ગાર્ડીઅન' સામેના સરકારના આ પગલાંથી અમને જરાયે આશ્ચર્ય નથી થયું. હીંદની આઝાદીની લડતનો અમને જાતી અનુભવ થયો છે અને તેથી આવાં પગલાંથી અમે સૌથી ઓછામાં ઓછા વિસ્મિત થઇએ હીંએ. સરકાર સામેની આપણી લડત અત્યંત કપરી થવાની છે અને દરેક દરેક કટોકટીની આપણે આશા રાખવી પડશે એટલુજ નહિ પરંતુ તેને પહોંચી વળવાની સંપુર્ણ તયારી પણ રાખવી પડશે તેની આ એક ચેતવણી છે. એવો પણ સમય આવે જ્યારે આપણા સઘળાં સાધનો ઝાપી નાખવામાં આવે અને આપણને તદ્દન એકલા કરી મુકવામાં આવે અને આપણી પોતા ની શકિતપરજ આપણે આધાર રાખવો પડે અને છતાં આપણે હીંમત હાર્યા વિના અડગપણે અંત લગી લડતા રહીએ.

હવે જોવાનું રહ્યું છે કે પોતાને લોકશાસનવાદી કહેવડાવતાં અખબારો અને લોકો આ પ્રમાણે સરકારની શુકમાં સપડાયેલાઓની પડખે કેટલા ઉભા રહે છે. અલબત્ત સાઉથ આફ્રીકામાં જ્યાં એક નાની લઘુમતી કોમ તરફથી પોતાના કરતાં બાર ગણા લોકોને દબાયેલા રાખવામાં આવી રહ્યા છે તેના દેશે પોતાને લોકશાસનવાદી કહેવડાવવો એ અસત્યની પરિસિમા છે.

દંભ છુપાવી શકાતો નથી તેમ દંભ કરનારાઓને તે પોસાતો પણ નથી. યુનાઇટેડ પાર્ટીનું પતન તેના દંભનેજ આભારી છે. ડોક્ટર ફમાન્ડો તેની જગ્યાએ એક જબરૂં બળ ઉભું કરી રહ્યા હતા. અને પ્રામાણીક માનવ હકો પણ જેઓને નથી આપવા માં આવતા તેવા સાઉથ આફ્રીકાના સઘળા લોકો તેઓપર મોટી આશાઓ બાંધી રહ્યા હતા. પરંતુ તેઓની પ્રવૃત્તિઓ વિષે આરેલા છેલા ટુચાકે પરથી તેઓ પણ ખોટા ઠર્યા છે. ડોક્ટર ફમોન્ડો, કે જેમણે કલર્ડ લોકો ના મતાધિકાર છીનવી લેનારા સિપરેટ રેપ્રેઝેન્ટેશન ઓફ નોન-યુરોપીયન્સ એકટ) માં પ્રકાશિત થએલી એપાર્ટહેડ ની નીતીની વિરૂદ્ધ લડવાનો એકરાર કર્યો હતો, અને એવું કહી રહ્યા હતા, કે સાઉથ આફ્રીકા એકટની પામાની કલમોનો તે ભંગ કરનારી હતી, તેઓએ હવે એવું જાહેર કર્યું હતું કે 'અકટોબર તા. ૨૩મીના થનારા "એસેમ્બલમન દિન"ની કુચમાં પીનહોરાઓ સામેલ નહિ થઇ શકે. (એસે

ઝેલેખીબનમાં પણ બીનગોરા રૈનિકો જે સ્થાં યુદ્ધમાં જોડાય આવ્યો હતો.) આ પ્રમાણે કરી તેઓએ બતાવી આપેલું છે કે એપાર્ટહેઇડનો તેઓ ખરેખર જ અમલ કરી રહ્યા છે અને તેમ કરીને તેઓએ સઘળા બીનગોરા લોકોનો ગોઠ ખોઈ લીધો છે એટલું જ નહિ પરંતુ યુનાઇટેડ પાર્ટીના અગ્રગણ્યોની દરેકની ટીકાના ભોગ થઈ પડ્યા છે અને સરકારની અને સરકારનો પક્ષ લેનારા આગેવાનોની હાંસીને પાત્ર બન્યા છે. ડૉર્ચ કમાન્ડોની વહારથી અમને જરાયે તાજુબી નથી થઈ. ડૉક્ટર એટલું તો સ્પષ્ટપણે જાણતા હતા કે તેઓ અને તેઓનો પક્ષ લેનારાઓને કલ્પી ન શકાય તેવા પ્રકાર મુજબ તેની ગોટલી વળી ચૂકી નહી હતી જેટલી તેઓના પોતાના હોઠ ભોગવનાર હતા તેની હતી. વર્ણના સવાલપર નેશનલીસ્ટ અને યુનાઇટેડ પાર્ટી વચ્ચે નીતીભેદ બહુ રહ્યો જ નથી. આ સંજોગોમાં 'આર્ડિનન'ની જેવી વસે થઈ રહી છે તેવીજ જલદ તેના કરતાંય ભુરી વસે ની આપણે આશા રાખવી પડશે અને તેને માટે પુરેપુરી તયારી પણ રાખવી પડશે.

તોફાનભરેલું જુઠાણું

આપ જે માનતા હતા કે મુલ્કી પ્રધાન જેવા એક જવાબદાર પ્રધાન બીનજવાબદારીપણે હકીકત વાતો નહિ કરવાની ખાસ સંભાળ લેશે અને હકીકતો જાહેર કરતાં પહેલાં તે સત્ય છે કે નહિ તેની ખાત્રી કરશે. પરંતુ અમારે કહેવું જોઈએ કે ગયા સોમવારની રાતે ડરબન સીટી હોલમાં તેમના બોલવામાં ડો. ડૉંગીસે ૧૪૦૦૦ ઈંડીઓ ગેરકાયદે દાખલ થઈ ગયાનું જે સૂચન કર્યું તેમાં હકીકતોને જાણી જોઈને રજુ કરવાનું તોફાનજ હતું. ડરબનના મેયર મી. પરસી ઓબ્રેઅન જે એમણે એ વાત પ્રથમ કરી હતી, અને મુલ્કી પ્રધાન ડૉ. ટી. ઈ. ડૉંગીસ જેમણે તેની પુનરુક્તિ કરેલી છે, તેઓ બન્નેને શું ખ્યાલ નહિ હોય કે તેવી વાત કેટલી બાલદશી ભરેલી છે અને ઈંડી ગોમને તે કેટલી નુકસાનકર્તા છે? કે પછી બરમૂડીમાંથી બજારીઓને નાબુદ કરી નાખવાને જે રીત ફીટલરે અખત્યાર કરી હતી તે રીત ઈંડીઓના સંબંધમાં અખત્યાર કરવાનો ડો. ડૉંગીસે દૃઢ નિશ્ચય કર્યો છે? ડરબનના મેયરે પુરુ પુરાવા પર આધાર નિવેદનથી ઉભી થયેલી ગેરસમજુતી દુર કરવાનું જોયું પ્રથમ પગલું મેન્શન ખાતાં તરફથી જ લેવામાં આવ્યું હતું અને તેણે ડરબનમાં ઈંડી પકડી વધવાના શકય કારણોનો ખુલાસો કર્યો હતો. એ કારણો આ હતા: (૧) આગળાંમાંથી શહેરમાં આવી વસવાની સામાન્ય વલણ અને (૨) એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં દાખલ થવા સંબંધી તેઓના પર મુકવામાં આવેલા કૃત્રીમ પ્રતિબંધો. આ પ્રતિબંધો જો દુર કરવામાં આવે તો ઈંડીઓને કેપ્રાંત જવાની તક મળે. વધુમાં ઈંડીઓની વસ્તીમાં અગે તેટલો વધારો થયો હોવા છતાં કુલ વસ્તીમાં તેઓનું પ્રમાણ ૨.૫ ટકા માંથી વધી ૨.૯ ટકા થયું છે એ કોઇ પણ પ્રકારે "જબરું" નજર આવી શકાય.

નોંધ અને સમાચાર

શ્રી. મણિલાલ ગાંધીનો સવિનય કાનુન ભંગ

શ્રી. પ્રાગજીભાઇ ધ. પટેલવાળા જેઓ મહાત્મા ગાંધીજીના કરતે રચનાત્મક 'હરિજનબંધુ'ના તંત્રી છે, તેઓ તંત્રીસ્થાનેથી તા. ૨૭ ઓકટોબર ના 'હરિજનબંધુ'માં નીચે પ્રમાણે લખે છે:

શ્રી. મણિલાલ ગાંધીએ દક્ષિણ આફ્રિકાના રંગભેદના કાયદાનો શાંતિ પુર્વક અને અહીંસક રીતે ભંગ કરી ને તેની સામે પોતાનો વિરોધ નોંધાવ્યો છે. આ કાયદા નીચે જે એશિયાવાસીઓ પુરોપવાસીને માટે સુરક્ષિત રાખેલા સાર્વજનિક બાંકડાઓ પર બેસે કે બંચનાલયો કે એવાં જાહેર સ્થળોમાં પ્રવેશ કરે તો તે કુનો અપરાધ છે. શ્રી. મણિલાલ ગાંધી ખુલ્લી રીતે વારંવાર તેવા સાર્વજનિક સ્થળોમાં જાય છે, બાંકડા પર બેસે છે અને કાયદાનો ભંગ કરતા રહ્યા છે. પોલીસ આપીને તેમનું નામઠામ વગેરે નોંધી જાય છે. હજુ સુધી સરકારે તેમની સરકારની નીતિ અને પોતાના ખ્રિસ્તી સિદ્ધાંતો વચ્ચેની અસંગતતા સમજતા હતો. કોઇ પણ કારણે તેઓ પોતે પોતાની સરકાર સર્વોત્તમ ખ્રિસ્તી સિદ્ધાંતોને અનુરૂપ ચલાવી શકવાને અસમર્થ છે, તો હું આશા રાખું છું કે ખોટા કાયદાને નિરર્થક કરવાની આ રીત સાથે સમાધાન કરી લેશે.

જેમને આ કાયદો અસર કરે છે, તેવા લોકોએ વધારે મોટી સંખ્યામાં શ્રી. મણિલાલ ગાંધીના આ અહીંસક પણ દૃઢ અને શાંત માર્ગનું અનુસરણ કરવું જોઇએ. આવી દરેના જોરા લોકોએ પણ આવા અહીંસક કાનુન ભંગ કરનારાઓ પ્રત્યે ખુલ્લી રીતે સહાનુભૂતિ દાખવવી જોઇએ. હું માનું છું જેમની સંખ્યા ઠીક ઠીક સારી હશે, કાનુનભંગ માટે જેમની સામે કામ ચલાવવામાં આવે તેમણે તેને હસતે મોઢે વધાવી લેવું જોઇએ. જે તેમના કાનુનભંગ પ્રત્યે ઉદાસીનતા બતાવવામાં આવે તો તેમને પોતાને જોઇતી ચીજ મળી જતા છે. તે જરી રીતે તેમનો કુદરતી અધિકાર છે, તેથી તેનો શાંતિ પુર્વક ઉપયોગ તેમણે કરવો જોઇએ.

આ કાયદો એક હેતુમાં નકામો થઈ જતા એટલે એપી બીજા હેતુમાંયે તેને નિરર્થક કરવાના માર્ગો આપમેળે શુજી આવશે. ખુદ કાયદા જ સમાનતા અને ન્યાયના મુળભૂત સિદ્ધાંતની વિરુદ્ધ છે, તેથી તેનો અહીંસક ભંગ કરવામાં શુદ્ધ નીતિનો ભંગ નથી. ઉલટું, ડરી જઈને બાધકતાપણાથી તેને વશ થવામાં શુધ્ધ નીતિથી વિરુધ્ધ વર્તન થાય છે.

ડૉર્ચ કમાન્ડોની વર્ણભેદની નીતી

ન્યુકાસલમાં એક સભામાં બોલતા કરતાં ડૉર્ચ કમાન્ડોના નેશનલ ઓરગનાઇઝર મી. હાર્મ્સ એકકરે કલર લોકોના સબબપદ વિષે લાંબાથી ખુલાસો કર્યો હતો. તેમણે કહ્યું કે, કલર્ડ સભ્યોને દાખલ કરવામાં આવશે તો કેટલાક સભ્યોએ રાજીનામું આપી દેવાની ધમકીઓ આપી હતી. મી. એકકરે જવાબમાં સબબપદની લાયકાતો વાંચી સંભળાવી. તેમણે કહ્યું કોઇ પણ સાધનની રચનાના રીજનલ કમીટીની સંમતીથીજ થઇ શકે. કેટલાક ભાગોમાં કેપ કલર્ડો હજુ મતાધિકાર ધરાવી રહ્યા છે અને ત્યાં તેવા કલર્ડો પોતાની અલગ શાખાઓ સ્થાપી શકે છે. કોઇ પણ નેટીવો કમાન્ડોના સભ્યો નથી. મી. એકકરે આગ્રપુર્વક જણાવ્યું કે અમારું એકમાત્ર ધ્યેય મત અને મત ગણત્રીની પેટી છે, અને તેથી જેઓ મતાધિકાર ધરાવતા કોય તેઓનેજ અમારાથી બને સહકાર યુરોપીયનો અને નોન-યુરોપીયનો વચ્ચે યુરોપીઅનની લાગણી સરકાર નષ્ટ કરી રહી છે એ જોઇને અમને ઘણીજ શરમ ઉપજે છે. સઘળી જાતીઓ વચ્ચે સુસંબંધ પુનઃ સ્થાપિત કરવાનું કામ મોટામાં મોટું છે." આ ખુલાસો વેાર વેટરન્સ ડૉર્ચ કમાન્ડોના કેપટાઉન ખાતે પબ્લીસીટી ઓફીસર મી. એબ્લ્યુ. એચ. પેનીએ પહેલાં કરેલી જાહેરાતપરથી કરવામાં આવ્યો હતો. મી. પેનીએ એવું જાહેર કર્યું હતું કે ઓકટોબર તા. ૨૩મીના એલેખીબન્સ ડેની ડૉર્ચ કમાન્ડોની કુચમાં બીન ગોરાઓ ભાગ લઇ નહિ શકે.

શ્રી. મણીલાલ ગાંધીએ એપાર્ટહેઇડના કાયદાનો કરી કરેલો ભંગ

શુક્રવાર તા. ૧૯મીના શ્રી મણીલાલ ગાંધીએ ચોથી વખત કરબન મ્યુનીસીપલ લાયબ્રેરીની મુલાકાત લીધી હતી અને તેનું વાંચનાલય જે યુરોપીયનોને માટેજ ખાસ છે તેમાં દાખલ થયા હતા. આ વખતે તેઓ પોતાના પત્ની શ્રીમતી સુશીલા ગાંધીને તથા તેમના પુત્રી કુમારી સીતા ગાંધીને સાથે લઇ ગયા હતા. ત્રણેને લાયબ્રેરીયન તરફથી બે વખત ચાલ્યા જવા સુચવવામાં આવ્યું હતું પરંતુ તેઓએ જવાની ના પાડી હતી. વીસેક મીનીટ બાદ પોલીસ ખાતાના અમલદારે આવી ત્રણેના નામઠામ લઇ લીધાં હતાં.

એજ દિવસે શ્રી. મણીલાલ ગાંધી તથા શ્રીમતી સુશીલા ગાંધી કરબનથી બોટાનીક ગાર્ડન તરફ જતી મ્યુનીસીપલ બસ પર ચઢી નીચે ના અંશના ભાગમાં જ્યાં બીનગોરાઓને દાખલ થવા દેવામાં આવતા નથી ત્યાં જઇ બેઠાં હતાં. કન્ડકટરે આવી તેઓની જાતી જુઓ છે તે પુછ્યું. ઈંડી છે એમ જણાવવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું કે તમારે ઉપર જવું પડશે. શ્રી. મણીલાલ ગાંધીએ કહ્યું, અમે અહીંજ બેસવા પ્રબંધીએ છીએ. કન્ડકટરે તેઓનું નામ પુછ્યું. તેમણે નામ આપવાની ના કહી. એટલે કન્ડકટરે કહ્યું, "ત્યારે મારે પોલીસને ખબર કરવી પડશે" શ્રી. મણીલાલ ગાંધીએ કહ્યું. "જરૂર, પોલીસને માર નામ આપીશ." બસ ઉભી રાખવામાં આવી અને કન્ડકટર પાસેની દુકાનમાં પોલીસને ટેલી ફોન કરવા ગયો. દસ મીનીટ બાદ આવી સુપ્રત્યક્ષ શ્રી. મણીલાલ ગાંધીના હાથમાં એ ટીકીટ મુકીદીધી અને બસ ચાલતી થઇ.

નેશનલીસ્ટ પાર્ટીના અખબારની ટીકા

ટોર્ચ કમાન્ડોની વર્ણભેદની નીતીપર ટીકા કરતાં ડી બર્ગરે લખ્યું હતું કે: "ટોર્ચ કમાન્ડોની સંસ્થા જે એપાર્ટહેડ સામેની લડતમાંથી ઉદભવી હતી તેણે એપાર્ટહેડને અપનાવી લીધું છે....આ રીતે એપાર્ટહેડના ખ્યાલની તદ્દન અણધાર્યા રમણમાં છત થઇ છે." 'ડી બર્ગર' પ્રશ્ન પુછે છે કે: એસ એમેલીયનમાં શું બીન-ગોરાઓએ ભાગ નહોતો લીધો? અને વધુમાં તે લખે છે: "જે લોકો બેર ગોરથી એવી આશા રાખતા હોય કે જે સિદ્ધાંતો અને નીતીનો પોતે જાતે મરકીની જેમ ત્યાગ કરતા હોય તેને તેઓના રાજકીય વિરોધીઓએ અપનાવવા જોઇએ, તેઓ ઉંડા તિરસ્કારનેજ પાત્ર છે. તેણે જે વર્ણભેદની નીતી અખત્યાર કરી છે તેથી ટોર્ચ કમાન્ડોએ અને તેના ઉદારમતના સાથીઓએ પોતાનો મુળ પાયો નષ્ટ કર્યો છે. તેઓ તકવાદી લોકો છે કે જેને વિચારવાન લોકો ધ્યાન આપી શકતા નથી."

બીજા ટીકાકારો

ઓકટોબર તા. ૧૨ના 'આર્ગસ' માં મી. સેમ કાહાન લખે છે:

'ફેપટાઇમ્સ' જેવા મીત્ર અખબારોએ પણ સરકારની એપાર્ટહેડની જે નીતી તેનો નાશ કરવાને પોતે એકરાર કરેલો છે તે અમલમાં મુકવાને કમાન્ડો કલોનીની શાખાઓ હરતી ધરાવતી નથી એવાં બોટાં બહાનાઓનો લાભ લે છે, તેની તરફેણમાંથી ટીકા કરેલી છે....."એક કંટાળેલા યુરોપીયન કર્મચારીએ" 'ફેપટાઇમ્સ'માં કાગળ લખ્યો છે તેમ, "જે રંગવાળાઓએ એસેમ્બીયનમાં મદદ કરી હતી તેઓને, ટોર્ચ કમાન્ડોની એસેમ્બીયન ડેની યુધ્ધ માં ભાગ લેવામાંથી, તેઓએ પોતાની સત્તાવાર બીન-ગોરાઓની શાખાઓ રચવેથી નહિ હોવાના છીછરાં અને હાસ્યિક કારણથી, બાતલ રાખવામાં આવ્યા છે. જે લોકશાસનની આ માર્ગદર્શકો ગર્વથી વાતો કરી રહ્યા છે તે શું એવી છીછરી છે કે જેની નીચે તરી આવતો જોવામાં આવે છે?"

આફ્રીકાનો પક્ષ બાતલ

વોરચેસ્ટરન્સ ટોર્ચ કમાન્ડોના નેશનલ ચેરમેન ટોર્ચમેન એલ. કેન-સ્મરમન જે તેની એકશન કાઉન્સીલના વડા છે, તેમણે અકટોબર તા. ૧૨મીના, જોહાનીસબર્ગમાં જણાવ્યું હતું કે "નેટીવો ને આ હીસ્પાલમાં દાખલ કરવાની કાઉન્સીલ વિરૂધ્ધ છે." તેના તેમણે બે કારણો આપ્યા. કમાન્ડોની લડત તો આધાર મત ઉપર રહેલો છે એટલે જેઓ મતાધિકાર નથી ધરાવતા તેઓને દાખલ કરવાનો કશો અર્થ નથી. જેઓ મતાધિકાર ધરાવતા હોય તેઓજ સભ્ય બની શકે." મી. સેમ કહાન જણાવે છે કે, ટોર્ચમેન કેન-સ્મરમને સાઇથ આફ્રીકા એકટ, જે ને માટે તેઓ લડી રહ્યા છે, તે તેમણે ફરી વાંચવાની જરૂર છે. નેટીવો કેપમાં મતાધિકાર ધરાવે છે અને આજે પણ તેઓ કેપ પ્રાંતમાં ત્રણ પાર્લામેન્ટના સભ્યો અને ત્રણ ઉત્તર પ્રાંતોમાં ચાર સેનેટરો ચુંટી શકે છે. બીજું કારણ તેમણે એ આપ્યું છે કે, "ગોરા સામે કાળાઓને ઉભા કરવાનું કાઉન્સીલને ઉચિત નથી લાગતું." મી. સેમ કહાન વાજબી પ્રશ્ન પુછે છે કે: "તો શું ગોરા નાઝીઓ અને ફેશીસ્ટો સામેના યુદ્ધમાં કાળા રોનિકોએ જાન નથી આપ્યા? શું ગોરા અને કાળા બન્ને તેઓ લોકશાસન માટે લડતાં પોતાના અંગો નથી ગુમાવ્યા?"

અખબારોની ટીકા

'આર્ગસ' સામે સરકારે લીધેલાં પગલાંની ટીકા કરતાં 'નાટાલ મરકયુરી' લખે છે કે, કાયદો, જે આવી જાતનું પગલું લેવાની સત્તા આપતો હોય તો પાર્લામેન્ટમાં અને પાર્લામેન્ટની બહાર તેના સખ્તમાં સખ્ત ટીકાકારો કરતાં પણ કાયદો વધારે બરાબર છે એવું સિદ્ધ થાય છે. તો પછી એ દિવસ બહુ દુર નથી જ્યારે કોઇ પણ અખબાર કે સરકારની નીતીનો સાથે મળતું નહિ થાય તેને નાબુદ કરી દેવા માં આવશે." 'નાટાલ ડેલી ન્યુઝ' લખે છે કે "અખબારી સ્વતંત્રતાનો ભોગ લેવાતાં પહેલાં ઘણો લાંબો સમય પસાર થવો જોઇએ. આ કરો પણ અર્થ થતો હોય તો આ દાખલામાં કામ ખુલ્લી રીતે ચલાવવામાં આવવું જોઇએ અને ઉપરની અપીલ પ્રધાન મંડળને નહિ પરંતુ દેશની સૌથી વરિષ્ટ અદાલતને થવી થવી જોઇએ."

હીંદીઓને રીપેટ્રીએટ કરવાનું

યુનાઇટેડ પાર્ટીએ આપેલું વચન

ઓપોઝીશનના લીડર મી. જે. જી. એન. સ્ટ્રાઉસે ગયે અઠવાડીયે પ્રિટોરીયા માં ચુંટણી ઝંઝેનું આપણ કરતાં લાગતા વળગતા દેશો સાથે મસલતો કરી હીંદીઓને રીપેટ્રીએટ કરી દેવાનો યુનાઇટેડ પાર્ટીનો હેતુ ફરી વ્યકત કર્યો અને જણાવ્યું કે જો એ સફળ નહિ થાય તો ૧૯૬૬માં જનરલ હર્ટઝોગ

હીંદી સવાલપર ડો. ડોંગીસ

ગયા સોમવારની રાતે ડરબનના સીટી હોલમાં નેશનલીસ્ટ અને આફ્રીકાનર પાર્ટીઓનું વિધિસર ઓફીકરણ કરવામાં આવ્યું તે સમય આપણ કરતાં મુલ્કી પ્રધાન ડો. ટી. બ. ડોંગીસે જણાવ્યું હતું કે, સરકાર ની સામે મતવાદપર રચાયેલા કાયદા ધડવાનો આરોપ મુકાયેલો છે તેના સંબંધમાં જે એમ કહેવામાં આવતું હોય કે, સાઇથ આફ્રીકાને ગોરાનો મુલક રાખવાના પગલાં લેવાજ રહ્યા છે એ મતવાદ છે, તો હું એ ગુનો કબુલ કરું છું. એ ગુનો કબુલ કરું છું એટલુજ નહિ પરંતુ તેમ કરવામાં ગર્વ લઉં છું. સરકાર આ બાબતને તાત્કાલિક ભવિષ્યની દ્રષ્ટિએ નથી જોઇ રહી પરંતુ તેઓના સંતાનો અને તેઓના સંતાનોના સંતાનોની દ્રષ્ટિએ જોઇ રહી છે.

ડો. ડોંગીસે કહ્યું કે, મી. સ્ટ્રાઉસે હુંક મુદતપર નાટાલમાં જણાવ્યું હતું કે હીંદીઓને ૧૯૪૩ના કાયદામાં અપાયો હતો તેવો મતાધિકાર આપવામાં આવશે. પરંતુ એ ઓફરને તો હીંદીઓએ ફેંકી દીધી હતી. મી. સ્ટ્રાઉસ હવે કેપના કલર્ડો જેવું પ્રતિનિધિત્વ ધરાવે છે તેવા ધોરણે તે આપવા માંગે છે.

એક વખત હતો જ્યારે યુનાઇટેડ પાર્ટી હીંદીઓને ફરી મતાધિકાર આપવા તલપાપડ થઇ હતી. "શું તમે ભુલી ગયા છો કે ૧૯૨૩ માં નાટાલની પ્રાંતિક કાઉન્સીલે તેઓનો ઇલેકટીવ મતાધિકાર રદ કર્યો હતો?"

ડો. ડોંગીસે કહ્યું, ચૌદ હજાર હીંદીઓ દેખીતી રીતે ગેરકાયદે દાખલ થયા છે એ જોઇને તેમણે ઇમીગ્રેશન રેજીસ્ટ્રેશન એકટ તાજેતે અમલમાં મુકવાની સુચના આપેલી છે.

શું તમે એવા લોકોના હાથમાં નાટાલનું બાવી મુકવા માંગો છો કે જેઓ તેને વિષે એટલી બેપરવાઇથી વર્તો કરે છે?

રૂપ એરીયાઝ એકટ પર

ડો. ડોંગીસ

૧૯૨૩ માં પ્રાંતિક કાઉન્સીલે જો હીંદીઓનો રહાનિક મતાધિકારનો હક ખેંચી નહિ લીધો હોત તો આજે ડરબનની સીટી કાઉન્સીલમાં યુરોપીયન કોમના કરતાં હીંદી કોમના વધારે પ્રતિનિધીઓ હોત. પ્રાંતિક કાઉસીલ એ પગલાને ૧૯૨૫ માં નેશનલીસ્ટ સરકાર નકારવા તરફેગાર નહોતી. આ વસ્તુ મુલ્કી પ્રધાન ડો. ડોંગીસે ડરબન કોરની વસતીના આંકડાઓનું પ્રથકકરણ કરતાં ગયા સોમવારે 'નાટાલ ડેલી ન્યુઝ'ને એક મુલાકાત દરમીયાન કરી હતી. તેમણે કહ્યું કે આ પહેલી જ વખત ડરબનમાં યુરોપીયનો કરતાં હીંદીઓ વધારે થઇ ગયા છે.

ડો. ડોંગીસે કહ્યું કે રૂપ એરીયાઝ એકટ એ દેશના હીંદી સવાલ અને નોન-યુરોપીયનોના સવાલને લગતી અન્ય બાબતોના સંબંધમાં સરકારની હુંકો ગાળાની યોજના છે. લાંબા ગાળાની યોજના હીંદી વસતીને રીપેટ્રીએશનથી ઓછામાં ઓછી કરી દેવાની છે.

ડો. ડોંગીસે કહ્યું કે રૂપ એરીયાઝ એકટથી નોન-યુરોપીયનો માટે જુદા પાડવામાં આવેલા જત્તાઓમાં રચાનિક સત્તા વાપરવાને દરવાજો ખોલવામાં આવ્યો છે તેને લગતી કલમ કેમ વાળવી હોય તેમ વાળી શકાય તેવી છે.

એ જવાબદારીઓ તેઓના હાથમાં કેટલી અને કેવી મુકી શકાય એ રચાનીક સત્તાધીશો. અને પ્રાંતિક કાઉન્સીલો સાથે મસલતોથી નકકી કરવામાં આવશે.

કાયદો સંપુર્ણપણે અમલમાં કયારે મુકાશે એ કહેવું અશકય છે. કાયદો માત્ર બાતીવાર પાડાઓ પાડવાને સાધન પુરૂં પાડનારો છે. સરકાર ધારે છે કે તેમ કરવાના પહેલ રચાનીક સત્તા ધીરો તરફથી થવી જોઇએ.

પ્રધાને કહ્યું કે રૂપ એરીયાઝ એકટ માં અમુક સુધારાઓ કરવાનો વીચાર ચાલી રહ્યો છે. અને આવતી પાર્લા મેન્ટની બેઠકમાં તે દાખલ કરવામાં આવશે. એ સુધારા કાયદાના અમલ સંબંધી છે. કાયદાના સિદ્ધાંતમાં કશો ફેરફાર કરવામાં નહિ આવે.

ટ્રાંસવાલ-કમાં ગોરાઓને વસાવવાની યોજના

અખબારોમાં પ્રસિદ્ધ થયેલા અખરો મુજબ યુનીયન સરકાર ગોરાઓના વસવાટ માટે જે પ્રદેશ આખાર સુધી યુનીયનની બાલીકાનો નહોતો તેને યુનીયનમાં જોડી દેવાની યોજના કરી રહી છે. એ પ્રદેશ ઝુલુલેન્ડની ઉત્તરે આવેલ પોંગાલેન્ડનો છે. રાજદ્વારી નીરીક્ષકો મુજબ પોંગાના લોકોની વતી સુનો સમક્ષ અપીલ કરવાનો વિચાર ચાલી રહ્યો છે અને સરકારનો ઇરાદો જણાવામાં આવતાં એ પગલું

લેવાવા સંભવ છે. વધુમાં જણાવવામાં આવે છે કે અપીલ એ આધારે કરવામાં આવશે કે ટોંગાલેન્ડ કરી કરવામાં આવ્યું નહોતું પરંતુ ૧૯૦૬ માં ચોરસુગીરો અને ટોંગાના રાજા વચ્ચેના કરાર દ્વારા તે બ્રિટીશ તાબાના સંરક્ષણ નીચે મુકવામાં આવ્યું હતું. ટોંગાના લોકો હવે એ બંદરથી ચીનામાં પકી ગયા છે અને તેનો કબ્જો ધરાવવામાં નથી આવ્યો–કે મુનીપલ અરકાર ચોગોગાની બીજુનો જે ભાગ ટોંગાલેન્ડ માંથી પસાર થાય છે તેમાં મોટા પાયા ઉપર ગોરાઓને વસાવવાની યોજના ઘડી રહી છે. યોજના ચોગોગા નહીને ત્યાંથી એમોમ્બાના પર્વતોમાંથી તે પસાર થાય છે ત્યાંથી બાંધી દેવાની જણાય છે. ટોંગાના લોકો અને તેમેના યુરોપીયન સહાનુભૂતી ધરાવનારાઓ એવી દલીલ કરે છે કે આ પરંપરાથી ચાલતો આવેલા નેટીવ પ્રદેશમાં ગોરાઓને વસાવવાનું નૈતિક કે કાયદેસર કશુંજ વાજબીપણું નથી અને જો ટોંગાલેન્ડ ને ખુલ્લો કરવામાં આવે તો તે યુરોપીયનોના નહિ પરંતુ આદીવાસીઓના વસવાટને માટે હોવો જોઇએ.

પાકીસ્તાનના નવા વડા પ્રધાન

પાકીસ્તાનના ગવરનર–જનરલ જનાબ ખ્વાજા નાઝીમુદ્દીન, મરહુમ લીયાકત અલીખાન, જેમનું ગયે અઠવાડીયે રાવલપીંડીમાં ખુન થયું, તેમની જગ્યાએ નવા વડા પ્રધાન નીમ્યા છે. પાકીસ્તાનના નાણા ખાતાના પ્રધાન જનાબ ગુલામ મહમદની રાજાએ પાકીસ્તાનના ગવરનર-જનરલ તરીકે નીમણુક કરી છે. મરહુમ લીયાકત અલી ખાનની દફનક્રીયા ગુરૂવાર તા. ૧૭મી ના થઇ હતી. મુનીપલના મુખ્ય મથકે દીલ્હી જોગે પોતાનો વેપાર અમુક વખત માટે બંધ રાખ્યો હતો. અને મરહુમને અંજલી આપનારી સભાઓ ભરાઇ હતી. પાકીસ્તાન સરકારપર થયા દીલસોઝના સંદેશાઓ આવ્યા હતા, જેમાંનો એક મુનીપલના વડા પ્રધાન ઉપર મલાન તરફથી પાકીસ્તાનના વડા પ્રધાન જનાબ ખ્વાજા નાઝીમુદ્દીનપર નીચે પ્રમાણે ટેલીગ્રામ આવ્યો હતો:

"પાકીસ્તાનને થયેલી મહાન કરૂણ ખોટમાં હું અને મારા સાથીઓ આપ ના પ્રત્યે ઉંડી દીલસોઝી દર્શાવીએ છીએ. લીયાકત અલી ખાનના અવસાનથી માત્ર પાકીસ્તાનને જ નહિ પરંતુ સમસ્ત મોહમ્મદશાસનવાદી આલમ ને ચોટ થઇ છે. આજે જ્યારે આંતર રાષ્ટ્રિય સ્થિતિ એટલી તંગ થઇ રહી છે ત્યારે તેમણે બતાવેલી રાજદ્વારી પુનેદની બધીજ જરૂર હતી અને તેમ ની ખોટ તેને પોસાય નહિ તેવી થઇ છે."

૩૬૫ એરીયાઝ એકરનો લેડીસ્મીથમાં થએલો અમલ

૩૬૫ એરીયાઝ એકરનો સાઇબ આફ્રીકામાં પહેલવહેલો અમલ લેડી સ્મીથ ટાઉન કાઉન્સીલે કર્યો છે. તેણે જુદા જુદા જેતીવાર વાડાઓ—એક યુરોપીયનો માટે અને એક હીંદીઓ માટે–બાંધ્યા છે. તેમાં યુરોપીયનોની વસતી ૧૪૩૬ ની છે અને હીંદીઓની ૨૦૨૭ ની છે. મુજબ પ્રધાન તે મંજુર કરે તે પછી યુરોપીયનો અને હીંદીઓ ની પોતપોતાના વાડાઓમાં ફેરબદલી થશે. પ્લેન બતનારાઓ જણાવે છે કે હાલ તુરત બહુ ફેરબદલી નહિ થાય કારણ કે પ્રથમ સત્તાઓ ગ્રેાકલેમ કરવામાં આવ્યા છે તેમાં તે તે વર્ગના લોકોજ મોટે ભાગે રહે છે.

મેયર મી. ૪. સી. ટેઇલર 'નાટાલ ડેલી ન્યુઝ'ને આંકો આપે છે કે વાડા ઓ એવી રીતે પાડવામાં આવશે કે ઓમાં ફેરફાર કરવાનું ધારવામાં આવ્યું છે.

હીંદીઓ માટેના સત્તામાં હાલનું સનાર્ડ ટાઉનશીપ, જેમાં વીજળી અને પાણી ની સાધારણ રીતે ઠીક સગવડ છે, તેનો સમાવેશ કરવાનું ધારવામાં આવ્યું છે. બાજીનો આમ ટાઉન પ્લેનીંગ કરનારે કરવે કરેલો છે, જે મુજબ, વેપારના મથક સહીત સઘળી સગવડો વાળું એક સ્વતંત્ર ટાઉનશીપ બનાવવાનું ધારવામાં આવ્યું છે.

આવતા વર્ષમાં બાકીની મ્યુનીસીપલ સગવડો પુરી પાડવાનું કામ કરવા ધારવામાં આવ્યું છે. હીંદીઓ માટેનો સત્તો આજે મુખ્યત્વે તેઓથી વસાયેલો છે તે હોવાનું જણાવાય છે. તેમાં થોડા વધુ યુરોપીયનો વસે છે તેઓને પોતાના મકાન ખાલી કરી જવાના રહેશે.

નૂતન વર્ષાભિનંદન

લેખક: શ્રી. રતિલાલ ઝવેરચંદ ચાંપાનેરી.
(શાર્દુલ વિક્રીડિત)

વાયે મંદ સમીર આજ નભમાં ઉષા નવી ઉગતાં,
સોહાવી કંઇ સાકી તાજા વરણી આદિત્ય વર્ષોયતાં,
ભણે નૂતન વર્ષ દિન વદતી સ્મિતપ્રકાશી મુખે,
વિતો આ તમ વર્ષ નૂતન પણા આનંદમાંહી સુખે.

આનંદે ઉજવો સ્વતંત્ર દિન એ આવે પ્રતિ વર્ષમાં,
પામો સંપતિ સર્વદા સપુતણા દિનો વિતે વર્ષમાં,
ચાહો ચિત્ત તમેમ ભારતતણા હંમેશ ઉત્કર્ષમાં,
વિતાવો તમ આયુ દેશ હિતના કાર્યો વિશે સર્વદા.

પામો પ્રીતિ અનંતની રવિસમી જોપંતી એ ઉજવણી,
બુદ્ધિ દે વિભુ સર્વને ચમકતી જેવી ગજે વીજળી,
રાધેશ્યામ પ્રતિ વિનમ્ર વિનતિ પ્રાર્થો બની જે ગુણી
વંદીને રતિલાલ' એમ વિનવે જોડી હિલસતો થકી.

જેથી રમાણી પડેલી ફાઇલોને અણુ ચીતર્યા ઉલેડવાની જરૂર નહિ પડે

લેડીસ્મીથના તુરતમાં ગ્રેાકલેમ કરવા ને તબદાર થએલા પ્લેન મુજબ કામ કામ ૫૦૦૦ એકર યુરોપીયન સત્તાને માટે અને ૧૦૦૦ એકર હીંદીઓને માટે સગવડ થઇ છે. બાકીની શહેર ની ૧૧૦૦૦ એકર જમીન, જેમાં જુદી જુદી જાતીના લોકોનો મીશ્ર વસવાટ છે, તેના હાલ તુરત વાડા પાડવામાં નહિ આવે. એ સત્તામાં નેટીવ લોકેશન, ૨૨૦ એકર ઉદ્યોગ માટેની જમીન, વેપારનો સત્તો અને શહેરની મહીનાની જમીનનો સમાવેશ થાય છે.

પ્લેન મુજબ આ સત્તાને કાયદાની રૂએ ધીમે ધીમે ગ્રેાપર્ટીઓના ટ્રાંસફર પર કન્ટ્રોલ મુકીને જુદા જુદા વાડા કરવાની ધારણા છે.

કરણ તરફ જતી રેલવે લાઇનની બાજુએ આવેલી જમીન જ્યાં કાઉન્સીલે નવા ઉદ્યોગોને માટે સત્તો ખુલ્લો મુકવો છે ત્યાં એ સત્તો આવેલો છે. કાઉન્સીલ ના પ્લેન બતનારાઓની આશા છે કે નવો સત્તો જેમ, જેમ ખીલતો જશે તેમ તેમ તેની બહારના હાલના સત્તા માંથી હીંદીઓ બરાબર ત્યાં જતા થઇ જશે. તેઓ કહે છે કે એ બધી સારી ખુલ્લી જમીન છે ત્યાં ઘરેક વર્ગના હીંદીઓને માટે સારા ઘરો બનાવી શકાય તેમ છે.

યુરોપીયન સત્તો પ્લેન મંજુર થતાં પ્રથમ વસવાટને માટે જ ડીકલેર કરવા માં આવશે પછી ત્યાં વસવાટ કરતા હીંદીઓએ ઓછામાં ઓછાં એક વર્ષની નોટીસે મકાનો ખાલી કરી જવાના રહેશે, જો કે હાલ તુરત તેની મહીનો તેઓ પરવાની ચાલશે.

વાડા નથી પાડવામાં આવેલા તે સત્તામાં હાલ મોટા ભાગના હીંદી વેપારીઓ છે, જેઓના હાથમાં શહેરનો પરચુરણ વેપાર રહેલો છે.' કાઉન્સીલના પ્લેન બતનારાઓ આશા રાખે છે કે ધીમે ધીમે તેઓને નદીની પેલી પાર તેઓના સત્તામાં ખસેડી શકાશે.

આ ફેરફારોની ચર્ચા કરવા રવાનીક હીંદીઓ કાઉન્સીલને મળવાના છે.

ટ્રાંસવાલ યુનાઇટેડ પાટીદાર સોસાયટી

આથી સર્વે હીંદુ ભાઇઓ તથા બહેનોને વિનંતી કરવામાં આવે છે કે તા. ૩૦–૧૦–૫૧ ને મંગળવારે દિવાળી નો સુપર્વ હોવાને કારણે પ્રત્યેક ભાઇ ઓ પોતપોતાનો ધંધો રોજગાર બંધ રાખી રજા પાળે.

તેજ દિવસે સાંજે સાત વાગે થી ટ્રાં. યુ. પાટીદાર સોસાયટી તરફથી પાટીદાર હોલમાં દિવાળી મહોત્સવ ઉજવવામાં આવશે.

શ્રી. ભારત ભારદા મંદિરના બાળકો તરફથી પ્રસંગોચિત મનોરંજક કાર્યક્રમ રજુ કરવામાં આવશે.

સઘળા હીંદુ ભાઇઓ તથા બહેનોને એ પ્રસંગે હાજર રહેવા આમંત્રણભરી વિનંતી છે.

ડાહ્યાભાઇ ખુશાલભાઇ
રમણભાઇ ગોમાભાઇ,
માનદ્ મંત્રી
શ્રી. ટ્રાં. યુ. પાટીદાર સોસાયટી.

વેચવાના પુસ્તકો

નીતી તારાને માર્ગે (બોધીક)	૨	૦
"હીંદ સ્વરાજ્ય" ગાંધીજીના તરજુ		
હીંદીમાં છાપ્યા અને એક છાપેલી		
હાથ કોપી રાખે	૬	૦
આદિકવિની વાણી (બોધીક)	૬	૦
અનાસક્તી યોગ (બોધીકમાં ગીતા		
ઉપર ગાંધીજીનું અનુવાદ)	૬	૬
સરદારનું જીવન ચરીત્ર	૧૩	૦
રાજેન્દ્રપ્રસાદનું જીવન ચરીત્ર	૮	૦
જીવનના ઉદેશ દીવસો (આંકડા આપ્યા		
વગરના વિનોબાજીના પ્રવચનો)	૪	૬
સત્યાગ્રહનાં ભયસ્થાનો	૧૨	૦
મારી જીવન કથા (નેહરૂ)	૧૫	૦
દીલ્હી દરબારી (બોધ)	૧૦	૦
જગતનો તાત (ખરચે બાકે)	૨	૬
ધરતીને આશીષ	૧	૦
ભગવદ્ ગીતાપોથી ૨ ભાગ	૧૨	૦

આ ઓફીસેથી મળશે.

આપણું કર્તવ્ય

(સુંદરલાલજીના 'ભારતમાં અંગ્રેજ રાજ્ય' પુસ્તકપરથી બીજી છગનલાલ દુર્ગપ્રસાદ આરબ સીલીગર્સે આ લખાણ ઊતાર્યું છે.)

માર્ગ ભૂલેલા દુનિયાને જે સ્થાન ગાંધીજી અને ખૂદ નીતીને આપ્યું છે તે સ્થાન આપણે માનવ પ્રેમ અને સત્યને આપવું પડશે. પ્રત્યેક માનવી ના વ્યક્તિગત "અધિકારો" ઉપર ભાર મુકવાને બદલે આપણે મનુષ્ય માત્રના "કર્તવ્ય પાલન"ને વિશેષ મહત્વ આપવું પડશે કે જેથી માનવ સમાજને માટે અધિક કલ્યાણકારી આલોકને ઝુમાલી ન બેસાડે.

ત્યાર પછી આપણે આપણા સમાજ ને અંદરથી જ કોતરી ખાનાર સામાજીક પાપો તરફ નજર નાખવી પડશે. અને એ પાપોને આપણા રાષ્ટ્રિય જીવન માંથી ઉખેડીને ફેંકી દેવા જેટલું સાહસ ખેળવવું પડશે. અસત્યને છોડી દઈને આપણે ફરી એકવાર આપણા રાષ્ટ્રિય જીવનને સત્ય ઉપર દૃઢ કરવાનો પ્રયત્ન કરવો પડશે. આપણો માર્ગ આ વિષયમાં બહુ સ્પષ્ટ છે. માનવ સમાજ ના ટુકડા ટુકડા કરવા વાળા જુદા જુદા ધર્મો તથા સંપ્રદાયોની દિવાલો કૃત્રિમ તથા હાનીકારક છે. ઈશ્વરના શબ્દ પ્રમાણે દુનીયામાં "એ જમાદીલ" કોઇ હોઇ શકે નહિ કોઇ ખાસ જાયા અમે તેટલી પ્રાચીન કોઇ તો પણ તેણે ઇશ્વરી જ્ઞાનનો ઇજારો લઇ રાખ્યો નથી. આ જાતની બુખોઇ ભરેલી માન્યતાઓ જ માનવ સમાજની બરબી કરતાં પણ વધારે વિપત્તીનું મુળ છે.

સારાંશ આપણે હીંદુ, મુસલમાન, જૈન, પારસી અને ઇસાઇના જુદા ભેદભાવો સદાને માટે તોડી નાખવા પડશે. બ્રાહ્મણોને અસ્પૃશ્યના જેવી રૂઢિઓમાં રહેલી અણસમજ તથા અન્યાયનો મોટા ભાગના લોકો અનુભવ કરવા લાગ્યા. આ બધા ભેદભાવોને આપણે આપણા રાષ્ટ્રિય જીવનમાંથી સમુળ ઉખેડીને ફેંકી દેવા પડશે.

આ બધાના સ્થાને આપણે માનવ સમતા, માનવપ્રેમ, સેવાભાવ, સ્વાર્થ ત્યાગ, ન્યાય અને સત્યના સાર્વજનિક ધર્મને આપણો એકમાત્ર ધર્મ બનાવવો પડશે. જે ધર્મનું જ્ઞાન આપણને સંતકબીર, ગુરૂ નાનક, અને મહાત્મા ગાંધી જેવા અનેક મહાત્માઓએ કરાવ્યું છે.

આની સાથે આપણે પ્રેમ તથા સત્યના પવિત્ર સિદ્ધાંતોથી ચ્યુત ન થતાં જ રાજનૈતિક ક્ષેત્રમાં "સત્યાગ્રહ" ની અમોઘતાનો અનુભવ કરવો પડશે. અને સત્યાગ્રહના અંત બળનો પણ આપણામાં સંચય કરવો પડશે કે દરેક અન્યાય અન્યાયી તથા અન્યાય પીડીત બંનેના આત્માની એક સરખી અધોગતિનું કારણ બને છે.

કોઇ પણ સત્યપ્રેમી કોઇપણ અન્યાય ને પોતાની નજર સામે જોતાં છતાં નિષ્ક્રિય બેસી શકે નહિ. દૃષ્ટાંત દેશને બદલે પ્રેમ-સાચો અને સક્રિય પ્રેમ વિશ્વ પ્રબળ છે. જે મનુષ્ય કોઇપણ અન્યાયને દૂર કરવા માટે સાચા પ્રેમપુર્વક પોતાનો સ્વાર્થ, પોતાનું સર્વસ્વ અને પ્રાણની પણ આહુતિ આપવા માટે તત્પર થાય છે અને હસતે મુખડે કર્તવ્ય પાલન ખાતરજ અનંત કષ્ટો સહન કરવા માટે મેદાને પડે છે, તેની શક્તિ તોપો બંદુકની શક્તિની સરખામણી એ અજેય છે. આ શક્તિનો અનુભવ આપણને આપણી રાષ્ટ્રિય લડતોમાં ઘણી ચુક્યો છે. આપણા આ દુઃખિત દેશનો ઉધ્ધાર કરવામાં આજ એક માત્ર અમોઘ શક્તિનો આશરો લેવો પડે છે. જોએક ક્ષેત્રમાં આપણીજ શક્તિઓ આપણા વિરૂદ્ધ કાર્ય કરી રહી છે. અને વિદેશી શાસનના દરેક ખાતામાં આપણે ગુલામ બેડીઓ તયાર કરવા વાળા છે. બદલે વા બદલે આપણો સ્વાર્થ જ આપણું આ પાપ આ દેશની બધી વર્તમાન આપત્તિઓનું મુળ છે. અને એના ઉપર જ આ આપત્તિ ટકી રહી છે.

માર્ગ સર્વથા નિષ્કંટક નથી. દુનિયા નું કોઇ પણ મહાન કાર્ય સ્વાર્થ ત્યાગ અને કષ્ટ સહન વગર સિદ્ધ થઇ શકતું નથી. કોઇ પણ દેશ પોતાનાં પાપકર્મો-પાપોનું પ્રાયશ્ચિત કર્યા વગર ધર્મને કલ્યાણના માર્ગમાં આગળ વધી શકયો નથી. ભારતનો ઉદ્ધાર આજ એક માર્ગે કર્યો છે. પ્રત્યેક ભારતવાસી માટે સાચા ધર્મનો અને કર્તવ્યનો આજ એક માત્ર માર્ગ છે.

પ્રત્યેક મનુષ્યની માફક પ્રત્યેક રાષ્ટ્ર પણ પોતાના જીવનમાં ભૂલો કરે છે. પોતાની ભૂલોનાં દુષ્પરિણામ પણ પ્રત્યેક વ્યક્તિ અથવા રાષ્ટ્રને સહન કરવાં પડે છે.

પરંતુ આપણું હૃદય ભવિ માટે આશા અને શ્રદ્ધાથી ભરેલું હોય છે. આપણા દેશવાસીઓ જો એકવાર પોતાનું કર્તવ્ય સમજી લે તો પછી તેમના સાહસ તથા તેમની શક્તિમાં સંપુર્ણ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. આજ કાલની આદર્શ શુન્ય અને દુઃખાર્ત દુનિયા આ બધી બાબતોમાં સાચા માર્ગ દર્શન માટે ભારત તરફ મીટ માંડીને બેઠી છે.

ગ્રોસરી ક્યાંથી ખરીદશો?

"બનતી ઝડપે, સારો માલ, કિફાયત ભાવે મોકલાવશું" એમ અમેજ કહીએ, તેના કરતાં અમારા ગ્રાહકોના સંખ્યાબંધ પ્રમાણપત્રોમાંના થોડાંક આપીએ છીએ, તે વાંચશો એટલે આપને ખાત્રી થશે કે "ગ્રાહકોને સંતોષ આપવો" એ અમારો મુદ્રાલેખ અતિશયોક્તિ ભર્યો નથી:—

કેપટાઉનથી ઘ. રા. એન. ટી. ગોપાલ તેમના ૧૭-૭-૫૦ના પત્રમાં લખે છે:
"...બાદ લખવાનું જે આપે તા. ૩૦-૬-૫૦ ના જે માલ રેલ કરેલ તે અમોને તા ૧૩-૭-૫૦ ના રોજે મળ્યો છે ત બદલ આભાર અને માલ પસંદ છે...."

તા. ૬-૧૧-૧૯૫૦ ના પત્રમાં:—
"...તમારો માલ અમને બધો જ પસંદ પડવાથી રીપીટ ઓર્ડર મોકલું છું.
Yours faithfully,
A. I. Amin,

લુધરટીખાર્ડથી મેસર્સ રામજી રવેર વતી શ્રીયુત માધવજીભાઇ રામજી તા. ૨૨-૧૧-૫૦ ના પત્રમાં લખે છે:
"...સારો માલ બાલ બતે લેવાને અમારી ઉપર રેપ્રસ કરવા મહેરબાની કરશો. તમારૂં નામ અમોને બહુ બખત તરફથી મળેલ માટે..."

ગાંધીવડુ
કઠોર
ઘર-ગથ્થુ દવાઓ
હવન-પુજાની સામગ્રીઓ
બનારસી સાડી
નુતન વર્ષ પાંચકા.

એડ્રેસ:
૧૧૦ ખડકદરીયા સ્ટ્રીટ, કરાંચી.
ફોન: ૨૪૮૪૫.

પરસુ નરસીંહ એન્ડ કું. (પી) લીમીટેડ

કરાંચીની ૩૦ વર્ષની પુરાણી અને સુપ્રસિદ્ધ દુકાન.

સર્વ માલ સી. ઓ. ડી. થી મોકલાવવામાં આવશે.

દીપોત્સવી

(લેખક: ઉમિયાશંકર જોષીઠર, સાં. ભા. વિદ્યાલય, જોહાનિ.)

હિંદુ ધર્મમાં આખા વરસ દરમીયાન અનેક તહેવારોને મહત્વ આપવા માં આવેલું છે. કાર્તીક માસથી તે આસો માસ સુધીમાં અનેક તહેવારો આવે છે. 'દરેક' તહેવારની પાછળ કંઈને કંઈ હેતુ હોય છે. આજે તો આપણે આવા અનેક તહેવારો આપણી મજા કરવામાં, રજા-આરામ ભોગવી આમતમાટા મારવામાં વ્યતીત કરીએ છીએ. તહેવારોનો મુખ્ય આશય આપણે ભૂલી બેઠાં છીએ. દરેક તહેવાર ઉજવવાની પાછળ સામાજીક અને નૈતિક જીવન ઉચું આવે એવા અનેક ઉદ્દેશો સમાયેલાં છે. જે તહેવાર જે રીતે ઉજવવો જોઇએ તે રીતે જો આપણે ઉજવીએ અને તહેવારો પાછળનો આશય આપણે સમજતા થઇએ અને આચરણમાં મુકતા થઇએ તો જરૂર આપણે દુઃખના વાદળમાંથી મુકત થઇ એ અને આપણું જીવનધોરણ ઉંચું લાવી શકીએ.

આખા વર્ષમાં ચાર તહેવારો મુખ્ય છે. હોળી-ભોવ-દેવારો અને દીવાળી. વસંત ઋતુમાં કુદરત પુર બહારમાં ખીલેલી હોય છે. ખેતરોને નવો પાક તયાર થઇ ગયેલો હોય છે. બધાંનાં જીવન ઉલ્લાસમય દેખાય છે અને તે ઉલ્લાસ પ્રદર્શિત કરવા આપણે આનંદ અને રંગ રાગનો હોળીનો ઉત્સવ ઉજવીએ છીએ. જો કે હોળીના તહે વારની પાછળ ધાર્મિક કથા પણ છે.

ભલેવનો તહેવાર એ મુખ્યત્વે ખેડાણ નો તહેવાર ગણાય છે. ખેડાણો તે દીવસે જનોઇ બદલે છે. જનતા રક્ષા બંધન કરે છે. ખેડાણો કુદરત જનોઇ બદલીને બેસી રહે એટલું બસ નથી. પણ જનોઇ રાખવાની પાછળનો તેનો હેતુ, ખેડાણ સમજે નહિ અગર આચરણમાં મુકે નહિ, ત્યાં સુધી જનોઇ પહેરવાનો કે બદલવાનો કોઇ અર્થ નથી. એટલે ભલેવ એ નૈતિક જીવનને ઉંચું આણનારો તહેવાર છે.

કારતકના દિવસે રાજાઓ-સરદાર કરવા નીકળતા. વેપારીઓ વેપાર અર્થે દુર દુર દરિયાપાર વહાણકટે નીકળતા અને દિવાળીના દીવસે તેઓ પાછા સ્વદેશ આવી જતા અને કુટુમ્બ સુખ નો આનંદ ભોગવતા. આવી રીતે રાજાઓ, વેપારીઓ અને ખલિયેનો તહેવાર મુખ્ય થઇ પડયો.

દિવાળીનો તહેવાર એ તો સમસ્ત જનતાનો છે. ધન તેરસથી બીજ સુધી ના પાંચ દીવસો દીવાળીના તહેવાર તરીકે ઉજવાય છે. દિવાળી આવે છે એટલે આપણે કુદરત સારું સારું મિષ્ટાન બનાવી જમીએ છીએ. નવાં નવાં કપડાં પહેરીએ છીએ. બારણે દીવાઓ સળગાવીએ છીએ, બાળકો ફટાકડા ફોડે છે. બેસતા નવા વર્ષના દીવસે સવારથી સાંજ સુધી એક બીજાને "સાલમુબારક" કહી દીવસ પુરો કરીએ છીએ. ભાઇબીજના દિવસે બેન ભાઇને જમવા બોલાવે છે. અને ભાઇ પાસે થી બેનને અમુક રકમ ભેટ મળે છે. એટલે બેન ખુશ થઇ જાય છે. ભાઇ કે બેન આ "ભાઇબીજ"નું મહત્વ જાણ્યું હોતાં નથી. આમ દીવાળી ના આ તહેવારો આપણે કેવળ ઉજવ વાની ખાતર વર્ષો વર્ષ ઉજવ્યા કરીએ છીએ. દીવાળીના દીવસોમાં આપણે ઘરમાં કે શેરીઓમાં દીવાઓ સળગાવી અજવાળું કરીએ છીએ. પણ આ પણાં અંતરમાં ઢંકેલાં દીવા સળગા કરે છે તે તરફ આપણું ધ્યાન જતું નથી. અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરવા અને સાચા જ્ઞાનરૂપી દિવાને સળગાવવા આપણે કદી પ્રયત્ન કરતાં નથી. પરિણામે આપણામાં વર્ષોથી ઘર કરી બેઠેલાં અનેક દુર્ગુણોરૂપી શત્રુ ઓના ત્રાસથી આપણું જીવન અશાંત અને દુઃખમય લાગ્યાં કરે છે.

દીવાળીના તહેવારોની પાછળ અનેક પૌરાણિક કથાઓનો સમાવેશ થયેલો છે. તે કથાઓ આપણે સમજીએ અને તે પ્રમાણે આપણે ચાલીએ તો જ દીવાળીના તહેવારો ઉજવેલાં ગણાય.

બલિરાજાએ દાન કરવાનું વ્રત લીધું હતું તે એવો દાનેશ્વરી હતો કે જાણે ખીલે કર્ણ. એના રાજ્યનાં પ્રજા ખુબજ સુખી હતી. ચોરી-લુંટ,-ચોરી -વિશ્વાસ ઘાત-વ્યભિચારનું તો નામ નીશાન ન હતું. જાણે રામ રાજ્ય-બલિરાજાના આવા ધાર્મીક રાજ્યથી ઇન્દ્રને પણ ઇર્ષા થઇ અને તેથી તેણે પોતા કરતાં નીચો પાડવા માટે પ્રભુને વીનંતી કરી. ભગવાને ઇન્દ્રની મદદ કરવા માટે વામન સ્વરૂપે બલિરાજા પાસે ત્રણ ડગલાં પૃથ્વી માંગી અને એક ડગલું આકાશમાં, બીજું પૃથ્વી ઉપર અને ત્રીજું બલિરાજાની છાતી ઉપર મુકી બલિરાજાને પાતાળમાં હાંકી દીધા. છતાં બલિરાજાના દાનેશ્વરી સ્વભાવથી પ્રભુ તેમના ઉપર પ્રસન્ન થયા અને વરદાન માંગવા કહ્યું. પ્રભુ તેમનું દ્વારપાળ તરીકે રહ્યા. આ બધી રાજાની મહાગીરીમાં આપણે દીપોત્સવી ઉજવીએ છીએ. બલિરાજાને તે દીવસે યાદ કરી તેનો દાનેશ્વરી આદર્શ આપણાં જીવનમાં ઉતારવો જોઇએ. મોહ-માયા-અજ્ઞાનતા-આલસ-અધર્મ-ચોરી. વ્યભિચાર-મદીરા પાન દીલા આપણાં હૃદયમાંથી જ્યાં જોઇએ. અને મોહ કમાવાના માર્ગે આપણું જીવન પસાર કરીએ અને દીવાળીના તહેવાર ઉજવેલો સાર્થક ગણીએ.

ધન તેરસના દીવસે કુદરત ધન ચોખાં કરીએ અને લોઢાનો કુર્ગોહો યાદ કર્યા કરીએ. એનો કોઇ અર્થ નથી. ધન ની પુજન કર્યા કરીએ. અને કુદરત ભોજન-વસ્ત્ર વૈભવ ભોગવવામાંજ આપણે આપણે ધન વાપરીએ એનો શો અર્થ? શું આપણે વર્ષો વર્ષ ધનના જ પુજારી બન્યા કરીશું?

ધનની પુજા તો ત્યારે જ થયેલી સાર્થક ગણાય કે જ્યારે આપણે આપણે ધન દીન-દુઃખીઓના જીવનને ઉન્નત કરવામાં વાપરીએ. સાચી લક્ષ્મી-પુજન તો ગરીબોના અંતરમાં વાસ કરીનેજ થઇ શકે. આપણે મિષ્ટાન ખાઇએ અને આપણાં ગરીબ બીચારા ભાઇ બેનોને સુકો રોટલો પણ, ન ખાતો હોય તો આપણને શું એ મીષ્ટાન્ન ગળે ઉતરે ખરૂં? આપણે નવાં-નવાં કપડાં તો સ્વાંગ સજીએ અને આપણાં ગરીબ ભાઇ બેનો રાટયાં તુટયાં કપડાં પહેરી અર્ધ નગ્ન અવસ્થામાં જીવે એ વખતે આપણાં નવાં કપડાં આપણાં શરીર ઉપર શોભે ખરાં? આપણે રાજ મહેલોમાં ભમન ચમનથી રહીએ અને આપણાં ગરીબ ભાઇ બેનો ઝાંપડા એક ખુણામાં દુઃખી જીવન ગાળ્યા કરે એ શું આપણને શોભે ખરૂં? ના અ.પણે ગરીબોનો ઉદ્ધાર કરીએ અને તેમની દુઃખી સ્થિતિનો આપણે વીચાર કરીએ. આપણાંથી બનતું બધું કરી તેમને સાથે રાખીએ. સાથે આપણે પીએ સાથે ફળીએ બણી એ. અને તેમનું દુઃખ હળવું કરીએ અને તેમનાં બળતાં-કળતાં હૈયાંને શાંત કરીએ તોજ આપણે દીવાળી ઉજવેલી ગણાય. ગરીબોને તો કદી દીવાળી હોતી નથી તેમના જીવનમાં તો સદા હોળીજ હોય છે. તો પછી આપણે શી રીતે દીવાળી ઉજવા શકીએ?

કારતક ચૌદશના દીવસે નરકાસુરનો નાશ થયો. તે પ્રમાણે આપણાં હૃદય માં વસેલા અનેક દુર્ગુણોરૂપી નરકાસુર નો નાશ કરીએ અને સદ્‌ગુણોને હૃદય માં સ્થાપવા નિશ્ચય કરીએ તોજ કારતક ચૌદશ અને દીવાળીનો આનંદ આપણે માણી શકીએ.

નવા બેસતા વર્ષના દીવસે આપણે બધાં એક બીજાને "સાલમુબારક" અથવા નુતન વર્ષાભિનંદન પાઠવીએ છીએ. પણ તે કુદરત "વાણી સુરા વાણીઆ" અથવા "બોલવામાં શાં પૈસા ખરચતા પડે તેમ છે" એ સુત્રનુ સાર આપણે વર્તી રહ્યાં છીએ. નાનાં ઓ મોટાંઓને મળવા જાય, શ્રીમંતો શ્રીમંતોને મળે, નાના અધિકારીઓ મોટા અધિકારીઓને મળે. પરંતુ મોટાં ઓ નાનાંઓને મળવા ન જાય તો એવો બૅદાર રાખીએ પછી એવા મીલનનો અર્થ પણ શું? શ્રીમંતો તેમના રાજ મહેલમાંથી નીચે ઉતરી ગરીબોની ઝુંપડી પાવન કરે એજ મીલનનો અર્થ છે. બાકી હજારો વર્ષો થી આપણે એક બીજાને અભિનંદનો પાઠવ્યા કરીએ છીએ. છતાં કોઇ જાત નો આપણો ઉદ્ધાર થયેલો માલમ પડતો નથી. તો પછી એવા અભિનંદનો પાઠવ્યા ન પાઠવ્યા બધુ સરખુંજ છે. આપણામાંથી વેર-ઝેર દુર ન થાય, અભિમાનને દુર હડાવી નમ્ર સેવક ન બનીએ, અને નાનાં મોટાંનો ભેદ ભુલી ન જઇએ ત્યાં સુધી "સાલ-મુબારક" શી રીતે થશે?

નવા વરસે નવા જીવનની શરૂઆત કરીએ. વરસ દરમીયાન આપણાં કાર્યોનું આપણે સરવૈયું કાઢીએ. સેવા અને પરોપકાર રૂપી નફો કેટલો થયો છે તે તપાસીએ. અને તે પ્રમાણે તેમાં જે જે ઉણપ લાગતી હોય તે ઉણપ નવા વરસમાં ન રહે તે માટે નિશ્ચય કરીએ. એજ નવા વરસનો આદર્શ છે. આપણે સર્વે સુખી થઇએ અને સર્વેને સુખી કરવાની મહેચ્છા રાખીએ. એજ આપણો દીવાળીનો તહેવાર. એ તો જનતાનો તહેવાર છે. જન કલ્યાણ એજ એનો મુખ્ય ઉદ્દેશ છે. પ્રભુ! આપણુ સર્વેને જનકલ્યાણના માર્ગે વાળે એટલીજ પ્રભુ પ્રાર્થના.

ધીરૂભાઈ પી. નાયક

બીમાનાં અને જનરલ એજન્ટ

ઝંઝવાટી, આગ, ચોરી, હુલ્લડ, અકસ્માત, પ્લેઇટગ્લાસ, સિકનેસ ના બીમા ઉતરાવી આપીએ છીએ.

ઇન્કમટેકસ, પરસનલ ટેકસ, રેવન્યુ કલીયરન્સ સર્ટીફીકેટ અને ઇમીગ્રેશનને લગતી બાબતોમાં અમારી સલાહ લો.

29a Commissioner Street,

JOHANNESBURG.

યથા રાજા તથા પ્રજા

લેખક: લહરી

દિવાળીના ઉત્સવ સાથે રામ રાજ્યની સ્મૃતિ સંકળાએલી છે. સાતેક હજાર વર્ષની એ વાત છે. ભગવાન રામચંદ્રએ વનમાં તપસ્વીજીવન ગાળી અધર્મીરાવણ રૂપિ રાક્ષસનો સંહાર કરી જાનકી દેવી સાથે એ દિવસે અયોધ્યામાં પુનઃ પ્રવેશ કર્યો. આ પ્રસંગે ધર્મનિષ્ઠ રામની ધર્મપરાયણ પ્રજાએ તેમને આનંદોલ્લાસથી આવકાર આપ્યો. એ આનંદની અવધિ તેમજ દિવાળીનું સાચું સ્વરૂપ. સદ્‌ગૃહસ્થના સંસ્થાપન પછી પ્રજાના સુખી જીવનનું એ પ્રતિકરૂપ બની ગયું. આજે પણ સુખદ જીવનને રામરાજ્યની ઉપમા અપાય છે, અને વિશ્વભરની પ્રજાઓ રામરાજ્યની નિરંતર ઝંખના કરે છે.

જો દેશનો અધિકારી ધર્મપરાયણ હોય તો તેની સત્તા નીચેનાં લોકો પણ ધર્મનિષ્ઠ અને નીતિવાન બની રહે છે. એ પ્રજામાં જુદાં જુદાં કુટુંબોનો જ સમાવેશ થયેલો હોવાથી પ્રત્યેક કુટુમ્બ નો વડિલ જો ધર્મનિષ્ઠ હોય, તો તે કુટુમ્બનાં નાનાં મોટાં સઘળાં માણસો નીતિ નિયમના આચરણવાળાં બની રહે એવો સર્વમાન્ય નિયમ છે.

જ્યાં ધર્મ છે ત્યાં સુખ પણ હોય છે. અને જ્યાં સુખ છે ત્યાં આનંદ નાં ઝુલ્લિંગો અંતર્ગોહ દીપી ઊઠે છે.

મહાત્મા સાંદીપ્ત, ક્ષત્રપતિ શિવાજી, મહાદેવ રાનાડે જેવા મહાપુરુષોની આદર્શ જીવનભૂમિકા તયાર કરનાર ધર્મના સંસ્કારવારસો માતાઓ જ હતી એ સુપ્રસિદ્ધ છે.

આમ "યથા રાજા તથા પ્રજા"ની લોકોક્તિ પ્રત્યેક વ્યક્તિને લાગુ પડે છે. અને સમસ્ત પ્રજાની ઉન્નતિનો આધાર પ્રત્યેક કુટુંબના વડિલની નીતી પરાયણતા પર અવલંબિત છે.

બહુ જુના વખતમાં ઉત્તર હીંદમાં અલકદત નામે એક રાજા રાજ્ય કરતો હતો. તેની નિતિપરાયણતા અને સદ્‌ગુણોથી સમસ્ત પ્રજા સુખનો ઉપભોગ કરતી હતી. રાજાની ધર્મ નિષ્ઠાથી લોકો પણ ધર્મપ્રિય આચરણ વાળાં બન્યાં હતાં. પ્રજાનાં સુખ માટે તે રાજા હંમેશાં ઉત્સુક રહેતો હતો. પોતાનામાં ખૂબીઓ પણ કોઇ અવગુણ ન ઘુસી જાય તે માટે તે બહુ કાળજી રાખતો, એટલું જ નહિ પણ પોતાના દોષોની પોતાને ખબર નથી પડતી પણ બીજાઓને જ ખબર પડે છે એ તે જાણતો હતો. પણ પોતે રાજા હોવાથી તેના દોષો કોઇ તેને દેખાડવાની હીમત ન કરે એ દેખીતું છે. એથી પોતે છદ્મવેશ ધારણ કરી અવાર નવાર પ્રજાજનોના પરિચયમાં આવવા પ્રયત્ન પણ કરતો.

એ સુજાણ એકવાર છુપો વેષ લઇને તે નગરમાં ફરવા નીકળ્યો હતો. ફરતાં ફરતાં શહેરની બહાર નીકળી ગયો. અને એક જંગલમાં જઇ ચડ્યો. બપોરનો સમય હતો એથી સુર્યનો તડકો પ્રખર પડવા લાગ્યો. ચાલવાના શ્રમથી ખુબ તરસ પણ લાગી એથી કયાંક વિશ્રાંતિ મેળવાની ઇચ્છા કરવા લાગ્યો. શોધ કરતાં થોડે દુર એક સાધુની ઝુંપડી જોવામાં આવી એથી તે ત્યાં ગયો.

ઝુંપડીની બહાર ઓટલા પર એક તપસ્વી શાંતિથી બેઠો હતો તેને વિનય થી પ્રણામ કરી એક બાજુ નમ્રતાથી તે બેઠો. સાધુ મહાત્મા આ વખતે બપોરના ભોજનનો સમય થયેલો હોવા થી નિત્યના નીયમ પ્રમાણે જંગલમાંથી લીધી લાવેલ કંદ, મુળ, ફળ આરોગ વાની તયારીમાં હતા. આ વખતે અતિથિને આવેલો જોઇને તેને પણ થોડાંક ફળ તથા કંદ મુળ અને પાણી થી ભરેલું પાત્ર આપ્યું.

આમ બંને ફળાહાર કરવા પોત પોતાની જગ્યાએ સામસામે બેઠા. રાજાનો વેષ એક સામાન્ય મનુષ્ય જેવો જ હોવાથી તે સાધુ તેને ઓળખી ન શકયો અને રાજાને પોતાની ઓળ ખાણ આપવાની ઇચ્છા કે અગત્ય પણ ન હતી.

ભૂખ અને તરસ લાગી જ હતી એથી આભારની લાગણીથી રાજાએ તે ફળ ખાધાં ને પાણી પીધું. આ ફળાદિ વસ્તુ રાજાને અત્યંત મધુરાં સ્વાદવાળાં લાગ્યાં. એ કે પોતે રાજા હોઇ પોતાને ત્યાં અનેકવાર અનેક જાતનાં ફળો ખાધાં હતાં પણ અત્યારનાં ફળો માં જે સ્વાદ અનુભવ્યો તેવો તેને પુર્વે કદી નહોતો જણાયો. એથી તેણે વિનયથી તે સાધુને પુછ્યું: "મહારાજ! આ ફળો આટલાં બધાં મધુરાં સ્વાદીષ્ટ ક્રમ હશે?" આના જવાબમાં તે તે સાધુએ કહ્યું. "આ પ્રદેશનો રાજા ધર્મનિષ્ઠ છે એથી એમાં એટલી મધુરતા છે." રાજાએ ફરીથી પુછ્યું: "શું જો રાજા અધર્મી હોય તો પછી આ ફળો માં આવી મીઠાશ નહિ રહેતી હોય?" સાધુએ કહ્યું ના બચ્ચા! રાજા જો પાપ કર્મ કરી દોષવાળો બની જાય તો તેલ, મધ, ગોળ આદિને જ નહિ પણ જંગલનાં કંદ મુળ અને ફળોના રસ પણ સ્વભાવ જન્ય અસર તો કડવાં થઇ જાય છે. એટલું જ નહિ પણ આખું રાષ્ટ્ર કડવું બની જાય છે. એટલે કે પ્રજા પણ અધર્મી બની જાય છે, અને જો રાજા સદાચારી હોય તો તેના પ્રભાવે સર્વમાં મધુરતા અને જોજ સ્વિતા ટકી રહે છે."

રાજાએ આ સાંભળી સંકોચીલ ભાવથી "કદાચ એમ હશે," એટલું જ કહીને વાત અટકાવી દીધી. અને પોતાની ઓળખાણ ન આપતાં માત્ર નમન કરી પોતાના નગર તરફ વળ્યો.

ઘેર આવતી વેળા રસ્તે તેને તપસ્વી નાં વાકયોનું રમરણ થયા કર્યું. થયેલી વાતચીતનાં મનન અંતે આ સાધુનાં વાકયો અસહ્ય જેવાં લાગ્યાં, જેથી તેનાં પ્રત્યક્ષ પારખાં લેવાની કુબુદ્ધિ સુઝી. મહેલમાં આવ્યા પછી તેણે અધર્મના માર્ગે ચાલી જોવાનો નિશ્ચય કર્યો. અને અન્યાય પુર્વક વર્ત્તવા માંડ્યું. સંત શાસ્ત્રોએ નિષેધ કરેલાં દુષિત કર્મોમાં દિનરાત પ્રવૃત્તિ કરવા માંથી આમ રાજાના અનીતિમય આચરણથી રાજ્યના કર્મચારી અને કાર ભારીઓ પણ અનીતિથી વ્યવહાર કરવા લાગ્યા. રાજાના અધર્મપણાથી લોકો પણ ચોરી, જુગાર, કપટપ્રપંચ, નિંદા, ઇર્ષા આદિ પાપ કર્મોમાં પ્રવૃત્ત બની ગયાં, સૌ કોઇ નિષિદ્ધ વ્યવહાર કરવા લાગ્યાં.

રાજા વિચારવા લાગ્યો કે જે હશે તે જોયાઇ જશે. આમ સમગ્ર રાજ્ય માં ચારે મેર અધર્માચરણ પ્રવર્ત્તતાં એક વર્ષ થવા આવ્યું. બાર મહિના પુર્વે જે સમયે મુસ્તવેરો તે શહેરની બહાર નીકળેલો તેજ પ્રમાણે ફરીયા છુપોવેશ ધારણ કરી તે જંગલ તરફ ગયો. ખરા બપોરે તડકો અને થાક થી ઝમિત થયેલો રાજા ભૂખ તરસથી અકળાવા લાગ્યો જેથી શાંતિની ઝંખ ના કરતો કરતો ફરીથી તે તપસ્વીની ઝુંપડી આગળ આવી ચડ્યો. ત્યાં શાંતમુદ્રાથી બેઠેલા તે સાધુને જોઇને વિનયથી વંદન કરી આજ્ઞાની ભાવના થી એક બાજુ બેઠો.

પહેલી વારની જેમ આ વખતે પણ તે સાધુનો ફળાહાર કરવાનો સમય થયો હતો જેથી બનમાંથી લીધી આણેલાં કંદ, મુળ અને ફળો પોતાની પાસે હતાં. તેમાંથી, થોડાંક પાણીસહ રાજાની સમક્ષ મુકીને આરોગવાની સુચના કરી, અને પોતે પણ પોતાના સ્થાન પર બેસી ફળાહાર કરવા લાગ્યો.

રાજાએ તે ફળોમાંથી એક સુંદર દેખાતું પાકું ફળ લઇ ખાવા માંડ્યું તો તે ખુબ કડવું લાગવાથી મુંઝી નાંખ્યું. અને બોલ્યો કે "મહારાજ! આ ફળ તો બહુ જ કડવું છે." ફરીથી બીજાં બે ચાર ફળો ચાખી જોયાં પણ તે બધાં જ સ્વાદ વિનાના લાગ્યાં. જેથી તેણે સાધુના તરફ જોઇને પુછ્યું કે "મહાત્મન! આ ફળો આવાં શા માટે લાગે છે?" સાધુએ જવાબ આપ્યો કે "આ દેશનો રાજા અવશ્ય અધર્મ કરનારો થયો હશે. જ્યાં સુધી રાજા પોતે ધર્મી હતો ત્યાં સુધી આ ફળાદિમાં મધુરતા હતી, હવે તે અધર્મી બની જવાથી જ એમાંથી મધુરતા જતી રહી છે."

આ પ્રત્યક્ષ પ્રમાણથી રાજાની ખાત્રી થઇ ગઇ કે પોતાનું આચરણ અવિચિત્ત હોવાથી જ આખો જનસમુદાય ઉપરાંત સમગ્ર વનસૃષ્ટિ પણ વિપિત બની ગયાં છે.

તે બાદ રાજાએ તે તપસ્વી મહાત્મા ને હૃદયના ભક્તિ ભાવથી પુનઃપ્રણામ કરીને પોતાના નગર તરફ પ્રયાણ કર્યું.

આ પછી વિના વિલંબે તેણે સંપુર્ણ નીવટતાથી ફરીથી ધર્મના આચરણોનું પાલન કરવા માંડ્યું ને થોડા જ વખત માં પોતે ધર્મનિષ્ઠ બની ને પ્રજાની ધર્મ પરાયણતા વધારવાના કડક નીયમો અમલમાં મુકયા જેથી જનતા પણ ફરી થી સ્વધર્મનિષ્ઠ બની ગઇ.

આમ અરસ પરસના વ્યવહારમાં નીતી નીયમોનું પાલન થવાથી રાજા અને પ્રજા ઉભય સુખદજીવનનો આલ્હાદ અનુભવી કૃતાર્થ બન્યાં.

પત્ર વ્યવહારમાં ઉપયોગી

૧. પ્રત્યેક પોસ્ટકાર્ડ અગર કવરનો કાગળ લખતી વેળા આરંભમાં તારીખ સાથે પુરું સરનામું પણ લખવું જોઇએ કારણ કે કેટલીકવાર લખનારની ઓળખ છેવટ સુધી ન થાય અગર અંતમાં કરેલી સહીના અક્ષરો ન ઉકલે તો વાંચનારને મુંઝાવું પડે છે.

૨. પરબીડીયાંપર ટીકીટો હમેશાં સરનામું લખાય તેની ઉપરના જમણા ખુણા તરફજ ચોંટાડવી જોઇએ જેથી હસ્તક ખાતાને વધુ સુગમતા થઇ પડે છે.

૩. વિદેશના ઓર લેટર તથા કવર ની પાછળ જે રટાંપો ચોંટાડવા હોય તે અસંગત હોવાથી વધારે લેનારને વધારા ચાર્જ ભરવો પડે છે માટે સર નામું લખ્યું હોય તેના ઉપલા ભાગે જ ટીકીટ ચોંટાડવી જોઇએ.

આવતા વર્ષના પંચાગ

૨૦૦૮ના આવતા વર્ષ ના પંચાગ આવી ગયા છે.

કીંમત શી ૫. ૩.

મળવાનું ઠેકાણું-આ ઓફીસ

INDIAN OPINION,
P. Bag, Phoenix,
NATAL.

"તાપ ત્રિવિધ અમ ટાળો"

(પુરૂષોત્તમ વિ. પરમાર ગુજરાતી)

ગોકુળ ધામનો રૂડો માળો,
ઇચ્છો એવો લાને ખોળો!
ત્યાંથી પ્રભુજી શું નિહાળો.
તાપ ત્રિવિધ અમ ટાળો!

નીચે જુઓ તમ દેહ દુલારો,
કાલનો સદા ઢાંપ વરાળો.
ભાઈ પ્રપરાધ જમની ભાળો.
તાપ ત્રિવિધ અમ ટાળો!

સત્ યુગના કાં સુખો સરકર્યા,
કાળ કરાળે આજે ભરખ્યા,
ફાટે અગણીત રોગના ચાળા.
તાપ ત્રિવિધ અમ ટાળો!

સહાયત દેતો સકળ સંસારને,
વેર થયું છે દાંત ને અન્ન ને,
ભૂખે પિડાતા જુઓ તેને.
તાપ ત્રિવિધ અમ ટાળો!

પાડવા ક્રોપ તો પ્રલય પાડવો,
નહિતર સૌને સ્નેહ સંભાળો
આવી નીચે અમૃત છંટો.
તાપ ત્રિવિધ અમ ટાળો!

અવસાન

ડરબનના જુના અને જાણીતા વેપારી હાજી ઈબ્રાહીમ ગુલામ પારખનું શુક્રવાર તા. ૧૯મીના ફ્રસ્ટ એવન્યુ પર આવેલા તેમના મુકામે અવસાન થયું. મરહુમ લાંબા અરસાથી આવેલા જુના કોઠિઓ માંના એક હતા. તેમની વય ૭૮ વર્ષની હતી અને પચાસ વર્ષથી ડરબન માં વસી રહ્યા હતા. ૧૯૦૬ માં તેમણે હાલ પોર્ટ્સ્ટમાં નાના પાયા ઉપર વેપાર શરૂ કર્યો હતો અને ૧૯૨૭ માં કવીન સ્ટ્રીટમાં કોલસેલ પેઢી સ્થાપી હતી જે હાલ મરહુમના પુત્રો કામેસીનતથી ચલાવી રહ્યા છે. મરહુમ જે વખત હજ પઢવા ગયા હતા અને વેપારી વર્ગમાં ઘણું માન ધરાવી રહ્યા હતા. ઠેઠલાક વખતથી તેમની તબીયત નાદુરસ્ત હતી પરંતુ બીજાં અઠવાડીયાં પર તેમના ૨૧ વર્ષના પૌત્રનું અચાનક અવસાન થવાથી તેમને જબરો આઘાત લાગ્યો જે બીજીવાર તે જીરવ્યો. મરહુમ પોતાની પાછળ પોતાના વિધવા, પાંચ પુત્રો, ચાર પુત્રીઓ અને બહોળાં કુટુમ્બ ને શોક કરતાં મુકી ગયા છે. મરહુમના રૂહને પ્રભુ શાંતી બક્ષે અને તેમના કુટુમ્બીઓને સબર બક્ષે.

નવા પુસ્તકો
રાષ્ટ્રભાષા શીખવા માટે

હોકુતાની—ગુજરાતી કોલ રૂ. ૧–૦
ગાંધીજી અને સામ્યવાદ ,, ૩–૦
ઇસ્લામનો સુવર્ણ યુગ. ,, ૪–૦

મળવાનું ઠેકાણું આ ઓફીસ

નવલ કથાઓ

શ્રી ૬૫	૧	૪
રમઝ અને ગુમ્મી	૧	૦
વનલાવર	■	૦
વર કે પુર (રમુજી નોવેલ)	૧૦	૦
સેનાપતી	૧	૦
સુના મંદીર	૯	૧
રખારથ	૧૦	૦
જીવન મંદીર	૮	૧
જીવતર	૭	૦
પહેલી પ્રીત	૭	૧
ભાતીય દામપત્ય જીવન	૬	૧
ઘરને બારણે	૬	૦
બલરદાન	૭	૦
દિલ્હ	૫	૧
કાંટાળીવાડ	૫	૦
ગુલાલા	૪	૧
ઘુમવતાં પુર	૧૧	૦
સેતુબંધ	૫	૦
વિશાલબ્બા	૫	૦
કમંડલુ	૪	૪
ચતુર સુજાણ	૪	૪
નીરૂપમા	૭	૦
રૂપ કોયા (બે ભાગ સાથે)	૧૪	૦
કંઈ પહેારે	૭	૦
પ્રાચિના	૫	૦
સુવર્ણ યુગ	૨	૦
જી જી જી	૩	૩
બલવાન બનો	૨	૦
ગીત ટોરી અને બીજા નાટકો	૨	૨
ઉત્તરા	૭	૦
ઓલોનું આરોગ્ય	૩	૦
મહાસભાના પ્રમુખો	૨	૩
ગ્રામ વિચારણા	૨	૦
પતીમંદીર	૩	૦
રંગ લીલા	૨	૩
રૂપાની ગામ	૨	૬
ધરતી	૫	૦
રસ ચુટકીઓ	૩	૦
મુગો સેવક	૩	૦
ગીતાંજલી	૫	૦
સાધના	૫	૦
નવી દુનીયા	૫	૩
મહાન મુસાફરો	૫	૦
ભારતના ચેરાં	૩	૦
દેશ દેશની લોક કથાઓ	૮	૬
શહીદોનો સંદેશ	૪	૦

મળવાનું ઠેકાણું:
Indian Opinion
P. Bag,
Phoenix.

વર્ધા શીક્ષણ યોજના.

શિક્ષણ કેવી રીતે આપવું તેની
સમજ આપીતાના બેઝીક ઓન્ટ્રોડક્શન
મુલ્ય ૨ ૧

ઠેકાણાવાળી વડે ક્રાંતી
કેળવણીકાર માટે ઉપયોગી
કીંમત ૭–૦

આ ઓફીસેથી મળશે

PROPERTY

If you are interested in selling or buying Property in any part of Johannesburg or Transvaal please contact:

K. J. TAVARIA

7 Kort Street, JOHANNESBURG.

Phone: 339859 or 228727.

પ્રોપર્ટી

જોહાનીસબર્ગ અથવા ટ્રાંસવાલના ના કોઇ પણ ભાગમાં પ્રોપર્ટી વેચવી યા ખરીદવી હોય તો, મળો:

કે. જે. તવારીઆ,
૭ કોર્ટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.
ફોન: 33૯૮૫૯ અને ૨૨૮૭૨૭.

નવા પુસ્તકો.

પૂર્ણ આરોગ્યની સફર (કાકા કાલેલકર)	૭	૧
વિવેક અને સાધના (કેદારનાથ)	૧૦	૧
ગ્રામ્ય વિદ્યાપીઠ (શીક્ષકો માટે)	૨	૧
હીંદીમહાસભાનું બંધારણ	૧	૦
કાંતણ વિદ્યા	૧	૧
ટાયફોઈડ (તાવ ઉપર ઉપચાર)	૧	૧
પ્રેમોદીયા	૧	૧
સર્વોદયના સીદ્ધાંત	૧	૧
ઝંઝાવાત ભાગ ૧	૧૨	૧
કાલ લોજ (નવલકથા) રમણલાલ દેસાઈ કૃત	૧૦	૦
સૌંદર્ય અને પ્રેમ (નવલકથા) રમણલાલ દેસાઈ કૃત	૧૪	૦

મળવાનું ઠેકાણું આ ઓફીસ:
INDIAN OPINION, P. BAG,
PHOENIX.

The Epic Fast

(By Pyarelal)

An account of Mahatma Gandhi's Fast in September 1932, and events leading up to the Yeravda Pact with all relevant documents.

320 Pages. Price: 2s. 6d.

Obtainable From:

"Indian Opinion"
Phoenix, Natal.

અઠવાડીક પંચાંગ

વાર	ભારતી ૧૮૭૧ નવેમ્બર	હીંદુ ૨૦૦૮ કાર્તિક	મુસલમાન ૧૩૭૧	પારસી ૧૩૨૧ શહે. મહી	સુર્યોદય કા.મી.	સુર્યાસ્ત કા. મી.
ગુરૂ	૨૬	વદ ૧૧	૨૪	૨૪	૫–૦૭	૬–૧૩
શની	૨૭	,, ૧૨	૨૫	૨૫	૫–૦૧	૬–૧૪
રવી	૨૮	,, ૧૩	૨૬	૨૬	૫–૦૫	૬–૧૫
સોમ	૨૯	,, ૧૪	૨૭	૨૭	૫–૦૪	૬–૧૬
મંગળ	૩૦	,, ૩૦	૨૮	૨૮	૫–૦૨	૬–૧૭
બુધ	૩૧	સુદ ૧	૨૯	૨૯	૫–૦૧	૬–૧૮
ગુરૂ	૧	,, ૨	૩૦	૩૦	૫–૦૧	૬–૧૮

PHONE 33-2651
MASTER BROS.
MANUFACTURERS OF LADIES' & GIRLS' STRAW & FELT HATS
WHOLESALE MERCHANTS & DIRECT IMPORTERS
HOUSE FOR KEEN CASH PRICES
33 West Street, JOHANNESBURG.

માસ્ટર બ્રધર્સ
હોલસેલ મરચન્ટસ એન્ડ ડાયરેક્ટ ઇમ્પોર્ટર્સ
રૂબમા તેમજ મુસલાઇ કામ, ફુલત રસ્સ. ખાનદેશ—ગેળી બાળકો માટે
ખત ખતનો માલ. તેમજ કેપડીન બ્લેરનેટ સાડીઓ
વીગેરે માટે હમારે ત્યાં પ્રથમ તપાસ કરવા ખલામણ છે
33 વેસ્ટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.
ફોન: 33–૨૬૫૧

Cable & Tel. Add.: "HARGOVAN". Phone 29388.
P. HARGOVAN & CO.
(PTY.) LTD.
WHOLESALE MERCHANTS
AND IMPORTERS.
P. O. BOX 1250.
155/7 Warwick Avenue
DURBAN.

NATHOO TABHA
TIMBER & HARDWARE MERCHANT
& DIRECT IMPORTER
Door, Windows, Corrugated Iron, Cement, Monarch, Iron Duke, Buffalo, and Elephant brands paint or any other building material at reasonable price.
Established 1907, NATHOO TABHA,
107 Queen Street, Phone 24647.
Telegraph "Mani," DURBAN.

M. J. PATEL
INTERNATIONAL SPORTS COMPANY
Importers & Exporters & General Commission Agents
10 Peking Road, Kawoon, HONG KONG.
Special attention is paid to indent orders
Write To Us For Further Particulars.

અમારા નવા નિશાળ ઉપયોગી પુસ્તકો

ઇતીહાસ

કેસ પીરિસ ભા. ૧	૨ ૬
ગુજરાતનું મારવ	૧ ૬
હરિના ઇતીહાસની રમેરેખા ભા. ૧	૨ ૨
આપણા દેશનેા ઇતીહાસ	૧ ૧

ભુગેાળ

કેસ રેખાવરમાં ભા. ૧	૨ ૦
આપણે ભુગેાળ	૫ ૬
ભુગેાળ પરીચય ભા. ૩	૧ ૧૦
" ભા ૪	૨ ૪

વાંચન માટે સાહીત્ય

પ્રાચીન સમયની રસ કથાઓ	૧ ૬
કેસ દીપકા	૨ ૦
બાળ બજત	૧ ૬

અંક ગણીત

અંકગણીતના મુળ તત્વો	૨ ૦
પીતલ સ્કુલ અંકગણીત ભા. ૧	૨ ૬
મારૂં ગણીત ભા. ૧	૧ ૩
" " ભા. ૩	૧ ૬
" " ભાગ ૪	૨ ૦

સાહિત્ય પહેાચણી

પુસ્તક પાંચમું	૨ ૧
" સાતમું	૨ ૪

ગુજરાતી ભાષા શીખવા માટે પહેાચણી ભા. ૧–૨ દરેકની ૧ –

ગુજરાત કેળવણી ખાતા આ ખાતા માં નીચના ચાર પુસ્તકો આવે છે. એ પુસ્તકો દ્વારા બાળકો ગુજરાત કેળવે છે.

ગુજરાત કેળવણી તાલીમ વર્ગ

" " પેારબંદર ૧–૨–૩–૪

પ્રત્યેકની કીંમત	૧ ૦

નવયુગ વાચન માળા

બાળપેાથી	૧ ૨
પુસ્તક પહેલું	૧ ૪
પુસ્તક બીજું	૨ ૦
પુસ્તક ત્રીજું	૨ ૪
" ચેાથું	૨ ૮

સાહીત્ય કલેાલ

સાહિત્ય માટે વાચન ખજાના

બાલવાંચકોને ઉપયેાગી પુસ્તકો

પુસ્તક બીજું	૨ ૪
" ત્રીજું	૨ ૪

વિકાસપીઠ વાચન માળા

બાલબેાધ માળા	૧ ૦
પહેલી ચાપડી	૧ ૦
બીજી ચાપડી	૧ ૪
ત્રીજી "	૨ ૪
ચેાથી "	૨ ૧
પાંચમી "	૨ ૦

બાલેા લખણીઓ

બેાધી ૧	૧ ૩
" ૨	૧ ૩
" ૩	૧ ૬
" ૪	૧ ૬
" ૫	૧ ૮
" ૬	૧ ૮
" ૭	૧ ૮

Obtainable From:

'INDIAN OPINION'

P. Bag, PHOENIX, NATAL.

BOOKS FOR SALE

INDIAN STATESMEN (Dewans and Prime Ministers With Portraits)	7	6
INDIAN JUDGES (Biographical and critical sketches with portraits)	7	8
EMINENT AMERICANS WHOM INDIA SHOULD KNOW—Jabez T. Sunderland	7	6
THE BHAGAVAD GITA—The Lord's Song—(An English Translation)—Annie Besant	1	0
WHAT IS WRONG WITH INDIAN ECONOMIC LIFE? —Dr. V. K. R. V. Rao	3	0
THE U.N.O.O. AND INDIA—A. N. Agarwala	5	6
OUR INDIA (Children's stories by various writers, Illustrated) —Mirca Mazani	2	6
COTTAGE INDUSTRIES AND THEIR ROLE IN INDIAN ECONOMY—Prof. Rao	2	8
SHAW—WELLS—KEYNES ON STALIN—WELLS TALK (Verbatim Record)	3	6
GOLDEN NUMBER OF "INDIAN OPINION", 1914 (Souvenir of the Passive Resistance Movement in S.A., 1906-1914)	4	0
THE DELIVERANCE (A picture of the palpitating life of the joint family)	4	8
SEVEN MONTHS WITH MAHATMA GANDHI Being an inside view of the Non-co-operation Movement (1921-22)—Krishnadas	3	6
GANDHIJI AS WE KNOW HIM—Intimate and delightful incidents by various writers	5	0
PUBLIC FINANCE AND OUR POVERTY —J. C. Kumarappa	3	6
HISTORY OF THE REIGN OF SHAH ALUM —W. Franklin	7	8
THE LIFE OF RAMAKRISHNA—An exhaustive account of the Master's wonderful life—Romain Rolland	15	0
INDIAN STATES' PROBLEM (Gandhiji's Writings and Utterances)—M. K. Gandhi	10	0
FOUNDATIONS OF PEACE (Critical study of the conditions which precipitated two world wars—K. T. Shah	15	0
INDIA SPEAKING (Various contributions on economic, political, cultural and social problems of modern India)	15	0
MAHATMA GANDHI (The Man and his Mission, an enlarged and up to date edition of Gandhiji's life,) —By various writers	5	0
SHAKESPEARE'S TRAGEDIES (King Lear, Macbeth, Hamlet and Othello—William Miller	2	0
SOVIET ATTITUDE TOWARDS CHINA Facts And Facts—Stanley Powell	5	0
AMONG THE GREAT (Conversation with Romain Rolland, Mahatma Gandhi, Bertrand Russell, Rabindranath Tagore and Sri Aurobindo)—Dilip Kumar Roy	12	0
TWO HISTORICAL TRIALS IN RED FORT —An account of the trial of the Officers of the I.N.A.	14	0
WHY CRIPPS FAILED (Documented account from the Indian Nationalist point of view)—M. Subrahmanyam	2	8
GANDHI-JINNAH TALKS (Text of Correspondence and other relevant matter)	2	8
ROLLAND AND TAGORE, Letters of two eminent writers	3	0
INDIAN SCIENTISTS (Biographical Sketches, An account of their researches, discoveries and inventions	7	8
LIFE AND GOSPEL OF VIVEKANANDA —Romain Rolland	13	0
WOMEN AND SOCIAL INJUSTICE—M. K. Gandhi	10	0
GANDHIJI'S CORRESPONDENCE WITH THE GOVERNMENT (1922-24)—M. K. Gandhi	1	8
THE STORY OF MY EXPERIMENTS WITH TRUTH —M. K. Gandhi	15	0
CHRISTIAN MISSIONS IN INDIA (Their place in India)—M. K. Gandhi	3	0
STORY OF SATARA—Major B. D. Basu, (I.M.S.)	15	0
INDIAN CHRISTIANS (Biographical and critical sketches of poets, publicists of the Church)	7	0
THE STORY OF BARDOLI—Mahadev Desai	5	0
NON-VIOLENCE IN PEACE AND WAR —M. K. Gandhi	17	8
TALES FROM SANSKRIT DRAMATISTS (The famous plays of Bhasa, Sudraka, Kalidasa, Sri Harsha, Bhavabhuti and Visakhadatta)	3	0
FAMOUS PARSIS	7	6
PILGRIMAGE FOR PEACE—Pyarelal	12	6
STRAY GLIMPSES OF BAPU—Kaka Kalelkar	3	0
RAMANAMA—M. K. Gandhi	2	0
SELECTED LETTERS—M. K. Gandhi (1st Series)	1	9
FROM YERVADA MANDIR—M. K. Gandhi	1	6
SELECTIONS FROM GANDHI—Nirmal Kumar Bose	10	0
FOR PACIFISTS—M. K. Gandhi	3	0
IDEL AND DIET REFORM—M. K. Gandhi	5	0
GANDHIANA—D. G. Deshpande—(A Bibliography of Gandhian Literature)	5	0
GLEANINGS—Mira	1	6
GANDHIAN ETHICS—Benoy Gopal Ray	2	0
BAPU—Mary F. Barr	4	0
TO THE STUDENTS—M. K. Gandhi	9	0
SATYAGRAHA IN CHAMPARAN—Rajendraprasad	4	0
MY LIFE AND MISSION—Vivekanand	1	3
COMMUNAL UNITY—M. K. Gandhi	25	0
THE GITA ACCORDING TO GANDHI —Mahadev Desai	12	0
FREEDOM AND CULTURE—S. Radhakrishnan	3	6
THE EPIC FAST—Pyarelal	2	0
THE HEART OF HINDUSTHAN—Radhakrishnan	2	6
TALES OF BENGAL—Santa and Sita Chatterji	3	6
CHAITANYA TO VIVEKANANDA	3	3
FOOD SHORTAGE—Gandhi	4	0
INDIA AND HER PEOPLE—Swami Abhedanandaa	3	6
POEMS—Ramdas	1	7
AT THE FEET OF GOD—Ramdas	2	1
THE SCEPTRED FLUTE—Sarojini Naidu	3	0
SARVODAYA—M. K. Gandhi	2	0
PRACTICE AND PRECEPTS OF JESUS —J. C. Kumarappa	3	6

Obtainable from:

"INDIAN OPINION"

P/Bag, Phoenix, Natal

Tel. Add: "Charotar" Telephone: 33-8885.

MANCHESTER TRADING
CO. LTD.

ESTABLISHED 1923

Wholesale Soft & Fancy Goods Merchants
—&—
Direct Importers.

47, Commissioner Street,
JOHANNESBURG.

LIFE INSURANCE

Are you adequately insured?
Have you provided for your dependants?
Prepare for the future
Life Insurance gives peace of mind for the unknown future.

Insure with "THE OLD MUTUAL" your friend for Life—
The S.A. Mutual Life Assurance Society, which has best Bonus record in the WORLD.

Representative:—

DAYABHAI PATEL

P.O. Box 1760,
JOHANNESBURG.
Phones:— Business 33-0711
Residence 33-5961

ધી ન્યુ દિલ ખુશ-સ્વીટ માર્ટ

મેનેજર: મણીભાઈ ચાકાભાઈ પટીયારવાળા.

દરેક જાતની મીઠાઈઓ, ચોખ્ખાં ઘીની તેજાબ મેવા મેવા, મસાલાથી, અને બનાવીએ છીએ.

અમારૂં બધાઓનું જુદી જુદી સેવ, મમરા, ગાંઠીઆ, ભાજ્યા, ખાજા વિગેરે દરેકનો તાજા બનાવીએ છીએ.

પાર્ટી લીગ્રે માટે મેવા મસાલામાં મીઠાઈ ઓર્ડર મળ્યે ટુંક વખતમાં બનાવી આપીશું.

PHONE 33-6575. P. O. BOX 3680.
"Just as plausibly he might have gone on to say that for the identical reasons it was unfair not to allow the Indians any representation at all. He stopped short of that startling proposition; but in the unaccustomed role of stout champion of non-European rights he was guilty of another omission. He forgot to say what he would do when his party carried out Mr. Strydom's threat to abolish the Native representation entirely.

"Will he agree with Mr. Havenga—assuming Mr. Havenga is still of the same mind as last time—that it would be immoral to repeal the Native representation? Or will Mr. Sauer, with the same powerful logic and sense of fairplay, convince Mr. Sauer that if the Native representatives go, ■ will be grossly unjust not to abolish the Coloured representatives? This seems more likely.

"With a neat little two-way argument like that to play with, Mr. Sauer could prove anything."

Things In General

Mr. R. T. Chari

Mr. R. T. Chari, Secretary to the office of the High Commissioner for India in the Union, will leave shortly on transfer. His three year term of office has expired. No High Commissioner for India was appointed after Mr. R. M. Deshmukh left in 1946. Mr. Chari was the recipient of several farewell functions organised by the Indian community in his honour, in the Transvaal. Mr. Chari recently toured the Portuguese East Africa, where he was welcomed by the Indian settlers.

Mr. Chari's successor will be appointed in January. In the meantime the Assistant Secretary Mr. Mibotra will act in his place. Mr. Chari will fly to London from Johannesburg on Thursday November 15 and after spending a few weeks in England he will sail for Bombay and thence ■ Delhi Mr. Chari is not going ■ U.N.O.

South African Wins Nobel Prize

A South African citizen, has been awarded this year's Nobel Prize for medicine. Dr. Theiler who was born in Pretoria on January 30, 1899, will receive a cash prize of 32,357 dollars and various other benefits. The Nobel committe said that he had been awarded the prize for his discoveries concerning yellow fever and methods of combating it. Dr. Theiler's discovery was made in a laboratory in New York.

Deepavali Celebrations At Ladysmith

The Hindus of Ladysmith and District assembled jointly to celebrate Deepavali undder the auspices of the Ladysmith Deepavali Committee. Over 1,000 people gathered at the Athlone Theatre. Havan ceremony took place at the Sanathan Dharma Sabha Hall. The days programme held at the Athlone Theatre was open by the President Mr. G. G. Chetty. The music and songs were provided by the Prakash and Hindi Yuvak Bands. The other items of interest were dialogues, songs, music, sketches, and speeches rendered by the pupils of the Hindi Yuvak Sabha school, Gujarati Hindi School, Sanathan Dharma Sabha school, and the Ladysmith Tamil school. These schools competed for Mr. T. Riga's Floating Trophy. The Adjudicators appointed were Messrs. Gopal Cheddie, M. V. Naidoo, and D. Vithal. The trophy was won by the Hindi Yuvak Sabha School. Mr. R. T. Riga presenting the trophy on behalf of his father Mr. R. T. Riga said the purpose of presenting the trophy was to promote keen interest in vernacular education and to instil into the minds of the Hindoo youth a love for their culture. Mr. Vithal Lala spoke on the significance of Deepavali. Other speakers Messrs. M. V. Naidoo, L. Sewgolam, and K. R. Singh. Mr. B. Vithal, joint secretary of the Committee; moved a vote of thanks. The day ended successfully with another presentation of a Floating Trophy by Mr. Goolab Amaidas of Colenso, for the best individual item at future Annual competitions.

FOR SALE
GENERAL DEALER'S BUSINESS
Situated in Centre of Indian area of PIETERMARITZBURG, Includes, Stock-in-trade, Fixtures, Office Requisites and right to obtain long lease of first class business premises.
For further particulars apply
Liquidator,
P O. Box 137,
PIETERMARITZBURG.

This Week's "Short"

A QUESTION OF SIGNS



The young man set down Thelma's case under a street lamp, and spoke again on his fingers.

As the village had gained the outskirts of the town, crawling at a snail's pace because of the fog, Thelma woke with a start, wishing she could have put off coming to see dear old gran this weekend, for it was a terrible evening. Bitingly cold with the dank bitterness that goes with fog.

Thelma felt chilled to the marrow; her hands were positively numb and her fingers quite stiff as though they had gone to sleep when their owner did and were, like her, not quite awake yet.

She began to move them slowly in an attempt to restore circulation, and at the same time turned her head to see where they were. But so thick was the fog that it was impossible to recognise any landmarks.

The life was slowly coming back into her fingers and as she clasped and unclasped them and continued to exercise them she became aware that the good-looking young man opposite her was regarding her steadfastly with a friendly yet respectfully diffident smile as though to say: "It is awful, isn't it?"

Well, it was not the time to stand on ceremony. As she returned the smile with a shy, fleeting one of her own, and then turned her head once more to a vain attempt to identify the building just looming up out of the fog, she felt the better for the friendly exchange.

It was as she turned her head again that she got the shock, for she became aware that the young man was smiling at her once more as he spelled out on his fingers, in very competent deaf and dumb language:

"We are at the Town Hall."

Instantly, Thelma forgot herself and her own misery. Whoever would have guessed he was so handicapped? Sympathy gave her acknowledging smile a greater warmth than she realised at, glad of her own skill in finger language, thanks to gran's stone deafness, she spelt back:

"Thank you very much."

Her stop was the next one and as she struggled with her two cases which had become wedged in the little cubby-hole on the conductor's platform, someone came to the rescue. It was her friend of the bus, and as he lifted one of her cases out for her and turned to help her alight, there was a question in his eyes and in the raised brows.

He set down the case under the fogbound light of a street lamp and spoke again on his fingers.

"You are very loaded. Please permit me to help you."

In the act of shaking her head, Thelma checked herself and smiled instead and nodded.

How could she reject help from one who was carrying burden enough without being made to feel different.

"Thank you very much," she spelled back. "I haven't far to go." And she indicated the direction.

Carrying the lighter suitcase in one hand she laid the other lightly on his proffered arm and they set off. At they rested for a moment before taking the turning into the avenue where her grandmother lived, Thelma did a lively explanation on her fingers.

"Like little Red Riding Hood," she said. "I'm going to see my grandmother. That case is full of good things for her. That's why it's so heavy."

He smiled charmingly and with that swift movement of the hands which she would have been unable to read but for her frequent practice he spelt out:

"Then I am the wolf?"

They both smiled as they went on gropingly through the increasing fog, and presently Thelma indicated a gate through which they passed, making their way up a path until they reached a door above which hung a lighted lamp.

It was at that moment that the dog came bounding round from the back with yappings of delight and exuberant tail wagging. In his excitement he went up on his hind legs and Thelma fended him off with a firm, clear:

"Down, Rover!"

As she bent to pet and fondle him she heard the gasp from her companion and turned to see if he were nervous of the dog. He was peering at her through the fog as though she were a ghost.

"Pardon me," he said, "but I thought—I imagined—er—that you could not speak."

It was Thelma's turn to stare.

"Then you're not deaf and dumb!" she exclaimed on a note of sheer happiness and relief.

"Deaf and dumb? Certainly not! And I'm very thankful to know you are not," said the young man.

"But why should you suppose I was?" asked Thelma, in surprise.

"By your using your fingers to ask me where about we were," he replied.

Thelma frowned.

"Why," she said, "why! my hands had gone to sleep. They were still and numb with the cold. I was moving my fingers to exercise them and restore circulation. Did you really suppose I would start talking to a complete stranger in a bus even if—"

But by this time they were both laughing.

"Watch," he said. And spelt out: "Where are we?" on his hands. "Those were exactly the exercises you went through. I was smitten with dismay that anyone so young and lovely—I beg your pardon, I shouldn't have said that. Anyway, I was thankful that I was familiar enough with finger language to answer your question."

"It was that that confirmed me in thinking you were like that," she said. "How is it that you——"

He smiled down at her through the fog, patting the dog's head meanwhile.

"I run a club for deaf and dumb youngsters," he explained. "I'm on my way there now. But I might ask you the same."

"My dear old granny is stone deaf," said Thelma. "That's why I'm so proficient." She looked up at him, both to say goodbye.

"Listen," he said eagerly. "We do need helpers at the club; people who can use the language of the hands. Do you think perhaps you might spare an occasional evening? It's such worthwhile work. My name's Terence Cooper, and I live—wait, I think I've a card." He took one from his pocket.

"My name is Thelma Price," she said. "And I live at Chestnut Cottage in Marston. I should love to give an evening a week to club work of that sort and if you will let me know, some time, a little more about it, but I really must be going now, granny will wonder what has happened to me."

He took her hand in his and pressed it hard and even through the fog she could see how glad he looked.

"Goodbye, little Red Riding Hood," he said. "Or rather au revoir," and disappeared into the fog.

And somehow Thelma knew it was only au revoir.

OUR PETS

By FARMER JOHN

Bathing a Dog

Should a pet dog be bathed in winter?

It is best not to bath a small pet dog in cold weather unless it is really necessary. If a bath is given, great care must be taken to dry the dog thoroughly, and it should be kept in a warm room for a few hours afterwards.

Rabbit Hutches

Is it harmful for a rabbit hutch to rest on the earth, or should there be a floor?

THE hutch should certainly have a floor. It should be of wood covered with sawdust, with hay on the floor of the sleeping compartment.

For further advice write to Farmer John, Woman's Weekly, The Fleetway House, Farringdon Street, London, E.C.4, enclosing a stamped, addressed envelope for a post reply.

The Jan H Hofmeyr School of Social Work

Johannesburg

Offers a three-year course of study preparing for service as Welfare and Case Workers with Social Agencies and Institutions: as Directors of Recreation and Physical Education; as Secretaries of Social and Community Centres; Y.M.C.A's., and Youth Organisations. Entrance Requirement: the Senior Certificate (Matric.) or equivalent. In only very exceptional circumstances exemption from this requirement may be granted. The Next class will enrol on February 5th, 1952.

Applicants will be required to produce evidence of character as well as academic qualifications.

Prospectus and Application Forms may be obtained from

The Director,
Jan H. Hofmeyr School of Social Work,
Jubilee Social Centre,
Eloff St, South.
Johannesburg.

BEGINNER'S COURSE IN AFRIKAANS

The External Division of the University of South Africa has now instituted a correspondence course for beginners in Afrikaans. Modern and scientific methods of instruction are used i.e. gramophone records (where necessary). No previous knowledge of the language is required.

Full particulars are obtainable from:

The Director Of External Study,
University Of South Africa,
P. O. Box 1513, PRETORIA.

R. VITHAL

Bookkeeper, Writing up Sets of Books, Balance Sheets, Income Tax Returns. Apply:

306 Commissioner St.,
Jeppe, Johannesburg.

Book Review

"Struggle for Equality" by P. S. Joshi, 40 Bree Street, Johannesburg. Pp. 304. 10/6.

South Africa is in ferment. She is in the midst of explosive race tensions unheard of in her history. Fear has grown that she will soon be split into two hostile camps, European and non-European, and only a political miracle may save her from being involved in internecine warfare. Mr. Joshi, Indian author and journalist, records here the plight of all non-European groups, especially the Indian, in South Africa, and appeals in the name of humanity to call an immediate halt on the perilous track of apartheid. He marshals all the facts to convince South African herrenvolkism of the error of its ways and relates the manner in which other nations of the world have attempted to solve identical problems within their borders. Mr. Joshi dreads the consequences of the operation of the Group Areas Act and other discriminatory legislation on the Indian people, and warns that to the Africans every oppressive measure is an eye-opener and an incentive to resist tyranny. "The history of Ndlambe, Tshaka and Dingaan has inspired them to action, and it would not be surprise if an African Nehru arose to lead them in their onward march to freedom." The book contains an appreciative foreword by Sir Maharaj Singh, Governor of Bombay, and six uptodate, valuable appendices including the chronology of colour bar from the day Van Riebeeck landed on the shores of South Africa, and prophetic views of Mahatma Gandhi and the Rt. Hon. V. S. S. Sastri on the complicated Indian problem in South Africa.

Mahatma Gandhi Memorial Fund

We wish to thank an anonymous donor for the donation of £2—2—0 towards the Mahatma Gandhi Memorial Fund.

Cuticura



ANTISEPTIC
OINTMENT

You will find this world-famous antiseptic Ointment invaluable for cuts, pimples, heat rash, chafing and other irritations of the skin and scalp. It also allays inflammation and brings speedy relief and comfort to sore, tired feet.

Comforts aching FEET!

CONGRESS WORKING COMMITTEE DECISIONS

RESOLUTIONS on the reported contemplated amendment to the Immigrants Regulations Act, prevating Indians from marrying with persons domiciled in India and bringing the wives of such marriages to South Africa, on Expatriation, on the ultimatum to 'The Guardian' and on the Group Areas Act were passed by the Working Committee of the Natal Indian Congress, held in Durban on Sunday, October 28.

Expatriation

The resolution dealing with expatriation condemned the statement issued recently by the Head Committee of the Nationalist Party that South African citizens of Indian origin should be expatriated and that the Nationalist Party believed in compulsory expatriation.

"This statement," the resolution added, "tantamounts to the repudiation of the Capetown Agreement and the Assisted Emigration Scheme flowing out of it in that this scheme is a voluntary one. The threat of compulsion makes it even more necessary for the Indian people to re-evaluate the Capetown Agreement.

"This meeting urges the South African Indian Congress urgently to consider the resolution passed by the Annual Conference of the Natal Indian Congress recommending the S.A.I.C. to request the Government of India not to receive any Indian who arrives in India under the Assisted Emigration Scheme."

The Guardian

The Working Committee expressed its "grave concern at the ultimatum served on 'The Guardian' by the Minister of Justice, under the Suppression of Communism Act.

"It regards this action as a direct attack on the freedom of the Press, an attack which if not opposed, can ultimately lead to the banning of all newspapers opposed to the policies of the Nationalist Government.

"In condemning the autocratic action of the Minister, this meeting calls upon all South Africans of all races to lodge their strongest protest against this further Nationalist attack on the existing freedoms and liberties of the people."

Contemplated Amendment To Immigration Laws

The Working Committee expressed grave concern at "the press report indicating that the Government contemplates amending the Immigrants Regulations Act of 1913 in order to make marriages between South African born and domiciled Indians and Indians outside the Union invalid in South Africa.

"This meeting emphatically repudiates the suggestion that during the past five years 14,000 Indians have entered the Union illegally and regards this suggestion of the Minister of the Interior and others as a further attempt to antagonise the European people of Natal against the Indians with a view to gaining further support for the Nationale Party's policy of expatriation and for the implementation of the Group Areas Act.

"The contemplated restriction on Indian marriages is a violation of a basic human right of the individual and runs counter to the provisions on marriages contained in the International Declaration of Human Rights guaranteeing the individual the right of free choice of one's life partner."

The Group Areas Act

The Working Committee was of the "firm opinion that no Indians should co-operate with local authorities in creating or setting aside areas under the Group Areas Act.

"Recent events such as the move to declare Cato Manor a White area clearly indicates that the local authorities in co-operation with the Central Government are already preparing plans to define racial zones on pre-conceived notions and that the Land Tenure Board will be presented with a fait accompli.

"Under the circumstances Indian co-operation will only lead to their participation in plans which aim at their economic strugulation and their co-operation will be interpreted as the Indian people's acceptance of the Group Areas Act and the principle of apartheid embodied in this Act.

NEW MYSTERY COMIC SERIAL

LESLEY SHANE



INPRA all rights reserved

To be continued

Save Money On **FURNITURE**

SPECIAL WHOLESALE DEPARTMENT TO CATER FOR STOREKEEPERS

Write for Price Lists and Illustrations of Factory-made Furniture:

Bedroom Suites, Diningroom Suites, Lounge Suites, Office Furniture, Kitchen Furniture and Occasional Furniture

You can also send Customers to our Showrooms to be served on your behalf or sell to them from our Catalogue which we can supply on application.

SIMPLEX FURNITURE FACTORY (PTY.) LTD.,

64 Alice Street, DURBAN.

ઇન્ડિઅન ઓપિનિઅન

મહાત્મા ગાંધીજીના હસ્તે
સને ૧૯૦૩માં સ્થપાયું.

પુસ્તક ૪૯ મું—અંક ૪૪ | શુક્રવાર તા. ૯ નવેમ્બર, ૧૯૫૨. | છુટક નકલ પેની.૬

"ઇન્ડિઅન ઓપિનિઅન"

શુક્રવાર તા. ૯ નવેમ્બર, ૧૯૫૨.

"દાઝ્યાપર ડામ

મુખ્ય પ્રધાન ડૉ. ટી. ઇ. ડોંગીસે દુઃખ સમયપર ડરબનમાં વસતી બંદુકના આંકડાનું અવલોકન કરતાં એવું નીવેદન કર્યું હતું કે, દેખવા પરથી પાંચ વર્ષમાં ૧૪૦૦૦ હીંદીઓ યુનીયનમાં ગેરકાયદે દાખલ થયા છે. એ નીવેદનપર તે કુદરતી રીતે આંબ્યા એ તો એજ જાણે. તેવીજ બંદુકનું નીવેદન તેમની પહેલાં ડરબનના મેયર મી. પરસી એઝલેન્ડે કર્યું હતું. પરંતુ બન્ને નીવેદનો પાયા વગરનાં હતાં. એ નીવેદનો કરવાનો એકમાત્ર હેતુ, અમે અગાઉ જણાવી ચુક્યા છીએ તેમ, દેખીતી રીતે, યુરોપીયનોના મનમાં હીંદીઓ વિરુદ્ધ ઝેર રેડવાનો હતો.

ક્ષણભર માની લો કે એ નીવેદન ખરું હોય તો સદા અતિ જાગૃત રહેતાં ઇમીગ્રેશન ખાતાંની પ્રતિષ્ઠા તે વધાર નાઈ નહિ ગણાય. એ ખાતાંનાં હલ્લાબોલ ના આંખ મીંચામણા વિના એ નહિ બની શકે. એવું અનુમાન કરવામાં આવ્યું છે કે ઉકત હીંદીઓ યુનીયન અને પોરચુગીઝ પ્રદેશની સરહદ પરથી પુસી ગયા હતા. એ પણ કેમ બની શકયું હોય એ વીચારી શકાતું નથી. કારણ, પ્રથમ તો તેમને લેરેન્કો માર્કિવસ જવા તો બેરા જહાજ મારફે આવવું પડેલું હોય અને એ બન્ને બારોબાર એકેએક ઉતારની ઇમીગ્રેશન ખાતાં તરફથી ચારીકાયી તપાસ કરવા માં આવે છે.

પરંતુ આ બદનક્ષી ભરેલી બબડાટનું તુરતજ નિવારણ કરવું પડયું અને તેથી લોકોને હવે એમ કહે વામાં આવી રહ્યું છે કે ડૉ. ડોંગીસના નીવેદન બાદ તપાસ કરવામાં આવી અને એક નવીન વસ્તુ રચી કાઢવામાં આવી છે કે આ દેશમાં જન્મેલા અને ડોમીસાઇલ થએલા હીંદીઓ લગ્ન કરવા યુનીયનની બહાર જાય છે અને પોતાની પત્ની અને છોકરાંઓને યુનીયનમાં દાખલ કરે છે. પોતાની પત્નીઓને બહારથી લાવે કે યુનીયનમાં લગ્ન કરે એ બેમાં અમે બહુ ફેર જોતા નથી. બન્ને રીતે છોકરાંઓ સરજવાના હેાય તે તો સર જાયજ. એ ગમે તેમ હો પરંતુ યુની યનમાં ડોમીસાઇલ થએલા હીંદીઓની બહુ થોડી સંખ્યા લગ્ન કરવા બહાર જાય છે અને તે આ દેશમાં પોતાની વસતી વધારવાના જ આશ હરાદથી નથી જતા, પરંતુ તેઓના ધાર્મીક અને સામાજીક રિવાજોના કારણે આ દેશમાં તેઓને લાયક કન્યાઓ નથી મળી શકતી તેથી જ બાપ છે. અને યુવાન છોકરાઓ જો કન્યાઓ લાવવા બહાર જતા હોય તો આ દેશમાં જન્મેલી યુવતીઓને સદાને માટે આ દેશ છોડી જવો પડે છે કારણ, આ દેશના ઇમીગ્રેશન કાયદાઓની રૂએ તેઓનાથી આ દેશમાં ડોમીસાઈલ થએલા નહિ હોય તેવા પતીઓને કે તેઓનાં છોકરાં ઓને આ દેશમાં લાવી નહિ શકાય. વળી માની લો કે આ લોકોને કન્યા ઓ શોધવાને બહાર જવાની પાબંદી મના કરવામાં આવે, તો શું થાય? વ્યભિચાર વધે. લાગતાવળગતા લોકોનું જીવન બરબાદ જાય અને વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થાય. શું કોઇ પણ સારી સરકાર આવું પરિણામ જોવા ઇચ્છે ખરી? છતાં હાલની સરકાર ૧૯૧૩ ના ઇમીગ્રેશન કાયદામાં સુધારાયેલો સુધારો લાવીને આ વસ્તુ સાધવા ઇચ્છતી જણાય છે: શું સાઉથ આફ્રીકાની લોકશાસનપ્રિય સુધરેલી ગોરી પ્રજા આ વસ્તુ થવા દેશે?

અનેક જાતના પ્રતિબંધોથી તો હીંદી ઓ ઘેરાયેલા પડયા જ છે. ઉપરથી ભલે ગમે તે જોવામાં આવતું હોય પરંતુ એટલી વાત તો પ્રતિષ્ઠિત સંશોધકોએ સિદ્ધ કરેલી છે કે આ દેશમાં સીત્તેર ઉપર ટકા હીંદીઓ પેઢ પુરતું અનાજ પામતા નથી. પોતાની સંસ્કૃતિને માટે તેઓ એક જ દેશ તરફ નજર કરી શકે છે અને તે હીંદ છે. ૧૯૧૩ની સાલથી એ પણ તેઓ કરી શકતા નથી કારણ કોઇ પણ નવા હીંદીથી આ દેશમાં દાખલ થઇ શકાતું નથી. આ દેશના એપાર્ટહેડના કાયદા ઓના કારણે તેઓ યુરોપીયનોની (પશ્ચિમ) સંસ્કૃતિના સમાજમમાં પણ આવી શકતા નથી. એટલે, મતલબમાં, તેઓને પોતાનામાંજ સબડવું પડે છે અને પશ્ચિમ સંસ્કૃતીની બહીઓ બહાર કરવી પડે છે. હવે તેઓના બાતલી જીવનમાં પણ માયું મારવાનું ચોલ્લાક રહ્યું છે! આ દાઝ્યાપરનો ડામ જેના માં સ્વમાનનો છાંટો પણ હશે તેનાથી સહન નહિ થઇ શકે, નહિ કરવો જોઇએ.

સાઉથ આફ્રીકાના હીંદીઓની સમક્ષ બે વસ્તુઓ પસંદ કરવાની રહી છે. યા તો આ અનિષ્ટની સામે મદીનગી થી મરણાંત લગી લડવું અને સુધરેલી દુનીયાને પોતાનું નુર બતાવી આપવું અથવા તો નામર્દની જેમ આ દેશમાંથી નાસી છુટવું અને દુનીયામાં અપકીર્તી મેળવવી. ત્રીજો માર્ગ છે મુંગે મોઢે માનભંગો સહન કરી અહિ પડી રહે વાનો. તેમ કરવાથી તેઓ સુધરેલી દુનીયા તરફથી કશું પણ ખ્યાન મેળવવા ને લાયક નહિ ગણાય અને અર્ધજંગલી અથવા ગુલામો તરીકેના વર્તાવને તેઓ પાત્ર ઠરશે. ઇશ્વર સૌને સન્મતિ બક્ષે અને સન્માર્ગે દોરે.

ક્રીટનની ચુંટણી

છેલ્લા થોડા દિવસોનો અયત્નપ્રેમ બનાવ ક્રીટનમાં થએલી નવી ચુંટણીનો ગણી ગયો છે. મી. વીન્સટન ચર્ચીલ ના નેતૃત્વ હેઠળ કનઝરવેટીવ પક્ષ સત્તા માં આવ્યો છે. સમયનું એ એક ચિન્હ છે. આપણા દુનીયામાં આજે અનિષ્ટ તત્વો વધવા લાગ્યાં છે. યુદ્ધની તપ તારીઓ ઉભયપક્ષે ચાલી રહી છે અને કોને ખબર છે કે મી. ચર્ચીલ, જેમણે એક વખત એવું કહ્યું હતું કે ક્રીટીશ સલ્તનતનો અંત મારા હાથથી કદી નહી આવે, તેમને જ હાથે હવે દુનીયા નો અંત આવવાનું સરજાયું હશે કે શું? અમે એવું હરગીજ ધારતા નથી. અમે તો ઇચ્છીએ છીએ કે બુદ્ધિ અને હીંમત, કે જેની મી. ચર્ચીલ માં જરાએ ઉણપ નથી, તેનો દુનીયા નો નાશ થતો અટકાવવામાં સદુપયોગ કરવાની ઇશ્વર તેમને સન્મતી અને શકતી આપે. એ કાર્ય ખરેખર કઠિન છે. પરંતુ જે નેતાઓના હાથમાં આજે દુનીયાનું ભાવી રહેલું છે, તેઓ જો ઇશ્વરનો ડર રાખી પોતાની સત્તા અને મોભાનો જ વિચાર કરવાનું ત્યજી દે અને ગરીબ અને શ્રમજીવી બળની ધમકી ઓ બાજુએ મુકી દઇ વિરોધી બળો સાથે અત્યંત નમ્રભાવે મસલત કરે તો અમને ઇશ્વરમાં પુર્ણ વિશ્વાસ છે કે શ્રમજીવનો આધાર લીધા વીના મસલ તોથી તેઓ દુનીયામાં શાંતી સ્થાપી શકશે.

સાઉથ આફ્રીકામાં જે બની રહ્યું છે તે પરથી વીચારતાં એમ લાગે છે કે, શાંતી, એખલાસ અને માનવ બંધુત્વનો જે મહાન સવાલ આપણી સમક્ષ ખડો થએલો છે તેને જોવાને બદલે પોતાના પક્ષ તરફ અને પક્ષનુંજ જોવાની વૃત્તિ દુનીયામાં આજે પણ જ વધી ગએલી છે. ઉપરોક્ત મહાન આદર્શો સિદ્ધ કરવાના કર્યેલા કારણે જે ભયંકર વિનાશકારક યુદ્ધોમાંથી દુનીયા પસાર થઇ ચુકેલી છે. છતાં એ મહાન આદર્શો તો અગાઉ કદી નહિ હતા તેટલા આપણાથી દુર ચાલ્યા ગયા છે અને દુનીયાને આંગણે બીજું યુદ્ધ આવી રહ્યું છે.' તેના ઉપરથી સ્પષ્ટ સમજી શકાયું જોઇએ કે આ યુદ્ધો ઉકત આદર્શોની સિદ્ધિને માટે નથી લડાયાં પરંતુ યુદ્ધસંતોષીઓના સ્થાપિત લાભોને માટે જનતાના ભોગે તે લડાયાં છે. દુનીયાની સૌથી મહાન કસોટીને વખતે ક્રીટનમાં કનઝરવેટીવ પક્ષ સત્તામાં આવ્યો છે. દુનીયાને સુધારવી કે તેનો અંત લાવવો એ તેના હાથમાં રહ્યું છે.

નોંધ

ડરબનની લાયબ્રેરીઓમાં
એપાર્ટહેડના નવા ધારા

ડરબન સીટી કાઉન્સીલે લાયબ્રેરીને લગતા નવા ધારા ઘડયા છે જેની રૂએ સીટી હોલમાં આવેલી મ્યુનીસીપલ લાયબ્રેરી માત્ર યુરોપીયનોને માટેજ ખાસ રાખવામાં આવી છે અને ખુક રટોટની લાયબ્રેરી નોન-યુરોપીયનોને માટે જ ખાસ રાખવામાં આવી છે. સીટી હોલ વાળી લાયબ્રેરીમાં દાખલ થવા સંબંધી કલમમાં જણાવવામાં આવ્યું છે કે તેનો ઉપયોગ માત્ર યુરોપીયનો કરી શકશે અને કોઇ પણ નોન-યુરો-પીયન કોઇ પણ કારણસર તેમાં દાખલ થઇ શકશે નહિ. અપવાદ માત્ર એટલો રાખવામાં આવ્યો છે કે સીટી કાઉન્સીલના નોન-યુરોપીયન અમલદારો અથવા નોકરો અથવા કોઇ પણ યુરોપીયનનો નોન-યુરોપીય નોકર કામ પ્રસંગે દાખલ થઇ શકશે. તેમ છતાં લાયબ્રેરીમાંના પોતાની મુનસુફી

થી પોતાને યોગ્ય જણાય તે શરતે કોઈ પણ નોન-યુરોપીયનને દાખલ થવા દઈ શકશે. એજ નીયમ ફ્રુક રટ્રીટની લાયબ્રેરીને પણ લાગુ પાડવા માં આવેલો છે.

ઈન્ડીઅન-ઝોસા ડાક્તરોને હાઉસ સર્જન તરીકેનું કેટલું સ્થાન મળેલું

ટ્રાંસવાલ પ્રાંતિક સરકારે અમુક શરતો સ્વિકારેલી છે જેથી ત્રણ નોન-યુરોપીયન ડાક્તરો જોહાનીસબર્ગની બારાગ્વાનાથ હોસ્પીટલમાં હાઉસ સરજન તરીકે કામ કરી શકશે. તેઓને યુરોપીયન ડાક્તરોને મળતા પગારનો ચારપંચમાંશ પગાર મળશે. આનો અર્થ એ થયો કે ત્રણ હીંદી ડાક્તરો જેઓને પોતાનો ડાક્તરી અભ્યાસ પુરો કર્યો બાદ ધંધો શરૂ કર્યા પહેલાં તાલીમ લેવાને હાઉસ સરજન તરીકે કામ કરવું પડે છે તે મળવાની મુશ્કેલી આવી હતી તે દુર થઇ છે. જેઓએ આ ખાલી જગ્યાઓ માટે અરજી કરેલી છે અને જીલ્લને ફ્રીજમેન મેમોરીયલ હોસ્પીટલ, કે જે પ્રાંતિક સરકાર તરફથી ચલાવવામાં આવતી નથી, તેમાં જગ્યા મળી ગઇ છે. આ ત્રણ હીંદી ડાક્તરો કેટલાક માસ થયાં પોતાનો અભ્યાસ પુરો કર્યો હતો પરંતુ બારાગ્વાનાથ હોસ્પીટલમાં તેઓને સ્થાન આપવામાં આવ્યું નહોતું જો કે એ હોસ્પીટલ નોન-યુરોપીયનોને માટેજ છે. કારણ એ હતું કે યુરોપીયન નર્સોને નોન-યુરોપીયન ડાક્તરોના હુકમ ઉઠાવવાની સુગ હતી. બારાગ્વાનાથના મેડીકલ સુપ્રીન્ટેન્ડન્ટ ડૅા. જે. ડી. ઓસન અને મોડિકલ આદીકન ગેડીકલ એન્ડ ડેન્ટલ કાઉન્સીલના પ્રમુખ પ્રોફેસર એસ. એફ. ઉરસબ્રુકને તેઓને સ્થાન અપાવ્યું અને જોહાનીસબર્ગની હોસ્પીટલ બોર્ડ ને અમુક સુચનાઓ કરી હતી. બોર્ડે એ સુચનાઓ સ્વિકારી પ્રાંતિક સરકાર સમક્ષ રજુ કરી હતી અને તેણે એ નીમણુંક મંજુર કરી છે. ડૅા. ઓસને જણાવ્યું છે કે ઉપરોકત હીંદી ડાક્તરોને અકરમાતના દરદીઓના ખાતામાં રાખી શકાશે અને તેઓને માટે રેસ્ટ રૂમ અને કલોક રૂમો યુરોપીયન ડાક્તરોથી જુદા રાખવામાં આવશે. તેઓને રહેવું પણ બહાર પડશે કેમ માટે તેઓને ખરચ આપવા માં આવશે. અકરમાતના દરદીઓના બોર્ડમાં નોન-યુરોપીય સીસ્ટર રાખવા માં આવશે. આ ગોઠવણ કામ ચલાઉ છે. નીમણુંક બાર મહિના માટેજ અને દરમીયાનમાં બોર્ડ આખો સવાલ તપાસશે. જોહાનીસબર્ગ જનરલ હોસ્પીટલના મેડીકલ સુપ્રીન્ટેન્ડન્ટ ડૅા. જે. એફ. મીલ્સ, જેમણે પ્રાંતિક સરકાર સાથે આ બાબતની ચર્ચા કરી હતી, તે જણાવે છે કે આ નવી ગોઠવણ બોર્ડની નીતીને અનુસાર છે. જણાવવામાં આવે છે કે આ વર્ષની આખરીથી કરબનની ફ્રીમેન મેમોરીયલ હોસ્પીટલમાં પણ ચાર કે પાંચ નોન-યુરોપીયન ડાક્તરોને માટે જગ્યા થશે.

અંત લગી લડયે જુકેડા

ઉપલી ગોઠવણથી અમે જરાયે ખુશી નથી થયા. કોઇ પણ સ્વમાન પ્રિય માણસની તેથી બાબણી દુઃખમા વિના નહિજ રહે. જેથી કુળવણીની લાટકાતની કીમત શું છે એ તેને અંતે દરજ્જો અકુલતોજ જોગવવાનો કોપ. માણસની જાતી કે વર્ણના આધારે ભેદ પાડવો એ વસ્તુજ ખોટી છે અને જ્યારે તેને કાયદાથી મંજુરી આપવા માં આવે ત્યારે તે અસહ્ય થઇ પડે છે. સમજદાર યુરોપીયનોએ તેમજ નોન યુરોપીયનોએ તેની સામે અંત લગી લડયેજ છુટકો છે.

ગોરા કાળા વચ્ચે ખાઈ રહેલો સંબંધ

ઓન. જસ્ટીસ સેઝલી ક્લેકવેલ કે. સી.એ જોહાનીસબર્ગમાં આપણ કરતાં કહ્યું હતું કે "આપણે યુરોપીયનો જોઇએ આ દેશમાં સૌથી વધારે ધુરો ખોમવીએ છીએ તેઓ આપણા નેતીયો ને માટે કરવું જોઇએ તેનો દસમો ભાગ પણ કરતા નથી. સારા ચાળીસ વર્ષના અનુભવમાં યુરોપીયનો અને નોન-યુરોપીયનો વચ્ચે જેટલી આજે વર્તી રહી છે તેટલી કડવાશ મે કદી જોઇ નથી. આજે કદી નહિ હતી તેવી અરાજકતા વર્તી રહી છે. જોઇ નેટીવે ઘરમાં ખાતર પાડયું, યુરોપીયનનું ખુન કરવું, યુરોપીયન સ્ત્રીના ઉપર બળાત્કાર કરવો એ તો ગોરા કાળા વચ્ચેના જાહેર કર્યા વગર ચાલી રહેલાં યુદ્ધમાં નેટીવને માટે એક બહાદુરીની વસ્તુ ગણાય છે. બહાર થી આપણી આબાદી અને જણાતી ફોપ, પરંતુ આપણી વસતીમાં વધારો કરવાને બહારથી વસાહતીઓ નથી આવતા એથી હું બેચેન છું. ગોરી વસતીમાં જે કુદરતી વધારો થઇ રહ્યો છે તે પુરતો નથી. નેટીવો અને હીંદી જોતા સંતતીના પ્રમાણ આગળ આપણું કયી વિસાતનું નથી."

સૌને સમાન તક આપવી જોઇએ

ગયે અઠવાડીયે પ્રીટોરીયામાં ટેમ્પ કમાન્ડોના વર્ષ રકવેરમાં થયેલા ધાર્મિક ઉત્સવ પ્રસંગે કમાન્ડોની પ્રીટોરીયાની શાખાના પ્રમુખ મી. જોહ્યવેબ્રટે પ્રવચન કરતાં કહ્યું હતું કે "અમે રેન્ડ કમાન્ડોના સભ્યો ઇચ્છર ની અને આપણા દેશની સેવાના સમાન આદર્શો સેવનારા સઘળાને અમારું સર્વસ્વ અર્પણ કરીએ છીએ.

પ્રેસબીટેરીયન ચર્ચના રેવરન્ડ આર. બી. ગીલ્સે કહ્યું કે માનવીઓ અને પ્રજાઓને જીવનના આધાર તરીકે સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ જોઇએ છે. સ્વતંત્રતા એ ક્રિસ્તપાલન થી ફેલાયેલો ગુણ છે. આજે જેને સ્વતંત્રતા કહેવામાં આવે છે તે બીજા ના ભોગે થતી સ્વચ્છંદતા છે. માનવી ઓ અને પ્રજાઓ જ્યારે ઇશ્વરનીજ સત્તા સ્વિકારતા થશે ત્યારેજ આપણે ખરી સ્વતંત્રતા જોઈ શકીશું. એ સ્વતંત્રતામાં ત્યાગ એ જીવનનું ખાસ અંગ હશે. આપણા દેશની પ્રજાતીમાં પોતાનામાં રહેલા સારામાં સારા ગુણો બહાર લાવવાને માટે સૌને માટે સ્થાન છે. આપણા કોઇ પણ માનબંધુને તેમ કરતાં આપણે રોકી શકતા નથી. સૌને સમાન તક આપવામાં આવવી જોઇએ."

સાઉથ આફ્રીકાના ડાક્તરોને મળેલું આ વર્ષનું નોબલ પ્રાઇઝ

આ વર્ષનું નોબલ પ્રાઇઝ મેડીસીન પીવરને લગતી અને તે નાબુદ કરવાની રીતોને લગતી શોધો કરવા બદલ સાઉથ આફ્રીકાના ડૅા. મેકસ થેલરને મળેલું છે. તેમને સોનાનો ચાંદ, ૧૨૩૫૭ ડોલર અને બીજી વસ્તુઓ આપવામાં આવશે. ડૅા. થેલરે પોતાની શોધ ન્યુયોર્કની લેબોરેટરીમાં કરી હતી. ડૅા. થેલરનો જન્મ ૧૮૯૯ના જનુઆરીની તા. ૩૦મીએ પ્રીટોરીયા માં થયો હતો.

હીંદીઓથી લગ્ન કરવા યુનીયનની બહાર નહિ જઈ શકાય

પાર્લામેન્ટની આવતી બેઠકમાં લાવવા ધારેલો કાયદો

પાર્લામેન્ટની આવતી બેઠકમાં સરકાર એવો કાયદો લાવવા ધારે છે કે જેથી સાઉથ આફ્રીકામાં જન્મેલા અને ડોમીસાઇલ થએલા કોઇ પણ હીંદીયો લગ્ન કરવા યુનીયનની બહાર નહિ જઈ શકાય.

ઇમીગ્રેશન ખાતાના અમલદારો માને છે કે હાલ જે કાયદો છે તેમાં ખારી રહી છે. જેથી હીંદીઓ વખત અંકુશો સંબંધમાં દાખલ થઇ રહ્યા છે.

કુંક મુદ્દતપર મુલકી પ્રધાન ડૅા. ટી. ઇ. ડોંગીસે ડરબનમાં જાહેર સભા માં બાષણ કરતાં કહ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં લગભગ ૧૪૦૦૦ હીંદી ઓ ગેરકાયદે યુનીયનમાં દાખલ થયા હતા. એટલે દર વર્ષના લગભગ ૨૮૦૦ થયા. ડૅા. ડોંગીસના આ નિવેદનપર થી હીંદીઓ કેવી રીતે યુનીયનમાં દાખલ થાય છે તેની વધેલી તપાસ દરમીયાન આ હકીકત જણાવવામાં આવી હતી.

ડૅા. ડોંગીસે કહ્યું હતું કે યુનીયન ની વસતીની સંખ્યાપર વધારે અંકુશ મુકવા તેમણે પોપ્યુલેશન રીજીસ્ટ્રેશનના કાયદાનો અમલ કરવાની ખાસ સુચના આપેલી છે.

હાલના ઇમીગ્રેશન કાયદાની કલમ કોઇ પણ હીંદી જે યુનીયનમાં જન્મેલો કોય અથવા ડોમીસાઇલ થએલો કોય તેનાથી યુનીયનની બહાર જઈ લગ્ન કરી શકાય છે અને પોતાની ઓને અને તેના અથવા તેના પોતાના છોકરાંઓને સ્થાયી વસવાટને માટે યુનીયનમાં દાખલ કરી શકાય છે.

એકજ વરસ સાઉથ આફ્રીકાના હીંદીને આમ કરતાં અટકાવે છે તે એ કે તે યુનીયનના પ્રાંતોમાંના કોઇ પણ એકમાં પરણેલો કોય અથવા કોઇ પણ પ્રાંતમાં કોઇ પણ બીજી સ્ત્રીથી જન્મેલાં તેના છોકરાં કોય.

હવે ૧૯૧૩ના ઇમીગ્રેશન કાયદાની એક કલમમાં ફેરફાર કરવાનું ધારવા માં આવ્યું છે. તેમાં રહેલી ખારીની પ્રધાનને જાણ કરવામાં આવી છે અને એશીયાટીકોને એ કલમમાંથી બાતલ રાખવાનું સુચવવામાં આવ્યું છે.

આવો કાયદો કરવામાં આવશે તો કોઇ પણ હીંદી જેણે યુનીયનમાં કાયમતી મેળવેલી હશે અને તેનાં લગ્નથી જન્મેલાં તેના છોકરાં હશે તેનાથી બહાર જઇ પરણી પોતાની ઓ અને છોકરાંઓને યુનીયનમાં દાખલ કરી નહિ શકાય અને કોઇ પણ સાઉથ આફ્રીકાના હીંદીથી કોઇ બહારની સ્ત્રી સાથે લગ્ન કરી તેના છોકરાં યુનીયનમાં લાવી નહિ શકાય

દૈનિક અખબારોમાં એવા ખબર પ્રસિદ્ધ થયા છે કે ૧૪૦૦૦ હીંદીઓ યુનીયન અને પોરચુગીઝ ઇસ્ટ આફ્રિકાની સરહદપરથી પુસી ગયેલા હોવાની પ્રધાનની માન્યતાને ઘણું સમર્થન મળેલું જણાય છે.

(જુઓ અમારો અગ્રલેખ.)

---

૫ ૨ ૫ ૨ ૫

—શ્રીમતી વિજયાલક્ષ્મિ પંડિત જેઓ યુનાઇટેડ સ્ટેટસ અને મેક્સીકો ખાતે ના હીંદના એલચી છે તેમનાથી આવતે વર્ષે બનારી હીંદની સામાન્ય ચુંટણીમાં ઉભેદવારી કરી શકાય તેટલા માટે હીંદ સરકારે તેમનું રાજકાયુ સ્વિકારેલું છે.

—હિમાચલ પ્રદેશની પહાડી જાતીઓ, જેઓનો હીંદના સાડા સતર કરોડ મતાધિકારીઓમાં સમાવેશ થાય છે, તેઓએ ચાલુ માસમાં ભરપુર પડતો ફોવાથી અડધોઅર તા. ૨૫મીએ મત આપ્યા હતા. રાજ્યના બાકીના ભાગમાં નવેમ્બર તા. ૧૬મીથી ચુંટણી શરૂ થશે અને ડીસેમ્બરમાં પુરી થશે.

ગ્રૂપ એરીયાઝ એકટ પર ફેપટાઉન સીટી કાઉન્સીલ

કેપ ટાઉન સીટી કાઉન્સીલે અકટોબર તા. ૨૮મીના ૭ વીરૂદ્ધ ૨૧ મતે ગ્રૂપ એરીયાઝ એકટ કેપટાઉનને લાગુ પાડવા સામે સકીય વીરોધ નહિ કરવા નો ઠરાવ કર્યો. કાયદાની રૂએ સત્તાઓ મુકરર કરવાની જવાબદારી સરકારે સ્વિકારવી જોઇએ એવી બહુમતીનો તેણે સ્વીકાર કર્યો. કેજેનડોલ યુરોપીયન અને નોન-યુરોપીયન ડાયરેક્ટર રહીમો. ધરના હાઉનેન્સ કમીટીના રીપોર્ટમાં એ બાબત લાવવામાં આવી હતી. રીપોર્ટમાં જણાવ્યું હતું કે નેશનલ હાઉઝીંગ કમીશન પા. ૭૬,૬૬૮ની લોનની બહુમતી કરવા તયાર છે, જો કાઉન્સીલ એવી ખાત્રી આપે, કે પોજના ગ્રૂપ એરીયાઝ એકટની જરૂરી બાતો અનુસાર અમલમાં મુકવામાં આવશે. રીપોર્ટ જણાવે છે કે, શહેર માં યુરોપીયન અને નોન-યુરોપીયન સત્તાઓ કાઉન્સીલે મુકરર કરવા જોઇએ એવી કોઇ પણ સુચનાનો હાઉનેન્સ કમીટી વીરોધ કરે છે. કમીટીએ બહુમતી કરી કે:

(અ) યુરોપીયન અને નોન-યુરોપીયન પોજનાઓ બતાવનારાના પ્લેન સહીત આ પોજનાઓ નેશનલ હાઉઝીંગ કમીશન સમક્ષ પુરેપુરી વીગતવાર કરી રજુ કરવી, અને

(બ) કાઉન્સીલે કમીટીના મતોને અનુમોદન આપવું અને સરકાર જે આ પોજનાઓ માટે પોતે સત્તા આપેલી છે તેની સરતો ટકાવી રાખવા માગતી હોય તો કાયદાની રૂએ ગ્રૂપ એરીયા ઓ મુકરર કરવાની જવાબદારી સરકાર પોજ ઉઠાવવા" સુચવ્યુ.

શ્રી. એસ. કાહાન એમ. પી. એ એવી દરખાસ્ત મુકી કે બહાલીની કલમ (બ) કાઢી નાખવામાં આવે અને તેના બદલામાં નીચેની મુકવામાં આવે: "સરકારને એવી અરજ કરવી કે કાયદા ની રૂએ સત્તાઓ મુકરર કરવાની પોજનાનો કાઉન્સીલ વીરોધ કરે છે." તેમણે કહ્યું કે "ગ્રૂપ એરીયાઝ એકટ નો અમલ કરવામાં કાઉન્સીલનો સહ કાર મેળવવાની સરકારની આ એક બાજ છે. અપીલે ૧૬૫૧ માં હાઉઝીંગને માટે પા. ૧૦ લાખ વોટ કર્યા હતા પરંતુ એક પણ ઘર હજુ બંધાયું નથી. અમારે પણ એ કામ આપણે હાથ ધરવા જોઇએ છીએ સારૂ સરકાર કંઇક નથી અટકાયુ નાખે છે."

શ્રી. હનસુ, એસ. બંગે કહ્યું: "સરકારે નેશનલ હાઉઝીંગ કમીશનનો કાયદો અમલમાં મુકવા અર્થે આ રીતે લાગ ઉઠાવવો એ અત્યંત અન્યાયી છે.

શ્રી. સી. બારનેટે કહ્યું: "આપણે સરકારને સાફ સાફ કહી દેવું જોઇએ, કે તમે કાયદો પસાર કર્યો છે અને તમેજ તેનો અમલ કરો. અને તમને ગમે તે સત્તાઓ મુકરર કરો."

ગ્રપ્રુ કલાકની ચર્ચા બાદ શ્રી. કાહાન ની સુધારાની દરખાસ્ત ૭ વીરૂદ્ધ ૨૧ મતે ઉડી ગઇ અને મુળ બહુમતી પસાર થઇ.

ટાઉન કલાર્કે કરેલો ખુલાસો

'કેપ આરગસ'ને મુલાકાત આપતાં ટાઉન કલાર્ક શ્રી. એમ. બી. વીલીયમ્સે જણાવ્યું કે ગ્રૂપ એરીયાઝ એકટ પર સીટી કાઉન્સીલે જે રીતે મત આપ્યો તે મુજબ તેણે એ વસ્તુનો સ્વીકાર કર્યો કે ગ્રૂપ એરીયાઝ એકટ કેસનો કાયદો છે પરંતુ તેનો અમલ કરવાની કશી જવાબદારી લેવા પોતે તયાર નથી. કાઉન્સીલે એ જવાબદારી પાછી સરકારને સુપ્રત કરી દીધી છે.

શ્રી. વીલીયમ્સે કહ્યું: "કાયદામાં કયાંયે એવું કહેવામાં નથી આવ્યું કે કાયદો અમલમાં મુકવાની સ્થાનીક સત્તાએ કોઇ પણ જાતની જવાબદારી લેવી. માત્ર સ્થાનીક સત્તાઓને સહકાર કરવાનું તે આમંત્રણ આપે છે.

પરંતુ સરકારી અખબારોમાં સુચ વાયું છે તેમ જો કાયદો અમલમાં મુકવાની સ્થાનીક સત્તાઓને ફરજ પાડનારો કાયદામાં સુધારો લાવવામાં આવશે તો કાઉન્સીલને મોટા ખરચમાં ઉતરવું પડશે જમીન આપણીના નકશાઓ તયાર કરવા પડશે એટલું જ નહિ પરંતુ મ્યુનીસીપલ અમલદારો એ ઘેર ઘેર ફરી તેમાં વસનારા ગોરા છે કે બીન-ગોરા તેની તપાસ કરવી પડશે. અને તેમ કરતાં અમલદારોના કદાચ માથાં પણ ભાંગશે."

તેમણે કહ્યું: "સત્તાઓ મુકરર કરવાની જવાબદારી સરકારે લેવાનું કાઉન્સીલ કહે છે તેનું કારણ એ છે કે તેમ નહિ કરે તો નાગરીકો બીન-ગોરા તેમજ બીજા અમુક સત્તાઓમાંથી તેઓને ઉથેડી મુકવાનો કાઉન્સીલપર દોષ મુકશે.

સ્થાનીક સત્તાઓ પાસેથી સહકારની આશા રાખવામાં આવે છે પરંતુ તેમ કરવાની તેને ફરજ પાડવાઇ કયું નથી.

લેન્ડ ટેન્યુર એડવાયઝરી બોર્ડે સ્થા નિક સત્તાઓને સુચનાઓ આપનારી એક પત્રીકા મોકલેલી છે કે કાયદાના અમલ સાથે સૌથી વીશેષ સંબંધ તેઓને રહેલો છે અને એ કાર્યમાં કોઇના પણ કરતાં વધારે મદદ તેઓ આપી શકે તેમ છે.

પરંતુ કોઇ પણ વર્ગોના લોકોની કોઇ પણ સંખ્યા અથવા તો સંસ્થા ઓને પણ ગ્રૂપ એરીયાઓ મુકરર કરવાની અરજી કરતાં કોણ રોકી શકતું નથી. તેમ થાય તો સ્થાનિક સત્તા ઓને એ અરજીઓપર પોતાનો મત દર્શાવવાની તક તો આપવામાં આવશે જ પરંતુ એ બાબતમાં અમપદ લેવાનું બાનગી વ્યકિતઓપર છોડી દેવા કરતાં તેઓએજ લેવું વધારે સલાહકારક ગણાશે.

અમુક જાતીના લોકોને જો અમુક સત્તાઓમાંથી પરમણે કાઢવાનો સવાલ આવશે તો તેની જવાબદારી મ્યુનીસી-પાલીટીપર નહિ રહે. દેશના કાયદાનો અમલ કરવાનું પોલીસ અને અદાલતો પર રહેશે."

ગ્રૂપ એરીયાઝ સામે કેપના નોન-યુરોપીયનોનો વીરોધ

કેપ ફ્રેલેટસની ૭ નોન-યુરોપીયનોની સંસ્થાઓએ લેન્ડ-ટાઉનમાં એક સભા ભરી લેન્ડ-ટાઉન-ડોક્ટર-વેટન સત્તાને ગ્રૂપ એરીયાઝ એકટની રૂએ ગોરાનો સત્તો જાહેર કરવાના કોઇ પણ પ્રયત્ન નો વીરોધ કરવાનો ઠરાવ કર્યો.

સભામાં લેન્ડ-ટાઉન રેટપેયર્સ સોસા યટી, કીયરફી સીવીક એસોસીએશન, વેટન રેટપેયર્સ એન્ડ ટેનન્ટસ એસોસી એશન, અથલોન, ડોક્ટર એન્ડ ડીસ્ટ્રીકટ ટ્રેડર્સ એસોસીએશન, લેન્ડ-ટાઉન ગોરા વીવન સંઘ અને લેન્ડ-ટાઉન એ. એમ. ધ. સંઘના પ્રતિનિધિઓ હાજર થયા હતા.

જણાવવામાં આવ્યું હતું કે કાયદા નો કોઇ પણ રીતે અમલ કરવામાં બીન-ગોરાઓને સહકાર આપતા અટકાવવાને અને કલાર્ક, મેયર, હીટી કે આફ્રીકનો માટે કોઇ પણ જાતો મુકરર કરવાની લેન્ડ ટેન્યુર બોર્ડને અરજી કરતા બીન-ગોરાઓને રોકવાને સખ્ત પ્રચાર કરવામાં આવશે.

જાતીભેદના ધોરણે સત્તાઓ પાડવા નો વીરોધ કરનારો અને લાગતા વળ ગતા લોકોને આ બાબતમાં સાથ આપવા હાકલ કરનારો ઠરાવ સભાએ પસાર કર્યો હતો.

કેપને લાગુ પાડવામાં આવેલો ગ્રૂપ એરીયાઝ એકટ

આ સ સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલી જાહેરાતથી ગ્રૂપ એરી-યાઝ એકટની રૂએ અકટોબર તા. ૨૬ થી આખા કેપ પ્રાંતમાં વસવાટ ઉપર અંકુશ મુકવામાં આવ્યો છે. તેનો અર્થ એ થાય છે કે એ તારીખથી જુદી જુદી જાતીના લોકો જ્યાં વસવાટ કરતા હશે તેમાં લેન્ડ ટેન્યુર એડવાઇઝરી બોર્ડ પાસેથી પરમીટ મેળવ્યા વિના કોઇ ફેરફાર કરી શકાશે નહિ. અત્યાર સુધી વસવાટ ઉપરનો અંકુશ માત્ર રીયમુકના મ્યુનીસીપલ સત્તા પુરતોજ મુકવામાં આવ્યો હતો. એ અંકુશ સપટેમ્બર તા. ૨૧મીના મુકવા માં આવ્યો હતો.

બોર્ડના પ્રમુખનો ખુલાસો

લેન્ડ ટેન્યુર એડવાયઝરી બોર્ડના પ્રમુખ શ્રી. ઇ. એફ. ડી. વી. ડુગોએ એક નીવેદન બહાર પાડી ખુલાસો કર્યો છે કે કેપમાં આજ સુધી માત્ર રયાપર બીલકુલ મેળવવા પર અને જુદી જુદી જાતીના લોકો વચ્ચેના લીસોપર અંકુશ મુકવામાં આવ્યો હતો. બીલકુલ મેળવવા પરનો અંકુશ કાયમ રહે છે પરંતુ લીસોપર જે અંકુશ હતો તે કાઢી નાખી હવે જમીન કે મકાનપરના વસવાટપર અંકુશ મુકવા માં આવ્યો છે. એટલે આજે સ્થિતિ એ છે કે જુદી જુદી જાતીના લોકો વચ્ચે બીલકુલ મેળવવાની સત્તા હવે કોઇ પણ ફેરફારો પર અંકુશ રહેશે. બાકીના કોઇ પણ જાતીનો માણસ જે જમીન કે મકાનમાં વસવાટ કરતો હશે તે જમીન કે મકાનમાં બીજી જાતીના માણસથી વધુ પડતી વસ્તી નહિ થઇ શકે. કેપના સંબંધ માં ગ્રૂપ એરીયાઝ એકટનો અમલ બે વર્ષને માટે મોકુફ રાખવાની તેમજ રીયમુકના મ્યુનીસીપલ સત્તા સંબંધી જે જાહેરાત બહાર પાડવામાં આવી હતી તે રદ કરવામાં આવી છે.

વિવિધ

તમાકુના વેપારમાં ફ્રાંસ ત્રીજે નંબરે

દુનીયાની તમાકુની બજારમાં ફ્રાંસ ત્રીજું સ્થાન ધરાવતું થયું છે. લંડન આવેલા છેલ્લા આંકડા મુજબ ફ્રાંસે ચાલુ સાલ પા. ૬,૦૮,૭૫,૦૦૦ની કીમતનો સાડાનવ કરોડ રતલ તમાકુ પરદેશ મોકલ્યો હતો. ગત વર્ષમાં ફ્રાંસને આયાત કરેલો પણ ટકા તમાકુ મુનાફટેક્સ રેટસથી ૨૦ ટકા સધન રેડેસીમાથી અને ૧૨ ટકા ફ્રાંદથી આવ્યો હતો.

જાહેર ટેલીફોનના સ્થળોમાં ગેપાટ્રાંસ

સોદાનીમુણગર્ની નજીક કેમ્પટન પાર્કની નવી પોસ્ટ ઓફીસે યુરોપીય નો અને નોન-યુરોપીયનો માટે ટેલીફોન ના જુદા જુદા રાખવામાં આવ્યાં છે. બન્ને એક સરખાંજ છે પરંતુ મકાન ની બે બાજુએ મુકવામાં આવ્યાં છે.

વિનોબા ભાવેની જીવન રેખા

(હરીપ્રસાદ વ્યાસ, વર્ધા)

ભારતની વિરલ વિભૂતી, તપોમૂર્તી, ત્યાગી, નૈષ્ટિક બ્રહ્મચારી, અનોખા સત્યાગ્રહી, સર્વોદયના સમર્થ પ્રચારક, સંત કવી, શ્રી. વીનોબાજી ભાવેએ ઉત્તરની પગપાળા યાત્રા શરૂ કરીને સમગ્ર દેશનું ધ્યાન આકર્ષ્યું છે, અને લોકોના દીલમાં નવી આશા અને ચેતના જગાડી છે. તેલંગણાની યાત્રા નીકળ્યા તે તારીખે તો તેમની યાત્રા પુરી થઈ ગઈ છે અને આ બીજી યાત્રાનો આરંભ કર્યો છે.

૧૯૪૦ માં ગાંધીજીએ વ્યક્તીગત સત્યાગ્રહમાં પહેલા સત્યાગ્રહી તરીકે વીનોબાજીની પસંદગી કરી ત્યારથી તેમનું નામ દેશ વીદેશમાં પહેલીવાર જાણીતું થયું. જવાહરલાલ નેહરૂ કે સરદાર વલ્લભભાઇની પ્રથમ સત્યાગ્રહી તરીકે પસંદગી ન કરતાં, શ્રી. વીનોબા જીની કયાં કરી? તે વખતે જનતાને આથી આશ્ચર્ય થયું હતું. પણ આજે ગાંધીજીના અવસાન બાદ તેમણેએ અહીંસાનો દીપક બળતો રાખીને સર્વોદયના મંત્રનો પ્રચાર કરીને મહાત્માજીની પસંદગીને ઉજ્જવલ બનાવી છે.

વીનોબાજીની અટક ભાવે છે. મુળ રત્નાગીરી જીલ્લાના રહેવાસી; પણ તેમના પુર્વજો કોલાબા જીલ્લાના ગાગોદા ગામે આવી વસ્યા હતા. પેતર, પેર બાર વીગેરે ત્યાંજ વસાવ્યાં હતાં

શંભુરાવ ભાવે વીનોબાજીના પિતા મહ અને શંભુરાવના પત્ની રૂખ્માબાઇ, તેઓ વાઇ રહેતા. મોટા ભાયાની અને મોટી બાના મુળો વિનોબાજીમાં ઉતરેલા દેખાય છે. શંભુરાવ વિરકત વૃત્તીના હતા. સંસારમાં તેમનું મન નહોતું. તેઓ કેદારેશ્વરના ભકત હતા. કેદારેશ્વરના ઉત્સવમાં એક દીવસ બધાને માટે તે મંદીર ખુલ્લું રાખવામાં આવે છે. શંભુરાવને તે દીવસોમાં વીચાર આવ્યો કે ગરીબોને ભોજનની જરૂર હોય છે અને તે વીચારને અમલમાં મુકવામાં તેઓએ હરીજનોને જમાડયા. આ સાહસભર્યું કાર્ય તે જમાનામાં ગણાતું. જો કે કોઇએ શંભુરાવનો બહિષ્કાર કર્યો નહોતો. તેઓને સંગીત પર પણ પ્રીતી હતી અને તેઓ ધ્રુપદ ગાતા કે ભગવાન સામે રોજ સંગીત થયું જોઇએ. ગામમાં એક મુસ્લીમ સંગીતકાર હતો. તેઓએ તે સંગીત કારને મંદીરમાં બોલાવ્યો અને રોજ મહાદેવ સામે સંગીત શરૂ થયું. ધર્મ મુદ્દે આવી પુછયું : "શંભુરાવ દેવ સામે મુસલીમને કેમ બેસાડો છો?" શંભુરાવે કહ્યું: "દેવ સામે જાતો ભેદ ભાવ? ભગવાનને હીંદુ કે મુસલમાન નો ભેદ નથી. બધા જ તેના બાળકો છે અને તેની , ગોદમાં બધા જ સરખા."

શંભુરાવને ત્રણ પુત્રો હતા. નરહર, ગોપાલ અને શીવાજી. નરહર વિનોબા જીના પિતાજી. નરહર બધા મહત્વા કાંક્ષી અને બુદ્ધિમાન હતા. શંભુરાવ અંબિકા કોલવણીની દીકરી હતા તેમણે નરહરને ગણીતના દેશી શિક્ષણ બાદ વડોદરામાં નોકરી લેવી પડી. વીનોબા જીની માતાનું નામ રૂખ્માબાઇ. વીનોબા જીને કુલ ચાર બાઇઓ અને એક બેન. તેમના એક ભાઇ નાની ઉમ્મરમાંજ ગુજરી ગયા અને વીનોબાજી, બાળકો બાજી તથા શીવાજીરાજી ગાંધીજી સાથે જોડાઇ રચનાત્મક કાર્ય કરે છે. વીનોબાજીની બાલ્યાવસ્થા ગાંગોદામાં વીતી. તેમને તે ગામ ઘણું જ પ્રીય છે. ૧૯૫૫ માં જ્યારે તેઓ બીમાર થયા હતા ત્યારે આરામ માટે તેઓ તે બાલ્ય સ્મરણોના ગામમાં રોકાયા હતા. તેમના ઘરનું વાતાવરણ રાષ્ટ્રીય હતું. ૧૯૦૫ માં બંગભંગની ચળવળ વખતે કુટુમ્બીઓ રસથી તેનો અભ્યાસ કરતાં અને , ચર્ચાઓ થતી. આવી બાળ વિનુ ઉપર તેની અસર પડી.



શ્રી. વિનોબા ભાવે

વીનોબાજીનો જન્મ ૧૮૯૫ ની ૧૯ મી સપ્ટેમ્બરે થયો. ૧૦ વર્ષની બાળ વયે જ તેમને ન પરણવાનો સંકલ્પ કર્યો અને તેને વળગી રહ્યા. અને તે વ્રત દેશસેવા માટે જ લીધું હતું.

પ્રાથમિક શિક્ષણ પુરૂ થતાં વધુ અભ્યાસ માટે તેઓ વડોદરા આવ્યા. વડોદરાના વાંચનાલયમાંથી તેઓ સંત ચરીત્રો લાવી વાંચતા. લગભગ બધા જ સંતોના ચરીત્રો તેઓએ વાંચ્યાં છે. પશ્ચીમના સારા લેખકોના પુસ્તકો પણ તેઓ વાંચતા ઇતીહાસ, તત્વજ્ઞાન, ગણીત તેઓને બધા પ્રીય હતાં. તેમના પીતાજીની ઇચ્છા તેમને યુરોપ અમેરીકા મોકલવાની હતી. તેથી તેમને બીજી ભાષા તરીકે ફ્રેન્ચ લેવડાવી હતી.-પણ વીનોબાજીને સંસ્કૃત પ્રિય હતી જેથી ઘેર તેઓ સંસ્કૃત શીખતા. જ્ઞાન સાથે જીવન સંયમી અને કઠણ બનાવવાની પણ તેઓ કાળજી રાખતા. તેઓ કદી પગમાં કશું પહેરતા નહીં. 'ખળપણ કદી લે નહીં. તેમના એકના એક બેનના લગ્નમાં પણ, ઘણો આગ્રહ છતાં, તેમણે મિષ્ટાન્ન જમ લીધું. "મારે રોજનું સાદું ખાવાનું મને આપો" જોજ તેમનું વેદ વાકય હતું.

માતૃ પ્રેમ

વિનોબાજી જેમ જેમ મોટા થયા તેમ તેમ માતાની વધુ અને વધુ નજીક જતા ગયા. માતા સાથે હળવા મેસતા અને ધાર્મીક વાતો કરતા. એકવાર તેમની માજે કહ્યું : "વિનુ તું જે ગીતા ગીતા કહે છે તેના સંસ્કૃત શ્લોકો મને સમજતા નથી. મરાઠી ગીતા હોય તો મને લાવી દે. "વીનોબાજીએ મરાઠીમાં પોતે જ "ગીતાઇ"—ગીતા આઇ. આઇ એટલે માતા-લખી છે. તેની પ્રેરણા માતા પાસેથી મળી છે.

ગૃહત્યાગ

હાઇસ્કુલની કેળવણી પુરી કરીને વીનોબાજી કોલેજમાં જવા લાગ્યા. પહેલું મહા યુદ્ધ શરૂ થયું. દેશમાં આઝાદીની ચળવળ શરૂ થઇ. આઝાદી તેમને બોલાવતી હતી. વીનોબાજી ઇન્ટરમાં હતા. હૃદયમાં ઝમેલો શરૂ થયો. પરીક્ષા આપવા તેઓ મુબઇ જવા નિકળ્યા. પરંતુ સુરત સ્ટેશને જ ઉતરી પડી ત્યાંથી બનારસ જવા વીચારું. અને પીતાજીને પત્ર લખ્યો: "પરીક્ષા મારે હું જવા નથી. બીજે જઉ છું. હું ગમે ત્યાં જઇ અને ગમે ત્યાં રહીશ પણ મારે હાથે અનૈતિક કાર્ય કદી ન બને એટલી ખાતરી આપું છું." ૧૯૧૫ માં ૨૬ ઉમરું. તેઓ ૨૦ વર્ષના હતા. તરતજ વિનોબા બંગાળ ગયા. ત્યાં ક્રાંતીનો અભ્યાસ કર્યો. દીલ્હીમાં મન ચોટયું નહીં. ત્યાંથી પાછા આવ્યા પણ ઘેર ગયા નહીં. ગૃહત્યાગ કાયમ માટેનો જ હતો.

તેઓ કાશી આવ્યા. સંસ્કૃતનો અભ્યાસ કરી પોતાની ઇચ્છા પુર્ણ કરી. રાત દીવસ જ્ઞાન મેળવવા પાછળ મંડયા રહેતા. તેવામાં બનારસ હીંદુ વિદ્યાપીઠનો પદવીદાન સમારંભ હતો. તેમાં ગાંધીજી હાજર રહેવાના હતા. ગાંધીજી આદોકાયી તરતનાજ પાછા ફર્યા હતા. હજુ મહાત્મા થયા નહોતા. વીનોબાજી ગાંધીજીને અહીં મળ્યા અને પત્રવ્યવહાર શરૂ કર્યો. પત્રોમાં અનેક પ્રશ્નોનો સચોટ જવાબ થતા, અને ગાંધીજીના આમંત્રણથી તેઓ સાબરમતી આશ્રમ આવ્યા. તે પહેલાં તેઓશ્રી ઘણું વાંચ્યું હતું. અને સાબર મતી જતાં પહેલાં તે બધું વાંચણ મંજાના જળમાં સમાધિસ્થ કર્યું.

સાબરમતી આશ્રમમાં

આશ્રમવાસ સ્વીકારી ગાંધીજી સાથે હળવા મેસતા અને બીજા કાર્યો કરતા.

સુરત રહેતાંથી બે બીડીનો પત્ર પિતાજીને લખ્યો હતો ત્યાર પછી ઘેર કશા સમાચાર મોકલ્યા નહોતા. ગાંધી જીને એ પસંદ ન પડયું. ગાંધીજીએ તેમના પિતાને પત્ર લખ્યો કે તેમનો વિનાયક મારી પાસે રહે છે. સાથે સાથે જણાવ્યું કે, "આટલી નાની વય માં તમારા દીકરાએ આટલી તેજ રેખા અને વૈરાગ્ય કેળવ્યો છે તે એળવવા માટે મને ઘણાં વર્ષો લાગ્યાં હતાં" વિનાયકને ગાંધીજીએ "વિનોબા જી" નામ આ પત્રમાં આપ્યું અને તે કાયમ રહ્યું છે. મહારાષ્ટ્રમાં સંતોના નામ પાછળ "બા" લગાડવાનો રિવાજ છે.

વાઇમાં

વાઇની પાઠશાળામાં તોરાપણ શાસ્ત્રી પાસે શાંકર ભાષ્ય શીખવાની વિનોબા જીની ઘણી ઇચ્છા હતી અને તેથી તેઓ ગાંધીજીની રજા લઇને વાઇ આવ્યા. તેમના મા ત્યાં હતાં. ત્યાં રહીને પણ તેઓએ ઘણું દેહ દમન કર્યું. એકજ વસ્ત્ર પંચ્યુ પહેરતા, ભુમી પર સુવે, બાવળના અનેક નીમળો લેતા. ત્યાં તેઓએ ઉપનીષદ, ગીતા, બ્રહ્મસુત્ર, શાંકર, ભાષ્ય, મનુસ્મૃતી, પાંતજલ યોગ દર્શન, વગેરેનો અભ્યાસ કર્યો. ન્યાયસુત્ર, વૈશેષિક સુત્ર, અને યાજ્ઞવલ્કય સ્મૃતીનો અંધો પણ વાંચ્યાં. આ બધા અભ્યાસનો પત્ર તેઓએ ગાંધીજીને તા. ૧૭-૨-૧૯ના લખ્યો. આ વાંચી ગાંધીજી ખુશ થયા, અને બોલી ઉઠયા. "ગોરખે મંછરને હલાવ્યો, બીમ છે બ્રહ્મ." અને પત્ર લખતાં લખ્યું: "તમારે સાદ કશું વિશેષણ વાપરવું એ મને ખપતું નથી. તમારો પ્રેમ અને ચારીત્રબળ મને મોહમાં કુબાડી દે છે. 'તમારી પરીક્ષા કરવા હું અસમર્થ છું." જવાબ લખ્યા પછી બાપુ બોલ્યા: "બહુ ભારે માણસ. મને થાય છે કે મહારાષ્ટ્રીઓ અને મદ્રાસીઓ જોડે મારે ભારે લેણા દેવી છે. મદ્રાસીઓ તો હાલ એક પણ નથી પણ મહારાષ્ટ્રીઓ મને કદી નીરાશ

નથી કર્યો. તેમ વીનોબાજીએ તો હા કરી."

૧૯૧૪માં લોકમાન્યે જેલમુક્ત થઈ સ્વરાજ્યની ચળવળ ઉપાડી. વિનોબા ■ તેમના દર્શને ગયા હતા. તે વખતે નીચેના પ્રશ્નો તેઓએ લોકમાન્ય તિલક ને પુછ્યા હતા:

૧. તમે સંપૂર્ણ નિર્ભય બન્યા છો?

૨. કબીરનો વેદાંત વરનો બીજક ગ્રંથ તમે વાંચ્યો છે?

લોકમાન્યે જવાબ ન આપતાં તેમ ની સામે જોયું. વીનોબાજી કેમ છે કે: તેમની આંખમાંજ મે "મારા પ્રશ્નના જવાબ વાંચ્યા અને પ્રણામ કરી હું પાછો ફર્યો."

વિનોબાજી ફરી આશ્રમમાં આવ્યા. પરંતુ આંખો બરણી ખરાબ કરી નાખી હતી અને છતાં ચશ્મા પહેરતા નહીં. દેહદુજન અને પુસ્તકો વાંચને તેમની આંખો બગાડી હતી. આંધીજીએ તેમને ચશ્મા પહેરતા કર્યા.

અપૂર્ણ

આપણા સમાજને વિનતી

(શ્રીમતી સુશીલા ગાંધી)

સંજોગ સાથે આ લેખ લખી રહી હું, જોકે આ લખવાનો વિચાર ઘણા દીવસથી મનમાં ઘોળાયા કરતો હતો. પણ સાથે સાથે વિચારો આવતા કે, લખવું ઠીક કે કેમ? ઘણીવાર સત્ય લખવા જતાં કડવાશ ઉત્પન્ન થાય છે અને વિરોધક વસ્તુ નજરે જોવથી અળખામણી થઈ જાય છે. તેનું તો આમાં નહીં થાય?. એ પ્રશ્ન પણ હતોજ, આથી નમ્ર ભાવે વિનતી રૂપે લખું છું.

આપણા સમાજમાં મેનેજરની કે બાઇઓની ઘણી જાહેર સભાઓ થાય છે. તેમાંની ઘણી ધાર્મીક હોય છે. અને બાકી સામાજીક હોય છે. આ બધી સભાઓમાં બાળકે દ્વારા સંવાદો, ગરબા, અભીનય નૃત્યો, નાટકો, વિગેરે મોટેજ સ્ટેજ હોય એવું જણાય છે. સભા ગોઠવનારની મુશ્કેલીઓ પણ હું જાણું છું. જો આવો કાંઇક કાર્યક્રમ ન રાખવામાં આવે તો હોલ માં ખાલીઓ રહે. છતાં પણ આપણે એ પણ વિચારવું જોઇએ કે મેળાની હાજરી વધુ મહત્વની છે કે સમાજનું ઘડતર વધુ મહત્વનું છે. મારી દ્રષ્ટી જોજ નહીં પણ પ્રત્યેક સમાજ સેવક ની દ્રષ્ટીએ સમાજના ઘડતરનેજ વધુ મહત્વ હોય. તો પછી હું માનું છું કે, આપણા સમાજનું ધ્યેય કે આદર્શ, નાટક કંપની સ્થાપવાનું, યા "રોકીંગ ચાંગેટરો" માટે માલ ઉત્પન્ન કરવાનું નથી પણ બાલીકાઓ તથા યુવાનોનાં ચારીત્રનું ઘડતર કરવાનું છે. હું માનું છું કે જીવનમાં કલાને સ્થાન છે પણ તેની પણ મર્યાદા હોવી જોઇએ. આથી અમુક ઉત્સવો કે દિવસો જે ફકત આનંદોત્સવોજ હોય તે દિવસે તે ભલે રમાય પણ બીજા દિવસો, કે જે ધાર્મીક હોય, અને જે દિવસોમાં ફકત ભકતી ભર્યું વાતાવરણ સર્જવા ની જરૂર હોય, તે દિવસે અભીનય નૃત્યો, સંવાદો કે નાટકો ન હોય એ યોગ્ય ગણાય. આ ઉપરાંત કેટલીક સામાજીક સભાઓ ગંભીર પણ હોવી જોઇએ અને તે દીવસે સમાજને પોતા ની બદીઓનું ભાન કરાવવું જોઇએ. આવી સભાઓમાં રહેજબેમી યુવક યુવતીઓ નાટક દ્વારા નહીં પણ ચર્ચા કે ભાષણો દ્વારા સમાજને દોરવણી આપી શકે છે. અને તે દ્વારાજ ઉગતી પ્રજા પોતાનું ચારીત્ર, વિચાર અને મનને ઘડી શકે. આજે દુનીયા સામે ઘણા મોટા પ્રશ્નો આવી પડયા છે અને આપણા સમાજ સામે પણ ઘણા પ્રશ્નો સામાજીક તેમજ રાજકારી ઉભા છે. યુવક-યુવતીઓએ આ પ્રશ્નોનો અભ્યાસ કરવો જોઇએ અને તેમાં રસ લઈ ચર્ચાઓ કરવી જોઇએ. નાટક, નૃત્ય, સીવાય આપણા સમાજને બીજા ઘણી ઘણી ચીજોની જરૂર છે. આપણામાં "રીપોર્ટસ ગેલરી" (બેલાડીપણું) નથી. કુદરતે બક્ષેલી અનેક સંપત્તીઓનો આપણે ગુજરાતી ઓ ઓછામાં ઓછો ઉપયોગ કરીએ છીએ. "પ્રવાસ દુકડીઓ" "પગપાળા હીજરણી" "સમુદરસ્નાન" "રમત ગમત" વિગેરે ગોઠવી મન અને શરીરને ઘડવું એ પણજ જરૂરી છે. હમણા હમણા મોટરોમાં ઉજાણી કરવા જવાનો કાર્યક્રમ સમાજે અપનાવ્યો ■ ખરો પણ તેમાં પણ દરીઓ કીનારે જઇ ઝાડ નીચે બેસી ખાવામાં અને ગાવા માં વખત બગાડવા સીવાય કશો બીજો ઉપયોગ નથી થતો. ન દરીઓ માં નહાવું કે ન રેતીમાં દરવું, ન પાકાડો ચડવા કે ન કુદરતી દ્રશ્યોનું નીરીક્ષણ કરવું. બહુજ થાય તો પાના રમવા અથવા બીજા બેઠાં રમતો રમવી. "બેલાડીપણું," "ટોપલાપણું" વિગેરે કેળવી શરીર અને મનને ઘડવાં જોઇએ અને તે યુવક-યુવતીઓ કરી શકે, શાળાના શિક્ષકો પણ આમાં સાથ આપી શકે. આવા આનંદો પણ બાળકોને ગમશે.

હવે નાટકો વિશે અને અભીનય નૃત્ય વિશે. આ બન્ને બનવાય ત્યારે તેમાં મર્યાદા ન છોડવી જોઇએ. સભ્ય રીતે ભજવાય એવાજ નાટકો ભજવવા જોઇએ. પસંદ કરતાં પહેલા અહીંના સમાજને લાગુ પડતું એમાં કાંઇક હોવું જોઇએ એ ધ્યાનમાં રાખવાની જરૂર છે. સમાજને આનંદ

ગ્રોસરી કયાંથી ખરીદશો?

"બનતી ઝડપે, સારો માલ, કિફાયત ભાવે મોકલાવશું" એમ અમેજ કહીએ, તેના કરતાં અમારા ગ્રાહકોના સંખ્યાબંધ પ્રમાણપત્રોમાંના થોડાંક આપીએ છીએ, તે વાંચશો એટલે આપને ખાત્રી થશે કે "ગ્રાહકોને સંતોષ આપશો" એ અમારો મુદ્રાલેખ અતિશયોકિત ભર્યો નથીઃ—

કેપટાઉનથી રા. રા. એન. ટી. ગોવાલ તેમના ૧૭-૭-૫૦ના પત્રમાં લખે છેઃ
"...ખાદ લખવાનું કે આપે તા. ૩૦-૬-૫૦ના જે માલ રેલે કરેલ તે હમોને તા. ૧૪-૭-૫૦ના રોજે મળ્યો છે તે બદલ આભાર અને માલ પસંદ છે...."

તા. ૬-૧૧-૧૯૫૦ના પત્રમાં:—
"...તમારો માલ અમને બહોજ પસંદ પડવાથી રીપીટ ઓર્ડર મોકલું છું.
Yours faithfully,
A. I. Amin,

લુઇસદીખાર્ટથી મેસર્સ રામજસ રહાર વતી શ્રીયુત માધવજીભાઇ રામજી તા. ૨૨-૧૧-૫૦ના પત્રમાં લખે છે:
"...સારો માલ ખાસ ખાતે મોકલને અમારી ઉપર રેમજ કરવા મહેરબાની કરશો. તમારું નામ અમોને બહુ ભાવસર તરફથી મળેલ માટે..."

ગાંધીવડુ
કઠોર
ઘર—ગથ્થુ દવાઓ
હવન—પુજાની સામગ્રીઓ
બનારસી સાડી
નૂતન વર્ષ પાંચકા.

એડ્રેસ:
૧૧૦ વિકટોરીયા સ્ટ્રીટ, ડરબન.
ફોન: ૨૪૮૪૫.

પરબુ નરસીંહ એન્ડ કું. (પી) લીમીટેડ
ડરબનની ૩૦ વર્ષની પુરાણી અને સુપ્રસિદ્ધ દુકાન.

સર્વ માલ સી. ઓ. ડી. થી મોકલાવવામાં આવશે.

સાથે મેળ મળવો જોઈએ. "સૂક્ષ્મ કળા"માં પાવડર, લીપસ્ટીક, રૂજ, શણગાર અને મોટા મણકાને સ્થાન નથી હોતું. મોંઘા વખત પહેલાં ઓરાએ તરફથી એક નાટક ગોઠવી હોલમાં બજવાયું હતું અને તેમાંના પાત્રોએ કહ્યું "મેકઅપ" કર્યું નહોતું. આપણે પણ આ રીતે કરી શકીએ. વૃત્ત કે ગરબામાં પણ મોતીની પસંદગી મરી જોઈએ. "કૃષ્ણ રાધા"ના ઉચ્ચ પ્રેમને ઉચ્ચ ભાવનાથી મુકી શકાય તેજ મુકવું નહીં તો તેનો ભોગ બનતો કરવો જોઈએ.

અંતે હું ફરી વિનતી કરું છું કે આ વાંચ્યા પછી સારું હોય તે લેજો અને બાકીનું વસ્ત્ર કરવારો જરૂર કરશો.

ગ્રૂપ એરીયાઝ એકટની રૂએ નીમાનારા ઈન્સ્પેકટરો

ગ્રૂપ એરીયાઝ એકટનું બરોબર પાલન થાય છે કે નહી તેની ખાત્રી કરવા સરકાર ૪૦ જણના સ્ટાફ સાથેનું એક ઇન્સપેકટરનું ખાતું તઇયાર કરી રહી છે. ઈન્સપેકટરોને કામદાની રૂએ દીવસના કે રાતના કોઇ પણ વખતે કોઇપણ જાતની નોટીસ આપ્યા વગર કોઇપણ મકાનમાં દાખલ થવાની સત્તા રહેશે અને જરૂર જણાય તે તપાસ કે પુરા પરાવ કરી શકશે. કોઇ પણ ગોપવ્યા, નોંધ્યા કે જરૂર જણાતા બીજા દસ્તાવેજો જપ્ત કરી શકશે, તેમાંથી ઉતારા કરી શકશે અને તેમાં થએલી નોંધોના ખુલાસા માગી શકશે. તે એકલા અથવા તો કોઈ પણ બીજા માણસની હાજરી માં, મકાનમાં જે કોઈ પણ હશે તેને પ્રશ્નો પુછી શકશે અથવા કોઇને પણ પ્રશ્નો મારે પોતાની સમક્ષ હાજર થવા નું ફરમાવી શકશે.

આ રીતે ઇન્સપેકટરો તરફથી જે લોકોને પ્રશ્નો પુછવામાં આવશે તેઓને કોરટમાં જુબાની આપતાં જે કંઈ પણ છુટો મળે તે મળી શકશે અને ઇન્સ પેકટરોએ મેળવેલી હકીકતો કાપડેસર કોઇને પણ જણાવી નહિ શકાય સિવાય કે મુલ્કી પ્રધાનને અથવા સેન્ડ ટેન્ડુર એડવાયઝરી બોર્ડને અથવા જો કામ કોર્ટે ચઢે તો કોર્ટને.

આ ઇન્સપેકટરોના ખાતાંને અંગે હાલ દુરત એક ચીફ ઇન્સપેકટર શ્રી. જે. એચ. ડીબીરને અને આસીસ્ટન્ટ તરીકે શ્રી. એસ. વી. પેનવાલકને નીમ વામાં આવ્યા છે જેઓનું મુખ્ય મથક પ્રીટોરીયામાં છે.

અમે જણાવીએ છીએ કે જુદી જુદી જતીઓ માટે સત્તાઓ રથાપવાનો આ છેવટનો રીપોર્ટ નથી. પરંતુ આ રીપોર્ટપરથી સારી રીતે જોઇ શકાય છે કે પ્રથમ હેતુ કરજન શહેરમાં ગોરા ના લાભોજ સાચવવાનો છે અને એમ કરતાં હીંદીઓને દુઃખી થવું પડતું હોય તેની કશીજ ચીંતા કરવામાં આવી નથી.

સીમ્બુ, ડીકરી, અને માસબર્ન્સે હીંદીઓનો લત્તો જાહેર કરવાની જેવી વાત થઇ તેમાં તો ગોરી પ્રજા ખળભળી ઉઠી છે. અને તેનો આવાજ તો સાંભળ્યે જ છુટકો કેમકે તેઓ મતાધિકાર ધરાવે છે. હીંદીઓ પાસે એ હથીયાર નથી અને તેથી તેઓને દુખી થવાનું રહ્યું.

એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી કે ટેકનીકલ સબ-કમીટીના રીપોર્ટ ના અભ્યાસમાં પ્રસિદ્ધ થએલા સાર માં જે ક્રાંતિકારી દરખાસ્તો રહેલી છે તેની સરખામણીમાં ડરબનમાં એલેકઝન ના તેલના કારખાનાની હીંદીઓ પ્રજાને થએલી ચોટ કશી વિસાતની નથી.

નાટાલ ઇન્ડિઅન ઓરગનાઇઝેશન હીંદીઓને ગભરાટમાં નહિ પડી જવા વિનવે છે. તે કહે છે કે હજુ આપણે બધું ગુમાવી નથી બેઠા. આપણા પરસેવાથી આપણે જે મેળવ્યું છે તેનું રક્ષણ કરવા અને તેને સુરક્ષિત રાખવા ઊભટ સુધી લડવાનો હજુ આપણી પાસે પુરતાવખત પડેલો છે.

નાટાલ ઇન્ડિઅન કોંગ્રેસે પ્રજામતની કરેલી માગણી

નાટાલ ઇન્ડિઅન કોંગ્રેસે ગ્રૂપ એરીયાઝ એક્ટ અમલમાં મુકાવો જોઇએ કે નહિ તેનો નિર્ણય લાવવા સીટી કાઉન્સીલે પ્રજામત લેવો જોઇએ એવી માગણી કરનારો ડરબનના મેયર પર કાગળ મોકલ્યો સોમવારની કાઉન્સીલ ની મીટીંગ સમક્ષ રજુ કરવા સુચવ્યું હતું.

મેયરપરનો કાગળ નીચે પ્રમાણે હતો:

"આ કાગળ અમે એ આશાએ લખીએ છીએ કે સધન" અને તોર્બન" સબજક્ટ્સના નેશનેલ પાર્ટી અને યુરોપીયન પ્રતિનિધિઓએ સુચવેલા ફેરફારોની દ્રષ્ટિએ ટેકનીકલ સબ-કમીટીની દરખાસ્તોનો ફરી વીચાર કરવા સીટી કાઉન્સીલની બનનારી આસ મીટીંગ સમક્ષ અમારાં દ્રષ્ટિબીંદુને તમારા તથા કરજન સીટી કાઉન્સીલ તરફથી ગંભીર અને તાત્કાલનું ધ્યાન દોરવામાં આવશે.

સીમ્બુ, ડીકરી અને બીલ્સેરના ગોરા ઓના વીરોધ પરથી આજની મીટીંગ બોલાવવાનું તમે ઉચિત ધાર્યું છે એ હકીકત જ બતાવી આપે છે કે કરજન સીટી કાઉન્સીલ ગોરા નાગરીકોના લાભોનું રક્ષણ કરવા તયાર છે, અને ટેકનીકલ સબ-કમીટીની દરખાસ્તો પર થી પણ એ સિદ્ધ થાય છે.

આ દરખાસ્તો અને કાઉન્સીલરોની બહુમતી એ તેનાપર કરેલી ટીકાઓ જોતાં કાઉન્સીલનો અંતિમ હેતુ સઘળા બીન-ગોરાઓને કરજનના મ્યુનીસીપલ સરહદની બહાર કાઢવાનો છે એ વીષે બીન-ગોરાઓના મનમાં શંકાનું જરાયે સ્થાન રહેતું નથી.

ટેકનીકલ સબ-કમીટીની દરખાસ્તો સામેનો અમારો વીરોધ એ પરથી છે કે ગ્રૂપ એરીયાઝ એક્ટને અને તેની અંદર રહેલા એપાર્ટહેડના સિદ્ધાંતને અમે વખોડી કાઢીએ છીએ. છતાં સત્તાધીશોએ બીન-ગોરાઓને વખતો વખત ખાત્રી આપેલી છે કે એપાર્ટહેડ ને અમલ સઘળા પક્ષોને સ્વીકાર્ય કરવામાં આવશે. પરંતુ ટેકનીકલ સબ-કમીટીની યોજનાઓ અને ચાલેર ના ગોરાઓમાં તેથી ઉશ્કેરાયેલી જતી દેશની લાગણીઓએ સ્પષ્ટપણે પુરવાર કરી આપ્યું છે કે એપાર્ટહેડ અને ન્યાય એ બેનો મેળ બેસવાની વાત બીલકુલ ગલત છે. જો એપાર્ટહેડમાંથી ન્યાય મળવાનો હોય તો ગ્રેટર ડરબન ના બાજમાં આવેલા સત્તાની, ડરબનની વસતીમાં ૧૪૨૪૩૦ ગોરા, ૧૪૫૦૪૪ એસીયાટીકો, ૧૩૨૮૪૧ આફ્રીકનો અને ૧૫૪૫૬ કલર્ડોનો સમાવેશ થાય છે, એ વસ્તુને લક્ષમાં રાખી સઘળા લોકોમાં સંપ્રે આગે વહેંચણી કરવામાં આવી હોત.

તેને બદલે ફેલવાયેલા સત્તાઓમાંથી આખી બીન-ગોરાઓની વસતીને ચાલેર ની 'સરહદની' બહાર આવેલ્ડેલવાયેલા વગડાઉ જમીનમાં કાઢી મુકવાનો પ્રયત્ન આદરવામાં આવી રહ્યો છે અને ડરબન ન ગોરાઓની વસતી, જે ચાલેરની આખી વસતીનો ત્રીજો ભાગ છે, તેના હાથમાં સોંપી દેવાનો છે. અમે પુછી એ છીએ કે કોઇ પણ દેશના ઇતીહાસ માં આવા અન્યાયનો નમુનો બીજે કયાં જાણવામાં આવ્યો છે ખરો?

કાઉન્સીલની એક સબ-કમીટી તરફ થી આવી દરખાસ્તો કરવામાં આવી છે અને કાઉન્સીલરો તેમાં માત્ર ગોરા ઓના જ હિતમાં વધુ સુધારાઓ કરવા તયાર છે એ હકીકત જ બતાવી આપે છે કે ડરબન સીટી કાઉન્સીલ, જે ગોરા ઓનાજ મતથી ચુંટાએલી છે, તેનાથી ચાલેરની આખી વસતીનું હિત જોઇ શકાતું નથી. કાઉન્સીલથી ડરબનની આખી વસતીની ઇચ્છા સાચવી શકાતી નથી અને તેના આ છેલ્લાં પગલાંથી બીન ગોરાઓને વધારે ખાત્રી થઇ છે કે તેઓ તેનામાં વીશ્વાસ મુકી શકતા નથી.

ગ્રૂપ એરીયાઝ એક્ટના જેવા અમલ ના સવાલપર કાઉન્સીલે પ્રજામત લેવો છે એ જણાવવાની અત્યંત જરૂર છે આથી અમે ગંભીરપણે સુચવીએ છીએ

શ્રી. આર. ટી. ચારીનો વિદાયગીરીનો સંદેશો

યુનીયન ખાતે હીંદના હાઇ કમીશનરની ઓફીસના સેક્રેટરી શ્રી. આર. ટી. ચારી જેઓ ગયા અઠવાડીયાની આખરીએ ઇગ્લાંડ થઇ હીંદ જવા વિમાનમાં રવાના થયા તેમણે સાઉથ આફ્રીકાના લોકોને નીચે પ્રમાણેનો સંદેશો પાઠવ્યો છે:

આ દેશમાંથી મારી વિદાયગીરીના પ્રસંગે સાઉથ આફ્રીકાના લોકોને હું નમન કરું છું. મારા કાર્યમાં જે સઘળા વર્ગના લોકોએ મને મદદ કરેલી છે તેઓનો હું અંતઃકરણથી આભાર માનું છું.' એથી મારું કામ ઘણુ જ સરળ થઇ પડયું હતું.

સાઉથ આફ્રીકામાં વસતા હીંદના વતનીઓ સામે રહેલી મુશ્કીલતોનો તાગીદે ઉકેલ લાવવાને આ દેશમાં મારાં રહેઠાણ દરમીયાન મારાથી કંઇ પણ ચુકાયું હોય રહાપી નથી શકાયું તેનો મને ખેદજ ખેદ થાય છે. તેઓની સામે રહેલા મુશ્કેલીઓનું વર્ષો દરમીયાન સ્વમાન, ન્યાય અને સ્વતંત્રતાના આદર્શો, જે કાયદાથી તેમજ અમલથી તેઓ આજે પુરતા પ્રમાણમાં સિદ્ધ કરી શકયા નથી. તે સિદ્ધ કરવાને, મારી ખાત્રી છે કે, તેઓ પ્રયત્ન કરવાનું ચાલુ રાખશેજ. હીંદીઓએ લાંબા વસવાટથી પોતાના કરી લીધેલા આ દેશમાં તેઓના મુળ કેટલાં ઉંડાં છે એ હું સારી રીતે જાણું છું. મહાત્મા ગાંધીજીના આ વારસદારોને યાદ આપવાની મારે ભાગ્યેજ જરૂર હોય કે આ દેશમાં સંગઠીત લોકશાસનતંત્ર રથાપવાનું તેઓનું કામ છે. અને અહિંસા અને ન્યાય પ્રત્યેના પ્રેમપરજ તેનો પાયો સુરક્ષિત રીતે રોપી શકાશે. આથી તેઓનો અર્થાળ પ્રયત્ન જોવા માટે મેં વેવો જોઇએ. અન્ય બાબતો લેવામાં જે વસ્તુઓ તેઓ સાધવા મથી રહ્યા છે તે વસ્તુઓનો જ નાશ પામવાનું ગંભીર જોખમ રહેલું છે. બધું જીવો સાઉથ આફ્રીકા.

—આર. ટી. ચારી

સીડનમ અને ઓવરપોર્ટના હીંદીઓનો વિરોધ

સીડનમ અને ઓવરપોર્ટની સામાજીક, ધાર્મીક, રમેાર્ટીંગ અને રાજદ્વારી સંસ્થાઓના ડેલીગેટોની બનેલી સભા રવીવારે નાટાલ ઇન્ડિયન કોંગ્રેસની સીડનમ બ્રાંચ તરફથી બોલાવાયેલી કોન્ફરન્સે ડરબન સીટી કાઉન્સીલની જાતીવાર સત્તાઓ પાછવાની ટેકનીકલ સબ-કમીટીની દરખાસ્તોનો વિરોધ કર્યો હતો. કોન્ફરન્સનો મુખ્ય ઠરાવ એ હતો કે, "જાતીવાર સત્તાઓ રદ્દ થવા ની યોજનામાં જમીનની સરખે ભાગે વહેંચણી કરવાનો ઢોંગ કરવામાં આવ્યો નથી. ડરબનને આપેલા ગોરાનો લાભ બનાવી દેવાનું સુચવાયું છે.

આ કોન્ફરન્સ ગ્રુપ એરીયાઝ એકટ નો સખ્ત વિરોધ કરવા સાથે હાલ સ્થાપી વસવાટ અને વેપાર કરી રહેલા લોકોને તે તે સત્તાઓમાંથી કાઢવાના દરેક પ્રયત્નની સામે લડવાની નાટાલ ઇન્ડિયન કોંગ્રેસની નીતીને સંપુર્ણ ટેકો આપે છે અને આ એપાર્ટહેડના અનિષ્ટ કાયદાની સામે વધતી જતી કટતાથી લડત ચાલુ રાખશે. આ કોન્ફરન્સ સીડનમના લોકોને ગ્રુપ એરીયાઝ રદ્દ થવામાં સત્તાધીશો સાથે કોઇ પણ જાતનો સહકાર નહિ કરવા અને જે કોઇ કરે તેને કોમદ્રોહી તરીકે ગુનેગા ઠરાવવા હાકલ કરે છે.

બીજી એક ઠરાવમાં હીંદીઓને આ દેશમાંથી કાઢી મેલવાની નીતીનો વિરોધ કરવામાં આવ્યો હતો અને જણાવવામાં આવ્યું હતું કે હીંદીઓ એ નીતીને કોઇ કાળે પણ દેશે નહિ આપે. "અમે સાઉથ આફ્રીકાના વતનીઓ છીએ અને અમારા આ દેશ માં સંપુર્ણ નાગરીકત્વના હકો મેળવવા ને અમે તે ભોગ આપવો પડે તે આપી શું." કુંક મુદ્દાપર નાટાલ ઇન્ડિયન કોંગ્રેસની કોન્ફરન્સે સાઉથ આફ્રીકન ઇન્ડિયન કોંગ્રેસને સુચના કરી હતી કે એસોસીએટ ઓબ્ઝર્વેશન કમીશની રૂએ જે હીંદીઓને દેશ બેાકલી દેવામાં આવે તેઓને હીંદ સ્વિકારવા નહિ ભોલવે એવી હિંદ સરકારની વિનંતિ કરવી તેને આ કોન્ફરન્સે ટેકો આપ્યો હતો. કોંગ્રેસના બનરલ સેક્રેટરી મી. દેવીપ્રસાદ તથા એકઝેકયુટીવ મેમ્બર મી. આઇ સી. મીરે આપણો કર્યા હતાં.

કલકોની સંરક્ષા આફ્રીકન પોલીટીકલ ઓરગનાઇઝેશનની ડરબનની શાખાના પ્રમુખ મી. ઇ. સી. સ્વેલ્સે આ કાયદે સરની હુંટ ચલાવવાની નીતીને વખોડી કાઢી હતી અને હીંદીઓ, આફ્રીકનો અને કલકોની સંસ્થાઓએ એક થઇ ગ્રુપ એરીયાઝ એકટને અને એપાર્ટહેડ ની નીતીનો વીરોધ કરવા હિમાયત કરી હતી.

મી. સ્વેલ્સે કહ્યું કે ટેકનીકલ સબ-કમીટીની દરખાસ્તોનો કડક લોકો વીરોધ કરશે.

સીડનહેમ, ટેમ્પલ હેાલ્ટ અને -સુલેન્ડરના હીંદીઓની છ સંસ્થાઓના આશરે રેઢળ ન્યુલેન્ડસ સ્કુલ હોલમાં માસ મીટીંગ મળી હતી. ડો. ઇ એમ. નાયકર અને મી સી. આઇ. અમરા -એ બાપણો કર્યા હતાં. ઉપર મુજબ ના ઠરાવો પસાર થયા હતાં.

ગ્રુપ એરીયાઝ એકટપર ગોરાઓની ટીકા

ગ્રુપ એરીયાઝ એકટના રૂએ ડરબન માં જાતીવાર સત્તાઓ રદ્દ થવા સંબંધી ડરબન સીટી કાઉન્સીલની ટેકનીકલ સબ-કમીટીનો રીપોર્ટ બહાર પડયો ત્યારથી ગોરાઓ એ રીપોર્ટ સામે ખુબ પોકાર કરી રહ્યા છે. ગોરાઓની કેટલીક ટીકાઓ અહિ આપીએ છીએ :

કાઉન્સીલર એ. એસ. આન્સ', જે ૧૯૪૩ માં સીટી કાઉન્સીલે યુધ્ધ બાદ શહેરની પુનરરચના માટે નીમેલી ખાસ કમીટીના પ્રમુખ હતા, તેમણે પાર્કહીલ ખાતે વાઈલી હોલમાં ભરેલા રેટપેયરોની મળેલી મીટીંગમાં હાજરી આપી હતી. તેમણે કહેવું જણાવ્યું છે કે, "ગોરા ઓની મતલબની કોઇ પણ વસ્તુ-તેઓ ના મરે! કરતાવાત લઈ લેવામાં હું બીલકુલ જામીનદાર નહિ બનું. ટેકનીકલ સબ-કમીટીની દરખાસ્તો જો અમલમાં મુકાશે તો જરૂર એમ થવાનું છે. મને લાગે છે કે ગોરાઓ જો સંગઠીત થશે અને જે જમીનની તેઓ માલીકી ધરાવી રહ્યા છે તે તેઓનો જન્મસિધ્ધ હક છે અને ટ્રેન્સ્વાલે પગ લેવા જેવી વસ્તુ છે, એમ જણી લાશે તો તેઓના સવાલનો ઉકેલ લાવી શકશે. આપણે હીંદીઓને નારાજ કરવા નથી માંગતા. તેઓ પોતાનું જીવન સુખે જીવી શકે છે અને આપણે આપણું જીવીએ, પરંતુ ધ્યાનમા આપણે તેઓને તેઓના પોતાના લત્તામાં તેઓને માટેક આવે તેવું તંત્ર ચલાવવાની સત્તા આપીએ અને તેઓના ઉપર મધ્યસ્થ સરકારની સત્તા રહે.

કાઉન્સીલર જે. બોલ્ટને એક અખબારી મુલાકાતમાં જણાવ્યું કે ગ્રુપ એરીયાઝ એકટ સરકારે કાયદા પોથીમાં દાખલ કર્યો છે, તેનો અમલ ભલે તેજ કરે. કાયદાનો ભારે બોજો ઉચકવાને સીટી કાઉન્સીલ કંઈ બંધાએલ નથી તો પછી તેણે શા સારૂ ઉચકવો જોઇએ. તેમણે કહ્યું :- કોર્પોરેશનની નીતી જે સપ્રમાની સાથે મસલતથી ન્યાયથી અમલમાં મુકાતી હોય તો મને કશો વાંધો નથી. પરંતુ ૪૦,૦૦૦ જેટલા લોકોને ઉખેડી કાઢી બીજે નાખવાનો વિચાર કરવો એજ મુર્ખાઇભરેલું છે. જે યોજનાઓ આપણે જોઇ છે તે સઘળી મુર્ખાઇભરેલી છે. સઘળી જાતીના લોકોને નાહક અચોકસ સ્થિતિમાં મુકી દેવામાં આવ્યા છે. ટેકનીકલ સબકમીટીની યોજના તો ખરાબ છેજ પરંતુ તેના અદલામાં મુકવામાં આવેલી બીજી યોજનાઓના અર્થનો ખ્યાલ સરખો પણ કરાવી દેનારો છે. વીસ વર્ષ સુધી લંબાવવામાં આવે તો પણ દર વર્ષે લાખો પાઉન્ડ નો ખર્ચ કરવો પડે."

ડરબનની નેશનલીસ્ટ પાર્ટીના પ્રમુખ મી. સી. એ. હોપ એક મુલાકાતમાં કહ્યું કે ઓનીંગ પ્લેન કામ કરી શકે

ડહાપણભરેલો મત

નવેમ્બર તા. ૨૪મીના અંકમાં એક અગ્રલેખમાં 'નાટાલ વિટનેસ' નીચે પ્રમાણે લખે છે :

મતના એક તરંગને કાયદાનું સ્વરૂપ આપવું એ એક વસ્તુ છે પરંતુ એ કાયદાને અમલમાં મુકવો એ જુદીજ છે. નેશનલીસ્ટ સભ્યો કાયદાના એવા વખાણ કરી રહ્યા હતા કે જાતી જાતીઓ વચ્ચેના કલહનો તે અંત લાવી દેશે. પરંતુ આજ સુધીના અનુભવપરથી તો જણાય છે કે કલહ વધવા નો છે અને આજે વધી રહ્યો છે. કાયદાને અમલમાં મુકવાના પ્રથમ પ્રયત્નોયીજ જે અંધાધુંધી ઉભી થઇ છે તે બતાવી આપે છે કે એપાર્ટહેડની યોજના કેટલી અવ્યવહારૂ છે. ગ્રુપ એરીયાઝ એકટ જો કરવોજ હતો તો પચાસ વર્ષ પહેલાં કરવો જોઇતો હતો. એ વખતે વસવાટની યોજના મોટા પાયાપર થઇ શકે તેમ હતું. પરંતુ આજ સુધીમાં અવ્યવસ્થિત રીતે થએલા વિકાસને હવે અમે તેવી મોટી યોજનાથી ફેરવવા જતાં તેમાં રહેલી વ્યવહારૂ મુશ્કેલીઓનો ખ્યાલ કરવામાં આવતો નથી. ઘણા ખરા સાઉથ આફ્રીકાવાસીઓ કબુલે છે કે વસવાટના લત્તાઓ અલગ રહે અને કલેશોતો હીંદીનો પ્રવેશ અટકાવવા વાજબી કારણ પણ હોઇ શકે અને તે પ્રોપર્ટીના ટ્રાન્સફરની પ્રત્યેક અરજીને તેનાજ ગુણદોષ મુજબ ધ્યાન દેવાથી થઇ શકે, જો તેની સામે કોઇ પણ વર્ગના લોકો જામીન વિનાના ન થઇ પડે તેને માટે નિશ્ચયાત્મક પગલાં લેવામાં કોપ. પરંતુ આ કંઈ સહાલને ખરો ઉકેલ નથી અને મણી શકે તેમ પણ નથી. જો કોપ તો પણ ગ્રુપ એરીયાઝ એકટ તો નથીજ. તેથી સરકારે તે રદ કરવો જોઇએ અને તેમ કરી આપણા મુશ્કેલીભરેલા અધિકારી કાયદાથી ઉપાધ્યયતિ થએલી મુંઝ અને અંધેરકસ્તાનો અંત લાવવો જોઇએ.

તેમ નથી. સૌ કોઇ માનતા હતા કે ગ્રુપ એરીયાઝ એકટથી ડરબનમાંથી કાળા ટપકા દુર કરી દેવામાં આવશે અને તેઓને ગોરાના લત્તામાંથી સહેતર કાઢી નાખવામાં આવશે. કોરપોરેશન નો પ્લેન એ વસ્તુ નથી કરતો એ નીરાશ કરનારી બાબત છે.

ડચ રીફોર્મ્ડ ચર્ચના ડરબન વેસ્ટ કોંગ્રેગેશનના પાદરી રેવરન્ડ આર. એ. ગ્રોસે કહ્યું આપણે આ દરખાસ્તોની સામે જબરદસ્ત લડત ઉઠાવીશું!

આદર્શવાદી તરંગ

કાઉન્સીલર સી. એ. સી. વીલીયમસને એવો આશાવાદ જણાવ્યું હતું કે ગ્રુપ એરીયાઝ એકટ ડરબનને લાગુ કરી હતી. તેમના પત્રમાં તેમણે જણાવ્યું હતું કે જાતીવાર લત્તાઓ રદ્દ કરવાની જો જરૂર જણાય તો શહેરની સરહદમાં નેટીવોને માટે પણ જગ્યા કાઢવી જોઇએ. અમને માત્ર ઉદ્યોગો અને વેપારને માટે સસ્તી મજુરી પુરી પાડનારાઓ તરીકે જ મણવા નાણે જોઇએ. ગોરાઓ અને હીંદીઓની જેમ અમને પણ ડરબન શહેરના નાગરીકો ગણવા જોઇએ. ડરબનમાંથી અમને એવા સ્થળમાં હાંકી કાઢવા નહિ જોઇએ કે જ્યાં વેપાર અને ઉદ્યોગધાઓ માટેજ નહિ પરંતુ ખેતી અને બાગો માટે સસ્તી મજુરી તો જરૂર પડીએ. ગોરા, હીંદીઓ અને નેટીવો વચ્ચે અમે ખરા સદ્ભાવ માટે વિનંતિ કરીએ છીએ

વિવિધ વિષય

કલા પ્રદર્શનમાં એપાર્ટહેડ

નેશનલ એડવાઇઝરી કાઉન્સીલ ફોર એડલ્ટ એજ્યુકેશને કાઉન્સીલ ઓફ ધી સાઉથ આફ્રીકન એસોસીએશન ઓફ આર્ટસને પા. ૧૦૦૦નું દાન એ શરતે આપ્યું છે કે કોઇ પણ કલા પ્રદર્શનમાં કે જલસામાં ગોરા કાળાની બાબ હાજરી નહી થાય તેવી કાઉન્સીલે ખાત્રી આપવી. સંસ્થાના સાક્ષ્ય પેરટ આફ્રીકાના અને સ્વર્ન ટ્રાંસવાલના ડેલીગેટો સાથે આ બાબતની ચર્ચા કરવા અમે અઠવાડીયે કેપટાઉનમાં સભા મળી હતી. સંસ્થાના ઓરગનાઇઝીંગ સેક્રેટરી મી. એલ. એ. મેન્ડર્સે જણાવ્યું હતું કે આર કાખાએઓએ ડેલીગેટો નહેતા મોકલ્યા પરંતુ પોતાના વીચારો લખી મોકલ્યા હતા. તેઓએ સાવ ચેતી રાખી દાન સ્વિકારવાના પક્ષમાં મત આપ્યો હતો.

'ફ્રેરમ' બંધ થયું

લોકાનીસબર્ગમાં પ્રસિદ્ધ થતું અઠવાડીક પત્ર 'ફ્રેરમ' નવાં અઠવાડીયા ના અંકથી બંધ થયું છે. તેના ફીચરકારોની બોર્ડ તરફથી જણાવવામાં આવ્યું છે કે આર્થીક સંજોગોને લઇ ને બંધ કરવું પડયું છે. 'ફ્રેરમ' પત્ર ૧૯૫૮માં 'નાટાલ મરકયુરી'ના માજી તંત્રી મી. આર. કે. કોમ્સટન રસક ના હસ્તે પ્રકાશું હતું. પહેલાંજ વર્ષે તેમણે રાજીનામું આપ્યું અને પછી તે મરહુમ મી. જે. એચ. હેમમેયરનું મુખપત્ર બન્યું અને તેમના અવસાન સુધી તે તેમનું રહ્યું હતું. તંત્રીસ્થાને થી 'ફ્રેરમ' લખે છે કે 'ફ્રેરમ' અને તેના વાંચકો વચ્ચે પ્રીમતી મીત્ર ભર્યો સંબંધ વર્તી રહી હતો તેઓની વિદાય લેતાં અમને ઘણો ખેદ થાય છે. અમે સદાય માનીએ છીએ કે સાઉથ આફ્રીકાને ઘણું મોટું ભવિષ્ય રહેલું છે અને 'ફ્રેરમ' તેમાં ભાગ લેવા કદી નથી થકયું એ અમારે માટે ખેદની બીના છે.''

શ્રીમતી વિજયા લક્ષ્મિ પંડીત

શ્રીમતી વિજયાલક્ષ્મિ પંડીત જેમણે નવેમ્બર તા. ૫ મીના યુનાઇટેડ સ્ટેટસ ખાતેના ઇંડીયા એલચી તરીકેનું રાજ નામું આપી દીધું તેમણે વિદાયગીરી મેળા પ્રેસીડન્ટ ટ્રુમેનની મુલાકાત લીધી હતી. અખબારોને તેમણે જણાવ્યું કે, સ્વદેશ જઇ પોતે યુનાઇટેડ સ્ટેટસ અને ઇંડ વચ્ચે વધારે મોટી સમજુતી સ્થાપ વાનું પોતાનું ધ્યેય સિદ્ધ કરવાનું કામ કરશે. તેમણે કહ્યું કે સ્વદેશ જઇ પોતે ઇંડની પાર્લામેન્ટમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવાર તરીકે ખડા પડશે. આ પદનું રાજીનામું આપવાનું કારણ તેમણે એ જણાવ્યું કે એ રીતે પોતે ઇંડ અને યુનાઇટેડ સ્ટેટસ વચ્ચે વધારે સારી સમજુતી કરાવી શકશે અને ઇંડમાં રહી દુનીયામાં ન્યાયપર રચા યેલી શાંતી સ્થાપવાનું કામ કરી શકશે. તેમણે કહ્યું કે આપણા બન્ને દેશો એકબ્ર બેહુસર કામ કરી રહ્યા છે. નવેમ્બર તા. ૨૧મીએ શ્રીમતી વિજયા લક્ષ્મિ પંડીત પેરીસ થઇ ઇંડ જવા ઉપડી ગયાં.

મોરીશ્યસમાં હિંદીઓ

ઇંડની પાર્લામેન્ટમાં બજેટ પરની ચર્ચા દરમીયાન ડો. બી. વી. કેસકરે મોરીશ્યસમાં વસતા ઇંડીઓના સંબંધ માં કેટલીક હકીકતો આપી હતી.

મોરીશ્યસમાં સરકારી નોકરીમાં ૨૨ ઇંડીઓ છે તેઓમાં એક જજ છે અને બીજાઓમાં મેજીસ્ટ્રેટો, મેડીકલ ઓફીસરો, કેળવણી ખાતાના અમલ દારો, કેપ્ટુટી રજીસ્ટ્રાર, કોઓપરેટીવ સોસાયટીઓ, એસીસ્ટન્ટ પબ્લીક એસી સ્ટન્સ ઓફીસર, એસીસ્ટન્ટ પોસ્ટ માસ્ટર-જનરલ, પોસ્ટ આફીસોના ઇન્સ પેક્ટર અને પોલીસ ખાતાના એસી સ્ટન્ટ સુપ્રીન્ટેન્ડન્ટ છે. પાંત્રીસ ખાતા ઓમાંથી અઢાર ખાતાંઓ, જેવાં કે, કસ્ટમ્સ, એતીવાડી, વિગેરેમાં ઇંડીઓ જવાબદારીનું સ્થાન ધરાવતા નથી, બીજા ૧૭ ખાતાંઓમાં યોગ્ય ઇંડીઓ જવાબદારીનું સ્થાન ધરાવે છે. ઇંડી ઓ કુલ વસતીનો ૬૪ ટકા ભાગ છે. પરંતુ સરકારી નોકરીમાં ૨૨ ટકા છે.

નેતાજી જીવે છે

આજાદ હીંદના કાર્યકરોને ઉદ્દેશી ને કરેલા ભાષણમાં આજાદ હીંદના પ્રમુખ શ્રી. આર. એસ. દાઉરે જણા-વ્યું હતું કે નેતાજી સુભાષચંદ્ર બોઝ જીવે છે. વધુમાં તેઓએ કહ્યું કે, ભારત સરકારને તેના ,જીન ખાતેના એજન્ટો દ્વારા તેમને વિષે સાચા સમા-ચાર મળ્યા હોવા છતાં પણ તે જાહેર ન કરવાના ભારત સરકારના વલણને વખોડી કાઢવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે મારી માન્યતા મુજબ નેતાજી બોઝ બોઝ સમયે હાજર થશે.

કયું કયુંથી કેટલીઓ ભરાય

મેસેડોનું એક અખબાર 'લા ગ્રેન્સા' એ કેળવણી માટે પ્રજા પાસે જુની ચાવીઓની માંગણી કરી અને એની ઓફીસ ચાવીઓથી ભરાઇ ગઇ. ચાવીઓનું વજન ચાલીસ ટન થયું અને તેના પૈસાથી એક સ્કુલ બાંધી. આવી રીતે પાંચ વરસમાં જુદી જુદી રહી ચીજોની માંગણી કરી તે બાબતમાં પણ નીશાળો બાંધી છે.

—ડકોટા એરોપ્લેનનું એક વિમાન ગઇ તા. ૨૧ મીના કલકત્તાના કુમકુમ એરપોર્ટથી પણ માઇલ દૂર પડી ભાંગવાથી તેમાંના ૧૬ માણસો બળી ભરમ થયા હતા. તેઓમાં બે અંગ્રેજો હતા.

ગ્રુપ એરીયાઝ એકટ હેઠળ કેસ

સુપ્રીમ કોર્ટનો જાણવાલેમ ચુકાદો

પ્રીટોરીયાની સુપ્રીમ કોર્ટમાં નવેમ્બર તા. ૧૬મીએ ગ્રુપ એરીયાઝ એકટ હેઠળ થએલા એક કેસમાં મી. જસ્ટીસ બ્લેકવેલે પ્રીટોરીયા નોર્થની ટાઉન કાઉન્સીલની વિરૂદ્ધ એક જાણવા લેમ ચુકાદો આપ્યો હતો.

૭૫ ગેરીટ મેરીટઝ રહીટ, પ્રીટોરીયા નોર્થના એક એશીયાટીક દુકાનદાર એસ. આઇ. ડોકરાતે પ્રીટોરીયા નોર્થની ટાઉન કાઉન્સીલને વેપારને માટે લાયસેન્સ મેળવવા કન્ટ્રોલ સરટીફીકેટ ની અરજી કરી હતી. કાઉન્સીલે અરજી નામંજુર કરતાં જણાવ્યું હતું કે તેને એવો સંતોષ થયો હતો કે અરજદાર એશીયાટીક હોઇ તેને ગ્રુપ એરીયાઝ એકટની રૂએ પ્રીટોરીયા નોર્થનાં મકાનમાં કાયદેસર વસવાટ કરવાનો હક નહોતો.

આ બાબત તપાસપર મઇ હતી. અરજદાર તરફથી એવી દલીલ કરવા માં આવી હતી કે જે મકાનમાં તે વેપાર કરવાને લાયસેન્સ મેળવવા માંગતા હતા તેમાં વસવાટ કરવાનો તેને હકજ છે કે નહિ એ વિચારવાની કાઉન્સીલને કાયદેસર સત્તા નહોતી. મી. જસ્ટીસ બ્લેકવેલે એ દલીલ મંજુર રાખતાં જણાવ્યું કે, જુનેા કાયદો, જે ગ્રુપ એરીયાઝ એકટથી રદ કરવામાં આવ્યો છે, તેની રૂએ ટાઉન કાઉન્સીલને લાયસેન્સ માટે કન્ટ્રોલ સરટીફીકેટની અરજી કરનાર ને જે જગ્યાને માટે અરજી કરેલી હોય તે જગ્યામાં વસવાટ કરવાનો હક છે કે નહિ એ તપાસવાની સત્તા હતી, જે સત્તા હેરે લાયસેન્સ આપનાર રીસીવર ઓફ રેવન્યુના હાથમાં ગઇ હતી. આથી પ્રીટોરીયા નોર્થ ટાઉન કાઉન્સીલ પોતાની સત્તાની બહાર વર્તી હતી અને તેથી તેનો ચુકાદો ખોટો હતો અને તે રદ કરવા માં આવે છે.

અદરખ રૂા. ૧-૦ રતલ

હાલ મોરીસનું અદરખ હાલમાં આ વેલ છે નાટાલના અદરખ જેવું છે ઓરડર સાથે પહેલા મોકલાવશે.

M. A. MAHOMED
10 Southampton Street,
Point, DURBAN.
Phone : 20449

જુનું જાણીતું માનીતું

યુનીયન પ્રીન્ટીંગ વર્કસ

બુકસેલર્સ, સ્ટેશનર્સ અને જનરલ ડીલર્સ.

દરેક જાતનાં અર્બી, ઉર્દુ, પારસી, અંગ્રેજી, હીંદી ભાષામાં બધા વિષય ના પુસ્તકો—કીતાબો, કુરાને શરીફો હમેશાં મોટા જથ્થામાં રાખવામાં આવે છે.

છુનાની—ગેરકાપ—સ્વદેશી દવાઓ—અત્તરો હમેશાં મળશે.

સંવત ૨૦૦૮ સાલના પંચાંગો કલેન્ડરો આવી ગયાં છે

મુબારાતી પ્રેસના મશહુર મોટા પંચાંગ			રૂા. ૫-૦
જન્મભુમીના	=	,,	,, ૫-૦
સદિનના	,,	,,	,, ૫-૦
=	,,	નાના ,,	,, ૨-૬
હીંદુ તીથીના-મુસ્લિમ-અંગ્રેજી તારીખોના રોજ દાવાના કલેન્ડર પેડ.			રૂા. ૨-૬

ઓર્ડર વખત પધારી અથવા ઓરડર આપી ખાત્રી કરો.

UNION PRINTING WORKS

Leading Indian Booksellers, Stationers and General Dealers
89—91 Victoria Street, DURBAN.
Phone: 22662—Telegrams "JEEWA." Estd. 1914

બદલાઈ ગયેલું મક્કા

(લંડનના 'ડાઈજેસ્ટ'માં લખનારઃ સઈદ ઈબ્રાહીમ અલી શાહ)

આ હું મક્કામાં બેઠો બેઠો લખી રહ્યો છું. મક્કા આજે બદલાઈ ગયું છે. બરાબર પચીસ વરસ પહેલાં નવાં સ્થપાયેલા સાઉદી અરેબીયા ના રાજ્યની મુલાકાતે હું આવ્યો ત્યારનું મક્કા જુદું હતું. આટલા સમય દરમિયાન અહીંની આર્થિક, કેળવણી વિષયક ને આરોગ્યની હાલતમાં માન્યા માં ન આવે તેવા ફેરફારો થઈ ગયા છે. જેદ્દાહના બંદર ઉપર ૪,૦૦૦ યાત્રીઓનો એકસામટો સમાવેશ કરી શકે તેવું આરોગ્ય-તપાસ માટેનું અલાયદું 'ક્વોરેન્ટીન'-મથક છે, અને એના આધુનિક વિમાની મથકે દરજ્જી મોસમ દરમિયાન દર પાંચ મિનિટે અરેરાશ એક વિમાન ઊતરતું રહે છે.

અહીં દરેક યાત્રાળુની તંદુરસ્તી બરાબર તપાસવામાં આવે છે, ને કોઈ પણ રોગનાં ચિન્હ જણાય તો તેને વિખુટો પાડીને પેલા ક્વોરેન્ટીન-મથક માં રાખવામાં આવે છે, જેથી એનો ચેપ બીજા પ્રવાસીઓને ન લાગે. જમઝમ ત્યાં દરિયાનું ખારોલું પાણી પીવામાં વપરાતું, તેને બદલે વાદી ફાતમાના અર્ધો વહેળામાંથી આ વિકસતા શહેરને હવે રોજનાં વીસ લાખ ગેલન તાજું પાણી પુરું પાડવા માં આવે છે. મક્કાની બજારોમાં નવી ઢબની દુકાનો ને ઊંચી ઇમારતો ની હાર દેખાય છે. જેદ્દાહ બંદર અને પાક નગરી મક્કા વચ્ચેની પાકી સડક ઉપર રોજનાં ચાર હજાર અદ્યતન મોટર-વાહનો અવરજવર કરે છે.

એ સડક પરથી પુરપાટ વેગે પસાર થતી વેળા બન્ને બાજુની યાંત્રિક શીતળતાવાળી બંગલીઓ અમે જોઈ. રસ્તામાં એક ચોકી આવે છે તેની પેલી પાર બિન-મુસલમાનોને જવા દેવામાં આવતા નથી. ત્યાંથી આગળ નો રસ્તો પ્રજાજનોએ પહાડોમાંથી કોરી કાઢયો છે. તુર્ક સામ્રાજ્યના જમાના માં હુંગરાની ટોચે બંધાયેલા કિલ્લાના ઢગા મિનારાઓ સુના પડયા હતા. એ જમાનામાં કેટલાક યાત્રાળુ ઓને પોતાનો શિકાર બનાવતી લુટારા-ટોળીઓને રાજા અબ્દુલ અઝિઝ ઈબ્ન સાઉદના સિપાહીઓએ જેર કરેલી.

જેદ્દાહથી ૧૦ કિલોમીટરને અંતરે અમે પહોંચ્યા ત્યાં સરકારે સ્થાપેલું એક બેતી-મથક કુલ્લુલાલું જોયું. ત્યાં શાકભાજી ને ફળફળાદિ થાય છે, નવાં વૃક્ષારોપણો માટેની કલમો બને છે, અને સૂકી ધરતીને માફક આવે તેવા નવા-નવા ઝાડના અખતરા થાય છે. જનાની મોસમ વીતી ગયા ને ૪૫ માઇલ દુરથી ઘાટપ વાટે જેદ્દાહ માં આવતા પાણીનો વપરાશ પટી ગયા પછી વાદી ફાતમાનાં નીર જેદ્દાહ વાટે અહીં લાવવામાં આવે છે, ને તે બેતીમાં ખપ લાગે છે.

અરેબિયન-અમેરીકન તેલ કંપનીની પ્રવૃત્તિને કારણે સાઉદી અરેબિયાના અર્થતંત્રમાં જીવન રેડાયું છે. સાઉદી અરેબીયાના રાજાને અગાઉ હજ-વેરા ની આવક ઉપર જે આધાર રાખવો પડતો તે હવે નથી રહ્યો. એટલું જ નહિ, તેલના કુવાઓની આવકને લીધે દેશને વિકસાવવાની મોટી યોજનાઓ પણ એ આરંભી શકયા છે. ખુદ મક્કાની બજારોમાં અમેરીકન માલના ખડકલા દેખાય છે.

કેળવણી અને આરોગ્યની સગવડોને લીધે મક્કા શહેરની સ્થિતિ પણ સુધરી છે, પણ મક્કાવાસીઓનાં ભક્તિભાવ ને મોહકતા એવાં ને એવાં રહ્યાં છે, ધર્મસ્થાનકના વિધિઓ એવી જ રહી છે, કાળા રંગના કાબા આસ પાસની પ્રદક્ષિણા આગઝરતા સુરજ નીચે પણ વણથંભી ચાલ્યા કરે છે. તેમ છતાં, જાત્રાળુઓની સુખસગવડ વધારનારા ફેરફારો પણ થયા છે. વિરાટ ચોકની આંબલીઆળી કમાનો વાળી પરસાળમાં બીજણીના પંખાઓ વાતાવરણની ગરમી સહેજ ઓછી કરે છે. બકરો રસ્તે પણ ધર્મગ્રંથો પઢી શકે તે માટે બીજણીની બત્તીઓ મોટા વાર્ષ છે, ને નમાજ પઢવા માટેની બાંગ ધ્વનિવર્ધક યંત્રો વારે સંભળાય છે.

સાઉદી અરેબીયાના રેડિયોના સંચાલક શેખ મહમદ શાદા અને એમના ઉત્સાહી સાથીઓનું આરોગ્ય-ખાતું થોડા જ મહિનાઓમાં જગતભર ના મુસલમાનોને દિવસમાં પાંચ વાર મક્કાનો અવાજ શૌર્ટ વેવના રેડિયો પરથી સંભળાવવા ધારે છે. પવિત્ર સ્થાનની અંદર સાફસુફી ને કડક ચોકીપહેરો સતત ચાલ્યા કરે છે.

સફા અને મરવાનાં પવિત્ર સ્થાનો ની વચ્ચે અગાઉ જે ગંદો ને માખી ઓથી બણબણતો રસ્તો હતો તેને સાફ કરી, પાકો બાંધીને એની ઉપર છાપરું કરી લેવામાં આવેલ છે.

મક્કાની સૌથી અગત્યની હોસ્પિટલ માં રાજ્યના આરોગ્યખાતાના સંચાલકે અમને કહ્યું કે પાણી એ શહેરના આરોગ્યની ચાવીસમું હતું. જુના કાળના રોગિષ્ઠ માણીલાળા કુવાને બદલે આમથી બારેક માઇલ પરના આઝન ઝોનાઝનના ઝરામાંથી સ્વચ્છ પાણી લાવવાની વ્યવસ્થા થઈ છે. ધર્મસ્થાનકની અંદર જ આવેલા ઝમ ઝમના વિખ્યાત કુવામાંથી પણ હવેથી પાણી સીંચવાને બદલે પાણી ખેંચનારું યંત્ર મુકવામાં આવ્યું છે.

ગ્રોસરી કયાંથી ખરીદશો?

"બનતી ઝડપે, સારો માલ, કિફાયત ભાવે મોકલાવશું" એમ અમેજ કહીએ, તેના કરતાં અમારા ગ્રાહકોના સંખ્યાબંધ પ્રમાણપત્રોમાંના થોડાંક આપીએ છીએ, તે વાંચશો એટલે આપને ખાત્રી થશે કે "ગ્રાહકોને સંતોષ આપશે" એ અમારો મુદ્રાલેખ અતિશયોક્તિ ભર્યો નથીઃ—

કેપટાઉનથી રા. રા. એન. ટી. મોપાલ તેમના ૧૭-૭-૫૦ના પત્રમાં લખે છેઃ
"...બાદ લખવાનું કે આપે તા. ૩-૬-૫૦ ના કે માલ રેલ કરેલ તે ઢબોને તા. ૧૩-૭-૫૦ નાં રોજે મળ્યો છે તે બદલ આભાર અને માલ પસંદ છે...."

તા. ૬-૧૧-૧૯૫૦ ના પત્રમાં :—
"...તમારો માલ અમને બહોજ પસંદ પડવાથી રીપીટ ઓર્ડર મોકલું છું.
Yours faithfully,
A. I. Amin,

લુઈસ્ટીખાર્ડથી મેસર્સ રામજસ સ્ટોર વતી શ્રીયુત માધવજીભાઇ રામજી તા. ૨૨-૧૧-૫૦ ના પત્રમાં લખે છેઃ
"...સારો માલ બાસ બટે જોઇને અમારી ઉપર રેયલ કરવા મહેરબાની કરશો. તમારૂં નામ અમોને લટ બધર્સ તરફથી મળેલ માટે..."

ગાંધીચટ્ટુ
કેટોર
ઘર-ગથ્થુ દવાઓ
હવન-પુજાની સામગ્રીઓ
બનારસી સાડી
મુંબઇ સમાચારના પંચાંગ કીમત રૂા. ૩-૯.

ઓફરેસ:
૧૧૭ વિક્ટોરીયા સ્ટ્રીટ, ડરબન.
ફોન: ૨૪૮૪૫.

પરબુ નરસીંહ એન્ડ કું. (પી) લીમીટેડ
ડરબનની ૩૦ વર્ષની પુરાણી અને સુપ્રસિદ્ધ દુકાન.

સર્વે માલ સી. ઓ. ડી. થી મોકલાવવામાં આવશે.

મકાનવાસીઓનાં ઘરોમાં હજી સ્વચ્છતાનો બહુ ખેદજનક અભાવ છે, પણ મને એવી ખાતરી આપવામાં આવી કે પાણીના પ્રમાણોનો પાણીનો વધારાનો જથ્થો હું કે વખતમાં જ મળી રહેશે, એટલે પછી પાકી ગટરો બાંધવામાં આવશે.

બનીજ તેલ પેદા કરતા જગતના સૌથી મોટા દેશોમાં સાઉદી અરેબીયા નું સ્થાન ચોથું આવે છે. એ સ્થાને પહોંચવામાં અમેરીકન મદદ એને સારા પ્રમાણમાં મળી છે. તે ઉપરાંત દેશમાં પાણીનો પુરવઠો વધારવામાં, ખેતીનો વિકાસ કરવામાં, યાંત્રિક કેળવણી આપવામાં ને રેલ્વેબ્બહાર વધારવામાં પણ અમેરીકન મુડી અને ઇજનેરો ફાળો આપી રહ્યાં છે. અંગ્રેજો પણ, પ્રમાણમાં નાનો ભાગ ભજવી રહ્યા છે. એક બ્રિટિશ પેઢી છેલ્લા૬થી મદીનાની સડક બાંધી રહી છે. સાઉદી સેનાની ટુકડીઓને તાલીમ આપવાનું કામ પણ બ્રિટિશ અફસરો કરી રહ્યા છે. સૌથી મહત્ત્વનું કામ તો સાહસિક અંગ્રેજોનું એક જુથ પોતાની નીડર-વિનાશક પ્રવૃત્તિ વડે કરી રહ્યું છે. અંગાર વરસાવતા આકાશના ભય નીચેનો એમનો પ્રસન્ન પુરૂષાર્થ આશ્ચર્ય ના ઓકાળબીંદુ જેવો હસી રહ્યો છે.

હીંદ–પાકિસ્તાન

જનાબ મહમદ અલસારી 'ન્યુયોર્ક ટાઇમ્સ'માં લખે છે :

ભારતીય પાર્લામેંટના છત્રીસ મુસલમાન સભ્યોમાંનો હું એક છું, ને હમણાં અહીં મળેલી વિશ્વયુવક-સભાના નિમંત્રણથી યુનાઇટેડ સ્ટેટસ ની મુલાકાતે આવેલો છું. જે થોડો સમય મેં અહીં ગાળ્યો તે દરમિયાન, અમેરીકન છાપાવાળાને આગેવાનો જેવા બુદ્ધિશાળી લોકો પણ ભારત–પાકીસ્તાન વચ્ચેની હાલની કટોકટીને હીંદુ–મુસ્લિમ સવાલનું અતિ સરળ રૂપ આપી દે છે તે જોઇને મને ઉંડું દુઃખ થયું છે. એ લોકો જાણે છે કે ભારતમાં ચાર કરોડ મુસલમાનો છે, ને દેશના ભાગલા પછી પણ તેઓ પુર્ણ અધિકારવાળા નાગરીકો તરીકે ભારતમાં વસે છે. એમના હકકોને બંધારણમાં રક્ષવામાં આવ્યા છે ને પોતાના હીંદુ ભાઇઓની ન્યાયી વફાદારીમાં એમને પુરો ઇતબાર છે. દાખલા, યુનાઇટેડ સ્ટેટસની જેમ ભારત પણ એક બિન–મઝહબી રાજ્ય છે, ને જુદા જુદા ધર્મના અનુયાયીઓ ત્યાં સમાન અધિકારો ભોગવે છે.

હું સાફ સાફ કહી દેવા માગું છું કે પાકીસ્તાની હોદ્દાદાર એ આખા ભારત દેશ સામેની ચડાઇ હતી. ભારતના વેપારી પેઢીઓ ચાલે છે, અને અમારાં ધર્મસ્થાનકો તથા સંસ્કૃતિ-ધામો પણ વધુમાંખરાં ભારતમાં જ છે. પાકીસ્તાન અમારી ભાવનામાં માત્ર મારવું ખેંચે છે - એવી ભારતના મુસલમાનોની ઇચ્છા છે.

અંગ્રેજની અહીંસા અને નિડરતા

એ. ટી. જી. શાહ લખે છે :

ટ્રેનવાડી સામે એક ખેતરમાં ખુબ નજીક નજીક ઉગેલા આંબાના બે ઘટાટોપ વૃક્ષ નીચે એક ખેતરજી ઉપર હું અને મારો અંગ્રેજ મિત્ર અલક-મલકની વાતો કરી રહ્યા હતા, તેવામાં એક ગોરો કાદવીઓ વીંછી ખેતરજી ઉપર ચડી પોલા અંગ્રેજ તરફ જતો હતો.

અમારી બન્નેની નજર તે વીંછી પર પડી. અંગ્રેજ નીડરતાથી તે નજીક આવતા વીંછી તરફ જોઇ રહ્યો હતો.

મને બીક લાગી રખે તે વીંછી અંગ્રેજને કરડે. સાથેસાથે વિચાર આવ્યો કે ઇંગ્લંડમાં વીંછીની ઉત્પત્તિ નહીં હોય, તેથી તેને સાધારણ જંતુ સમજી તે પોતા તરફ આવવા દેતો હશે.

મારાથી ન રહેવાયું અને અંગ્રેજમાં પુછયું : 'એ શું છે તે તમે જાણો છો?'

તેણે શાંતિથી જવાબ આપ્યો : 'હા, હું જાણું છું, તે વીંછી છે.'

મને વિચાર આવ્યો કે આ માણસ ને ખબર નહી હોય કે વીંછી કરડે તો કેટલી પીડા થાય.

વળી મારાથી ન રહેવાયું અને પુછયું : 'એ કરડે ત્યારે શું થાય તે તમે જાણો છો?'

તેણે ખુબ શાંતિથી જવાબ આપ્યો : 'હા, હું જાણું છું કે એ કરડે તો અનહદ પીડા થાય!'

આ વાતચીત દરમીયાન પેલો વીંછી તો ધીમેધીમે તે અંગ્રેજ તરફ ચાલ્યો જ આવતો હતો. નથી અંગ્રેજ ત્યાં થી ઉઠી જતો કે નથી તે વીંછીને રમાડતો હોતો, પણ ખુબ શાંતિપુર્વક પોતાની નજીક આવતા વીંછીને તે જોયા જ કરે છે.

જ્યારે વીંછી ફકત ૪ ઇંચ છેટે હતો ત્યારે મારાથી ન રહેવાયું અને કહ્યું : 'તમે જાણો છો કે એ વીંછી છે અને એ કરડે તો બહુજ પીડા થાય તે પણ જાણો છો, તો પછી શા માટે તમે ખસી નથી જતા અગર તો તેને ફેંકી નથી દેતા?'

જવાબ મળ્યો : 'મેં તેનું શું નુકસાન કર્યું છે કે તે મને કરડશે?'

આ શબ્દો ઉચ્ચારતાંની સાથે વીંછીએ દિશા બદલી અને ખેતરજી ઉપર ચઢને તે ખેતરમાં ચાલ્યો ગયો!

આ આકસ્મિક બન્યું હશે પણ તે વખતે મને લાગ્યું કે અહીંસા અને નીડરતામાં એક જોમ કરતા અજોમ ચડયો!

ગુપ્ત આવક

સારાએ સૌરાષ્ટ્ર ગુજરાતમાંથી હીંદ સરકારે એક નીવેદન દ્વારા જનતાને જણાવ્યું હતું કે અકટોબરની આખરી મુદ્દીમાં પ્રત્યેક પોતાની ગુપ્ત મીલકત જાહેર કરી દેવી, ન કરે તેઓને જો તપાસ કરતાં માલમ પડશે તો સખ્ત સજાઓ થશે. આને પરીણામે ગુપ્ત આવક સંઘરનારવર્ગોએ સારો જવાબ વાળ્યો છે, અને કરમટોકસમાંથી છટકવા જેમણે કમાણીની મોટી રકમો આપણ કરી દીધી હતી તેમણે હવે પ્રમાણીક રીતે બહાર આવી એ રકમો' જાહેર કરી છે. પરીણામે અગાઉ ધારવામાં આવતું હતું કે આવી એક કરોડ ની ગુપ્ત આવક જાહેર થશે પણ તેને બદલે અત્યાર સુધીમાં લગભગ બે કરોડ રૂપીયા જેટલી ગુપ્ત આવક જાહેર થઈ ગઇ છે અને હજુ પણ વધુ થશે એમ માનવામાં આવે છે.

ગ્રોસરી મળવાનું ભરોસા પાત્ર મથક

JHAVER HIRA & CO.,

Phone : 24932
Res. 24845.

118 Victoria Street,
DURBAN.

અમારે ત્યાં

બાંધીવટું, કઠોળ, હલન, પુંજની સામગ્રી અને લગ્ન અંગેની દરેક જોઇતી વસ્તુઓ મળશે.

ગ્રાહકોનો સંતોષ એજ અમારો મુદ્રા લેખ છે. એકજ વખત મંગાવી ખાત્રી કરો. માલ સારો અને ચોખ્ખો જાતી દેખરેખ નીચે મોકલવામાં આવે છે. કંપની ઓર્ડરો સી. ઓ. ડી. થી મોકલવામાં આવશે.

ગરીબોને પરવડે એવા રોગોના સરળ અને સહેલા કુદરતી ઈલાજો

શ્રી. કીશોરલાલ મશરૂવાળાએ લખેલાં "ગાંધી વીચાર દોહન"માંથી આરોગ્યના વિષેની નીચેની સૂચનાઓ જનતાના લાભાર્થે અહીં આપીએ છીએ:

(૧) શરીરમાં અસ્વસ્થતા જણાતાં રોગોને અટકાવનારા ઇલાજોનો અમલ કરવો એ પહેલું પગથીયું છે.

(૨) એ ઇલાજોનો બરાબર અમલ થાય તો રોગો મોટે ભાગે કુદરતી રીતે જ સારા થઇ જાય છે. દવાઓ મોટે ભાગે તો નકામી અને હાનીકારક પણ હોય છે.

(૩) આહાર વિહારની ભૂલોને દૂર કર્યા વિના માત્ર દવા–પાણી સુધારવા થી રોગો દૂર કરવાની ઇચ્છા કરવી એ ચોખ્ખા પાણીથી પોષ મેલા મસો તાથી મુક્ત થવા જેવું છે. અને એ જે ય ને સુધાર્યા વિના દવાથી સાજા થવા ની ઇચ્છા કરવી એ મેલા કપડાને કાલો રંગવાથી સાફ થઇ જાય છે એમ માનવા જેવું છે.

(૪) દવા સિવાય બીજા શાસ્ત્રીય ઉપચારો છે, તેનું દરેકને જ્ઞાન હોવું જોઇએ. એ સહેલા અને વિના ખર્ચે કરી શકાય છે.

(૫) દરેક ગામડામાં દવાખાનું કે હૅાસ્પીટાલ હોવાં જોઇએ, એ માન્યતા પુરૂ કરેલી છે. પણ ગામડાં વચ્ચે એક દવાખાનું કે હૅાસ્પીટાલ બસે હોય. ગામડાનું દવાખાનું એટલે ગ્રામ સેવક ના ઉપચારો, એમ સામાન્યપણે હોવું જોઇએ.

(૬) ઉપચારમાં સરસ ઉપચાર ઉપવાસ તથા તે દરમીયાન કઠિનમાં કઠિન સૂર્ય સ્નાન છે. "એની ચોખ્ખ" રીતનું જ્ઞાન સ્વયંસેવક મેળવી લેવું જોઇએ.

(૭) આ ઉપરાંત પલાળેલી માટીની લેપથી એ ઘણા રોગો અને તાવો માટે ઉપચાર કરી શકાય. તાવ લઘો ચડયો હોય, માથું દુખતું હોય, પેટમાં કે પેશુમાં દુખાવો હોય, મુખ માંથી કે ગુદા દ્વારથી કોઇ ઠેકાણે સોજો આવ્યો હોય, નસકોરી ફુટી હોય, અસ, ખરજવું વગેરે ચામડીના વીકારો થયા હોય, બંધકોય રહેતો હોય, સારી ઉંઘ ન આવતી હોય, ઝેરી જંતુએ ડંખ માર્યો હોય–એ બધા ઉપર કાંકરી વિનાની ઝીણી માટીને પલાળી તેની બે "ઘડી કુ:ખની જગ્યાએ બાંધવી અને એક મુહાન એટલે બીજી મુકવી એ ઘણો અકસીર કુદરતી ઇલાજ છે.

(૮) જ્યાં શેકની જરૂર હોય, જેમ કે કોલાને પકડવો હોય, ઓપેરેશનવાસ માં મુંજારો હોય, થાક કે ગરદીનો કળતર હોય, ત્યારે ગરમ ગરમ પાણી માં રૂમાલને નીચોવી દાઝી ન જવાય એ રીતે શેક લેવાથી ઘણો આરામ મળે છે. રેતી, માટી કે ઇંટને સપાણી તેને કપડાંમાં વીંટાળી દઝાય નહિ એ રીતે પણ શેક લઈ શકાય.

(૯) માણસ માદો પડે કે તુરત એનું બીજાનું બીલ્લ માણસોથી જુદું પાડવું જોઇએ, એની આજુ બાજુથી માણસો તેમજ સર સામાનની ગરદી ઓછી કરવી જોઇએ. એને પુષ્કળ અજવાળું અને ઝપાટો ન લાગે છતાં પુષ્કળ હવા મળી રહે એમ સુવાડવો જોઇએ. એના કપડાં, બીછાનું, ઓઢવાનું વિગેરે સ્વચ્છ રાખવાં જોઇએ. એના પાખાના, પીછાનું, તબીયા ઇત્યાદિને વારંવાર આકરો તડકો આપવો જોઇએ.

(૧૦) દરદીને દવા આપવાની જરૂર છે, તે કરતાં ઘણી વધારે જરૂર એના શરીર, મન તથા કોઠાને આરામ આપવાની છે. આમાંથી કોઠાને આરામ આપવાની વાત પર બહુ જ ઓછું લક્ષ અપાય છે.

(૧૧) દર્દીને જ્યે તે રોગ થયો હોય, એમાં એની કોઠારી ન બગડી હોય એવું ભાગ્યેજ બને છે, માટે સૌ થી પહેલાં એની કોઠારીને હલકી કરવી એ ઉપચારનું પહેલું કામ છે. એ માટે એને બસ્તી (એનિમા) આપવી એ પહેલો ઉપાય છે, અને જો પણ તાવ ન હોય તો કાંઇક ખુલાસ આપી શકાય. આ સાથે એક કે બે ઉપવાસ કરાવવામાં તો હરકત જેવા હોય. જો દરદી બહુ અશક્ત હોય તો એને વધારે ઉપવાસ કરાવવા કે નહિ તે માટે અનુભવીની સલાહ લેવી આવશ્યક ગણાય. એવા સલાહકાર હોય કે ન હોય, પણ એટલું તો સમજી જ રખાય કે જ્યારે કરદીનું લોહી રોગનાં ઝેરો સાથે સલાહ ચલાવી રહ્યું હોય, ત્યારે ખાવ પધાવવાનો બોજો એના ઉપર ન હોવો જોઇએ, અને તેથી ખોરાક આપવોજ પડે તો તે હલકામાં હલકો અને માત્ર પ્રાણ ટકાવવા પુરતોજ હોય.

(૧૨) સાબ કે બકરીનું દુધ એ એવો હલકામાં હલકો ખોરાક કહી શકાય. ૧૦ થી ૨૦ તોલા દુધ એ મંદવાડ દરમીયાન પ્રાણ ટકાવવા પુરતો ખોરાક ગણાય.

(૧૩) પણ મંદવાડમાં તેમજ ઉપ વાસમાં દરદીને ચોખ્ખું પાણી પુષ્કળ પ્રમાણમાં આપવું જોઇએ. પાણીની સાથે પાપડખાર (સોડા બાય કાર્બ) અને થોડું લીંબુ પણ આપવાં ઇષ્ટ છે. બાકી લીંબુ પણ સામાન્ય રીતે આપી શકાય; અને ટાઢીયા તાવ વગેરેમાં જ્યારે ઉલટી થતી હોય કે માથું દુ:ખતું હોય ત્યારે એ જરૂર આપવું.

(૧૪) ટાઢીયા તાવમાં કરીનીન આપવું જ પડે એમ અને, પણ, સામાન્ય રીતે ડાકતરો જેટલા મોટા પ્રમાણમાં આપે છે, તેની ઉપલી માત્રા ચેતીઓ લેવાતી હોય તો, જરૂર પડતી નથી. કરીનીન લીંબુના રસમાં સોડા સાથે લેવાથી ઓછું નુકસાન કરવાનો સંભવ છે.

(૧૫) તાવ ઘણો સખ્ત હોય, અને તેને જલદી ઉતારવો ઇષ્ટ હોય તો બીનો ચાદરનો ઉપાય કરી શકાય છે. એ ઉપાય ગાંધીજીનાં "આરોગ્યના વિષે સામાન્ય જ્ઞાન"માં આપવામાં આવ્યો છે.

(૧૬) કોઇ મુદતીયો તાવ ન હોય, છતાં મંદવાડ લાંબો વખત ચાલે ત્યારે દવાફેરની જરૂર છે એમ સમજવું જોઇએ, અને દરદીને જુદી જાતનાં હવા–પાણીમાં બદલો જોઇએ.

(૧૭) ઉપર જે ઇલાજો સુચવ્યા છે તે ઓચીંતા મંદવાડો માટે છે. લાંબા અને જુના રોગ, જેવા કે ક્ષય, કોઢ, રકતપિત્ત વગેરેના જાના ઇલાજો થઇ શકે; પણ તેમાં અનુભવીની સલાહ અને ધીરજની જરૂર રહે.

(૧૮) દવાનો અધાર લેવાની ટેવ બરાબ છે. કોઇ જુના રોગો દવાથી મટતા જ નથી, એમ કહેવામાં અતિ-શયોક્તિ નથી.

(૧૯) ડાકતરોએ દરદીઓને સાદા ઉપચારો શીખવવા જોઇએ, અને દવા ઉપર વિશ્વાસ ન બેસાડવો જોઇએ.

(૨૦) ડાકતરોની દવાપરનો વિશ્વાસ ઘણી વાર જુવા–જાતીના જંતુ–મંતુ પરના વિશ્વાસ જેટલોજ વહેમ–પુકત હોય છે. રોગીને સારા કરનાર એના લોહીમાં રહેલી કુદરતી પ્રાણ શક્તિ ન હારી જાય તો રોગી બચી જાય છે. અને ન હારવા દેવા માટે ઉપર સુચવેલા ઇલાજો પુરતા છે એમ સમજવું જોઇએ. તે છતાં, એ ન બચે તો બચાવું જોઇએ કે એનું આયુષ્ય આવી રહ્યું હતું. ડાકતરો તેમજ જુવાઓની પાછળ દોડા દોડ, પૈસાની ખુવારી ન કરવા જોઇએ.

(૨૧) સોડા બાય-કાર્બને જો દવા ગણીએ તો તે, અને કદીક ઝેરીમા જેવો ગુલાબ તથા કરીનીન, અને બાહ્ય ઉપચારોમાં આયોડીન–એથી વધારે અગત્યનો રાખવાની જરૂર નથી એમ કહી શકાય. એ ઉપરાંત બરતી (એનીમા) નું સાધન એની પાસે હોય તો ઔષધાલય પુરૂં થયું સમજવું.

નવાં પુસ્તકો

રાષ્ટ્રભાષા શીખવા માટે

ઢીંઢુસ્તાની–ગુજરાતી કોશ રૂા. ૧૦–૦
ગાંધીજી અને સામ્યવાદ. ,, ૩–૦
ઇલ્લામનો સુવર્ણ યુગ. ,, ૪–૦

મળવાનું ઠેકાણું આ ઓફીસ

તાજા ઉમદા ફ્રૂટ

ડરબનનું બાદુ ૧/૩ રતલ. મોરી કલીનું લસણ રૂા. ૧ રતલ.
ગોળ બાસમાટ ૧૧/– ડઝન. લાંબી અને રહેવેર બાસકટ ૧૧/૬ ડઝન.
પાન, બજાર ભાવ, –સુરસપેપર, પાપડ ૮/૬ ૧૦૦.
ચોખાની પાપડી ૧૫/– ૧૦૦.

કોરડી ૩/– ડઝન પાસનેપલ, ચોપો રોજના બજાર ભાવ મુજબ. દેશી તાકભાજીમાં ઢાલમાં તુવરસીંગ, ચેનચણા, શેકદાની શીંગ, લીલાં મરચા આચારની કેરી ૫/– ૧૦૦, કાકડાજી ૭/૬ થી ૧૦/– સુધીનું પારસલ ચોકસાઇથી મોકલીએ છીએ. દરેક જાતનું ઠેકાણ મળશે:

A. KADER & Co., (PTY) LTD.
WHOLESALE FRUIT MERCHANTS
P. O. Box 251. DURBAN.

અઠવાડીક પંચાંગ

વાર	મારતી ૧૮૫૧ હીજેમ્બર	કાંદુ ૨૦૦૮ માર્ગશીષ	મુસલમાન ૧૩૭૧	પારસી ૧૩૨૧ શેહે. કદમી	સુર્યોદય ક.મી.	સુર્યાસ્ત ક. મી.
રૂધ	૩૦	સુદ ૨	૨૯	૨૯	૪–૪૫	૬–૪૨
શની	૧	,, ૩	૧	૩૦	૪–૪૪	૬–૪૩
રવી	૨	,, ૪	૨	૧	૪–૪૩	૬–૪૪
સોમ	૩	,, ૫	૩	૨	૪–૪૨	૬–૪૫
મંગળ	૪	,, ૬	૪	૩	૪–૪૧	૬–૪૬
બુધ	૫	,, ૭	૫	૪	૪–૪૦	૬–૪૭
ગુરૂ	૬	,, ૮	૬	૫	૪–૩૯	૬–૪૮

પરચુરણ

—દુનીયામાં હીંદુની વસ્તી ૨૩ કરોડ ની હોવાની કહેવાય છે ત્યારે મુસ્લીમોની વસ્તી ૨૨ કરોડ ૧૦ લાખ કહેવાય છે.

—ફ્રાન્સ બાતેના હીંદી એલચીએ મુંબઇ સરકાર દ્વારા બોમ્બે ટેલીઝના 'મહલ' ચિત્રને ફ્રેંચ ભાષામાં કરીને મોકલવા જણાવ્યું છે એમ જણાવા મળ્યું છે.

—જડપભેર ઉંતરાયરૂપ બની જવા માંડેલી પુર્વની જહોજલાલીને પ્રજાજનના ગાઢ દ્વારે યુરોપની ધરતી પર મુર્ત કરી બતાવી છે. પોતાની ૧૭ વર્ષની નવી મહોરદાર નરીમન સાથે યુરોપમાં ગાળેલી પાંચ માસ લાંબી 'મધુરજની' દરમીયાન દરરોજના એના ખર્ચની સરેરાશ રૂા. ૨૦,૦૦૦ની મનાવામાં આવે છે.

—હીંદુ મહાસભા તરફથી આગામી ચુંટણીમાં પંડીત જવાહર સામે શ્રી. વી. ડી. સાવરકરને ઉભા રાખવામાં આવશે એમ મહાસભાની બોર્ડ ના એક સભ્ય શ્રી. શ્રી. એ. શર્માએ સીકંદરાબાદમાં જણાવ્યું હતું. જો કે શ્રી. સાવરકર નાદુરસ્ત તબીયતને લઇ તૈયાર નથી.

—'ડોન' અખબારનુ ડેકલેરેશન અને તેના હિસાબના ચોપડા પોતાને સુપરત કરવાની માગણી, કાયદે આઝમે કરેલ 'ડોન'ના રજીસ્ટર્ડ દરજી તરીકે સીંધની વડી અદાલતે તેમની નીમણુંક કર્યા બાદ, કે. કાતિમા બ્રધાઓએ કરી હતી.

—મુંબઇની મહીલા પોલીસે એક વર્ષ દરમ્યાન ૧૮૬૭ બાળાઓના અપહરણ, હાડ, બેરબાવતી વિગેરે ગુન્હાઓ પકડી પાડયા છે.

—અકટોબરથી પશ્ચીમ પાકીસ્તાને પોતાનું ઘડીયાળ ભારતના વખત કરતા એક કલાક પાછળ અને પુર્વ પાકીસ્તાનમાં બરાબર કલાક આગળ કર્યું છે.

—સોરાષ્ટ્ર, કચ્છ, હૈદરાબાદ, ઉત્તર પ્રદેશ, પતીયાળા, પુર્વ પંજાબ વિગેરે મળી ૨૨ રાજ્યોમાં ગોવધબંધ પ્રતીબંધ છે.

—ગુજરાતમાં કમોસમ બેઠા પછી જાણવા મળ્યું છે કે, આ વર્ષે વરસાદ ન હોવાથી ફકત બે આની પાક બીયાં માટે સાચવવો પડશે.

—શ્રી. નેહરૂ બધા પ્રાંતોની ચુંટણી અંગે મુલકાતો કરશે. ત્યાં કરેલા ભાષણોની રેકોર્ડો અને સત્કાર તથા સભાની ફીલ્મો ઉતારવામાં આવશે.

—સામાપુર કરીને એક નાનકડા શહેર માં આંધી જવાથી નીચેનો ૪૩ રીવસ નો અખંડ ચરખો ચલાવવામાં આવ્યો હતો. તેમાં કંતાએલા સુતરથી ૪૫ ઇંચના બનાવું ૩ હજાર વાર કાપડ બનશે. આમા ગાળાના બાળકોનો મુખ્ય હિસ્સો હતો.

—શ્રી. હરીલાલ કણીયા, જેઓ ભારત ની વરીષ્ઠ અદાલતના ન્યાયમુર્તી હતા. તેઓનું અવસાન થયું છે. તેઓ બુધ્ધી માન અને તેજસ્વી ધારાશાસ્ત્રી હતા.

—ઇસ્ટ આફ્રીકાના જાણીતા સખાવતી શ્રી. નાનજી કાળીદાસે ૮૦૦૦ પાઉન્ડ કંપાલા ટાઉન હોલ માટે આપ્યા છે.

—સૌરાષ્ટ્રના વડા પ્રધાન શ્રી. ઢેબરભાઇ, ધરખેડનું ગીરાસદાર સાથે સમાધાન કર્યા પછી આગામી ચુંટણી જંગમાં ક્ષત્રિય વર્ગનો સાથ લેવા ચાહતા હતા. એમના પ્રયાસનું શુભ ફળ આવ્યું છે. અને આગામી ચુંટણી જંગમાં કોંગ્રેસ ની ટીકીટ પર ક્ષત્રિય વર્ગ ગીરાસદાર સમાજ ઉભો રહેશે એ સમજાય નકકી થયું છે.

બહેરાની વાત

કોઇ એક વેપારી મંદીમાં પડયો. તેને એક બહેરો મિત્ર હતો. તે તેની તબિયતના ખબર કાઢવા ગયો. હતો ત્યારે રસ્તામાં તેણે કેટલાક પ્રશ્નો વીચારી રાખ્યા અને સામે વેપારી શું જવાબો આપશે તે પણ ગોઠવી કાઢયું. તેણે વીચાર્યું કે હું પુછીશ, 'કેમ છે?' વેપારી કહેશે. 'ઠીક છે.' પછી હું, 'બહુ સારૂં', કહી તેને દિલાસો આપીશ. બીજો પ્રશ્ન 'ખોરાકમાં હમણાં શું લો છો?' એમ પુછીશ. તે કહેશે 'દુધ અને ભાત.' હું કહીશ કે તેનાથી તમને સારો ફાયદો થશે.' ત્રીજો પ્રશ્ન, 'કયા ડોકટરની દવા ચાલે છે?' તે કહેશે કે અમુક ડોકટરની, હું કહીશ કે 'ઇશ્વર તેને તેના કામમાં યશ આપે.' મિત્રને ઘેર પહોંચ્યા પછી સ્વાગતની ઔપચારિક વિધિ પતી ગયા પછી, જેવીને તેણે પ્રશ્ન પુછયોઃ

પ્રશ્ન (૧) 'તબિયત કેમ છે?'

જવાબ 'હું તાવથી ભરી રહ્યો હું, તે જોતા નથી?'

બહેરા મીત્રે જવાબ આપ્યો 'બહુ સારૂં.'

પ્રશ્ન (૨) : ખોરાકમાં શું લો છો?

જવાબઃ ખુન (લોહી) અને ખાક (રાખ) : પહેલા આશીર્વચનથી ગુસ્સે થયેલ મિત્રે સત્વર જવાબ આપ્યો.

બીજો આશીર્વાદ મળ્યો : 'તેનાથી તમને ફાયદો માંગે.'

પ્રશ્ન (૩) : 'તમારો કયો ડોકટર છે?

ગુસ્સાથી સળગી ઉઠેલ મિત્રે જવાબ આપ્યો : 'નામદાર યમદેવ.''

બહેરા માણસે આશીર્વાદ આપતાં કહ્યું: તે બહુ હુશિયાર ડોકટર છે, પ્રભુ તેને યશ આપે.

હીંદમાં સીનેમા ઉદ્યોગ

અત્યારે નાની મોટી થઇને લગભગ ૨૦૦ બોલતી ચિત્ર ઉદ્યાદન કંપનીઓ મુખ્યત્વે પ્રાંતમાં છે. જેનાં મુખ્ય મથક છે–મુંબઇ, પુના અને કોલ્હાપુર. ગુજરાતમાં એક હીંદની કંપની નથી. લગભગ ૭૫૦ બોલતા કલાકારો કામ કરે છે જેમાંથી ૭૦ ટકા 'એકટરો' છે અને ૩૦ ટકા 'એકટ્રસો' છે. ત્રીસેક સ્ટુડિયોમાં થઇને કુલ ૫૦૦૦ માણસો કામ કરે છે. "ફીલ્મ ડીસ્ટ્રીબ્યુશન" કરનાર લગભગ ૧૫૦ કંપનીઓ છે. જેમાં પાંચસો માણસો કામ કરે છે. મુંબઇ પ્રદેશમાં ૫૦૦ બોલતાં થીએટરો છે અને દરેક થીએટર દીઠ સરેરાશ વીસેક આદમી પોતાના ગણીએ તો કુલ દશેક હજાર માણસો આવી રીતે નભે છે. આવી રીતે એકંદર ફીલ્મ–ઉદ્યોગમાં વીસેક હજાર માણસો રોકાયેલા છે.

૧૯૩૧ થી ૧૯૫૦ સુધીમાં હીંદમાં કુલ ૩૪૧૦ ફીલ્મો ઉતારવામાં આવી છે. આમાંથી ૨૧૬૬ ફીલ્મો તો મુંબઇ પ્રદેશમાં જ ઉતરી છે. એટલે કે સારાય હીંદમાં બનતી ફીલ્મોમાંથી લગભગ ૫૩.૫ ટકા બોલતી ફીલ્મો મુંબઇ પ્રદેશમાં જ ઉતરે છે. પહેલ: વહેલી ગુજરાતી ફીલ્મ ૧૯૩૨ માં ઉતરેલી અને આ વીસ વર્ષના ગાળા માં કુલ ગુજરાતી ફીલ્મો ૭૯ બોલતી ઉતરી છે. મરાઠી ફીલ્મોની સંખ્યા ૧૭૨ બોલતી છે.

છેલ્લા ત્રણેક વર્ષમાં સીનેમા અને રંગભુમિમાંથી એન્ટરટેઇનમેન્ટ ડયુટી માંથી સરકારને મળેલી આવક આ પ્રમાણે છે.

સીનેમાઓમાંથી:—

૧૯૪૮–૪૯ રૂા. ૮૩,૦૬,૭૦૬–૦–૦,
૪૯–૫૦ રૂા. ૧,૧૮,૧૮,૦૬૦–૧૧–૧,
૫૯–૫૦ રૂા. ૧,૪૪,૮૮,૮૫૦–૧૦–૦.

રંગભુમિમાંથી:

૪૮–૪૯ રૂા. ૨,૭૭,૩૧૦–૧૩–૩,
૪૯–૫૯ રૂા. ૩,૧૫,૨૫૪–૧૩–૯,
૫૯–૫૦ રૂા. ૨,૧૭,૦૩૧–૯–૦.

ફેમસ પીકચર્સવાળા શ્રી. બાબુરાવ પ્રભાકર ચૌધરીની વાર્તા પરથી "જલીયાનવાલા બાગ" નામનું ચિત્ર તયાર કરી રહ્યા છે.

કલિપાના આમંત્રણથી મોસ્કોની મુલાકાતે ગયેલા ભારતીય કલાકારોનું મોસ્કોમાં સન્માન કરવામાં આવ્યું હતું. મોસ્કોમાં તેમણે ભારતના એલચી ડો. રાધાકૃષ્ણનની પણ મુલાકાત લીધી હતી.

જંડનમાં "કુતુબેલી" નામનું ભારતીય દસ્તાવેજી ચિત્ર ભારત સરકારના ફીલ્મ વિભાગના વડા શ્રી. ભવાનીના પત્ની શ્રીમતી મીનાક્ષીએ રજુ કર્યું હતું.

આવતા વર્ષના પંચાગ


૨૦૦૮ના આવતા વર્ષ ના પંચાગ આવી ગયા છે.

કીંમત રૂા ૫. ૩.

મળવાનું ઠેકાણું આ ઓફીસ

INDIAN OPINION,
P. Bag, Phoenix.
NATAL.

"ગોલ્ડ મેડલ" કવોલીટી



ફર્નીચરના ડીલર્સ ડીસ્ટ્રીક્ટો અને ટાઉનોમાં રીપ્રેઝન્ટેટીવ્સ જોઇએ છે.

ફેમસ પુનીયા, ફેમસી કીંમત ઉપર કામ કરે, ૧૯ વર્ષ. નવો ભાવ કેટલોગ મંગાવો.

ગોલ્ડમેડલ ફર્નીચર મેન્યુફેકચરીંગ કંપની લીમીટેડ

૧૦૦ Market Street, (Facing Exeter House) Phone 22-6211/2 JOHANNESBURG P. O. Box 6551.

PHONE 33-2651
MASTER BROS.
MANUFACTURERS OF LADIES' & GIRLS' STRAW & FELT HATS
WHOLESALE MERCHANTS & DIRECT IMPORTERS
HOUSE FOR KEEN CASH PRICES
33 West Street, JOHANNESBURG.

માસ્ટર બ્રધર્સ
હોલસેલ મરચન્ટસ એન્ડ ડાયરેક્ટ ઇમ્પોર્ટર્સ
રેડમી તેમજ સુતરાઉ કાપડ, ફુલત રબ્બ. બ્લાન્કેટસ—મેળી બાબતો માટે બહુ જાનો માલ. તેમજ કેપરીબીન બ્યોરકેટ સાડીઓ વગેરે માટે હમારે ત્યાં પ્રથમ દરજ્જાનો બલામણ છે
33 વેસ્ટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.
ફોન : 33-૨૬૫૧

Cable & Tel. Add.: "HARGOVAN". Phone 29388.
P. HARGOVAN & CO.
(PTY.) LTD.
WHOLESALE MERCHANTS AND IMPORTERS.
P. O. BOX 1250.
155/7 Warwick Avenue
DURBAN.

NATHOO TABHA
TIMBER & HARDWARE MERCHANT & DIRECT IMPORTER
Door, Windows, Corrugated Iron, Cement, Monarch, Iron Duke, Buffalo, and Elephant brands paint or any other building material at reasonable price.
Established 1907. NATHOO TABHA,
107 Queen Street, Phone 24647.
Telegraph "Mani," DURBAN.

M. J. PATEL
INTERNATIONAL SPORTS COMPANY
Importers & Exporters & General Commission Agents
10 Peking Road, Kawoon, HONG KONG.
Special attention is paid to indent orders
Write To Us For Further Particulars.

PROPERTY
If you are interested in selling or buying Property in any part of Johannesburg or Transvaal please contact:
K. J. TAVARIA
7 Kort Street, JOHANNESBURG.
Phone: 339859 or 228727.

પ્રોપર્ટી
જોહાનીસબર્ગ અથવા ટ્રાંસવાલના ના કોઇ પણ ભાગમાં પ્રોપર્ટી વેચવી યા ખરીદવી હોય તો મળો:
કે. જે. તવાડીઆ,
૭ કોર્ટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.
ફોન : 33૬૮૫૯ અને ૨૨૮૭૨૭.

ધીરૂભાઈ પી. નાયક
વીમાનાં અને જનરલ એજન્ટ
જંગલી, આગ, ચોરી, ફુલ્લર, અકસ્માત, પ્લેટગ્લાસ, વિગેરે ના વીમા અમે ઉતરાવી આપીએ છીએ.
ઈન્કમટેક્સ, પરસનલ ટેક્સ, રેવન્યુ કલીયરન્સ ચાર્ટર્ડ્રીડ અને ઈમીગ્રેશનને લગતી બાબતોમાં અમારી સલાહ લો.
Phone : 33-9033. 29e Commissioner Street,
JOHANNESBURG.

બાળ ઉપયોગી સાહીત્ય
તમારાં બાળકોને સુંદર પુસ્તકો આપી તેમના જ્ઞાનમાં વધારો કરો
પાંચ ચરીત્રોનો સેટ
આમાં પાંચ ઐતીહાસીક મહાન નરોના ચરીત્રો છે.
કીંમત ૧૩/-
૨૬ બાડીની સદી ૬ ૬
ચિત્રમંચાવલી
સેટ બેહતામાં ૧-પુસ્તકો ૬૨ ૬
સેટ બીજાનો ૬૫ ૬
ઈસપના પાત્રો બધેલા
બાળકોને બારે રમુજી પુસ્તક
કીંમત ૨ ૬
ચાંદ પ્લેટમાં ૨ ૬
સોહરેટીસની સફર ૪ ૦
કેટલાંક પક્ષિઓ ૧ ૬
બાઈબલ કથાઓ ૩ ૬
ધીરજ મંચાવલી
૭ પુસ્તકોનો સુંદર વાર્તાઓનો સેટની ૬૪ ૬
કાળા ઉપયોગી સાહીત્ય
કાચબા અને ૨ ૬
૧૦ થી ૧૨ વર્ષના બાળકો માટે ૧૩ પુસ્તકોનો સેટ.
કીંમત પા. ૧-૦-૦
૮ થી ૧૦ વર્ષના બાળકો માટે ૧૫ પુસ્તકોનો સેટ.
કીંમત પા. ૧-૫-૦
૧૨ થી ૧૮ વર્ષના યુવક યુવતી માટે આઠ સુંદર પુસ્તકોનો સેટ
કીંમત ૧૪/-
બીલી ૫ ૬
બીલ્લુ ૫ ૬
બાબુ ૫ ૬
બાળકોને બાંધવા ૧ ૬
ઈન્દીરાને પત્રો (નેહરૂ) ૪ ૦
બાળવાર્તાવલી ૨ ૦
અપરી પુળ ૨ ૦
ચતુરની ચાતરી ૩ ૦
જ્ઞાન ગોષ્ઠી ૨ ૦
લાલો ૫ ૬
બાળકોની શેખમાં ૪ ૬
Obtainable From:
'Indian Opinion'
P. Bag,
Phoenix, Natal.

વાંચવા લાયક પુસ્તકો

ગાંધીજીનું સાહિત્ય

ગાંધીજીએ લખેલા અથવા ગાંધીજી ઉપર લખાયલા પુસ્તકોનો નીચે સમાવેશ થાય છે.

આત્મ કથા	(ગાંધીજી)	૭ ૬
અમારા બા	(મણિબહેન ગાંધી)	૪ ૦
ગાંધીજીનો સહકાર માંગે		
	પત્રવ્યવહાર	૧ ૦
ગાંધીજીની સાધના		૫ ૪
ગાંધીજીના સમાચમમાં		૫ ૬
જીવન પરોઢ	(બા. પ્રભુદાસ ગાંધીએ પ્રીનીવેસ આશ્રમ ના ટ્રસ્ટીઓ પ્રતીકાસ પોતાના જીવન પરોઢ દરમ્યાન અનેલો આલેખ્યો છે.)	૧૧ ૦
ગાંધીવારી ગ્રામોદ્યોગ શિબિરના		૫ ૦
ગાંધીજીના સોબતે	(ગાંધીજી)	૧ ૬
દક્ષિણ આફ્રીકાના સત્યાગ્રહનો	ઇતીહાસ	૭ ૧
બાપુની પ્રસાદી	(મધુરાદાસ ત્રીકમજી)	૫ ૦
બાપુના પત્રોઃ	(આશ્રમની બહેનો પ્રત્યે) સંપાદક મહા મહેશ્વર	૨ ૧
બાપાની ડાયરી	(ગાંધીજી)	૩ ૦
મહાદેવ દેસાઇની ડાયરી	ભાગ પહેલો	૧૦ ૦
	,, બીજો	૧૨ ૦
	,, ત્રીજો	૧૧ ૧
	,, ચોથો	૮ ૯
ગાંધી વિચાર દોહન	ગાંધીજીના વિચારોને રજુ કરતું પુસ્તક	૨ ૧
બાપુની કારાવાસની	કહાણી (આચાર્યશ્રી મહેલના જેલવીસ વાસનો ઇતીહાસ. મેળવીને ડો. સુશીલા નૈયર.) કીંમત રૂ. ૧૫/૦.	
પ્રેમ પંથ	ભા. ૧	૯
,, ,,	,, ૨.	૯
રામ નામ	(ગાંધીજી)	૨ ૦
સ્વરાજના તેર દિવસો	(નોંધોબાજી)	૧ ૧
બાપુના—બા ને પત્રો	(મણિબહેન પર લખાયલા પત્રો)	૨ ૧
કસ્તુરબાના રમાચક અંકે		૧ ૦
ગાંધી રમાચક અંકે		૨ ૦
બાપુની ગાંખી		૩ ૦
અંગત પ્રસાત		૧ ૦
ગાંધીજીના સંક્ષિપ્ત આત્મ કથા	(મધુરાદાસ ત્રીકમજી)	૨ ૬
અમારા ધર્મ બાબતના	(ગાંધીજી)	૫ ૧
આશ્રમ ભજનાવલી		૧ ૪

કીશોરલાલ મશરૂવાળાના પુસ્તક

કુટુંબનીતી પાકાર	ભા. ૧. ૨. ૩	૩ ૦
ગીતા અંજન	(ગીતાજીનો સમજ થાય એવી રીતે લખાયલી કોકો અનુવાદ	૩ ૧
ગીતા ધ્વની	(ગીતાજીના મુલ્યાળી બોધો)	૧ ૩
ચી પુરૂષ મર્યાદા	(આજ મહત્વી, પુરૂષમાં રહેવાથી ઘરો ઉપર પુરાતા પ્રશ્નના અભ્યાસપુર્વ કે કોંગ્રેસ લખાયા છે સેવા સંઘ)	૧ ૧
અમુલ્ય શાંતી		૫ ૦

જીવન ચરીત્રો

મારી જીવન કથા	અવાહરલાલજી	૧૫ ૦
તેજ રીત્રો પાંચ મહાન વીરોના ચરીત્રો		૬ ૦
માહાદેવ દેસાઇનું પુર્વચરીત્ર		૨ ૩
સરદાર પટેલ વલ્લભભાઈ પટેલ		૧૩ ૦
મારી જીવન કથા રાજેન્દ્ર પ્રસાદ		૧ ૦ ૦

કેળવણી વાંચવા લાયક પુસ્તકો

આપણી કોંગ્રેસ		૪ ૦
ઉંદરને પત્રો	(નવા)	૩ ૦
સુખ નથી રહેવાય	(ટોલ્સટોય)	૫ ૦
હજારો વર્ષની સંસ્કૃતીનું આપી	(રાધા કૃષ્ણન)	૨ ૦
જીવતા રહેવારો	(ડાકાસાહેબ)	૪ ૦
જગતના ઇતીહાસનું રેખા	દર્શન ભા. ૧–૨. (નવા)	૧–૩–૦
ટોલ્સટોય અને ગીતાજી		૨ ૦
જોતવાની દિવાળી	(બાળ મહેલવર)	૧ ૩
સુખ લીલા		૧ ૬
સુખ ચરીત્ર	(પદ્ય)	૪ ૦
નવલ સંગ્રહાવલી		૫ ૧
કોવીયત રશીયા.	(રશીયા વીશે જાણવા જોગ)	૧૦ ૦
રોક રપીઆનાના ઠબકારો	(બાળ સંગ્રહ)	૧ ૬
ગુજરાત મહમદ	(ઇસ્લામ ધર્મ ઉપર અજવાળું પાડતું નાનું પુસ્તક)	૧ ૦
શોકમાતા	(બાળ મહેલવર)	૧ ૦
જીવનનું યાત્રા	(,, ,,)	૧ ૦
હિંદી કોમ વીકાસ		૦ ૦

ટોલ્સટોય કૃત

ઉત્તમ નવલકથાઓ

૩ નવેલ્લાઓ		૫ ૦
હૃદય પરીવર્તન	(નવલકથા)	૫ ૨

ચારુ બાપુની નવેલકથાઓ

અપુર્વ ભાભતી		૧૨ ૧
અણુરાધા		૬ ૦
કાશીનાથ		૫ ૦
ચંદ્રકાંત		૪ ૦
ચારીત્રહીન		૧૩ ૧
જાની		૩ ૧
જીવન યાત્રા		૪ ૦
નવીના		૧૦ ૦
પુર્ણા		૮ ૧
રેવાકાંત		૫ ૦
વધુ વાર્તાઓ		૧ ૧
સુભદ્રા		૧ ૦

કાકાર કૃત

પંચ પુત્ર		૧ ૦
ખાલેચ અને બાર અભાય		૫ ૨
ઘરે બાહિરે		૬ ૦
સભર્યા		૩ ૦
કાવ્યકુસ		૫ ૧
ચિત્રકુમાર સભા	(કાકાકૃત)	૧૨ ૦

કુદી વાર્તાઓ અને નવલ કથાઓ

અહેલી અને મતીમાં		૪ ૧
ચિત્ર રેખા		૮ ૧
અમુલ્યો વાર્તા સંગ્રહ		૧ ૧
જોરાની વાતો		૧ ૦
જોરાન જોરાવર નવલકથા	ભા. ૧–૨ સેટની	૧૧ ૦
અમ સ્વીફ્ટ જોધપરાજ		૧૧ ૦
અમુલ્યુ ખાના		૮ ૧
આલાનું બીજ	ભા. ૧ ૨ સેટની	૧૮ ૧
આવતી કાલ		૭ ૦
અપ્સરા	(બાર બાબરો સેટ)	૧–૧૬–૧
અમુલી વાતો		૧૦ ૩
અમે બધા		૧૧ ૦
અથાતા વાચરા		૭ ૩
ઉન્નયન જોગેજ		૪ ૦
ઉલીયાદ		૮ ૧
બીજા ઠેકાણ		૩ ૦
બાબા બાપુ	બાપુજીના જીવનને સમજવા પાયારૂ જોગેજ	૪ ૧
કાવ્ય મંચ		૧૦ ૧
કેવડાના કેટા		૪ ૦
ગરીબ પ્રણામ	(વાર્તા સંગ્રહ)	૭ ૧
દીન બધું		૭ ૧
જોધ બીન્દુ	(અનિતાઓ)	૭ ૦
ગન્ની		૬ ૦
પ્રભાતવર્ષ પછી		૭ ૦
ગામ નિર્માણ	(અનુવાદ)	૧ ૧
ઉંદરની પુસ્તક		૧ ૦
કલાની સાધનાથી		૫ ૧
કરીયોલાજ		૬ ૦
ગ્રામ બધું જો		૧ ૦
તણખા	(કુલી વાર્તાઓનો સંગ્રહ)	૪ ૦
દેવ પૂજક		૪ ૧
કરીબાઈ બહાર વરીયા		૧ ૧
કરીયાવાટ		૬ ૧
કીરીટની વાતો		૧ ૦
નીલ પંખી		૩ ૦
નીલ રેખા		૮ ૦
બહીષ્કાર		૧ ૬
ટુટેલા સુર્યના પાત્રો		૧૦ ૦
પ્રભાત કીરણો		૭ ૧
પહેલો કુલ		૬ ૦
વિસારી		૮ ૦
પોરાણીક નાટકો		૫ ૬
પ્રેમ પદ્મ		૧ ૦
જાનવ તાના કુલ		૬ ૦
મારૂ સુખી		૬ ૦
મનોવાજ્ઞાન		૮ ૦
રોબીનસી		૮ ૦
આફ્રીકાના દીલા		૭ ૦
વીર આર્યો		૧૧ ૦
મૃત્યુનું રહસ્ય		૧૦ ૦
માનવીની જવાબ		૧૨ ૦
આપણો સંસાર		૭ ૬
ઝંઝાવાત ભાગ ૧		૧૦ ૦
મિત્રોદયી		૭ ૬
ટેમાઇનો ગોત્ર		૮ ૦
અમ તમાચી		૬ ૦
મે દેશ દીપક		૫ ૦
પુત્ર જન્મ		૧૩ ૦
પરીચેક		૭ ૦
પીતાજીનો વન પ્રવેશ		૭ ૦
પ્રખ્યાત		૭ ૬
ત્રીવીધ તાપ		૫ ૦
રોતાજી ભા. ૧–૨ સેટની		૧૦ ૦
લગ્નની અક્ષરા મે		૫ ૬
રોહાસ		૧ ૦
રમણલાલ		૧ ૬
વસુધૈવ બધ		૧ ૦
અમારૂ બધ		૭ ૦
વિજ્ઞાનીક બર્મેત		૫૬
સુખવન (ઓગેર કૃત જોગેજ)		૧ ૦
ચાંદ મુખી		૭ ૦
મોટો જોગણી રોપ		૧ ૨ ૬
સતુ રમ		૧ ૦
મોને ચાલ્યે		૨ ૦
ચાપેરવાલી (ઓગેરની જોગેજ)		૮ ૦
રવીંદ્રના		૫ ૬
મારસદાર		૭ ૬
આગે કદમ		૭ ૮

કેળવણી વરે ક્રાંતી

કેળવણીકાર બાર ઉપયોગી

કીંમત ૭-૦

આ ઓરીસેથી મળશે.

Indian Opinion P/Bag:
Phoenix Natal.

The Epic Fast

(By Pyarelal)

An account of Mahatma Gandhi's Fast in September 1932, and events leading up to the Yeravda Pact with all relevant documents.

320 Pages. Price: 8s. 6d.

Obtainable From:

"Indian Opinion"

Phoenix, Natal.

Tel. Add: "Charotar" Telephone: 33-9865.

MANCHESTER TRADING
—CO. LTD.—
ESTABLISHED 1923

Wholesale Soft & Fancy Goods Merchants
—&—
Direct Importers.

47, Commissioner Street,
JOHANNESBURG.

LIFE INSURANCE

Are you adequately insured?
Have you provided for your dependants?
Prepare for the future
Life Insurance gives peace of mind for the unknown future.

Insure with "THE OLD MUTUAL" your friend for Life—The S.A. Mutual Life Assurance Society, which has best Bonus record in the WORLD.

Representative:—

DAYABHAI PATEL

P.O. Box 1760, JOHANNESBURG.
Phones:— Business 33-0711, Residence 33-5961

ધી ન્યુ દિલ ખુશ-સ્વીટ માર્ટ

મેનેજર: મહીભાઈ ભાણાભાઈ ગજીવારવાળા.

દરેક જાતની મીઠાઈઓ, ચોખ્ખા ઘીની સેવમાં સેવ, મમરા, ગાંઠીઆ, લાડુઆ, પાતળા વિગેરે હરેક તાજા બનાવીએ છીએ.

અમારું બધાકામોનું મુખ્ય લક્ષ, અમારા, ગાંઠીઆ, લાડુઆ, પાતળા વિગેરે હરેક તાજા બનાવીએ છીએ.

પાર્ટી વીગેરે માટે મોટા અમારામાં મીઠાઈ ઓર્ડર અમારો કુંદ બધાકામાં બનાવી આપીશું.

PHONE 33-6575. P. O. BOX 3680.
THE NEW DIL-KHUSH SWEET MART,
34 President St., Corner Diagonal Street.
JOHANNESBURG.

INDIA INDEPENDENCE NUMBER

Published as Special Number of INDIAN OPINION to commemorate the attainment of Freedom by India.

Printed on art paper and profusely illustrated.

With historic pictures connected with India's struggle for Freedom and with photos of the late Dadabhai Naoroji, Tilak Gokhale, Subash Bose and many others who have sacrificed their lives in fighting for freedom and of Mahatma Gandhi, Pandit Jawaharlal Nehru and many others who have lived to see the fruits of their labour.

Also containing a brief Survey of the work of the Indian National Congress from the time of its inception.

Price 2/-

PHONE 33-7944. P.O. BOX 4889.
TEL ADDRESS: "ARVIND."

HEAD OFFICE:
409, KRUGER ST., LOUIS TRICHARDT
PHONE 64. PO BOX 106.
TEL. ADD: "KANJEE."

H. K. GOKAL,

WHOLESALE

GENERAL MERCHANT AND DIRECT IMPORTER.

OUR MOTTO: SERVICE THAT SATISFIES."

43 Market Street, JOHANNESBRUG.

ફોન ૩૩-૭૯૪૪. પોસ્ટ બોક્સ ૪૮૮૯.
ટેલીગ્રાફીક એડ્રેસ "અરવીન્દ."

હેડ ઓફીસ:
૪૦૯, ક્રુગર સ્ટ્રીટ, લુઈસટ્રીચાર્ડ.
ફોન: ૬૪ પી. ઓ. બોક્સ ૧૦૬
ટેલીગ્રાફીક એડ્રેસ: "કાનજી"


એચ. કે. ગોકળ,
—ઃ હોલસેલ વેપારી ઃ—
—જનરલ મરચન્ટ અને આયાત કરનાર—
૪૩ માર્કેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.



NUGGET
BOOT POLISH

Obtainable in
Black, Military Tan, Light Brown, Dark Brown, Toney Red, Ox Blood, Transparent.

AA-245



"Tell me Doctor . . *What do you mean by a safe antiseptic?*"

To be called safe an antiseptic must be safe in several ways. It must be reliable, it must be gentle, it must be non-poisonous. It must help, not hinder, the natural processes of healing and repair. 'Dettol' the modern antiseptic, is a highly efficient destroyer of germs, but it works on the germs, not you. It is non-poisonous, pleasant, safe to have around.

DETTOL
THE MODERN ANTISEPTIC

RECKITT & COLMAN (AFRICA) LIMITED, P.O. BOX 1697, CAPE TOWN



Polishing with
SUNBEAM
is so easy!

Sunbeam...a boon to all housewives...makes it *so easy* to keep the floors and furniture bright and attractive!

Effortlessly a *little* Sunbeam is spread over a *large* area to give that pleasing shine which lasts for days and days

Sunbeam makes your home look clean and inviting!

FOR BRIGHTER FLOORS AND LIGHTER WORK Always ask for

SUNBEAM
POLISH

Shines . . . and shines . . . and shines

SUNBEAM FLOOR POLISH

32041

નવા પુસ્તકો

પૂર્વ આફ્રીકાની સફર (ઠક્કર બાપેકર)	૩	૧
વિવેક અને સાધના (કેદારનાથ)	૧૰	૧
ગ્રામ્ય વિદ્યાપીઠ (શીક્ષકો માટે)	૨	૧
વીંટીમહાસવાલું' બ'ચારણ	૧	૦
ઠંડાપ્રુ વિદ્યા	૧	૧
ટાઇફોઇડ (તાવ ઉપર ઉપચાર)	૧	૧
મેલેરીયા	૧	૧
સબોદયના સીદ્ધાંત	૧	૧
સ'સારમાં આગ ૧	૧૧	૧
ઠાલ જોબ (નવલકથા) રમણલાલ દેસાઈ કૃત	૧૰	૦
સૌદર્ય નયોત (નવલકથા) રમણલાલ દેસાઇ કૃત	૧૪	૦

મળવાનું ઠેકાણું આ ઓફીસ :
INDIAN OPINION. P. BAG.
PHOENIX.

વેચવાના પુસ્તકો

ધર્મમાર્ગ (ગાંધી યુગની ગરજ)	૪	૦
રાજ સન્યાસી (બુધ્ધદેવ)	૧૦	૧
અધ્યાત્મના બાબત	૧	૧
આત્મકથાના ત્રિવા	૦	૮
આત્મકથાના ભુલ	૪	૦
મોહીની	૮	૧
અનેક ભજ	૮	૧

C/O INDIAN OPINION, P. Bag, Phoenix, Natal.

Printed and published by Manilal M. Maganlal at Phoenix, Natal.

10 DEC 1951

INDIAN OPINION

Founded by
-MAHATMA GANDHI-
-IN 1903-

No. 48—Vol. XLIX. FRIDAY 7TH DECEMBER, 1951. Registered at the G.P.O. as a Newspaper. Price SIX PENCE

★ ★ ★

ESSENTIAL THING FOR SUCCESS OF OUR GOAL

